॥ ॐ ॥

ऋग्वेद कइ लिपिमां लखायेलो।

एक ऐतिहासिक दृष्टिकोण।









સંકલન અને રચના..... *ભવસુખ શિલુ.*



ऋग्वेद कइ लिपिमां लखायेलो। एक ऐतिहासिक दृष्टिकोण।

સંકલન અને રચના..... ભવસુખ શિલુ.

પહેલી આવૃત્તિ : 2025

© લેખકના

પૃષ્ઠ: 280

ISBN: 978-93-49732-10-0

કિંમત: 950

પ્રકાશક

ગૂર્જર સાહિત્ય ભવન

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન: 079-22144663, 09227055777 E-mail: goorjar@yahoo.com

પુસ્તક-પ્રાપ્તિ માટે સમ્પર્કઃ

શ્રીમતિ-શ્વેતા.ઓમદેવ. શિલુ.

મોબાઇલ: ૭૯૯૦૧૧૮૮૭૯-**7990118879**

૬૩-બી.પંચવટી સોસાયટી. "સવિતા" બેડેશ્વર રોડ.

બ્રાહ્મણ બોર્ડીંગ પાસે. જામનગર-૩૬૧૦૦૨.

॥ ॐ ॥

श्री जानकीवल्लभो विजयते।

॥ अर्पण ॥

બ્રહ્મલીન ગુરુશ્રીરામકૃપાલદાસજી મહારાજ ગુરુશ્રીરણછોડદાસજી મહારાજ.

બ્રહ્મલીન ગુરુશ્રી રામકૃપાલદાસજી મહારાજને આ પુસ્તક સમર્પિત કરવામાં આવ્યું છે. પાળિયાદ વિસામણબાપુની જગ્યામાં લગભગ ઇ.સ.૧૯૫૭માં યુવાન ખાખીસાધુ રામકૃપાલદાસજી મંદિરમાં પૂજારીબાપુ તરીકે પધારેલ. પાળિયાદ જગ્યાના રામજી મંદિરના પુજારીને પૂજારીબાપુ જ કહેવામાં આવે છે. બનારસમાં વેદાંતની પરીક્ષા આપી યુવાનવયે પાળિયાદમાં આવેલ. બ્રાહ્મણોના પુત્રોને સંસ્કૃત શીખવવાની ઈચ્છા પરમપૂજ્ય ઊનડબાપુને વ્યક્ત કરી અને બાપુએ મંદિરમાં જ પાઠશાળા ચલાવવાની વ્યવસ્થા કરી દીધી.

પ્રાચીન પદ્ધતિ પ્રમાણે જ ગુરુજીએ વેદિક સંસ્કૃતમાંથી પુરુષસુક્ત અને પાણિનિય સંસ્કૃતમાંથી મા સરસ્વતીની પ્રાર્થના અને રામરક્ષાસ્તોત્રના મુખપાઠ કરવાનું ફરજિયાત રાખેલ હતું. પછી શબ્દરૂપાવલી, ધાતુરૂપાવલી, સમાસચક્રમ અને લઘુસિદ્ધાંતકૌમુદીના મુખપાઠ કરવાના. આટલો અભ્યાસક્રમ. જેમ આવડે તેમ આગળ વધવાનું. ગુરુ પ્રથમ પોતાના ઉચ્ચારણો કરે, પછી વિદ્યાર્થીને સરખા ઉચ્ચાર આવડે ત્યાં સુધી પુનરાવર્તન કરાવે. બહુ ભૂલો પડે તો તાડન પણ ખરું, જે મંદિરની પ્રસાદી નારિયેળ-સાકર-પેંડા મળે એટલે બધું ભુલાઈ જાય! (મંદિરમાં દર્શનાર્થીઓ નાળિયેર મૂકે તે વધેરવાનું કામ વિદ્યાર્થીઓને કરવાનું રહેતું.) આ પાઠશાળા લગભગ ૧૯૬૩ સુધી કાર્યરત હતી. ઘણા વર્ષો પછી ગુરુજીએ સુરેન્દ્રનગરમાં પોતાનું રામજી મંદિર સ્થાપ્યું; જેનો ટંકારવ આજે પણ ગુંજે છે. માત્ર સંસ્કૃતની શુદ્ધ ઉચ્ચારણ વાળી ગોખણપટ્ટી વડે મારો સંસ્કૃતનો પ્રેમ જીવનભર જાગૃત રહ્યો આથી મોટી ગુરુકૃપા શું હોઈ શકે! મારું સમાપન વાક્ય "इति श्रेयम् भूयात् ।" ગુરુજીના પત્રોમાંથી લીધેલું છે. તે મારી કાયમી ગુરુસ્મૃતિ છે.

इति श्रेयम् भूयात् ।

ભવસુખ શિલુ.

લેખક પરિચય.

“હું”

નામઃ ભવસુખ દેવશંકર શિલુ.

જ્ઞાતિઃ રાજગોર બ્રાહ્મણ – કાઠીગોર.

જન્મતારીખઃ ૨૩-૮-૧૯૫૦

જન્મસ્થળઃ પાળિયાદ. જિલ્લોઃ ભાવનગર. (હાલ જિલ્લોઃ બોટાદ)

અભ્યાસઃ ડિપ્લોમા ઈન ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ (૧૯૬૮)

(સર ભાવસિંહજી પોલિટેકનીક ઇન્સ્ટીટ્યુટ ભાવનગર.)

વ્યવસાયઃ ગુજરાત રાજ્યના મોટર વાહન ખાતામાં મોટર વાહન નિરીક્ષક (૧૯૭૨ થી ૧૯૯૮)

ટ્રાન્સપોર્ટ કમિશન એજન્ટ - શ્રી લાભ રોડલાઈન્સ. (૨૦૦૧ થી ૨૦૦૮) સ્વૈરવિહાર (૨૦૦૯થી)

વિજ્ઞાન-ભાષા-સાહિત્ય-પ્રવાસ-સંગીત અને વાંચનનો શોખ ખરો.

પત્નીઃ કૈલાસવાસીઃસવિતા, પુત્રઃ કશ્યપ-નિશા,પૌત્રીઃ પ્રિયાંશુ, ઓમદેવ-શ્વેતા, પુત્રીઃ પૂજા કેતન જાષી. દોહિત્રઃ ધૈર્ય.

સરનામુઃ ૬૩-બી, પંચવટી સોસાયટી, ’સવિતા’ બેડેશ્વર રોડ, જામનગરઃ PIN-361 002

Cell: +91 94262 57296 **E-mail: bdshilu@gmail.com**

પ્રથમ પ્રકાશન : ‘પરમ તેજે.....’ (૨૦૦૫) પ્રકાશક : નવભારત પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦૦૦૧.

FREE DOWNLOAD FROM: http://www.archive.org/details/ParamTeje (Views 703 As on 05-04-2020)

& http://aksharnaad.com/downloads/ (8,823 hits As on 05-04-2020)

દ્વિતિય પ્રકાશન(૨૦૧૪): ’સિન્ધુ-હિન્દુ અને સિન્ધુ સભ્યતા.એક અલગ દૃષ્ટિકોણ......’ પ્રકાશકઃ સાહિત્ય સંગમ.ગોપીપુરા સુરત.

(ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષક વર્ષ-૨૦૧૪માં... સંશોધન-ભાષા-વ્યાકરણ વિભાગમાં પ્રથમ સ્થાને પુરસ્કૃત કરવામાં આવ્યું.)

તૃતિય પ્રયત્નઃ ૨૦૨૫માં પૂર્ણ થાય છે. “ઋગ્વેદ કઇ લિપિમાં લખાયેલો” Artificial intelligence (AI)ના યુગમાં કદાચ સૌને ગમે!

અનુક્રમ

મુખપૃષ્ઠ	૧
પ્રકાશન સૂચના	૨
અર્પણ	૩
લેખક પરિચય	૪
અનુક્રમ-ભૂમિકા	૫-૬
૧ ઋગ્વેદ	૮
૧.ક.વેદ અને હિન્દુ ધર્મશાસ્ત્રો	૨૭
૨.માનવજાત ભાષા અને લિપિ	૩૫
૩.આલ્ફાબેટ	૩૭
૪.ભારતીય પુરાલિપિ	૩૯
૫.ક્યુનિફોર્મ લિપિ	૪૦
૫.ક.બોગાઝકુઈ	૫૬
૬. હાયરોગ્લિફ લિપિ	૬૭
૭. ફોનેશિયન આલ્ફાબેટ	૮૧
૮.વર્ણમાળા-૨૧ થી ૬૩	૮૫
૯.બ્રાહ્મી લિપિ	૯૦
૯.ક-૧ અશોકના શિલાલેખોની બ્રાહ્મી-ખરોષ્ઠી-આરામાઇક-ગ્રીક. અભિલેખો	૧૦૫
૯.ક-૨.પ્રાકૃત	૧૦૭
૯.ક-૩.પાલિ	૧૨૩
૯.ખ. બ્રાહ્મી ઉપરથી ઉતરી આવેલ લિપિઓઃ	૧૨૫
૯.ગ. સિદ્ધમ્ લિપિ	૧૨૯
૯-ઘ.દેવનાગરી લિપિ	૧૩૫
૧૦.Transliteration System	૧૩૮
૧૧.સિંધુ લિપિ	૧૪૪
૧૨.અવેસ્તન લિપિ	૧૫૪
૧૩.વેદિક સંસ્કૃત(આર્યવાક્) અને સંસ્કૃત ભાષા	૧૬૬
૧૪.યુરોપિયનપ્રજા અને સંસ્કૃત ભાષા	૧૮૧
૧૫ અનુસંધાન ગ્રન્થો અને વેબસાઇટ્સ	૧૮૬
પૂરવણી	૧૮૮
પાણિનિ अष्टाध्यायी प्रणेता આહિક મુનિपाणिनि	૧૮૮
માહેશ્વર સૂત્ર- પ્રત્યાહાર	૧૯૧
॥पाणिनिय शिक्षा। सूत्रात्मक। लघुपाठ। वर्णोच्चारण शिक्षा। ॥स्वामी दयानन्द सरस्वती॥	૧૯૭
॥ पाणिनिय शिक्षा ॥ श्लोकात्मक॥ बृहत्-पाठ॥ ६१-श्लोकाः ॥	૨૦૯
अन्य शिक्षा ग्रन्थो।	૨૩૧
પરિશિષ્ટ:	૨૩૩
वर्णसमान्माय	૨૩૭
વેદ મંત્રોનું અનુસંધાનઃ	૨૪૧-૨૬૭

ઋગ્વેદ કઈ લિપિમાં લખાયેલો.

-----એક ઐતિહાસિક દૃષ્ટિકોણ.

ભૂમિકા

ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસની શરૂઆત સામાન્ય રીતે વેદકાલીન વર્ષોથી કરવામાં આવે છે. ધાર્મિક રીતે વેદ ઈશ્વર-પ્રણીત છે અને બ્રાહ્મણોએ તેના રચના કાળથી આજ દિન સુધી મુખપાઠ એ પૂર્વવત્ સ્થિતિમાં એ કે સ્વરભારની ભૂલ વગર મૂળ ધ્વનિ યાદ રાખ્યો છે જે મુખપાઠ ની વિવિધ શૈલીઓ જોતાં સ્પષ્ટ થાય છે અને આજે ય આ પ્રવૃત્તિ ચાલુ છે

આર્યોનું આગમન અને મૂળ વતન કેટલાક રાજકીય કારણોસર વિવાદાસ્પદ રહ્યું છે કેટલાક વિદ્વાનો મૂળ વતન ઉત્તર ધ્રુવના પ્રદેશો માને છે તો કેટલાક વિદ્વાનો ભારત આર્યાવર્ત અને જ આર્યોનું મુળ વતન માને છે અને અહીંથી જ વિશ્વના અન્ય દેશોમાં સ્થળાંતર કર્યું હોવાનું માને છે આપણે ભાષાસાહિત્ય સ્થાપત્ય અને વિવિધ પ્રજાના સંપર્ક ધર્મ રીતરિવાજ સાહિત્યના ઉલ્લેખો પરથી આર્યોનું આગમન અને પ્રવૃત્તિ નક્કી કર્યા છે જે મોટે ભાગે તટસ્થ અવલોકનો પર ભાર મૂક્યો છે.

આર્યોએ ઇ.સ.પૂર્વે ૧૭૦૦માં ઈરાન તરફથી આવી ઋગ્વેદમાં વર્ણિત સપ્તસિંધુના પ્રદેશમાં પ્રવેશ કર્યો આ વિસ્તારમાં રહેતી શ્યામ વર્ણ અને પિત્ત વર્ણ પ્રજાને છિન્નભિન્ન કરી નાખી. લગભગ ૫૦૦વર્ષ સંઘર્ષ ચાલ્યો ઇ.સ.પૂર્વે ૧૨૦૦ દરમિયાન આર્ય-અનાર્ય સમન્વય થતાં સંસ્કૃત ભાષાની રચના થઈ. જેમાં ઈન્ડો-ઇરાનિયન,ઈન્ડો-યુરોપિયન, પ્રાકૃત-દ્રવિડ ભાષાઓના શબ્દ ભંડોળને મઠારી સંસ્કૃત=Well Processed વર્ણમાલા,શબ્દકોશ,ભાષા અને વ્યાકરણની રચના કરવામાં આવી અને સૌપ્રથમ ઋગ્વેદની રચના થઈ જે બ્રાહ્મણોએ આજદિન સુધી મુખપાઠ કરી તે સમયના ધ્વનિ-ઉચ્ચારણો અને વ્યાકરણની શૈલી સાથે સાચવી રાખેલ છે અને વિશ્વના સઘળા વિદ્વાનોએ માનવજાતના પ્રથમ પુસ્તક કે તરીકે સન્માન્યું છે.

હવે એક તર્ક એવો છે કે ઋગ્વેદ નો આખો પાઠ તૈયાર થયા પછી મુખપાઠ માટે સોંપી શકાય. તેમાંના વિવિધ પદોને સૂક્તો કહે છે આવા ૧૦૧૭ જેટલા સૂક્તો ઋગ્વેદમાં છે. ઋગ્વેદના સૂક્તોના રચયિતા ઋષિઓમાં મધુચ્છન્દાઃ, મેધાતિથિ, દીર્ઘતમાઃ, અગસ્ત્ય, ગોતમ, પરાશર અને ગૃત્સમદ, વિશ્વામિત્ર, વામદેવ, અત્રિ, ભારદ્વાજ, વશિષ્ઠ તેમજ તેમના વંશજો અને કણ્વ, ભૃગુ, અંગિરા આદિ ઋષિઓ મુખ્ય છે. સૂક્તોની સ્ત્રી રચયિતાઓમાં લોપામુદ્રા, ઘોષા, શચી, કાંક્ષાવૃત્તિ, પૌલોમી, ત્રિત, વિમદ, શ્રદ્ધા, કામાયની ઇન્દ્રાણી, શચી, વાક આમ્ભૃણી, સૂર્યા, સાવિત્રી, સાર્પરાજ્ઞી, યમી, વૈવસ્વતી, ઉર્વશી, આદિ મુખ્ય છે.

આ મન્ત્રોના દૃષ્ટા-ઋષિઓમાં ગૃત્સમદ, વિશ્વામિત્ર, વામદેવ, અત્રિ, ભરદ્વાજ, વસિષ્ઠ, ભૃગુ અને અંગિરા મુખ્ય છે. વૈદિક નારીઓ પણ મન્ત્રોની દૃષ્ટા રહી છે. વાક આમ્ભૃણી, સૂર્યા, સાવિત્રી, સાર્પરાજ્ઞી, યમી, વૈવસ્વતી, ઉર્વશી, લોપામુદ્રા, ઘોષા આદિના નામ ઉલ્લેખનીય છે. આશરે ૧૧૨ ઋષિઓએ ઋગ્વેદના સૂકતોની રચનામાં ભાગ લીધો છે.

ઋગ્વેદસંહિતામાં કુલ 20 છન્દોનો પ્રયોગ થયો છે. આમાં મુખ્ય સાત છન્દ છે.

1.ગાયત્રી-24અક્ષર. 2.ઉષ્ણિક-28અક્ષર. 3.અનુષ્ટુપ-32અક્ષર. 4.બૃહતી-36અક્ષર 5.પંકિત-40અક્ષર. 6.ત્રિષ્ટુપ-44અક્ષર. 7.જગતી-48અક્ષર. આમાંથી પણ ત્રિષ્ટુપ, ગાયત્રી, જગતી અને અનુષ્ટુપ. આ ચાર છન્દોનો સૌથી વધુ ઉપયોગ થયો છે.

ઋગ્વેદની ભાષા ઈરાનના જરથોસ્તી ધાર્મિક સાહિત્યની અવેસ્તન ભાષાની નજીક જણાય છે. વેદની ઋચાઓ સાથે અવેસ્તન ઋચાઓમાં થોડા ધ્વનિ-પરિવર્તન સિવાય ઘણું સામ્ય છે. અવેસ્તન ભાષાની રચનાઓ આશરે ઇસવીસન પૂર્વે ૧૦૦૦ થી ૬૦૦ ના અરસામાં થઇ હોવાનું મનાય છે વેદિક દેવોના નામ દર્શાવતો જૂનામાં જૂનો પુરાવો ઇ.સ.પૂર્વે૧૩૫૦માં ક્યુનિફોર્મ લિપિમાં અક્કાડિયન ભાષામાં તુર્કસ્તાનના બોગાઝકૂઈ નામના સ્થળે મળી આવેલ છે. જે મિટ્ટાની અને હિટ્ટાઈટ સામ્રાજ્યો વચ્ચે થયેલા સંધિકરારમાં ઇન્દ્ર, મિત્ર, વરૂણ, નાસત્યૌ...જેવા વેદિક દેવોના નામનો સાક્ષી તરીકે ઉલ્લેખ છે.૧૯૦૭માં જર્મન વિદ્વાન H.Wincler દ્વારા આ સંશોધન થયેલું છે. અન્ય મૃણમુદ્રિકાઓ પર અક્કાડિયન ભાષામાં ક્યુનિફોર્મ લિપિમાં અશ્વોની તાલીમ અંગે ઘણા વેદિક સંસ્કૃત અને ઇન્ડો-ઇરાનીયન શબ્દો મળી આવે છે. જેમાં એકથી દસની સંખ્યાના ઉચ્ચારણો મુખ્ય છે.આ બધી વાતોનો સમય ઇસવીસન પૂર્વે પંદરસોથી ઈ.સ.પૂર્વે બારસો દરમિયાન ધારવામાં આવે છે. આ સમય દરમ્યાન સુમેરીયા, બેબીલોન, અસીરિયા, અક્કાડિયન, મિટ્ટાની, હિટ્ટાઈટ, ઇજિપ્ત, આર્ય વગેરે પ્રજાના જૂથોએ પોતાનું વર્ચસ્વ જુદા જુદા સ્થળે અને જુદા જુદા સમયે સ્થાપેલું. પરસ્પર યુદ્ધો અને સમાધાન પણ થતા. પ્રાચીન સમયની પૂર્વે ૩૫૦૦ની આસપાસ સુમેરિયનોની ક્યુનિફોર્મ લિપિ, ઈજીપ્તની હાયરોગ્લીફ, સિંધુ-સભ્યતાની અને ચીનની લિપિઓનો વિકાસ એકબીજાથી સ્વતંત્ર રીતે થયો હોવાનું વિદ્વાનો માને છે. ઇસવીસન પૂર્વે ૧૪૦૦ની આસપાસ ફોનેશિયન લોકોએ પોતાના વાણિજ્યિક ઉપયોગ માટે ક્યુનિફોર્મ અને હાયરોગ્લીફ લિપિઓના હજારો ચિન્હોનું સંકલન કરી, એક ધ્વન્યાત્મક આલ્ફાબેટ ૨૨ ધ્વનિઓના વર્ણચિન્હો ગોઠવી બનાવેલો; જે હાલના બધા ઇન્ડો-ઇરાનિયન, ઈન્ડો-યુરોપિયન,ઇન્ડો-આર્યન ભાષાઓની લિપિના આલ્ફાબેટનું મૂળ છે. અને માનવજાતની એક ખૂબ જ સરસ શોધ છે. કારણ કે માનવ ધ્વનિ ઉત્પાદક અવયવો મૂળભૂત રીતે ૨૧ સ્પષ્ટ-ધ્વનિ કાઢી શકે છે. (ઋ.૭-૮૭-૪). પાણિનિએ(ઇ.સ.પૂર્વે સાતમી સદી) તેમના અગાઉના વિદ્વાનોએ કરેલા સંશોધનો મઠારી આ ૨૧ ધ્વનિ ઉપરથી ૬૩વર્ણની વર્ણમાળા સુગ્રથિત કરી છે.

ઇસ્વીસન પૂર્વે ૮૦૦માં ભારતીય ઉપખંડમાં વપરાતી બ્રાહ્મી લિપિ પણ આ ફોનેશિયન આલ્ફાબેટના ૨૨ વર્ણ પરથી ઉતરી આવી છે અને સમયાન્તરે ૪૬ વર્ણ સુધી વિકસી છે.

આપણે જો વેદોની રચના ઈસ્વીસન પૂર્વે ૧૨૦૦માં થયેલી માનીએ તો તે સમયે પ્રચલિત વિવિધ લિપિઓમાં ફોનેશિયન લિપિ જ આધુનિક હતી. જે ખાસ સ્વરાંકનો સાથે વેદિક સંસ્કૃત ભાષા માટે વાપરવામાં આવી હોય તેમ માનવાને ઘણા આધારો છે, જેની ચર્ચા આ પુસ્તકમાં કરવામાં આવી છે. આ મારી પોતાની જ કલ્પના ઐતિહાસિક સંજોગોમાં ગોઠવી છે, શક્ય તેટલા શાસ્ત્રીય સમર્થનો મુકવાનો પ્રયત્ન કર્યો છે. કારણકે મૃણમુદ્રા, પથ્થર કે ધાતુમાં ઉત્કીર્ણ તે સમયની લિપિના કોઈ પુરાવાઓ મળી શક્યા નથી. આગળ ભોજપત્રનો ઉપયોગ થતો પરંતુ તે ૧૦૦-૨૦૦ વર્ષથી વધારે સમય સુધી સાચવી શકાય નહીં. સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં અશોકના શિલાલેખો બ્રાહ્મી-ગ્રીક-આરેમાઈક અને ખરોષ્ઠી લિપિમાં મળી આવે છે પણ તે સમય ઇ.સ.પૂર્વે ૨૭૦ ની આસપાસનો ગણાય. હાલમાં સંસ્કૃત ભાષા માટે વપરાતી દેવનાગરી લિપિ જે બ્રાહ્મી લિપિ પરથી ઉતરી આવી છે તે ઇ.સ. ૭૦૦માં દેખા દે છે. પાણિનિ ઈ.સ.પૂર્વે સાતમા સૈકામાં થઈ ગયા. સંસ્કૃત ભાષાનું પાણિનીય વ્યાકરણ કદાચ બ્રાહ્મી લિપિમાં લખાયું હોય! પાણિનિ અગાઉ કરતાં પણ અન્ય વિદ્વાનોનું સંસ્કૃતભાષા લિપિ વ્યાકરણ સંશોધન ચાલુ જ હતું પણ પાણિનિએ જે અદભૂત સંકલન કરી આપ્યું તે અજોડ છે.

ઋગ્વેદની રચના ઇ.સ.પૂર્વે ૧૨૦૦માં થઇ હોવાનું માનીએ તો પણ પછીના ચારસો વર્ષોમાં અન્ય ત્રણ વેદ અને બ્રાહ્મણ-ગ્રંથો, ગૃહયસૂત્રો, સ્મૃતિઓ, મહાભારત વગેરે ગ્રંથોની રચના થઈ છે. ઇ.સ.પૂર્વે૧૨૦૦ થી ઇ.સ.પૂર્વે૮૦૦ સુધી વેદિક સંસ્કૃત ભાષાનો ઉપયોગ થયો છે પણ લિપિ કઈ વપરાતી તેના સંકેતો મળ્યા નથી આ સમયનું જે સાહિત્ય મળે છે.તે મુખપાઠથી યાદ રાખ્યું હોવાની માન્યતા સૌએ સ્વીકારી લીધી છે છતાં પ્રથમ કૃતિ ચોક્કસપણે લિપિબદ્ધ થઇ હોવાનું મારું માનવું છે. ઇ.સ.પૂર્વે આઠમી સદીમાં બ્રાહ્મી લિપિ આવી હોય તો પણ ૪૦૦વર્ષ સુધી લિપિ બાબતે શૂન્યાવકાશ જોવા મળે છે. ઇ.સ.પૂર્વે ૬૦૦-૫૦૦માં જૈન અને બૌદ્ધ સાહિત્યની રચના થઈ ચૂકી હોવાનું માની શકાય અને તે વખતની બ્રાહ્મી લિપિ ઘણા ઉત્ખનનોમાં વિવિધ સ્વરૂપે મળી આવે છે.

ભારતીય ઉપખંડમાં લિપિની ઉત્ક્રાન્તિનો ક્રમ ઇ.સ.પૂર્વે ૩૫૦૦વર્ષ પહેલા સિંધુ સભ્યતાની વણઉકેલ લિપિથી થયો હોવાનું માની શકાય જે ઇ.સ.પૂર્વે૧૭૦૦ સુધી અસ્તિત્વમાં હતી. વિશ્વના પડોશી દેશોમાં ય આશરે ઇ.સ.પૂર્વે ૩૫૦૦માં સુમેરિયા, ઈજીપ્ત અને ચીનમાં લિપિનો વિકાસ એકબીજાથી સ્વતંત્ર રીતે થયેલો.

આપણે "ઋગ્વેદ કઈ લિપિમાં લખાયેલો" તે બાબત મહત્વની હોય ચીન અને દક્ષિણ અમેરિકાની પ્રાચીન લિપિઓ વિષે થોડું મૌન રાખીશું. ઋગ્વેદ ફોનેશિયન લિપિમાં લખાયો હોવાનું મારું તારણ છે તેના સમર્થનમાં આપણે કેટલીક લિપિના આલ્ફાબેટ ધ્વનિ-ભાષા ઉપરની ભૂમિકાઓ તપાસીશું.

મારા વતન પાળીયાદમાં આપા-વિસામણની જ્ગ્યાના રામજીમંદિરમાં એક ખાખી સાધુ પૂજારી તરીકે આવેલા; તેઓશ્રીએ પાળીયાદમાં બ્રાહ્મણોના પુત્રોને સંસ્કૃત શીખવવાના ઉદ્દેશથી પાઠશાળા શરૂ કરેલી, હું ત્રીજા ધોરણથી (૧૯૫૬-૫૭) સંસ્કૃત પાઠશાળામાં જતો. ત્યાં ગુરુશ્રીરામકૃપાલદાસજીએ પાંચેક વર્ષ સંસ્કૃત શીખવેલું. જેની અસર જીવનભર રહી. આથી મોટી ગુરુકૃપા શી હોય શકે! યુનિવર્સિટીની ડીગ્રી વિના પ્રસ્તુત વિષય માત્ર આત્મ-જિજ્ઞાસાના બળથી વિકસાવ્યો છે. વિશાળ હૃદયી વિદ્વત્જનો મારી ક્ષતિઓ જણાવશે તો હું મારી માનવસહજ અપૂર્ણતા ઢાંકી શકીશ.

इति श्रेयम् भूयात्। ભવસુખ શિલુ.

તા૦૧૪-૦૧-૨૦૨૫

જામનગર.

૧.ઋગ્વેદ

ઋગ્વેદ હિન્દુ ધર્મનો આરંભનો ગ્રન્થ તો છે જ પરંતુ વિશ્વનો સૌથી પ્રાચીનતમ ગ્રન્થ હોવાનું ગૌરવ મળેલું છે. એની વિશેષતા એ છે કે. તેની રચના ઇ.સ.પૂર્વે ૧૨૦૦માં થઇ હોવાનું સ્વીકારીએ તો આજદિન સુધી બ્રાહ્મણોએ પેઢી દર પેઢી મુખપાઠ વડે યાદ રાખ્યો છે. મુખપાઠ કરવાની પદ્ધતિ જોતાં જણાઇ આવે છે કે, આજથી ૩૨૦૦વર્ષ પહેલાં જેટલી જ વર્ણસંખ્યા અને જેવી ધ્વનિમાં ગવાતો હશે તેવી જ રીતે આજે પણ ગાઇ શકાય છે.

"વિદ્" ધાતુથી વેદ શબ્દ બન્યો છે. લેટિન ભાષામાં "Videre" ધાતુ કહેવાય છે. આ ધાતુથી 'Idea' શબ્દ પણ નીકળ્યો છે. 'વેદ' શબ્દ માટે અંગ્રેજી શબ્દ 'Vision' બરાબર લાગે છે. જેનો અર્થ 'દર્શન' થાય છે. જેને આ મહાન દર્શન થયું તે ઋષિ કહેવાય છે. ઋષિ મન્ત્રદ્રષ્ટા છે. ઋષિઓએ પોતાના અંતઃકરણમાં વેદવાણી ધારણ કરી સર્વે મનુષ્યોને શીખવી.

ઋગ્વેદ ચારેય વેદોમાં પ્રથમ સ્થાને છે. હિન્દુધર્મમાં દરેક હોમ-હવન-પૂજા પ્રસંગે સર્વપ્રથમ ઋગ્વેદમાંથી પુરુષસૂક્તનો પાઠ કરવામાં આવે છે. ભાષાની રીતે ઋગ્વેદ છન્દોબદ્ધ પદ્યમાં છે. યજુર્વેદ ગદ્ય અને પદ્ય બંનેમાં છે. અને સામવેદ ગેય છે. આ વાણીના ત્રણ સ્વરુપો છે.

વૈદિક સંહિતાઓ ચાર છે. ૧. ઋગ્વેદ-સંહિતા ૨. યજુર્વેદ-સંહિતા. ૩. સામવેદ-સંહિતા. ૪. અથર્વ-વેદ-સંહિતા.આ સંહિતાઓનું સંકલન વેદવ્યાસે યજ્ઞની આવશ્યકતાઓ પ્રમાણે કર્યું છે. પ્રત્યેક યજ્ઞ માટે ચાર ઋત્વિજોની આવશ્યકતા હોય છે. ૧.હોતા. ૨. અધ્વર્યુ. ૩. ઉદ્ગાતા. ૪. બ્રહ્મા.

૧. હોતાઃ યજ્ઞના અવસર પર હોતા દેવતા-વિશેષની પ્રશંસામાં મન્ત્રોનુંઉચ્ચારણ કરતા જે દેવતાનું આવાહન કરે છે. આથી હોતાને જે મન્ત્રોની આવશ્યકતા હોય તે બધા ઋગ્વેદમાં સંગ્રહીત છે.

૨. અધ્વર્યુઃ અધ્વર્યુનું કાર્ય યજ્ઞનું વિધિવત્ સંપાદન કરવાનું છે. તે માટે યજુર્વેદમાં મન્ત્રો સંગ્રહીત છે.

૩. ઉદ્ગાતાનું કામ યજ્ઞમાં સ્વરસહિત મન્ત્રોનું ગાન કરવાનું છે.જેનું સંકલન સામવેદમાં છે.

૪. બ્રહ્માનું કાર્ય યજ્ઞોનું નિરીક્ષણ કરવાનું છે. જે અથર્વવેદમાં છે.

વેદની વિવિધ શાખાઓ હોય છે. દરેક શાખાને પોતાની વિશિષ્ટ શૈલી હોય છે. કોઇ પણ શાખાના વેદનો અભ્યાસ કરવાથી વેદનો સંપૂર્ણ અભ્યાસ ગણાય છે. સંકલિત સંહિતાઓના પાઠ અક્ષુણ્ણ રહે તેવી યોજનાના ભાગ રુપે વ્યાસજીના પોતાના ચાર શિષ્યોને ચારે વેદ શીખવ્યા છે. જેમાં પૈલને ઋગ્વેદ, જૈમિનીને સામવેદ, વૈશમ્પાયનને યજુર્વેદ તથા દારુણ-સુમન્તુ મુનિને અથર્વવેદ નું અધ્યયન કરાવ્યું. આ મુનિઓએ પોતાના શિષ્ય-પ્રશિષ્યોમાં ખૂબ પ્રચાર કર્યો. વેદોની સંખ્યાના સંબંધમાં મહાભાષ્યકાર પોતાના મહાભાષ્યપસ્પશાન્હિકમાં લખે છે કે,

एकशतमध्वर्युशाखा सहस्त्रवर्त्मा सामवेदः। एकविंशति बाह्वऋच्यम् नवधा अथर्वाणो वेदः॥

આ પ્રમાણ અનુસાર યજુર્વેદની ૧૦૧, સામવેદની ૧૦૦૦ ઋગ્વેદની ૨૧, તથા અથર્વેદની ૯ શાખાઓ છે. આમ ચારે વેદોની ૧૧૩૧ શાખાઓમાંથી માત્ર ૧૨ શાખાઓ જ હાલ ઉપલબ્ધ છે.

ઋગ્વેદની ૨૧ શાખામાંથી શાકલ શાખા પ્રચલિત છે. શૌનિક કથિત ચરણવ્યૂહનામના પરિશિષ્ટ ગ્રન્થમાં પાંચ શાખાનો ઉલ્લેખ મળે છે. ૧.શાકલ. ૨. બાષ્કલ. ૩. આશ્વલાયન. ૪. સાઁખ્યાયન તથા ૫. માણ્ડુક્યાયન આ બધી મહારાષ્ટ્ર દેશમાં આજકાલ ઉપલબ્ધ છે.

શુક્લ-યજુર્વેદની બે શાખાઓ કણ્વ અને માધ્યન્દિની મળે છે.

કૃષ્ણ-યજુર્વેદની ચાર શાખાઓ.. તૈત્તરિય, મૈત્રાણીય, કાઠક અને કપિષ્ઠલ પ્રાપ્ય છે.

સામવેદની ૧૦૦૦શાખામાંથી ત્રણ... કૌથુમ, જૈમિનીય અને રણયનીય મળે છે.

અથર્વવેદની ૯ શાખામાંથી બે મળે છે. પૈપલાદ અને શૌનકીય.

મન્ત્રસંખ્યાઃ ઋગ્વેદ પ્રાચીન સંસ્કૃત ભાષામાં છન્દબદ્ધ રીતે પદ્યમાં લખાયેલી ઋચાઓનો સંગ્રહ છે.

ઋગ્વેદના શ્લોકોને મન્ત્ર અથવા ઋચા કહેવાય છે. ઋગ્વેદના ૧૦-મણ્ડલ અથવા આઠ અષ્ટકમાં વિભાગ પાડ્યા છે.

અષ્ટક-ક્રમમાં સમ્પૂર્ણ સંહિતા આઠ અષ્ટકમાં વિભાજિત છે; દરેક અષ્ટકમાં આઠ અધ્યાય છે. અધ્યાય વર્ગોમાં વિભાજિત છે. વર્ગ અંતર્ગત ઋચાઓ છે. કુલ અધ્યાયોની સંખ્યા ૬૪ છે અને વર્ગની સંખ્યા ૨૦૦૬ છે.

મણ્ડલ-ક્રમમાં સંપૂર્ણ સંહિતાના દસ મણ્ડલ છે, દરેક મણ્ડલમાં કેટલાક અનુવાક, દરેક અનુવાકમાં કેટલાક સૂક્તો છે અને દરેક સૂક્તમાં મન્ત્રો છે. તે પ્રમાણે ઋગ્વેદમાં ૧૦ મણ્ડલ, ૮૫ અનુવાક, ૧૦૨૮ સૂક્તોમાં **૧૦૫૫૨** મન્ત્રો સમાવિષ્ટ છે. આ સંખ્યાઓમાં થોડો ઘણો તફાવત જોવા મળે છે.

પ્રાચીનકાળમાં ઋગ્વેદની શાખાઓમાં મળીને ૨૧-સંહિતાઓ હતી. જેમાંથી અત્યારે એક જ ઉપલબ્ધ છે. પરંપરાના સંરક્ષક વિદ્વાનોના જાગૃત પ્રયત્નો વડે પ્રાચીનકાળથી આજદિન સુધીમાં સાડાદસહજાર મન્ત્રોમાં એક વર્ણનો પણ વિકાર જોવા મળ્યો નથી. પરંતુ મન્ત્રસંખ્યા બાબતે દરેક વિદ્વાનો એકબીજાથી જુદા પડે છે.

શૌનકીય અનુવાકમણી—૧૦૫૮૦ અને એક પાદ. છન્દસંખ્યાપરિશિષ્ટ—૧૦૪૦૨. ઋક્સર્વાનુક્રમણી-ટીકાકાર-જગન્નાથ—૧૦૫૫૨. ચરણવ્યૂહ–ટીકાકાર-મહિદાસ-વાલખિલ્યસહિત—૧૦૫૫૨. વાલખિલ્ય વિના-૧૦૪૭૨. એના દ્વારા ઉદ્ધૃત શ્લોકાનુસાર-૧૦૪૧૯. વેઙ્કટમાધવ—૧૦૪૦૨, તથા દ્વિપદાપક્ષમાં -૧૦૪૮૦. સ્વામી દયાનન્દ સરસ્વતી-૧૦૫૮૯. પ્રો.મૈકડોનેલ-૧૦૪૪૨, દ્વિપદાપક્ષમાં-૧૦૫૬૯. પં.સત્યવ્રત સામશ્રમી- ૧૦૫૨૨. પં.હરિપ્રસાદ વેદિક-મુનિ- ૧૦૪૪૦.

ઋગ્વેદમાં કેટલાક મન્ત્રો એવા છે કે, જે ક્યારેક બે-બે પાદનો એક મન્ત્ર જાણીને ગણવામાં આવે છે; અને ક્યારેક ચાર-ચાર પાદોનો એક મન્ત્ર માનવામાં આવે છે. દ્વિપદાના પક્ષમાં ઋગ્વેદમાં કુલ ૧૫૭ દ્વિપદા ઋચાઓ છે, એમાંથી ૧૭-નિત્ય દ્વિપદા છે ઋચાઓ છે. બાકીની ૧૪૦-દ્વિપદા ઋચાઓ નૈમિત્તિક છે. અર્થાત્ ૧૪૦-ઋચાઓ વસ્તુતઃ દ્વિપદા નહીં પણ ચતુષ્પદા છે, એટલે ૧૪૦/૨=૭૦ ચતુષ્પદા ઋચાઓ છે. આ જુદી-જુદી પ્રચલિત મન્ત્રગણના પદ્ધતિનો અભ્યાસ કરી શાસ્ત્રીય આધારો સાથે વિદ્વત્વર્ય યુધિષ્ઠિર મિમાંસકે પોતાના પુસ્તક ऋग्वेदस्य ऋक्संख्या ।માં વિસ્તૃત છણાવટ કરી છે.

ઉપસંહારમાં આચાર્યશ્રી લખે છે કે, ઋગ્વેદની મન્ત્રસંખ્યાના આટલા વિચાર વિમર્શ પછી એ સ્પષ્ટ છે કે, વેઙ્કટમાધવ, મેક્સમ્યૂલર, મૈકડોનલ, અને સત્યવ્રત સામશ્રમી વગેરે લોકો નૈમિત્તિક દ્વિપદાઓના ભેદને યથાર્થરુપથી ન સમજી શક્યા; આથી મન્ત્રસંખ્યાની ગણનામાં ઘણી રીતે ભ્રાન્ત થયા, અને અન્યોને પણ ભ્રાન્ત
કર્યા.

પરંતુ ઋગ્વેદ સર્વાનુક્રમણી પ્રમાણે નિત્ય-નૈમિત્તિક બંને પ્રકારની દ્વિપદાઓ તથા વાલખિલ્ય ઋચાઓ સહિત ઋગ્વેદમાં **૧૦૫૫૨(દસ હજાર, પાંચસો, બાવન) ઋચાઓ** છે. નૈમિત્તિક ૧૪૦-દ્વિપદા ઋચાઓને અધ્યયનકાળમાં ચતુષ્પદા બનાવી ૭૦ની ગણના કરી ૧૦૪૮૨(દસ હજાર,ચારસો, બ્યાશી) ઋચાઓ થાય છે.

આટલા સુદીર્ઘકાળમાં એક અક્ષર કે એક માત્રાનો ફેર નથી પડ્યો; એવા સંજોગોમાં ઋક્સંખ્યામાં ભેદ ન થવા જોઇએ, પરંતુ અર્વાચીન વિદ્વાનોની ગણના પદ્ધતિમાં પ્રકારભેદથી, શાખાભેદથી, વિદ્વાનોના અજ્ઞાન અને પ્રમાદથી આમ થયું હોવાનું માની શકાય. *વાસ્તવમાં अग्निमीळे(૧-૧-૧ પ્રથમ શબ્દ)ના अ થી सुसहाति (૧૦-૧૯૧-૪. અંતિમ શબ્દ) સુધી ક્યાંય અક્ષર, વર્ણ, માત્રા, સ્વરનો ભેદ નથી.*

પતઞ્જલિ મહાભાષ્ય પ્રમાણે, ઋગ્વેદની ૨૧ શાખાઓ હતી. એમાંથી ચરણવ્યુહ નામક ગ્રન્થમાં પાંચ પ્રમુખ શાખાઓનો ઉલ્લેખ છે. જે..... શાકલ-બાષ્કલ-આશ્વલાયની-શાંખાયની અને માણ્ડુકાયની છે. હાલ એક માત્ર શાકલ શાખાની સંહિતા પ્રાપ્ત છે, જે ઘણી રીતે મહત્ત્વપૂર્ણ છે.

ઋગ્વેદ-સંહિતાની પૂરવણી સમાન વેદના બ્રાહ્મણ-ગ્રન્થો તેમજ આરણ્યક ગ્રન્થો તેમ જ દરેક શાખાના વર્ણોચ્ચારની સ્પષ્ટતા માટે પ્રાતિશાખ્ય ગ્રન્થોની રચના કરવામાં આવી છે. ઉપરાંત વેદોના સ્પષ્ટ અર્થ જાણવા માટે વેદાંગનો અભ્યાસ જરુરી છે. વેદાંગ છ છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, જ્યોતિષ, છન્દ અને નિરુક્ત આ છ વેદાંગ છે.

ઋગ્વેદના બે બ્રાહ્મણગ્રન્થો છે, ઐત્તરિય બ્રહ્મણ અને કૌશિતકી બ્રહ્મણ. ઐત્તરિય બ્રાહ્મણમાં પંચજનોમાં દેવ, મનુષ્ય, ગન્ધર્વ, અપ્સરા, પિતરોની ગણના કરવામાં આવી છે. સર્વપ્રથમ રાજાની ઉત્પત્તિના સિદ્ધાન્ત ઐત્તરિય બ્રાહ્મણમાં મળે છે. ચારેય વર્ણોના કર્મોની જાણકારી પણ અહીં મળે છે. શુનઃશેપના નરમેધના આખ્યાનથી આ બ્રાહ્મણ પ્રચલિત છે, દરેક વેદના બ્રાહ્મણગ્રન્થો છે. તેમ જ આરણ્યક ગ્રન્થો છે.

ઋગ્વેદના ઋષિઃ જે સૂક્ત અને મંત્રોના ઋષિ લખવામાં આવ્યા છે, તેઓએ જ વેદ લખ્યા છે એમ શા માટે માનવામાં આવતું નથી? સ્વામી દયાનન્દ આનો પ્રત્યુત્તર ‘સત્યાર્થ પ્રકાશ’માં આપતાં લખે છે કે, જે જે મન્ત્રોનું દર્શન જે જે ઋષિઓને થયું; તે પહેલાં આ મન્ત્રનો અર્થ કોઇએ પ્રકાશિત નહોતો કર્યો એટલે તે મંત્રો સાથે ઋષિનું નામ સ્મરણાર્થે લખાતું આવે છે. આમ ઋષિઓ જે તે મન્ત્રોના પ્રકાશકો છે, કર્તા નથી.

ऋग्वेद-मण्डल-1. अनुवाक्-1. सूक्त-2

ऋषिः मधुच्छन्दाः वैश्वामित्रः छन्दः गायत्री देवता वायुः 1-3, इन्द्रवायू 4-6, मित्रावरुणौ 7-9

ઋગ્વેદના પ્રત્યેક સૂક્તના પ્રારંભમાં..... સૂક્તના ઋષિ, દેવતા, છન્દ અને સ્વર લખવામાં આવે છે. અને તેનો નિયમિત રીતે પાઠ કરી સૂક્તનો પાઠ કરવા જણાવાયું છે.

ઋગ્વેદના મન્ત્રદ્રષ્ટા ઋષિઓ પર ધ્યાન આપીએ તો, બીજા થી સાતમા મંડળ અન્તર્ગત સમાવિષ્ટ મન્ત્ર કોઇ એક ઋષિ દ્વારા જ સાક્ષાત્કાર થયેલા છે. આથી આ વંશમંડળ કહેવાય છે. આ મણ્ડળો બીજા મણ્ડળોની સરખામણીમાં પ્રાચીન માનવામાં આવે છે. જોકે, કેટલાક વિદ્વાનો આની સાથે સહમત નથી. આઠમાં મણ્ડળમાં, કણ્વ, ભૃગુ વગેરે પરિવારોના મન્ત્રો સંકલિત થયા છે. પહેલા અને દસમા મણ્ડળના સૂક્તોની સંખ્યા ૧૯૧ સમાન છે. આ બન્ને મણ્ડળોની વિશેષતા એ છે કે, આમાં અનેક ઋષિઓ દ્વારા સાક્ષાત્કાર થયેલા મન્ત્રોનું સંકલન કરવામાં આવ્યું છે. પહેલા અને દસમા મણ્ડળમાં વિવિધ વિષયોના સૂક્તો છે. પ્રાયઃ વિદ્વાનો બન્ને મણ્ડળોને અર્વાચીન માને છે. નવમું મણ્ડળ પણ કંઇક વિશેષ મહત્વ ધરાવે છે. જેમાં સોમ દેવતાના સમસ્ત મન્ત્રો સંકલિત કરવામાં આવ્યા છે. એનું બીજું પ્રચલિત નામ પવમાન મણ્ડળ પણ છે.

આ મન્ત્રોના દ્રષ્ટા-ઋષિઓમાં ગૃત્સમદ, વિશ્વામિત્ર, વામદેવ, અત્રિ, ભરદ્વાજ, વસિષ્ઠ, ભૃગુ અને અંગિરા મુખ્ય છે. કેટલીક વૈદિક નારીઓ પણ મન્ત્રદ્રષ્ટા રહી છે. જેમાં પ્રમુખ ઋષિકાઓના રુપમાં વાક, આમ્ભૃણી. સૂર્યા, સાવિત્રી, સાર્પરાજ્ઞી, યમી, વૈવસ્વતી, ઉર્વશી, લોપામુદ્રા, ઘોષા, શચી, કાંક્ષાવૃત્તિ, પૌલોમી વગેરે નામો ઉલ્લેખનીય છે. નીચેનું કોષ્ટક પ્રથમ દર્શનીય માહિતિ આપે છે.

મણ્ડલ	સૂક્ત સંખ્યા	મહર્ષિઓના નામ
૧.	૧૯૧.	मधुच्छन्दाः , मेधातिथि, दीर्घतमाः, अगस्त्य, गोतम, पराशर વગેરે.
૨.	૪૩.	गृत्समद અને એના વંશજો. सोमाहुति, कूर्म।
૩.	૬૨.	विश्वामित्र અને એના વંશજો.
૪.	૫૮.	वामदेव અને એના વંશજો.
૫.	૮૭.	अत्रि અને એના વંશજો.
૬.	૭૫.	भरद्वाज અને એના વંશજો.
૭.	૧૦૪.	वशिष्ठ અને એના વંશજો.
૮.	૧૦૩.	कण्व, भृगु, अंगिरा અને એના વંશજો.
૯.	૧૧૪.	ऋषिगण, विषय-पवमान सोम વગેરે.
૧૦.	૧૯૧.	त्रित, विमद, इन्द्र, श्रद्धा, कामायनी इन्द्राणी, शाची વગેરે.

ઋગ્વેદના છન્દઃ ઋગ્વેદ-સંહિતામાં કુલ ૨૦-છન્દોનો ઉપયોગ થયો છે. જેમાંથી મુખ્ય સાત છન્દ છે.
૧. ગાયત્રી-૨૪-અક્ષર. ૨. ઉષ્ણિક-૨૮-અક્ષર. ૩. અનુષ્ટુપ-૩૨-અક્ષર. ૪. બૃહતી-૩૬-અક્ષર. પંકિત-૪૦-અક્ષર. ૬. ત્રિષ્ટુપ-૪૪-અક્ષર. ૭. જગતી-૪૮-અક્ષર.

ઋગ્વેદમાં આમાંથી જગતી, ત્રિષ્ટુપ, ગાયત્રી, અને અનુષ્ટુપ આ ચાર છન્દોના મન્ત્રોની સંખ્યા સૌથી વધારે છે.

ઋગ્વેદના સૂક્તોમાં ઓછામાં ઓછા ત્રણ મંત્રો આપવામાં આવ્યા હોય છેઅને વધુમાં વધુ અઠ્ઠાવનની સંખ્યા જોવા મળે છે. પણ સાધારણ રીતે દશ-બારથી વધારે મન્ત્રો હોતા નથી. આ મન્ત્રો આશરે પંદર જુદા જુદા છન્દમાં રચાયેલા છે. તેમાંથી સાત છન્દો વારંવાર વપરાયેલા જોવા મળે છે. અને એમાંથી ય ત્રણ છન્દો સૌથી વધુ વપરાયેલા છે. ઋગ્વેદના કુલ મન્ત્રોનો ચાર પંચમાંશ ભાગ આ ત્રણ (ગાયત્રી-અનુષ્ટુભ-ત્રિષ્ટુભ) છન્દોમાં છે.

આઠ અક્ષરોની ત્રણ પંક્તિઓ મળી ગાયત્રી છન્દ થાય છે. ઋગ્વેદના લગભગ એક ચતુર્થાંશ મન્ત્રો ગાયત્રી છન્દમાં છે. ઋગ્વેદનો પહેલો મન્ત્ર જ ગાયત્રી છન્દમાં છે.

अ॒ग्निमी॑ळे पु॒रोहि॑तं । य॒ज्ञस्य॑ दे॒वमृ॒त्विज॑म् । होता॑रं र॒त्न॒धात॑मम् ॥

આઠ અક્ષરોની ચાર પંક્તિઓ મળી અનુષ્ટુભ્ છન્દ બને છે. એ છન્દમાં પહેલી બે પંક્તિઓનો અને બીજી બે પંક્તિઓનો એકબીજા સાથે ગાઢ સંબંધ સચવાયેલો રહે છે. ગાયત્રી છન્દમાં રચાયેલા મન્ત્રો કરતાં આશરે એક તૃતિયાંશ જેટલી સંખ્યા અનુષ્ટુભ્ ના મન્ત્રોની છે. વેદ પછીના સમયમાં ગાયત્રી છન્દ અદશ્ય થઇ જાય છે અને મહાભારત, રામાયણ અને અન્ય ગ્રન્થોમાં અનુષ્ટુભ્ જે હવે શ્લોક નામથી ઓળખાય છે. અને તે
સંસ્કૃત કવિતાનો સાધારણ વપરાશનો છન્દ થઇ પડ્યો છે. ત્રિષ્ટુભ્ ની ઋચામાં અગિયાર અક્ષરોવાળી ચાર પંક્તિઓ હોય છે. જે જગતી છન્દને ખૂબ મળતો આવે છે. ઋગ્વેદનો લગભગ બે પંચમાંશ ભાગ આ જ છન્દમાં રચાયેલો છે.

મુખ્ય છન્દોનું વિવરણ.

नाम –अक्षरयोग	प्रथमपाद-अक्षर	द्वितियपाद-अक्षर	तृतियपाद-अक्षर	चतुर्थपाद-अक्षर
गायत्री-24	8	8	8	-
उष्णिक-28	8	8	12	-
पुरउष्णिक-28	12	8	8	-
कुकुप-28	8	12	8	-
अनुष्टुभ्-32	8	8	8	8
वृहति-36	8	8	12	8
सतोवृहति-40	12	8	12	8
पंक्ति-40	12	8	12	8
प्रस्तारपंक्ति-40	12	12	8	8
त्रिष्टुप-44	11	11	11	11
जगती-48	12	12	12	12
निचृद्गायत्री-23	આના ત્રણ પાદ અને 23 અક્ષર હોય છે.			
भूरिग्गायत्री-25	આના ત્રણ પાદ અને 25 અક્ષર હોય છે.			
विराटगायत्री-22	આના ત્રણ પાદ અને 22 અક્ષર હોય છે.			
स्वराटगायत्री-26	આના ત્રણ પાદ અને 26 અક્ષર હોય છે.			

પાણિનીય શિક્ષાનું કહેવું છે કે, छन्दः पादौ तु वेदस्य। છન્દ વેદના પાદ(પગ) છે. છન્દના આધાર વિના વેદ લંગડા લાગે. છન્દોની વિશેષતા એ જ છે કે, અક્ષરની ગણત્રી પર ખૂબ ચોક્કસાઇ છે. એમાં અક્ષરોના લઘુ-ગુરુના ક્રમનો કોઇ વિશેષ નિયમ નથી. વૈદિક છન્દો ઉપરથી જ લૌકિક છન્દોનો આવિર્ભાવ થયો છે. ઉદાહરણાર્થ વૈદિક અનુષ્ટુભ્ ઉપરથી જ વાલ્મીકિએ લૌકિક અનુષ્ટુપ છન્દ, વૈદિક ત્રિષ્ટુપથી અગિયાર અક્ષરોવાળા છન્દો ખાસ કરી ઇન્દ્રવજ્રા-ઉપેન્દ્રવજ્રા બન્યા છે. જગતી થી બાર અક્ષરોનો વંશસ્થ છન્દ, શક્વરીથી વસન્તતિલકા ની ઉત્પત્તિ થઇ છે. આમ વૈદિક છન્દ જગતી, ત્રિષ્ટુભ, અનુષ્ટુભ લૌકિક સંસ્કૃતમાં મળતા નથી. તેમ જ લૌકિક સંસ્કૃતના વંશસ્થ, ઉપેન્દ્રવજ્રા, શિખરિણી વેદોમાં અપ્રાપ્ય છે.

ઋગ્વેદના દરેક સૂક્તમાં જે મન્ત્રો હોય છે. તે એક જ છન્દમાં રચાયેલા હોય છે. આ નિયમનો એક અપવાદ ઘણો સાધારણ અને નમુનારુપ છે. સૂક્તના છેડે બીજી સઘળી ઋચા કરતાં જુદા જ છન્દની રચના હોય છે. જે સૂક્ત પૂરું થયાનો સંકેત છે.

ઋગ્વેદ-સંહિતામાં આવેલા મુખ્ય સૂક્તોઃ સૂક્તોમાં વર્ણવેલા વિષયો અને શૈલીના આધારે ઘણું કરી આમ વિભાજીત કરવામાં આવે છે. ૧. દેવસ્તુતિ-પરક-સૂક્ત. ૨. દાર્શનિક સૂક્ત. ૩. લૌકિક સૂક્ત. ૪. સંવાદ સૂક્ત. ૫. આખ્યાન સૂક્ત. વગેરે. કેટલાક મુખ્ય સૂક્તો ઘણાં લોકપ્રિય અને મહત્ત્વપૂર્ણ છે. એનો સંક્ષિપ્ત પરિચય અહીં આપ્યો છે. અગત્યના સૂક્તોની નોંધ પરિશિષ્ટમાં કરી છે. જે સંહિતાના વ્યાપક વિષય પર પ્રકાશ પાડે છે.

૧. **પુરુષસૂક્તઃ** ઋગ્વેદના દશમા મણ્ડળનું ૯૦મું સૂક્ત છે. આ સૂક્તનો દેવતા પુરુષ છે, અને આમાં પુરુષના વિરાટ રુપનું વર્ણન છે. એનાથી થતાં સૃષ્ટિના વિસ્તારની ચર્ચા છે. પુરુષને હજારો શીર્ષ-મસ્તકો, હજારો આંખો, હજારો પગોવાળો દર્શાવ્યો છે.આનાથી જ વિશ્વના વિવિધ અંગો અને ચારે વેદોની ઉત્પત્તિ કહેવાઇ છે.

ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः। ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥१०.९०.१२॥

બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-ક્ષુદ્ર ચારે ય વર્ણોનો ઉલ્લેખ અહીં પ્રથમવાર થયો છે. મોટાભાગની ધાર્મિક વિધિઓમાં આ સૂક્ત અવશ્ય ગવાય છે.

૨. નાસદીય સૂક્તઃ ઋગ્વેદના દશમા મણ્ડળમાં ૧૨૯મું સૂક્ત 'नासदीय सूक्त' અથવા'भाववृत्तम सूक्त' કહે છે. આમાં સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાંની સ્થિતિનું ચિત્રણ છે. અને એ શોધવાનો પ્રયત્ન થયો છે કે, જ્યારે કાંઇ ન્હોતું ત્યારે શું હતું? ત્યારે ન સત હતું ન અસત, ન રાત્રિ હતી ન દિવસ; બસ તમસથી ઘેરાયેલું તમસ હ્તું. પછી સર્વપ્રથમ આ એક તત્ત્વમાં 'કામ' ઉત્પન્ન થયો અને એનો જ સંકલ્પ સૃષ્ટિના વિવિધ રુપોમાં પ્રદર્શિત થયો. અન્તમાં સન્દેહ કર્યો છે કે, તે પરમ વ્યોમમાં બેઠેલો એક અધ્યક્ષ પણ બધુંય જાણે છે યા નથી જાણતો; અથવા જાણે છે તો તે જ જાણે છે, બીજુ કોણ જાણી શકશે.

इ॒यं विसृ॑ष्टि॒र्यत॑ आब॒भूव॒ यदि॑ वा द॒धे यदि॑ वा॒ न। यो अ॒स्याध्य॑क्षः प॒र॒मे व्यो॑म॒न्त्सो अ॒ङ्ग वे॑द॒ यदि॑ वा॒ न वेद॑ ॥૧૦.૧૨૯.૬॥

કોણ જાણે છે અને કોણ એ કહી શકે છે કે, આ સૃષ્ટિ કયાંથી અને કઈ રીતે ઉત્પન્ન થઈ કારણ કે જ્ઞાનીઓ પણ સૃષ્ટિના સર્જન પછી થયા. ૬.

૩. હિરણ્યગર્ભ સૂક્તઃ ઋગ્વેદના દશમા મણ્ડળમાં ૧૨૧મું સૂક્ત 'हिरण्यगर्भ सूक्त' કહેવાય છે.આ સૂક્તના દેવતા હિરણ્યગર્ભ છે. નવ મન્ત્રોના આ સૂક્તમાં દરેક મન્ત્રમાં 'कस्मै देवाय हविषा विधेम'। કહીને એ વાત દોહરાવી છે કે, આવા મહાન હિરણ્યગર્ભ દેવને છોડીને અમે બીજા ક્યા દેવની આરાધના કરીએ? અમારા માટે તો 'ક' સંજ્ઞક પ્રજાપતિ જ સર્વાધિક પૂજનીય છે. આ હિરણ્યગર્ભનું સ્વરુપ, મહિમા, એનું સર્જન આ સૂક્તમાં ખૂબ સરળ અને સ્પષ્ટ શબ્દોમાં વર્ણવ્યું છે. હિરણ્યગર્ભ જ સૃષ્ટિના નિયામક અને ધારણકર્તા છે.

हि॒र॒ण्य॒ग॒र्भः सम॑वर्त॒ताग्रे॑ भू॒तस्य॑ जा॒तः पति॒रेक॑ आसीत्। स दा॑धार पृथि॒वीं द्यामु॒तेमां कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥१॥

સૌ પહેલાં માત્ર પરમાત્મા-હિરણ્યગર્ભ હતા, તેઓ સર્વ પ્રાણીઓના અદ્વિતિય અધીશ્વર હતા. એમણે જ આકાશ અને પૃથ્વીની પોતાના સ્થાનમાં નિયુક્તિ કરી. તે 'ક' નામવાળા પ્રજાપતિ દેવ સિવાય હવ્ય વડે બીજા ક્યા દેવની પૂજા કરીએ.

૪. સંજ્ઞાન સૂક્તઃ ઋગ્વેદના દશમા મણ્ડળમાં ૧૯૧મું સૂક્ત(છેલ્લું) 'संज्ञान सूक्त' આમાં કુલ ચાર મન્ત્ર છે. ઋગ્વેદનો છેલ્લો મન્ત્ર ઉદાત્ત અને સમાનતાના સંદેશ સાથે આદર્શ માનવામાં આવે છે.

स॒मा॒नी व॒ आकू॑तिः समा॒ना हृद॑यानि वः। स॒मा॒नम॑स्तु वो॒ मनो॒ यथा॑ वः॒ सु॒सहास॑ति ॥४॥

યજમાનો-પુરોહિતો, તમારો એક જ ઉદ્યમ હોય, તમારા હૃદયો એક જ હોય. તમારું અન્તઃકરણ-મન એક જ હોય તમારું સમ્પૂર્ણ રુપથી સંગઠન હોય.

૫.અક્ષસૂક્તઃ ઋગ્વેદના દશમા મણ્ડળમાં ૩૪મું સૂક્ત 'अक्ष सूक्त' કહે છે. આ એક લૌકિક સૂક્ત છે. જેમાં ૧૪મન્ત્રો છે. અક્ષક્રીડા(જુગાર રમવો)ની નિન્દા કરવી અને પરિશ્રમ કરવાનો ઉપદેશ દેવો... આ સૂક્તનો સાર છે. એક નિરાશ જુગારીની દુર્દશાનું માર્મિક ચિત્રણ આમાં આપ્યું છે. જેમાં ઘર અને પત્નીની દુર્દશા સમજતો હોવા છતાં જુગારને વશ થઇ બધાનું અપમાન સહન કરે છે, અને પોતાનો સર્વનાશ નોતરે છે. અન્તમાં સવિતા દેવતા તેને નિત્ય પરિશ્રમથી આજિવિકા મેળવવાની પ્રેરણા મળે છે.

अ॒क्षैर्मा दी॑व्यः कृ॒षिमित्कृ॑षस्व वि॒त्ते र॑मस्व ब॒हु मन्य॑मानः। तत्र॒ गावः॑ कितव॒ तत्र॑ जा॒या तन्मे॒ वि च॑ष्टे सवि॒तायम॒र्यः ॥१३॥

પ્રભુ સૂર્યદેવે મને(જુગારીને) કહ્યું છે કે, ક્યારેય જુગાર ન રમવો; ખેતી કરવી, ખેતીથી જે લાભ થાય એમાં જ સંતુષ્ટ રહેવું. આમ કરવાથી સ્ત્રી મળશે, અનેક ગાયો મળશે.

૬. વિવાહ સૂક્તઃ ઋગ્વેદના દશમા મણ્ડળમાં ૮૫મું સૂક્ત 'विवाहसूक्त' કહે છે. અથર્વવેદમાં પણ બે વિવાહ સૂક્ત છે. આ સૂક્તમાં સૂર્યની પુત્રી સૂર્યા તથા સોમના વિવાહનું વર્ણન છે. અશ્વિનિકુમાર આ વિવાહમાં સહયોગી કાર્ય કરે છે. અહીં સ્ત્રીઓના કર્તવ્યોનું વિસ્તારથી વર્ણન છે. સ્ત્રીને સાસુ-સસરાની સેવા કરવાનો ઉપદેશ દેવામાં આવ્યો છે. પરિવારનું હિત સાચવવું તેણીનું કર્તવ્ય છે. સાથોસાથ સ્ત્રીને ગૃહસ્વામિની, ગૃહપત્ની અને સામ્રાજ્ઞી કહેવાઇ છે. આમ સ્ત્રીને પરિવારમાં આદરણીય દર્શાવી છે.

૭. આખ્યાન સૂક્તઃ ઋગ્વેદમાં કેટલાક સૂક્તોમાં આખ્યાન-કથા જેવી શૈલી મળે છે. અને ઉપદેશ સાથે રોચકતા અનુભવાય છે. આવા મુખ્ય સૂક્તો આ પ્રમાણે છે. श्वावाश्र सूक्त (5-61), मण्डूक सूक्त (7-103), इन्द्रवृत्र सूक्त (1-80, 2-12), त्रिविक्रम (1-154); सोम सूर्या विवाह (10-85). વૈદિક આખ્યાનોના ગૂઢાર્થની વ્યાખ્યા વિદ્વાનો દ્વારા અનેક પ્રકારે કરવામાં આવે છે.

૮. સંવાદ સૂક્તોઃ આવા સૂક્તોમાં બે કે વધારે દેવતાઓ,ઋષિઓ અથવા નિયત પાત્રોની વચ્ચે વાર્તાલાપની શૈલીમાં વિષયની પ્રસ્તુતિ કરવામાં આવે છે. મુખ્ય, મુખ્ય સૂક્તો આ પ્રમાણે છે.

पुरूरवा-उर्वशी-संवाद, ऋ. 10/95, यम-यमी-संवाद ऋ. 10/10. सरमा-पणि-संवाद ऋ. 10/108. विश्वामित्र-नदी-संवाद ऋ. 3/33, वशिष्ठ-सुदास-संवाद ऋ. 7/83 अगस्त्य-लोपामुद्रा-संवाद ऋ. 1/179 इन्द्र-इन्द्राणी-वृषाकपि-संवाद 10/86

સંવાદ સૂક્તોની વ્યાખ્યા અને તાત્પર્ય વૈદિક વિદ્વાનોનો એક વિચારણીય વિષય રહ્યો છે. કેમકે, વાર્તાલાપ કરવાવાળાને માત્ર વ્યક્તિ માનવા સંભવ નથી. આ આખ્યાનો અને સંવાદોના તત્ત્વોમાંથી ઉત્તરકાળના સાહિત્યની કથાઓ અને નાટકોની વિધાઓ ઉત્પન્ન થઇ છે. કેટલીક વાર્તાઓના તત્ત્વો આજે પણ મધ્ય એશિયામાં થોડા ફેરફાર સાથે પ્રચલિત છે. જે આર્યોના જે તે

પ્રદેશો સાથેના ગઢ સંપર્કો સૂચવે છે. આમાં પુરુરવા-ઉર્વશી-સંવાદ-ઋ.-૧૦-૯૫ની કથા ભારતીય સાહિત્યમાં અનેક સ્થળે મળી આવે છે. એટલે કે,

શતપથબ્રાહ્મણ, મહાભારત, મત્સ્યપુરાણ, વાયુપુરાણ, બ્રહ્માણ્ડપુરાણ, વિષ્ણુપુરાણ, હરિવંશ, ભાગવત અને કવિ કાલિદાસની રચના 'વિક્રમોર્વશીય' માં થોડા ફેરફાર સાથે પુરુરવા-ઉર્વશીનું જ આ આખ્યાન છે.

કથાચરિતસાગરમાં મરુભૂતિની કથાનું બીજ પણ આ જ છે. આપણી લોકકથા "ઓઢો જામ અને હોથલ પદમણી" ની વાર્તાનું કથાબીજ પણ પુરુરવા-ઉર્વશી-સંવાદમાંથી ઉતરી આવેલું છે. ગુજરાતી મહાભારતમાં એક દાંગેવ આખ્યાન સભાપર્વમાં છે. જે પુરુરવા-ઉર્વશીના સંદર્ભે બહુ રસદાયી છે.

પશ્ચિમના દેશોમાં અનેક રુપાન્તરો મળે છે. ગ્રીસમાં "ક્યુપિડ અને સાઇક"ની કથાના નામે, જર્મનીમાં "સ્વાન મેઇડન"ના નામે, ફ્રાન્સમાં "મેલુસિના"ની કથા તરીકે, સ્કોટલેન્ડમાં "ધ સીલ વુમન" તરીકે; અને જિપ્સીઓની લોકકથાઓમાં "ધ વિન્ડ મેઇડન" તરીકે ઓળખાય છે. ઇન્ડોનેશિયા અને જાપાનમાં પણ આ કથાબીજ પરથી વાર્તાઓ છે. આવી ઘણી કથા-વાર્તાઓ ઋગ્વેદમાં છે, જે આર્યોના જે તે દેશો સાથેના ભૂતકાળના સંપર્કો પૂરવાર કરવામાં સહાયરુપ બને છે. *ખાસ કરી આ કથાવસ્તુ "મનુષ્ય અને દૈવી સ્ત્રી સાથેના શરતી પ્રેમની કથા" ખૂબ જ આનંદદાયી છે. ખૂબ પ્રાચીન હોવા ઉપરાંત વિશ્વવ્યાપિ છે.*

આ રીતે ઋગ્વેદ-સંહિતા વેદિક દેવતાઓની સ્તુતિઓ, પર્યાવરણ, વિજ્ઞાન, ગણિત, જ્યોતિષ જેવા વિષયો આવરી લેવાયા છે. વળી સાહિત્યિક અને કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ વિશિષ્ટ તથ્યો હોવા ઉપરાન્ત, ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને દાર્શનિક દૃષ્ટિએ સાર ગર્ભિત સામગ્રી પ્રસ્તુત કરતો મહાન ગ્રન્થરત્ન છે.

બ્રાહ્મણ-ગ્રન્થોઃ બ્રાહ્મણ-ગ્રન્થો વેદોના સંહિતા ગ્રન્થો પછી બીજા ક્રમે આવે છે. જેમાં વેદોની વ્યાખ્યા ગદ્યમાં કરવામાં આવી છે. યજ્ઞ-યાગની વિધિ નક્કી કરવામાં આવી છે. મન્ત્રો પર ભાષ્યો પણ આપ્યા છે.

દરેક વેદના એક કે તેથી વધારે બ્રાહ્મણ-ગ્રન્થો છે.ઋગ્વેદના બે બ્રાહ્મણ છે.ऐतरेयब्राह्मण અને कौषीतकि या शांखायन ब्राह्मण।

સામવેદના पंचविंश-ब्राह्मण। षडविंश ब्राह्मण। आर्षेय ब्राह्मण। छान्दोग्य ब्राह्मण। जैमिनीय या तावलकर ब्राह्मण। પ્રચલિત છે. શુક્લ-યજુર્વેદના બ્રાહ્મણને शतपथब्राह्मण કહેવાય છે. જે ઋગ્વેદ પછી બીજા નંબરે ગણાય છે. કૃષ્ણ-યજુર્વેદના ચાર બ્રાહ્મણ-ગ્રન્થો છે. तैत्तिरीयब्राह्मण-मैत्रायणीब्राह्मण-कठब्राह्मण-कपिष्ठलब्राह्मण અને અથર્વવેદનું गोपथब्राह्मण છે. આ સિવાય આરણ્યક ગ્રન્થો, શ્રોતસૂત્રો અને ઉપનિષદ્-ગ્રન્થો છે.

બ્રાહ્મણના છેવટના ગ્રન્થો આરણ્યકો છે. અરણ્યના એકાન્તમાં ઇશ્વરનું જ્ઞાન મેળવવા રચાયેલા છે. ઉપનિષદો ગુરુ-શિષ્યના સંવાદરુપે બ્રહ્મ અને તત્ત્વજ્ઞાનની ચર્ચા કરે છે. આગળ જતાં દર્શનોમાં ખાસ કરી વેદાંત દર્શનનું તત્ત્વજ્ઞાન ઉપનિષદોમાંથી વિકસ્યું છે.

બ્રાહ્મણ ગ્રંથો અને પરંપરાથી આવેલી પ્રણાલિકા-ક્રિયા વિધિઓ-રૃઢિઓનો એટલો મોટો વિસ્તાર થઈ ગયો હતો કે, એ સઘળી બાબતો વ્યવસ્થિત ગોઠવી સ્મરણશક્તિ પર બોજો ન આવે તે રીતે સંક્ષિપ્તમાં રજુ કરવાની જરૂર ઉભી થઇ હતી. અને તે માટે સૂત્ર-રચના ખૂબ અનુકૂળ જણાઇ.સૂત્ર એટલે.....

अल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतो मुखम्। अस्तोभमनवद्यं च सूत्र सूत्रविदो विदु:॥

અલ્પાક્ષરવાળું, અસંદિગ્ધ, સારરૂપ, સર્વગ્રાહી, સરળ, દોષરહિત વાકય સૂત્ર કહેવાય તેમ સૂત્રના જાણકારો કહે છે.

વેદિક ક્રિયાઓના સૂત્રો ત્રણ પ્રકારના છે. શ્રૌતસૂત્રો; જે શ્રુતિના આધારે એટલે કે, બ્રાહ્મણોના આધારે રચાયેલા હોય છે. ધર્મક્રિયાના વર્ણન અને વિપ્રના કર્તવ્યોનો નિર્દેશ કરે છે.બીજા છે ગૃહ્યસૂત્રો; નિત્યજીવનની ક્રિયાઓના નિયમો-વિધિઓને લગતા છે. જે મોટેભાગે ગૃહસ્થોએ પોતાની પત્ની સાથે રાખી કેટલીક વિધિઓ કરવાની હોય છે. ત્રીજા છે ધર્મસૂત્રો; જે સ્મૃતિના આધારે લખાયેલા છે. સામાન્ય રીતે ભારતના કાયદા વિષેના પ્રાચીન ગ્રંથો આ ધર્મસૂત્રો છે.

આ અરસામાં પ્રાતિશાખ્ય સૂત્રો અને શિક્ષા સૂત્રો પણ લખાયા. પોત-પોતાની શાખા માટેના સ્વર-અનુસ્વાર-વિસર્ગના છે. વિશિષ્ટ ઉચ્ચારણોની વ્યવસ્થા કરવામાં આવી છે. પાણિનિએ વ્યાકરણ વ્યવસ્થિત કરવા અષ્ટાધ્યાયી સૂત્રોની રચના કરી, સંક્ષિપ્તમાં સુદૃઢ વ્યાકરણની રચના કરી છે. અનુક્રમણિના ગ્રન્થો વેદના સૂક્તોનો ક્રમ વ્યવસ્થિત જાળવી રાખવા રચાયા. વાલખિલ્ય નામના ૧૧ સૂક્તો આઠમા મંડળની મધ્યમાં મૂકવામાં આવ્યા છે.

अथ वालखिल्यम्।	मण्डल-8	11-सूक्त	सूक्त - मन्त्र	ऋषि	देवता
सूक्त - मन्त्र	ऋषि	देवता	54-8	मातरिश्वा काण्वः	विश्वे देवाः
49-10	प्रस्कण्वः काण्वः	इन्द्रः	55-5	कृशः क़ाण्वः	इन्द्रः प्रस्कण्वः च
50-10	पुष्टिगुः काण्वः	इन्द्रः	56-5	पृषध्रः काण्वः	अग्निसूर्यौ

51-10	श्रुष्टिगुः काण्वः	इन्द्रः	57-4	मेध्यः काण्वः	अश्विनौ
52-10	आयुः काण्वः	इन्द्रः	58-3	मेध्यः काण्वः	विश्वे देवाः
53-8	मेध्यः काण्वः	इन्द्रः	59-7	सुपर्णः काण्वः	इन्द्रावरुणौ

બ્રાહ્મણ-ગ્રન્થોનો રચનાકાળ ઈ.સ. પૂર્વે ૮૦૦ થી ૬૦૦ માનવામાં આવે છે. જ્યારે સૂત્રોનો સમય ઈ.સ. પૂર્વે ૬૦૦ થી ૨૦૦ દરમિયાન માનવામાં આવે છે.ઈ.સ. પૂર્વે ૧૭૦૦ થી ઈ.સ. પૂર્વે ૬૦૦ સુધીનો સમય વૈદિક કાળ માનવામાં આવે છે; જે દરમિયાન વેદની સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, સૂત્રગ્રંથો, ઉપનિષદો, છ આસ્તિક દર્શનો... સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક, પૂર્વમિમાંસા-વેદાંતની રચના તેમજ રામાયણ અને મહાભારતની રચના થઈ હોવાનું મનાય છે. ઈ.સ. પૂર્વે.૬૦૦ની આસપાસ પાર્શ્વનાથ અને ગૌતમ બુદ્ધના શ્રમણ ધર્મોનો પ્રભાવ ચાલુ થઈ ગયો હોવાનું જણાય છે.

વેદના ગ્રંથને જેવો ને તેવો સાચવી રાખવા માટે વર્ણોચ્ચાર-વ્યાકરણ-નિઘંટુ(શબ્દભંડોળ)-પદપાઠ-ક્રમપાઠ- અનુક્રમણિ વગેરે પરિશિષ્ટ ગ્રંથોની રચના કરવામાં આવી છે. સૂક્તો, મન્ત્રો, શબ્દો અને અક્ષરોની પણ ગણતરી મુકવામાં આવી છે. વિશ્વમાં કોઈ પણ સ્થળે પોતાના ધાર્મિક પુસ્તકને યથાવત સાચવી રાખવા આવા મહાન પ્રયત્ન કોઈ પ્રજાએ કર્યા નથી.

વેદના મંત્રોની સપ્રમાણતા નક્કી કરવાને માટે કસોટી તરીકે પદપાઠ બહુ અગત્યનો છે એ નીચેની વાત ઉપરથી માલૂમ પડી આવે છે પદપાઠમાં જેનું પૃથક્કરણ ન કરવામાં ન આવ્યું હોય, પણ સંહિતા પાઠમાં મૂળ રૂપમાં જે ફરીથી આપવામાં આવ્યા હોય એવા મંત્રો ઋગ્વેદમાં છે આ પરથી એવું અનુમાન થાય છે કે શાકલ્ય ઋષિએ છ મંત્રોને ખરેખર આ ઋગ્વેદના મંત્રો તરીકે સ્વીકાર્યા નથી. અને આ અનુમાનને આન્તર પ્રમાણનો ટેકો મળે છે. આ છ મંત્રોનો સમૂહ ચોક્કસ છે. એમાં કોઈ મંત્ર બાકી રહી જતો નથી. વધારાના જે પ્રાચીન મંત્રોને શાકલ્ય ઋષિ પ્રમાણભૂત ગણે છે અને ખિલ એ નામના નવા મંત્રો, જેને કોઇ પણ સ્વરૂપે પદપાઠમાં કદી સ્થાન જ મળ્યું નહોતું. એ બેની વચ્ચે આ મંત્રો મૂકી શકાય તેમ છે.

વેદના પવિત્ર ગ્રંથ ને હજી પણ વધારે ચોક્કસ રીતે જેવો ને તેવો જાળવી રાખવા માટે થોડા વખત પછી ક્રમપાઠનું સ્વરૂપ યોજવામાં આવ્યું. આ સ્વરૂપ જૂનું છે, કારણ કે ઐતરેય આરણ્યકના રચનારને અસલથી પદપાઠ તેવું જ આ ક્રમપાઠનું પણ જ્ઞાન છે. એમાં પદપાઠનો દરેક શબ્દ બે વખત બોલવામાં આવે છે. એ શબ્દને આગળ આવી ગયેલા શબ્દની સાથે તેમજ પાછળ આવતા શબ્દની સાથે પણ જોડવામાં આવે છે. ઉદાહરણ તરીકે, अ, ब, क, અને ड એને આપણે ચાર શબ્દો ગણીએ તો તે આ પ્રમાણે વંચાયઃ अब, बक, कड એ ક્રમપાઠને આધારે વળી જટાપાઠ અથવા "ગૂંથેલો પાઠ" તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં દરેક જોડકું ત્રણ ત્રણ વાર બોલાય છે, અને બીજી વાર બોલાય છે તે વિપરીત ક્રમમાં બોલાય છે (अब, बअ, अब, बक, कब, बक)

ગૂંચવણની પરાકાષ્ઠા તો ઘનપાઠમાં આવીને ઉભી રહે છે. તેમાં ક્રમ આ પ્રમાણે છેઃ अब, बअ, अबक, कबअ, अबअ, बक, कब, बकड, ઇત્યાદિ.

પ્રાતિશાખ્યના ગ્રંથો તે પદપાઠને સંહિતાપાઠમાં મુકવાને માટે જે જે ફેરફાર કરવા જરૂરના છે તે સઘળા ચોક્કસ રીતે દર્શાવવાના હેતુથી રચાયેલા છે. એટલે પ્રાતિશાખ્યને પણ વેદગ્રંથને સાચવી રાખવાના સાધન તરીકે ગણી શકાય.

છેવટે અનુક્રમણીના પરિશિષ્ટ ગ્રંથો તે જુદા જુદા દૃષ્ટિબિંદુથી વેદની અંતર્ગત વસ્તુઓની નોંધ રાખે છે. અને તે ઉપરાંત એ પવિત્ર ગ્રંથમાં આવતા સૂક્તો, મંત્રો, શબ્દો અને અક્ષરોની પણ સંખ્યા વિષેની ગણતરીઓ કરીને એ સઘળી માહિતી પૂરી પાડે છે. એવી રીતે અનુક્રમણીના ગ્રંથો પણ વેદના ગ્રન્થોને જેવા ને તેવા સાચવી રાખવાનો ઉદ્દેશ ધરાવે છે.

ઋગ્વેદની સંહિતા જેમ શતપથ બ્રાહ્મણ અને તૈત્તિરિય બ્રાહ્મણ અને તેનું આરણ્યક આ ગ્રન્થો સ્વરાંકનો સાથે પ્રસ્તુત છે. એ ગ્રન્થોની ખાસ પવિત્રતાને લીધે શુદ્ધ અને સફળ પાઠ માટે સ્વરભારની ઘણી આવશ્યકતા જણાઇ હશે.

ઋગ્વેદમાં ત્રણ પ્રકારના સ્વર જોવા મળે છે. उदात्त, अनुदात्त स्वरित જેમાં સૌથી અગત્યનો સ્વર તે उदात्त (ઊંચો કરાયેલો- Raised-Acute- શિક્ષા પ્રકરણ જુઓ.) છે. उदात्तની પહેલાંનો સ્વર अनुदात्त કહેવાય છે. ત્રીજો તે स्वरित આરોહ પછીના અવહોરણનો સ્વર એ સાધારણ રીતે उदात्तની પાછળ આવે છે.

વેદના ગ્રન્થોમાં સ્વરના ચિહ્ન મૂકવાની જુદી જુદી ચાર રીતો છે. તેમાંથી ઋગ્વેદની રીતનો સૌથી વિશેષ પ્રચાર થયો છે. જેમાં उदात्त સ્વર આગળ કંઇ ચિહ્ન મૂકવામાં આવતું નથી. अनुदात्त સ્વર સૂચવવા માટે એ સ્વરવાળા અક્ષર નીચે એક આડી લીટી દોરવામાં આવે છે, અને स्वरित માટે અક્ષરની ઉપર એક ઊભી લીટી દોરવામાં આવે છે. यज्ञस्यं= યજ્ઞનો. એમાં પહેલો અક્ષર અનુદાત્ત (અધોરેખિત), બીજો અક્ષર ઉદાત્ત (ચિન્હરહિત) અને ત્રીજો અક્ષર સ્વરિત (ઊર્ધ્વરેખિત) છે. ઉદાત્ત સ્વર આગળ કોઇ ચિન્હ મૂકવામાં આવતું નથી. કારણકે, એ સ્વર બીજા બે ની વચ્ચેનો ગણવામાં આવે છે.

બીજી ત્રણ રીતો આ પ્રમાણે છેઃ-- (૧) मैत्रायणी संहिता અને काठक संहिता એ નામની कृष्ण यजुर्वेदની બે આવૃતિઓમાં ઉદાત્ત સ્વરને માટે અક્ષરની ઊપર એક ઊભી લીટી દોઅરવામાં આવે છે.

(૨) शतपथ ब्राह्मणમાં ઉદાત્તસ્વર માટે અક્ષરની નીચે એક આડી લીટી દોરવામાં આવે છે.

(૩) सामवेदમાં ત્રણે ય સ્વરના આરોહ-અવરોહ સૂચવવા માટે ૧.૨.૩. એવા આંકડાઓ માંડવામાં આવે છે. તેમાં ૧ તે ઉદાત્તનો સૌથી ઊંચો સ્વર સૂચવે છે.

ઋગ્વેદના દેવતાઃ ઋગ્વેદમાં ત્રણ દેવતાઓ અગ્નિ, ઇન્દ્ર અને વરુણ વધુ પ્રસિદ્ધ છે. અગ્નિ વિષે સૌથી વધુ ઉર્જા કહેવાઇ છે. અગ્નિ જન્મથી લઈ મરણ સુધીના અખિલ સંસ્કારોમાં એક રુપથી પૂજ્ય માનવામાં આવ્યા છે.

ઇન્દ્ર વિજય પ્રદાતા હોવાને લીધે વીરરસના મંત્રો દ્વારા સ્તુતિઓ કરવામાં આવી છે. ઇન્દ્ર અનુષ્ઠાન-કર્તાઓ સાથે ખભે ખભા મિલાવી યુદ્ધ કરે છે. તેમજ તેના સર્વ ઐશ્વર્યોની રક્ષા કરવાની જવાબદારી લે છે.

વરુણ પ્રાણીઓને હાર્દિક ભાવનાઓ જાણનાર અને તે મુજબ તેને દંડ કે પુરસ્કાર આપનાર કર્મફળના દાતા પરમેશ્વરના રુપમાં વરુણને વર્ણવ્યા છે.

દેવીઓમાં ઉષાનું સ્થાન અગ્રગણ્ય છે. અને સર્વાધિક સૌન્દર્યાભિવ્યઞ્જક ઋચાઓ આ ઉષાદેવી માટે છે. આ સિવાય સવિતા, પૂષા, મિત્ર, વિષ્ણુ, રુદ્ર, મરુત્, પર્જન્ય વગેરે દેવોની પણ સ્તુતિઓ છે.

યાસ્ક મુનિએ દેવતાઓને ત્રણ ભાગમાં વહેંચ્યા છે સ્વર્ગસ્થાનીય,અંતરિક્ષસ્થાનીય, ભૂસ્થાનીય.

સ્વર્ગસ્થાનીયઃ ધૌસ્, વરુણ, મિત્ર, સૂર્ય, અશ્વિન્, ઉષા, રાત્રિ વગેરે સ્વર્ગ-સ્થાનીય દેવતા છે.(આ દૂરનું આકાશ છે. જે સૂર્ય ચન્દ્રની ગતિનો માર્ગ છે.)

અંતરિક્ષસ્થાનીયઃ ઇન્દ્ર, અયાનપાત, રુદ્ર, મરુત્ ગણ, વાયુ, પર્જન્ય, આપસ્ આદિ અંતરિક્ષસ્થાનીય દેવતા છે. (આ નજીકનું આકાશ છે. જેમાં વાદળાં-વીજળી- વર્ષાનું સ્થાન છે.)

ભૂ સ્થાનીયઃ પૃથ્વી, અગ્નિ, સોમ, સિન્ધુ-વિપાશા-શતુદ્રિ વગેરે નદીઓ.

બૌદ્ધિક દેવતાઃ આ સિવાય મનના ભાવોથી ઉત્પન્ન થયેલા દેવતાઓ, પ્રજાપતિ, શ્રદ્ધા, ત્વષ્ટા, મન્યુ.

યુગલ દેવતાઃ મિત્રા-વરુણ, દ્યાવા-પૃથ્વી, ઇન્દ્રાગ્નિ, અશ્વિનિકુમાર.

કેટલાક નિમ્ન કોટિના દેવો છે. ઋભુગણ-અપ્સર્- ગન્ધર્વ.દેવતાઓ. આ સિવાય દાસ યા દસ્યુના વર્ણન છે. રાક્ષસો અને પિશાચો છે. અસુર દેવોમાં પણ છે.

ઇન્દ્રઃ વૈદિક સંહિતાઓમાં સૌથી અધિક મન્ત્રો ઇન્દ્રના સંબંધમાં છે. ઘણું કરીને સાડાત્રણ હજાર મન્ત્રો. આ ઇન્દ્રનું મહત્ત્વ અને દેવતા તરીકેનું ઉચ્ચસ્થાન દર્શાવે છે. આર્યોના વિવિધ જુથોમાંથી ઇન્દ્રપૂજક જુથ ગણવામાં વાંધાસરખું નથી. અથર્વણ આર્યોનું અવેસ્તાનું જુથ અગ્નિપૂજક છે.ઇન્દ્ર માય્ સ્પ્ત સિંન્ધુમાં જ નહીં, અસીરિયા, સીરિયા, અવેસ્તાના સાહિત્યમાં પણ પ્રચલિત છે. વૃત્રાસુર અસીરિયાનો સેનાપતિ હતો. બેબિલોન નગરી આર્યશૂન્ય કરવા અદ્ધિશૂર નામની દેવીની ઉપાસના કરી હતી. પરન્તુ પ્રયત્નમાં અસફળ રહ્યો અને છેલ્લે ઇન્દ્રે વૃથ્રને મારી નાખ્યો. ઋગ્વેદ અને અવેસ્તાથી એટલું ચોક્કસ છે કે ઇન્દ્ર-વૃત્ર નું યુદ્ધ થયેલું. ગ્રીસ કે યુનાનના દેવો જ્યિસ અને એપોલો દેવોની કથાઓ પણ ઇન્દ્રની કથાઓ સમાન છે. મેક્સમ્યુલર માને છે કે, હોમરના ગ્રન્થ ''ઇલિયડ''માં ટ્રાય-યુદ્ધની કલ્પના વૃત્ર-યુદ્ધ પર આધારિત છે. ઇન્દ્ર-વૃત્ર-યુદ્ધ પર અનેક પ્રાચીન જાતિઓએ કથાનકો રચ્યા છે. ઋગ્વેદમાં એક સ્થળે કહ્યું છે કે, ઇન્દ્રે અનેક સહસ્ર સેનાઓનો વધ કર્યો. ઇન્દ્રે ત્રીસહજાર રાક્ષસોને મારી નાખ્યા. ઇન્દ્રે શમ્બરના ૯૯નગરોનો એકસમયે વિનાશ કર્યો. ઇન્દ્રે શરત્ નામના અસુરની સાત પુરીઓ વિધ્વંસ કર્યો. આથી ઇન્દ્ર પુરંદર કહેવાયો. ઇન્દ્ર ત્રણ પ્રકારના રુપ ધારણ કરી યજમાનો પાસે આવતો. તે માયાવી રુપ પણ ધારણ કરી શકતો. ઇન્દ્રના રથને ૧૦૦૦ ઘોડાઓ જોડવામાં આવતા. તેના સેવક સુદાસ માટે ૬૬૦૬૬ જનો મારી નાખવામાં આવ્યા હતા.ઇન્દ્રે વૃત્રાસુરના મસ્તકને સો ધારવાળા વજ્રથી છેદી નાખ્યું હતું.

અગ્નિઃ ઐતિહાસિકોના મત પ્રમાણે હિન્દુ, ગ્રીક, રોમન, પારસી વગેરે આર્ય જાતિની શાખાઓ છે. આ બધાયમાં અગ્નિપૂજા પ્રચલિત હતી ઘણામાં હજી પણ છે. ગ્રીકોના મત પ્રમાણે ''પ્રોમેથિયસ''(પ્રમન્થ-સંસ્કૃત)નામના દેવતાએ મનુષ્યોની ભલાઇ માટે સૌ પહેલાં સ્વર્ગમાંથી અગ્નિની ચોરી કરી લઇ આવ્યા હતા. યુનાની લોકો આ દેવના અનન્ય ઉપાસક હતા. રોમનોમાં વલકન અથવા ઉલ્કા નામથી અગ્નિપૂજા પ્રચલિત હતી. લેટિનભાષી અગ્નિને ઇગ્નિસ અને સ્લાવ લોકો ઓગ્નિસ કહેતા. ઈરાની અથવા પારસી ''અતર'' નામથી અગ્નિની ઉપાસના કરે છે. ઋગ્વેદનો પ્રથમ મન્ત્ર જ અગ્નિની સ્તુતિ કરે છે. અગ્નિને પુરોહિત અથવા અગ્રગન્તા કહેવાય છે. કારણ કે, એના વિના યજ્ઞ થઇ શકતો નથી. અગ્નિન જ્વલન પછી જ દેવોનું આગમન થાય છે. આથી અગ્નિ દેવાહ્વાનકારી ઋત્વિજ કહેવાય છે. અગ્નિને રત્નધારી કહ્યા છે, કેમકે, તે યજ્ઞના ફળસ્વરુપ રત્નો-ધનના પોષક છે.અગ્નિ દીપ્તિમાન તો છે જ. કેટલાક મન્ત્રોમાં જઠરાગ્નિ, વિદ્યુદગ્નિ અને સૂર્યકિરણોમાં રહેલ અગ્નિ, દ્યુલોકમાં સૂર્ય, ભૂલોકમાં આહવનીય ઔષધિમાં નિગૂઢ તેજ, સમુદ્રમાં વડવાનલ અને અન્તરિક્ષમાં વાયુરુપ અગ્નિ છે. તે સિવાય ઘણા ય અગ્નિનો નિર્દેશ ઋગ્વેદમાં છે. ઘણું કરી સંહિતાઓમાં અગ્નિના અઢીહજાર મન્ત્રો છે. એક મન્ત્ર દસેય આંગળીઓ ભેગી કરી અનવરત કાષ્ઠઘર્ષણથી અગ્નિની ઉત્પત્તિ બતાવી છે. અશ્વિનીકુમારો દ્વારા અરણિ-મન્થન દ્વારા અગ્નિ ઉત્પન્ન કરવાનું કહ્યું છે. યુદ્ધમાં અગ્નિનો ઉપયોગ થઇ શકે છે. અગ્નિને અંગિરાઋષિનો પુત્ર કહ્યો છે.

સોમઃ ઇન્દ્ર અને અગ્નિ પછી સોમ વિષે વૈદિક સંહિતાઓમાં જેટલા મન્ત્રો છે તેટલા બીજા દેવતાઓના નથી. સંહિતાઓનો

દશમો ભાગ સોમની સ્તુતિ-પ્રશંસાથી પરિપૂર્ણ છે. આર્યો સોમના અતિ અનુરાગી છે. તેઓનો સૌથી વધુ પ્રિય સોમરસ હતો. અત્યુપકારી હોવાથી અગ્નિ વિષે ઘણું કહેવાયું છે તેવી રીતે ઉપકારી હોવાથી સોમ, સોમલતા, સોમરસનો ખૂબ મહિમા ગવાયો છે. કહેવાયું છે કે, બ્રાહ્મણો જેને પ્રકૃત સોમ કહે છે, તેનું પાન કોઇ યજ્ઞરહિત મનુષ્ય નથી કરી શકતો. પાર્થિવ મનુષ્ય સોમપાન કરી શકતો નથી.

''સોમ પીને અમર થઇશું, સ્વર્ગમાં જઇને દેવોથી પરિચિત થાઇશું;''

''શોધિત, મધુર, યજ્ઞોપયોગી, ક્ષરણશીલ, સ્વાદિષ્ટ, રસધારા-સંઘ, અન્નદાતા, ધન-પ્રાપક, આયુષ્ય-દાતા સોમ પ્રવહમાન છે.''

''દિવસે સોમ હરિત-વર્ણ અને રાત્રે સરળગામી અને પ્રકાશમાન દેખાય છે.''

''સોમ અનેક ધારાઓથી યુક્ત અને સુંદર ગન્ધથી સમ્પન્ન છે. ''

''વ્રત આદિથી જેનું શરીર તપાવ્યું નથી, અથવા જે યજ્ઞશૂન્ય છે, તેઓ સોમને ધારણ કરી શકતા નથી.''

સોમમાં જવનો સત્તુ પણ મેળવવામાં આવતો. વસ્તુતઃ સોમ સૌથી મૂલ્યવાન અને શક્તિશાળી જડીબુટ્ટી અથવા ઔષધિ હતી. તે આરોગ્ય, આનન્દ, આયુ, વીર્ય, પ્રતિભા, મેધા વગેરે પ્રદાન કરવાવાળા હોવાથી દેવની જેમ મહત્ત્વ આપ્યું છે. વેદાભ્યાસીઓ સોમલતાના સમ્બન્ધમાં વિવિધ મત ધરાવે છે. કેટલાક ''વનસ્પતિ'' માને છે. 'સુરા' કે 'સુરાસવ' કહે છે. મેક્સમ્યૂલર આંબળાનો રસ અને હિલબ્રાન્ત મધુ કહે છે. પણ આ બધું નિરાધાર છે. આમાંથી એકેયમાં સોમલત્તાની વર્ણિત ગુણબોધકતા કે ગુણાનુરુપતા નથી. સૌથી મોટું આશ્ચર્ય એ છે કે, આવી મહત્ત્વપૂર્ણ ઔષધિ અલભ્ય કેમ બની ગઇ?! હિમાલયમાં હોય એમ માનીએ તો પણ કોઇ સાહસિકે શોધવાનો પ્રયત્ન કર્યો હોય તેવું ધ્યાનમાં નથી.

અશ્વિનિકુમારદ્વયઃ ઇન્દ્ર, અગ્નિ સોમ પછે અશ્વિનીકુમારોના સમ્બન્ધમાં ઋગ્વેદમાં ઘણા મન્ત્રો છે. આ કોણ હતા? એનો જવાબ અઘરો થઇ પડ્યો છે. મેક્સમ્યુલરના મતે તે આલોક અને અન્ધકાર છે. ગોલ્ડસ્ટ્કરના મતે પ્રસિદ્ધ મનુષ્ય હતા. આવી રીતે જ ગ્રીસમાં કૈસ્ટર અને પોલક દેવતા છે. જે રીતે ત્વષ્ટાની કન્યા સરણ્યે અશ્વરુપ ધારણ કરી અશ્વદ્વયનો જન્મ આપ્યો; તેવી જ રીતે ગ્રીક દેવી એરિનિજ ડિમેટરે (Erinys Demeter)ઘોડીનું રુપ લઇ અરિયન અને ડિસ્પોનાને જન્મ આપ્યો હતો.બન્ને ભાઇ મહાન પ્રતિભાશાળી હતા, વ્યાધિ-વિપત્તિના પણ દેવતા હતા. પ્રખ્યાત શિલ્પી અને ચિકિત્સક હતા. વૃદ્ધ કલિ નામના સ્તોતાને યુવાની આપી હતી; વિશ્પલાને લોખંડનો પગ બેસાડી ગતિસમર્થ બનાવી હતી. કોઇની નપુંસકતા દૂર કરી પુત્ર અપાવેલ છે, આંધળાને દૃષ્ટિ આપેલ છે, લંગડાને પગ આપેલ છે. ચ્યવન ઋષિનો બુઢાપો દૂર કરી યૌવન બક્ષેલું.

વાયુદેવઃ યાસ્કનો મત છે કે, વાયુ આર્યોના અત્યંત પ્રાચીન દેવતા છે. ઇરાનીઓમાં પણ વાયુપૂજા પ્રચલિત છે. ગ્રીક અને રોમનોમાં પાન (સંસ્કૃત-પવન) નામથી વાયુની પૂજા કરે છે.

ઋગ્વેદમાં એક જગ્યાએ કહ્યું છે કે, મરુતોના પ્રભાવથી દ્યાવા-પૃથ્વી ચક્રની જેમ ફરવા માંડી હતી. વાયુ

જલવૃષ્ટિનું કારણ બતાવ્યું છે. વાયુને મેઘમાળાના સંચાલક અને જળરાશિને સમુદ્રમાં વરસાવનાર કહ્યા છે. રુદ્રનો પુત્ર મરુત્ જરા-રહિત અને તરુણ છે. અને જે દેવોને હવ્ય નથી આપતા તેના નાશક છે.

ઋભુગણઃ સાયણાચાર્ય અને વિલસન ઋભુગણનો અર્થ સૂર્યકિરણ કરે છે. મેક્સમ્યુલર સૂર્ય અર્થ કરે છે. ગ્રીસમાં ઓર્ફ્યુસ (Orpheus)ની કથા ઋભુઓ સમાન પ્રચલિત છે. ઋભુનું નામ અર્ભુર પણ છે. સાયણાચાર્યના મતથી ઋભુ લોકો પહેલાં મનુષ્ય હતા; જે તપોબળથી દેવતા થઇ ગયા.

અંગિરા ઋષિના વંશજ સુધન્વાના ત્રણ પુત્રો હતા. ઋભુ-વિભુ-બાજ જેમણે કર્મબળથી દેવત્વ પ્રાપ્ત કરી સૂર્યલોકમાં વાસ કર્યો હતો.

ઋભુગણ પ્રસિદ્ધ કલાકાર હતા. તેમણે અશ્વિદ્વય માટે સર્વત્રગન્તા રથનું નિર્માણ કર્યું હતું. ઋભુઓએ પોતાના મા-બાપને તરુણ બનાવી દીધા હતા.પ્રાપ્ત ઋભુઓનો માનવકુળમાં જન્મ હોવા છતાં દેવ-આયુ (અવિનાશી આયુષ્ય) પ્રાપ્ત થયેલું છે. ઋગ્વેદમાં ઋભુઓના અનેક સૂક્ત છે.

મિત્રાવરુણઃ મન્ત્રોમાં મિત્ર અને વરુણ દેવોનો એક સાથે ઉલ્લેખ જોવા મળે છે. મિત્ર પ્રાચીન દેવ છે. ઇરાનીઓ-જરથોસ્તીઓ મિત્રની મિથ્ર નામથી પૂજા કરે છે. અને વરુણની વરણ નામથી. ગ્રીક લોકો વરુણ અથવા ઉરાનોસ (Uranos)ને સર્વે દેવતાઓના પિતા માને છે. એલેકઝાન્ડર બોન પ્રમાણે વરુણ પહેલાં આકાશ દેવ હતા. રોથના મતે સમુદ્રના દેવ જ છે.(વરુણ અંતરિક્ષ-આકાશમાં વાદળામાં હોવાથી આકાશના દેવ કહ્યા હશે) વરુણ આર્યોના પ્રથમ દેવ હોવાનું, વરુણપૂજકોની સંખ્યા મોટી હોવાનું કારણ બર્ફીલા પ્રદેશોમાં પાણીનું મહત્ત્વ અનેરું હોય છે. ત્યારબાદ મેદાનોમાં પ્રથમ અગ્નિનું મહત્ત્વ મોટું હોય છે અને સૂર્ય ઉષ્મા-હુંફ-ઉર્જા આપનાર પ્રત્યક્ષ દેવ હોઇ અગ્નિપૂજકો અને સૂર્યપૂજકોનો વિકાસ થયો હોવાનું કલ્પી શકાય.દ્યાવા-પૃથ્વી તો પ્રથમથી જ માતા-પિતા સમાન છે. વરુણને ઋગ્વેદમાં સમુદ્રના દેવ ગણ્યા છે. મિત્રાવરુણની અપૂર્વ શક્તિઓનું વિવરણ અનેક મન્ત્રોમાં છે.

ઉષાઃ સ્વર્ગપુત્રી ઉષાના ગ્રીકોમાં ઇઓસ, દહના, એથેના વગેરે નામો છે. લેટિનભાષી મિનર્વા કહે છે. ઋગ્વેદમાં ઉષાને અર્જુનિ, બ્રિસયા, દહના, ઉષા, સરમા, સરણ્યૂ કહે છે. તે બધા ગ્રીકોમાં...... Argynoris, Briseis, Daphne, Eos, Hebn અને Erinys કહેવાય છે. ગ્રીકોમાં એ વાત પ્રચલિત છે કે, Appollo અથવા સૂર્યે Daphne યા દહનાનું અનુધાવન કર્યું હતું. ઉષાનું એક વૈદિક

નામ અહના પણ છે, જેને ગ્રીકોમાં સુબુદ્ધિ દેવીરુપથી Athena નામ આપ્યું છે. આથી એમ માનવાનું ચોક્કસ કારણ છે કે, ગ્રીકો, ઇરાનીઓ, રોમનોના દેવી યા દેવતા સાથે વૈદિક દેવ-દેવીઓની ઘણી સમાનતા છે,ઉષાના સંબંધમાં ઋગ્વેદમાં અનેક ચમત્કારપૂર્ણ અને કવિત્વમય મન્ત્રો છે. જે કણ્ઠસ્થ કરવા યોગ્ય છે.

પૂષાઃ સાયણાચાર્ય પૂષાનો અર્થ જગત્પોષક ''પૃથિવ્યભિમાની દેવ'' કહ્યા છે.અને પૂષાને મેઘપુત્ર પણ માન્યા છે. એનું કારણ એમ છે કે, જળથી પૃથ્વી ઉત્પન્ન થઇ છે અને મેઘ જળ ધારણ કરે છે. એટલા માટે જળપુત્ર જ મેઘપુત્ર અથવા પૃથિવ્યભિમાની દેવ છે. પરંતુ યાસ્કે નિરુક્તમાં પૂષાનો અર્થ સૂર્ય કર્યો છે. પુરાણમાં પણ આ જ અર્થ છે.

ઋગ્વેદમાં કહ્યું છે કે, પ્રકાશમાન પૂષન્ કૃપણને દાન કરવા માટે પ્રેરિત કરો અને એના હૃદયને કોમલ કરો. સૂક્ષ્મ લોહાગ્ર-દણ્ડથી પણિઓના હૃદય વિદ્ધ કરો.(વીંધી નાખો). પણિ વા ચોરના હૃદયમાં સદ્ભાવના ભરો. પૂષાને રથિશ્રેષ્ઠ, કપર્દી-જટાજુટધારી અને અતુલ ઐશ્વર્યના અધિપતિ કહ્યા છે. ઋગ્વેદમાં પૂષા સમ્બન્ધી અનેક દિવ્ય અને ભવ્ય મન્ત્રો છે.

યમરાજ અને પિતૃલોકઃ વિવસ્વાન્ દ્વારા સરણ્યૂના ગર્ભથી યમ અને વરુણની ઉત્પત્તિ થઇ છે. જરથોસ્તી ધર્મપુસ્તક ''અવેસ્તા''માં યમને મિત્ર કહ્યા છે; અને મિત્રને પ્રથમ રાજા અને સભ્યતાના ઉત્પાદક માન્યા છે. સુકૃતી પુરુષ જ મિત્રનો અને મિત્ર સાથે અહુરમજદનો સાક્ષાત્કાર મેળવી શકે છે. જેમ વેદમાં યમના પિતા વિવસ્વાન્ છે, તેવી જ રીતે અવેસ્તામાં વિવન્વત્ છે. જે રીતે ઋગ્વેદની યમપુરીમાં પુણ્યાત્મા નિવાસ કરે છે, તેવી જ રીતે ''અવેસ્તા''ની યમપુરીમાં. ફારસીના પ્રસિદ્ધ કવિ ફિરદૌસીએ પોતાના પુસ્તક 'શાહનામા'માં મિત્રને 'યમશિદ' લખ્યો છે. યમશિદ નામના પ્રખ્યાત સમ્રાટ પણ છે. ભારતમાં જરથોસ્તી-પારસીમાં જમશેદજી તાતા પ્રચલિત નામ છે.

ઋગ્વેદમાં યમના પિતા આદિત્ય અને માતા સરણ્યુ ગણ્યા છે. યમ સત્યવાદી છે, અને યમ પાસે સમસ્ત માનવ-સમુદાય જાય છે.પુરાણોમાં જે યમરાજ, યમદૂત, પિતૃ, પિતૃયાન વગેરેનો ઉલ્લેખ છે; ઋગ્વેદમાં તે જ વિષયોના વિવરણનું આશ્ચર્યજનક સામ્ય જોવા મળે છે. એક મન્ત્ર કહે છે, કેટલાક લોકોને અગ્નિદાહ અપાય છે, કેટલાકને નહીં. આ જ વાત પુરાણોમાં પણ છે.

સૂર્યદેવઃ અદિતિ દેવીના પુત્ર આદિત્ય-સૂર્ય માન્યા છે. આદિત્ય છ છે. મિત્ર, અર્યમા, ભગ, વરુણ, દક્ષ અને અંશ. એક જ્ગ્યાએ અદિતિના આઠ પુત્રો કહ્યા છે. મિત્ર, વરુણ, ધાતા, અર્યમા, અંશ, ભગ, વિવસ્વાન્ અને આદિત્ય. આમાંથી સાતને લઇને અદિતિ દેવી ચાલ્યા ગયા અને આઠમા સૂર્યને આકાશમાં છોડી દીધો. તૈત્તરિય બ્રાહ્મણમાં આદિત્યના સ્થાને ઇન્દ્રનું નામ છે. શતપથ બ્રાહ્મણ અને પુરાણોમાં બાર આદિત્યો છે; ધાતા, અર્યમા, મિત્ર, વરુણ, અંશ, ભગ, ઇન્દ્ર, વિવસ્વાન્, પૂષા, ત્વષ્ટા, સવિતા અને વિષ્ણુ.અદિતિનો અર્થ અખણ્ડ છે. યાસ્ક અદિતિને દેવમાતા માને છે. વસ્તુતઃ સૂર્ય એક જ છે પરંતુ કર્મ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે વિવિધ નામો રાખવામાં આવ્યા છે. ૧-૩૫સૂક્તમાં ૧૧ મન્ત્રો છે. બધા ય સૂર્યવર્ણનથી પૂર્ણ છે. સૂર્યનું અંતરિક્ષ-ભ્રમણ, સવારથી સાંજ સુધી ઉદય-નિયમ, રાશિ-વિવરણ, સૂર્યના કારણે ચન્દ્રની સ્થિતિ, કિરણોથી રોગનિવૃત્તિ, ભૂલોક અને દ્યુલોકનું પ્રકાશન, વગેરે વાતો એક જ સૂક્તમાં છે. આઠમા મન્ત્રમાં, સૂર્ય આઠેય દિશામાં (ચારે દિશા અને ચાર ખૂણા) પ્રકાશ રેલાવે છે. સોનાની આંખોવાળા સવિતા યજમાનને દ્રવ્ય દઇને અહીં આવે. ઋ.૧-૫૦-૮માં સૂર્યને હરિત નામના સાત ઘોડા(સપ્તરંગી કિરણો...રા-ના-પી-લી-વા-ની-જા)નો રથ લઇ જાય છે.એક જ અશ્વ સાત નામોથી રથ લઇ જાય છે. આમાં સૂર્યનું એક કિરણ સપ્તરંગી હોવાનો સંકેત છે. ઋ.૧-૧૨૩-૮માં ઉષા સૂર્યથી ૩૦-યોજન આગળ રહે છે. આથી સૂર્યોદયથી અર્ધો કલાક પહેલાં ઉષાનો ઉદય માનવો જોઇએ. આગળ સૂર્ય સબંધી અનેક જ્ઞાતવ્ય વિષય છે. સૂર્યનું બાર આરાવાળું રાશિઓથી યુક્ત ચક્ર સ્વર્ગની ચારે તરફ ભ્રમણ કરતાં ક્યારેય જુનું નથી થતું.અગ્નિ આ ચક્રમાં પુત્રસ્વરુપ થઇ ૭૨૦ (૩૬૦-દિવસ+૩૬૦રાત્રિ) નિવાસ કરે છે. બીજા મન્ત્રમાં દક્ષિણાયન અને ઉત્તરાયણનું કથન છે. કાળના ૯૪-અંશ બતાવ્યા છે. સંવત્સર, બે અયન, હેમન્ત-શિશિરને એક માનતાં પાંચ ઋતુ, બાર માસ, ચોવીસ પક્ષ, ત્રીસ અહોરાત્ર, આઠ પ્રહર અને બાર રાશિઓ. ઋ.૫-૪૦-૫થી૯ માં સૂર્યગ્રહણનું વર્ણન છે.ઋ.૭-૬૬-૧૧માં સૂર્ય(મિત્ર-વરુણ-અર્યમા) દ્વારા વર્ષ-માસ-દિવસ અને રાત્રિ બનાવ્યાનું લખ્યું છે. અન્ય જ્ગ્યાએ બાર અને તેર માસનો ઉલ્લેખ છે.(ઋ.૧-૨૫-૮). સૂર્યન કિરણો વડે ચન્દ્ર પ્રકાશિત થાય છે. વળી સૂર્યકિરણો અનેક રોગોનો નાશ કરે છે. (ઋ.૧-૫૦-૧૩)

सविता यन्त्रैः पृथिवीमरम्णादस्कम्भने सविता द्यामदृंहत् ।
अश्वमिवाधुक्षद्धुनिमन्तरिक्षमतूर्ते बद्धं सविता समुद्रम् ॥૧૦-૧૪૯-૧॥

વિવિધ યન્ત્રોથી સવિતાએ પૃથ્વીને સ્થિર રાખી છે. તેઓએ અવલમ્બન વિના દ્યૂલોકને દઢસ્વરુપે બાંધી રાખ્યું છે. આકાશમાં સમુદ્રસમાન મેઘરાશિ અવસ્થિત છે. મેઘરાશિ ઘોડાની જેમ ગાત્રો કમ્પિત કરે છે. આ નિરુપદ્રવી સ્થાનમાં બદ્ધ છે. અહીંથી સવિતા જળ કાઢે છે. અર્થાત્ સૂર્યે પોતાના યન્ત્રો વડે પૃથ્વીને સ્થિર રાખી છે. અને કોઇપણ આધાર વિના દ્યુલોકને બાંધી રાખ્યું છે. આ ઉદ્ધરણથી માની શકાય કે, તે સમયે ગુરુત્વાકર્ષણ અને ખગોળનુ સૂક્ષ્મ જ્ઞાન ઉપલબ્ધ હતું. આથી ઋગ્વેદનું કાળજીપૂર્વક અધ્યયન-અન્વેષણ કરવું જોઇએ એમ હું માનું છું.

પરમાત્માઃ ઋગ્વેદમાં પરમાત્માના સંબંધમાં કેટલાય સ્થળે સૂત્રરુપથી વિવરણ થયું છે. કહ્યું છે કે, 'મહાપ્રલયની દશામાં મૃત્યુ, અમરતા, રાત કે દિવસ કાંઇ ન્હોતું; માત્ર પરમાત્મા હતા'. 'અવિદ્યમાન વસ્તુ વડે તે સર્વવ્યાપકતા છવાયેલી હતી'. 'સર્વપ્રથમ પરમાત્માના મનમાં સૃષ્ટિની ઇચ્છા ઉત્પન્ન થઇ'. પછી ભોક્તા અને ભોગ્ય ઉત્પન્ન થયાં. આ સૂક્તિઓ નાસદીય સૂક્તમાંથી છે. 'ઇશ્વર પ્રજાના સર્જનહાર અને પૃથ્વીને ધારણ કરનારા છે.' 'પરમાત્મા એક જ છે; પણ ક્રાન્તદર્શી વિદ્વાનો એની અનેક રીતે કલ્પના કરે છે'. સર્વપ્રથમ માત્ર એક જ પરમાત્મા હતા, તે સૌના અદ્વિતિય અધીશ્વર હતા. એણે જ આ પૃથ્વી અને આકાશને યથાસ્થાન સ્થાપિત કર્યાં. 'પરમાત્માથી બધા દેવો ઉત્પન્ન થયા છે', 'ઈશ્વર અનન્ત શિરો, નેત્રો અને ચરણોવાળા છે;' 'તે બ્રહ્માણ્ડ અને બ્રહ્માણ્ડની બહાર વ્યાપી રહેલાં છે, 'જે કાંઇ છે અને જે કાંઇ થવાનું છે, તે સઘળું ઇશ્વર છે.' ઋગ્વેદના 'નાસદીય સૂક્ત', પુરુષ સૂક્ત', 'હિરણ્યગર્ભ સૂક્ત' અને 'અસ્યવામીય સૂક્ત' પર મોટા ગ્રન્થો લખાયા છે. અને અદ્વૈતવાદ, દ્વૈતવાદ, દ્વૈતાદ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ અને વિશુદ્ધાદ્વૈતવાદને લઇને ઘણી કલ્પનાઓ કરવામાં આવી છે. આ બધા સૂક્તો આધ્યાત્મ-શાસ્ત્રના સન્દેહો દૂર કરવા માટે, મનન અને નિદિધ્યાસન યોગ્ય છે.

પરલોક અથવા દેવયાન કે પિતૃયાનના વિવરણ જે સૂક્તોમાં છે ત્યાં જ આત્મા અને પુનર્જન્મ વિષે કહેવાયું છે. જીવાત્માનો ક્યારેય વિનાશ થતો નથી.

વેદધર્મમાં યજ્ઞ ક્રિયાત્મક અંગ છે. એમ માનીએ કે, વેદધર્મનો પ્રાણ છે. પુરુષ-સૂક્તના ૮-૯ મંત્ર કહે છે કે, યજ્ઞથી જ વેદ, છંદ, ગૌ અને ચતુષ્પાદ ઉત્પન્ન થયા છે; ધ્યાન યજ્ઞથી જ દેવોએ યજ્ઞપુરુષની પૂજા કરી. યજ્ઞ જ મુખ્ય ધર્મ છે.

यज्ञेनं यज्ञमंयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्।
ते ह नाकं महिमानः सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः॥ ऋग्वेद॥१०.९०.१६॥

દેવોએ સંકલ્પરુપી યજ્ઞ દ્વારા જે યજ્ઞ કર્યો. (અથવા યજ્ઞપુરુષનું પૂજન કર્યું.) એનાથી જગતરુપ વિકારો ધારણ કરનાર અને મુખ્ય ધર્મો થયા. જે સ્વર્ગમાં પ્રાચીન સાધ્ય (દેવજાતિ-વિશેષ) અને દેવતા છે તેને ઉપાસકો પ્રાપ્ત કરે છે. અન્ય શાસ્ત્રોમાં પણ યજ્ઞની મુક્ત કણ્ઠે પ્રશંસા થઇ છે. યજ્ઞમાં દેવ-પૂજન વડે દેવત્ત્વની પ્રાપ્તિ થાય છે. યજ્ઞના કર્મફળથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. યજ્ઞથી જ મુક્તિ મળે છે, યજ્ઞ જ સૂર્યની જેમ વાતાવરણ શુદ્ધ કરે છે. શુદ્ધ જળ અને અન્ન પ્રાપ્ત થાય છે.

યજ્ઞના કારણે જ સૂર્ય, ચન્દ્ર, નક્ષત્રોની ગતિનું નિરિક્ષણ કરતી જ્યોતિષવિદ્યા, વિશુદ્ધ વર્ણોચ્ચાર, યજ્ઞવેદીના માપ, રેખાગણિત, ભૂમિતિ વગેરે દૈવ-વિદ્યા, બ્રહ્મ-વિદ્યા અને વ્યાકરણશાસ્ત્ર વિકસ્યાં છે.

ઋગ્વેદમાં રાજનીતિઃ સામ્રાજ્ય, સ્વરાજ્ય, રાજ્ય, મહારાજ્ય, વગેરે શબ્દ વૈદિક સાહિત્યની દેન છે, પરંતુ રાષ્ટ્ર શબ્દની દેન બધાયથી મહાન છે. જેમાં દેશ, રાજ્ય, જાતિ, તેમ જ સંસ્કૃતિની ભાવના સમાયેલી છે. આર્યો પોતાના રાષ્ટ્રના અભ્યુત્થાન માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરતા ખચકાતા નહીં. તેઓની અભિલાષા હતી કે, વરુણ રાષ્ટ્રને અવિચલિત રાખે, બૃહસ્પતિ સ્થિર કરે, ઇન્દ્ર સુદૃઢ કરે અને અગ્નિ નિશ્ચલ રુપથી ધારણ કરે. આર્યોનો राजा राज्यं विरक्षति માં દૃઢ વિશ્વાસ હતો. તે સમયે પ્રજાની સંજ્ઞા વિશ હતી. આ ઋગ્વેદના દશમા મણ્ડલ તથા અથર્વવેદના ૩-૫-૬ સૂક્તોથી જણાય છે.

ઋગ્વેદનું ભાષ્યઃ વેદના ભાષ્ય લખવાનો ભૂતકાળમાં ગણો પ્રયત્ન થયેલો છે. યાસ્ક, સ્કન્દસ્વામી, નારાયણ, ઉદ્ગીથ તથા માધવભટ્ટ વગેરે વિદ્વાનોએ પ્રાચીનકાળમાં વેદો પર ભાષ્યો લખ્યા પરંતુ તે પર્યાપ્ત નહોતા. આથી આનું શ્રેય આચાર્ય સાયણને જાય છે. આચાર્ય સાયણે ચારે વેદોની સંહિતાઓ, બ્રાહ્મણો તથા આરણ્યકો ઉપર વિશદ અર્થ-પ્રતિપાદક ભાષ્ય લખીને વેદમીમાંસકો ઉપર મોટો ઉપકાર કર્યો છે. જો સાયણ-ભાષ્ય ઉપલબ્ધ ન હોત તો આખું વૈદિક વાઙ્મય ઘેરા અંધકારમાં ડૂબી જાત! અને ગૂઢ રહસ્યો સમજવા મુશ્કેલ થઇ પડત.

વેદોના ભાષ્યોના નિર્માણનો સમય ચૌદમી સદીનો ઉત્તરાર્ધ છે. વિજયનગરના સંસ્થાપકના જ્યેષ્ઠ ભ્રાતા માધવાચાર્યની (જે વિજયનગરના મહારાજ બુક્ક તથા હરિહરના આમાત્ય અને સેનાની હતા) જ પ્રેરણાથી સાયણે આ મહત્વપૂર્ણ કાર્ય સમ્પન્ન કર્યું. આથી આ ભાષ્ય ''માધવીય'' નામથી પ્રખ્યાત છે.

વેદોના ભાષ્ય કરવામાં સાયણે પરંપરાગત અર્થને જ અપનાવ્યો. અને એના સમર્થનમાં પુરાણ, ઇતિહાસ, સ્મૃતિ, મહાભારત આદિ ગ્રન્થોમાંથી પ્રમાણ ટાંક્યા છે. ઋગ્વેદના પ્રથમ અષ્ટકની વ્યાખ્યામાં વ્યાકરણની ખૂબ શોધખોળ કરી છે. નિરુક્તનો પણ પૂરતો ઉપયોગ કર્યો છે. યાસ્ક(ઇ.સ.પૂર્વે ૮૦૦ આશરે.) દ્વારા વ્યાખ્યાત મન્ત્રોની
વ્યાખ્યાને સાયણે તે તે મન્ત્રોના ભાષ્ય લખતી વખતે એ જ સ્વરુપમાં લખી છે. અન્ય પ્રાચીન આચાર્યોના અર્થ પણ સાયણે યથાસમયે સ્વીકાર્યા છે. કલ્પસૂત્રોનો ઉપયોગ પણ યજ્ઞવિધાનથી પરિચીત હોવાથી ખૂબ કર્યો છે. મીમાંસાના વિષયનો પણ નિવેશ સુન્દર અને બોધગમ્ય ભાષામાં કર્યો છે. સાયને પોતાની રચનાઓમાં(ઇ.સ.૧૩૬૪ થી ઇ.સ.૧૩૮૮ દરમ્યાન) દેવનાગરી લિપિનો ઉપયોગ કર્યો ત્યારથી સંસ્કૃત ભાષા માટે દેવનાગરી લિપિ સ્થિર થઇ લાગે છે; આમ તો આ લિપિ નન્દનાગરી લિપિ તરીકે ઓળખાતી પણ દેવભાષા સંસ્કૃત માટે ઉપ્યોગ થવાથી દેવનાગરી નામ પ્રચલિત થયું. આ બધા પરિબળો સાયણના ચારે ય વેદના ભાષ્યોને ગૌરવશાળી બનાવે છે. યાજ્ઞિક પદ્ધતિને પણ ભાષ્યમાં મહત્વનું સ્થાન આપ્યું છે.

જો સાયણભાષ્ય ન હોત તો વેદાર્થના અનુશીલનની દશા દયાજનક હોત! ઐતિહાસિક પદ્ધતિના અનુયાયી યૂરોપિયન વિદ્વાનો ભાષાશાસ્ત્રની મનમાની વ્યુત્પત્તિના આધારે જ્યારે એક જ શબ્દના અનેક વિરુદ્ધ અર્થ કરવા બેઠેલા હતા, ત્યારે સાયણ વિના પરંપરાગત અર્થનું પોષણ લેવા આપણે ક્યાં જાત! પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ વેદો સમજવા સાયણની અનુકમ્પા મેળવી છે. છૂટાછવાયા શબ્દોના અર્થોમાં થોડોઘણો વિરોધાભાસ બતાવી સાયણની મશ્કરી કરવી જુદી વાત છે. પરંતુ વાસ્તવમાં સંહિતાપઞ્ચક ઉપર આટલું સુવ્યવસ્થિત,ઉપાદેય અને પાણ્ડિત્યપૂર્ણ ભાષ્ય લખવું સહેલું કામ તો નથી. એનો અર્થ એમ પણ નથી કે સાયણ ભાષ્ય સર્વથા નિર્દોષ છે. કેમકે, માનવીય કૃતિમાં ક્યાંક દોષ હોવો સ્વાભાવિક છે.

મેક્સ મ્યૂલરે ઋગ્વેદના અંગ્રેજી ભાષાન્તર વખતે સાયનભાષ્યનો ઉપયોગ કરેલો છે. આનન્દની વાત છે કે, વિલ્સન, મેક્સ મ્યૂલર જેવા પાશ્ચાત્ય વિદ્વાનો સાયણ-ભાષ્યનો આદર કરે છે. ભાષાશાસ્ત્રના વિકાસ સાથે સાયણના અર્થોની સત્યતા સ્પષ્ટ થવા લાગી છે. જે સાયણની શ્રેષ્ઠતા સાબિત કરે છે.

ગાય અને અશ્વ: વેદમાં પશુઓનો ભાગ દર્શનીય છે. દેવતાઓના રથ ખેંચનાર અને જુદાં જુદાં નામ ધરનારા સૂર્યદેવના પ્રતિનિધિ તરીકે અશ્વ આપણું વિશેષ ધ્યાન ખેંચે છે. વેદની વિધિઓમાં સૂર્ય અને અગ્નિના પ્રતિનિધિ તરીકે અશ્વને ગણવામાં આવતો. અશ્વમેધને લગતાં બે સૂક્તો (મં.૧-સૂ.૧૬૨ અને ૧૬૩) ઋગ્વેદમાં છે.

ઋગ્વેદમાં ગાયનું ખાસ મહત્ત્વ છે. ભારતમાં ગાય અને વૃષભનું અત્યંત પ્રાચીન કાળથી ઊંચુ સ્થાન છે. ઋગ્વેદમાં ઘણીવાર પૃથ્વી માટે 'गौः' શબ્દ વપરાયો છે. એક ઋષિ ગાયને અદિતિ અને દેવી તરીકે સંબોધે છે; અને એની હત્યા ન થવી કોઇએ એવો ઉપદેશ આપે છે. अघ्न्या (જેનો ઘાત ન કરવો જોઇએ તે.) શબ્દ ઋગ્વેદમાં ઘણીવાર ગાય માટે વપરાયો છે. અવેસ્તા પણ ગાય-વૃષભનું મહત્ત્વ છે. શતપથ-બ્રાહ્મણમાં ગાયનું માંસ ખાવાથી થતાં દુષ્પરિણામો ભારપૂર્વક કહ્યા છે. એ ગાયની પવિત્રતા આજદિન સુધી ભારતમાં જળવાઇ છે. માનવજાત પર કોઇ પ્રાણીએ ગાય જેટલા ઉપકાર કર્યા નથી, અને ભારતના લોકોએ પૂજ્યબુદ્ધિથી એ ઋણ અદા કર્યું છે. વિશ્વમાં અન્ય સ્થળે આચાર વિચારમાં ગાયનું આવું પ્રાધાન્ય જોવા મળ્યું નથી.

નદી: ઋગ્વેદમાં અનેક સ્થાનો પર નદીઓનો મહિમા વર્ણવ્યો છે. ઋગ્વેદના સૂક્તોમાં પચ્ચીસેક નદીઓના નામ દેવામાં આવ્યા છે. જેમાં બે કે ત્રણ સિવાય બીજી બધી નદીઓ સિન્ધુ નદી સમ્બન્ધ ધરાવે છે. પંજાબના પ્રદેશમાં જે પાંચ નદીઓ વહે છે તે આગળ જતાં એક પ્રવાહમાં જોડાઇને સિન્ધુ નદીને મળી જાય છે. આ પાંચ નદીઓ વિતસ્તા(જેલમ), અસિક્ની(ચિનાબ-ચન્દ્રભાગા), પરુષ્ણી(જે પહેલાં ઇરાવતી કહેવાતી, હાલ રાવી કહેવાય છે.) વિપાશા(બિયાસ) અને સૌથી મોટી અને છેક પૂર્વ તરફ આવેલી શતુદ્રી(સતલજ) છે. હજી પૂર્વમાં સરસ્વતી નદી આવેલી પણ હાલ તેનો પ્રવાહ લુપ્ત થયેલો જણાય છે. આ પ્રદેશ સપ્તસિન્ધુ તરીકે વેદમાં નિર્દિષ્ટ છે. જો કે સિન્ધુથી પૂર્વ તરફની નદીઓ કુભા(કાબુલ), કુમુ(કુરુમ), સુવાસ્તુ, ગોમતી(ગોમલ) ત્યાં સુધીની ખીણોમાં આર્યોનો વસવાટ હતો. તે સિવાય આપયા, કુલિશી, જહ્નાવી, દષદ્વતી, યવ્યાવતી, વિવાલી, શિફ્રા, સરયૂ, હરિયૂપિયા વગેરે નદીઓના નામ ઋગ્વેદમાં જોવામળે છે.

ઋગ્વેદના દસમા મણ્ડલનું ૭૫મું સૂક્ત નદીઓ વિષે ઘણું કહે છે.(પરિશિષ્ટમાં આપ્યું છે)

સરસ્વતી ઋગ્વેદ તથા પુરાણ-મહાભારતમાં પણ વર્ણિત છે, ઋગ્વેદમાં અન્નવતી ઉદકવતીના રુપમાં વર્ણનો છે; તેમ જ નદીતમા પણ કહી છે. ઋગ્વેદમાં ૨-૪૧-૧૬ માં સર્વશ્રેષ્ઠ માં, સર્વશ્રેષ્ઠ નદી,સર્વશ્રેષ્ઠ દેવી કહી સંબોધન કર્યું છે. આવી પ્રશંસા ૬-૬૧; ૮-૮૧; ૭-૧૬; ૧૦-૧૭; માં પણ કરી છે. ૭-૯-૫૨ અને ૮-૨૧-૧૮માં દુધ-ઘીથી પરિપૂર્ણ કહી છે. ૭-૩૬-૬માં સપ્તસિન્ધુ નદીઓની જનની કહી છે. ૩-૩૩ સૂક્તના કર્તા વિશ્વામિત્ર અને સતલજ નદી વચ્ચે અત્યન્ત કાવ્યાત્મક અંશોવાળો સંવાદ છે.

મહાભારતમાં સરસ્વતી નદીના પ્લક્ષવતી, વેદસ્મૃતિ, વેદવતી વગેરે નામો છે. સરસ્વતી નદી યમુનાની પૂર્વે અને સતલજની પશ્ચિમે વહેતી દર્શાવાઇ છે. અમ્બાલા જિલ્લાના પહાડી વિસ્તારોમાંથી એક સરસૂતી નદી આવે છે.(જે 'સરસ્વતી'નું સ્થાનિક રુપાંતર લાગે છે.) અને પંજાબમાં શત્રાના પાસે ઘગ્ગરને મળી જાય છે. સદૂલગઢ પાસે સતલજની એક નાની ધાર (પ્રવાહ) ઘગ્ગરમાં મળતી હતી પણ આજે સૂકાઇ ગઇ છે. આની જેમ જ ચૌતંગ નદી જેને વેદમાં કદાચ દષદ્વતી કહી છે તે સૂરતગઢ પાસે ઘગ્ગરને મળે છે.

પંજાબના સિરમૂર રાજ્યના પર્વતીય વિભાગમાંથી નીકળી, અંબાલા, કુરુક્ષેત્ર, કૈથલ થઇ, પતિયાલા પાસેથી સિરસા જિલ્લાની દૃષ્દ્વતી(કાંગાર) નદીમાં મળી ગઇ હતી. પ્રાચીનકાળમાં અન્ય નદીઓ સાથે મળી રાજસ્થાનના અનેક સ્થળોને પલ્લવિત કરતી રણમાં વિલુપ્ત થયેલી મનાય છે. આ નદી સમુદ્રને મળતી ન હોવાથી કુમારિકા સરસ્વતી કહેવામાં આવે છે. સરસ્વતીના ભૂગર્ભ પ્રવાહો વિષે ઘણું સાહિત્ય જોવા મળે છે.

તાણ્ડ્ય અને જૈમિનીય બ્રાહ્મણમાં સરસ્વતી નદીને મરુસ્થળમાં સૂકાઇ ગયેલી બતાવી છે. મહાભારતમાં મરુસ્થળમાં વિનાશન નામક જગ્યાએ વિલુપ્ત થયાનું વર્ણન છે. વેદોત્તરકાળમાં સરસ્વતી વિલુપ્ત થતાં તેનુ સ્થાન ગંગાએ લીધું છે. ગંગાનો ઉલ્લેખ ઋગ્વેદમાં બે જગ્યાએ આવે છે. (ઋ.૧૦મં.-૭૫સૂક્ત. અને મં.૬-૪૫-૩૧માં).

ઘગ્ગર-હકરા નદી ભારત અને પાકિસ્તાનમાં વર્ષા ઋતુમાં વહેવાવાળી એક મૌસમી નદી છે. હરિયાણાના ઓટૂ વીયર(બન્ધ)થી પહેલાના ભાગને ઘગ્ગર નદીના નામથી અને આગળ હકરા નદીના નામથી ઓળખવામાં આવે છે. આ નદીના બન્ને કાંઠે સિન્ધુ-સભ્યતાની વસાહતો આવેલી છે. કેટલાક આને વૈદિક સરસ્વતીનું બચેલું રુપ માને છે પણ તે વિવાદાસ્પદ છે.

આવા ભળતા નામ વાળી એક નદી ઘાઘરા-ગોગરા-કરનાલી-સરયૂ-સરજૂ-શારદા જેવા નામો ધરાવતી નદી તિબેટ-નેપાળ-ભારત (બિહાર-ઉત્તરપ્રદેશ) થઇ; ૯૭૦ કિ.મી.ના પ્રવાસ બાદ બલિયા અને છપરાની વચ્ચે ગંગા નદીને મળે છે. રામ-જન્મભૂમિ-અયોધ્યા(ઉત્તરપ્રદેશ) આ સરયૂ નદીના કિનારે આવેલું છે.

વેદોમાં સિન્ધુ નદીના ઘણા વર્ણનો છે. અવેસ્તામાં સિન્ધુને હિન્દુ કહી છે. અને સપ્તસિન્ધુને હપ્તહિન્દુ. હિન્દુ શબ્દ પરથી ભારતવર્ષને ગ્રીકોએ(યુનાનીઓ) Indus-India-Indian નામથી વિશ્વને ઓળખાવ્યું.

સપ્તસિન્ધુના પ્રદેશ સિન્ધુ અને સરસ્વતી વચ્ચેની પાંચ નદીઓનો ગણાય છે. પશ્ચિમથી પૂર્વ તરફ નદીઓનો ક્રમ આ પ્રમાણે છે. સિન્ધુ-વિતસ્તા(જેલમ)-અસિક્ની(ચિનાબ-ચન્દ્રભાગા)-પરુષ્ણી(જે પહેલાં ઇરાવતી કહેવાતી, હાલ રાવી કહેવાય છે.)-વિપાશા(બિયાસ)-શતુદ્રી(સતલજ)-સરસ્વતી છે. પાછળથી હિમાલય અને વિન્ધ્યાચળ પર્વત માળાઓ વચ્ચેના પ્રદેશ આર્યાવર્ત કહેલો છે. સિન્ધુતટ પર સારા અશ્વોને સૈન્ધવ કહેતા. <u>અહીંના પહાડોમાંથી ખનીજ મીઠું નિકળતું તે સૈન્ધવ કે સિન્ધાલુણ કહેવાય છે. આજે પણ અહીંથી સિન્ધાલુણ મળે છે.</u>

કેટલીક અસ્પષ્ટતાઓ: ઋગ્વેદમાં કીકટ, કુરુ, ગાન્ધાર, ચેદિ, પારાવત વગેરે અન્તર્દેશોના નામ આવ્યા છે. પણ બીજા કેટલાક અજાણ્યા દેશોના નામ પણ આવ્યા છે. ઋ.મં.૯-સૂ.૧૪-મંત્ર-૨માં પાંચ દેશોના પરસ્પર મિત્ર-મનુષ્યોની વાત કરી છે. આ પાંચ દેશો ક્યાં? તે અસ્પષ્ટ છે. ઋ.૧-૪૭-૨૧માં 'ઉદવ્રજ' નામનો દાસોના દેશનું નામ છે. પણ ક્યાંય દેખાતો નથી! ઋ.૫-૩૦-૧૨થી૧૫માં રુશમ દેશના રાજા ઋણઞ્જય હતા. ત્યાંના રહેવાસીઓએ બભ્રુ ઋષિને ચાર હજાર ગાયો દાનમા6 આપી હતી. ઋ.૯-૬૫-૨૩માં આર્જીક દેશ કહ્યો છે, પણ તે ક્યાં છે તે નક્કી થઇ શકતું નથી. ઋ.૧૦-૪૮-૮માં "મેં જ ગુંગુઓના દેશમાં પ્રજાની વચ્ચે અતિથિગ્વના પુત્ર દિવોદાસને પ્રતિષ્ઠિત કર્યો હતો" આ ગુંગુઓના દેશની ખબર નથી! ઋ.૧૦-૪૯-૪માં ઉલ્લેખિત વેતસુ દેશનું પણ આવું જ છે. આ સિવાય વેદમાં એવા કેટલાય શબ્દો છે જેના અર્થ અસ્પષ્ટ રહ્યા છે. ઋ.૧૦-૧૦૬- ૭ થી ૯ जर्भरी-तुर्फरी-पर्फरीका અન્ય સ્થળે आलिगी। विलिगी। तैमात। ताबुवम्।

सृण्येव जर्भरी तुर्फरीतू नैतोशेव तुर्फरी पर्फरीका ।उदन्यजेव जेमना मदेरू ता मे जराय्वजरं मरायु ॥१०.१०६.६

ચાર્વાક દર્શન વાસ્તવિકતાની વધુ નજીક છે. ઉપરની ઋચામાં जर्भरी- तुर्फरी જેવા અર્થહીન શબ્દોનો ઉપયોગ થયો છે તે અને બ્રાહ્મણધર્મના કેટલાક વ્યવહારો પર ચાર્વાક તીવ્ર કટાક્ષ કરે છે.

યજ્ઞનું બલિ પશુ સ્વર્ગમાં જાય તો યજ્ઞ કરાવનાર કેમ નહીં! મરેલા શ્રાદ્ધથી તૃપ્ત ન થાય. જો તેમ હોય તો જીવતા વિદેશ જાય તેનું શ્રાદ્ધ ઘરે નાખે અને વિદેશ જનારનું ત્યાં પેટ ભરાઈ જાવું જાઈએ પણ એવું બનતું નથી. દાન કરવાથી ય સ્વર્ગમાં રહેલા પિતૃઓ ન સંતોષાય, મરણોત્તર કાર્ય આજીવિકાના સાધનો છે.

त्रयो वेदस्य कर्त्तारों भण्ड धूर्तनिशाचराः। जर्भरीतुर्फरीत्यादिपण्डितानां वचः स्मृतम्॥ सर्वदर्शनसङ्ग्रह ॥
વૈદિકો ભાંડ,ઠગ અને ધૂર્ત છે.બીજું ચરણ વેદના અસ્પષ્ટ શબ્દોની ટીકા કરે છે.
આર્યજાતિ : વૈવસ્વત-મનુ-નહુષ-યયાતિથી પરશુરામ.શર્યાતો-હૈહયો-તાલજંઘો-સૃઞ્જયો-વીતહવ્યો-ભૃગુઓ-યદુ-દ્રુહ્યુ-તુર્વસુ-અનુ-પુરુ, ઇક્ષ્વાકુ, કુરુઓ, પાંચાલો, અસુરો..... વગેરે આર્યજુથોના વર્ણનો-શૌર્યગાથાઓ આવે છે. જે દાશરાજ્ઞ યુદ્ધ પહેલાંની છે કે યુદ્ધ પછીની વાતો છે. સપ્તસિન્ધુથી પૂર્વમાં યમુના અને દક્ષિણે નર્મદા સુધી વિસ્તૃત છે.

ઋગ્વેદમાં મનુ-ભૃગુ-યયાતિ જે નહુષના પુત્રો છે. યયાતિ ઋગ્વેદમાં બે વાર આવે છે. નહુસ્ય કે નહુષમાંથી ઉતરી આવેલ છે. (૩-૫૩-૯/૧૧ અને ૭-૧૮-૨૨/૨૫) મનુ ૧-૮૦-૧૬, ૨-૩૩-૧૩, ૮-૬૩-૧, ૧૦-૧૦૦-૫ ઋગ્વેદમાં છે. મનુ વિવસ્વાન કે વૈવસ્વત-વિવસ્વાન્તના પુત્ર કહ્યા છે.

જળપ્રલયની કથા શતપથ બ્રાહ્મણ ૧-૮-૧/૧ અને કથક સંહિતા ૧૧-૨માં આવે છે. (જળપ્રલયની વાર્તા સુમેરિયાના સાહિત્યમાં પણ છે.)

આર્યોના ઋગ્વેદમાં ઉલ્લેખો પછી અથર્વ-વેદમાં અનુસંધાન મળે છે. તેમજ ઐત્તરિય બ્રાહ્મણ અને શતપથ બ્રાહ્મણમાં પણ આર્યપ્રજાઓની ઐતિહાસિક ઘટનાઓ નોંધી છે. ત્યારબાદ બધા પુરાણોમાં વેદકાળ કે તે પહેલાંની વાતોનો સમાવેશ થયો છે. પુરાણોમાં વંશાવળિ આપવાનો રિવાજ છે. (વાયુ-મત્સ્ય-હરિવંશ ખાસ છે. મહાભારત પણ ઘણી વેદકથાઓ વર્ણવે છે.

વેદોમાં આર્યજાતિનું વર્ણન જોઇએ તો આજથી આશરે ૩૨૦૦વર્ષ પહેલાં સપ્તસિન્ધુના પ્રદેશોમાં કેટલાય સ્થળાન્તરો, વિગ્રહોના સંઘર્ષ બાદ શાસનની સ્થાપના, સમાજ અને જ્ઞાન-વિજ્ઞાનમય સાહિત્યની રચનાઓ; આશ્ચર્યચકિત કરી મૂકે છે. સમકાલીન સભ્યતાઓમાં શિરમોર સમી ભાસે છે. આર્ય જાતિનો પ્રભાવ આજે પણ એટલો જ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ઉન્નતિ સાધનાર પાશ્ચાત્ય પ્રજા પણ આર્ય-વંશજ કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. મેક્ષમ્યુલર માને છે કે, આર્યોની અપ્રતિહત ગતિ અને અમિટ આધિપત્યના પ્રમાણ ઇરાન, આર્મીનિયા, આયરલેન્ડ, અલ્બાનિયા વગેરે સ્થળ-નામ દર્શાવે છે. ભારતમાં આર્યોનો બ્રહ્મણ-ધર્મ(વેદિક-ધર્મ) શ્રમણ-ધર્મોની જેમ જીવન-સંગ્રામથી પલાયનવાદી નથી. આર્યો શુરવીર છે, અને સઘળા કાર્યો વીરતાથી નિભાવે છે. ક્યાંય દીનતા પ્રગટ કરતા નથી. न दैन्यं न पलायनम्। તેઓ સંસારના હિતૈષી છે. સત્યપાલન માટે હંમેશા તત્પર છે.

अ॒ग्निर्द॑दाति॒ सत्प॑तिं सा॒साह॒ यो यु॒धा नृभिः॑ । अ॒ग्निरत्यं॑ रघु॒ष्यदं॒ जेता॒र॒मप॑राजितम् ॥ऋग्वेद॥५.२५.६॥

અગ્નિ અમોને સત્યપાલક યુદ્ધમાં પરિજનોની સહાયથી શત્રુઓને પરાજિત કરવાવાળો, સજ્જનોનો પાલક, શત્રુજયી અને પરમ વેગવાન પુત્ર આપે.

સત્ય ઉપરાંત આર્યોનું સદાચારી જીવન, ઉદારતા, શુભ સંકલ્પ, નિર્ભયતા, સ્વાવલમ્બન, વિશ્વ-પ્રેમ, નિર્લોભ અને સમાજ-સુરક્ષાના ઉલ્લેખો અનેક મન્ત્રોમાં છે. ઋગ્વેદનો અન્તિમ મન્ત્ર......

स॒मा॒नी व॒ आकू॑तिः समा॒ना हृद॑यानि वः ।स॒मा॒नम॑स्तु वो॒ मनो॒ यथा॑ वः॒ सु॒स॒हास॑ति॥ ऋग्वेद॥१०.१९१.४॥

હે! યજમાનો-પુરોહિતો! તમારો વ્વસાય સમાન હો. તમારા હૃદય સમાન હો, તમારા મન સમાન હો, તમે લોકો એકરુપ બની સંગઠિત રહો.

યુદ્ધકલાઃ આર્યો યુદ્ધકળામાં નિષ્ણાંત હતા. યુદ્ધમાં અશ્વો અને રથનો ઉપયોગ થતો, યુદ્ધમાં લોહ-કવચ પહેરતા. યુદ્ધભૂમિમાં વાજા, નગારા-દુદુમ્ભિના અવાજોથી શત્રુઓને ત્રાસ અપાતો. ધનુષ્ય-બાણનો પ્રયોગ ખૂબ થતો.ધનુષ્ય આર્યોનું પ્રિય શસ્ત્ર હતું. બાણ વિષાક્ત અને લોહ-મુખ પણ હતા. જ્યા અથવા પ્રત્યંચા-બાણની દોરી ગો-ચર્મની બનતી હતી.

હસ્તત્રાણ અને કર્તન-કટાર, લોહમય ખડ્ગ-તલવારના પણ ઉલ્લેખ છે. રુદ્રના અસ્ત્રનું નામ હેતિ હતું. ઇન્દ્રના આયુધનું નામ હરિદ્વર્ણ હતું. ફરસી અને મુદ્દગર પણ હતા. હાથી માટે અંકુશો હતા.

સો પૈડા અને છ ઘોડાવાળા રથો હતા. નગરના કિલ્લા ફરતી પરિખા-ખાઇ હતી, અસાધારણ શક્તિશાળી યોદ્ધા મુષ્ટિપ્રહારથી પણ શત્રુઓને મારી નાખતા. આર્યોના યુદ્ધમાં દાશરાજ્ઞ યુદ્ધ ઋગ્વેદમાં પ્રચલિત છે.

नि ग॒व्यवोऽन॑वो द्रु॒ह्यव॑श्च ष॒ष्टिः श॒ता सु॑षुपुः ष॒ट् स॒हस्रा॑ । ष॒ष्टिर्वी॒रासो॒ अधि॒ षड्दु॑वोयु॒ विश्वेदिन्द्र॑स्य वी॒र्या॑ कृ॒तानि॑ ॥७-१८-१४॥

અનુ દ્રુહ્યુની ગાયોને ચાહવાવાળા ૬૬૦૬૬ સમ્બન્ધીઓને સુદાસ માટે મારી નાખ્યા જે ઈન્દ્રની શૂરવીરતા સૂચક છે. ૧૪.

સૂર્યવંશી સુદાસ રાજાએ વસિષ્ઠ અને તૃત્સુઓની સહાયથી દસ-યજ્ઞવિહીન રાજાઓ સાથે યુદ્ધ કરેલું, જેમાં ઈન્દ્રે પણ સહાય કરેલી.

દાશરાજ્ઞ યુદ્ધ

ઋગ્વેદમાં ખૂબ પ્રચલિત અને ઐતિહાસિક મહત્ત્વ આપી શકાય તેવા દાશરાજ્ઞ યુદ્ધ વિષે થોડી નોંધ કરીશું.

ઋગ્વેદના સાહિત્યમાં બે વર્ણનું, બે રંગની પ્રજાઓનું દર્શન થાય છે. એક આર્ય વર્ણ અને બીજો દાસવર્ણ. એ બે વર્ણ વચ્ચે સતત વિગ્રહો ચાલ્યા કરતા. અને આર્ય ઋષિઓ વિરોધી પ્રજાનું વર્ણન કર્યે જતાં-વેરભાવે.

દસ્યુઓ અવિશ્વસનીય, મૂર્ખ, લોભી, અશુદ્ધ ભાષાવાળા, શ્રદ્ધા વિનાના, યજ્ઞ વિનાના, પૂજા વિનાના છે. અગ્નિ એમને દૂર ને દૂર નસાડી મૂકે છે.પોતે પૂર્વમાં છે અને એ દેવવિહોણાને પશ્ચિમમાં હાંકી કાઢે છે.(ઋ-૭-૬-૩)

આ દસ્યુઓનો રંગ કાળો હતો કારણ કે એક મંત્ર દ્રષ્ટા કહે છેઃ દેવે ઋજિશ્વન્ ની સાથે રહીને કૃષ્ણ ગર્ભને હાંકી કાઢયા.(ઋ-૧-૧૦૧-૧)

આર્યોના દેવે દસ્યુઓને મારી આર્ય વર્ણનું રક્ષણ કર્યું. (ઋ-૩-૩૪-૯) આર્યો પોતે ગોરા હતા. એ શ્વેતદેહી મિત્રોની મદદથી જીત મળતી. આર્ય ઋષિઓ આ દસ્યુઓથી ત્રાસતા.

અમારી આસપાસ દસ્યુ છે. જે કર્મકાંડહીન, અક્કલ વગરના, અમાનુષી, પરવ્રતોના પાળનારા છે. ઓ અમિત્રોના હન્તા! આ દાસો જે શસ્ત્રો વાપરે છે તેને નિષ્ફળ કર.(ઋ-૧૦-૨૨-૮)

બે જાતિ વચ્ચે મુખ્ય વિરોધ એ હતો કે દાસો આર્યોના દેવોમાં માનતા નહીં.

હે! ઇન્દ્ર! અમને કાંઇ ભૂતપ્રેતોએ એમની યુક્તિથી નસાડ્યા નથી. હે! મહાન દેવ! અમારા ખરા દેવ! તું આ વેરીઓના સમૂહને વશ કર. આ લિંગપૂજકોને અમારાં પવિત્ર સ્થાનો પાસે ન આવવા દે. (ઋ-૭-૨૧-૫).

આ દસ્યુઓ અધમ નહોતા, અસ્પૃશ્ય નહોતા અને નિર્બળ નહોતા.

ઇન્દ્ર પૂજ્યપંથે સમરમાં જાય છે. પ્રાપ્ત કરવાની સંપૂર્ણ શ્રદ્ધાથી સ્વર્ગનો પ્રકાશ મેળવવા એ મથે છે, અને લુચ્ચાઇથી સો દરવાજાવાળા ગઢોની સમૃદ્ધિ લૂંટે છે. અણરોધાયેલો તે લિંગપૂજકોને સંહારે છે. (ઋ-૧૦-૯૯-૩)

આજે મુંએ-જો-ડરોનાં ખંડિયેરો સાખ પૂરે છે, કે, આ લિંગપૂજકો સુંદર શહેરોમાં સંસ્કૃત જીવન ગાળતા હતા. શમ્બર એમનો મહાન રાજા હતો. એને પર્વતમાંથી ખેંચી કાઢી, ઇન્દ્રે એનો સંહાર કર્યો અને દિવોદાસને મદદ કરી. (ઋ-૬-૨૬-૫) શમ્બર પાસે મોટું સૈન્ય હતું અને નવ્વાણું ગઢો હતા. વર્ચિન્ પણ એવો મોટો દસ્યુ રાજા હતો. ઇન્દ્રે એના લાખ સૈનિકોનો વિનાશ કર્યો. (ઋ-૪-૩૦-૧૫) શુષ્ણ પણ એવો દસ્યુરાજ હતો.

હે! દેવ! તેં એને શૌર્યથી પકડ્યો અને જ્યારે એના ગઢો તેં ભાંગી નાખ્યા, ત્યારે એણે એકઠી કરેલી સમૃદ્ધિ તેં લઇ લીધી. (ઋ-૪-૩૦-૧૩)

કેટલાક પાસે ઘણો પૈસો હતો. 'હે ઇન્દ્ર! એક ઋષિ ગાય છે. 'તેં એ ધનવાન દસ્યુને મારી નાખ્યો.' (ઋ-૧-૩૩-૪) વેતસુ, તુગ્ર, ચમરી, વરશિખ, સહવસુ, અર્બુદ, નવવસ્ત અને બ્રહદ્રથ એવા બીજા દસ્યુ રાજાનો પણ ઉલ્લેખ છે. આર્ય અને દસ્યુ સમાન યોદ્ધાઓ હતા. ઇન્દ્રે એમને આર્ય નામ આપ્યું નહીં. (ઋ-૧૦-૪૯-૩) આર્ય અને દસ્યુ એક વેળા એવા સરખા હતા કે ઈન્દ્રને પ્રાર્થવો પડતોઃ 'જ્યારે વિનાશ આરંભે ત્યારે હે! દેવ, આર્ય અને દસ્યુને ધ્યાનથી જુદા પાડજે.' (ઋ-૯-૫૧-૮)

આ બે પ્રજા વચ્ચે મુખ્ય ભેદ ધર્મક્રિયાનો હતો. દસ્યુઓ કાફર હતા એટલું જ. ખરા ધર્મચુસ્તો આ ધર્મ વિનાનાઓ જોડે લડતા હતા.(ઋ-૧-૩૩-૫)

આ વિગ્રહ બહુ લાંબા કાળ સુધી ચાલ્યો. ઋષિ ગાય છેઃ

હે! દેવ આ બધાથી (મંત્રોથી) જે દુશ્મનોનો સમૂહ અમારી સાથે લડે છે તેને હરાવ. અક્ષત રહીને વેરીઓના ક્રોધને રોધ. અમારી પ્રાર્થના વડે, અમારા દુશ્મનોને દરેક દિશામાં નસાડી મૂક. દાસોની જાતિઓને આર્યોને તાબે આણ.(ઋ-૬-૨૫-૨) એકબીજા ઋષિ કહે છેઃ

વજ્રથી સજ્જ થઇ પોતાની શક્તિમાં શ્રદ્ધા રાખતો તે ઘૂમ્યો, દાસોના ગઢો તોડી નાખવા. હે! વજ્રિન્!
બરાબર જોઈને તારું શસ્ત્ર દસ્યુ તરફ નાખ. હે! ઇન્દ્ર! આર્યોની શક્તિ અને કીર્તિમાં વૃદ્ધિ કર.(ઋ-૧-૧૦૩-૩)

વળી એક ઋષિ કહે છેઃ ઇન્દ્ર આવ્રતીઓને વ્રત આચરનારાઓને સોંપી દે છે, અને સશક્ત દ્વારા અશક્તોનો વિનાશ કરે છે. (ઋ-૧-૫૧-૯)

દેવ દાસ વર્ણને નીચે નમાવે છે અને ગુફાઓમાં હાંકી મૂકે છે(ઋ-૨-૧૨-૪)

ઋષિ ગાય છેઃ હે અશ્વિનો! તમારા ભેરીનાદથી તમે દસ્યુઓનો વિનાશ કર્યો છે અને દૂર વિસ્તરતી જ્યોતિ આર્યોને આપી દીધી છે. (ઋ-૧-૧૧૭-૨૧)

આમ દાસો હાર્યા, એ જાતિના હજારો પુરુષો કપાઇ મૂઆ, હજારો દાસ સ્ત્રીઓએ, રાજાઓએ, ઋષિઓએ અને મઘવનોએ એને ગુલામ તરીકે રાખ્યા. કેટલાય ઋષિઓ દાસોના દાનની આશા રાખી દેવોની પ્રાર્થના કર્યે જતા.

રંગ ધર્મ ને સંસ્કારથી ભિન્ન, એવી બે જાતિઓ વચ્ચેના જીવલેણ વિગ્રહો ઇતિહાસને પાનેપાને જડે છે. પણ આવા વિગ્રહને પરિણામે જે જાતિ જીતે તેની સામે મુશ્કેલીભર્યો પ્રશ્ન એ ઉભો થાય છે કે હારનાર જાતિનું શું કરવું? એ પ્રશ્નનું નિરાકરણ જીતનારી જાતિ પોતાના સંસ્કાર પ્રમાણે કરે છે. રોમનોએ જ્યારે કાર્થેજના લોકો પર વિજય મેળવ્યો ત્યારે હારેલી જાતિની કતલ કરી નાખી. એથેન્સના લોકો જ્યારે વિજય મેળવતા ત્યારે હારેલાને પોતાના ગુલામો બનાવતા. આ વ્યવસ્થા એથેન્સમાં એટલે સુધી પહોંચી કે શહેર નું કામ ગુલામો કરતા અને ગ્રીક શેહેરીઓ માત્ર શેઠાઈ કરતા. ત્રીજો પ્રયોગ એવો પણ જોવામાં આવે છે કે જીતનાર જાતિ ધીરે ધીરે પોતાનું વ્યક્તિત્વ ખોઈ હારનાર જાતિમાં ભળી જાય છે.

વૈદિક આર્યોએ આ વિષયમાં નવો અને લાક્ષણિક રસ્તો શોધી કાઢ્યો જણાય છે. સમાજવ્યવસ્થા જે રંગભેદ જાતિભેદ અને વિધિભેદ પર રચાઈ હતી તે બદલી નાખી, અને સંસ્કાર ભેદ પર અવલંબેલી વ્યવસ્થા દાખલ કરી. દાસોની અનેક જાતિઓને તેમણે પોતાના સમાજમાં સ્વીકારી; દરેક જાતિને તેના સંસ્કાર પ્રમાણે ચડતું કે ઉતરતું સ્થાન આપ્યું; અને જે સમૂહના સંસ્કાર આર્યની દ્રષ્ટિએ શ્રેષ્ઠ હતા તેને સર્વોપરિ સ્થાન આપ્યું. આમ છે વર્ણ કે રંગ વ્યવસ્થા હતી તે ચાતુર્વર્ણ્યની વ્યવસ્થામાં પલટાઈ ગઈ. આર્ય અને અનાર્યના ભેદને બદલે સંસ્કારભિન્નતાથી દ્વિજ અને શૂદ્ર એવા ભેદ પડ્યા. આ ક્રિયા કેમ થઇ એનો ઇતિહાસ દાશરાજ્ઞના વિગ્રહને ઉદ્દેશીને વસિષ્ઠો ને વિશ્વામિત્રોએ રચેલાં સૂક્તો પૂરાં પાડે છે.

દસ્યુઓના કેટલાક રાજાઓ હારી ગયા; કેટલાકે આર્ય રાજાઓ જોડે મૈત્રી કરી. આર્યજાતિઓ માંહ્યોમાંહ્ય લડી પડી અને દસ્યુજાતિની મદદ મેળવવા લાગી એક ઋષિ ગાય છેઃ

હે! ઇન્દ્ર! વિરોધી અમિત્રોની બંન્ને જાતિ, આર્ય અને દાસ, તેને તેં મારી કાઢી છે, જેમ બરાબર તાકેલી વીજળીથી તું જંગલો વિનાશે છે તે પ્રમાણે હે! બહાદુર નાયક! યુદ્ધમાં તેમને તેં ચીરી નાખ્યા છે.(ઋ-૬-૩૩-૩). બીજા ઋષિ ગાય છેઃ તે દેવો અમારા આર્ય વૈરીઓનો વિનાશ કરે છે. વીરોના ઈશ જેવા તે અમારા દાસ-વૈરીઓનો વિનાશ કરે છે. અને અમારા આર્ય દુશ્મનોને નસાડી મૂકે છે. (ઋ-૬-૬૦-૬)

વળી એક ગાય છેઃ હે! દેવ! તેં બધી સમૃદ્ધિ જીતી છે, જમીન પરની અને પર્વત પરની; અને દાસ તેમજ આર્ય શત્રુઓને જીતી લીધા છે. (ઋ-૧૦-૬૯-૬)

દાશરાજ્ઞના વિગ્રહનું મૂળ વસિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચેનું વેર હતું.

તૃત્સુના રાજા દિવોદાસના પુત્ર સુદાસના પ્રેરક વસિષ્ઠ હતા. તેની સામે ભરત જાતિઓમાં શ્રેષ્ઠ એવા વિશ્વામિત્રે દસ રાજાઓનો સંઘ ઊભો કર્યો. એ રાજાઓમાં પાંચ આર્ય જાતિઓ હતીઃ ભરત, અનુસ્, દ્રુહ્યુસ, તુર્વસસ્ અને યદ્દુ. અને સિમ્યુ, અજસ, સિગ્રુ, અને યક્ષુ એવી ચાર દસ્યુઓની જાતિ હતી. ભેદ નામનો દસ્યુ રાજા પણ વિશ્વામિત્રની પડખે હતો. આ વિગ્રહ ઘણા કાળ સુધી ચાલ્યો. વશિષ્ઠનું સૈન્ય જીત્યું તો ખરું. પણ આખરે એ વિગ્રહને પરિણામે ઘણી ખરી આર્ય અને અનાર્ય જાતિઓ ભરત જાતિમાં ભળી ગઈ, અને એ જાતિએ આ દેશને ભરતખંડનું નામ આપ્યું. પરુષ્ણીને તીરે થયેલા આ દાશરાજ્ઞ વિગ્રહમાંથી આર્યો અને દાસોની એકતા પ્રગટી. સાથે રેડાયેલા રુધિરની સરિતામાં વર્ણદ્વેષ અદષ્ટ થયો અને બે જાતિના સંમિશ્રણથી ભરતખંડની પ્રજા અને સંસ્કાર ઉદ્ભવ્યાં.

પાછળના સમયમાં વસિષ્ઠના શિષ્યો અને સંતાનો સંકુચિત દૃષ્ટિના, ચુસ્ત બ્રાહ્મણ-સંપ્રદાયના પ્રતિનિધિ થયાં. તેઓ શાસકો હતા. શ્યામવર્ણ સંતાનો પેદા કરનાર સ્ત્રીઓ અને શુદ્રોની ઉપેક્ષા કરતી કઠોર વર્ણવ્યવસ્થા ઘડી કાઢી. વિશ્વામિત્રના અનુયાયીઓ અને સંતાનો ઔદાર્ય અને પ્રગતિ, સમાધાન અને સંમિશ્રણની પદ્ધતિના પ્રતિનિધિ બન્યા.

અહીં એટલું સ્પષ્ટ થશે કે, પહેલાં બે વિરોધી પ્રજા હતીઃ આર્ય અને દાસ. દાસ ઘણેભાગે જિતાયેલી પ્રજા હતી શ્યામવર્ણ-આર્ય ધર્મ અને સંસ્કાર વિરોધી-દેવ વિરોધી.... તેઓનો સામુહિક વિનાશ જ એક ઉપાય વસિષ્ઠે વિચારી રાખેલો પણ વિશ્વામિત્રે સૂર્યની પ્રેરણા..... સૂર્ય શ્યામ-ગૌરના ભેદભાવ સિવાય સૌને સરખો પ્રકાશ આપે છે. એવી પ્રેરણાવાળો ગાયત્રી મંત્ર વિકસાવી સૌને દ્વિજ બનાવી જિતાયેલી પ્રજાને સંસ્કારે અપનાવી લીધી.

વિશ્વામિત્ર જગતના ઉષઃકાળમાં આદ્યરાષ્ટ્રસ્રષ્ટા થઇ ગયા. એ દીર્ઘદર્શી મહાત્માને દેખાયું કે આર્યત્વ રાખવું હોય તો, શસ્ત્રે જિતાયેલી પ્રજાને સંસ્કારે અપનાવવી જોઇએ. એમણે આર્યો અને દસ્યુઓની એકાકારતા દશ રાજાઓના સંઘ વડે સ્થાપી. એમના ગાયત્રીમંત્રની મહત્તા પણ એ જ હતી, કે જે એ ઉચ્ચારે તેની ધી સંસ્કારી બને; પછી વંશે કે વર્ણે તે ગમે તે હોય.

વિશ્વામિત્રે દસ્યુઓને પોતાના પુત્રો કરી સ્થાપ્યા એ વાત શુનઃશેપની કથામાંથી મળે છે. વિશ્વામિત્રને એકસોએક પુત્રો હતા. પચાસ મધુછંદસથી મોટા અને પચાસ નાના.

દાશરાજ્ઞ પછી થોડે સમયે ચાતુર્વર્ણ્યની કલ્પના અસ્તિત્વમાં આવી. તેનો પહેલો ઉલ્લેખ પુરુષસુક્તમાં મળે છે. 'બ્રાહ્મણ તે વિરાટ પુરુષના મુખમાં હતો, રાજન્ય એના બે હાથ બન્યા. વૈશ્ય એની જાંઘ છે. શૂદ્રો એના પગમાંથી જન્મ્યા. (ઋ-૧૦-૯૦-૧૨)

નોંધઃ કૌંસમાં આપેલ મંત્રસંખ્યા વાળા ઋગ્વેદના મંત્રો "વેદમંત્રોનું અનુસંધાન" વાળા પરિશિષ્ટમાં આપ્યા છે.

વૃક્ષોઃ ઋગ્વેદમાં જે મોટાં વૃક્ષો વિષે કહેવાયું છે તેમાં સૌથી અગત્યનું પવિત્ર વૃક્ષ અશ્વત્થનું છે.સોમના પાત્ર માટે એનું લાકડું વપરાતું. અગ્નિ ઉત્પન્ન કરવા માટે પ્રમન્થ તરીકે પણ આ લાકડું વપરાતું. આગળ ઉપર, ત્રીજા દ્યુલોકમાં અશ્વત્થ વૃક્ષની નીચે દેવતા બેસે છે. સુપર્ણ (સારા પાંદડાવાળા) વૃક્ષની છાયામાં બેસી પિતૃલોકો યમ સાથે મઝા કરે છે. આજે આ વૃક્ષને 'પીપળો' કહે છે અને એટલો જ પવિત્ર મનાય છે. એની નીચે ઉભા રહી લોકો જૂઠું બોલતા અચકાય છે. ભારતમાં વડ(ન્યગ્રોધ)નું વૃક્ષ પ્રચલિત અને પવિત્ર મનાય છે છતાં ઋગ્વેદમાં ઉલ્લેખ નથી પણ અથર્વવેદમાં બે વાર તેના વિષે કથન કરવામાં આવ્યું છે.

સિંહ-વાઘ-હાથીઃ ઋગ્વેદમાં સિંહના ઉલ્લેખ મળે છે. પર્વતોના જંગલોમાં રહેતો અને જાળથી પકડવામાં આવતો, સતલજ અને સિંન્ધુના પૂર્વભાગે અરણ્યમાં સિંહોનો વસવાટ હતો.

ઋગ્વેદમાં વાઘનો નિર્દેશ નથી.પણ બીજા વેદોમાં વાઘની વિકરાળતા વિષે કહ્યું છે. શુક્લ-યજુર્વેદમાં જોખમ ભરેલા કામને; સૂતેલા વાઘને જગાડવા જેવું કહ્યું છે. અથર્વવેદમાં વાઘને પુરુષાદ્–માનવભક્ષી કહ્યો છે. આમ સિંહ અને વાઘના વેદોમાં ઉલ્લેખો આર્યોના પૂર્વ દિશા તરફના સ્થળાન્તરનો પુરાવો આપે છે. પ્રાચીન-કાળમાં સુમેરિયા બેબિલોન-ઇરાન ઇરાકના વિસ્તારોમાં પણ સિંહનો વસવાટ હતો. આજે ઇરાનમાં સિંહ નથી! પણ રાષ્ટ્રીય મુદ્રા સિંહ અને સૂર્યની છે. પુરાતત્ત્વમાં અનેક સ્થળે સિંહ દેખાય છે. સપ્તસિન્ધુના પ્રદેશોમાંથી મળી આવેલી સિન્ધુસભ્યતાની મૃણ્મુદ્રાઓમાં વૃષભ, વાઘ, હાથી, એકશૃંગી-પ્રાણી વગેરેના ચિત્રો મળે છે. પણ અશ્વનું અસ્તિત્વ દેખાતું નથી.

હાથીનું પણ કંઇક આવું છે, ઋગ્વેદના માત્ર બે જ મન્ત્રો હાથી વિષે કહે છે. અહીં હાથીને हस्ती-मृग હાથવાળું-પશુ કહ્યું છે. यजुर्वेद અને अथर्ववेद માં હાથી માટે हस्ती અર્થાત્ ''સૂંઢ રુપી હાથવાળો'' વિશેષણ વપરાતું.

પશુઓઃ ऋग्वेदમાં સિંહ કરતાં वृक-વરાહ વિષે વધારે કહેવાયું છે. वराहનો કૂતરાઓ વડે શિકાર કરવામાં આવતો. महिष-પાડો પરિચિત છે. ऋक्ष-રીંછ વિષે એકાદ ઠેકાણે કહ્યું છે. वृषाकपिનો ઉલ્લેખ ઋગ્વેદ.મણ્ડલ.૧૦-સૂક્ત૮૬માં છે પરંતુ ચોક્કસપણે कपि-વાનર માટે જ છે એમ કહી શકાય નહીં.

ઋગ્વેદના કવિઓને પરિચિત એવાં વસ્તીમાં રહેનારાં પ્રાણીઓમાં બકરાંઓ, ઘેટાંઓ, ગધેડાંઓ, કુતરાંઓ ઓછાં અગત્યના છે. કુતરાંઓ પશુઓનો શિકાર કરવાના કામમાં, પશુઓની ચોકી કરવાના કામમાં, પશુઓને શોધી કાઢવાના કામમાં, તેમજ રાત્રે ઘર સાચવવાના કામમાં મદદરુપ થતાં. સૌથી વધુ અગત્ય ગાયો અને અશ્વોની હતી. આર્યોની અર્થવ્યવસ્થાનું મહત્ત્વપૂર્ણ તત્ત્વ પશુપાલન હતું. તે સિવાય કૃષિ અને કુટિર ઉદ્યોગો પણ હતાં. ધનાઢ્ય વ્યક્તિઓ પાસે અનેક પશુઓ રહેતા. તેને 'ગોમત' કહેવાતા. 'ગાવિષ્ટી', 'ગવેષણા', 'ગીયત' શબ્દોનો અર્થ ''ગાયોની શોધ'' થતો. ઋગ્વેદમાં પશુસંપદાની વૃદ્ધિની કામના ઘણી વાર કરવામાં આવી છે. પશુઓની રક્ષા કરવાવાળા દેવતા 'પૂષન્' હતો.

પક્ષીઃ ऋग्वेदના પક્ષીઓમાંથી हंस પાણીમાં તરતો અને હવામાં ઉડતો દર્શાવ્યો છે. પાછલા સમયમાં જેમ દુધ અને પાણી છુટા પાડવાની શક્તિ ધરાવનારો કહ્યો છે તેમ शुक्ल-यजुर्वेदમાં સોમ અને પાણી છૂટા પાડવાની શક્તિ ધરાવનાર કહ્યો છે. જ્યારે कौञ्च પક્ષી દુધ અને પાણી છૂટા પાડનાર કહ્યો છે. चक्रवाक પક્ષી ऋग्वेदમાં એકવાર આવે છે. જેમાં चक्रवाक પક્ષીના યુગલની જેમ અશ્વિનો સવારમાં આવે છે. अथर्ववेदમાં દામ્પત્યપ્રેમના આદર્શ તરીકે એ પક્ષીઓ વિષે કથન છે. मयुरीઓને ऋग्वेदમાં વિષ હરનારી કહી છે. शुक-પોપટને પીળો કહ્યો છે. यजुर्वेदના સમયમાં પોપટોને 'માણસની વાણી બોલનારા' ગણી પાળવામાં આવતા.

ધાતુઃ ऋग्वेदમાં 'રાજાઓની પાસે પુષ્કળ સુવર્ણ હતું' એવાં કથન ઘણાં મળી આવે છે. એરિંગ-કડાં વગેરે અલંકારોના નામ પણ આપવામાં આવ્યા છે. સુવર્ણ પછી બીજા નંબરે અયસ્ (લેટિન-aes) લોખંડ વિષે ઘણું કહેવાયું છે. એ શબ્દ જ્યાં વપરાયો છે તે ઘણાખરા મંત્રોમાં એનો અર્થ ''ધાતુ'' એટલો જ થતો હોય તેવું લાગે છે. ઋગ્વેદના સમયમાં રુપાની ધાતુ દેખાતી નથી, તાંબુ એ વખતે જાણીતું હતું.

આર્યોનું મૂળ નિવાસસ્થાન ક્યું હતું?:

આ બાબત ખૂબ વિવાદાસ્પદ બની ગઇ છે. અને તેનાં કેટલાંક રાજકીય કારણો છે.

તા.૫-૯-૧૯૭૭ ના ''ઈન્ડિયન એક્સપ્રેસ'' અંગ્રેજી દૈનિકમાં તે વખતના ભારતના સંસદ સભ્ય શ્રીફ્રેન્ક એન્થનીએ માગણી કરી હતી કે ભારતીય બંધારણના આઠમા પરિશિષ્ટમાંથી સંસ્કૃતભાષા કમી કરવી જાઈએ. કારણ કે તે વિદેશી આક્રાન્તાઓ આર્યોની ભાષા હોવાથી વિદેશી ભાષા છે.બસ અહીથીં ગોટાળો શરૂ થયો.

ખ્રિસ્તીઓ અને મુસલમાનો ભારતમાં આવેલા વિદેશી આક્રમણખોરો છે. એ વાતને નિર્મૂળ કરવા હિન્દુ-આર્યો પણ વિદેશી આક્રમણખોરો છે અને આ દેશ તો પછાતો અને દલિતોનો હતો. જેને ખ્રિસ્તીઓ કે મુસલમાનોએ ધર્મપરિવર્તન કરાવી સંસ્કારી બનાવ્યા છે. વળી દલિતોની વાત આવી એટલે ભારતના સામ્યવાદીઓએ પણ આ વાતની તરફેણ કરી. અને ભારતીય બંધારણના ૮મા પરિશિષ્ટમાંથી સંસ્કૃત ભાષા દૂર કરવા માટે સમર્થન આપ્યું.

હવે આ બાબત હિન્દુ રાષ્ટ્રવાદીઓ માટે કારમા ઘા સમાન હતી ભારતમાં હિન્દુઓની ઉપસ્થિતિ ૩૫૦૦ વર્ષ પહેલાંના પ્રાચીન આર્યોના સ્થળાંતરને આધારે વિરોધી જુથોએ રાજકીય હથિયાર બનાવી કાઢ્યું. જેથી હિન્દુઓ પણ ખ્રિસ્તીઓ અને મુસલમાનો જેટલા આક્રમણખોર વિદેશી થઈ જતા હતા. ઉપરાન્ત ખ્રિસ્તીઓ અને મુસલમાનોની ધર્માન્તર પ્રવૃતિને બચાવ મળતો હતો. કારણ કે આ દેશના મૂળ વતનીઓ તો પછાતો અને દલિતો જ હતા. સામ્યવાદીઓ તો પછાતો અને દલિતોના તારણહાર હતા! આને સરળ ઉકેલ એક જ હતો આર્યો આ દેશના મૂળવતનીઓ હતા અને અહીંથી જ વિશ્વભરમાં ફેલાયેલા. હવે આર્યો સિંધુ સભ્યતાના પ્રદેશોમાં મોડેથી આવ્યા તે બાબતના ઐતિહાસિક સંશોધનો તો એક બાજુએ રહી ગયા અને હિન્દુ રાષ્ટ્રવાદીઓએ રાષ્ટ્રીય ગૌરવ અને ધાર્મિક દૃષ્ટિકોણથી આર્યો ભારતના જ વતનીઓ હતા અને અહીંથી જ પૂર્વ-ઉત્તરમાં એટલે કે ઈરાન-યુરોપમાં સ્થળાંતરિત થયા હોવાની વાતને જ અનુમોદન આપવાનું શરૂ કર્યું. જા કે આ પહેલા ઘણા હિન્દુ રાષ્ટ્રવાદીઓએ આર્યો બહારથી

આવ્યા તે વિષે લખ્યું છે. શ્રી બાલગંગાધર-તિલકે તો "Arctic Home in Veds" નામનું પુસ્તક લખ્યું છે પણ તે સમયની વાત જાદી માનવી રહી

મેકડોનેલ પોતાના History of Sanskrit Literature માં જણાવે છે કે, લૅસન, બેન્ફી, મૅક્સ મ્યુલર વગેરે પાશ્ચાત્ય વિદ્વાનોનું માનવું એવું છે કે, ભારત, ઇરાન, ગ્રીસ, રોમ, વગેરે પશ્ચિમની પ્રજાનું મૂળ નિવાસસ્થાન એક જ હતું. સંસ્કૃત ભાષા અને ઝેન્દ, ગ્રીક, લેટિન વગેરે ભાષાઓ કેટલીક બાબતોમાં ઘણું સરખાપણું ધરાવે છે તે ઉપરથી એ વિદ્વાનો એવા અનુમાન પર આવ્યા છે કે, પાછળથી છુટી પડીને દુનિયાના જુદા જુદા ભાગમાં જઇ વસેલી એ પ્રજાઓ અસલ એક જ પ્રજા તરીકે સાથે રહેતી હતી. અને એક જ ભાષા બોલતી હતી. આ સમયને તેઓ ઇન્ડો-યુરોપિયન સમય તરીકે ઓળખાવે છે.

આર્યોના મૂળવતનની વાત કરવી હોય ત્યારે, માત્ર સપ્તસિંધુના વેદિક આર્યો ઉપરાંત જરથોસ્તી ઇરાનીયન આર્યોને પણ સાથે લેવા જોઇશે એ સિવાય અનેક જુથો જે આર્યો સાથે રહ્યા આર્યોના પ્રભાવ નીચે આવ્યા, તે સૌના પૂર્વજ આર્યો પણ...

આર્યો ઇ.સ.પૂર્વે ૩૫૦૦ દરમિયાન ઉત્તર ધ્રૂવના પ્રદેશોમાં રહેતા અને ત્યાંની આજીવિકાની વિષમ પરિસ્થિતિ હોવાથી કુદરતી રીતે જ સ્થળાન્તરની પ્રેરણા જાગી. એટલે કે, ઇ.સ.પૂર્વે ૩૫૦૦થી ઇ.સ.પૂર્વે ૧૭૦૦ સુધી સ્થળાંતરની પ્રક્રિયા ચાલી. અર્થાત્ ઇ.સ.પૂર્વે ૩૫૦૦થી સંસ્કૃત ભાષાના શબ્દભંડોળમાં જે જે ભાષાજુથોના શબ્દો છે. તે પ્રદેશોમાં લગભગ ૨૩૦૦વર્ષના પરિભ્રમણ બાદ સપ્તસિન્ધુ સ્થાયી થયા.

હિન્દુ રાષ્ટ્રવાદી, શિક્ષક, સ્વાતંત્ર્ય સેનાની શ્રીબાલગંગાધર તિલકે પોતાનો બહુચર્ચિત ગ્રંથ The Arctic Home in the Vedas ઇ.સ.૧૯૦૩માં પ્રકાશિત કરેલો છે. આર્યોના મૂળ નિવાસસ્થાનને ઉત્તરધ્રુવના પ્રદેશો માનવામાં આવ્યા છે. જેના અનુસંધાનમાં ઋગ્વેદની કેટલીક ઋચાઓનો સંદર્ભ આપવામાં આવ્યો છે. ઇ.સ.પૂર્વે ૮૦૦૦વર્ષ પહેલા આવેલા હિમના પૂરથી સ્થળાંતર કરવું પડેલુ. અને યુરોપના ઉત્તરીય પ્રદેશો નવી વસાહતો ઉભી કરી હતી. પોતાની વાતના સમર્થનમાં શ્રીતિલકે ઋગ્વેદના કેટલાક સૂક્તો અને અવેસ્તાના ફકરાઓ ટાંક્યા છે. અને જ્યોતિષશાસ્ત્રમાં રહેલી ખગોળીય ઘટનાઓ આવરી લઇ વિદ્વતાપૂર્વક નોંધ કરી છે. મેક્ષમ્યુલરને પણ પોતાની નોંધ બતાવેલી, તેઓશ્રીએ ખગોળીય પૂરાવાઓ અને ભૂસ્તરશાસ્ત્રીય પૂરાવાઓનું સંકલન થાય એવી ઇચ્છા પ્રગટ કરેલી. સંપૂર્ણ પુસ્તક તૈયાર થાય તે પહેલાં તેઓશ્રીનું અવસાન થઇ ગયેલ, જેથી વેદના એક નિષ્ણાન્તના અભિપ્રાયથી વંચિત રહેવું પડ્યું છે.

શ્રીતિલકના આ પ્રયત્ન અગાઉ માનવ વસાહતોનો મૂળ પ્રદેશ ઉત્તર ધ્રુવ હતો. એવા પુસ્તકનો નિર્દેશ તિલક પોતાના જ ગ્રન્થમાં કરે છે. બોસ્ટન યુનિવર્સિટીના પ્રથમ પ્રેસિડેન્ટ William F. Warren એક પુસ્તક લખેલું અને Max Müller ને સમર્પિત કરેલું. તેનું શીર્ષક છે. Paradise Found: The Cradle of the Human Race at the North Pole.(1855). શ્રીવરેને પણ ઋગ્વેદની ઋચાઓનું અનુસંધાન આપ્યું છે. અવેસ્તા અને અન્ય પ્રાચીન સાહિત્યના અનુસંધાનો મેળવી આપ્યા છે. આ પુસ્તક શ્રીતિલકનો પ્રેરણાસ્રોત હોવાનું માની શકાય.

શિન્ટાષ્ટ-આર્કેઇમ સંસ્કૃતિ-Sintashta-Arkaim culture BCE 2400-1800 દરમ્યાન Proto-Indo-Iranianની વસાહતનું મુખ્યમથક આર્કેઇમ સાઇટ યુરોપ-એશિયાની સરહદે યુરલ પર્વતમાળા નજીક આવેલી છે, જે વેદિક અને જોરાષ્ટ્રીયન ઉલ્લેખોને ઘણું સમર્થન આપે છે.

વૈદિક સંસ્કૃત અને જોરાષ્ટ્રીયન-અવેસ્તન ભાષાનું ઉદ્દ્ગમસ્થાન આ વિસ્તારોમાં માનવામાં આવે છે. અશ્વ જોડેલા પ્રાથમિક રથ અને ટુંકા ધનુષ્ય અહીંથી મળી આવ્યા છે.

આ આર્કેઇમ સાઇટ દક્ષિણ રશિયામાં ચેલીબ્લીન્સ્ક વિભાગમાં આવેલી છે, ખાસ પ્રકારની વર્તુળાકાર કિલ્લેબંધ રચના,ફરતે ખાઇઓ અને કાચી-ઇંટોની દિવાલો વડે સુરક્ષિત છે. ઉત્તર ધ્રુવથી સ્થળાન્તર થતાં આર્યોનો આ મહત્વનો પડાવ માની શકાય. અહીંથી જ Proto-Indo-Iranianના જૂથો મધ્ય-એશિયા, પર્શિયા, ઇરાન અને સપ્તસિન્ધુ(ભારત) તરફ સ્થળાંતર થયા હોવાનું મનાય છે.

આર્કેઇમ જેવી વીસ સાઇટો મળી આવી છે અને એક વસાહતમાં ૧૫૦૦ થી ૨૫૦૦ વ્યક્તિ રહી શકે તેવી વ્યવસ્થા છે. હાલ આ વિસ્તારમાં રહેતી સ્લાવ-નેટિવ અને જોરાષ્ટ્રીયન વસાહત જે Paganism (ખ્રિસ્તી સિવાયનો ધર્મ) આસ્થાના સ્થળ છે. તેઓ જ આર્યોનું આ બીજું વતન માનવા પ્રેરે છે. વેદના જ્ઞાનનું મૂળ પણ અહીં જ છે. અને જરથોસ્તનો જન્મ આર્કેઇમમાં થયો હતો અને જોરાષ્ટ્રીયન ચળવળ પણ અહીંથી શરૂ થયેલી. ઈન્ડો ઇરાનિયન અને વેદિક ભાષાઓનું મૂળ આ વિસ્તારો કહી શકાય.

૧૯૮૭માં Gennady Zdanovich નામના રશિયન પુરાતત્વવિદે આ માહિતી પ્રકાશિત કરી છે. ૨૦૦૫માં રશિયન પ્રેસિડેન્ટ વ્લાડીમેર પૂટીને આર્કેઇમની મુલાકાત ચીફ-આર્ક્યોલોજીસ્ટ Gennady Zdanovich સાથે લીધેલી. તેઓએ સામ્પ્રત એશિયા અને યુરોપમાં રહેતી મોટા ભાગની પ્રજા ના મૂળ વતન તરીકે આર્કેઇમને રજૂ કર્યું. તેમ જ 'City of Russian Glory' અને Most Ancient Slavik Aryan Town તરીકે નવાજવામાં આવ્યું.

કાસ્પિયન સમુદ્રની ઉત્તરે શિન્ટાષ્ટ સંસ્કૃતિ(BCE2200-BCE1800) Proto Indo-Iranianના વિકાસના સંકેતો પ્રગટ કરે છે જે હાલ રશિયા અને કજાકિસ્તાનમાં આવેલા છે પાછળથી તે Andronova Culture (BCE 2000-900) પશ્ચિમ સાઇબીરીયા અને Central Eurasian Steppe (મધ્ય યુરોપ-એશિયાના મેદાનો)માં વિકસિત થયેલી છે. આ સ્થળો Indo

Iranian Languages સાથે જોડાયેલા છે.

Andronova Culture અને Sintashta Culture આંશિક રીતે Corded Ware Culture સાથે જોડાયેલા છે. ઓછામાં ઓછી ચાર પેટાસંસ્કૃતિ Andronovo Horizon સાથે છે. જેમાં જૂનામાં જૂનો શબને અગ્નિદાહ આપવાનો પુરાવો છે. આરાવાળા અશ્વોથી જોડાયેલા રથના અત્યંત પ્રાચીન નમૂનાઓ અહીંથી પ્રાપ્ત થયા છે. વેદો અને અવેસ્તાના ઉલ્લેખો સાથે ઘણી બાબતો મળતી આવે છે. આ સંસ્કૃતિ દક્ષિણ બાજુએ Bactria Margiana Archaeological Complex (BMAC) તરફ ખસી જાય છે. અહીંની ગ્રામ્ય ભાષાઓ Indo Iranian Languages સાથે ઘણું સામ્ય ધરાવે છે.

BMAC અથવા Oxus Civilisation(BCE 2250-1700) મધ્યએશિયામાં આવેલી છે. Oxus=Amu Darya અમુ-દરિયા નદીના ઉપરના ભાગે આવેલી છે. આ સિવાય Margiana (Turkmenistan)ની Murghab નદીના ડેલ્ટા પાસે અને કોપર ડાઘ પર્વતમાળા આસપાસ સમાવિષ્ટ કરી શકાય. દક્ષિણ ઉઝબેકિસ્તાન=ઉત્તર-બેક્ટ્રિયા અને ઉત્તર-અફઘાનિસ્તાન=દક્ષિણ બેક્ટ્રિયા ગણાય. મુખ્ય સાઇટો Margiana SW Tajikistanમાં છે. 1976માં રશિયન પુરાતત્વવિદ્ Vikter Sarianidi એ શોધી કાઢી છે, પરંતુ તે પહેલાં ઘણા વિદ્વાનોને આની જાણ હતી. બેક્ટ્રિયા પ્રાચીન મધ્ય એશિયાનો એક વિભાગ જે હિન્દુકુશ-પર્વતમાળાની ઉત્તરે ઓક્ષસ(હાલ અમુ-દરિયા) નદીની ઉત્તરે અને પામીરની પશ્ચિમે, આવેલો છે. બેક્ટ્રિયાના વિવિધ ઐતિહાસિક ઉચ્ચારણોની અહીં નોંધ કરી છે.

Bactria કે Bakhlo કે Bactriana. Middle Persian માં Bāxtriš.

New Persian માં Baxl. Bactria પ્રાચીન ગ્રીક શબ્દ Baktrianē માંથી ઉતરી આવેલ છે..

પ્રાચીન સંસ્કૃતમાં बाह्लीक પ્રદેશ કહ્યો છે. આધુનિક Balkh.

BMAC એ Indo Iranian આર્યો માટે ખૂબ જ અગત્યની ભાષાકીય માહિતી પૂરી પાડી છે. ભાષાની રીતે Proto-Indo-European અને Indo Iranian ભાષાઓ અહીંથી જુદી પડી હોવાનું વિદ્વાનો માને છે.

આપણો હેતુ ઉત્તર ધ્રુવના પ્રદેશોમાંથી આર્યોના સ્થળાંતર સિદ્ધ કરવાનો હતો જે નીચે પ્રમાણે નોંધી શકાય છે. આર્યોનું મુળ વતન ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં BCE 4000 થી 3500 દરમ્યાન માનવામાં આવ્યું છે. આજીવિકાની વિષમ પરિસ્થિતિ ઊભી થતાં સ્થળાંતરની પ્રેરણા સ્વાભાવિક રીતે જ થાય. વળી આજીવિકાની વિષમતા સ્થિતિ મહદ અંશે કુટિલતા, ગુપ્તતા અને લડાયકવૃત્તિ વિકસાવે છે. જેમ રણમાં કાંટાવાળી વનસ્પતિ ઉગે છે તેમ. તે વખતની આર્યપ્રજા લડાયક અને કુટિલ હોવાનું માની લઈએ તો કેટલેક સ્થળે સ્થાનિક પ્રજા સાથે સુલેહભર્યા વસવાટ કર્યા છે. કેટલેક સ્થળે શાસનધૂરા પણ સંભાળી છે. વિવિધ કુદરતી તત્વો આકાશ,વાયુ, અગ્નિ, વરુણની ઉપાસના અને સહાય મેળવવાની શૈલી વિકસાવી છે. જે વેદના મંત્રો અને સ્થળાંતર પ્રક્રિયા સાથે ઘણું મળતાપણું દર્શાવે છે.

શિન્ટાષ્ટ સંસ્કૃતિ (ઇ.સ.પૂર્વે ૨૦૫૦ થી ૧૭૫૦): ઉત્તર ધ્રુવના પ્રદેશોમાંથી ઇ.સ.પૂર્વે ૩૫૦૦ પછી સ્થળાન્તર શરુ થયું હોય તો આશરે હજારેક વર્ષ દરમ્યાન શિન્ટાષ્ટની આજુબાજુ વસવાટ કર્યો હોય અને કેટલાક જુથો સ્થાયી પણ થયા હોય તો કેટલાક જુથોએ સ્થળાન્તર ચાલુ રાખ્યું હોય. અહીં અશ્વો જોડેલા રથ વગેરે મળી આવ્યા છે. તો Indo Iranian ભાષાઓના અવશેષો મળી આવે છે. એક માન્યતા પ્રમાણે જરથોસ્થી ધર્મ અહીંથી જ શરુ થયો છે. અહીંથી જ BMAC તરફ કેટલાક જુથો આગળ વધ્યા હોય. એમ માનવાને કારણ રહે છે કે, આર્યોના વિવિધ જુથો આ સમય ઇ.સ.પૂર્વે ૨૦૦૦થી ૧૬૦૦ દરમ્યાન યુરોપ, એલમ, સુમેરિયા, એનાટોલીયા, ઇજીપ્ત, સપ્તસિન્ધુ તરફ છુટા પડ્યા હોય. અને સ્થાનિક પ્રજા સાથે મળી શાસનધુરા પણ સંભાળી છે અથવા તો વસાહતો સ્થાપી અત્યંત પ્રભાવશાળી પ્રજા તરીકે સાબિત થયા છે.

BCE 1650માં આર્યોના હિકસોસ જુથે ઇજીપ્તમાં પોતાનું શાસન સ્થાપ્યું હોવાનું વિદ્વાનોને માન્ય છે.(શ્રી ક.મા.મુનશી હિકસોસને ઇક્ષ્વાકુ આર્યજુથ ગણાવે છે.) અને આર્યોએ જ ઇજીપ્તમાં સૌ પ્રથમ અશ્વોનું અને રથનું ચલણ શરુ કર્યું હોવાનું માનવામાં આવે છે.

BCE1350માં મિટ્ટાનિ અને હિટ્ટાઇટ સમ્રાટોના સંધિકરારમાં વેદિક દેવો ઇન્દ્ર, મિત્ર, વરુણ અને નાસત્યૌ નો સાક્ષી રુપે ઉલ્લેખ છે. આવી મૃણમુદ્રા ૧૯૨૦માં જર્મન વિદ્વાને તુર્કસ્તાનમાં બોગાઝકુઇ નામના સ્થળેથી શોધી કાઢી છે. જે અક્કાડીયન ભાષા અને ક્યુનિફોર્મ લિપિમાં અંકિત છે.

ઇ.સ.પૂર્વે ૧૭૦૦માં ઇન્ડો-આર્યનનું એક જુથ સિન્ધુ કિનારે પહોંચે છે જ્યાં પાંચસો વર્ષના સંઘર્ષ પછી સમન્વય સ્થપાય છે અને સંસ્કૃત ભાષાનું સંપાદન કરી ઋગ્વેદની ઇ.સ.પૂર્વે ૧૨૦૦માં રચના કરે છે.

ઋગ્વેદના અગાધ વિષયોના સંકલનમાંથી અનેક વિદ્વાનોએ વિવિધ વિષયો પર મોટા પુસ્તકો લખ્યા છે. જે જીજ્ઞાસુઓ માટે દર્શનીય છે. ઈન્ટરનેટ પર Internet Archieve અને Wikipadiaની વેબસાઈટ માર્ગદર્શક બની રહેશે. અહીં આપણે ઋગ્વેદના પરિચયના પ્રકરણનું સમાપન કરીશું.

૧ક. વેદ અને હિન્દુ ધર્મશાસ્ત્રો.

ધર્મને અંગ્રેજીમાં રિલિજીયન-**Religion** કહે છે. જે લેટિન ધાતુ **Ligare**ને **Re** ઉપસર્ગ લગાડી બનાવ્યો છે. **Re**=પુનઃ- પહેલાં જ્યાં હતું ત્યાં—**Ligare**=ફેંકાવું, પહોંચાડવું. પહેલાં જીવ પરમાત્મા સાથે જોડાયેલો હતો,ત્યાં લઈ જવો, એટલે ઇશ્વર-સાક્ષાત્કાર કરાવે તે ધર્મ. परोपकाराय पुण्य पापाय परपीडनम्। પરોપકાર કરો તે પુણ્ય અને પરપીડન કરો તો પાપ. એટલો જ ધર્મ કહી શકાય. અહીં પણ ઈશ્વરીય આદેશો અને પરોપકારી વલણોની સામ્યતા છે.

મનુષ્ય માત્ર ભૌતિક સુખો વચ્ચે નથી જીવી શકતો તેના જીવને એક પ્રકારનો અજંપો થાય છે, સુખથી ય થાકી જાય છે, અથવા દુઃખી માણસ ક્યાંકથી આશ્વાસન શોધે છે ત્યારે આધ્યાત્મ તરફ વળે છે. આમ જિજ્ઞાસા કે આશ્વાસન માટે પરમતત્વની જરૂર પડે છે.

હિંદુ ધર્મ જગત નો પ્રાચીન ધર્મ છે. કોઈ ધર્મસંસ્થાપક કે પયગંબરે નિશ્ચિત સમયે સ્થાપના નથી કરી, એના મૂળમાં નથી કોઈ વ્યક્તિ વિશેષ કે કોઈ મતવિશેષ. આ ધર્મ જ સનાતન ધર્મ (વિશ્વના દરેક સ્થળે અને ભૂત-ભવિષ્ય-વર્તમાન દરેક કાળમાં વાપરી શકાય તે સનાતન) જે વૈદિક ધર્મ, બ્રાહ્મણધર્મ નામથી પણ ઓળખાય છે. વૈદિક ધર્મ એટલે વેદોનો ધર્મ હિંદુ ધર્મના પાયાના શાસ્ત્રો વેદો છે પ્રાચીન ઋષિઓના આધ્યાત્મિક અનુભવો નામનું હિન્દુ ધર્મમાં ખૂબ જ મહત્વ છે માનવજાતના આધ્યાત્મિક વિકાસનો પરિચય છે, હજારો વર્ષો સુધી અને મંત્ર દ્રષ્ટાઓએ સત્યની શોધ ચલાવી છે તે હિન્દુ ધર્મની કીર્તિગાથા છે.

મુક્તિ અંતિમ જીવન સિદ્ધિ ફક્ત અમારી મારફતે જ શક્ય છે એવો હઠાગ્રહ હિંદુ ધર્મ રાખતો નથી, ઈશ્વર સુધી પહોંચવાના અનેક માર્ગ હોઇ શકે છે. હિંદુ ધર્મનો ઉદ્દેશ્ય પરમતત્વની પ્રાપ્તિ મુખ્ય છે. ઈશ્વરને આ જગતના સર્જક કે શાસક તરીકે ન સ્વીકારે અથવા તો આત્માનું અસ્તિત્વ કે મોક્ષની વાત ન સ્વીકારનારને હિંદુ ધર્મ ધિક્કારતો નથી.

હિંદુ ધર્મનો ધાર્મિક અતિથિસત્કાર આદર્શરૂપ છે. હિંદુ ધર્મ વ્યાપક અને ઉદાર છે, વ્યાપકતા અને ઉદારતા પાયાના સ્વરૂપો છે. હિંદુધર્મ સર્વ ધર્મોને આદરથી જુએ છે સત્યને ગમે તે સ્વરૂપમાં ગમે તે સ્થળે સત્કારે છે. હિન્દુ ધર્મની ઉદારતાનો ગેરલાભ અન્ય ઝનૂની ધર્મોએ ખૂબ લીધો છે એમ કહેવામાં વાંધાસરખું નથી.

હિન્દુ કોને કહેવો એ પ્રશ્ન ઘણાને થાય છે સૌપ્રથમ સિંધુ નદીના કિનારાની આસપાસ રહેતા લોકોને વિદેશી પ્રવાસીઓ કે આક્રાંતાઓએ સિંધુ શબ્દને હિન્દુ-ઈન્દુસ-**Indus** એવા ધ્વનિમાં પરિવર્તિત કર્યો. અને આપણે પણ તે શબ્દ સ્વીકારી લીધો. વિદેશીઓએ કેટલીક જ્યાએ હિન્દુ શબ્દના અણગમાભર્યા અર્થ કર્યા છે.

ખરેખર હિન્દુ એટલે જે, કર્મના સિદ્ધાન્તમાં, પુનર્જન્મમાં, અવતારવાદમાં, પિતૃપૂજામાં, વર્ણાશ્રમ ધર્મ, વેદો અને ઇશ્વરના અસ્તિત્વમાં માનનાર હોય. આ બધી બાબતોમાં જેને શ્રદ્ધા હોય, વેદોના આદેશ મુજબ જે આસ્થા પૂર્વક અને નિખાલસતાથી વર્તન કરતો હોય; સંધ્યા, શ્રાદ્ધ, પિતૃતર્પણ, પંચ મહાયજ્ઞ કરતો હોય, અવતારોની પૂજા કરતો હોય, શ્રુતિઓનું અધ્યયન કરતો હોય તે હિન્દુ.

હિન્દુધર્મ સિંધુ નદીના પ્રદેશોમાંથી વિસ્તરી દક્ષિણમાં કન્યાકુમારી સુધી વિકસ્યો છે, તેનો એક શ્લોક કુલાર્ણવ તન્ત્રમાં ખૂબ સરસ છે.

हिमालयं समारभ्य यावदिन्दु सरोवरम्। हिन्दुस्थानमिति ख्यातमान्यन्ताक्षरयोगतः ॥

હિમાલયથી શરૂ કરી ઇન્દુ સરોવર(કન્યાકુમારી) સુધી હિન્દુસ્તાનનો પ્રદેશ પ્રખ્યાત છે; 'હિ' હિમાલયનો પ્રથમ અક્ષર છે અને 'ન્દુ' ઇન્દુનો છેલ્લો અક્ષર મળીને હિન્દુ શબ્દ ગોઠવાયો છે.... જે કાશ્મીરથી કન્યાકુમારી સુધીના પ્રદેશનો સૂચક છે.

સંસ્કૃત સાહિત્યમાં આર્યાવર્ત, ભારત-વર્ષ અથવા ભરત-ખંડ, ભારત તરીકે પણ હિન્દુસ્થાન ઓળખાય છે. હિમાલય અને વિંધ્યાચલપર્વત વચ્ચેના ઉત્તરભારતના પ્રદેશને સામાન્યરીતે આર્યાવર્ત તરીકે ઓળખાવ્યો છે. જૈનો આ પ્રદેશને જંબુદ્વીપ તરીકે ઓળખે છે.

હિંદુ શબ્દ માત્ર ભૂગોળ વાચક છે. હિન્દુ જાતિનો, હિન્દુ રાષ્ટ્રનો સમગ્ર ઇતિહાસ... એ શબ્દની સાથે આપણા આદર્શોની અને વિચારધારાઓની આખી સૃષ્ટિ ઓતપ્રોત થઈ ગઈ છે; અને હિન્દુ પ્રવાહમાં અનેક જાતિઓ ભળી ગઈ છે, જેમાં હુણ, કુષાણ, ગ્રીક, ગ્રીક-સૈન્યમાં આવેલી મધ્ય-એશિયાની કેટલીક પ્રજાતિઓના સમુદાયો મુખ્ય છે. કમ્બોડિયા-જાવા-સુમાત્રા-શ્રીલંકા-ચીન વગેરે દેશોમાં પણ હિન્દુધર્મ પ્રસર્યો હતો. આધુનિક યુગમાં પણ વિશ્વભરમાં હિન્દુઓ વસ્યા છે અને હિન્દુધર્મને પ્રતિષ્ઠા અપાવી છે. એટલે હવે હિન્દુની સીધી સાદી વ્યાખ્યા આપવી સહેલું નથી.

હિન્દુ ધર્મશાસ્ત્રો ઘણું કરી સંસ્કૃત ભાષામાં લખાયેલા છે. આ સાહિત્યને છ ધર્મશાસ્ત્રીય શીર્ષકો તળે અને ચાર કલાત્મક શીર્ષકો તળે વહેંચી શકાય.

ધર્મશાસ્ત્રીય શીર્ષકો છ છે. ૧.શ્રુતિઓ ૨.સ્મૃતિઓ ૩.ઇતિહાસ ૪.પુરાણ ૫.આગમ ૬.દર્શનો

કલાત્મક શિર્ષકો આ પ્રમાણે છે ૧.સુભાષિત. ૨.કાવ્ય. ૩.નાટક ૪.અલંકાર.

શ્રુતિઃ વેદોને શ્રુતિ અથવા આમ્નાય નામ આપવામાં આવ્યું છે. આમાં પ્રત્યક્ષ આધ્યાત્મિક અનુભૂતિઓનો સંગ્રહ છે. કોઈ એક વ્યક્તિનું આ સર્જન નથી, એ અપૌરુષેય મનાય છે એટલે કે પરમાત્માની પ્રેરણાથી ઋષિમુનિઓએ નોંધ કરેલી છે એવી શ્રદ્ધા પ્રવર્તે છે વેદ માત્ર હિન્દુધર્મના જ નહીં પણ માનવજાતના આધ્યાત્મિક વિકાસના સોપાન છે સમગ્ર વિશ્વની યશકલગી સમાન છે.

સંસ્કૃત વિદ્ ધાતુ પરથી 'વેદ' શબ્દ બન્યો છે. વિદ્ = જાણવું, વેદ=જ્ઞાન, વેદો જ્ઞાનગ્રન્થો છે. તમામ હિન્દુ શાસ્ત્રોના બીજ રૂપ છે.

વેદો એટલે ઈશ્વરે પ્રાચીન ઋષિઓના હૃદયમાં સ્ફુરણા આપી સનાતન સત્યો ઘોષિત કર્યા.ઋષિ શબ્દ જ સત્યોના દૃષ્ટા એવો અર્થ બતાવે છે મંત્ર દ્રષ્ટા છે (મન્=વિચારવું) સંપૂર્ણ વિચાર પછી મેળવેલ છંદોમય વ્યાક્યરચના તે મંત્ર. વિચારકો આને સાંભળે છે, જુએ છે, માટે વેદને શ્રુતિ નામ આપ્યું છે. વિચાર કે મંત્ર તો પહેલેથી અસ્તિત્વમાં છે ઋષિ તેને ઇશ્વરની ઉપાસના દ્વારા દૃષ્ટિગોચર કે શ્રુતિગોચર કરે છે.ઋષિ કે મન્ત્રદષ્ટા એ વિચારોનો સર્જક નથી સંશોધક છે.

જગતના બીજા ધર્મોનો ય એવો દાવો છે કે ઈશ્વરના કોઈ ખાસ દૂતે લોકહિતના ઇશ્વરીય સંદેશાઓ પયગમ્બર પાસે પહેલી વાર પ્રગટ કર્યા, અને પયગમ્બરે ધર્મની સ્થાપના કરી અમલ કર્યો. મસીહા શબ્દ પણ, મૃતકોને જીવન અને રોગીઓને નિરોગી બનાવનાર ઈશ્વરીય દૂત છે. જેને માનવોના દુઃખો દૂર કરવા ઈશ્વરે મોકલ્યો છે.

પરંપરા એવી છે કે બ્રહ્માએ ઋષિઓને જ્ઞાન આપ્યું. ઋષિઓએ પૃથ્વી પર એનો પ્રચાર કર્યો. વૈદિક ઋષિઓને બ્રહ્મ એટલે સત્યનો અપરોક્ષ સાક્ષાત્કાર થયો હતો. જેઓ બ્રહ્મપ્રેરિત લેખકો જ હતા. ધર્મ અને તત્વજ્ઞાનની એક સાદી છતાં ભવ્ય અને સાંગોપાંગ સંપૂર્ણ ઇમારત તેમણે ચણી.

મનુષ્યની પુસ્તકશાળામાં જૂનામાં જૂના પુસ્તકો છે આ વેદો જેનું નથી આદિ, નથી અંત. ડાહ્યા માણસો પૂછશે કે, ચોપડી વળી અનંત કે અનાદિ શી રીતે હોઈ શકે? જવાબ એક જ છે. વેદ એ કોઈ ચોપડીનું નામ નથી. ચોપડીમાં જે ચીતરાયું છે તેનું નામ છે. ઈશ્વરનો ઉચ્છ્વાસ છે એ, બ્રહ્મના શબ્દો છે એ, કોઈ માણસોના ઉદગારો નથી. એટલે જ તો એની કોઈ 'રચ્યા તારીખ' નથી. આપણે કહીએ કે વેદની રચના ઈ.સ.પૂર્વે ૧૨૦૦માં થઈ એનો અર્થ એ પહેલાં એ જ્ઞાન નહોતું એમ ન કહી શકાય. એ તો સનાતન ઈશ્વરની વાણી આપણી સમક્ષ ઈ.સ.પૂર્વે ૧૨૦૦માં ઋષિમુનિઓએ પ્રગટ કરી. આમ ચોપડીઓનો નાશ થઈ શકે પણ જ્ઞાનનો નહીં. જ્ઞાન સનાતન છે, ઇશ્વરીય છે, એટલે જ વેદો સનાતન છે.

ચાર વેદો અને તેના પેટા વિભાગોઃ વેદો ચાર છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. યજુર્વેદના બે વિભાગ છે. શુક્લ અને કૃષ્ણ. તૈત્તિરીય સંહિતા અથવા કૃષ્ણ-યજુર્વેદ પ્રાચીનતર છે જ્યારે શુક્લ-યજુર્વેદ અથવા વાજસનેયી સંહિતા એ સવિતાએ યાજ્ઞવાલ્ક્ય ઋષિ દ્વારા તે પછી સ્ફુરેલો પાછળનો ભાગ છે.

પ્રત્યેક વેદ ચાર વિભાગોમાં વહેંચાયેલો છેઃ ૧.મંત્ર સંહિતા. ૨.બ્રાહ્મણ-ગ્રન્થ. ૩.આરણ્યક. ૪.ઉપનિષદ. આ ચાર વિભાગો માનવજીવનના ચાર આશ્રમો ને લક્ષમાં રાખી કરવામાં આવ્યા છે.

મંત્રસંહિતાઓનો હેતુ ઇહલોકમાં સંપત્તિ અને પરલોકમાં શાંતિ પ્રાપ્ત કરવા અર્થે દેવતાઓની સ્તુતિ કરવાનો છે, એમાં છંદોબદ્ધ કાવ્યો, સ્તોત્રો છે જુદા જુદા દેવોને સંબોધી કરેલા ઉદબોધનો છે, આત્મલક્ષી પ્રાર્થનાઓ છે અને પરલક્ષી સ્તવનો પણ છે. વેદોનો આ ભાગ બ્રહ્મચારીઓ માટે છે.

બ્રાહ્મણ-ગ્રંથોમાં યજ્ઞયાગાદિને લગતા માર્ગદર્શનો છે. યજ્ઞમાં વપરાતા મંત્રોનું ગદ્યમાં વિવરણ છે. ગૃહસ્થાશ્રમની જરૂરિયાતો નજર સામે રાખી આ વિભાગ થયો છે.

આરણ્યકો એના નામ પ્રમાણે અરણ્ય-ગ્રન્થો છે. યજ્ઞયાગનું તાત્વિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ તેમાં વિવેચન છે.

ઉપનિષદો એ વેદોનો સૌથી વધુ અગત્યનો ભાગ છે. વેદોનો અર્ક, જ્ઞાનભાગ એમાં છે. ઉપનિષદોનું તત્વચિંતન ભવ્ય ઊંડું, ઉન્નત, અને પ્રેરક છે આત્મા અને પરમાત્માના અભેદની વાત ઉપનિષદમાં છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને ગહનમાં ગહન આધ્યાત્મિક સત્યોને ઉપનિષદ પ્રગટ કરે છે.

વેદોની વસ્તુ ત્રિવિધ છેઃ ૧.કર્મકાંડ ૨.ઉપાસના કાંડ ૩.જ્ઞાનકાંડ. યજ્ઞયાગ એ કર્મકાંડ છે. પૂજા-ધ્યાન આદિ ઉપાસના છે. અને નિર્ગુણ બ્રહ્મની ઉચ્ચતમ મિમાંસા જ્ઞાનકાંડમાં છે. મંત્રો અને બ્રાહ્મણ-ગ્રંથો કર્મકાંડ છે. આરણ્યકો ઉપાસના કાંડ અને ઉપનિષદો જ્ઞાનકાંડ છે.

ઋગ્વેદના પુરોહિત તે હોતૃ. યજુર્વેદસંહિતા મોટેભાગે ગદ્યમાં છે. તેના પુરોહિતને અધ્વર્યુ કહેવાય છે. સામવેદ જે ઘણું કરી ગાય શકાય તેવા ઋગ્વેદના મંત્રોની જ બનેલી છે. સામવેદનો પુરોહિત ઉદ્ગાતા છે.

અથર્વવેદનો પુરોહિત બ્રહ્મા કહેવાય છે. યજ્ઞના બીજા ત્રણ પુરોહિતો હોતા, અધ્વર્યુ અને ઉદ્ગાતા અકસ્માતથી ઉચ્ચારોમાં કે વિધિઓમાં ક્યાંય ભૂલ કરી બેસે તો તે ભૂલ સુધારવાની દૃષ્ટિ અથર્વવેદની છે.

બ્રાહ્મણો અને આરણ્યકોઃ ઋગ્વેદના બે બ્રાહ્મણો છે .ઐત્તરિય અને શાંખાયન. મેક્સ-મ્યુલર કહે છે કે, ઋગ્વેદ જગતનો સૌથી પ્રાચીન ગ્રન્થ છે. બ્રાહ્મણ-ગ્રન્થોના પવિત્ર સ્તોત્રો એ જગત્સાહિત્યમાં અજોડ સ્થાન ધરાવે છે. હજારો વર્ષોની ઉથલપાથલ દરમિયાન એ જેમ ને તેમ જળવાઈ રહ્યા છે એને એક ચમત્કાર જ લેખવો જોઈએ.

શતપથ-બ્રાહ્મણ શુક્લ-યજુર્વેદમાં છે. તૈત્તરિય અને મૈત્રાયણ બ્રાહ્મણ કૃષ્ણ-યજુર્વેદના છે. તાણ્ડ્ય, અથવા પંચવિંશ, ષડ્.વિંશ, છાંદોગ્ય, અદ્ભૂત, આર્ષેય અને ઉપનિષદ બ્રાહ્મણો સામવેદના છે. અથર્વવેદના બ્રાહ્મણ-ગ્રન્થને ગોપથ નામ અપાયું છે. દરેક બ્રાહ્મણ ગ્રંથને પોતપોતાનું આરણ્યક છે.

ઉપનિષદઃ ઉપનિષદોએ વેદોના અંત ભાગ જેવા છે. ઉપસંહાર સમા છે. એના ઉપદેશને વેદાંત કહે છે. વેદોનો અર્ક એમાં છે, વેદોનું લક્ષ્ય એ છે. હિંદુ ધર્મનો પાયો ઉપનિષદો છે.

દરેક વેદમાં જેટલી શાખાઓ છે (અનુક્રમે ૨૧, ૧૦૦, ૧૦૦૦, ૫૦) તેટલા ઉપનિષદો છે. જુદા જુદા મત ધરાવતા ભારતના જુદા જુદા તત્વજ્ઞાનીઓએ બધાએ અદ્વૈતવાદીઓ વિશિષ્ટાદ્વૈતવાદીઓ, દ્વૈતાદ્વૈતવાદીઓ, શુદ્ધાદ્વૈતવાદીઓ સૌએ ઉપનિષદોને પ્રમાણ ગ્રંથો તરીકે સ્વીકાર્યાં છે. તેઓએ અર્થો પોતપોતાની માન્યતા અનુસાર ઘટાવ્યા છે, પણ પ્રમાણિકતાને એકસરખી માન્ય રાખી છે. પોતપોતાના દર્શનની ઈમારત તેમણે ઉપનિષદના પાયા પર ચણી છે.

ઉપનિષદના દ્રષ્ટાઓને પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ પ્રશંસાંજલિ આપી છે. પશ્ચિમવાસીઓએ વલ્કલ સિવાય બીજા કશા વસ્ત્રની શોધ નહોતી કરી, તે વખતે ઉપનિષદના દષ્ટાઓ નિર્ગુણની આનંદસમાધિમાં લીન હતા. અને ઉચ્ચતમ સંસ્કૃતિનું નિર્માણ તેમણે કર્યું હતું.

વધારેમાં વધારે અગત્યના ઉપનિષદો આ છે. ઇશ, કેન, પ્રશ્ન, મુંડક, માણ્ડુક્ય, ઐત્તરિય, તૈત્તિરિય, છાન્દોગ્ય, બૃહદારણ્યક, કૌશિતકિ, શ્વેતાશ્વતર અને મૈત્રાયણી. એમનું પ્રામાણ્ય સર્વોચ્ચ છે. આમાંથી શંકરાચાર્યે દસ ઉપનિષદોનું ભાષ્ય લખ્યું છે. (કૌશિતકિ, શ્વેતાશ્વતર અને મૈત્રાયણી સિવાય).

ઉપવેદઃ એટલે ગૌણ વેદો. જે ચાર છે. આયુર્વેદ-ધનુર્વેદ-ગાંધર્વવેદ અને અર્થશાસ્ત્ર. અનુક્રમે ચાર વેદોના આ ચાર ઉપવેદો છે.

વેદાંગોઃ છ વેદાંગો છે. વેદને સમજવામાં સહાયભૂત થાય એવી માહિતિ આપનારા ગ્રન્થો.

૧.(પાણિનીય) શિક્ષા. ૨.વ્યાકરણ. ૩.(પિંગળાચાર્યનું) છન્દશાસ્ત્ર. ૪. યાસ્કમુનિનું નિરુક્ત. ૫. ગર્ગનું જ્યોતિષશાસ્ત્ર અને જુદા જુદા ઋષિઓથી પ્રણીત એવું કલ્પશાસ્ત્ર.(શ્રૌતસૂત્ર-ગૃહ્યસૂત્ર-ધર્મસૂત્ર).

શિક્ષા એ વર્ણોચ્ચારણનું શાસ્ત્ર છે. ઉચ્ચારો અને સ્વરભારની એ ચર્ચા કરે છે. લખાયેલી લિપિમાંથી હજારો વર્ષ પહેલાં નિર્ધારિત ઉચ્ચાર-ધ્વનિ મેળવવાની વિદ્યા છે. વેદના મંત્રો જુદા જુદા પાઠમાં સંકલિત છે. પદ-પાઠ દરેક વખતે પદને સ્વતંત્ર રીતે ચર્ચે છે. ક્રમ-પાઠ શબ્દયુગ્મોની ચર્ચા કરે છે.

કણ્ઠ, તાલુ, મૂર્ધા, દન્ત, ઓષ્ઠ, નાસિકા (અન્ય સ્થાન સાથે અનુનાસિક), કણ્ઠ-તાલુ, કણ્ઠોષ્ઠ, દંતોષ્ઠ, જિહ્વામૂલ, નાસિકા(અનુસ્વાર)... આ આઠ સ્થાનોમાંથી યથાયોગ્ય રીતે, જે જગ્યાએથી વર્ણોચ્ચાર થવા જોઇએ તેતેવા જ વર્ણોચ્ચાર પાણિનીય શિક્ષા શિખવે છે.

વ્યાકરણ વેદાંગનું પ્રતિનિધિત્વ કરે છે.શબ્દો અને ધાતુના રુપોની શુદ્ધતા પર વ્યાકરણમાં વિચાર કરવામાં આવે છે. વ્યાકરણનો શબ્દનો અર્થ અનેક રુપોમાં મળે છે. ૧. વ્યાકરણનો વ્યુત્પત્તિગત અર્થ છે... व्याक्रियन्ते शब्दा अनेन इति व्याकरणम् આચાર્ય સાયણના શબ્દોમાં व्याकरणमपि प्रकृति-प्रत्ययादि-उपदेशेन पदस्वरूपं तदर्थं निश्चयाय प्रसज्यते। પાણિનીય શિક્ષામાં मुखं व्याकरणं स्मृतम्। વ્યાકરણને વેદોનું મુખ કહ્યું છે.

આચાર્ય વરરુચિએ વ્યાકરણના પાંચ પ્રયોજન બતાવ્યા છે. ૧.રક્ષા ૨.ઊહ ૩.આગમ ૪.લઘુ ૫.અસંદેહ

વ્યાકરણનું અધ્યયન વેદોની રક્ષા કરવાનું છે. ઊહનો અર્થ છે-કલ્પના. વેદિક મન્ત્રોમાં નથી... લિંગ, નથી વિભક્તિઓ. લિંગો અને વિભક્તિઓનો ઉપયોગ વ્યાકરણનો જ્ઞાતા હોય તો જ કરી શકે. શ્રુતિ કહે છે કે, બ્રાહ્મણોનું કર્તવ્ય છે કે, તે વેદનું અધ્યયન કરે. લઘુનો અર્થ છે શીઘ્ર ઉપાય. વેદોમાં અનેક એવા શબ્દો છે કે જેની જાણકારી આ જન્મે શક્ય નથી. વ્યાકરણ એવું સાધન છે કે, જેનાથી સમસ્ત શાસ્ત્રોનું જ્ઞાન થાય છે.

અસંદેહનો અર્થ છે-સંદેહ ન હોવો. શબ્દોનો સમુચિત જ્ઞાન કરાવી વ્યાકરણ, સંદેહો દૂર કરે છે.

છંદ એ પદ્ય રચવાનું શાસ્ત્ર છે. વેદોમાં પ્રયુક્ત ગાયત્રી, ઉષ્ણિક વગેરે છન્દોની રચનાનું જ્ઞાન છન્દશાસ્ત્રના અભ્યાસથી થાય છે. છન્દને વેદપુરુષનો પગ કહ્યો છે. છન્દ વેદોનું આવરણ છે. છન્દ નિયત અક્ષરો વાળા હોય છે. જે પાઠની સુરક્ષા પણ કરે છે.

નિરુક્ત એ વ્યુત્પત્તિશાસ્ત્ર છે. વેદોમાં જે શબ્દોનો પ્રયોગ જે-જે અર્થોમાં કરવામાં આવ્યો છે, તે, તે અર્થોનો નિશ્ચયાત્મક રુપથી ઉલ્લેખ નિરુક્તમાં કર્યો છે. આને વેદ-પુરુષનો કાન કહ્યો છે. નિઃશેષરુપથી જે કાંઇ કહેવાયું છે તે નિરુક્ત છે. આને વેદનો આત્મા પણ કહ્યો છે.

જ્યોતિષ કાળ-સમયનું શાસ્ત્ર છે. એનાથી વૈદિક યજ્ઞો અને અનુષ્ઠાનોના સમયની જાણકારી પ્રાપ્ત થાય છે. આને વેદપુરુષનું નેત્ર કહ્યું છે. વેદ યજ્ઞકર્મમાં પ્રવૃત થાય છે અને યજ્ઞ કાળના આશ્રિત હોય છે. અને જ્યોતિષશાસ્ત્રથી જ કાળનું જ્ઞાન થાય છે. અનેક વેદિક પહેલીઓના અર્થઘટન જ્યોતિષના જ્ઞાન વિના શક્ય નથી.

કલ્પ એ વિધિશાસ્ત્ર છે.વેદના ક્યા મંત્રનો પ્રયોગ ક્યા કર્મમાં થવો જોઇએ એનું કથન કલ્પમાં કર્યું છે. એની ત્રણ શાખા છે. શ્રૌત સૂત્ર, ગૃહ્ય સૂત્ર અને ધર્મ સૂત્ર. કલ્પ વેદપ્રતિપાદિત કર્મોનો યોગ્ય વિચાર રજુ કરતું શાસ્ત્ર છે. યજ્ઞસબંધી નિયમો આપેલા છે.

યજ્ઞયાગનો વિધિ સમજાવનારાં ગૃહ્યસૂત્રો કલ્પમાં આવી જાય છે. યજ્ઞયાગ માટેની ભૂમિ માપવાની વિદ્યા શીખવાનું શિલ્પશાસ્ત્ર (શુલ્બસૂત્ર) પણ કલ્પમાં આવી જાય. આ ગૃહ્યસૂત્રની પૂર્તિરુપ છે. ઘરગથ્થુ જીવનની મિમાંસા કરતાં ગૃહ્યસૂત્રો અને રૂઢિઓ અને સામાજિક ધર્મ-નિયમોની ચર્ચા કરતું ધર્મશાસ્ત્ર પણ કલ્પમાં જ આવે છે.

छन्दः पादौ तु वेदस्य हस्तौ कल्पोऽथ पठ्यते। ज्योतिषामयनं चक्षुर्निरुक्तं श्रोत्रमुच्यते॥
शिक्षा घ्राणं तु वेदस्य मुखं व्याकरणं स्मृतम्। तस्मात्सांगमधीत्यैव ब्रह्मलोके महीयते॥

છન્દને વેદોના પગ, કલ્પને હાથ, જ્યોતિષને નેત્ર, નિરુક્તને કાન, શિક્ષાને નાક, વ્યાકરણને મુખ કહ્યું છે.

પ્રાતિશાખ્યો, પદ-પાઠો, ઉપલેખા, પ્રદ્ધ્યાસ, અનુક્રમણી, દેવત્ સંહિતા, પરિશિષ્ટ, પ્રયોગ કારિકા, ખીલ અને વ્યુહ એ બધા કલ્પશાસ્ત્રના જ વિશેષ વિસ્તાર છે.

કલ્પસૂત્રોમાં આશ્વલાયન, શાંખાયન, અને શૌનક ઋગ્વેદના છે. મશક, લાટ્યાયન અને દ્રાહ્યાયન, ગોભિલ અને ખાદિર સામવેદના છે. કાત્યાયન અને પારસ્કર શુક્લ યજુર્વેદના છે. અને આપસ્તંભ,હિરણ્યકેશી, બૌધાયન, ભારદ્વાજ, માનવ, વૈખાનસ અને કઠક કૃષ્ણ યજુર્વેદના છે. વૈતાન અને કૌશિક અથર્વવેદના છે.

સ્મૃતિઓઃ શ્રુતિઓથી ઉતરતું, પણ અન્ય સૌથી ચડિયાતું સ્થાન સ્મૃતિઓનું છે. સનાતન વર્ણાશ્રમધર્મની મિમાંસા કરતા હિન્દુઓના આ પવિત્ર ધર્મશાસ્ત્રો છે. વેદોમાં જે વિધિ-વિધાનોની ચર્ચા છે તેની વિશેષ સમજણ આ સ્મૃતિઓમાં છે. સ્મૃતિઓની ઇમારત શ્રુતિની આધારશિલા પર જ ચણાઇ છે. પ્રામાણ્યમાં શ્રુતિ પછી તરતનું સ્થાન તેમનું છે. ધર્મનું વિવરણ તેઓ કરે છે. હિન્દુઓની રાષ્ટ્રીય, સામાજિક, કૌટુંબિક અને વ્યક્તિગત જવાબદારીઓની ચર્ચા એમાં વિગતે કરેલી છે. સ્મૃતિ એ શબ્દ મૂળ તો આવાં ધર્મશાસ્ત્રો માટે જ યોજાયો છે. પણ વ્યવહારમાં વેદો સિવાયનાં બધાં જ ધર્મશાસ્ત્રોનો તેમાં સમાવેશ થાય છે.

હિન્દુસમાજનું નિયમન કરનારા કાયદાકાનુનો સ્મૃતિઓમાં છે. વ્યક્તિઓ અને સમૂહોના રોજિંદા જીવન, તેમના વર્તન, તેમની રીતભાત, તેમની રૂઢિઓ, બધાને લગતા નિયમોની તેમાં રૂપરેખા છે. પ્રત્યેક વર્ગના માનવીના ધર્મને અંગે સ્મૃતિઓમાં સવિસ્તર નિયમાવલી આપી છે.

પોતાનું સમગ્ર જીવન કેવી રીતે વિતાવવું એ હિન્દુ સ્મૃતિ દ્વારા જાણી શકે છે વર્ણાશ્રમોના ધર્મો અને સંસ્કારો તેમાં આપેલા છે. નીજના જન્મ અને ભૂમિકા અનુસાર શું વિહિત અને શું નિષિદ્ધ છે તે એમાં દર્શાવાયું છે. માણસના હૃદયને શુદ્ધ કરવું તેને અમરત્વ તરફ દોરી જવું અને માનવીને સંપૂર્ણ મુક્ત બનાવવો એ તેમનો હેતુ છે.

સ્મૃતિઓ સનાતન નથી, એમાં નિર્દેશાયેલા નિયમો અફર નથી. વિશિષ્ટ સામાજિક સંયોગો અનુસાર તે પલટાય છે. સંયોગો બદલાતાં નવી નવી સ્મૃતિઓ નવા નવા સ્મૃતિકારો દ્વારા રચાતી જ રહે છે.

પ્રખ્યાત સ્મૃતિકારોઃ યુગે યુગે નવા નવા સ્મૃતિકારો ઉદય પામતા જ રહે છે. ચાલ્યા આવતા રીતરિવાજોમાંથી કાઢી નાખવા જેવું લાગે તે કાઢી નાખે અને બાકીનાને ફરી સુ-વ્યવસ્થિત કરે. વેદના આદેશોથી અપ્રતિકૂળ હોય એવી રીતે અને પલટાતા સમયને અનુકૂળ હોય એ રીતે એ જૂની પ્રણાલિકાઓનું સંમાર્જન કરે અને નવી સર્જે. આમાં સૌથી વધુ સુપ્રસિદ્ધ મનુ, યાજ્ઞવલ્ક્ય અને પરાશર. આ ત્રણે સમાજદ્દષ્ટાઓએ પ્રસ્થાપિત કરેલ નિયમો અનુસાર હિન્દુ સમાજનું આજે પણ શાસન થાય છે. પ્રત્યેકે રચેલી સ્મૃતિ પ્રત્યેકના નામથી ઓળખાય છે. મનુસ્મૃતિ અથવા માનવધર્મશાસ્ત્ર યાજ્ઞવલ્ક્ય-સ્મૃતિ ને પરાશર-સ્મૃતિ. એ ત્રણમાં મનુ શ્રેષ્ઠ અને પ્રાચીનતમ છે. એ પછી યાજ્ઞવલ્ક્ય આવે. આ બે સ્મૃતિઓ આજે પણ પ્રમાણભૂત ગણાય છે. હિન્દુ સામાજિક કાયદાનો આધાર ખાસ કરીને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ છે. સરકાર પણ તેને જ માન્ય ગણે છે.

મુખ્ય સ્મૃતિઓ અથવા ધર્મશાસ્ત્રોની સંખ્યા ૧૮ની છે. મનુ, યાજ્ઞવલ્ક્ય, પરાશર ઉપરાંત વિષ્ણુદક્ષ, સમવર્ત, વ્યાસ, હારિત, શતાતપ, વશિષ્ઠ, યમ, આપસ્તંભ, ગૌતમ, દેવલ, શંખ-લિખિત, ઉશનસ્, અત્રિ અને શૌનક.

મનુ સત્યયુગ માટે છે. યાજ્ઞવલ્ક્ય ત્રેતા માટે, શંખ-લિખિત દ્વાપર માટે અને પરાશર કલિયુગ માટે છે. આ બધા નિયમો આપણી સામાજિક પરિસ્થિતિ-આપણા દેશકાળ પર જ અવલંબે છે. દેશકાળ પલટાતાં તે પલટાવા જ જોઈએ. તે વિના પ્રગતિ શક્ય નથી.

નવી સ્મૃતિની આવશ્યકતાઃ મનુના કેટલાક નિયમોનું પાલન અત્યારના સંજોગોમાં અશક્ય છે. એમના અંતરના આશયને સાચવી શકીએ, બાકી એમનું અક્ષરશઃ પાલન અશક્ય જ. સમાજ પ્રગતિશીલ છે અને ભૂતકાળમાં કોઈ વખતે હિતકર લાગ્યા હોય એવા નિયમો આજે એને બંધનકર પણ લાગે એ બનવાજોગ છે. જુના સ્મૃતિકારોને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો એવી નવી પરિસ્થિતિ આજે અસ્તિત્વમાં આવી છે. આ સંજોગોમાં જુના નિયમોને જડતાથી વળગી રહેવું અયોગ્ય છે.

આપણી વર્તમાન સામાજિક સ્થિતિ પહેલાંના પ્રમાણમાં ઘણી જ જુદી છે. નવી સ્મૃતિની આપણને જરૂર છે. કોઈ નવા ઋષિ આપણા નવા સમાજને માટે નવી સ્મૃતિ રચે તો સારું. સમય પાકી ગયો છે. ભવિષ્યના એ સ્મૃતિકારને શતશઃ વંદન!

ધર્મનો અંતર-અવાજઃ દીર્ઘ તપશ્ચર્યા જપ, તપ, કીર્તન, ધ્યાન, સત્સંગ અને ગુરુભક્તિને પ્રતાપે જેનું હૃદય શુદ્ધ બન્યું છે તેને ધર્મ અને નીતિની બાબત ખુદ પોતા તરફથી જ એટલે કે અંતરના અવાજ તરફથી માર્ગદર્શન મળી રહે છે. સત્વગુણથી ભરેલ વિશુદ્ધ હૃદયનો અવાજ એ જ ઈશ્વરનો અવાજ છે. સ્મૃતિ કરતાં આ અવાજનું મહત્વ વધારે છે. એ જ સાચી જ સ્મૃતિ છેઃ હૃદય

શુદ્ધ કરો અને અંતરના અવાજને સાંભળવાની શક્તિ કેળવો. તમારા કાનને એવા સૂક્ષ્મ બનાવો કે અંતરના ઝીણામાં ઝીણા અવાજને પણ એ સાંભળી શકે.

શ્રુતિ અને સ્મૃતિઃ શ્રુતિ અને સ્મૃતિ એ બે હિન્દુધર્મના પ્રમાણભૂત મૂળ ગ્રંથો. શબ્દશઃ અર્થ કરીએ તો શ્રુતિ એટલે સાંભળેલું અને સ્મૃતિ એટલે યાદ રાખેલું. શ્રુતિએ પ્રત્યક્ષ અનુભૂતિ છે, જ્યારે સ્મૃતિ એ પરંપરા છે. જે પ્રત્યક્ષ પ્રકાશિત થયું તે શ્રુતિ જેમ કે ઉપનિષદ. (ને પ્રત્યક્ષ પ્રકાશિત થયા પછી) જે સ્મૃતિમાં જડાઈ ગયું તે સ્મૃતિ, જેમકે ભગવદ્ગીતા.

શ્રુતિ એ સીધો અનુભવ છે મહર્ષિઓએ ધર્મના તત્વોનો પ્રત્યક્ષ આ સાક્ષાત્કાર કર્યો અને પછીની પેઢીઓ માટે તેની નોંધ મૂકતા ગયા આ નોંધ તેજ વેદો. માટે જ સૌથી મોટું પ્રમાણ શ્રુતિનું. સ્મૃતિઓ અને ધર્મશાસ્ત્રોનું નિર્માણ પણ ઋષિઓએ જ કર્યું છે પણ તેનું પ્રમાણ સાપેક્ષ છે; સંપૂર્ણ અને નિરપેક્ષ નથી. સ્મૃતિમાં કાંઈ પણ એવું હોય જે શ્રુતિ સાથે મેળ ન ખાય તો તેને જતું કરવાનું. ભગવતગીતા(મહાભારત)ની ગણના સ્મૃતિમાં છે.

ઇતિહાસઃ સુહૃદ્-પ્રબંધો અને પ્રભુ-પ્રબંધોઃ આમાં ચાર ગ્રંથો છે ૧.વાલ્મિકી રામાયણ ૨.યોગવાસિષ્ઠ ૩.મહાભારત અને ૪.હરિવંશ. વેદમાં જે કંઈ છે તે બધું આમાં પણ છે. ફરક ફક્ત એટલો કે આમની શૈલી વધારે સુબોધ અને સરળ છે. આ ચારેયને સુહૃદ-સંહિતા પણ કહેવામાં આવે છે; જ્યારે વેદોને પ્રભુસંહિતાના નામે ઓળખવામાં આવે છે. ઐતિહાસીક વૃતાન્તો, વાર્તાઓ અને સંવાદો દ્વારા આ ગ્રન્થો સનાતન સત્યોનું વિવરણ કરે છે. આ ગ્રંથો બહુ જ રસપ્રદ છે; અને કુતુહલ પ્રિય બાળકથી માંડીને બુદ્ધિમંડિત વિદ્વાન સુધી સૌને ગમે તેવા છે.

ઇતિહાસ તો આપણને તલ્લીન કરી નાખે એવા રસથી ભરેલી અને એટલી જ અગત્યતા ધરાવનારી અનેક વાર્તાઓ આપે છે. એ વાર્તાઓ મારફત હિન્દુ ધર્મના પાયામાં રહેલ સત્યો માણસના મન પર અંકિત થઈ જાય છે. સ્મૃતિના નિયમો અને શ્રુતિના સનાતન સત્યો, ઇતિહાસમાં આલેખાયેલા એ રાષ્ટ્રીય વીરોના અદભુત અને ઉદ્દાત્ત પરાક્રમો દ્વારા હિન્દુઓના મન પર બહુજ દૃઢ રીતે આલેખાઈ જાય છે. એ ભવ્ય વાતો પરથી હિન્દુ ધર્મના સ્વરૂપનો આપણને સ્પષ્ટ ખ્યાલ આવે છે.

ઉપનિષદોની અને બ્રહ્મસૂત્રોની ઉચ્ચ બ્રહ્મવિદ્યા સાધારણ માણસને ગળે ન ઊતરે; એટલે કરૂણાળુ વ્યાસજીએ અને વાલ્મીકિ મુનિએ એને માટે મહાભારત અને રામાયણ આલેખ્યાં. દષ્ટાન્તકથાઓ અને રૂપકો દ્વારા એ જ તત્વજ્ઞાન સામાન્ય માણસ સમજી શકે એવી સરળ ભાષામાં સચોટ રીતે રજૂ કરવામાં આવ્યું છે. ભારતમાં રામાયણની પારાયણ કરવામાં આવે છે સાત દિવસમાં કથા વાંચી પૂર્ણ કરવામાં આવે છે અને મહાભારતની લોકપ્રિયતા પારાવાર છે. રમાયણની રચના વાલ્મીકિએ અને મહાભારતની રચના વેદ વ્યાસજીએ કરી છે.

રામાયણઃ રામાયણ આદિકાવ્ય છે. આદર્શ પુત્ર શ્રીરામચંદ્રજીની કથા એ આલેખે છે. સૂર્યવંશી ઇક્ષ્વાકુઓના કુળની એ ગાથા છે. વિષ્ણુએ અવતાર લઈને પાવન કરેલ કુળની એ વાત છે. રામ, સીતા, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન વગેરે આદર્શ પાત્રો હિંદુ ધર્મને આપણા હૃદય ઉપર દૃઢ રીતે મુદ્રિત કરે છે. રામ અને તેના ત્રણ ભાઈઓના જન્મ, તેમનું શિક્ષણ અને લગ્ન; રામનો વનવાસ; સીતાહરણ અને પુનર્મિલન; લંકાના રાક્ષસરાજ રાવણનો વધ અને રામરાજ્ય. રામાયણમાં આ બધું સવિસ્તર આલેખાયેલું છે. વડીલો, સમોવડિયાઓ અને સેવકો પ્રત્યે માણસે છે કેવી રીતે વર્તવું; રાજવીઓએ શાસન કેવી રીતે ચલાવવું; માણસોએ ઐહિક જીવન કેવી રીતે જીવવું; મુક્તિ અને સંપૂર્ણતાની સાધના શી રીતે કરવી; એ બધું રામાયણ આપણને શીખવે છે. આ કાવ્યમાં ભારતીય જીવનનું જીવંત ચિત્ર છે.

મહાભારતઃ મહાભારત કૌરવો અને પાંડવોનો ઇતિહાસ છે. ચંદ્રવંશીય ભાઈઓ ભાઈઓ વચ્ચે કુરુક્ષેત્રમાં થયેલા મહાન યુદ્ધનું વર્ણન છે મહાભારત એક રીતે જોઈએ તો હિંદુ ધર્મનો આકર ગ્રંથ છે. એને યોગ્ય રીતે જ પાંચમો વેદ એવું નામ આપવામાં આવ્યું છે. ઉદાત્ત નીતિ, ઉપદેશો બધીયે જાતના ઉપયોગી બોધપાઠો, અનેક સુંદર વાર્તાઓ અને ઘટનાઓ, સંવાદો, પ્રવચનો, દ્રષ્ટાંતો અને સંભાષણો એમાં આવેલાં છે. પાંડવોને શ્રીકૃષ્ણની કૃપાથી પ્રાપ્ત થયેલા વિજયની એમાં વાત છે.

ભગવતગીતાઃ મહાભારતનો વધુમાં વધુ અગત્યનો ભાગ એટલે ભગવદ્ગીતા. યુદ્ધનો આરંભ થયો તે પહેલાં શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે થયેલો અદ્ભુત સંવાદ એમાં નિરૂપાયેલો છે શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ બન્યા. હિન્દુ ધર્મના મૂળતત્વો તેમણે અર્જુનને સમજાવ્યાં. ઉપનિષદોમાં જેમ વેદોનો અર્ક છે, તેમ ગીતામાં ઉપનિષદોનો અર્ક છે. ઉપનિષદો કામધેનુ છે, કૃષ્ણ ગોપાલ છે, અર્જુન વત્સ છે, ગીતા અમૃત દૂધ છે. અમૃત પીને ડાહ્યા માણસો જ્ઞાની બને છે.

ગીતા હિંદૂ સાહિત્યમાં મુકુટમણિને સ્થાને છે વિશ્વની આવરી લેતા પ્રશ્નોની એમાં મિમાંસા છે. એનો સંદેશો અખિલ વિશ્વ માટે છે. સમન્વય-યોગ ઉપર ગીતા ભાર મૂકે છે. જગતના ધાર્મિક સાહિત્યમાં તેનું સ્થાન ઊંચું છે.

અર્જુન યુદ્ધ ભૂમિમાં પોતાના વહાલા સ્વજનોને અને આચાર્યોને પોતાની સામે ઊભેલા જુએ છે. એને મોહ ઉત્પન્ન થાય છે અને એ લડવાની ના પાડે છે પછી શ્રીકૃષ્ણ અર્જુનને આત્મજ્ઞાન આપે છે અને પરિણામોનો વિચાર કર્યા વગર પ્રાપ્ત થયેલું કર્તવ્ય કરવું જોઈએ એવી તેને ખાતરી કરાવી આપે છે. અર્જુનનો મોહ નષ્ટ થાય છે, તેની શંકાઓ નિર્મૂળ થાય છે, કૌરવોની સામે એ લડે છે અને વિજય પ્રાપ્ત કરે છે. વિદેશી તત્વજ્ઞો પણ ગીતાનો અભ્યાસ કરી પાવન થયા છે.

ભારતીય પ્રાચીન ઇતિહાસ અને સંસ્કૃતિનું જ્ઞાનઃ શરશૈયા ઉપરથી ભીષ્મે યુધિષ્ઠિરને અમર સંદેશો આપ્યો હતો, તે મહાભારતમાં છે. જે શાંતિ-પર્વ તરીકે ઓળખાય છે. એ રીતે પણ મહાભારત ઇતિહાસ, નીતિ અને ધર્મના આકર ગ્રંથ જેવો બની રહે છે. જગતમાં એને આંટી જાય એવું બીજું કોઈ ઐતિહાસિક મહાકાવ્ય જાણવામાં નથી.

રામાયણ અને મહાભારત આપણને પ્રાચીન ભારત, તેના લોકો, તેના રીતરિવાજો, તેની જીવન પ્રણાલિકાઓ, તેની કલાઓ, તેની સંસ્કૃતિ, તેની સભ્યતા, ઇત્યાદિ વિષે સ્પષ્ટ માહિતી આપે છે. તે બે ગ્રંથોના વાચન પરથી હિન્દુસ્તાન એક વેળા કેવો મહાન દેશ હતો તેનો આપણને ખ્યાલ આવે છે અને તેને ફરીથી મહાન બનાવવાની પ્રેરણા આપણને મળે છે. આટલા બધા મહાપુરુષો, મહાન આચાર્યો, યોગીઓ, દૃષ્ટાઓ, વીરો, રાજપુરૂષો, ઉદાર આત્માઓ બીજે ક્યાંય થયા નથી. ભારત અને હિન્દુ ધર્મ વિશે જેમ જેમ આપણે વધુ જાણીએ છીએ, તેમ તેમ તેના પ્રત્યે આપણું માન વધે છે અને તેમ તેમ આવા ભારતમાં એક હિંદુ તરીકે આપણો જન્મ થવા બદલ ઈશ્વરનો ઉપકાર માનવાનું મન થાય છે.

પુરાણોઃ પુરાણો પણ આજ વર્ગમાં આવી જાય. એમનામાં પાંચ લક્ષણો હોવા જોઈએ એમ કહ્યું છેઃ ૧.ઇતિહાસ. ૨.બ્રહ્માંડની ઉત્પત્તિ (તત્વજ્ઞાનની દૃષ્ટિએ એમાંથી નિષ્પન્ન થતાં સત્યોના રુપકાત્મક વર્ણન સાથે), ૩. પૃથ્વી આદિની ઉત્પત્તિ, ૪.રાજવીઓના વંશો, અને ૫. મન્વન્તરો. પુરાણોની ગણના સુહૃત્-સંહિતામાં થાય છે.

પ્રત્યેક યુગે પુરાણો રચાય છે અને પ્રત્યેક યુગે પુરાણોના રચયિતાને "વ્યાસ" એવું નામ આપવામાં આવે છે. આ યુગનાં પુરાણોનો રચયિતા પરાશરનો પુત્ર કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ છે.

પુરાણો વેદધર્મને સામાન્ય લોકો સમજી શકે તેવી ભાષામાં રજૂ કરવા માટે રચાયાં વેદોનો સારભાગ એમાં આવી જાય છે. પુરાણોનો ઉદ્દેશ સામાન્ય જનતાના હૃદયોમાં વેદવિદ્યા અંકિત કરવાનો તેમજ દૃષ્ટાંતો, વાર્તાઓ, દંતકથાઓ, સંતકથાઓ, રુપકો અને ઐતિહાસિક ઘટનાઓ દ્વારા તેમનામાં ઈશ્વર-ભક્તિ જગાડવાનો છે. ધર્મના સનાતન સિદ્ધાંતોને સમજાવવા માટે ઋષિઓએ આ બધાનો ઉપયોગ કર્યો છે. પુરાણો વિદ્વાનોને માટે નથી પરંતુ વેદનું અધ્યયન ન કરી શકે અને ઊંચા તત્વજ્ઞાનને ન સમજી શકે તેવા સામાન્ય માણસો માટે છે.

દર્શનશાસ્ત્ર સમજવું ઘણું કઠિન છે. મુઠ્ઠીભર વિદ્વાનોથી જ એ બની શકે. જ્યારે પુરાણો તો બધી જનતા સહેલાઇથી સમજી શકે એમ છે. પુરાણો દ્વારા ધર્મનું શિક્ષણ બહુ જ સહેલી અને રસભરી રીતે આપવામાં આવ્યું છે. આજે પણ પુરાણો એટલાં જ લોકપ્રિય છે. અત્યંત પ્રાચીન સમયનો એમાં ઇતિહાસ છે. ચર્મચક્ષુને અગોચર એવા પ્રદેશોનું એમાં વર્ણન છે. બધી જાતની એમાં માહિતી છે. તેનું વાંચન રસભર્યું છે. બાળકો પોતાની દાદીઓ પાસેથી એની વાતો સાંભળી આનંદ પામે છે. પંડિતો અને પુરોહિતો મંદિરોમાં, તીર્થોમાં અને નદીઓના ઘાટ પર બેસીને એની કથા કરે છે. ખેડૂતો મજૂરો અને વ્યાપારીઓ એ કથા સાંભળે છે.

અઢાર પુરાણોઃ પુરાણોની સંખ્યા અઢારની છે. એટલાં જ બીજાં ઉપપુરાણો છે. વિષ્ણુપુરાણ, નારદ પુરાણ, ભાગવતપુરાણ, ગરુડપુરાણ, પદ્મપુરાણ, વરાહપુરાણ, બ્રહ્મપુરાણ, બ્રહ્માંડપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, માર્કંડેયપુરાણ, અગ્નિપુરાણ, ભવિષ્યપુરાણ, વામનપુરાણ, કુર્મપુરાણ, મત્સ્યપુરાણ, લિંગપુરાણ, શિવપુરાણ, સ્કન્દપુરાણ. આમાં છ સાત્વિક પુરાનો છે. અને એમનો ઇષ્ટદેવ વિષ્ણુ છે. છ રાજસ પુરાણો છે. જે બ્રહ્માનો મહિમા ગાય છે અને છ તામસ પુરાણો છે જે શંકરનું મહાત્મ્ય વર્ણવે છે.

આધ્યાત્મિક માર્ગે પાપાપગલી ભરનારાઓને કેટલીકવાર આ પુરાણ વાંચતા મૂંઝવણ થાય છે અને નવાઇ પણ ઉપજે છે. શિવપુરાણમાં શિવની પ્રશંસા છે. અને વિષ્ણુને એમના કરતા નીચું સ્થાન આપવામાં આવ્યું છે. વિષ્ણુપુરાણમાં એથી ઉલટું છે. પણ આ બધું તો પોતપોતાના ઇષ્ટદેવમાં શ્રદ્ધા વધારવા માટે યોજાયું છે. હકીકતમાં શિવ અને વિષ્ણુ એક જ છે.

ભાગવત પુરાણ વિષ્ણુપુરાણ એ બે પુરાણોમાં શ્રેષ્ઠ છે. ભાગવત વધુમાં વધુ લોકપ્રિય છે. તેના પછી વિષ્ણુપુરાણ આવે છે. માર્કંડેયપુરાણનો એક ભાગ સમસ્ત હિન્દુઓ જાણીતો છે, એ ભાગ ચંડીપાઠ છે. ઈશ્વરની જગદંબારુપે પૂજા એ એનો વિષય છે. નવરાત્રી(દુર્ગાપૂજા)ના દિવસો દરમ્યાન ચંડીપાઠ ઠેકઠેકાણે કરવામાં આવે છે.

ભાગવતપુરાણ અને દશ અવતારઃ ભાગવતપુરાણ એ વિષ્ણુના દશ અવતારની કથા છે. વિષ્ણુએ દશ વાર અવતાર લીધા. અવતારોનો હેતુ પૃથ્વીને કોઈ મહાભયમાંથી તારવાનો દુષ્ટોનું દમન કરવાનો અને સદગુણી માણસોનું રક્ષણ કરવાનો હોય છે. દશ અવતારો આ પ્રમાણે છેઃ મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામચંદ્ર, શ્રીકૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ.

મત્સ્યાવતારનો હેતુ વૈવસ્વત મનુને પ્રલયમાંથી ઉગારવાનો હતો. પ્રલય દરમ્યાન નષ્ટ થયેલી મૂલ્યવતી કેટલીક વસ્તુઓને ફરી પ્રાપ્ત કરાવવાનો ઉદ્દેશ-કૂર્મ અવતારનો હતો. વળી દેવતાઓએ અને અસુરોએ અમૃત માટે ક્ષીરસાગરનું મંથન કર્યું ત્યારે કૂર્મે એટલે કે કૂર્માવતારે મંદરાચળરૂપી રવૈયાના આલંબનને માટે પોતાની પીઠ સમર્પી હતી. હિરણકશ્યપુએ પૃથ્વને અતલ મહાસાગરમાં ડુબાડી દીધી હતી ત્યાંથી તેને ઉપર લઈ આવવાનું કામ વરાહ અવતારે કર્યું હતું. હિરણ્યકશ્યપુના ત્રાસમાંથી પૃથ્વીને નરસિંહે છોડાવી હતી. બલિરાજાના તપને કારણે દેવતાઓનાં બળ-શક્તિ ક્ષીણ થયા હતા તે તેમને ફરી પાછા એવાં જ પુષ્ટ બનાવવા વિષ્ણુએ વામનનો અવતાર લીધો હતો. પરશુરામનો અવતાર ક્ષત્રિયોના ત્રાસમાંથી પૃથ્વીને મુક્ત કરવા થયો હતો. રામાવતાર રાવણના નાશ માટે થયો. કૃષ્ણાવતાર કંસ આદિના નાશ માટે અને ગીતાના પ્રાગટ્ય માટે થયો. અહિંસાની પ્રતિષ્ઠા અર્થે વિષ્ણુએ બુદ્ધનો અવતાર લીધો. અને ભવિષ્યમાં દુર્જનોના નાશ માટે અને ધર્મની સંસ્થાપના માટે કલ્કિ અવતાર થવાનો છે.

અઢાર ઉપપુરાણો આ પ્રમાણે છે.... સનત્ કુમાર, નરસિંહ, બૃહન્નારદીય, સ્વરહસ્ય, દુર્વાસા, કપિલ, વામન, ભર્ગવ, વરુણ, કલિકા, સાંબ, નંદી, સૂર્ય, પરાશર, વશિષ્ઠ, દેવી ભાગવત,ગણેશ અને હંસ.

પુરાણોના લાભ: પુરાણોનું અધ્યયન, શાસ્ત્રોનું પવિત્ર પારાયણ, ભગવાનની દિવ્ય લીલાઓનું વિવરણ એ ભક્તિમાર્ગની એક અત્યંત અગત્યની સાધના મનાય છે. શ્રવણ ભક્તિને પ્રભુની નવધા ભક્તિમાં સ્થાન આપવામાં આવ્યું છે. કથાઓ અને ઉપાખ્યાનો શ્રોતાઓના હૃદયમાં ભક્તિનાં ઝરણા વહાવે છે અને એ રીતે પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા જીવને અમરતાને માર્ગે લઈ જાય છે.

વેદોની ભાષા અત્યંત પ્રાચીન હોવાને કારણે દુર્બોધ છે. વેદાંતની, ઉપનિષદની તત્વ-વિદ્યા સમજવી અને પચાવવી અઘરી છે. પણ પુરાણો આ બધી વસ્તુઓને સુગમ્ય રીતે રજૂ કરે છે. જીવનના રહસ્યમંદિરની એ એક રોચક ચાવી છે. એમના ઉપદેશનું મનન કરો અને ધર્મનિષ્ઠા અને આધ્યાત્મિક સાધનાનો આજથી જ આરંભ કરો.

આગમો અને તંત્રઃ આગમો એ પુરાણો જેવા જ લોકપ્રિય ધર્મગ્રંથો છે એમાં દેવતા, શાસ્ત્ર અને ઉપાસના-વિધિ અંગે વ્યવહારુ સૂચનાઓ છે. આગમોમાં તંત્રોનો, મંત્રોનો અને યંત્રોનો સમાવેશ થાય છે. મંદિરોમાં અને પ્રતિમાઓમાં ઈશ્વરની પ્રતિષ્ઠા શી રીતે કરવી, એનું તેમાં વિવેચન છે. આગમોના મુખ્ય વિષયો ચાર છેઃ ૧.જ્ઞાન ૨.યોગ અથવા ધ્યાન ૩.ક્રિયા અને ૪.ચર્યા આ ઉપરાંત બ્રહ્મ અને બ્રહ્માંડ, મુક્તિ, ધ્યાન, મંત્ર-તત્વ, ગૂઢ ચક્રો, માયા, ઇન્દ્રજાળ, મંદિરનિર્માણ, પ્રતિમાનિર્માણ, ગ્રહચર્યા, સામાજીક નિયમો અને જાહેર ઉત્સવોની વાત પણ કરવામાં આવે છે.

આગમો ને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યાં છેઃ વૈષ્ણવ, શૈવ, અને શાક્ત. હિન્દુ ધર્મના ત્રણ મુખ્ય સંપ્રદાયો વૈષ્ણવ, શૈવ અને શાક્ત-આ ત્રણ આગમોને પોતાના પ્રસ્થાન ગ્રંથો જેવા ગણે છે. વૈષ્ણવ આગમોનું બીજું નામ પંચરાત્ર પણ છે. એમાં વિષ્ણુની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. શૈવ આગમોમાં શિવનું મહાત્મ્ય છે. અને દક્ષિણ ભારતમાં પ્રવર્તતી શૈવ-સિદ્ધાન્ત નામે તત્ત્વ-વિચારણા એમાં જ છે. શાક્ત આગમો એટલે તંત્રો ઈશ્વરની ઉપાસના માતારૂપે કરે છે.

આગમોના પ્રામાણ્યનો આધાર વેદો ઉપર નથી. વેદોથી તેઓ સ્વતંત્ર છે. પરંતુ વેદોના તેઓ વિરોધીઓ પણ નથી. તેમનો આત્મા અને તેમની પ્રકૃતિ વેદોની જ છે અને માટે હિન્દુધર્મમાં તેમને મહાગ્રંથોનું સ્થાન આપવામાં આવ્યું છે.

વૈષ્ણવ આગમોઃ વૈષ્ણવો આગમો ચાર પ્રકારના છે. ૧.વૈખાનસ, ૨.પંચરાત્ર, ૩. પ્રતિષ્ઠા-સાર અને ૪. વિજ્ઞાન-લાલિત. બ્રાહ્મ, શૈવ, કૌમાર, વાસિષ્ઠ, કપિલ, ગૌતમીય અને નારદીય આ પંચરાત્રની સાત શાખાઓ છે. મહાભારતમાં શાંતિપર્વમાં નારદીય ખંડ છે તે પંચરાત્રને વિશે માહિતી આપનારો જુનામાં જુનો ઉલ્લેખ કહી શકાય.

પંચરાત્ર આગમોમાં વિષ્ણુ મધ્યબિંદુમાં છે. વૈષ્ણવો પંચરાત્ર આગમોને પ્રમાણભૂત ગણે છે. વિષ્ણુએ એ આગમો પોતાના ભક્તો માટે રચીને પ્રકાશિત કર્યાં તેવી તેમની માન્યતા છે. નારદ પંચરાત્રમાં કહ્યું છે કે બ્રહ્માથી માંડી અને તૃણ સુધી બધુ કૃષ્ણમય છે.

આ વિધાન "सर्व खलु इदं ब्रह्म" એવા ઉપનિષદના વિધાનને મળતું આવે છે. કુલ ૨૧૫ ગ્રંથો છે. એમાં ઈશ્વર, પૌષ્કર, પરમ, સાત્વત, બૃહદ્ બ્રહ્મ અને જ્ઞાનામૃત-સાર-સંહિતા વધુ અગત્યના છે

શૈવ આગમોઃ શૈવોના ૨૮ આગમો છે. 'કામિક' એમાં મુખ્ય ગણાય છે. કાશ્મીરમાં એક શૈવ સંપ્રદાય છે તેને 'પ્રત્યભિજ્ઞ' નામ આપવામાં આવ્યું છે. એનો આધાર પણ આ શૈવ આગમો પર છે. પ્રત્યભિજ્ઞ સંપ્રદાયના પાછળના ગ્રંથોમાં અદ્વૈતવાદ તરફ ઝોક છે. દક્ષિણનું શૈવમાર્ગ એટલે શૈવ સિદ્ધાંત અને કાશ્મીરનો શૈવમાર્ગ બંને આ આગમોને વેદોની સાથોસાથ પ્રમાણભૂત માને છે. દરેક આગમને પોત પોતાના ઉપ-આગમ પણ છે. તેમાંથી માત્ર ૨૦ની જ પ્રતો ઉપલબ્ધ છે અને તે પણ ખંડિત સ્થિતિમાં. શૈવ આગમોમાં શંકરની પ્રતિષ્ઠા છે. કળિયુગ માટે તેઓ સર્વથા ઉચિત છે. બધીયે જ્ઞાતિઓ અને સ્ત્રીઓ ને પુરુષો બન્નેને આ શૈવમાર્ગ એકસરખા અધિકારી ગણે છે.

શાક્ત આગમો(તંત્ર): શાક્ત આગમોનું બીજું નામ તંત્રો છે. શક્તિને જગદંબાને તેઓ પાસે છે. ઈશ્વરના શક્તિસ્વરૂપનો તેઓ મહિમા ગાય છે. અને તે જગદંબાની ઉપાસના કરવાના વિવિધ પ્રકારો સૂચવે છે. આગમો ૭૭ છે. બધીયે વાતે પુરાણો જેવા છે. શંકર અને પાર્વતી વચ્ચેના સંવાદની ગૂંથણી ઘણાખરામાં છે. કેટલાકમાં પાર્વતી પ્રશ્નો પૂછે છે અને શંકર જવાબ આપે છે. કેટલાકમાં એથી ઊલટું જ છે. મહાનિર્વાણ, કુલાર્ણવ, કુલસાર, પ્રપંચસાર, તંત્રરાજ, રુદ્ર-યમલ, બ્રહ્મ-યમલ, વિષ્ણુ-યમલ અને તોદાલતંત્ર આટલા અગત્યના છે. આગમો કેટલીક નિગૂઢ પ્રક્રિયાઓ પણ પ્રબોધે છે. આ પ્રક્રિયાઓ માણસને ઈન્દ્રિયાતીત શક્તિ આપે છે એમ કહેવાય છે. શક્તિ એ ભગવાન શંકરનું સર્જનાત્મક રૂપ છે. શાક્તમાર્ગ ખરી રીતે શૈવમાર્ગની પૂર્તિરૂપે છે. સાંખ્ય અને યોગનું લોકભોગ્ય સ્વરૂપ છે.

લોકપ્રિય ગ્રંથોઃ આગમો ઉપર લખાયેલા પુસ્તકોમાં સૌથી વધુ પ્રસિદ્ધ આટલાં છેઃ ઇશ્વરસંહિતા, અહિર્બુધ્ન્ય સંહિતા, સનતકુમાર સહિતા, નારદ પંચરાત્ર, સ્પંદ પ્રદીપિકા અને મહાનિર્વાણ તંત્ર.

દર્શનશાસ્ત્રઃ સૌથી વધુ બુદ્ધિપ્રધાન સાહિત્ય છે. ચાર અંતઃસ્ફુર્તિ-આત્મક છે. બાકીના ભાવાત્મક છે. દર્શનનો એ વેદોના પાયા ઉપર ઊભી થયેલી ભિન્ન ભિન્ન તત્વ-વિચારણાઓ છે. આગમો દેવતા વિષયક છે, જ્યારે દર્શનો તત્વ-વિષયક છે પુરાણો ઈતિહાસ અને આગમો સામાન્ય જનતા માટે છે જ્યારે દર્શનનો વિદ્વાનો જ પચાવી શકે તેવાં છે. સામાન્ય રીતે વેદાનુકુળ આસ્તિક

દર્શનો છ જ છે. પૂર્વ મીમાંસા, ઉત્તરમીમાંસા અથવા વેદાંત-બ્રહ્મસૂત્ર, ન્યાય, વૈશેષિક, સાંખ્ય અને યોગ. આમ તો ભારતીય દર્શનો ત્રીસેક જેટલાં થવા જાય છે. પરંતુ તેમાં, નાસ્તિક, બૌદ્ધ, અને જૈન દર્શનો પણ આવી જાય છે. દરેક દર્શનને પોતાના સૂત્રકાર ઋષિ છે. સૂત્રો મિતાક્ષરી હોય છે. ઋષિઓએ પોતાના વિચારો માટે આ ટૂંકામાં ટૂંકું વાહન શોધી કાઢ્યું છે. ભાષ્ય વગર તેમને સમજવા અઘરા છે. પરિણામે સૂત્ર ઉપર ભાષ્ય કરનારાઓનો એક મોટો વર્ગ ઊભો થયો છે. મૂળ ભાષ્યો ઉપર પછી વાર્તિકો, વિવરણો, ચૂર્ણિકાઓ આદિ લખાયા છે.

સૂત્ર કોને કહેવું... अल्पाक्षरमसन्दिग्धं सारवत् विश्वतोमुखम् ।अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः॥

કોઈપણ જાતની સંદિગ્ધતા વગરનું, અર્થના કેવળ અર્કને જ વ્યક્ત કરતું, બધા અર્થો સૂચવતું, અંતરાય કે વિરામ વગરનું અને બધી રીતે નિર્દોષ એવું શબ્દનું ઝૂમખું સૂત્રને નામે ઓળખાય છે.

સૂત્રકાર માટે એમ કહેવાય છે કે જો એ પોતાને જે કહેવું છે તે ઓછામાં ઓછા શબ્દોમાં કહી શકે તો તેને પુત્ર જન્મ જેટલો આનંદ થાય છે. પાણિનિની અષ્ટાધ્યાયી એ સૂત્ર સાહિત્યનું એક સર્વાંગસંપૂર્ણ નમૂનો છે. હકીકતમાં પાણિનિ તમામ સૂત્રકારોનો પૂર્વજ અને પિતામહ છે. પાછળના બધા જ સૂત્રકારોએ એની રચના પદ્ધતિનું અનુકરણ કર્યું છે. સૂત્રનો ઉદ્દેશ સ્મૃતિને સહાયરુપ બનવાનો છે. ઘણા બધા જ્ઞાનને અથવા માહિતીને એ નાનામાં નાના વિધાનમાં આવરી લે છે. છ વેદાંગો અને ષડ્દર્શનો એ બાર જગતનાં સૌથી વધારે મહત્વના સૂત્રસાહિત્ય છે. આ ઉપરાંત નારદ-ભક્તિ-સૂત્ર, શાંડિલ્ય-ભક્તિ-સૂત્ર વગેરે બીજા સૂત્રો પણ છે. જે કેટલીક વાર ઉપર જણાવેલા વિખ્યાત સૂત્રોની સાથે જાણે હરિફાઇમાં ઉતરતા હોય એટલી મહત્તા ધારણ કરે છે.

ભાષ્યઃ सूत्रार्थो वर्ण्यते यत्र पदैः सूत्रानुसारिभिः। स्वपदानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः ॥

સૂત્ર ઉપરના વિવરણને ભાષ્ય કહેવામાં આવે છે. એમાં એક એક શબ્દની આવશ્યક વિસ્તાર સાથે સમજણ આપવામાં આવી હોય છે. ઉપરાંત ભાષ્યકારનો પોતાનો વ્યક્તિગત દૃષ્ટિકોણ પણ તેમાં રજૂ કરવામાં આવ્યો હોય છે. પાણિનિના વ્યાકરણસૂત્રો ઉપર પતંજલિએ જે ભાષ્ય લખ્યું છે તે સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં ભાષ્યનો એક ઉત્તમ નમૂનો ગણાય છે. આ ભાષ્ય એટલું બધું ઉંચી કક્ષાનું છે અને અગત્યનું છે કે એને પરંપરા તરફથી મહાભાષ્યનું નામ પ્રાપ્ત થયું છે. અને એના રચયિતા પતંજલિને ભાષ્યકારના ગૌરવભર્યા બિરુદથી સન્માનવામાં આવ્યા છે. પતંજલિ તમામ સંસ્કૃત ભાષ્યકારોનો પ્રપિતામહ છે. એના પછીનું મહત્વ શંબરસ્વામીએ રચેલાં મિમાંસાસૂત્રોનું છે. ત્રીજું સ્થાન શંકર-રચિત બ્રહ્મસૂત્રને મળી શકે. ષડ્દર્શનો ઉપર વાત્સ્યાયન, પ્રશસ્તપાદ, વિજ્ઞાનભિક્ષુ, વ્યાસ, શબર અને શંકરે ભાષ્યો લખેલા છે. વેદાંત-સૂત્રો ઉપર લગભગ ૧૬ ભાષ્યો છે. જેમાં રામાનુજ, મધ્વ, વલ્લભ, નિમ્બાર્ક વગેરેના ભાષ્યો અગ્રસ્થાને છે.

વૃત્તિઃ वृत्ति सद्वृत्तिः संनिबन्धनः ।

સૂત્રને વધારે વિસ્તારથી અને વધારે વિશદતાથી પરંતુ સૂક્ષ્મ ઉંડાણમાં ઉતર્યા વગર, સમજાવવાનું કામ વૃત્તિઓનું છે, બ્રહ્મસૂત્ર ઉપર બોધાયનની વૃત્તિ એ પ્રકારના સાહિત્યનો એક સારો નમુનો છે.

वार्तिक– उक्तमनुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते ।तं ग्रन्थं वार्तिकं प्राहुः वार्तिकज्ञाः विचक्षणाः ॥

ભાષ્યમાં જે કાંઈ કહેવામાં આવ્યું હોય અથવા અધ્યાહારમાં રાખવામાં આવ્યું હોય અથવા અપૂર્ણપણે કહેવામાં આવ્યું હોય એ બધાના ઉપર વિવેચન પૂર્ણ વિચારણા કરવાનું કામ વાર્તિકનું છે. અપૂર્ણને તે પૂર્ણ કરે છે અને અધ્યાહારને તે પ્રગટ કરે છે. પાણિનિનાં સૂત્રો ઉપર કાત્યાયનનું વાર્તિક, તેમજ શંકરાચાર્યના ઉપનિષદ ભાષ્યો ઉપર સુરેશ્વરાચાર્યનું અને કર્મમિમાંસા પરના શબર ભાષ્ય ઉપર કુમારિલ ભટ્ટનું વાર્તિક... આટલા વાર્તિકો ખાસ નોંધપાત્ર છે

વ્યાખ્યાન અથવા ટીકાઃ મૂળ ગ્રંથની સરળ ભાષામાં અપાયેલી સમજૂતીને વ્યાખ્યાન કહેવામાં આવે છે. એમાં અહીં કહી ક્યાંક નવા પ્રકાશો પણ હોય છે. કાવ્યનું વ્યાખ્યાન પ્રત્યેક શ્લોકને આઠ જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી વિચારે છે. જેમ કે, પદચ્છેદ, વિગ્રહ, સંધિ, અલંકાર, અનુવાદ વગેરે. સંસ્કૃત સાહિત્ય-શાસ્ત્રના અભ્યાસમાં આ એક મહત્વનો વિષય છે. વ્યાખ્યાન ઉપર અનુવાખ્યાન પણ હોય છે જે ખૂબ વિગતવાર મૂળ વિષયની ચર્ચા કરે છે. મધ્વાચાર્યનું અનુવ્યાખ્યાન એ એનું ઉદાહરણ છે. મૂળ ગ્રંથની કઠિનતાઓ નિવારીને તેની શબ્દશહ સરળ રજૂઆત થાય, તેને અનુવાદ કહેવામાં આવે છે. ટીકા એ વ્યાખ્યાનનું બીજું નામ છે. વ્યાસભાષ્ય અને શાંકરભાષ્ય ઉપર વાચસ્પતિ મિશ્રનું વ્યાખ્યાન એ આ પ્રકારના સાહિત્યનો શ્રેષ્ઠ નમૂનો છે.

ટિપ્પણીઃ ટિપ્પણી એ લગભગ વૃત્તિ જેવી છે. તફાવત ફક્ત એટલો કે તે મૂળ સાથે, વૃતિ કરતાં વધારે છૂટછાટ લે છે. મૂળમાં આવતા શબ્દસમૂહોની સમજુતી તે આપે છે. પતંજલિના મહાભાષ્ય ઉપર કૈવટની ટિપ્પણી છે. અને કૈવટની ટિપ્પણી ઉપર નાગોજી ભટ્ટની ટિપ્પણી છે. તેમ જ ભામતી ઉપરની અમલાનંદની ટિપ્પણી ઉપર અપૈય્યની ટિપ્પણી છે, એ આ પ્રકારના સાહિત્યના ઉત્કૃષ્ટ પ્રતિનિધિઓ સમી છે.

બીજા શાસ્ત્રો કર્મકાંડ અને સંધ્યા ઉપાસનાઃ તેવરમ્ અને તીરુવાચયકમ્ઃ દક્ષિણ ભારતના શૈવ સંતોના સ્તોત્રો, અલવર સંતોના દિવ્યપ્રબંધો કબીરના ભજનો, તુકારામના અભંગો અને તુલસીદાસનું રામાયણ-મહાન આત્માઓના ઉદ્ગારો લેખે અદભુત શાસ્ત્ર ગ્રંથો ગણાય છે. વેદોનો અર્ક એમાં આવી જાય છે. મહાભારત રામાયણ અન્ય ભારતીય ભાષાઓમાં પણ લખાયા છે. તુલસીદાસે લખેલ શ્રીરામચરિતમાનસ હિન્દી રામાયણ ભારતભરમાં પ્રચલિત છે.

ધર્મોત્તર સાહિત્ય: સુભાષિતો-નીતિશાસ્ત્ર-અર્થશાસ્ત્ર.... સુ-ઉક્તિઓ, સદુપદેશો અને બોધાત્મક, નાની નાની વાર્તાઓને સુભાષિતો કહેવાય છે એ બધી પદ્યમાં હોઈ શકે અને ગદ્યમાં પણ હોઈ શકે. ભર્તૃહરિના ત્રણ શતકો, સુભાષિતરત્નભાંડાગાર, સોમદેવ ભટ્ટનો કથાસરિત્સાગર અને ક્ષેમેન્દ્રની બૃહત્કથામંજરી આ બધા સુભાષિત ગ્રંથો છે પંચતંત્ર અને હિતોપદેશ પણ આ જ વર્ગમાં આવી જાય છે

કાવ્યો ગદ્યમાં કે પદ્યમાં અથવા ગદ્ય-પદ્યમાં અત્યંત ઉચ્ચ કક્ષાની રચનાઓ છે. કાલિદાસની રચનાઓ (રઘુવંશ આદિ) ભારવિનું કિરાતાર્જુનિય, માઘનું શિશુપાલવધ, હર્ષનું નૈષધ-ચરિત્ર, આ બધાં શ્રેષ્ઠ પદ્ય કાવ્યો છે. બાણભટ્ટનાં કાદમ્બરી અને હર્ષચરિત શ્રેષ્ઠ ગદ્યકાવ્યો છે. ચંપૂરામાયણ અને ચંપૂભારત એ ગદ્ય-પદ્ય સાહિત્ય વર્ગમાં શ્રેષ્ઠ છે. આ બધી કૃતિઓ ભારતને સાહિત્યક્ષેત્રમાં યશસ્વી બનાવે છે.

નાટકો શૃંગાર, વીર, કરુણ, અદ્ભુત, હાસ્ય, ભયાનક, બિભત્સ અને રુદ્ર આઠેય રસના અદ્ભુત નાટકો સંસ્કૃત સાહિત્યમાં છે. કહેવાય છે કે, નવમો રસ શાંતરસ છે જેના નાટકો લખવા અશક્ય છે; કારણ કે શાંતરસનો અનુભવ મુક્તિ પ્રાપ્ત થયા પછી જ થાય છે. કાલિદાસનું શાકુંતલ, ભવભૂતિનું ઉત્તરરામચરિત અને વિશાખદત્તનું મુદ્રારાક્ષસ એ શ્રેષ્ઠ નાટકો છે.

નાટ્યશાસ્ત્ર-સંગીત-વ્યાકરણ-અલંકાર-કોશ-ગ્રંથો પણ સમાવિષ્ટ છે. કાવ્યશાસ્ત્ર, રીતિસૌંદર્ય, રચનાકૌશલ્ય, આદિની ચર્ચા કરતા અનેક અલંકારગ્રંથો છે. સંસ્કૃત સાહિત્યના પાયાના આ ગ્રંથો છે. મમ્મટનો 'કાવ્યપ્રકાશ' અને જગન્નાથનો 'રસગંગાધર' આ વર્ગમાં શ્રેષ્ઠ ગણાય છે. આયુર્વેદના ગ્રંથો, જ્યોતિષ, ગણિત, ભૂગોળ, સ્થાપત્ય વગેરે વિષયોનું અદ્ભૂત સંસ્કૃત સાહિત્ય નિર્માણ થયું છે. બૌદ્ધ અને જૈન સાહિત્યમાં પણ સંસ્કૃત ભાષામાં પુસ્તકો લખાયા છે. આ સંસ્કૃતને ગાથા સંસ્કૃત કહેવામાં આવે છે. સામાન્ય રીતે પ્રાકૃત અને પાલી ભાષાને વધારે મળતું આવે તેવું છે. આપણે હિન્દુ ધર્મશાસ્ત્રો જેનો આધાર વેદો છે, તે તમામ સંસ્કૃત ગ્રંથોનું વિહંગાવલોકન કર્યું.

આમ હિન્દુ ધર્મ સાહિત્યનું મૂળ વેદો-શ્રુતિ છે. સ્મૃતિ-ઇતિહાસો અને પુરાણો થડ છે. આગમો અને દર્શનો શાખાઓ છે. સુભાષિતો, કાવ્યો, નાટકો અને અલંકાર ગ્રંથો પુષ્પ છે. આ છે ભારતીય સંસ્કૃતિનું મહાવૃક્ષ.

સ્મૃતિઓ, ઇતિહાસો, પુરાણો, આગમો અને દર્શનો બધાં વેદોમાંથી જ ઉદભવ્યા છે. એમનો આવિર્ભાવ વેદોમાંથી જ થયો છે. અજ્ઞાનનો નાશ અને પૂર્ણતાની સાધના, મુક્તિ, અમરત્વ અને સનાતન આનંદ એ એમનું સૌનું એક માત્ર લક્ષ્ય છે. મનુષ્યને ઇશ્વર સમો બનાવવો, ઇશ્વરરુપ બનાવવો એ એમનો હેતુ છે.

આ પ્રકરણ લખવા માટે શ્રધ્ધેય સ્વામી શિવાનન્દ સરસ્વતીના અંગ્રેજી પુસ્તક All about Hinduism નો આધાર લીધો છે. જેમાં સ્વામીજી હિન્દુધર્મ વેદો આધારિત છે તે સ્પષ્ટપણે વ્યક્ત કરે છે.

૨.માનવજાત ભાષા અને લિપિ.

પૃથ્વીની ઉત્પત્તિ આશરે ૪.૫ અબજ વર્ષ(૪૫૦૦૦,૦૦૦,૦૦) પહેલાં થઈ ત્યારે, ધૂળ-વાયુના વાદળાં સ્વરૂપે અત્યંત ઊંચા ઉષ્ણતામાને થયેલી. તેનું ઘનીકરણ થતાં ૭૦૦૦ કરોડ વર્ષો લાગ્યા. તે વખતે પૃથ્વી પોતાની ધરી પર ઝડપથી ફરતી અને ૧૫ કલાકના દિવસ-રાત થતાં.

૨.૫ અબજ વર્ષો પહેલાં એકકોષી જીવો પ્રગટ્યા.
૪૯ કરોડ વર્ષ પહેલાં માછલીઓ કરચલા જેવા જીવ ઉત્પન્ન થયા.
૪૧.૭ કરોડ વર્ષો પહેલાં ઉભયજીવી અને કીટકો.
૩૨.૩ કરોડ વર્ષો પહેલાં સરીસૃપ નું અસ્તિત્વ પ્રગટ થયું.
૨૪.૮ કરોડ વર્ષો પહેલાં ડીનોસોર અને સ્તનધારી જીવો.
૨૦.૬ કરોડ વર્ષો પહેલાં પક્ષીઓ દેખાયા.
૧૪.૪ કરોડ વર્ષો પહેલાં primates અને ફૂલ ઝાડ જોવા મળ્યા.
૫.૪૮ કરોડ વર્ષોથી ૫૩લાખ વર્ષો પહેલાંના સમય દરમ્યાન
ઘાસ ચરતાં,માંસાહારી સ્તનધારી જીવો વિચરવા લાગ્યા.

૧૮ લાખ થી દસ હજાર વર્ષો પહેલાંના સમય દરમ્યાન માનવ સમાન અવયવોવાળા પ્રાણીઓનું અસ્તિત્વ નોંધાયું.૧૦ હજાર થી ૮ હજાર વર્ષો પહેલાં હાલના માનવ જેવા સ્વરૂપના બુદ્ધિશાળી જીવો પથ્થર અને અગ્નિનો ઉપયોગ કરતા થયા અને ટોળામાં રહેવા લાગ્યા.

આશરે છ હજાર વર્ષ પહેલાં હાલના માનવ જેવી બુદ્ધિશાળી માનવજાત પ્રગટી જેને ભાષા, લિપિ, ગણિત, ભૂમિતિનું જ્ઞાન થયું. જે આજદિન સુધી પૃથ્વી પર ઉત્પન્ન થયેલી જાતિઓ કરતાં વિશિષ્ટ હતું. હવે મનુષ્ય પાસે વિચાર-વહન અને વિચાર-સંગ્રહની ક્ષમતા આવી જેમાં માનવવિચારોને દૂરના સ્થળે મોકલવા અને ભવિષ્યની આવનારી પેઢી માટે સાચવવા ખૂબ ઉપયોગી થઈ અને ખરેખર સંસ્કૃત માનવ સભ્યતાની શરૂઆત થઈ. સંસ્કૃત ભાષાના કવિ **दण्डिन्** પોતાના **काव्यादर्श** માં લખે છેઃ

वाचामेव प्रसादेन लोकयात्रा प्रवर्तते ॥१.३॥

इदमन्धन्तमः कृत्स्नं जायेत भुवनत्रयम् ।

यदि शब्दाहवयं ज्योतिरासंसारन्न दीप्यते ॥ १.४ ॥

ભાષા માનવજાતિની અન્ય પ્રાણીઓ કરતાં વિશિષ્ટ સિદ્ધિ છે.માનવ સંસારની લોકવાર્તા ભાષાની કૃપા વિના શક્ય નથી. શબ્દરૂપી જ્યોત વડે આ સંસાર પ્રકાશિત ન થાય તો ત્રણેય લોકમાં સંપૂર્ણ અંધકાર છવાઈ જાય.

પશુતામાંથી સભ્યતા તરફ લઈ જનાર પ્રથમ પગલું વાણી અને લિપિની શોધ છે. હથિયારોનો ઉપયોગ, ચક્રનો ઉપયોગ, અગ્નિની શોધ, પ્રાણીઓ પાળવાની યોજના, જમીન ખેડવાની પદ્ધતિ અને ધાતુવિદ્યા માનવજાતની પ્રગતિના મહાન પગલાંઓ ગણાય છે.

અન્ય પ્રાણીઓ પણ મહત્વની લાગણીઓ કે ઇચ્છાઓ વ્યક્ત કરવા અમુક પ્રકારના વિશિષ્ટ ધ્વનિઓ મર્યાદિતપણે કાઢે છે. ધ્વનિઓ સહજ રીતે નીકળી પડેલા ઉદ્દગારો છે કોઈ વિશિષ્ટ પ્રકારની અર્થવત્તા નથી વળી પ્રાણીઓ ધ્વનિ-પરિવર્તન કરી વિશિષ્ટ ઉદ્દેશ પ્રગટ કરી શકતા નથી. જે માણસ સહેલાયથી કરી શકે છે કારણ કે માનવનું ધ્વનિયંત્ર ખૂબ વિકસિત હોવાથી અનેક ધ્વનિઓ કાઢી શકવા સમર્થ છે અને આ ધ્વનિઓ વિચારો, ભાવો અને ઈચ્છાઓના વાહક છે. વળી હેતુપૂર્વકના નવીન અર્થાપત્તિવાળા ધ્વનિપરિવર્તનો કરવાની શક્તિ વડે ભાષા જેવું સાર્થક, સંકુલ, સમૃદ્ધ ધ્વનિ સંયોજન માનવજાતે વિકસાવ્યું છે. માનવ ધ્વનિઉત્પાદક-સહાયક અંગોનું મૂળ કામ વાણી ઉત્પાદન કરવાનું નથી,જેમકે નાસિકા શ્વાસ-ઉચ્છ્વાસનું નિયમન કરે છે, મુખ ખોરાક પાણી સ્વીકારે છે, સુકુમાર તાલુ ખોરાકને નાસિકા પથમાં જતો અટકાવે છે, દાંત અન્ન ચાવવાનું કામ કરે છે,ચાવેલા અન્નને જીભ અન્નનળીમાં પહોંચાડે છે. તેમ છતાં આ બધાં અંગો વાણી ઉત્પાદનમાં સહાયરૂપ થાય છે. માનવ કર્ણેન્દ્રિય પણ વાયુના સૂક્ષ્મ સ્પંદનોને ગ્રહણ કરવા સક્ષમ છે. માનવશરીરની બે પગે ચાલવાની શક્તિ, મુખથી વસ્તુ પકડવાની શૈલીથી દૂર રાખે છે. આ ગ્રહણ શક્તિ હાથ વડે થાય છે તેથી મુખને બોલવાનો અવકાશ મળી રહે છે. અન્ય પ્રાણીઓની જેમ માનવનું જાતિયચક્ર ચોક્કસ ઋતુમાં નિયંત્રિત ન હોવાથી, માનવ સ્ત્રી-પુરુષ બધી ઋતુઓમાં સાથે રહે છે, વળી માનવ શિશુની અસહાય અવસ્થાનો લાંબો સમય હોઈ સહજીવન દીર્ઘકાળ સુધી ટકી રહે છે. જેથી પરસ્પરને વિચાર લાગણી પ્રદર્શિત કરવાની વૃત્તિ પુનરાવર્તન થાય છે આ પરિસ્થિતિ ભાષા અને વાણી-વ્યવહારનું કારણ બને છે.

ભાષાની ઉત્પત્તિની વિવિધ કલ્પનાઓ કરવામાં આવી છે, છતાં ભાષાનો વિકાસ દીર્ઘકાલીન સમાજ સાથેના સંપર્ક અને વ્યવહારો રાખવાથી જ થાય છે. સમાજે પરંપરાથી પરસ્પર વ્યવહાર માટે જે ભાષા સ્થાપી હોય છે તે બાળપણથી ક્રમેક્રમે વિકસે છે એટલે ભાષા મનુષ્યને સમાજ તરફથી મળેલું પ્રદાન છે. નાનું બાળક સમાજથી છૂટું પડી જાય અને જંગલમાં જ ઉછરે તો ભાષાનું હાર્દને સમજી શકે નહીં ભાષા મનુષ્યને મળેલો સામાજીક વારસો છે જેનાથી એક સરખા વિચારો દુર દેશમાં પ્રસરાવી શકાય છે કે ભવિષ્યની પેઢી માટે સંગ્રહી શકાય છે.પૃથ્વી પર અન્ય મનુષ્યેતર જાતિ માટે આવી શક્યતા ન હોવાથી સભ્યતા-સંસ્કૃતિ નો વિકાસ સાધી શક્યા નથી.

પોતાની લાગણી, વિચાર અન્યોને સ્પષ્ટ રીતે સમજાય એવા ધ્વનિસમૂહો રૂપી વાણીનું સાધન તે ભાષા. પોતે બોલે છે પણ તેના કરતાં બીજા સાંભળે અને અર્થગ્રહણ કરે તેવું કેન્દ્રીય તત્ત્વ મહત્ત્વનું છે ભાષાના ઉદ્ભવ અગાઉ ઈશારા Gesture ચેષ્ટાઓ વડે વિચાર વિનિમય થતો. આજે પણ બોલાતી ભાષાઓમાં મુખ, શરીર, હોઠ, આંખો, ખભા, હાથના ઉપયોગ; પોતાના વિચાર મજબૂત રીતે પ્રદર્શિત કરવા થાય છે. સહેલામાં સહેલી ચેષ્ટા 'હા'ની સંમતિ માટે ઉપર નીચે માથું હલાવવામાં આવે છે. તેવી જ રીતે ના પાડવા માટે ડાબી-જમણી માથું હલાવવામાં આવે છે. સ્વગત બોલનાર, પશુઓ સાથેના વ્યવહારમાં, નાટ્ય અભિનયમાં, બહેરા મૂંગાની વિવિધ ચેષ્ટાવાળી ભાષા, વાણી સિવાય અન્ય શરીરના અંગોની ચેષ્ટા વાણી-વિચારના સમર્થનમાં કુદરતી રીતે કે પ્રયત્નપૂર્વક થાય છે, છતાં ચેષ્ટાઓ ભાષાનું સ્થાન લઈ શકતી નથી, માત્ર પોતાના કથનને ભારપૂર્વક સમર્થન આપવાનો હેતુ હોય છે વળી અંધારામાં કે અંધજન સામે ચેષ્ટાઓનું પ્રદર્શન નિષ્ફળ નીવડે છે.

ભાષાની અભિવ્યક્તિ ત્રણ પ્રકારે થાય છે, પ્રથમ પરસ્પર વાર્તાલાપ-વાતચીત. ભાષણ કે વ્યાખ્યાન દ્વારા સભા-જનસમૂહને સંબોધન અને ત્રીજી અભિવ્યક્તિ લખાણ-લિપિ ચિન્હો દ્વારા વાણીનું દશ્ય સ્વરૂપ.

વાણીના બે પ્રકાર છે નિરુક્તા અને અનિરુક્તા નિરુક્તા વાણી પ્રગટ થાય અને સાંભળી શકાય તેવી રીતે વ્યક્ત થતી હોય છે.(ગદ્ય-પદ્ય-ગેય) જ્યારે અનિરુક્તા અપ્રગટ અને અવ્યક્ત હોય છે. વૈખરી વાણી નિરુક્તા હોય છે. મધ્યમા વાણી ક્યારેક નિરુક્તા અને ક્યારેક અનિરુક્તા હોય છે અને પરાવાણી કેવળ નિરુક્તા હોય છે.

વૈખરીવાણીના બે પ્રકાર છે વ્યાકૃતા અને અવ્યાકૃતા જે વર્ણોને અર્થસભર બનાવી પરસ્પર વાગવ્યવહાર માટે વપરાય છે. પોતાની ભાષાના વિશેષ નિયમ અનુસાર જે ધ્વનિઓનો ઉપયોગ થાય છે તે વ્યાકૃતા છે આ સિવાયની અન્ય ધ્વનિઓ અવ્યાકૃતા હોય છે. જેમાં પશુપંખીની બોલી, બાળકોની તોતડી બોલી, હા-ના માટે થતા પુચકાર-ડચકાર, ઉપરાંત ઓડકાર, સીસકાર, સીટી વગાડવી, પાલતુ પશુઓ સાથે થતી ખાસ ધ્વનિ..... અવ્યાકૃતા ધ્વનિ છે. ઘણીવાર અવ્યાકૃતા ધ્વનિનું વર્ણન કરી શકાય છે, જેમ કે ગાય ભાંભરે છે, વાદળાં ગર્જે છે, ટનનન ઘણ્ટારવ થાય છે, પવન સુસવાટા મારે છે, વગેરે શબ્દો અને વાક્યો વ્યાકૃતા વાણીના નિયમિત ભાષા-વ્યાકરણ-વર્ણમાળાની મર્યાદામાં હોય છે. વાણી શ્રુતિ-મધુર (સાંભળવી ગમે તેવી) અને શ્રુતિ કઠોર એમ બે પ્રકારે છે. નાટ્ય, અભિનય, સંગીત અને સાહિત્યમાં મધુર કઠોર સૂક્ષ્મ ભાવ રસના પ્રદર્શન રૂપે જોવા મળે છે. શાંત, શૃંગાર, કરુણ, હાસ્ય, અદ્ભુત, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, એમ નવ રસ છે. ઉપરાંત વાત્સલ્ય અને ભક્તિ રસ પ્રદર્શિત થતા હોય છે પણ તે શાંત-કરુણ રસમાં સમાવી લેવાય છે.

આ સિવાય જીભના આસ્વાદ્ય છ રસ છે, મધુર, ખાટો, કડવો, તીખો, તૂરો અને ખારો. આ રસો પણ વાણી પ્રદર્શનમાં મધુર કઠોર લાગણી ઊભી કરે છે જેમ કે, કડવો ખારો તીખો રસ અણગમો લાવે છે. મધુર મીઠો ગળ્યો રસ સૌને આનંદ આપે છે.

દુનિયામાં વિવિધ સ્થળે ૨૭૯૬ જેટલી ભાષાઓ બોલાય છે. ઘણી ભાષાઓમાં સામાન્ય પણું-common element હોય છે, તેના આધારે ભાષા જૂથો નક્કી કરવામાં આવ્યા છે.

ભાષાવિજ્ઞાનની પદ્ધતિસરની શરૂઆતઅઢારમી સદીના અંતમાં યુરોપિયન વિદ્વાનોએ જ્યારે સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરૂ કર્યો ત્યારથી ગણી શકાય સંસ્કૃતના કેટલાક શબ્દો જેમના તેમ અથવા થોડા ઉચ્ચારણ-ભેદ સાથે લેટિન-ગ્રીસ-ફારસી ભાષાઓમાં મળી આવ્યા. અને ભાષાઓના તુલનાત્મક અભ્યાસની નવી દિશા મળી.

સૌપ્રથમ ફ્રેન્ચ પાદરી કૂર્દોએ ઈ.સ.૧૭૬૭માં ફ્રેન્ચ ઇન્સ્ટિટ્યૂટને એક પત્ર લખી સંસ્કૃત અને લેટિન ભાષાના શબ્દોનો ઉલ્લેખ કરી, તેનો પરસ્પર સંબંધ હોવાનું નોંધેલું. ઈ.સ.૧૭૯૬માં સર વિલિયમ જોન્સ નામના વિદ્વાને સંસ્કૃત ભાષા પ્રાચીન હોવા છતાં ગ્રીસ અને લેટિન ભાષા કરતાં ખૂબ જ સમૃદ્ધ છે. અલંકરણમાં પણ શ્રેષ્ઠ છે. ફારસી ભાષા પણ સંસ્કૃતની અસર નીચે છે. ફ્રેડરિક ફૌન શ્લેગલ નામના વિદ્વાને ઈ.સ.૧૮૦૮માં માનવ માત્રની ભાષાઓને બે ભાગમાં વહેંચી નાખી. જેમાં સંસ્કૃત સાથે સમાનતા રાખતી ભાષાઓ અને બીજા વર્ગમાં બાકીની બધી ભાષાઓ રાખી. અને ભાષાઓના પરીક્ષણની શૈલી વિકસાવી.

ઓગણીસમી સદીના પ્રથમચરણમાં ભાષાઓના પરીક્ષણના કાર્યને યુરોપના વિદ્વાનોએ ઉપાડી લીધું, જેમાં જર્મનીના ફ્રાન્ત્સ બૌપ(ઈ.સ. ૧૭૯૧), યાકોબ ગ્રિમ(૧૭૮૫), અને ત્રીજા ડેન્માર્કના રાસ્મસ રાસ્ક ભાષાઓના તુલનાત્મક અભ્યાસમાં અગ્રગણ્ય છે. પછીના વર્ષોમાં અનેક વિદ્વાનોએ સંસ્કૃત સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. મેક્સમ્યુલર, વ્હીટની, મેકડોનેલ, રોથ વગેરે મહત્વના નામો છે. અમેરિકામાં પણ બ્લુમફિલ્ડ જેવા વિદ્વાનોએ ભાષાના સંશોધનો સંસ્કૃતને પ્રાધાન્ય આપી કર્યા છે.

૩.આલ્ફાબેટ.

ભારતીય ધર્મશાસ્ત્રો સજીવસૃષ્ટિના ચાર ભાગ પાડે છે અંડજ, જરાયુજ, ઉદ્ભિજ, અને સ્વેદજ. જે સંપૂર્ણપણે તાર્કિક છે. ઈંડામાંથી જન્મતા જીવો સરિસૃપો-Reptiles અને પક્ષીઓ-Birds, જન્મતી વખતે જે જીવો ગર્ભમાં જર કે ઓર(placenta પાતળી ચામડીનું સ્તર)થી વીંટળાયેલા હોય છે અને માતાના સ્તન દ્વારા પોષણ મેળવી વૃદ્ધિ પામે છે તે સ્તનધારી જીવો-Mammals જરાયુજ ગણવામાં આવે છે. માનવજાત-Mammals પ્રકારના જીવોમાં સમાવિષ્ટ છે. ઉદ્ભિજ પ્રકારના જીવો જે જમીનમાં દટાયેલા પડ્યા રહે તો પણ અનુકૂળ સંજોગોમાં જમીન તોડી બહાર નીકળે છે તે વનસ્પતિ, વૃક્ષો અને ઘાસ પ્રકારની જીવસૃષ્ટિ છે. સ્વેદજ પ્રકારના જીવો પરસેવાથી કે બાફથી ઉત્પન્ન થાય છે તે માખી-મચ્છર-પતંગિયા વગેરે insects પ્રકારના જીવો.

આ દુન્યવી સૃષ્ટિમાં માનવજાત(Mammals) મહત્તમ બુદ્ધિશાળી જીવ છે એટલે અન્ય ચોપગાં પ્રાણીઓથી જુદો પડે છે. માનવજાતની પ્રગતિના સોપાનોમાં... હથિયારોનો ઉપયોગ, અગ્નિની શોધ, પ્રાણીઓ પાળવાની યોજના, જમીન ખેડી અનાજ ઉત્પાદન કરવાની યોજના અને ધાતુવિદ્યા મુખ્ય ગણાય છે. તેમ છતાં આ બધી શોધોમાં ભાષા લિપિ ગણિત ભૂમિતિ ની શોધ સર્વોપરી છે. કહેવાતો સંસ્કૃત-Civilised man ત્યારે જ બન્યો જ્યારે ભાષા અને લિપિનું જ્ઞાન વિકસાવ્યું. ભાષા લિપિની શોધ વડે તે પોતાનું જ્ઞાન આવનારી પેઢીઓ માટે અને દૂરના સ્થળે જ્ઞાન પ્રસાર માટે કરી શકો એટલે લિપિની શોધ સિવાય અન્ય શોધો

ગૌણ બની રહી. આજે પણ ભાષા લિપિ ન જાણનારને આદિવાસી ગણવામાં આવે છે. અન્ય પ્રાણીસૃષ્ટિ મર્યાદિત ધ્વનિસંકેતો વડે આહાર-નિદ્રા-ભય-મૈથુનની લાગણીઓ પ્રગટ કરી શકે છે પરંતું એને ભાષા ન કહી શકાય.

લેખનકલાના વિકાસમાં ત્રણ તબક્કા જોવા મળે છે જેમાં ચિત્રાંકન કે ચિત્રલિપિ (pictographic writing) જેમાં પ્રાકૃતિક સજીવ કે નિર્જીવ વસ્તુઓના ચિત્રો દ્વારા કે ચિત્રસમુહોના રૂપમાંથી કોઈ વિચાર-સંદેશ કે વાર્તાના અર્થ કાઢી શકાય છે. અહીંથી આગળ મૂળ ચિત્રોમાંથી વિકાસ પામેલી આકૃતિઓ વડે વિચાર કે વસ્તુ વ્યક્ત થાય ત્યારે વિચારસંકેત કે શબ્દસંકેત લિપિ(Ideographic writing) કહેવાય છે ચિત્રાત્મક સંકેતોના સરળ ટૂંકા રૂપ વિકસાવી અક્ષર બનાવાય છે。 જે જુદી જુદી જાતની ધ્વનિઓના પ્રતીક રૂપે છે દરેક મૂળાક્ષર એક ધ્વનિનું ચિન્હ છે તેને (Phonetic Writing) ધ્વન્યાત્મક લિપિ કહેવાય છે.

Pictography-ચિત્રલિપિ: લેખન કલાનું અત્યંત પ્રાચીન અને પ્રાથમિક સ્વરૂપ છે. આદિમાનવોનો સમાજ વિકસીત થતાં જુદા જુદા સમૂહો અને જાતિઓ પરસ્પર સંપર્કમાં આવતા Communications-વ્યવહારો વિચારોની આપ-લે જરૂરી બનતા યુદ્ધ અને સ્વરક્ષણ બાબતની સૌ સમજી શકે તેવી ચેષ્ટાઓ, ચિન્હો કે ચિત્રોની યોજના ઉભી કરવી પડી હશે。 પણ આ ચિત્રો કે ચિત્રસમૂહોની પદ્ધતિ સંપૂર્ણ કોમ્યુનિકેશન માટે અધૂરી રહેતી. ચિત્રપટ કોઈ વિચારનું સૂચન કરતો પણ તેના દરેક અંગો માટે ધ્વનિસંજ્ઞાઓ દરેક વખતે એકરૂપ રહેતી નહિ. દાખલા તરીકે માછલીનું ચિન્હો માછલી જળ સમુદ્ર સુચન કરતુ અને જેણે જેવી ભાષા સ્વીકારી હોય તેઓ ધ્વનિ કાઢી શકાતો જેમ કે અંગ્રેજ fish, water, sea (ફીશ-વોટર-સી) જેવો ધ્વનિ કાઢી શકે તો કોઈ ગુજરાતી માછલી પાણી દરિયો કહેશે અથવા તો ચિત્ર લિપિ ના ઉપયોગો વખતે ભાષાની કોઈ જાણકારી જ નહી હોય એમ માની શકાય આવા ચિત્રપટો માંથી ઘણી વાર એક કરતાં વધારે અર્થ નીકળતા તો ક્યારેક નક્કી કરેલાં હાથ ભુલાય જતાં, જોકે આ લેખન કલાની બાલ્યાવસ્થા હતી.

સિંધુ સુમેર અને ઇજિપ્તમાં ચિત્રલિપિ પરથી ઇ.સ.પૂર્વે ૩૫૦૦ ની આસપાસ એક ચોક્કસ ભાષા-લિપિ-ગણિતનો વિકાસ થયો અને તેઓની સંસ્કૃતિ આજે પણ યાદ કરાય છે જે લોકો ચિત્રલિપિથી આગળ ન વધી શક્યા તેઓ વિકાસ સાધી શક્યા નહીં.

ચિત્ર લિપિના અત્યંત પ્રાચીન નમૂના સુમેરીયા, ઈજીપ્ત, ફ્રોનેશિયા, ક્રિટ, સ્પેન, દ્ક્ષિણ ફ્રાન્સ, ભારત અને અન્ય દેશોમાં મળી આવે છે આજે પણ મધ્ય આફ્રિકા ઉત્તર અમેરિકા અને ઓસ્ટ્રેલિયાની આદિમ જાતિઓમાં ચિત્ર લેખનની પદ્ધતિ પ્રચલિત છે.

ઝાડની છાલ પર, લાકડા પર, ચામડા પર, હાડકા કે હાથી દાંત પર, પહાડોની શિલા પર ચિત્રાંકન થયેલું જોવા મળે છે. તે સિવાય અગાઉ સ્મૃતિસહાયક રચનાઓ વડે લેખનકલા સમાંતર કામકાજ ચાલતું. આ પદ્ધતિ પણ લેખનકલાની શરૂઆત જેટલી પ્રાચીન છે. જેમાં કાપા પાડેલી નિશાનીવાળી લાકડાની પટ્ટીઓ, ગાંઠો પાડેલી દોરીઓ (પેરુના કુઈપુ-Quipu) છીપોના ખંડો વડે બનાવેલી પટ્ટીઓ (ઈરોક્વાના વામ્પુમ-Wampums) વગેરે છે. વામ્પુમ અને કુઈપો સ્મૃતિ સહાયક રચનાઓ(Mnemonic Contrivances) કહી શકાય. લેખનકલામાં સમાવિષ્ટ ન કરી શકાય.

ચિત્રો દોરી વિચાર રજુ કરવો એ લેખનકળાનું મૂળ છે. સુમેરિયન કીલાક્ષરો (દુનિયાની સૌથી પ્રાચીન લિપિ cuiniform) અને ઇજિપ્તની હાઈરોગ્લિફ લિપિમાં ચિત્રોનો ખૂબ ઉપયોગ થયો છે. અત્યંત પુરાતન કાળમાં મધ્ય યુરોપની ગુફાઓમાં વસતા આદિમાનવે શીતકટિબંધમાં દેખાતાં આદિમ હાથી-mammoth, વાળવાળા ગેંડા, જંગલી પાડા-Bison અને જંગલી સાંઢના ચિત્રો ગુફાઓની દીવાલો પર આલેખ્યા છે. આ પ્રાકૃતિક ચિત્રો; ચિત્રો મટી પદાર્થોના સંકેત રૂપ ગણાવા લાગ્યા ત્યારે લેખન કલાના વિકાસમાં મહત્વનું સોપાન શરૂ થયું.

વિચાર સંકેતલિપિ (Ideographic writing): પ્રાગૈતિહાસિક માનવે વિચાર સંકેતો સૌપ્રથમ પ્રાકૃતિક પદાર્થો પરથી બનાવ્યા હતા; સૂર્ય, ચંદ્ર, મનુષ્ય, માછલી, વેહેતા પાણીના તરંગો, બળદ, આંખ, કાન, સ્ત્રી, પુરુષ વગેરે. પછી ક્રિયાઓ દર્શાવવા માનવ શરીરના અંગોના ચિત્રો દોર્યા; જેમકે ચાલવાની ક્રિયા માટે પગનું ચિત્ર, જોવા માટે આંખ, રોવા માટે આંસુ નીતરતી આંખ. આ ચિત્રોના અર્થઘટન માટે ભિન્ન ભિન્ન ભાષાઓ બોલનાર અને નિરક્ષર વ્યક્તિ પણ અર્થઘટન માણી શકતા એ એની નોંધપાત્ર વિશેષતા છે. જે આજે પણ અનુભવી શકાય છે. માર્ગ સલામતીના ચિત્રો-ચિન્હો, તેમ જ રેલ્વે સ્ટેશન, એરપોર્ટ પર વિવિધ સુવિધાઓ દૂરથી, ગમે તે ભાષા જાણનાર, પ્રવાસી કે નિરક્ષર વ્યક્તિને સમજવા સહેલાં પડે તે માટે રાખવામાં આવે છે.

Logogram અથવા Logograph આ Ideographic Writings જ છે પરંતુ અહીં ચિત્ર ને બદલે ચિન્હ (character) પણ વાપરવામાં આવે છે. જે શબ્દ અથવા વાક્યાંશ(word or phrase) રજુ કરે છે.

Logographic system લેખનકલાનું પ્રાચીન અને પ્રાથમિક સ્વરૂપ છે. જેનો ઉપયોગ પ્રાચીન સભ્યતાઓ..... ઈજિપ્ત, સુમેરિયા, મધ્ય અમેરિકા, ચીન, દ્વારા થયો છે.

Cuiniform અને Heiroglyph કે chinise લિપીઓ દ્વારા હજારની આસપાસ Pictograph, Ideograph કે Logographનો ઉપયોગ થયો છે. જે ઘણીવાર લંબાણ ભર્યો અને કંટાળાજનક અને સાક્ષરતા ઘટાડનારો બની રહે છે. આથી માનવ મસ્તીષ્કમાં રહેલી અગાધ વિદ્વતા વડે Phonetic Writing System (ધ્વન્યાત્મક લિપિ)વાળી વર્ણમાળા-Alphabatનો વિકાસ થયો. કહેવાય છે કે ફ્રોનેશિયનો વેપારી માણસો હતા. વેપારીઓને પોતાના ખરીદ-વેચાણ અને સંગ્રહની નોંધ રાખવી જરૂરી બને અને આવી હજારો ચિત્રો વાળી લિપિઓ યાદ રાખવી અને શીખવવી અઘરી થઇ પડે. ઇ.સ. પૂર્વે ૧૬૦૦-૧૫૦૦માં

ક્યુનિફોર્મ કે હાયરોગ્લિફમાં હજાર, હજાર સંકેતો હતા. એક જ જાતના ધ્વનિ માટે ૨૫-૫૦ જેટલા સંકેતો હતા. જેનું સંકલન કરી ૨૨ ધ્વનિના વર્ણવાળી એક વર્ણમાળાની રચના કરી. જે મોટેભાગે વ્યંજનાત્મક છે. આ બાવીસનો અંક પણ અદ્ભૂત છે કે, માનવ ધ્વનિ-ઉત્પાદક અવયવો મૂળમાં ૨૧ ધ્વનિ કાઢી શકે છે. જેમાં અનુસ્વાર-વિસર્ગ અને સ્વરમિલન વડે અનેક ધ્વનિપરિવર્તનો મેળવી શકાય છે. મૂળ ૨૧ ધ્વનિમાં પરિવર્તનો લાવી પાણિનિએ ૬૩ વર્ણની વર્ણમાળા વિકસાવી છે. તે માનવ બુદ્ધિની પરાકાષ્ઠા છે.

ચિત્રાંકનોમાંથી ધ્વનિસંકેતો મેળવતા ચિત્ર તો પુરા પદાર્થ કે વસ્તુનું ચિત્રણ દર્શાવતું પણ વર્ણમાળામાં માત્ર પ્રથમ ધ્વનિનું પ્રતિક બની રહ્યું; ઉદાહરણ તરીકે હાયરોગ્લિફમાં Lion-લાયન સિંહનું ચિત્ર L ના સ્થાને મુકાતું તે વર્ણમાળામાં એલ ધ્વનિનો વર્ણ બની ગયું, જો કે બધી સેમેટિક વર્ણમાળાઓમાં મૂળ ધ્વનિના પ્રતિક ઉપરાંત અક્ષરોના નામ જે તે ચિત્રો પરથી આવ્યા છે તે સચવાઈ રહ્યા છે. ભારતીય વર્ણમાળામાં મૂળધ્વનિ જ અક્ષર છે. અક્ષરનું કોઈ વિશિષ્ટ નામ નથી. જેમકે, દેવનાગરીમાં બોલાતો અ અન્ય સેમેટિક વર્ણમાળામાં આલ્ફા અલેફ A તરીકે પ્રતિનિધિત્વ કરે છે. રોમન લિપિનો વર્ણ એ-A હોવા છતાં, શબ્દમાં અ ના ધ્વનિ તરીકે પણ ઉચ્ચારણ થાય છે. જેમ કે Ashok. આમ ધ્વન્યાત્મક લેખન પદ્ધતિ આલ્ફાબેટ સૌથી વધારે વિકસિત પદ્ધતિ છે અને આજના સભ્ય જગતમાં અગ્રેસર છે. ચિત્રલિપિમાંથી ક્રમિક વિકાસ થતાં પાંચ કક્ષાઓ પસાર કરીને ધ્વન્યાત્મક વર્ણમાળા-આલ્ફાબેટ Alphabet નો ઉદય થયો છે. (૧)સૌ પ્રથમ ચિત્રો સરલીકૃત-Simpalified અને સંકેતરૂપ-conventionalised બન્યા. (૨)પછી ચિત્રલિપિના સંકેતો સામાન્ય મનોગત વિચાર કરવાને બદલે તે પદાર્થના ધ્વન્યાત્મક ઉચ્ચારણોના પ્રતિક બન્યા. ત્યાર બાદ (૩)એ સંકેતો સમગ્ર શબ્દને બદલે એક વ્યંજન પ્રદર્શિત કરવા લાગ્યા. પછી (૪)વ્યંજનોના પ્રતિક બની રહ્યા. બાકીની શબ્દ-ધ્વનિ-સંજ્ઞાઓ કાળગ્રસ્ત થઈ ગઈ. (૫)આ રીતે ઉદભવેલા વ્યંજન-સમુહમાં સ્વરસંજ્ઞાઓ ઉમેરાઈ અને એ રીતે ધ્વન્યાત્મક પદ્ધતિ અમલમાં આવી. આ કલ્પનાને ઘણા પુરાતત્વીય આધારો છે. ૧૯મી સદીમાં થયેલા પ્રાચીન લિપિ ઉકેલવાના પ્રયત્નો એ મહત્વનો ભાગ ભજવ્યો છે.

વિશ્વની સૌથી પ્રાચીન લિપિ સુમેરિયાની ક્યુનિફોર્મ-Cuneiform કિલાક્ષરવાળી લિપિ માનવામાં આવે છે.જેની શરુઆતનો સમય ઇ.સ.પૂર્વે ૩૫૦૦ની આસપાસનો સમય ધારવામાં આવે છે. ત્યારબાદ થોડા વર્ષોમાં ઇજિપ્તની હાયરોગ્લિફિક-Hieroglyphic લિપિનો ઉદય થયો. બંને લિપિઓ એકબીજાથી સ્વતંત્ર રીતે વિકાસિત થયેલી છે. આ લિપિઓમાં ચિત્રલિપિ-Pictografphic,વિચારસંકેતલિપિ-Ideographic writing,લોગોગ્રાફિક Logographic writing અને ધ્વન્યાત્મક લિપિ Phonetic writing નો બહોળા પ્રમાણમાં ઉપયોગ થયો છે. આ જ સમયગાળામાં ભારત, ચીન અને દક્ષિણ અમેરિકામાં ચિત્રલિપિઓથી કંઈક વિશેષ એવી લેખનકલાનો વિકાસ થયો છે. અહીં આપણે નોંધવું જોઇએ કે, દરેક લિપિઓનો સ્વતંત્ર રીતે વિકાસ થયો છે. ભારતીય ઉપખંડમાં સિંધુસભ્યતાની લિપિ સુમેરિયા- ઈજીપ્ત-ચીનને સમકાલીન હોવા છતાં (ઈ.સ.પૂર્વે ૩500) હજી સુધી ઉકેલી શકાઈ નથી.

૪.ભારતીય પુરાલિપિ

આપણે ભારતીય ઉપખંડમાં પ્રાચીન સમયમાં કઈ લિપિઓનો ઉપયોગ ભારતીય ભાષાઓ માટે થતો તે વિષે વિચાર કરવાના છીએ આપણો ઉદ્દેશ્ય વેદકાળમા ઋગ્વેદ કઈ લિપિમાં લખાયો? તેના અનુમાનો નોંધવાનો છે વેદકાળમાં વિદ્વાનોની ભાષા વેદકાલીન સંસ્કૃત જ માનવાની છે કારણ કે તે સમયના મળી આવતા બધા ગદ્ય-પદ્ય લખાણો સંસ્કૃત ભાષામાં જ છે. સંસ્કૃત સિવાય સ્થાનિક ભાષાઓનું પણ અસ્તિત્ત્વ હતું. જેમાં પ્રાકૃત અને પાલિ ભાષા મુખ્ય છે. કોઈ પણ ભાષાનું વાહન લિપિ છે. જે માનવજાતના વિચાર સંગ્રહો આવનારી પેઢી માટે સાચવી રાખે છે અને દૂર દેશોમાં પણ ત્યાં રહેતી પ્રજા માટે માર્ગદર્શક નીવડે છે. સભ્ય માનવનું પ્રથમ ચિન્હ ભાષા અને લિપિ છે. અન્ય પ્રાણીઓને કુદરતે આવી ક્ષમતા આપેલી નથી.

ભારતમાં સૌપ્રથમ ઇ.સ.પૂર્વે ૬૦૦ માં લખાયેલ અભિલેખ પ્રાચીનતમ માનવામાં આવે છે પરંતુ તે સિવાય લિપિનો વપરાશ નહીં થતો હોય તેવું માનવાને કારણ નથી. અશોકના શિલાલેખો જે ભારતભરમાં અને અફઘાનિસ્તાન સુધી પ્રસરેલા છે. આ શિલાલેખોની લિપિ મુખ્યત્વે બ્રાહ્મી છે. તેમ છતાં ખરોષ્ઠી, ગ્રીક અને એરામાઇક લિપિનો ઉપયોગ થયો છે. આ સમયગાળો ઈ.સ.પૂર્વે ૨૭૩ થી ઇ.સ.પૂર્વે ૨૩૨ અશોકના રાજ્યકાળ દરમ્યાન ગણાય. આ વખતે બ્રાહ્મી લિપિ ભારતભરમાં ખૂબ પ્રચલિત હશે અને તેની રચના થયે ઘણા વર્ષો વીતી ચુક્યા હશે.(શ્રી જ્યોર્જ-બ્યુલ્હર બ્રાહ્મીનો ભારતમાં પ્રવેશ BCE-800 માં માને છે.)

શ્રીજ્યોર્જ બ્યુલરનું અનુમાન છે કે, ઇ.સ.પૂર્વે ૮૯૦ થી ઇ.સ.પૂર્વે ૭૫૦ દરમ્યાન ભારતમાં સેમેટીક વર્ણમાળાનું આગમન થયું હશે. અને આ સેમેટીક આલ્ફાબેટના ૨૨ વર્ણ પરથી બ્રાહ્મી વર્ણમાળાની રચના થઈ હશે. અથવા એમ પણ માની શકાય કે સેમેટીક આલ્ફાબેટનો ઉપયોગ ઈ.સ.પૂર્વે ૧૪૦૦ થી ચાલુ જ હશે પણ સંસ્કૃત ભાષાના વિદ્વાનોના પ્રયત્નોથી સંસ્કૃત ભાષાને અનુરૂપ વર્ણમાળા બનાવવાના પ્રયત્નોને ઇ.સ. પૂર્વે ૭૫૦થી વ્યાપકતા અને સફળતા મળવાનું ચાલુ થયું હશે. તે વખતથી બ્રાહ્મી લિપિનો પ્રસાર થયો હશે.

ભારતીય પ્રાચીન સાહિત્યનો ઇતિહાસ કુદરતી રીતે બે મુખ્ય વિભાગમાં વહેંચાઈ જાય છે પહેલો વિભાગ તે વેદના ગ્રંથોનો છે. જે ઇ.સ. પૂર્વે ૧૨૦૦ થી શરૂ થઈ ઇ.સ. પૂર્વે ૨૦૦ સુધી પહોંચે છે.

વૈદિક યુગના પ્રથમાર્ધનું (ઈ.સ.પૂર્વે ૮૦૦) સાહિત્ય પદ્યમાં જોવા મળે છે.એ જ યુગના દ્વિતીયાર્ધનું સાહિત્ય ગદ્યમાં ધર્મવિષયક ચર્ચાઓમાં દેખાય છે. પ્રથમાર્ધ સપ્તસિન્ધુ આસપાસ (પંજાબ) રચાયો છે. જ્યારે દ્વિતિયાર્ધ ગંગા નદીની આસપાસના પ્રદેશમાં; જ્યાં તે સમયના આધ્યાત્મિક ચિંતન માટે મુખ્ય સ્થળો હતાં. અને આ પ્રસાર સિંધુ નદીના મુખ આગળ થી ગંગા નદીના મુખ સુધી જ્યાં ઉત્તરમાં હિમાલય અને દક્ષિણમાં વિન્ધ્યાચળ પર્વતમાળાઓ આવેલી છે તે વિસ્તારમાં વૈદિક યુગ પ્રવર્તતો હતો. દ્વિતિયાર્ધ પાણિનિય સંસ્કૃતના પ્રયોગ સુધી ગણીએ તે બરાબર લાગે છે. એટલે વૈદિક સંસ્કૃત શરૂઆતમાં વેદોની રચના વખતે પદ્યમાં રહ્યું. ઇ.સ.પૂર્વે ૧૨૦૦ થી ઇ.સ. પૂર્વે ૧૦૦૦. વૈદિક સંહિતાનો સમય ત્યાર પછી કેટલુંક સાહિત્ય ગદ્યમાં પણ રચાયું આ સમયે બ્રાહ્મણ-ગ્રંથોની રચના થઈ ઈ.સ. પુર્વે ૧૦૦૦ થી ૬૦૦. સૂત્રો અને ઉપનિષદોની શરૂઆત ઇ.સ. પૂર્વે ૬૦૦ થી ૨૦૦ દરમ્યાન. પણ આ સમયે પાણિનિય સંસ્કૃત અમલમાં આવી ગયું હોવાનું માની શકાય. (ઇ.સ. પૂર્વે ૬૦૦ થી ૪૦૦) દરમ્યાન. એટલે ખરેખર વૈદિક સાહિત્ય સંહિતા-ચાર વેદો અને બ્રાહ્મણ-ગ્રંથો શતપથ-ગોપથ વગેરે. તેમજ કેટલીક સૂત્ર-ગ્રંથો અને ઉપનિષદોની રચના વૈદિક સંસ્કૃતમાં થઈ એ વધું ચોક્કસ લાગે છે. આ સમય દરમ્યાન ફોનેશિયન લિપિ સ્વરાંકન સાથે કે Diacretic સાથે Transliteration-script જેમ વપરાતી હોવી જોઈએ. *આ મારું અનુમાન છે* વિદ્વાનોને વધુ સંશોધન માટેનું આવાહન પણ... તે પછી પાણિનિ સમય આવે છે પાણિનિ પહેલાં પચાસ-સો વર્ષે ફોનેશિયનના ૨૨ વર્ણો પરથી બ્રાહ્મી લિપિની શરૂઆત થઇ ચૂકી હોવી જોઈએ. આશરે ઇ.સ. પૂર્વે ૮૫૦ દરમિયાન. પાણિનિનો સમય નક્કી કરવા માટે પ્રોફેસર ગોલ્ડસ્ટૂકરે અનેક દલીલો આપી ઇ.સ. પૂર્વે ૭૦૦નો સમય નક્કી કર્યો છે. આ સમય બુદ્ધ પહેલાંનો અને ષડદર્શનો રચાયા તે પહેલાંનો ગણવામાં આવ્યો છે. કારણ કે પાણિનિએ બુદ્ધ અને ષડદર્શન (મિમાંસા-વેદાન્ત- ન્યાય-વૈશેષિક-સાંખ્ય-યોગ વિષે ક્યાંય ઉલ્લેખ કર્યો નથી.

જો કે પાણિનિનો સમય નક્કી કરવામાં, મેક્સમ્યુલર, વેબર ગોલ્ડસ્ટૂકર, મેકડોનેલ, વગેરે ઘણા વિદ્વાનો, વિવિધ અનુમાનો સાથે પાણિનિનો સમય સૂચવે છે. પણ જ્યારે અનુમાન અને આનુષાંગિક સાહિત્યના ઉલ્લેખો પરથી જ નક્કી કરવાનું હોય તો પ્રો.ગોલ્ડસ્ટૂકરની દલીલો વધારે વ્યાજબી છે. અને આપણે તે સ્વીકારેલી છે.

એક સમાંતર વિચાર લિપિ માટે અને વૈદિક સાહિત્ય સાથે કરીએ તો ઝેંદ અવેસ્તાની ભાષાનું સૌથી પ્રાચીન સ્વરૂપ વેદની ભાષાને ખૂબ મળતું આવે છે. અવેસ્તાના મંત્રોના શબ્દેશબ્દ વેદની ભાષામાં ઉતારી શકાય. વૈદિક સાહિત્યની શરૂઆતના થોડા સમય પહેલાં જ સપ્તસિંધુ ના આર્યો ઈરાનના આર્યોથી છૂટા પડેલા હોવા જોઈએ.

ઉપરાંત બોગાઝકૂઈ(તુર્કસ્તાન) મુકામે ક્યુનિફોર્મમાં વૈદિક દેવોના ઉલ્લેખો મળી આવ્યા છે. (ઇન્દ્ર-મિત્ર-વરૂણ-નાસત્યૌ) જે ઇ.સ. પૂર્વે ૧૪૦૦માં લખાયું હોવાનું અનુમાન છે. અને આ સમય પછી થોડા સમયે દુનિયાની સૌથી પ્રાચીન લિપિ સુમેરિયાની ક્યુનિફોર્મ અને ઈજીપ્તની હાયરોગ્લિફ પરથી ભૂમધ્યના અને બહારના સમુદ્રકિનારે વેપાર માટે પ્રવાસ કરતાં ફિનિશિયનોએ એક ૨૨ અક્ષરોનો ધ્વન્યાત્મક આલ્ફાબેટ બનાવી દીધો જેના પરથી બધી સેમેટિક લિપિઓનો ઉદય થયો છે. જે હાલમાં પણ ઇન્ડો-આર્યન, ઈન્ડો-યુરોપિયન, ઈન્ડો-ઈરાનીયન જુથની ભાષાઓના તમામ આલ્ફાબેટનું મૂળ છે.

હવે આપણે તે સમયના જાણીતા વિશ્વમાં લિપિઓના વિકાસ અને ઉપયોગ બાબતે એક સમય સારણી નક્કી કરીશું.

ઇ.સ. પૂર્વે ૩૫૦૦ની આસપાસ સિંધુ સભ્યતાનો વિકાસ થયેલો અને તે સમયની લિપિ આજદિન સુધી અણઉકેલ રહી હોવાથી કંઈ ચોક્કસ કહી શકાય તેવી સ્થિતિ નથી.

આ જ સમય દરમિયાન સુમેરિયામાં કિલાક્ષરોવાળી ક્યુનિફોર્મ લિપિની શોધ થયેલી છે.સુમેરિયા,બેબિલોન,ઈજીપ્ત સિંધુ સભ્યતાની સમકાલીન સભ્યતાઓ છે (ઇ.સ.પૂર્વે ૩૫૦૦ થી ઇ.સ.પૂર્વે ૧૭૦૦). સિન્ધુસભ્યતાનો ઇ.સ.પૂર્વે ૧૭૦૦ દરમિયાન સંપૂર્ણ ધ્વંશ થઈ જાય છે. સુમેરિયા, બેબિલોન, અસીરીયા વગેરે ફર્ટાઈલ ક્રેસન્ટ (યુફ્રેટીસ-ટાઇગ્રીસ નદીના પ્રદેશ)માં શાસન પરિવર્તનો સાથે ક્યુનિફોર્મ લિપિની વિવિધ આવૃત્તિઓ મળી આવી છે કયુનિફોર્મ લિપિને વિશ્વની સૌથી પ્રાચીન લિપિ કહેવામાં વાંધા સરખું નથી. આ જ સમય દરમિયાન ઈજીપ્તમાં સ્વતંત્ર રીતે હાયરોગ્લિફ લિપિનો વિકાસ થયેલ છે. અત્રે એટલું નોંધવું જોઈએ કે વિશ્વમાં જે સ્થળે લિપિનો ઉદ્ભવ થયો છે તે દરેક સ્થળે (સુમેરિયા-ઇજિપ્ત-સપ્તસિન્ધુ-ચીન-મેક્સિકો) એકબીજાથી સ્વતંત્ર રીતે લિપિનો વિકાસ નોંધાયો છે. આપણે ઋગ્વેદ કાળમાં થતાં લિપિના વપરાશ બાબતે કેટલીક મહત્વની લિપિઓનો પરિચય મેળવીશું અને તે લિપિ તથા સ્થળો સાથે આર્યોનો સંપર્ક તપાસીશું.

= =

૫. ક્યુનિફોર્મ-કિલાક્ષર લિપિ.

વિશ્વમાં સૌપ્રથમ લખાણ-પદ્ધતિ મેસોપોટેમીયાની ક્યુનિફોર્મ લિપિ છે. અને સૌ પહેલી ભાષા જે ક્યુનિફોર્મ લિપિમાં લખાણી તે સુમેરિયન ભાષા છે.

સુમેરિયા કૃષિ આધારિત સમાજ હતો. સુમેરિયનોએ પાળા અને નહેરોની સુંદર વ્યવસ્થા ગોઠવેલી; પરંતુ આખો પ્રદેશ વૃક્ષહીન અને પથ્થરહીન હોવાથી માટીના ગારામાંથી બનાવેલી મુદ્રાઓને લખાણનું માધ્યમ બનાવ્યું. અને ખીલાથી કે અણીવાળી

કલમથી લખાતું હોવાથી ગોળાઇ ને બદલે કાટખૂણે લીટીઓ લખાવા માંડી. ભીની માટી સૂર્ય તાપમાનમાં સૂકવી મજબૂત અને ટકાઉ બનાવાઇ. નોંધપાત્ર કહી શકાય તેવો ક્યુનિફોર્મનો દસ્તાવેજ ઉર્ક શહેર પાસેથી મળી આવેલ જે ઇ.સ. પૂર્વે 3200 વર્ષ પહેલાંનો ગણાય છે; ઉર્કમાં હજારેક મૃણમુદ્રાઓ અને ટુકડાઓ આ લિપિમાં મળ્યા છે.

સુમેરિયાના લોકોએ ઈ.સ.પૂર્વે-3500 માં આ લિપિની શરૂઆત કરી હોવાનું મનાય છે આ લોકો સેમેટિક કે ભારોપિય ભાષાઓને બદલે agglutinative ભાષા વાપરતા. કીલાક્ષરોનું સ્વરૂપ સૌ પ્રથમ ચિત્રલિપિ જેવું હતું. ભીની પોચી માટી પર અણીવાળી ટાંકથી શબ્દની નિશાનીઓ (Pictograph) કોતરવામાં આવતી. પછી Ideographમાં વિકાસ થયો અને આગળ જતાં Phonetic value ધ્વન્યાત્મક લિપિમાં સ્થિર થયું. ઇ.સ.પૂર્વે ૧૦૦ માં જ્યારે હાલની આલ્ફાબેટિક લિપિ અમલમાં આવી ત્યાં સુધી સુમેરિયાના વિવિધ સાંસ્કૃતિક જુથોની ભાષાઓ માટે ક્યુનિફોર્મનો વપરાશ રહેલો. આ લિપિ CE-300 સુધી વપરાશમાં રહી હોવાનું જણાય છે.

ક્યુનિફોર્મ લિપિ અસલમાં દક્ષિણ મેસોપોટેમિયા (હાલનું ઇરાક)ની સુમેરિયન ભાષા માટે વિકસિત કરવામાં આવેલી. અને તે મિસરની હાયરોગ્લિફ કરતા પ્રાચીન અથવા તો સમકક્ષ અને એકબીજાથી સ્વતંત્ર રીતે વિકસિત થયેલી. ક્યુનિફોર્મ Logo-Syllabic Script છે. જેનો પ્રાચીન Near Eastની લગભગ પંદરેક ભાષાઓ માટે ઉપયોગ થતો. સુમેરિયન ભાષા સાથે સંકળાયેલ ન હોય તેવી ભાષાઓએ પણ ક્યુનિફોર્મનો ઉપયોગ કર્યો છે. ઇ.સ.પૂર્વે ૨૪મી સદીમાં અક્કાડિયન લખાણો માટે ક્યુનિફોર્મનો ખૂબ ઉપયોગ થયો છે. આશરે ૩૦૦૦ મૃણમુદ્રાઓ અને ટુકડાઓ પરની BCE 2000 દરમિયાન બનેલી સાહિત્યિક રચનાઓ શોધી કાઢવામાં આવી છે, જેમાં કાયદો, વાણિજ્ય, સાહિત્ય, અંગત પત્રવ્યવહાર, ધાર્મિક વિધિઓ, તહેવારો વિષે નોંધ રાખવામાં આવેલી છે. અક્કાડિયન ક્યુનિફોર્મ ઇ.સ.પૂર્વે ૧૭મી સદીમાં હિટ્ટાઇટ ભાષા માટે વપરાઇ છે. તેમ જ થોડી વિશેષતા સાથે Eblaite, Elamite, Hurrian, Luwian અને Urartian ભાષાઓ માટે પણ. એટલે કે, ખાસ કરી Sumerians, Akkadians, Babylonians, Elamites, Hatti, Hittites, Assyrians, Hurrians પ્રજાઓએ ક્યુનિફોર્મનો ઉપયોગ કરેલો છે.

ક્યુનિફોર્મ નિશાનીઓની રજૂઆત વિશાળ ફલક પર હતી. ૧૦૦૦ ઉપરની નિશાનીઓ સુમેરિયન ભાષાના શબ્દો માટે હતી. ઉપરાંત શબ્દો માટેના ચિત્રો પણ ખરા. કેટલીક નિશાનીઓ બહુધ્વનિ વાળી હતી. એક કરતાં વધારે ધ્વનિસૂચક હતી; કેટલીક સમાન ધ્વનિસૂચક હતી જ્યારે કેટલીક વિવિધ અર્થસૂચક હતી; આવી અસ્પષ્ટતા નિવારવા નિર્ણાયક નિશાનીઓ શબ્દ પહેલાં કે પછી મુકાતી જેના ઉચ્ચારણો નહોતા થતાં. પણ શબ્દોના અર્થ જેવા કે, સ્ત્રી-પુરુષ-પર્વત-પક્ષી-સંખ્યા-બહુવચન વગેરે સ્પષ્ટ થતા. તેથી શબ્દ શેના માટે વપરાયો છે તે સ્પષ્ટ થતું. ત્યાર બાદ બાહ્યસ્વરૂપમાં ઉત્ક્રાંતિ આવી. ધીમે ધીમે ચિત્રોનું સરલીકરણ અને સ્પષ્ટીકરણ સીધી લીટીમાં થવા લાગ્યું. લિપિના જુના સ્વરૂપો અદ્રશ્ય થયા કારણ કે તે પેપિરસના પાન પર કે અન્ય નાશવંત ચીજો પર આલેખાયેલાં હતાં.

અસીરિયનોએ આખી સરળ ક્યુનિફોર્મ લિપિ બનાવી. ૫૭૦-નિશાનીઓ હતી જેમાંથી માત્ર ૩૦૦નો ઉપયોગ વારંવાર થતો. અસીરિયન ક્યુનિફોર્મ પ્રણાલિ syllabic script બની. પર્શિયનોએ આરામાઈક આલ્ફાબેટની અસર નીચે quasi-alphabatic system માં ઘટાડી.

ક્યુનિફોર્મ લિપિની શોધની ચોક્કસ તારીખ અપ્રાપ્ય છે. ક્યુનિફોર્મ સૌપ્રથમ પ્રાચીન સુમેરિયન પ્રજાએવિકસાવી. આ પ્રજા મૂળ મેસોપોટેમિયાના વસાહતીઓ હતા કે બહારથી આવેલા તે નક્કી થઈ શકતું નથી; એલામાઇટ, હાયરોગ્લિફ કે સિન્ધુ-સભ્યતાની લિપિ સાથે થોડો ઘણો સંબંધ હોઇ શકે! પણ ક્યારેક કોઇ પૂરાવો મળી જાય ત્યારે સત્ય જાણવા મળે! એક વિકલ્પ એવો છે કે BCE-3500માં Semite લોકો પર વિજય મેળવ્યો છતાં ૧૫૦૦વર્ષ સુધી સંઘર્ષ ચાલ્યા કર્યો. BCE-2500 દરમિયાન New semitic આક્રમકોએ સુમેરિયનોને દક્ષિણ ભાગમાં ધકેલી દીધા અને છેલ્લે BCE-900માં સંપૂર્ણ પરાજિત કર્યા. આમ સુમેરિયનો રાજકીય રીતે ખતમ થઇ ગયા હોવા છતાં સાંસ્કૃતિક વિકાસ ચાલુ રહ્યો. વિજેતાઓએ પણ સુમેરિયન ભાષા, સાહિત્ય, ધર્મ સ્વીકાર્યા. **BCE-2500**માં સુમેરિયન ક્યુનિફોર્મ લિપિ ગોલ્ડન ટ્રાયન્ગલમાં શાસક તરીકે રહેતા સેમાઇટ લોકોના હાથમાં રાષ્ટ્રિય લિપિ તરીકે રાખવામાં આવી.

ક્યુનિફોર્મ નામ થોમસ હાઇડ **(Thomas Hyde)** નામના ઓક્સફર્ડ યુનિવર્સિટિના હિબ્રુના **(Regius-Royal professor)** પ્રોફેસરે ઇ.સ.૧૭૦૦માં સુચિત કર્યું છે. લેટિન શબ્દ **cuneus** જે ખીલી કે અણીવાળા હથિયાર માટે વપરાય છે તે પરથી ક્યુનિફોર્મ શબ્દ બન્યો છે. **Cuneus=Wedge** ધાર, **form-shape-figure** અને બંને શબ્દોનો સમાસ **wedge shaped** અને **Arrow Headed** (ઓછો વપરાય છે.) જે પ્રાચીન લિપિના અક્ષરો કે જે ખીલી-શંકુ-ધારના લસરકાથી આકાર પામ્યા છે. તે કીલાક્ષરો. જર્મનો **Wedge Script-Keil Schrift** કહે છે. અને આરબો **nail-writing=mismari**. અને ભારતીય ભાષાઓમાં કીલાક્ષરો-**Cunieform**. કહે છે.

ભીની પોચી માટી પર અણીવાળી ટાંકથી શબ્દની નિશાનીઓ **(Pictograph)** કોતરવામાં આવતી. પછી **Ideograph**માં વિકાસ થયો અને આગળ જતાં **Phonetic value** ધ્વન્યાત્મક લિપિમાં સ્થિર થઇ. ઇ.સ.પૂર્વે ૧૦૦માં જ્યારે હાલની આલ્ફાબેટિક લિપિ અમલમાં આવી ત્યાં સુધી સુમેરિયાના વિવિધ સાંસ્કૃતિક જુથોની ભાષાઓ માટે ક્યુનિફોર્મનો વપરાશ રહેલો.

ક્યુનિફોર્મ સફળતા પૂર્વક જ્યારે ઉકેલી શકાઇ ત્યારે પ્રાચીન માનવજાતિના જ્ઞાનથી વિશ્વ પરિચિત થયું. ઇતિહાસમાં નવા સમીકરણો જોડાયા. અત્યાર સુધી બાઇબલ સૌથી પ્રાચીન ધારણાઓ માટે પ્રમુખ સ્થાને હતું. વિદ્વાનોએ પણ બીજા ક્યુનિફોર્મ સાહિત્ય ઉકેલી અંગ્રેજીમાં ભાષાન્તર કર્યા. જુદા જુદા વિદ્વાનોએ ક્યુનિફોર્મની વિવિધ શૈલી પર ધ્યાન કેન્દ્રિત કર્યા, જેમાં પર્સિયન ક્યુનિફોર્મ અને એસેરિયન વ્યાકરણનો અભ્યાસ કરવામાં આવ્યો. અસુરબેનીપાલ રાજાના પુસ્તકાલયમાંથી અંગ્રેજી ભાષાન્તરો કરવામાં આવ્યા.

સૌ પ્રથમ પર્શિયન ક્યુનિફિર્મ (જે ઘણી આધુનિક છે) ઉકેલી શકાય છે ત્યારબાદ **Neo-Elamite Cuneiform** જે પર્શિયન કરતાં પ્રાચીન છે તે ઉકેલાય છે. અને આનાથી પણ પ્રાચીન બેબિલોનિયન ક્યુનિફોર્મ ત્રીજા તબક્કામાં ઉકેલાય છે. આનું કારણ પર્શિયન ક્યુનિફોર્મમાં ૪૦ જેટલા આલ્ફાબેટિક અક્ષરો વપરાયા છે. અને ઇંડો-યુરોપિયન ભાષાના રૂઢિપ્રયોગો લખાણની ભાષામાં જોવા મળે છે. **Neo-Elamite Cuneiform quasi-syllabic script** છે. સુમેરિયન ક્યુનિફોર્મમાં ૬૪૦-કરતાં વધારે નિશાનીઓ છે. સુમેરિયન ક્યુનિફોર્મની ભાષા અજાણી પડે છે. તેમ છતાં અંગ્રેજ, ફ્રેન્ચ, જર્મન, ડેનિશ, આઇરીશ વિદ્વાનોના પરસ્પર અદ્ભૂત સંકલન અને સહકારથી વિવિધ ભાષાઓ માટે વપરાયેલ ક્યુનિફોર્મ ઉકેલવાનું સરળ બન્યું છે. જર્મન હાઇસ્કૂલના શિક્ષક **G.F. Grotefend** એ ઇ.સ.૧૮૦૨માં ક્યુનિફોર્મના ઉકેલની ભૂમિકા તૈયાર કરી. ઇ.સ.૧૮૪૬માં મેજર જનરલ **Sir Henery. C. Rawlinson** નામના વિદ્વાને **Bihistun** ની ત્રણ ભાષામાં આલેખિત પર્શિયન અભિલેખની સંપૂર્ણ કોપિ અને ભાષાન્તર પ્રકાશિત કર્યું. અને કેટલાક વર્ષો બાદ બેબિલોનિયન લખાણોની સમસ્યાઓનો અંત આણ્યો. આ વિદ્વાન ખરેખર આધુનિક લિપિ-ઉકેલના પિતા સમાન છે.

એક તેજસ્વી અનુવાદક જ્યોર્જ સ્મિથે ઇ.સ.૧૮૭૨માં **The Epic of Gilgamesh**નું ભાષાંતર કરી નવા આયામો પ્રસ્થાપિત કર્યા. અન્ય વિદ્વાનોએ પણ બીજા ક્યુનિફોર્મ સાહિત્ય ઉકેલી અંગ્રેજીમાં ભાષાન્તર કર્યા. જુદા જુદા વિદ્વાનોએ ક્યુનિફોર્મની વિવિધ શૈલી પર ધ્યાન કેન્દ્રિત કર્યા. જેમાં પર્સિયન ક્યુનિફોર્મ અને એસેરિયન વ્યાકરણનો અભ્યાસ કરવામાં આવ્યો. અસુરબેનીપાલ રાજાના પુસ્તકાલયમાંથી અંગ્રેજી ભાષાન્તરો કરવામાં આવ્યા. અત્યારે વિદ્વાનોની મહેનતનું ફળ વિશ્વ માણે છે તે દ્વારા પ્રાચીન સભ્યતાના લોકોના ચાતુર્યનું અવલોકન વર્તમાન સાથે કરી પોતાના પૂર્વજોનું ગૌરવ વધારે છે.

અગાઉની ક્યુનિફોર્મ જે **proto-cuneiform** કહેવાય છે, તે **pictorial** અને ગુંચવાડાભરી હતી. ઇ.સ.પૂર્વે ૩૦૦૦માં સરળ, ધ્વન્યાત્મક, વ્યાકરણ અને જોડણીને લગતાં પરિવર્તનો આણ્યાં. ૧૦૦૦ જેટલી નિશાનીઓમાંથી લખાયેલા શબ્દોની સરળતા અને સ્પષ્ટતા માટે ૬૦૦ જેટલી નિશાનીઓ સ્વીકારાઇ.

વિશ્વભરના મ્યુઝીયમોમાં આશરે પાંચ લાખ મૃણમુદ્રાઓ સચવાયેલી પડી છે. માત્ર બ્રિટિશ-મ્યુઝીયમમાં જ ૧૩૦.૦૦૦ મુદ્રાઓ સુરક્ષિત છે. તે સિવાય બર્લિન, પારિસ, ઇસ્તમ્બુલ, બગદાદ, અમેરિકાની યેલ યુનિવર્સિટિ અને પેન મ્યુઝીયમમાં સંગ્રહાયેલી છે.

ખ્રિસ્તી શતાબ્દિની શરુઆત વખતે વિદાય લેતી ક્યુનિફોર્મ લિપિને ટકાવી રાખવા કેટલાક રૂઢિચુસ્ત ધર્મગુરુઓ અને વિદ્વાનોએ પ્રયત્ન કરેલો જો કે આ બધું **BCE-500 to BCE-6** સુધી ચાલ્યું. છેલ્લામાં છેલ્લી ક્યુનિફોર્મની મુદ્રા ઇ.સ.૭૫ની જોવા મળે છે. ત્યારબાદ ક્યુનિફોર્મ અદશ્ય થાય છે અને માનવજાત એને અઢારસો વર્ષ સુધી કાળની ગર્તામાં ધકેલી દે છે. ઓગણીસમી સદીમાં ફરી ક્યુનિફોર્મ ઉકેલવાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જે અસિરિયોલોજી ક્ષેત્રે થયેલા અભ્યાસને ફાળે જાય છે. અને આધુનિક દુનિયા સંખ્યાબંધ ક્યુનિફોર્મ લેખોથી પરિચિત બને છે.

મેસોપોટેમિયન સેમાઇટની ક્યુનિફોર્મ લિપિની લાંબી વિકાસયાત્રાનો આપણે છ તબક્કામાં વહેંચી શકીએ; (૧) Early Accadian period and URIII (BCE-2450 to BCE-2150) (૨) Early Babilonian period (BCE-1850 to 1650) (૩) Kassite period (BCE1601 to 1171) (૪) અસિરીયન પિરિયડ (BCE-1150 to BCE-650) (૫) Neo-Babilonian period (BCE501) (૬) ક્યુનિફોર્મ લિપિનું પુનરુત્થાન અને અન્ત BCE-201 to BCE-100)

અસીરિયા અને બેબિલોન સભ્યતાના ઇતિહાસમાં બે તેજસ્વી સમયગાળા છે એક BCE-1750માં હમ્મુરાબી બેબિલોનિયામાં અને BCE-850-700 અસીરિયામાં ક્યુનિફોર્મ ફુલીફાલી. હમ્મુરાબીનો ક્લાસિકલ યુગ બેબિલોનિયન સાહિત્ય અને વિજ્ઞાનનો સુવર્ણયુગ હતો. હાલનું બધું બેબિલોનિયન સાહિત્ય આ સમયમાં નોંધાયું અને દરેક ક્ષેત્રે એક પ્રગતિશીલ માનવ સમાજનું પ્રતિબિમ્બ ઝિલાયું. આ વીસમી સદીની શરૂઆતના આધુનિક Old Testamentના વિદ્વાનો હમ્મુરાબીના કાયદા જોઈ આશ્ચર્યચકિત થઈ જાય છે.



Cuneiform Writing

અસીરિયન રાજાઓની દસહજાર ઉપરની મૃણમુદ્રાઓની લાઇબ્રેરી ધર્મ-Mythology, સાહિત્ય, વિજ્ઞાન, ગણિત, શબ્દકોષ, જ્યોતિષ, ચિકિત્સા, રાજ્યની પ્રગતિ માટેના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની નોંધ પોલા નળાકાર અને prisms(ત્રિપાર્શ્વ ઘનાકાર) પર અંકિત કરી રાખેલા છે. આ ત્રિપાર્શ્વ ઘનાકાર મુદ્રાઓ ઘણીવાર છ સાત આઠ કે દસ બાજુઓ વાળી બનાવતા અને શક્ય તેટલા ઝીણા અક્ષરો વડે અંકિત કરતા જે આજે પણ બ્રિટિશ મ્યુઝિયમમાં સચવાયેલા પડ્યા છે.

ઇ.સ.પૂર્વે બીજી સહસ્રાબ્દિમાં અક્કાડિયન ભાષા ક્યુનિફોર્મ લિપિ મધ્ય એશિયાની પ્રાચીન સભ્યતામાં આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચલિત હતી. **BCE-1401-1301**માં, રાજકીય કપરાં સંજોગોમાં આમરણા-ટેબ્લેટ અને બોગાઝકુઇ નામના સ્થળે થયેલી શોધે આ આંતરાષ્ટ્રીય પ્રચલન સમગ્ર પશ્ચિમ એશિયા માટે સાબિત કરી આપ્યું.

સુમેરિયન, બેબિલોનિયન, અસીરિયન અને બીજી ઘણી વિવિધ ભાષાઓ વાપરતી પ્રજાતિઓ (એલામાઇટ્સ, કસ્સાઇટ્સ, હિટ્ટાઇટ્સ, મિટ્ટનિ,હુરિયન્સ, ઉરાટુ, પર્શિયન)એ ક્યુનિફોર્મ લિપિ સંભાળી લીધી હોવાનું જોવા મળે છે. ઘણી ભાષાઓ બોલતા લોકોએ ક્યુનિફોર્મમાં પોતાની રીતે સુધારા કરેલા, વળી કેટલાકે કોઈપણ જાતના પરિવર્તન વગર અને કેટલાકે તો અક્કાડિયન ભાષા સાથે જ ક્યુનિફોર્મ લિપિનો સ્વીકાર કરેલો.

અસીરિયન ભાષામાં લખાયેલી Cappadocian Tablets ઇ.સ. પૂર્વે ત્રીજી સહસ્રાબ્દિમાં ક્યુનિફોર્મમાં ગોઠવાયેલી જે સૂચવે છે કે તેઓ ક્યુનિફોર્મથી પરિચિત હતા. Amarana Tablets (BCE-1500-1400) દર્શાવે છે કે, Canaanites પણ ક્યુનિફોર્મનો ઉપયોગ કરતા. ઇજીપ્શિયન ભાષા પણ ક્યુનિફોર્મમાં લખાયેલી જોવા મળે છે.

આપણે જોયું કે Messopotamian Semites દ્વારા આવિષ્કૃત ક્યુનિફોર્મ લિપિ ઘણી બધી પ્રજાતિઓએ, એ લોકો વિજેતા હોય તો પણ આદરથી સ્વીકાર કર્યો છે. અહીં એકવાત જોવા મળે છે કે, વિજેતાઓએ જીતાયેલી પ્રજાના જ્ઞાન, સાહિત્ય, લિપિ સ્વીકારી લેવામાં ક્યારેય નાનપ અનુભવી નથી.

લિપિના ઇતિહાસમાં એલામાઇટ્સ, હિટ્ટાઇટ્સ અને પર્શિયન લોકોએ કરેલા ક્યુનિફોર્મના ઉપયોગ બાબતે બે લીટી લખવી જરૂરી લાગે છે.

એલામાઇટ્સ: **Elam** બાઇબલનો શબ્દ છે, જેનું બેબિલોનિયનો અને એસીરિયનો **Elamtu** કે **Elamu** અને ગ્રીકો **Elymais** ઉચ્ચારણ કરતા. સુમેરિયન શબ્દ **Numma** પાછળથી ગ્રીકોએ Susiane ઉચ્ચારણ એલામાઇટના મુખ્ય શહેર **Susa** પરથી બનાવ્યો. તે બાઇબલમાં Shushan કહેવાયો. **Neo-Elamite Text**માં ત્યાંના વસાહતી જુથે **khapiriti** અથવા **khatamti** શબ્દ **Elamite** માટે વાપરેલો છે. **Elam** ખરેખર પર્શિયન ગલ્ફની ઉત્તરે અને તાઇગ્રીસના પૂર્વ છેડે આવેલો છે. જે હાલમાં **Khuzistan**નામનું પર્શિયન પરગણું છે. બાઇબલ અને બેબિલોનિયન અને અસીરિયન અભિલેખોમાં **Elam** નો વારંવાર ઘણી સદીઓ સુધી ઉલ્લેખ થયેલો છે. **Elam** પશ્ચિમ એશિયાનું એક અગત્યનું સામ્રાજ્ય હતું. આશરે ૬૪૦બીસી.માં અસિરિયામાં વિલીન થઇ ગયું. તેનો અગાઉનો ઇતિહાસ દક્ષિણ મેસોપોટેમિયાના ઇતિહાસ સાથે ગાઢ રીતે ગુંથાયેલો છે. વળી તેની પ્રાચીન

સભ્યતા, તત્કાલીન સુમેરિયન સભ્યતા અને મેસોપોટેમિયન સેમાઇટ સભ્યતા સાથે સમાનતા ધરાવે છે. એલેમાઇટ પ્રદેશના વસાહતીઓ **Non-Semetic** અને **Non Indo-European** જુથો કે, જેઓ **aggulutinative** બોલીઓ બોલતા. જે દેખીતી રીતે, કોકેશિયન જુથની ભાષાઓ સાથે સબંધિત હતી.

Elamite લિપિ: પ્રાચીન એલેમાઇટ લિપિ સ્વદેશી લિપિ હતી. તેના નવ અભિલેખો પથ્થર પર મળ્યા છે અને કેટલાક સો જેટલી મુદ્રાઓ આજે પણ અસ્તિત્વ ધરાવે છે. જેના ચિન્હો ચિત્રલિપિ પરથી ભૌમિતિક આકૃતિઓમાં સીધા ગોઠવાયા છે. જો કે, તેનું અસલ સ્વરુપ સદાય અસ્પષ્ટ રહ્યું છે. લખાણની દિશા સામાન્ય રીતે જમણેથી ડાબી બાજુ હોય છે; ક્યારેક ડાબેથી જમણી તરફ અથવા બંને રીતે જાય છે. બળદ ખેડે છે ત્યારે જમણાથી ડાબા છેડે જાય છે ત્યાંથી પરત ફરે છે ત્યારે ડાબા હાથથી જમણા છેડા તરફ જાય છે. તે રીતે...

।→ આમ → ડાબાથી→જમણું ।

।←બુંડા ←થીણામજ ←નેઅ←।

। ફરી→જમણી→ તરફ ।

।←ફરત←બીડા←રીફ ।

આ પ્રાચીન એલામાઇટ લિપિ આંશિક રીતે ઉકેલી શકાઇ છે, જે ક્યુનિફોર્મ લિપિનું મૂળ સ્વરૂપ હોવાનો સંકેત કરે છે. કદાચ આ બંને લિપિ કોઇ એક પૂર્વજ પ્રાથમિક લિપિ પરથી પણ વિકસી હોય! છતાં ય કેટલાક વિદ્વાનો Early Elamite Script પરથી જ Cuneiform લિપિ વિકસી હોવાનું ચોક્કસ પણે માને છે. જો કે આ સમસ્યા ક્યારેય હલ ન થઈ શકે તેવી છે.

Neo Elamite Writing: પાછળથી એલામાઇટોએ પોતાની સ્થાનિક લિપિ છોડી દઇ, બેબિલોનિયન ક્યુનીફોર્મ સ્વીકારી લીધી છે અને કેટલાક ફેરફારો સાથે આ **Neo-Elamite Cuneiform-writing** ઘણું સરળ બનાવ્યું છે. જેમાં શબ્દોની નિશાનીઓ અને નિર્ણાયક નિશાનીઓ જૂજ હતી. કુલ ૧૧૩ અક્ષરો હતા. અને ૮૦ થી ઉપર **Syllabic signs** હતી.

ક્યુનિફોર્મ લખાણનો અંત: ક્યુનિફોર્મ લિપિ કેટલાક રૂઢિચુસ્ત પાદરીઓ, ન્યાયાધીશો, ખગોળવિદો દ્વારા ખ્રિસ્તી સંવત્સરની શરુઆત સુધી જિવંત રહી હતી. જ્યારે ખાનગી અને વાણિજ્યિક વ્યવહારોએ આધુનિક લિપિ અપનાવવાનું શરુ કરી દીધું હતું. પર્શિયન વિજય પહેલાં, આશરે ઇ.સ પૂર્વે ૫૦૦ માં બેબિલોનિયન ભાષાનો વપરાશ ઘટવા માંડ્યો હતો. તે જ સદીના અંતમાં કાયદાકીય કરારો અને તેવા દસ્તાવેજો ક્યુનિફોર્મમાં લખાતા અટકી ગયા હતા. જો કે સેલ્યુસિડ વંશે તરફેણ કરતાં, ક્યુનિફોર્મને ઇ.સ.પૂર્વે ત્રીજી અને પહેલી સદીમાં કેટલુંક પુનર્જીવન મળેલું. આથી ક્યુનિફોર્મમાં છેલ્લામાં છેલ્લી મૃણમુદ્રા જેનું અસ્તિત્વ છે તે ઇ.સ.પૂર્વે છઠ્ઠા વર્ષની છે. પછી મનુષ્યો ક્યુનિફોર્મ ભૂલી થઇ જાય છે અને કાળની ગર્તામાં ૧૮૦૦વર્ષ સુધી ધકેલી દે છે.

ક્યુનિફોર્મ લિપિનો ઉકેલ: ક્યુનિફોર્મ લિપિનો ઉકેલ ૧૯મી સદીની સિદ્ધિ છે. ૧૮મી સદીના અંતમાં ક્યુનિફોર્મ લિપિનો એક અક્ષર પણ ચોકસાઈથી વાંચી શકવાની ક્ષમતા નહોતી ૧૯મી સદીના અંતમાં મહાન સામ્રાજ્યોની હજારો વિસ્તૃત નોંધોની પુનઃપ્રાપ્તિ થઈ અને આધુનિક જ્ઞાનમાં વૃદ્ધિ થઈ. જેમાં છેલ્લામાં છેલ્લા પર્શિયન ભાષામાં લખાયેલા ક્યુનિફોર્મ લખાણોએ ઉકેલનું કામ સરળ બનાવ્યું. નીઓ-એલામાઇટ તેનાથી વધુ જૂની લિપિ હતી. જે બીજા ક્રમે આવતી હતી. હજી બેબિલોનિયન અને સુમેરિયન ભાષા વધુ પ્રાચીન ક્રમે હતી. એટલે સૌ છેલ્લે સુમેરિયન ભાષાના ક્યુનિફોર્મ લખાણો ઉકેલી શકાયા. આનું કારણ આ ભાષાઓનો પ્રયોગ બંધ થઈ ગયો હતો. જ્યારે પર્શિયન ભાષામાં ક્યુનિફોર્મ લખાણોનું અસ્તિત્વ હતું. જેમાં ચાલીસ અક્ષરોવાળી ક્યુનિફોર્મ લિપિમાં ઇન્ડો-યુરોપિયન રૂઢિપ્રયોગોવાળી પર્શિયન ભાષા મળી આવી.

નીઓ-એલેમાઇટ quasi-syllabic લિપિમાં હતી; જ્યારે બેબિલોનિયન ભાષાના ક્યુનિફોર્મ લખાણોમાં ૬૪૦ ઉપરાંત નિશાનીઓ હતી. અને સુમેરિયન ભાષા તો તદ્દન અજાણ જ હતી. નામો પણ અજાણ્યા હતા. પ્રાચીન સાહિત્યના લોકો અને ભાષાનું નોંધપાત્ર અને સ્પષ્ટ પગેરું મળતું ન હતું. તેમ છતાં ઇંગ્લિશ-ફ્રેન્ચ-જર્મન- ડેનિશ અને આયરિશ વિદ્વાનોના પરસ્પર ગાઢ સહકારથી આ વિવિધ ભાષાઓમાં વિવિધ શૈલી વડે લખાયેલી ક્યુનિફોર્મ ઉકેલી શકાઇ.

જર્મન હાઈસ્કૂલના શિક્ષક શ્રી G. F. Grotefend સાહેબે ૧૮૦૨માં ક્યુનિફોર્મના ઉકેલ માટે પાયાનું કામ કર્યું. ૧૮૪૬માં મેજર જનરલ સર Henry C Rawlinson સાહેબે પ્રાચીન પર્શિયન અને બીજી બે એલામાઇટ અને બેબિલોનિયન એમ કુલ ત્રણ ભાષામાં લખાયેલા બીહીસ્તુન અભિલેખની કોપી કરી અને ભાષાન્તર કરી આપ્યું. આમ બેબિલોનિયન ભાષાના લખાણોની સમસ્યાઓ ઉકેલી આપી. જેણે વાસ્તવમાં ક્યુનિફોર્મ લિપિ-ઉકેલના પિતા સમાન કાર્ય કર્યું. બેબિલોનિયન અને અસિરિયન ભાષાના ક્યુનિફોર્મના લખાણોનો ઉકેલ થતાં અન્ય ભાષાના લખાણોના ઉકેલનું કામ સરળ બન્યું.

હવે આપણે વિવિધ ભાષાઓના ક્યુનિફોર્મ લિપિમાં લખાયેલા મહત્વના અભિલેખો વિષે થોડું જાણીશું. જેમાં...

(૧) બીહીસ્તુન અભિલેખ—મહાન દારાયસ (રાજ્યકાળ-**BCE-522-486**) દ્વારા ઇરાનમાં નિર્મિત.

(૨) વાન ફોર્ટ્રેસ-ઝૈક્ષીઝ-૧લા(રાજ્યકાળ-**BCE-486-465**)નો અભિલેખ. (**Xerxes=Zuhk-Seez** નો ઉચ્ચાર ઝૈક્ષીઝ ઇન્ટરનેટ પરથી મેળવ્યો છે.) આ વાન-ફોર્ટ્રેસ એક પહાડ પર આવેલો છે; જે હાલ તુર્કસ્તાનમાં આર્મેનિયા-ઇરાનની સરહદે આવેલ છે. ત્યાં પણ ત્રણ ભાષામાં ક્યુનિફોર્મ લિપિમાં અભિલેખ કોતરાવેલ છે. પ્રાચીન પર્શિયન, એલામાઇટ અને બેબિલોનિયન.

(૩) હમ્મુરાબીનો કાયદોઃ **BCE-1755-1750** દરમ્યાન બેબિલોનના પ્રથમ રાજવંશના છઠ્ઠા રાજવીએ અક્કાડિયનની બેબિલોનિયન બોલીમાં કાયદાના ફરમાનો કોતરાવ્યા છે.

(૪) હિટ્ટાઇટ અને મિટાન્ની રાજાઓના સંધિકરારમાં વેદિક દેવતાઓની સાક્ષી.**(BCE-1380)** અને અશ્વતાલીમ માં કિક્કુલી(અશ્વનિષ્ણાત)ના સંસ્કૃત શબ્દો.

(૫) અમર્ણા-લેટર્સઃ **BCE1360-1332** દરમ્યાન મૃણમુદ્રાઓ પર રાજદ્વારી પત્રવ્યવહાર થયો તેની નોંધ છે.

ઇજીપ્તના ૧૮મા રાજવંશ ફેરોહ અખેનાટનના સમયમાં અક્કાડિયન-ક્યુનિફોર્મમાં પડોશી રાજ્ય દ્વારા લખાયેલા પત્રો છે.

આપણે ક્યુનિફોર્મ લિપિનો અભ્યાસ કરવાની જરૂર એટલે છે કે, વેદની ઋચાઓ અને અવેસ્તન ઋચાઓમાં ગજબનું સામ્ય છે. જરથોસ્તીઓ અથર્વણ આર્યો છે; ઋગ્વેદના આર્યો ઇન્દ્રપૂજક આર્યો છે તેમજ અથર્વણો પણ છે. અથર્વ-વેદ અથર્વણોનું પ્રતિનિધિત્વ કરે છે. મધ્યએશિયામાં ખાસ કરીને મધ્ય પૂર્વના દેશોમાં પ્રાચીનકાળમાં અથર્વણ આર્યોનું સામ્રાજ્ય લાંબા સમય સુધી અને વિશાળ ક્ષેત્રમાં રહેલું. ઇજીપ્ત-યુરોપ-ભારત સુધી પ્રસરેલું. ક્યુનિફોર્મ લિપિના ઉકેલની ચાવીરૂપ પ્રાચીન પર્શિયન ભાષા ક્યુનિફોર્મમાં લખાયેલી હતી; વળી અક્કાડિયન ક્યુનિફોર્મમાં વેદિક દેવો અને અશ્વોની તાલીમને લગતા ઉલ્લેખો છે. એટલે ક્યુનિફોર્મ લિપિનો અભ્યાસ આપણા વિષય માટે જરૂરી બની રહે છે. તેવી જ રીતે ઇજીપ્તની હાયરોગ્લિફ લિપિ પણ.... ઇ.સ. પૂર્વે ૧૬૫૦માં આર્યોના એક જુથે (હિક્સોસ) ઇજીપ્ત પર શાસન કરેલું, અને ઇજીપ્તને અશ્વો અને રથથી પરિચીત કરેલું.

સુમેરિયા-ઇજીપ્તની ચિત્રલિપિઓના સંકેતો પરથી ફોનેશિયનોએ ઇ.સ.પૂર્વે ૧૪૦૦ની આસપાસ ૨૨ અક્ષરોવાળો ધ્વન્યાત્મક આલ્ફાબેટ શોધી કાઢેલો. જેને વિશ્વભરની મોટાભાગની ભાષાઓએ આલ્ફાબેટ તરીકે સ્વીકારેલો છે. અશોકના શિલાલેખોમાં બ્રાહ્મી ઉપરાંત ખરોષ્ઠી-આરામાઈક અને ગ્રીક ભાષા-લિપિમાં અવતરણો છે. એટલે તે ભાષા અને લિપિ પણ દર્શનીય છે. જો કે, અશોકના શિલાલેખ ઇ.સ. પૂર્વે ૩૫૦ની આસપાસ લખાયા છે; જ્યારે આપણે ઇ.સ. પૂર્વે ૧૨૦૦માં લખાયેલા ઋગ્વેદની વાતો કેન્દ્રસ્થાને રાખી છે.

બેહીસ્તુન-બિસોતુન-બિસ્તુન-બિસુતુન-બેગસ્તાન..... જુની પર્શિયનમાં Bagastana- એટલે The place of God ઇશ્વર માટેનું સ્થાન. જે વિશાળ પર્વતની શિલા પર અંકિત થયેલું છે. આ ટેકરી બેહીસ્તુન પર્વત પર આવેલી છે. આ સ્થળ પશ્ચિમ ઇરાનના કર્માનશાહ પ્રાંતનાં આ જ નામના શહેર પાસે આવેલું છે. હાલ તહેરાનથી પશ્ચિમે ૫૨૫ કિલોમીટર દૂર આવેલું છે.

મહાન દારાયસે BCE 522 થી BCE 486 પોતાના રાજ્યકાળ દરમ્યાન સ્થાપેલું. આ અભિલેખ ક્યુનિફોર્મ લિપિમાં ત્રણ ભાષાઓમાં લખાયેલો હોવાથી ક્યુનિફોર્મ લિપિના ઉકેલ માટે નિર્ણાયક બની રહેલો છે. કારણ કે, જુની પર્શિયન-એલામાઇટ અને બેબિલોનિયન ભાષામાં એક જ લખાણ લખવામાં આવ્યું છે. જે ઇજીપ્તની લિપિ ઉકેલવામાં સહાયક થયેલા રોજેટ્ટા સ્તોન સમાન છે. આ પથ્થર પર ઇજીપ્તમાં વપરાતી હાયરોગ્લિફ, ડેમોટિક અને પ્રાચીન ગ્રીક એમ ત્રણેય લિપિમાં એક જ ફકરો લખાયેલો તે ઇજીપ્તની લિપિ ઉકેલવામાં ચાવીરૂપ બનેલો.

મહાન દારાયસે પોતાના શાસનકાળ દરમિયાન પોતાની જ સંક્ષિપ્ત આત્મકથા, પ્રાચીન પૂર્વજોની વંશાવલિ સાથે લખી છે.

મહાન સાયરસની મૃત્યુઘટના અને કેમ્બિસિસ-૨-જાના એક જ વર્ષમાં કરેલા ૧૯-સંગ્રામોની વિગતો છે. આ સફળતાઓ અહુરમઝદની કૃપાને આધીન હોવાનું જણાવ્યું છે. એટલે કે આ રાજાઓ જરથોસ્તી ધર્મના અનુયાયીઓ હતા.

આ લખાણો આશરે ૧૫ મીટર(૪૯-ફૂટ)ની ઊંચાઈએ ૨૫-મીટર પહોળા અને ૧૦૦-મીટર ઊંચી લાઇમ સ્ટોનની ટેકરી પર જ્યાંથી બેબિલોનિયાના મુખ્ય શહેરોને જોડતો રસ્તો પસાર થાય છે તેવા સ્થળે આવેલો છે.

પ્રાચીન પર્શિયનનું લખાણ ૪૧૪-લીટીમાં પાંચ કોલમમાં છે. એલામાઇટનું લખાણ ૫૯૩-લીટીમાં આઠ કોલમમાં લખાયેલું છે. અને બેબિલોનિયન લખાણ ૧૧૨-લીટીમાં છે.

અહીં મહાન દારાયસ પહેલાની આદમ-કદની મૂર્તિ ધનુષ્ય સાથે ચિતરેલી છે. એક પગ ચત્તા પડેલા માણસની છાતી પર છે. બે ચાકરો ડાબી બાજુ છે. એક મીટરની ઊંચાઇવાળી નવ મુર્તિઓ જમણી તરફ છે; જેના ગળામાં બંધન અને પાછળ હાથ બાંધેલા છે. આ પરાજિત વ્યક્તિઓ હોય તેવું લાગે છે. ફરવરહર(જરથોસ્તી દેવ) ઉપર
તરે છે. તેના આશીર્વાદ રાજા પર વરસાવે છે. છેલ્લી સીરિયન ટોપાવાળી આકૃતિ પાછળથી ઉમેરાઇ હોય તેવું લાગે છે. દારાયસની દાઢીનો બ્લોક લોખંડની પીનો અને સીસા વડે જુદો ચોંટાડેલો છે.

અખેમેનીડ સામ્રાજ્યના પતન પછી જૂની પર્શિયનભાષા અને ક્યુનિફોર્મનો વપરાશ બંધ થવા લાગ્યો. બધું ભૂલાવા માંડ્યું. મહાન દારાયસથી ૧૦૦૦-વર્ષ પછી પછી થયેલા સસ્સાનીડ સામ્રાજ્યના ખોશરૂ-૨-જો રાજાના
નામે મનાવા લાગેલ. તે સિવાય પણ કાળક્રમે ઘણી લોકવાયકાઓ ચાલેલી.

ઈ.સ.૧૫૯૮માં રોબર્ટ-શેર્લિ નામના અંગ્રેજે આ અભિલેખ જોયો અને યુરોપિયન વિદ્વાનોના ધ્યાન પર મુક્યો. તે વખતે ખ્રિસ્તી ધર્મ સાથે આખી વાત જોડી દેવાઇ.

ઈ.સ. ૧૬૦૪માં પેટ્રો-ડિલા-વલે નામના ઇટાલિયન સાહસિક યાત્રીએ અભિલેખની મુલાકાત લીધી; અને
પ્રાથમિક ચિત્રો દોર્યા.

ઈ.સ.૧૭૬૪માં જર્મન સર્વેયર કાર્સ્ટન નિબુહરે મુલાકાત લીધી અને ઇ.સ.૧૭૭૮માં કોપિ પ્રકાશિત કરી જે **જ્યોર્જ ફ્રેડ્રિખ**

ગ્રોટફેન્ડ નામના જર્મન હાઈસ્કૂલના શિક્ષકે અને બીજાઓએ રસ લઈ ક્યુનિફોર્મમાં જૂની પર્શિયન ભાષા ઉકેલવાનો પ્રયત્ન કર્યો; જેમાંથી ગ્રોટફેન્ડે જૂની પર્શિયનની ૩૭ નિશાનીઓ ઇ.સ.૧૮૦૨માં ઉકેલી. આ જૂની પર્શિયન, મધ્યયુગીન-પર્શિયન, આધુનિક પર્શિયન, અવેસ્તન ભાષા અને બોલીઓ સાથે સંકલન હોવાથી એલામાઇટ અને બેબિલોનિયન ભાષામાં લખાયેલી ક્યુનિફોર્મ લિપિ ઉકેલવામાં સરળતા થઇ.



બેહીસ્તુન અભિલેખનો ચાર્ટ.

ઈ.સ૧૮૩૫માં Sir Henery Rawlinson જે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના અધિકારી હતા અને ઇરાનના શાહના દળોમાં નિયુક્ત થયેલા ત્યારે ગંભીરતાથી આ બેહીસ્તુન લખાણો ઉકેલવા માટે પ્રયત્નો કર્યા. બિસોતુન ગામના નામને Behistun નામ આપ્યું અને Behistun Inscriptionના નામે આ સ્મારકને પ્રચલિત કર્યું.

સ્થાનિક છોકરાઓની મદદ લઇ પર્શિયન ક્યુનિફોર્મ લખાણોની કૉપિ થઇ શકી; પણ એલામાઇટ કંઇક ખાડામાં હતી અને બેબિલોનિયન ચાર મીટર ઊંચાઇ પર હતી એટલે ત્યાં પહોંચવું સરળ નહોતું આમ થોડો સમય વીતી ગયો.

પર્શિયન અભિલેખના એક તૃતીયાંશ જેટલા Syllabarry(શબ્દાંશ-માળાના ચિન્હો) જ્યોર્જ ફ્રેડ્રિક ગ્રોટફેન્ડના પ્રયત્નોથી પ્રાપ્ય હતા તે Rawlinsonને આપવામાં આવ્યા અને લિપિ ઉકેલવાનું કામ શરૂ થયું. પહેલા ખંડમાં પર્શિયન રાજાઓની સુચિ હતી. જે

હીરોડોટ્સના વર્ણન મુજબ હતી. પણ એમાં થોડી મહેનત કરવી પડેલી. આમ શ્રીરાવલીન્સને ક્યુનિફોર્મ વાપરેલી પર્શિયન ભાષા ઉકેલી શક્યા અને ઇ.સ.૧૮૩૮માં રોયલ એશિયાટિક સોસાયટી લણ્ડન અને એશિયાટિક સોસાયટી પેરિસને પરિણામો રજૂ કરી દીધા. ત્યારબાદ શ્રીરાવલીન્સન પ્રવાસે ગયા અને ઇ.સ.૧૮૪૩માં પાછા ફર્યા. ત્યારે એલામાઇટ અને બેબિલોનિયન લખાણોની કોપી મહામહેનતે તૈયાર કરી રાખી હતી; જે બીજા પાંચેક જેટલા વિદ્વાનોના સહકારથી ઉકેલી શકાઇ. અમેરિકન વિદ્વાનોએ વધુ ચોકસાઈ માટે પ્રયત્નો કર્યા. બીજા વિશ્વયુદ્ધ વખતે સ્મારકોને કેટલુંક નુકસાન થયું. જે ઈરાનના પુરાતત્વવિદોના પ્રયત્નોથી રક્ષાયું. ૨૦૦૬માં આ સ્થળ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જાહેર થયું. ૨૦૧૨માં આંતરરાષ્ટ્રીય પ્રયત્નો દ્વારા પુનઃ ચકાસણી થઇ.

આ અભિલેખોમાં શું નોંધ કરવામાં આવી છે તે જરા જોઈશું. રાજા દારાયસ કહે છે.... વિસ્તાસ્પ મારા પિતા છે, એના પિતા આરશેમ છે, અને એના પિતા આર્યઆરશેમ છે. એના પિતા શિસ્પિશ(Teispes) છે. અને એના પિતા અખેમેનીસ જે અખેમેનીડ પર્શિયન સામ્રાજ્યનાં સ્થાપક છે. દારાયસ કહે છે અહુરમઝદની કૃપાથી હું રાજા છું. અહુરમઝદે મને સામ્રાજ્ય સોંપ્યું છે. આ સિવાય પોતાના સામ્રાજ્યના પ્રદેશોનું વર્ણન છે. યુદ્ધ અને બળવાખોરોને તાબે કરવાના વર્ણનો છે.

અખેમેનીડ સામ્રાજ્યના રાજવી મહાન ઝૈક્ષીસ-૧લા(રાજ્યકાળઇસ૪૮૬-૪૬૫)નો ત્રિભાષી ક્યુનીફોર્મ અભિલેખ.

વાન-ફોર્ટ્રેસ નજીક ત્રણ ભાષા-પ્રાચીન પર્શિયન-એલામાઇટ-બેબિલોનિયન માં લખાયેલો એક મહત્ત્વપૂર્ણ અભિલેખ આવેલો છે; હાલ તુર્કસ્તાનમાં આવેલા વાન-લેઈક અને વાન-ફોર્ટ્રેસ નજીકના પર્વતના દક્ષિણ બાજુના ઢાળ તરફ આ સ્મારક આવેલું છે. જ્યારે અભિલેખ બન્યો ત્યારે અખેમેનીડ સામ્રાજ્યના આર્મેનિયા પ્રાંતમાં આ ભાગ હતો. જમીનથી ૨૦ મીટર ઊંચે લીસી બનાવેલી પથ્થરની સપાટી પર લખવામાં આવ્યો છે. આ સુંદર સપાટી ઝૈક્ષીસના પિતા દારાયસે બનાવી રાખેલી અને કોરી છોડી દીધેલી. આ અભિલેખમાં ૨૭ લીટી પ્રાચીન પર્શિયન, એલામાઈટ અને બેબિલોનિયન ભાષામાં ક્યુનિફોર્મ લિપિમાં લખાયેલી છે. જેમાં ઘણું કરીને આમ વાંચી શકાય છે. અહુરમઝદ દેવોમાં પણ મહાન દેવ છે; જેણે આ પૃથ્વી બનાવી છે, નજીકનું આકાશ બનાવ્યું છે, જેણે માનવ બનાવ્યો છે, માનવ માટે સુખો રચ્યા છે. ઝૈક્ષીસને રાજા બનાવ્યો છે, હું ઝૈક્ષીસ રાજાઓનો પણ રાજા છું. દરેક પ્રકારની માનવ પ્રજાતિનો રાજા. આ પૃથ્વી પરના સુદુર અને વિશાળ ક્ષેત્રનો રાજા! અખેમેનીડના મહાન રાજા દારાયસનો પુત્ર, મહાન રાજા ઝૈક્ષીસ ઘોષણા કરે છે કેઃ રાજા દારાયસ મારા પિતા છે. અહુરમઝદની કૃપાદ્રષ્ટિથી જે થયું તે સારું થયું છે. અને આ શિલા અભિલેખ માટે તૈયાર કરી છે પણ લેખ નથી લખાયા... પછી મને લેખ લખવાની આજ્ઞા થઈ છે. અહુરમઝદ મારી રક્ષા કરો અન્ય દેવો સાથે અહુરમઝદ મારી અને મારા દ્વારા નિર્મિત સામ્રાજ્યની રક્ષા કરો.



વાન-ફોર્ટ્રેસ નજીક ટેકરી પર આવેલી અભિલેખની જગ્યા.

વાન દુર્ગ પશ્ચિમ તરફથી પહોંચ.



અખેમેંનીડ સામ્રાજ્યના રાજવી મહાન ઝૈક્ષીસ-૧લા (રાજ્યકાળ બીસી૪૮૬-૪૬૫) નો ત્રિભાષી ક્યુનીફોર્મ અભિલેખ. વાન-ફોર્ટ્રેસ. હાલ-તુર્કસ્તાન. ભાષા-પ્રાચીન પર્શિયન-એલામાઇટ-બેબિલોનિયન.



જુની પર્શિયન ભાષામાં ક્યુનિફોર્મ અભિલેખ-
Van Fortress.



એલામાઇટ ભાષામાં ક્યુનિફોર્મ અભિલેખ-
Van Fortress.

બેબિલોનિયન ભાષામાં
ક્યુનિફોર્મ અભિલેખ-
Van Fortress.

અખેમેનીડ સામ્રાજ્ય

અખેમેનીડ સામ્રાજ્ય પ્રાચીન ઇરાનનું પ્રથમ પર્શિયન સામ્રાજ્ય હતું. જેની સ્થાપના મહાન સાયરસે બીસીઇ ૫૫૦માં કરી હતી. અને ઝૈક્ષીસ ૧લાના સમયમાં બીસીઇ ૪૮૬-૪૬૫ માં પૂર્ણતાના શિખરે હતું.

ઝૈક્ષીસે પ્રાચીન ગ્રીસ, બાલ્કન, પૂર્વીય યુરોપ, સપ્તસિન્ધુ(ભારત) વગેરે પ્રદેશો જીતી લીધેલા. જે અગાઉના કોઈપણ સામ્રાજ્ય કરતાં વિશાળ હતું. ૫૫-લાખ ચો.કી.મી.નો વિસ્તાર હતો.

ઇસવીસન પૂર્વે ૭૦૦માં ઇરાનના નૈરુત્ય વિભાગમાં સાયપ્રસનો ઉદય થયો અને મિડિયા, લિડિયા, નીઓ-બેબિલોન સામ્રાજ્યો જીતી લીધા જે પાછળથી અખેમેનીડ સામ્રાજ્ય તરીકે ઓળખાયા. સામ્રાજ્યની કેન્દ્રીય વહીવટી વ્યવસ્થા અમલદારશાહી હતી. ક્ષત્રપો(સુબા-સામંતો) મારફ્ત સુંદર રાજ્ય વહીવટ થતો. વળી આ પદ્ધતિ બહુમુખી વિવિધ સંસ્કૃતિઓ સંભાળવા ખૂબ અનુકૂળ હતી. રસ્તાઓ અને પોસ્ટની વ્યવસ્થા પણ હતી અને



વિશાળ વ્યવસાયી સૈન્યની વ્યવસ્થાના લીધે સામ્રાજ્યને ખૂબ સફળતા મળી. અનુગામી સામ્રાજ્યોએ પણ આવી વ્યવસ્થા અપનાવી હોવાનું ઈતિહાસ કહે છે. મહાન એલેક્ઝાન્ડર પણ; મહાન સાયરસનો પ્રશંસક હતો. જેણે બીસીઇ ૩૩૦માં અખેમેનીડ-સામ્રાજ્ય જીતી લીધેલું. અને એલેકઝાંડરના મૃત્યુબાદ સામ્રાજ્ય ટોલેમિક(ઇજીપ્ત સ્થિત ગ્રીસ રાજા)કિંગડમ અને સેલ્યુસીડ જે મેસેડોનિયા-ગ્રીસના રાજવંશના સામ્રાજ્યમાં સમાઇ ગયું. બીસીઇ ૨૦૦માં કેન્દ્રીય ઇરાન પાર્થિયન સામ્રાજ્યે સંભાળી લીધેલું. બીસીઇ૬૩માં રોમન જનરલ પોમ્પેએ સિરિયામાં ગ્રીકોને પરાજીત કર્યા.

નકશામાં બીસીઇ ૫૦૦ના ગાળામાં અખેમેનીડ-સામ્રાજ્યની ઉચ્ચતમ સ્થિતિ દેખાય છે; સામ્રાજ્યના પાટનગરો અને મુખ્યમથકો ઘણેભાગે બેબિલોન, પસારગડે, એકબાટના, સુસા, પેર્સેપોલિસ(ઔપચારિક-રાજધાની) મુખ્ય હતા.

સામાન્ય રીતે પ્રાચીન-પર્શિયન, એરામાઇક, વાહક-ભાષાઓ **(Lingua-Franca),** બેબિલોનિયન ધર્મ, ગ્રીક-ધર્મ અને એલેમાઇટ ભાષાઓનો ઉપયોગ થતો.

સામ્રાજ્યનો અધિકૃત ધર્મ ઝોરાષ્ટ્રીયન હતો. ઉપરાંત બેબિલોનિયન ધર્મ, પ્રાચીન ઈજીપ્તનો ધર્મ, હિંદુ-વૈદિક ધર્મ, પ્રાચીન ગ્રીક-ધર્મ, વગેરે.... આ સિવાયના અનેક ધર્મોનું પ્રચલન હતું. રાજ્યવ્યવસ્થા રાજાશાહી અને અમલદારશાહી રહેતી. ક્ષત્રપોની નિમુંણકો થતી. બીસીઈ.૫૦૦માં ૫૫-લાખ ચોરસ કિલોમીટરનો વિસ્તાર હતો. અને વસ્તી આશરે ૧૭૦લાખથી ૩૫૦લાખ સુધી રહી હતી.

કરન્સી દારિક સુવર્ણમુદ્રા અને સિગ્લોસ ગ્રીસ મૂળનો દ્વિધાતુમાંથી બનેલો સિક્કો હતો. લિડિયાના સિક્કાઓ પણ અમલમાં હતા. ઉપરાંત સ્થાનિક ક્ષત્રપોને પણ સિક્કા બહાર પાડવાની સત્તા હતી. સિક્કાઓની વિવિધતા ઘણી જોવા મળે છે.

ઈજીપ્તમાં ૨૬મો રાજવંશ ઈજીપ્તના મૂળ વતનીઓનો જ હતો.(બીસીઈ ૬૬૫) તે સામત્તિક-૨જાને પેલુસિયમ યુદ્ધમાં હરાવી કેમ્બિસેસે ઈજીપ્તના ૨૭માં રાજવંશ તરીકે બીસીઈ ૫૨૫-માં ઇજિપ્ત સર કર્યું. અને બીસીઈ૪૦૪ સુધી શાસન કર્યું. કેમ્બીસેસ પછી આઠ રાજાઓ કે ક્ષત્રપોએ અખેમેનીડ સામ્રાજ્ય ચલાવ્યું. દારાયસ-૨જાના શાસનકાળમાં કેટલાક સ્થાનિક બળવાખોરો શાસન પડાવી લે છે. દારાયસ બીજાનું બીસીઈ ૪૦૪માં અવસાન થાય છે. ફરી મેનેથો નામના નેટિવ રાજાને હરાવી આર્તઝૈક્ષીસ-ત્રીજો બીસીઈ ૩૪૩માં શાસન ધૂરા સંભાળી લે છે. વચ્ચે આર્તઝૈક્ષીસ-ચોથો બે વર્ષ શાસન ચલાવે છે. દારાયસ-ત્રીજાને એલેક્ઝાન્ડર બીસીઈ ૩૩૨માં જીતી લે છે તેના મૃત્યુ બાદ ટોલેમિક સામ્રાજ્ય(બીસીઈ ૩૦૫ થી ૩૦બીસીઈ) શરૂ થાય છે. ગ્રીકો ઈજીપ્ત સર કરે છે અને અખેમેનીડ પરાજિત થાય છે. બીસીઈ૩૦માં જુલિયસ સિઝર રોમન



Fertile Crescent

Empire_neo_assyrien.

સામ્રાજ્યતળે ઈજીપ્તને મૂકે છે. મેસેડોનિયા-ગ્રીકનો સેલ્યુસીડ રાજવંશ બીસીઈ ૩૧૧થી બીસીઈ૬૩ સુધી શાસન કરે છે. રોમન-જનરલ પોમ્પે બીસીઈ-૬૩માં સિરિયામાં ગ્રીકોને હરાવે છે. ફરી એકવાર પાર્થિયન સામ્રાજ્ય(બીસીઈ૨૪૭ થી એ.ડી.૨૨૪)ને હરાવી; સસાનિયન અથવા ન્યુ-પર્શિયન સામ્રાજ્ય (ઈ.સ. ૨૨૪ થી ઈ.સ. ૬૫૧) શાસનધુરા સંભાળે છે. તે પણ ઈ.સ.૬૫૧માં મુસ્લિમ-આરબો દ્વારા પરાજિત થાય છે. ઇસ્લામના ધર્માન્તરણના દુરાગ્રહથી ઇ.સ.૭૬૬ની આસપાસ ગુજરાતના દીવ બંદરે ઉતર્યા. જ્યાં તેમણે ૧૯ વર્ષ ગાળ્યાં. ત્યાં પોર્ટુગીઝોના હુમલાથી કંટાળીને ઇ.સ. ૭૮૫માં દરિયાઈ માર્ગે સંજાણ બંદરે ઉતર્યા. આ વખતે ગુજરાતમાં જાદી રાણાનું રાજ હતું. પારસીઓના વડાએ રાજ્યાશ્રય માટે રાણા પાસે પ્રતિનિધિમંડળ મોકલ્યું. રાણાએ પ્રત્યુત્તર રૂપે દૂધથી ભરેલો છલોછલ પ્યાલો મોકલ્યો. આ દ્વારા રાણા એ સૂચવવા માગતા હતા કે અમારી વસતી વધારે છે એટલે અમે તમને વસાવી શકીએ તેમ નથી. પ્યાલો લઈને પ્રતિનિધિમંડળ એમના અગ્રણી પાસે પહોંચ્યું. તેઓ સમજદાર હતા. તેમણે પ્યાલામાં ધીરે ધીરે સાકર ભેળવી. તે ઓગળી ગઈ. તે જ પ્યાલો લઈને ફરીથી પ્રતિનિધિમંડળને રાણા પાસે મોકલ્યું. રાણો ચતુર હતો. એણે દૂધ ચાખી જોયું તો દૂધ મીઠું લાગ્યું. રાણાને પ્રત્યુત્તર મળી ગયો કે અમે અહીં દૂધમાં સાકરની પેઠે ભળી જઈશું.' રાણાએ એમને વસવાટની છૂટ આપી.

આજે પણ પારસી ઉત્તમ ભારતીય નાગરિક તરીકે વસી રહ્યા છે. ભારતના મોટા ઉદ્યોગપતિ શ્રીજમશેદજી ટાટા, અણુવિજ્ઞાની ડો.હોમીભાભા, ફિલ્ડમાર્શલ સામ માણેકશા ભારતના રત્નો છે. તે સિવાય પણ સંખ્યાબંધ પારસી-સેલિબ્રેટિ દૂધમાં સાકરની પેઠે રાષ્ટ્રના હિતમાં ફાળો આપી રહ્યા છે.

હમ્મુરાબીનો કોડ: બેબિલોનિયન કાયદાઓનું લખાણ છે, જે **BCE1755-1750** દરમિયાન ઘણું વિસ્તૃત અને વ્યવસ્થિત રીતે લખાયેલું છે. પ્રાચીન બેબિલોનિયાની અક્કાડિયન બોલીમાં સચવાયેલું છે. આ રચના હમ્મુરાબીની મનાય છે. હમ્મુરાબી બેબિલોનિયાના પ્રથમ રાજવંશમાં છઠ્ઠું સ્થાન ધરાવે છે. નિયમાવલિની પ્રાથમિક કોપી કાળા બેઝાલ્ટના સવા બે મીટર ઊંચા સ્મૃતિ સ્તંભ પર કોતરેલી છે. આ સ્તંભ ઈ.સ.૧૯૦૧માં રાજધાની સુસા(હાલ ઈરાન)થી શોધાયેલો. આ સ્તંભની રચનાના ૬૦૦ વર્ષ પછી અવૈધ રીતે અહીં લાવવામાં આવેલી. તેના પરનું લખાણ કોપિ કરવામાં આવેલું અને હજારેક વર્ષોથી મેસોપોટેમિયામાં તેનો અભ્યાસ થતો. હાલ પારીસના મ્યુઝિયમમાં રાખવામાં આવેલો છે.



Pershiyan Empire.

સ્કમ્ભના ઉપરના ભાગે હમ્મુરાબી અને સૂર્યદેવ-શામશની આકૃતિઓ ઉપસાવેલી છે. શામશ મેસોપોટેમિયન સૂર્યદેવ છે. પૂર્વીય સેમેટિક અક્કાડિયન બોલતા બેબિલોનિયન શામશ ઉચ્ચારણ કરે છે. શામશ ન્યાય નીતિ અને સત્યના દેવ છે. નીચે ૪૧૩૦-લીટીઓ ક્યુનિફોર્મમાં કોતરેલી છે. જેમાં એક પંચમાંશ ભાગમાં પ્રસ્તાવના અને ઉપસંહાર કવિત્વ શૈલીમાં છે. બાકીનું કાયદાઓનું વર્ણન છે. પ્રસ્તાવનામાં હમ્મુરાબી અનુરોધ કરે છે કે તેણે ઘડેલા નિયમો દેવોએ સ્વીકૃત કરેલા છે. સશક્તો નબળાનું દમન ન કરે. કાયદો તો આકસ્મિક છે. 'જો' અને 'તો'ની શરતોમાં વિસ્તૃત છે. દા.ત. અપરાધિક કાનૂન, પરિવાર કાનૂન, સંપત્તિ કાનૂન અને વાણિજ્યનો કાનૂન.

હમ્મુરાબી બેબિલોનિયાના પ્રથમ રાજવંશ એમોરાઈટનો છઠ્ઠો રાજા છે જેણે **BCE૧૭૯૨** થી **BCE૧૭૫૦** દરમ્યાન શાસન કરેલું. પોતાના લશ્કરી પરાક્રમ, મુત્સદ્દીગીરી અને કુટિલતા વડે મેસોપોટેમિયાના મેદાન પર બેબિલોનિયન પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. હમ્મુરાબીને તેના પિતા સિન-મુબાલિટની ગાદી વારસામાં મળી ત્યારે બેબિલોન પર સ્થાનિક ગામ લાર્સાના રિમ-સિન પ્રભાવ હતો; હમ્મુરાબીએ રિમ-સિન વૃદ્ધ થાય ત્યાં સુધી રાહ જોઈ, પછી એક ઝડપી ઝુંબેશમાં તેમનો પ્રદેશ જીતી લીધો, અને પોતાનું સંગઠન અકબંધ રાખ્યું. પાછળથી હમ્મુરાબીએ બીજા પ્રદેશો મેળવવા માટે સાથીઓ સાથે દગો કર્યો.

હમ્મુરાબીની વિદેશ નીતિ આક્રમક હતી, પરંતુ તેમના પત્રો સૂચવે છે કે તેઓ ઘણી બાબતોમાં લોકકલ્યાણ માટે ચિંતિત હતા અને કાયદા અને ન્યાયમાં રસ ધરાવતા હતા. તેમણે વ્યાપક બાંધકામો હાથ ધર્યા હતા અને તેમના પત્રોમાં તેઓ વારંવાર પોતાને લોકોના ભરવાડ તરીકે રજૂ કરે છે.

અગાઉના કાયદાના સંગ્રહ: જો કે હમ્મુરાબીની સંહિતા પ્રથમ મેસોપોટેમીયન કાયદા સંગ્રહની શોધ હતી, તે સૌ પ્રથમ લખાયેલ ન હતી; કેટલાક અગાઉના કાયદા-સંગ્રહો પણ મળી આવે છે. આ સંગ્રહો સુમેરિયન અને અક્કાડિયન ભાષામાં શાસકો દ્વારા લખવામાં આવ્યા હોવાનું મનાય છે. આ રિવાજ વ્યાપક હતો. આ કાયદાના સંગ્રહો વચ્ચેની સમાનતાઓ તેને સુસંગત કાનૂની-વ્યવસ્થા ધારણ કરવા માટે પ્રેરે છે.

હમ્મુરાબીની સંહિતાની જેમ, આ અગાઉના સંગ્રહોની કાયદાકીય પ્રણાલીનું અર્થઘટન કરવું મુશ્કેલ છે. હાલના સંગ્રહોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

ઉર શહેરના ઉર-નમ્મુનો કોડ, ઇસીનનો લિપિટ-ઇશ્તારનો કોડ, એશ્નુન્નાના નિયમો બિલાલમા અથવા દાદુશા દ્વારા લખાયેલ. અન્ય એક સંગ્રહ, જેને માર્થા રોથ **"Laws of X"** કહે છે, પરંતુ તે કદાચ ઉર-નમ્મુની સંહિતાનો અંતભાગ હોઈ શકે.

પ્રાચીન બેબીલોનિયન સમયગાળા દરમિયાન કાયદાની પ્રેક્ટિસના હજારો દસ્તાવેજો પણ છે. આ દસ્તાવેજોમાં કરારો, ન્યાયિક ચુકાદાઓ, કાનૂની કેસો પરના પત્રો અને સુધારાના દસ્તાવેજોનો સમાવેશ થાય છે.



Detail of Cuneiform writing.^
< Piller of Hammurabi's Code.

(આપણે સંસ્કૃત શબ્દ **स्तम्भ**=સ્તમ્ભ-થંભ-થાંભલો. **स्कम्भ**=સ્કંભ-ખંભ-ખાંભી-ખાંભો આ બંને શબ્દમાં સૂક્ષ્મ તફાવત છે. શાસ્ત્રીય સ્પષ્ટતા મળતી નથી છતાં સ્તમ્ભ-સ્તમ્ભન=અટકાવવું-આધાર આપવો-સ્થિરતા આપવી. કોઇ છતને પડી જતી અટકાવવા આધાર આપવા સ્તમ્ભ-થાંભલો વપરાય છે; જ્યારે સ્કમ્ભ-ખાંભી જે માઇલસ્ટોન-પાળિયાની જેમ ખુલ્લો છોડી દેવાય છે. હમ્મુરાબીના પથ્થરને અંગ્રેજીમાં સ્ટેલે **stela n. (pl. stelae or stele) Archaeol. upright slab or pillar usu. inscribed and sculpted.** કહ્યો છે. અંગ્રેજીમાં તો એક રૂઢિપ્રયોગ પણ પ્રચલિત છે. **from piller to post.** આધાર આપવાનું કામ મુકાવી ખુલ્લો છોડી દેવો. અહીં આપણે હમ્મુરાબીનો સ્કંભ કે ખાંભી કહીશું.)





લૂવર-પારીસનું મ્યુઝિયમઃ હમ્મુરાબીની સંહિતાની ટેક્સ્ટની પ્રથમ નકલ મળી, સૌથી સંપૂર્ણ, 2.25 મીટર લાંબા કાળા બેઝાલ્ટ-પથ્થરના ખાંભા પર છે. જે પારિસના લુવર-મ્યુઝિયમના ગ્રાઉન્ડ ફ્લોર પર પ્રદર્શિત થાય છે. ટોચ પર શમાશ સાથે હમ્મુરાબીની છબી છે, જે બેબીલોનના સૂર્ય દેવ અને ન્યાયના દેવ છે. ઇમેજની નીચે ક્યુનિફોર્મ ટેક્સ્ટની લગભગ ૪૧૩૦ પંક્તિઓ છેઃ એક-પંચમાંશ ભાગમાં પ્રસ્તાવના અને ઉપસંહાર છે. જ્યારે બાકીના ચાર-પંચમાંશ ભાગમાં કાયદાઓ છે. તળિયાની નજીક, કાયદાના સાત કોલમો, દરેક ૮૦-થી વધુ લીટીઓ સાથે, પ્રાચીનકાળમાં કેટલુંક ઘસી-ભૂંસી નાખવામાં આવેલું. સ્કંભ ત્રણ મોટા ટુકડાઓમાં મળી આવ્યું હતું અને તેનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું. તે ૨૨૫.સે.મી. ઊંચો છે, જેનો પરિઘ શિખર પર ૧૬૫.સે.મી. અને પાયા પર ૧૯૦.સે.મી. છે. હમ્મુરાબીની છબી ૬૫.સે.મી. ઊંચી અને ૬૦.સે.મી. પહોળી છે.

લૂવરનો સ્કંભ પ્રાચીન ઇલામાઇટ શહેર સુસાના સ્થળેથી મળી આવ્યું હતું. સુસા આધુનિક ઈરાનના ખુઝેસ્તાન પ્રાંતમાં આવેલું છે. ખોદકામ સમયે પર્શિયામાં હતું. જેક ડી મોર્ગનના નિર્દેશનમાં ફ્રેન્ચ પુરાતત્વીય મિશન દ્વારા સ્કંભનું ખોદકામ કરવામાં આવ્યું હતું. ફાધર જીન-વિન્સેન્ટ શેઈલે પર્શિયાના અહેવાલોના ચોથા ખંડમાં પ્રારંભિક અહેવાલ પ્રકાશિત કર્યો હતો. શેઇલના જણાવ્યા અનુસાર, ડિસેમ્બર-૧૯૦૧ અને જાન્યુઆરી-૧૯૦૨ની વચ્ચે સુસા એક્રોપોલિસના કહેવા પર સ્કંભના ટુકડા મળી આવ્યા હતા. મોટા ટુકડાઓએ પુનર્ગઠન સરળ બનાવ્યું હતું.

શેઈલે એવી ધારણા કરી હતી કે ઈલામાઈટ રાજા શુત્રુક-નાખુન્ટે દ્વારા સ્કંભને સુસામાં લઈ જવામાં આવ્યો હતો અને ત્યાં પોતાની કીર્તિગાથા લખવા માટે કાયદાના ઘણા કોલમોને ભૂંસી નાખવાનું કામ સોંપ્યું હતું. રોથ સૂચવે છે કે સ્કંભને સિપ્પરમાંથી લૂંટ તરીકે લાવવામાં આવ્યો હતો. જ્યાં હમ્મુરાબી તેમના શાસનના અંત સુધી રહેતા હતા.

અન્ય નકલોઃ સુસા ખાતે લૂવરેના સ્કંભ કોડ કરતાં બીજા અથવા ત્રીજા સ્કંભના ટુકડાઓ મળી આવ્યા હતા. કાયદાઓ ધરાવતી પચાસથી વધુ હસ્તપ્રતો જાણીતી છે. તે માત્ર સુસામાં જ નહીં પરંતુ બેબિલોન, નિનેવેહ, અસુર, બોર્સિપ્પા, નિપ્પુર, સિપ્પર, ઉર, લાર્સા અને વધુ જગ્યાએ જોવા મળ્યા હતા. હમ્મુરાબીના શાસન દરમિયાન અને તેના પછી પણ નકલો બનાવવામાં આવી હતી. કારણ કે આ લખાણ અભ્યાસક્રમનો એક ભાગ બની ગયું હતું. સ્કંભની રચનાના એક હજાર વર્ષ પછીની નકલો મળી આવી છે. અને નિયો-એસિરિયન રાજા અશુરબનિપાલ (BCE-685-631)ની લાઇબ્રેરીમાં "હમ્મુરાબીના ચુકાદાઓ"ની નકલની યાદી આપે છે.

ફાધર જીન-વિન્સેન્ટ શેઇલ દ્વારા કોડની પ્રથમ આવૃત્તિ ૧૯૦૨માં પ્રકાશિત કરવામાં આવી હતી. રિપોર્ટ્સ ઓફ ધ ડેલિગેશન ટુ પર્શિયાના ચોથા ખંડમાં ખોદકામની વિગતો અને સંક્ષિપ્ત પરિચય પછી શેઈલે ટ્રાન્સલીટરેશન અને ફ્રેન્ચ ભાષામાં મફત અનુવાદ, તેમ જ પસંદ કરેલી છબીઓ આપી. ટૂંક સમયમાં અન્ય ભાષાઓમાં આવૃત્તિઓ આવીઃ ૧૯૦૨માં હ્યુગો વિંકલર દ્વારા જર્મનમાં. ૧૯૦૩માં સી.એચ.ડબલ્યુ. જોન્સ દ્વારા અંગ્રેજીમાં. અને ૧૯૦૩માં ઇટાલિયનમાં પીટ્રો બોનફાન્ટે દ્વારા.

૧૯૦૨માં જ્યારે તેની શોધ થઈ ત્યારે આ કોડને સૌથી પહેલો મેસોપોટેમીયન કાયદાનો સંગ્રહ માનવામાં આવતો હતો- ઉદાહરણ તરીકે, સી.એચ.ડબલ્યુ. જોન્સનું ૧૯૦૩નું પુસ્તક ધી ઓલ્ડેસ્ટ કોડ ઓફ લોઝ ઇન ધ વર્લ્ડનું નામ હતું. અંગ્રેજી લેખક એચ.જી. વેલ્સે ધ આઉટલાઈન ઓફ હિસ્ટ્રીના પ્રથમ ગ્રંથમાં હમ્મુરાબીનો સમાવેશ કર્યો હતો અને વેલ્સ માટે પણ આ સંહિતા "સૌથી પહેલા જાણીતી કાયદાની સંહિતા" હતી. જો કે,, ત્રણ અગાઉના સંગ્રહો પછીથી મળી આવ્યાઃ ૧૯૪૭માં લિપિટ-ઇશ્તારની સંહિતા, ૧૯૪૮માં એશ્નુન્નાના કાયદા અને ૧૯૫૨માં ઉર-નમ્મુની સંહિતા. પ્રારંભિક વિવેચકોએ હમ્મુરાબી અને સ્કંભને ૨૩મી સદી બીસીઇની તારીખ આપી હતી. જો કે, આ સંહિતા હમ્મુરાબીના શાસનના અંતની નજીક સંકલિત કરવામાં આવી હતી. પ્રસ્તાવનામાં તેમની સિદ્ધિઓની યાદીમાંથી આ અનુમાન કરવામાં આવ્યું હતું.

આપણે વિદ્વાનોના કેટલાક ઉદ્ગારો જોઇએ. શેઇલે સ્કંભના મહત્વ વિશે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો અને તેને "નૈતિક અને રાજકીય શ્રેષ્ઠ કૃતિ" ગણાવી હતી. સી.એચ.ડબલ્યુ. જોન્સે તેને "માનવ જાતિના ઇતિહાસમાં સૌથી મહત્વપૂર્ણ સ્મારકો પૈકીનું એક" ગણાવ્યું હતું. તેણે નોંધ્યું કે, "અહીં ઘણી માનવતાવાદી કલમો છે અને નબળા અને અસહાયને ઘણું રક્ષણ આપવામાં આવ્યું છે." ચાર્લ્સ ફ્રાન્સિસ હોર્ને "વિદ્વતાયુક્ત કાયદો ઘડનાર"ની પ્રશંસા કરી હતી. જેમ્સ હેનરી બ્રેસ્ટેડે કોડના "વિધવા, અનાથ અને ગરીબો માટેનો ન્યાય" નોંધ્યો હતો, પરંતુ કહેલું કે,

તેમાં "ન્યાયના ઘણા જૂના વિચારોને પણ સ્થાન છે". વિદ્વાનોએ અદ્યતન સમાજની પ્રશંસા કરી હતી.

ખાંભી ઉપર ઉપસાવેલ આકૃતિમાં હમ્મુરાબી બેઠેલા શમાશની સામે ઊભા હોવાનું જણાય છે. સ્કમ્ભના ઉપરના ભાગે હમ્મુરાબી અને સૂર્યદેવ-શામશની આકૃતિઓ ઉપસાવેલી છે. શામશ મેસોપોટેમિયન સૂર્યદેવ છે.

કોતરણીમાં હમ્મુરાબી બેઠેલા શમાશની સામે ઊભા હોવાનું જણાય છે. શમાશે દિવ્યતાનો શિંગડાવાળો મુગટ પહેરેલો છે. તેનાથી વિપરીત રીતે, શેઈલે બેઠેલી આકૃતિને હમ્મુરાબી તરીકે અને ઊભેલી આકૃતિને શમાશ તરીકે ઓળખાવી હતી. શેઇલે એવું પણ માન્યું હતું કે આ દ્રશ્યમાં શમાશ હમ્મુરાબીને લખાવતો દર્શાવાતો હતો; જ્યારે હમ્મુરાબીએ એક પેન-સ્ટાઈલસ પકડી રાખી હતી. શિલ્પકારે રચના અને પ્રતિકોનો ઉપયોગ કરી, હમ્મુરાબીના દેવો સાથે ગાઢ સંબંધો દર્શાવ્યા છે.

પ્રસ્તાવનાઃ

પ્રસ્તાવના અને ઉપસંહાર લખાણનો પાંચમો ભાગ રોકે છે. લગભગ ૪૧૩૦ લીટીઓમાંથી પ્રસ્તાવનાની ૩૦૦ લીટીઓ અને

ઉપસંહારની ૫૦૦ લીટીઓ કાવ્યાત્મક શૈલીમાં લખાઈ છે. પ્રસ્તાવના હમ્મુરાબીની શાહી સત્તાના કારણોથી શરૂ થાય છે. અનુમ બેબિલોનિયન આકાશી દેવતા અને દેવતાઓના રાજા મર્દુકે માનવો પર શાસન સ્થાપ્યું. મર્દુકે પૃથ્વી ઉપર તેની શક્તિનું કેન્દ્ર બેબિલોન પસંદ કર્યું. અને ત્યાં રાજવ્યવસ્થાનું કાર્યાલય સ્થાપ્યું. અનુમ અને પવનના દેવ એનલીલે હમ્મુરાબીને બેબિલોનના રાજા તરીકે પસંદ કર્યા. હમ્મુરાબીએ "બળવાનોને નબળાઓ પર જુલમ કરતા અટકાવવા" શાસન કરવાનું હતું. મેસોપોટેમિયનો પર શમાસ(સૂર્ય)ની જેમ પ્રકાશવાનું હતું.

પછી હમ્મુરાબી તેની સિદ્ધિઓ અને ગુણોની યાદી આપે છે, "હું દેવ એનલીલ દ્વારા પસંદ કરાયેલ હમ્મુરાબી ભરવાડ છું.'' હમ્મુરાબી વારંવાર પોતાને "પવિત્ર" કહે છે લોકોના ભરવાડ તરીકે હમ્મુરાબીનું રૂપક પણ પુનરાવર્તિત થાય છે. હમ્મુરાબીને તેની પ્રજાના કલ્યાણમાં રસ હોવાથી તે વ્યાજબી લાગે છે. ઘણા દેવતાઓ સાથેના તેના સંબંધો પર ભાર મૂકવામાં આવે છે. તેને મંદિરોના પુનઃસ્થાપન અને જાળવણીમાં કર્તવ્યનિષ્ઠ અને યુદ્ધના મેદાનમાં અજેય તરીકે દર્શાવવામાં આવ્યો છે. તેની સિદ્ધિઓની સૂચિથી એ જણાય છે કે, આ લખાણ હમ્મુરાબીના શાસનકાળના અંતભાગમાં લખવામાં આવ્યું હતું. સૂચિ પછી, હમ્મુરાબી સમજાવે છે કે તેણે લોકો માટે "સત્ય અને ન્યાય" સ્થાપિત કરવાનું મર્દુકને આપેલું વચન પૂર્ણ કર્યું હતું.

ઉપસંહારઃ

ઉપસંહાર સ્પષ્ટપણે કાયદા સાથે સંબંધિત છે. "આ ન્યાયી નિર્ણયો છે જે હમ્મુરાબીએ સ્થાપિત કર્યા છે" તે તેના કાયદાઓ અને તેની ઉદારતાને ઉન્નત કરે છે. તે પછી તે એવી આશા વ્યક્ત કરે છે કે "કોઈપણ અન્યાયી માણસ કે જેની સામે મુકદ્દમો છે" તેને ખાંભીના કાયદા મોટેથી સંભળાવવામાં આવશે, તે તેના અધિકારો જાણશે. આ હમ્મુરાબીની પ્રશંસા અને દૈવી કૃપા વરસાવશે. હમ્મુરાબી કોઈપણ શાસક માટે ઉત્તમ ભવિષ્ય ઈચ્છે છે. જેઓ તેમની ઘોષણાઓ પર ધ્યાન આપે, અને સ્કંભના લખાણને માન આપે. જો કે, તે કોઈપણ વ્યક્તિ જે તેના ઉચ્ચારણોનું ઉલ્લંઘન કરે અથવા તેને ભૂંસી નાખે; તેના પર દેવતાઓનો ક્રોધ આમંત્રે છે.

ઉપસંહારમાં ઘણા કાનૂની પ્રતિબિંબો છે. "બળવાનોને નબળાઓ પર જુલમ કરતા અટકાવવા" ની બાબત પર ભાર મૂક્યો છે. રાજાની મુખ્ય ચિંતા તેની સિદ્ધિઓને ભૂલી ન જાય અને તેનું નામ બદનામ ન થાય તે જોવાનું છે.

કાનૂની ક્ષેત્ર	કાયદા	વિશિષ્ટ જોગવાઈઓ	ઉદાહરણ (અંગ્રેજી)
કાયદાના વહીવટ સામેના ગુનાઓ	**1–5**	ખોટા આરોપો (1-2) ખોટી જુબાની (3-4) ચુકાદાનો ખોટો ઠરાવ (5)	જો કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ પર આરોપ મૂકે છે અને તેના પર હત્યાનો આરોપ મૂકે છે, પરંતુ તેની વિરુદ્ધ પુરાવા લાવી શકતો નથી, તો તેના આરોપીને મારી નાખવામાં આવશે.(1)
મિલકતના ગુનાઓ	**6–25**	ચોરી કરવી અને ચોરાયેલી મિલકત મેળવવી (6–13) અપહરણ (14) ભાગેડુ ગુલામોને આશ્રય આપવો (15-20) તોડવું અને પ્રવેશવું (21) ઘરફોડ ચોરી (22-24) સળગતા ઘરોને લૂંટવું (25)	જો કોઈ વ્યક્તિ ઘરમાં ઘૂસી જાય, તો તેઓ તેને મારી નાખશે અને તે જ કાયદાના ભંગની સામે તેને લટકાવી દેશે. (21)
જમીન અને મકાનો	**26–k**	જાગીરનો કાર્યકાળ **(26–41)** ખેડૂતોની ફરજો **(42-48)** ખેડૂતોના દેવાં **(49-52)** સિંચાઈના ગુનાઓ **(53-56)** ઢોરનું અતિક્રમણ **(57-58)** વૃક્ષો કાપવા **(59)** ખજૂરના બગીચાઓની સંભાળ **(60-a)** મકાનો સાથે સંકળાયેલા ગુનાઓ **(b–k)**	જો કોઈ માણસ પર તેની ઉપર દેવું હોય, અને તોફાનના-દેવ અદાદ તેના ખેતરને બરબાદ કરી નાખે અથવા પૂર પાકને વહી જાય, અથવા અપૂરતા પાણીને કારણે ખેતરમાં અનાજ ઉગાડવામાં ન આવે -તે વર્ષમાં તે તેના લેણદારને અનાજ ચૂકવશે નહીં; તે તેના કરારની કામગીરીને સ્થગિત કરશે અને તે તે વર્ષ માટે વ્યાજની ચૂકવણી કરશે નહીં. **(48)**
વાણિજ્ય	**l–126**	લોન અને વેપાર (l-107) ધર્મશાળા (108-111) કુરિયર્સ દ્વારા છેતરપિંડી (112) દેવા માટે વ્યક્તિઓની અટકાયત અને જામીન (113-119) સલામત કસ્ટડી અથવા અનામત (120-126)	વેપારીએ કોઈ રોકાણ કે સાહસ માટે ટ્રેડિંગ એજન્ટને ચાંદી આપવી જોઈએ, અને ટ્રેડિંગ એજન્ટને તેની મુસાફરીમાં નુકસાન થાય, તો તેણે વેપારીને ચાંદીની મૂળ રકમ પરત કરવી જોઈએ.(102)
લગ્ન, કુટુંબ અને મિલકત	**127–194**	પૂજારીઓ અને પરિણીત સ્ત્રીઓની નિંદા (127) "પરિણીત સ્ત્રી" ની વ્યાખ્યા (128)	જો કોઈ વ્યક્તિ જન્મ સમયે નાના બાળકને દત્તક લે છે અને પછી તેને ઉછેરે છે, તે ઉછેરનો ફરીથી દાવો કરવામાં આવશે

		વ્યભિચાર (129-132) પતિની ગેરહાજરીમાં પુનર્લગ્ન (133-136) છૂટાછેડા (137-143) બહારની-સ્ત્રીઓ સાથે લગ્ન (144-147) બીમાર પત્નીઓની સંભાળ(148-149) પતિ તરફથી પત્નીઓને ભેટ (150) દેવા માટે જીવનસાથીઓની જવાબદારી (151-152) પતિઓની હત્યા (153) વ્યભિચાર (154-158) અપક્વ લગ્ન (159-161) પત્નીઓના મૃત્યુ પછી લગ્ન-ભેટનું હસ્તાન્તરણ (162-164) પુત્રોને ભેટો (165) પુત્રો વચ્ચે ઉત્તરાધિકાર (166-167) પુત્રોનો વારસો (168-169) કાયદેસરતા (170) વિધવાઓની મિલકત (171-174) અમુક-વર્ગની સ્ત્રીઓના ગુલામો સાથે લગ્ન (175-176) વિધવાઓના પુનર્લગ્ન **(177)** પવિત્ર સ્ત્રીઓ **(178-184)** બાળકો દત્તક લેવા અને તેનો ઉછેર**(185-194)**	નહીં. (185)
હુમલો	195-214	પિતા પર હુમલો (195) અવિલમ-વર્ગના માણસો પર હુમલા (196-208) ગર્ભપાતનું કારણ બને તેવા હુમલાઓ (209-214)	જો એક વ્યક્તિ બીજા વ્યક્તિની આંખ આંધળી કરે, તો તેઓ તેની આંખ આંધળી કરશે. (196)
વ્યવસાયિક પુરુષો	215-240	સર્જન (215–223) વેટરનરી સર્જન (224-225) વાળંદ (226–227) બિલ્ડરો (228-233) શિપબિલ્ડર્સ અને બોટમેન (234-240)	જો કોઈ બિલ્ડર કોઈ માણસ માટે ઘર બાંધે છે પરંતુ તેને સ્પષ્ટીકરણોને અનુરૂપ બનાવતો નથી તો દિવાલ બગડે તો તે બિલ્ડરે પોતાની ચાંદીનો ઉપયોગ કરીને તે દિવાલને મજબુત કરી દેવી જોઈએ. (233)
કૃષિ	**241-273**	બળદ (241–252) ભાડૂતો દ્વારા ઘાસચારાની ચોરી (253-256) ખેતમજૂરોનું ભાડું (257-258) કૃષિ ઓજારોની ચોરી (259-260) પશુપાલકોનું ભાડું (261) ભરવાડની ફરજો (262-267) જાનવરો અને વેગન ભાડે (268-272) મોસમી મજૂરોનું ભાડું (273)	જો બળદ શેરીઓમાંથી પસાર થતો હોય ત્યારે કોઈ માણસને મારી નાખે, તો તે કેસમાં દાવા માટે કોઈ આધાર નથી. (250)
ભાડાના દરો	**274-277**	કારીગરોનું વેતન (274) હોડીઓનું ભાડું (275-277)	જો કોઈ વ્યક્તિ 60-કુર ક્ષમતાની હોડી ભાડે આપે છે, તો તેણે તેના ભાડા તરીકે પ્રતિ દિવસ એક શેકેલ (એક શેકેલ=આશરે૧૧ગ્રામનો સિક્કો) ચાંદીનો છઠ્ઠો ભાગ આપવો જોઈએ. (277)
ગુલામો	**278–211**	ગુલામોના વેચાણ પર વોરંટી (278–279) વિદેશમાં ગુલામોની ખરીદી (280-211)	જો કોઈ ગુલામ તેના માલિકને જાહેર કરે, કે, "તમે મારા માલિક નથી" તો તે માલિક તેની સામે આરોપ અને પુરાવો લાવશે કે તે ખરેખર તેનો ગુલામ છે, અને તેનો માલિક તેનો કાન કાપી નાખશે. (211)

સંહિતા અંતર્ગત વ્યાપકપણે સર્વસ્વીકૃત એક સિદ્ધાંત છે **lex talionis, or "eye for an eye"**. લેક્સ ટેલિઓનિસ, અથવા "આંખ માટે આંખ". જ્યારે એક માણસ બીજાના અવયવનો નાશ કરે છે, ત્યારે કાયદા **196** અને **200** અનુક્રમે આંખના બદલે આંખ અને દાંતના બદલે દાંતનો નાશ કરવા સૂચવે છે. લેક્સ ટેલિઓનિસ દ્વારા નક્કી કરાયેલી સજાઓ અન્યાય કરનારના પુત્રોને પણ ટ્રાન્સફર કરી શકાય છે.

કાયદા સમક્ષ દરેક વ્યક્તિઓ સમાન ન હતા; વય અને વ્યવસાય ઉપરાંત, વર્ગ અને લિંગ-સ્ત્રી-પુરુષ પણ તેમને મળેલી

સજા પર પ્રભાવ પાડતાં. (**wardum**-પુરુષ/**amtum**-સ્ત્રી) વોર્ડમ/અમતુમ એ ગુલામ પુરુષ કે સ્ત્રી માટે હતો. અવિલમ અને મુસ્કેનમની વાત કરીએ તો, એવું લાગે છે કે આ તફાવત સામાજિક વર્ગનો હતો, જેમાં **awīlum**-અવિલમનો અર્થ "સજ્જન" અને **muškēnum**-મુસ્કેનમનો અર્થ "સામાન્ય" જેવો થાય છે. મુસ્કેનમ માટે દંડ અવિલમ કરતાં વધુ કડક હોવો જરૂરી ન હતો! ઉપરોક્ત સિદ્ધાંતો સામાન્ય અને નાગરિક કાયદાની આધુનિક પ્રણાલીઓથી ઘણા દૂર છે.

પ્રસ્તાવના ભારપૂર્વક જણાવે છે કે હમ્મુરાબીને દેવતાઓ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. એટલે કોડ તેની કાયદેસરતા સિદ્ધ કરે છે. કોડ પ્રમાણમાં સારી રીતે સમજાય છે, પરંતુ કેટલાક શબ્દોના અર્થ વિવાદાસ્પદ છે. awīlum અને muškēnum શબ્દોનો અનુવાદ કરવો મુશ્કેલ સાબિત થયો છે. અનુક્રમે તે કદાચ ઉચ્ચ અને નીચલા સામાજિક વર્ગના પુરુષને દર્શાવે છે.

હમ્મુરાબીની સંહિતા અગાઉના મેસોપોટેમિયન કાયદાના સંગ્રહો સાથે સમાનતા ધરાવે છે. ઈશ્વરે આપેલા અધિકાર દ્વારા શાસકોએ લખ્યા હોવાની પરંપરા કદાચ વ્યાપક હતી. હમ્મુરાબીની સંહિતાની જેમ, તેઓ પ્રસ્તાવના અને ઉપસંહારો દર્શાવે છેઃ ઉર-નમ્મુની સંહિતા એક પ્રસ્તાવના ધરાવે છે, લિપિત-ઇશ્તારની સંહિતા પ્રસ્તાવના અને ઉપસંહાર અને એશ્નુન્નાના કાયદા એક ઉપસંહાર છે. ઉપરાંત, હમ્મુરાબીની સંહિતાની જેમ, તેઓ "એક ગુનો, એક સજા" સિદ્ધાંતને સમર્થન આપે છે. આવરી લેવામાં આવેલા કેસો અને વપરાયેલી ભાષા, એકંદરે, આશ્ચર્યજનક રીતે સમાન છે. તેમ છતાં, ત્યાં તફાવતો છેઃ ઉદાહરણ તરીકે, જ્યાં અગાઉના સંગ્રહ પીડિતોને વળતર આપવા સાથે સંબંધિત છે, ત્યાં સંહિતા અપરાધીઓને શારીરિક રીતે સજા આપવા સાથે સંબંધિત છે.

આધુનિક કાયદાના સંગ્રહો પર હમ્મુરાબીની સંહિતાનો પ્રભાવ સ્થાપિત કરવો મુશ્કેલ છે. બેબીલોનીયન પાસેથી હિબ્રુ દ્વારા કાંઈ પણ સીધું ઉધાર લેવામાં આવ્યું હોવાનું માની લેવા માટે કોઈ આધાર નથી. ગ્રીક ગોર્ટિન કોડ અને રોમન ટ્વેલ્વ ટેબલ્સને પ્રભાવિત થયા હશે. પણ મોટાભાગના રોમન કાયદા સંહિતા જેવા નથી અથવા તેનાથી પ્રભાવિત થયા હોવાની શક્યતા નહિવત્ છે.

એસિરિયોલોજી બહાર પણ કોડની કાનૂની વિદ્વતાનું સ્વાગત કરવામાં આવે છે, દસ્તાવેજને કાયદાનો સાચો કોડ માનવામાં આવે છે. બધા તેના મહત્વ અને સકારાત્મક લક્ષણો પર ભાર મૂકે છેઃ ઉદાહરણ તરીકે, લુવર તેને "મેસોપોટેમીયન સંસ્કૃતિનું પ્રતિક" કહે છે. ઇરાકના હમ્મુરાબી માનવ અધિકાર સંગઠનનું નામ આ સંહિતા પરથી રાખવામાં આવ્યું હતું.

યુ.એસ. કેપિટલ હાઉસ ચેમ્બરના દરવાજા પર હમ્મુરાબીનું એક પોટ્રેઇટ છે, જેમાં અન્ય ૨૨ લોકોના પોટ્રેટ છે જે "અમેરિકન કાયદાને અનુસરતા સિદ્ધાંતોની સ્થાપનામાં અનુકુળ હોય. વિશ્વભરની સંસ્થાઓમાં હમ્મુરાબી સ્કંભની પ્રતિકૃતિઓ છે, જેમાં ન્યુ-યોર્ક શહેરમાં સંયુક્ત રાષ્ટ્રનું મુખ્યમથક, હેગમાં પીસ પેલેસ (આંતરરાષ્ટ્રીય ન્યાયાલયની બેઠક), તેહરાનમાં ઈરાનનું રાષ્ટ્રીય મ્યુઝિયમ, બર્લિનમાં પેરગામોન મ્યુઝિયમ, ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ-યુનિવર્સિટી ઑફ શિકાગો, યુનિવર્સિટી ઑફ પેન્સિલવેનિયાનું મ્યુઝિયમ ઑફ આર્કિયોલોજી એન્ડ એન્થ્રોપોલોજી, યુનિવર્સિટી ઑફ કેન્સાસ-હિસ્ટ્રી ઑફ મેડિસિન લાઇબ્રેરી, અને કોર્બન યુનિવર્સિટીનું પ્રીવિટ-એલન પુરાતત્વ સંગ્રહાલય.

૫-ક. Boğazköy-બોગાઝકુઈ

Boğazköy, આધુનિક Boğazkale, ઉપરાંત જોડણી Boghazkeui પણ કરાય છે. આ ગામ, ઉત્તર-મધ્ય તુર્કીમાં યોઝગાટના ઉત્તરપશ્ચિમમાં 17 માઈલ (27 કિમી) દૂર આવેલું છે, તે હિટ્ટાઇટ્સની પ્રાચીન રાજધાની હટ્ટુસાસ (હટ્ટુસા, હટ્ટુશા અથવા ખટ્ટુસાસ)ના પુરાતત્વીય અવશેષોનું સ્થળ છે, જેમણે BCE1356માં એનાટોલિયા અને ઉત્તર સીરિયામાં એક શક્તિશાળી સામ્રાજ્ય સ્થાપ્યું હતું.

Boğazköy ખાતે મળેલા સૌથી જૂના લેખિત સ્ત્રોતો જૂની એસીરીયન ભાષામાં ક્યુનિફોર્મ લખાણમાં કોતરેલી clay tablets છે. તેઓ સાઇટ પર એસીરીયન વેપારીઓની હાજરીને પ્રમાણિત કરે છે, જે તે સમયે હટ્ટુસ તરીકે ઓળખાતું હતું. સૌથી મોટી એસીરીયન વસાહત લગભગ BCE1950 થી BCE1850 દરમ્યાન વિકસેલી. અને વિનાશ પછી, BCE1820 ની આસપાસ ફરી ઉભરી આવેલ જે બીજી બે પેઢીઓ સુધી ચાલ્યું,

હટ્ટુસાસ હિટ્ટાઇટ ઇતિહાસમાં થોડા વિક્ષેપો સાથે રાજધાની રહી. 1380 બીસીઇમાં દુશ્મનો દ્વારા આ શહેરનો વિનાશ થયો હોવાનું જણાય છે. પણ તે પછી તરત જ, રાજા સપ્પિલ્યુલિયમસ I એ શહેરને પુનઃસ્થાપિત કર્યું. ઉપરાંત એનાટોલિયા અને સીરિયા પર વિજય મેળવી તેને પોતાના સામ્રાજ્યની રાજધાની બનાવી.

હિટ્ટાઇટ સામ્રાજ્યના પતન સાથે BCE1190માં શહેરનો નાશ થયો હતો; હિટ્ટાઇટ પછી આ વસાહતોએ અનેક પુનઃનિર્માણ જોયા. ત્યારબાદ 18મી સદીમાં બોગાઝકોય ગામની સ્થાપના થઈ ત્યાં સુધી તે સ્થળ નિર્જન હતું.

બોગાઝકોયની શોધ 1834 માં ફ્રેન્ચ સંશોધક Charles Texier ચાર્લ્સ ટેક્સિયર દ્વારા કરવામાં આવી હતી, જેમણે જમીનની ઉપર પ્રાચીન શહેરના અવશેષો જોયા હતા.

બ્રિટિશ અને જર્મન પ્રવાસીઓની મુલાકાતો પછી, એક અન્ય ફ્રેન્ચમેન Ernest Chantre અર્નેસ્ટ ચેન્ત્રે, જેમણે 1892-93માં ત્યાં પ્રથમ ક્યુનિફોર્મ tablets મળી. તેની ભાષા અજાણ હતી. પરંતુ ટેલ અલ-આમર્ણા ઇજિપ્તમાં મળેલા પત્રો સાથે તેની

ઓળખ ટૂંક સમયમાં જ થઇ. આના કારણે બર્લિનના એસિરિયોલોજિસ્ટ Hugo Winckler હ્યુગો વિંકલર અને ઈસ્તાંબુલ મ્યુઝિયમના Theodore Makridi (Bey) થિયોડોર મક્રિડી (બે) સાથે મળીને 1906માં ખોદકામ હાથ ધર્યું. આ પ્રથમ તબક્કે પશ્ચિમ બાજુથી ટેબ્લેટ્સના 2,500 ટુકડાઓ મળ્યા, જેમાં કેટલાક અક્કાડિયનમાં પણ હતા; તે દર્શાવે છે કે બોગાઝકોય હટ્ટીના રાજાઓની રાજધાની હતી. વિંકલર અને માક્રિડી 1907, 1911 અને 1912માં ફરી અહીં પાછા આવેલા.



હિટ્ટાઇટ્સઃ કોકેશિયસ તરફથી કેન્દ્રીય એનાટોલીયાના વિસ્તારોમાં મજબૂત રાજ્યની સ્થાપના કરનાર Hittites (1650 BCE–1178 BCE) હતા. તેઓનું મુખ્ય શહેર Hattusa-હટ્ટુસા(બોગાઝકુઇ) ઇ.સ.પૂર્વે બીજી સહસ્ત્રાબ્દિમાં હતું એનાટોલીયાના બે મહત્ત્વના રાજ્યોમાંથી એક Hittite સામ્રાજ્ય ૫૦૦ વર્ષ સુધી રહ્યું. આ હિટ્ટાઇટ-સભ્યતા ખૂબ પ્રગતિશીલ શાસન વ્યવસ્થા ધરાવતી; જેમાં સૈન્ય, રાજ્યવ્યવસ્થા, બંધારણીય વહીવટી વ્યવસ્થા અને ન્યાય વ્યવસ્થા મુખ્ય છે. કેન્દ્રીય સરકાર રાજાના વડપણ નીચે હતી. જેમાં રાજા લશ્કરી અને ન્યાયતંત્રનો સુપ્રીમો હતો. રાજા ધર્માધિકારી હોવા છતાં ક્યારેય દેવત્વ અપાયું નહોતું. મહત્વની ઘટનાઓમાં રાણીનું વિશેષ અને સ્વતંત્ર સ્થાન રહેતું પોતાની મુદ્રા વાપરી જુદા સ્વતંત્ર નિર્ણય રાજહિતમાં લેતી. અથવા રાજા સાથે જોડાઈને સત્તામાં ભાગ રાખતી.



અંડરવર્લ્ડના બાર હિટ્ટાઇટ દેવતાઓ નજીકના યાઝિલકાયામાં, હટુસા (Boğazköy)

Hattusa Sphinx Gate Boğazköy Hattusa Lion Gate

બોગાઝકુઇમાંથી મળેલી ક્યુનિફોર્મ મુદ્રાઓ આઠ જુદી-જુદી ભાષાઓનું અસ્તિત્વ સુચવે છે; જે હિટ્ટાઇટ સામ્રાજ્યને બહુભાષી માનવા પ્રેરે છે જો કે, રાજકીય દસ્તાવેજોમાં હિટ્ટાઇટ અને અક્કાડિયન ભાષાનો ઉપયોગ થતો. એટલે હિટ્ટાઇટ ભાષા ઇન્ડો યુરોપિયન મૂળની છે અને તેનો વપરાશ ખૂબ હતો. અક્કાડિયન ભાષા સેમેટીક ભાષા ગણાય છે જેનો ઉપયોગ નજીકના રાજ્યોમાં શાસકીય પત્રવ્યવહારોમાં અને આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોમાં થતો. રાજા તેના પૂર્વ અને દક્ષિણના પડોશી રાજ્યના વ્યવહારો જેવા કે પત્રો-સંધિ કરારો સંપૂર્ણ અક્કાડિયન ભાષામાં કરતા. આમાંથી Quadesh Treaty જેમાં Eternal Peace ખૂબ પ્રખ્યાત છે. કારણ કે તે શાંતિ અને સલામતી માટે આખા વિસ્તારમાં લાંબા સમય સુધી અમલમાં રહેલી. હિટ્ટાઇટ પોતાના દેવો સાથે હુરિયન અને મેસોપોટેમિયાના દેવોને માને છે બહુદેવ-વાદી(Polytheist) છે.

Sphinx Gate entrance of the city of Hattusa.

મિતાન્ની સામ્રાજ્ય BCE-1500-1300: એવું માનવામાં આવે છે કે શાસક વર્ગ મર્યાન્નુ તરીકે ઓળખાતા યોદ્ધાઓ હતા, જેણે ઇજિપ્તવાસીઓ દ્વારા "નાહારિન" અને "મેટાની" તરીકે ભાષાંતર કર્યું ત્યારે રાજ્યને તેનું નામ મિતાન્ની આપ્યું. એસીરિયનો સામ્રાજ્યને હનીગલબાટ અથવા ખાનીગલબત-હાનીરબ્બત તરીકે જાણતા હતા, અને હિટ્ટાઇટ્સ લોકોને હુરી અને તેમના પ્રદેશને હુરી (અથવા હુર્રી) ની ભૂમિ અને હુરિયનોની ભૂમિ તરીકે ઓળખતા હતા, અને તેથી મોટાભાગના આધુનિક સમયના વિદ્વાનો સંમત છે કે તેઓ હુરિયન હતા. તેઓ સ્થાનિક લોકોની ભાષાનો ઉપયોગ કરતા હતા, જે તે સમયે non-Indo-Iranian ભાષા હુરિયન હતી. મિતાન્ની સામ્રાજ્ય, એક સમયે વર્તમાન ઉત્તરીય ઇરાકથી સીરિયા અને તુર્કીમાં વિસ્તરેલું હતું અને તે તેના સમયના મહાન રાષ્ટ્રોમાંનું એક હતું, જોકે આજે તે મોટાભાગે ભૂલાઇ ગયું છે.

BCE બીજી સહસ્ત્રાબ્દી દરમિયાન, મિતાન્ની સામ્રાજ્યમાં બોલાતી હુરિયન ભાષામાં ઈન્ડો-આર્યન ભાષાના કેટલાક ઉછીના શબ્દો જોવા મળે છે. આને મિતાન્ની-મિતાન્ની હુરિયનમાં ઈન્ડો-આર્યન સુપરસ્ટ્રેટ (વિજેતાઓની ભાષાનું વર્ચસ્વ) ની રચનાઓ માનવામાં આવે છે.

લશ્કરી રીતે શક્તિશાળી, વિચરતી ઈન્ડો-આર્યન જાતિનાચુનંદા, યુવાનો જે મર્યાન્નુ તરીકે ઓળખાય છે, તે મિતાન્નીમાં સ્થાયી થયા હતા, અને હુરિયન ભાષાને અપનાવી સ્થાનિક પ્રજા પર રાજકીય રીતે પ્રભુત્વ જમાવ્યું હતું. આ ઘટના ઇન્ડો-આર્યન વિસ્તરણનો એક ભાગ કહી શકાય.

મર્યાન્નુ એ રથારુઢ યોદ્ધો ગણાતો. મર્યાન્નુ એક પ્રાચીન શબ્દ છે, જે કાંસ્ય યુગ દરમિયાન મધ્ય પૂર્વના ઘણા સમાજોમાં પ્રચલિત હતો. આમર્ણા-પત્રોમાં આ શબ્દ છે. રોબર્ટ ડ્રુઝ લખે છે કે મર્યાન્નુ નામ, બહુવચન હોવા છતાં, એકવચન મર્યા છે, જેનો સંસ્કૃતમાં અર્થ 'યુવાન યોદ્ધા' થાય છે. **मर्य** = યુવાન, પ્રેમી, અશ્વ, અશ્વારોહી-યુવાન-યોદ્ધો એમ પ્રદેશ ભેદે કહી શકાય. ઋગ્વેદની એક ઋચામાં મર્યકં શબ્દ વપરાયો છે.

के मे मर्यकं वि यवन्त गोभिर्न येषां गोपा अरणश्चिदास । य ईं जगृभुरव ते सृजन्त्वाजाति पश्व उप नश्चिकित्वान् ॥५.२.५॥

આપણા રાષ્ટ્રને ગાયોથી કોણે જુદું પાડ્યું? ગાયોના રક્ષકો નહોતા? આપણા રાષ્ટ્ર પર અધિકાર કરવાવાળાઓનો નાશ થાય. આપણી અભિલાષાઓ જાણનાર અગ્નિ આપણા પશુઓને નજીક લાવે.

સ્થાનિક લોકોની થોડી નોંધો અસ્તિત્વમાં છે, પરંતુ મિતાન્ની-રાજવીઓ અને અસ્સીરિયા અને ઇજિપ્તના રાજવીઓ સાથેનો પત્રવ્યવહાર(અમર્ના લેટર્સ), તેમજ વિશ્વની સૌથી જૂની અશ્વ-પ્રશિક્ષણ-માર્ગદર્શિકા (કિક્કુલિ), મિતાન્ની અને હિટ્ટાઇટ્સ વચ્ચેના સંધિકરાર, મિતાન્ની સામ્રાજ્ય સમૃદ્ધ હોવાનો પુરાવો આપે છે. આ રાષ્ટ્ર 1500 અને 1240 બીસીઇ વચ્ચે વિકાસ પામ્યું હતું. 1350 બીસીઇમાં, મિતાન્ની એટલું શક્તિશાળી રાષ્ટ્ર હતું કે, તે મહાન સામ્રાજ્યો ઇજિપ્ત, હિટ્ટાઇટ, બેબિલોનિયા અને એસીરિયાની હરોળમાં રાખી શકાય.

મિતાન્ની સામ્રાજ્ય BCE1475 અને BCE 1275ની વચ્ચે ઉત્તરીય યુફ્રેટીસ-ટાઈગ્રીસ પ્રદેશ પર શાસન કરતું હતું. આ પ્રદેશના સ્થળાંતર કરનાર મૂળ-વસાહતીઓને ઈન્ડો-ઈરાનીઓ અથવા ઈન્ડો-આર્યન તરીકે ઓળખવામાં આવે છે, તેઓ સેમિટિક હિક્સોસ(ઈજીપ્તનો પંદરમો રાજવંશ 1650–1550 BC) સાથે પણ સંકળાયેલા છે, વિદ્વાનોએ હિટ્ટાઇટ્સ સાથેની સંધિમાં બોલાવવામાં આવેલા દેવતાઓના નામના આધારે તેમને ઓળખવાનો પ્રયાસ કર્યો છે, ઈન્ડો-આર્યન(સપ્તસિન્ધુ-વેદિક સંસ્કૃત= આર્યવાક્ બોલનાર) અને ઈન્ડો-ઈરાનીઓ(જરથોસ્તી આર્યોનું-અવેસ્તા ભાષા વાપરનાર જુથ) બંને જુથો સમાન દેવતાઓની પૂજા કરતા હતા, જેમ કે, વરુણ, ઇન્દ્ર, મિત્ર અને નાસત્યૌ.

બીસીઈ14મી સદીની શરૂઆતથી, એસીરીયન આક્રમણોએ મિટાન્ની સામ્રાજ્યને નબળું પાડ્યું. એસીરીયન રાજા આશુર-ઉબાલીટ I (બીસીઈ 1365-1330) એ નોંધપાત્ર પ્રદેશો જીતી લીધા. મિતાન્ની રાજવીઓ વચ્ચે ઉત્તરાધિકારના વિવાદોએ સામ્રાજ્યની મુશ્કેલીઓમાં વધારો કર્યો, અને એકતાના અભાવે મિતાન્નીને હિટ્ટાઇટ્સ રાજા સપ્પીલુલિયમ I (બીસીઇ 1344-1322)એ સરળ શિકાર બનાવ્યો, જેમણે મિતાન્ની વસ્તીના મોટા ભાગને દેશનિકાલ કર્યા અને તેમની જગ્યાએ હિટ્ટાઇટ્સ મુક્યા.

મિતાન્ની-આર્યન દેવો વિષેઃ મિતાન્ની સામ્રાજ્યના ક્યુનિફોર્મ દસ્તાવેજો (1500-1200 BCE)માં સંખ્યાબંધ ઇન્ડો-આર્યન ધ્વનિવાળા શબ્દો ઓળખવામાં આવ્યા છે. સંસ્કૃતની સમાંતર નામો અને વિશેષણો ઉપરાંત આ હુરિયન-ભાષી સામ્રાજ્યમાં ઈન્ડો-આર્યન નામવાળા રાજાઓ હતા. અને BCE-1350માં હિટ્ટાઇટ-મિતાન્ની સામ્રાજ્યના સન્ધિકરારમાં વેદિક દેવતાઓના નામોની યાદી મુકવામાં આવી છે.

આ લેખ ભારતીય અને મિતાન્ની આર્યન દેવતાઓ વચ્ચેનો ધ્વન્યાત્મક તફાવત. સમજાવવાનો પ્રયાસ કરે છે. ઈન્ડો-આર્યન શબ્દ મિતાન્ની વ્યુત્પત્તિ માટે સંસ્કૃત શબ્દ मिथ् (मिथ्= ૧.સહકારી થવું. ૨.એકત્ર થવું. ૩.મૈથુન કરવું.) નો આધાર છે.

જો કે, વિદ્વાનોએ ઈન્ડો-ઈરાનિયન ઉચ્ચારણો ભૌગોલિક રીતે નજીક હોવા છતાં, Indo-Aryan સિવાય, Proto-Aryan, Proto-Indo-Iranian, કે Indo-Aryan ના વિકલ્પો ખુલ્લા રાખ્યા છે.

BCE1345માં મિતાન્ની ભૂમિના માસ્ટર હોર્સ-ટ્રેનર કિક્કુલી દ્વારા, ક્યુનિફોર્મમાં ચાર ટેબ્લેટ પર ૧૦૮૦ લીટીઓવાળી માર્ગદર્શિકા લખાઇ છે. આ, કિક્કુલી શબ્દ.... અંગ્રેજી Colt-વછેરો-(એક થી ચાર વર્ષનું અશ્વનું બચ્ચું), સ્વીડિશ-kult, kulter, ડેનિશ kuld. સાથે આકર્ષક અને રસપ્રદ સમાનતા, ધરાવે છે.

કિક્કુલી-ઘોડાની તાલીમ પરના હિટ્ટાઇટ ગ્રંથમાં, મુખ્યત્વે Bogazköy અને El-Amarna માંથી મળેલી ટેબ્લેટ્સમાંથી ઘણી નિઃશંકપણે Indo-Aryan છે.

જેમકે, અંકો માટે ઈન્ડો-આર્યન એઇક-aika- one, જે સ્ટાન્ડર્ડ-ઈન્ડો-યુરોપીયન oinos થી ખૂબ જ અલગ છે. પ્રોટો-ઈરાનીયનમાં એક માટે આઈયુઆ-aiua છે. tera-three આ શબ્દ,સંસ્કૃત 'ત્રિ-tri' ઉપરથી છે. પાન્ઝા-panza-five-પાંચ, સત્તા-satta-seven-સાત, ના-na(ua)-nine-નવ, uarttana-આવર્તન, અશ્વ-asua-ઘોડો... જે સ્પષ્ટપણે ઈન્ડો-આર્યન-વેદિક-સંસ્કૃત છે. ઈરાનિયનમાં અશ્વ માટે અસ્પ-asp ધ્વનિ છે. મિત્ર માટે મિથ્ર.

મિતાન્ની-હટ્ટી સંધિ અને હટ્ટી-મિતાન્ની સંધિમાં મિતાન્ની વેદિક દેવો બે વાર સૂચિબદ્ધ છેઃ હટ્ટી-મિતાન્ની સંધિ મિતાન્નીના શટ્ટીવાઝ અને હિટ્ટાઇટ રાજા સુપ્પિલ્યુલિયમ વચ્ચે થયેલી છે. આ વિભાગ સંખ્યાબંધ સુમેરોગ્રામ સાથે ઓળખી શકાય તેવો અક્કાડિયન-ભાષામાં ક્યુનિફોર્મ લિપિમાં છે.

ઋગ્વેદમાંથી ઋચા RV 10.125.1માં આ નામો એક સાથે દેખાય છેઃ ઈન્દ્ર, મિત્ર, વરુણ, અશ્વિનૌ (નાસત્યૌનો પર્યાય છે. બે દેવો સાથે હોવાથી દ્વિવચનમાં બોલાય છે.)

aham mitrá-varuná ubhá bibharmi aham indrágní aham aßviná ubhá ''

अहं मित्रावरुणोभा बिभर्म्यहमिन्द्राग्नी अहमश्विनोभा ॥१०.१२५.१॥

ક્યુનિફોર્મ	English	वेदिक-संस्कृत
Mi-it-ra-as-si-il	=Mitrassil	मित्र।
A-ru-na-as-si-il	=Arunassil	वरुण।
In-dara	=Indara	इन्द्र।
Na-sa-at-ti-ya-an-na	=Nasattiyanna	नासत्यौ।

Aßviná-અશ્વિનૌ એ નાસત્યૌનો પર્યાય છે. બંને શબ્દો દ્વિવચનમાં છે.

Suppiluliuma (Hittite) સુપ્પીલુલિયુમ (હિટ્ટાઇટ) - Shattiwaza (Mittani) શટ્ટીવાઝ (મિતાન્ની) સંધિ-કરારના ભાવાંશો સંક્ષેપમાંઃ સપ્પીલુલિયમ, મહાન રાજા, હીરો, હટ્ટીના રાજા, Storm God-તોફાનના દેવના પ્રિય, અને હુરીની ભૂમિના રાજા આર્તાત્માએ એકબીજા સાથે સંધિ કરી, તે સમયે, મિતાન્ની ભૂમિના રાજા તુશ્રત્તને મહાન હટ્ટીના રાજા, હીરો તરફથી ધ્યાન

આપવા બોલાવ્યા. અને મેં મહાન હટ્ટી રાજાએ તેમની સમક્ષ મારું ગૌરવ જાળવી રાખ્યું. અગાઉ ઇશુવાની જમીન પ્રતીકૂળ થતાં હટ્ટી સૈનિકોની ટુકડીઓ ઇશુવાની જમીનમાં પ્રવેશેલી. તે સિવાયના પ્રદેશો જે મારા પિતાના સમયમાં પ્રતિકૂળ થયેલા તે દેવોના પ્રિય રાજાએ મેળવી લીધા. મારું ધ્યાન મિતાન્ની ભૂમિના રાજા તુશ્રત્ત તરફ વાળ્યું. મેં યુફ્રેટીસ-નદીના પશ્ચિમ કાંઠાની જમીનો લૂંટી લીધી અને લેબનોન પર્વત પર કબજો કર્યો. મેં આગળ વધી વાસુકન્ની શહેરમાં સૈનિકોને પરાજિત કરી, ઘોડાઓ અને સંપત્તિ મેળવી. કેટલાક નાગરિકોને બંદીવાન બનાવ્યા. તુશ્રત્ત નાસી ગયો. મેં ફરીથી યુફ્રેટિસ પાર કરી અને હલબની ભૂમિ અને મુકિશની ભૂમિ પર કબજો જમાવ્યો. કેટલાક મહારથીઓ પર વિજય મેળવ્યો. તેમના રથ-યોદ્ધાઓ અને સંપત્તિ કબજે કર્યા, અને હટ્ટીમાં લાવ્યા.

તુશ્રત્તનો અહંકાર શમાવવા માઉન્ટ લેબનોન અને યુફ્રેટિસની જમીન પર મારો પ્રદેશ વિસ્તાર્યો. તુશ્રત્તના પુત્રે કાવતરું રચી, તુશ્રત્તની હત્યા કરી. મિતાન્નીની જમીન બરબાદ થઈ ગઈ; જે તે લોકોએ વહેંચી લીધી. મેં એક પણ ટુકડો મિતાન્નીની જમીન રાખી નથી. પ્રિન્સ શટ્ટીવાઝ અને મારા પુત્ર પિયાસિલીને પશ્ચિમ કિનારાના તમામ શહેરો સોંપી દીધા. તોફાનના દેવ, સ્વર્ગ અને પૃથ્વીના દેવ, ચન્દ્ર-સૂર્ય, વિદ્વતાના દેવ, અનુ, અંતુ, એનલીલ, નિનલીલ, ***મિત્ર દેવતા, વરુણ દેવતા, ઈન્દ્ર અને નાસત્યૌ દેવો,*** ભગવાન વાસુકન્ની, પર્વતો અને નદીઓના દેવતાની સાક્ષીમાં આ થયું.



Perhaps, Vedic-God Names on this Piece.(Not Sure)

પ્રજાના નામોઃ

Transcription of cuneiform	Interpretation	Vedic equivalent	Comments
bi-ir-ya-ma-aš-da	Priyamazdha	Priyamedha	"whose wisdom is dear"; /azd(^{h})/ to [eːd(^{h})] is a regular development in Vedic and its descendants (Indo-Aryan in the narrow sense)
bi-ir-ya-aš-šu-wa, bi-ir-da-aš-šu-wa	Priyāśva ~ Prītāśva	Prītāśva	"whose horse is dear"

ar-ta-aš-šu-ma-ra	Artasmara	Ṛtasmara	"who thinks of Arta/Ṛta"
ar-ta-ta-a-ma	Artadhāma(n?)	Ṛtadhāman	"his abode is Ṛta"
tu-uš-rat-ta, tu-iš-e-rat-ta, tu-uš-e-rat-ta	Tvaiša(?)ratha	Tveṣáratha	"whose chariot is vehement"
in-tar-ú-da, en-dar-ú-ta	Indrauta	Indrota	"helped by Indra"; /au/ to [oː] is a regular development in Vedic; ú specifically indicates [u] as opposed to [o]

દેવોના નામો મિટાન્ની સંધિ-કરાર

Transcription of cuneiform	Interpretation	Vedic equivalent	Comments
a-ru-na, ú-ru-wa-na	Varuna	Varuṇa	
mi-it-ra	Mitra	Mitra	
in-tar, in-da-ra	Indra	Indra	
na-ša-ti-ya-an-na	Nasatya(-nna)	Nāsatya	Hurrian grammatical ending *−nna*
a-ak-ni-iš	Āgnis	Agni	only attested in Hittite, which retains nominative -/s/ and lengthens stressed syllables

અશ્વ-તાલીમ= Kikkuli.

Transcription of cuneiform	Interpretation	Vedic equivalent	Comments
a-aš-šu-uš-ša-an-ni	āśva-san-ni?	aśva-sana-	"master horse trainer" (Kikkuli himself)
-aš-šu-wa	-aśva	aśva	"horse"; in personal names
a-i-ka-	aika-	eka	"1"

ti-e-ra-	tera- ?	Tri	"3"
pa-an-za-	pańća- ?	pañca	"5"; Vedic *c* is not an affricate, but apparently its Mitanni equivalent was
ša-at-ta	satta	sapta	"7" /pt/ to /tː/ is either an innovation in Mitanni or a misinterpretation by a scribe who had Hurrian *šinti* "7" in mind
na-a-[w]a-	nāva-	nava	"9"
wa-ar-ta-an-na	vartan(n)a	vartana	round, turn, cycle.



Example for a hittite cuneiform tablet with the "Deeds of Suppiluliuma I." from Hattusa (Bogazköy)

Clay tablet narrating the Hittite king Suppiluliuma I's deeds. 1350 BC. From Hattusa, Turkey. Istanbul Archaeological Museum, Turkey.



Bogazkui Brtish Muziam



Vedic God names in Cuneiform(Perhaps!)

Antakya Archaeological Museum Statue of **Suppiluliuma.**

<u>આમર્ણા પત્રો:</u>

આમર્ણા-amārnah) એ એક વિસ્તૃત ઇજિપ્શિયન પુરાતત્વીય સ્થળ છે જેમાં અઢારમા રાજવંશના અંતમાં રાજધાની શહેર શું હતું તેના અવશેષો છે. આ શહેરની સ્થાપના બીસી1346 માં ફેરોહ અખેનાટનના માર્ગદર્શન નીચે કરવામાં આવી હતી, અને બીસી1332માં તેના મૃત્યુ પછી તરત જ તેને છોડી દેવામાં આવ્યું હતું. પ્રાચીન ઇજિપ્તવાસીઓએ આ શહેર માટે જે નામનો ઉપયોગ કર્યો હતો તે નામ અંગ્રેજીમાં અખેતાતેન અથવા અખેટાટોન થાય છે. જેનો અર્થ થાય છે "સૂર્યની ક્ષિતિજ"(the horizon of the Aten).

આ સ્થળ નાઇલ નદીના પૂર્વ કિનારે છે, જેમાં આજે મિનિયાનો ઇજિપ્શિયન પ્રાંત છે. અલ-મિંયા શહેરની દક્ષિણે લગભગ 58 કિમી, ઇજિપ્તની રાજધાની કૈરોથી 312 કિમી. દક્ષિણમાં આવેલું છે.

ઇ.સ.1887માં ખાતર માટે ખોદકામ કરતી એક સ્થાનિક મહિલાને 300 થી વધુ ક્યુનિફોર્મ ટેબ્લેટ્સ-આમર્ણા લેટર્સ તરીકે ઓળખાય છે; તેનો ભંડાર મળી આવ્યો. આ ટેબ્લેટ્સમાં ફેરોહની પસંદગીના રાજદ્વારી પત્રવ્યવહારની નોંધ કરવામાં આવી હતી

અને તે ઘણું કરી અક્કાડિયન ભાષામાં લખવામાં આવી હતી, જે આ પ્રકારના સંદેશાવ્યવહાર માટે પ્રાચીન કાંસ્ય યુગના અંતમાં ઉપયોગમાં લેવાતી ભાષા હતી.

આમર્ણા પત્રવ્યવહાર અથવા અમર્ના લેટર્સ ક્યુનિફોર્મ-ક્લે-ટેબ્લેટ્સ પર લખાયેલો સંગ્રહ છે. "અલ અમર્ના" (El Amarna) માટે સંક્ષેપ EA સાથે નોંધવામાં આવે છે. જે મુખ્યત્વે ઇજિપ્શિયન વહીવટ વચ્ચેનો રાજદ્વારી પત્રવ્યવહાર છે. જેમકે, EA 161, અમુરુના નેતા અઝીરુનો પત્ર (ફેરોહને પોતાનો કેસ જણાવતો) માટીની ગોળી પર ક્યુનિફોર્મ લખેલા આમર્ણા પત્રોમાંથી એક.

આમર્ણા પત્રવ્યવહારના અક્ષરો બાઈબલના અભ્યાસો તેમજ સેમિટિક ભાષાશાસ્ત્ર માટે ખૂબ મહત્વ ધરાવે છે કારણ કે તે આ સમયગાળામાં કનાની લોકોની સંસ્કૃતિ અને ભાષા પર પ્રકાશ પાડે છે. અક્ષરો, જોકે અક્કાડિયનમાં લખાયેલા છે, જેઓ કદાચ પ્રોટો-કનાનાઈટનું પ્રારંભિક સ્વરૂપ બોલતા હતા, જે ભાષા(ઓ) પાછળથી તેની પુત્રી ભાષાઓ, હિબ્રુ અને ફોનિશિયનમાં વિકસિત થશે. આ "કનાનિઝમ્સ" તેમના પ્રથમ વાસ્તવિક અભિવ્યક્તિની ઘણી સદીઓ પહેલા તે ભાષાઓના પ્રોટો-સ્ટેજમાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે.

કુલ 382 ક્લે-ટેબ્લેટ છે, જેમાંથી 358 નોર્વેજીયન એસિરિયોલોજિસ્ટ Jørgen Alexander Knudtzon દ્વારા સંશોધિત કરી બે ગ્રંથો (1907 અને 1915) પ્રકાશિત કરવામાં આવ્યા છે, જે આજ સુધી પ્રમાણભૂત ગણાય છે.

આ ટેબ્લેટ્સ બેબીલોનિયા, એસીરિયા, સીરિયા, કનાન અને અલાશિયા (સાયપ્રસ) સાથેના ઇજિપ્તના રાજદ્વારી સંબંધો તેમજ મિતાન્ની અને હિટ્ટાઇટ્સ સાથેના સંબંધો પર ઘણો પ્રકાશ પાડે છે. આ પત્રો તે સમયના ઈતિહાસ અને ઘટનાક્રમ સ્થાપિત કરવામાં મહત્વના રહ્યા છે.

બેબીલોનીયન રાજા, કડાશમેન-એનલીલ-૧લા ના પત્રો, અખેનાટેનના શાસનની સમયમર્યાદા પૂર્વે 14મી સદીના મધ્ય સુધી દર્શાવે છે. તેઓ હબીરુ તરીકે ઓળખાતા નજીકના પૂર્વીય જૂથનો પ્રથમ ઉલ્લેખ પણ ધરાવે છે, જેનું હિબ્રુઓ સાથે સંભવિત જોડાણ-શબ્દોની સમાનતા અને તેમના ભૌગોલિક સ્થાનને કારણે-વિવાદ રહે છે. પત્રોમાં સામેલ અન્ય શાસકોમાં મિતાન્નીનો તુશ્રત્તા, શેકેમનો લિબઆયુ, જેરુસલેમનો અબ્દી-હેબા અને બાયબ્લોસનો ઝઘડાખોર રાજા રિબ-હદ્દાનો સમાવેશ થાય છે, જેઓ 58 થી વધુ પત્રોમાં ઇજિપ્તની લશ્કરી મદદ માટે સતત વિનંતી કરે છે. ખાસ કરીને, પત્રોમાં ઉત્તરમાં હિટ્ટાઇટ આક્રમણકારો સામે અને દક્ષિણમાં હબીરુ સામે લડવા માટે લશ્કરી મદદ માટેની વિનંતીઓનો સમાવેશ થાય છે.

અખેનાટેન અને તુશ્રત્તા (Akhenaten and Tushratta):

ઇજિપ્તના ફેરોહ અખેનાટેન તેના શાસનની શરૂઆતમાં, મિતાન્નીના રાજા તુશ્રત્તા સાથે તકરાર ધરાવતા હતા, જેમણે હિટ્ટાઇટ્સ સામે તેના પિતા, એમેનહોટેપ ત્રીજાની તરફેણ કરી હતી. તુશ્રત્તા અસંખ્ય પત્રોમાં ફરિયાદ કરે છે કે અખેનાટેને તેમને નક્કર સોનાની મૂર્તિઓ ને બદલે સોનાના ઢોળવાળી મૂર્તિઓ મોકલી હતી; આ મૂર્તિઓ કન્યા-કિંમતનો એક ભાગ હતો; જે તુશ્રત્તાએ તેની પુત્રી તાદુખેપાને એમેનહોટેપ ત્રીજા સાથે લગ્ન કરાવવા અને પછી અખેનાટેન સાથે લગ્ન કરાવવા માટે પ્રાપ્ત કરી હતી.આમર્ણા પત્રમાં તુશ્રત્તા દ્વારા અખેનાટેનને પરિસ્થિતિ વિષેની આ ફરિયાદ કરવામાં આવી છે:

મેં...તમારા પિતા મિમુરેયા એટલે કે, એમેનહોટેપ IIIને નક્કર સોનાની મૂર્તિઓ માટે પૂછ્યું, તમારા પિતાએ કહ્યું, 'માત્ર નક્કર સોનાની મૂર્તિઓ આપવાની વાત કરશો નહીં. હું તમને લેપિસ લાઝુલીમાંથી બનાવેલ પણ આપીશ. મૂર્તિઓ સાથે, ઘણું વધારે સોનું અને અન્ય માપ બહારનો માલ આપીશ.'

ઇજિપ્તમાં રહેતા મારા દરેક સંદેશવાહકોએ પોતાની આંખોથી મૂર્તિઓ માટેનું સોનું જોયું. પણ તમારા ભાઈ એટલે કે અખેનાટેનએ નક્કર સોનાની મૂર્તિઓ મોકલી નથી, લાકડાના ઢોળ જ મોકલ્યા છે. જે તમે કે તમારા પિતા મને મોકલવાના હતા તે માલ તમે મને મોકલ્યો નથી, પણ તમે તે ઘણો ઓછો કર્યો છે.

તુશ્રત્તા નામ એ મિત્તાની આર્ય નામ વૈદિક સંસ્કૃત શબ્દ ત્વેષરથનું અક્કડિયન સ્વરૂપ છે, જેનો અર્થ 'જેનો રથ યુદ્ધમાં ઝડપથી આગળ વધે છે' તુશ્રત્તાને તેના સામ્રાજ્ય પર હિટ્ટાઇટ્સ-આક્રમણની શંકા હતી, કારણ કે આમર્ણા-પત્રોમાં તુશ્રત્તાના ઘણા પત્રો અખેનાટેન સાથે તેની પુત્રી તાદુખીપાના લગ્નને લગતી છે, જે સ્પષ્ટપણે ઇજિપ્શિયન સામ્રાજ્ય સાથે જોડાણ મજબૂત કરવા માટે છે. જો કે, જ્યારે સપ્પિલ્યુલિયમાએ તેના રાજ્ય પર આક્રમણ કર્યું, ત્યારે અખેનાતેનના અચાનક મૃત્યુને કારણે, ઇજિપ્તની ગાદી પર નિયંત્રણ મેળવવા થયેલા સંઘર્ષને લઇ, ઇજિપ્તવાસીઓ તુશ્રત્તાને સમયસર સહાય આપવામાં નિષ્ફળ ગયા. ત્રીજા વિનાશક હિટ્ટાઇટ હુમલા બાદ કાર્કેમિશના પતન પછી, તુશ્રત્તાની તેના એક પુત્રની આગેવાની હેઠળના જૂથ દ્વારા હત્યા કરવામાં આવી હતી. એ ગૃહયુદ્ધનો અંત ત્યારે આવ્યો જ્યારે સપ્પીલુલિયમાએ તુશ્રત્તાના વિરોધી ભાઇ શટ્ટીવાઝ વચ્ચે થયેલી સંધિ અનુસાર, શટ્ટીવાઝને મિટાનીયન સિંહાસન પર બેસાડ્યો.

અમરના પત્રોમાંથી એક. મિતાન્નીના રાજા તુષરત્તાનો ઇજિપ્શિયન ફેરોહ એમેનહોટેપ IIIને એક પત્ર, BCE-1370 અક્કાડિયન ક્યુનિફોર્મ લિપિ. ટેલ અલ-આમર્ણા ઇજિપ્તથી. VorderasiatischesMuseum, Berlin

રાજા તુશ્રત્તા તરફથી એમેનહોટેપ ત્રીજાને આમર્ણા પત્રો જે ટેબ્લેટ પર લખાયેલા છે તેની નોંધ આ પ્રમાણે થઇ છે. ૧.આમર્ણા પત્ર EA 17 ૨.આમર્ણા પત્ર EA 18 ૩.આમર્ણા પત્ર EA 19, "લવ એન્ડ ગોલ્ડ" ૪.આમર્ણા પત્ર EA 20 ૫.આમર્ણા પત્ર EA 21૬.અમર્ના પત્ર EA 22, "તુષરાટ્ટા તરફથી એમેનહોટેપ III ને ભેટ, જ્યારે તેણે તેને તેની પુત્રી તદુખીપા પત્નીને આપી" ૭. આમર્ણા પત્ર EA 23, "એક દેવી ઇજિપ્તની યાત્રા કરે છે" ૮.આમર્ણા પત્ર EA 24 ૯.રાજા તુશ્રત્તા તરફથી એમેન્હોટેપ IV (અખેનાતેન)ને આમર્ણા પત્રો
આમર્ણા અક્ષરો EA 25 ૧૦.આમર્ણા પત્ર EA 27, "ગુમ થયેલ સોનાની મૂર્તિઓ ફરીથી" ૧૧.આમર્ણા પત્ર EA 28 ૧૨.આમર્ણા પત્ર EA 29

રાજા તુશ્રત્તા તરફથી રાણી તિયેને આમર્ણા પત્રઃ
૧૩.આમર્ણા પત્ર EA 26, "રાણી માતાને, કેટલીક ગુમ થયેલ સોનાની મૂર્તિઓ"

આપણે આમર્ણા પત્રોની અગત્ય મિતાન્ની અને ઈજિપ્તના શાસકો સાથે સંપર્ક સ્થાપિત કરવાનો છે. મિતાન્ની શાસકો ઇન્ડો-આર્યન જુથ-સપ્ત-સિન્ધુના ઋગ્વેદિક આર્યોના અગ્રજ હોવાનું ચોક્કસપણે માની શકાય તેમ છે. વળી આર્યોના હિકસોસ જુથે ઇજીપ્તમાં બીસીઇ ૧૬૫૦માં શાસન કરેલું અને ઇજીપ્તને અશ્વો અને રથનો પરિચય કરાવ્યો હોવાનું ઇતિહાસકારો નોંધે છે.

Dārayavauš in Cuniform

૬. હાયરોગ્લિફ લિપિ.

આફ્રિકાખંડને અંધારિયો ખંડ માનવામાં આવે છે પણ આ અંધારામાં વિશ્વની એક મહાન સંસ્કૃતિ પાંગરેલી અને તે છે ઈજીપ્ત.... વિદ્વાનોએ ઇ.સ.પૂર્વે 3500થી વિકસિત થયેલી આ સભ્યતાના તમામ પ્રકારના પૂરાવાઓ શોધી કાઢ્યા છે. ભાષા-લિપિ-ઇતિહાસ-વંશાવલિ જે ઈ.સ.પૂર્વે 3500 થી ઈ.સ.400 સુધી મળી આવે છે. આફ્રિકાની પ્રાચીન-સભ્યતામાં હજી ત્રણ નામ ઉમેરવાના રહી જાય છે...કાર્થેજ અને બિયા; બિયા હાલ ટ્યુનેશિયા અને સુદાન નામથી પરિચિત છે. ઈથોપિયા પણ પ્રાચીનતાના વર્તુળમાં આવી જાય છે.

ઈ.સ.પૂર્વે 9000 વર્ષ પહેલાં જ્યારે નાઈલના કિનારાઓ પર કાદવ-કીચડ રહ્યા કરતો ત્યારે પશ્ચિમ-એશિયા અને આફ્રિકાના રહેવાસીઓ નાઈલના બંને કિનારે આવીને વસવાટ કરવા લાગ્યા. આ લોકો કઈ જાતિના હતા, કે તેમની રહેવા-સહેવાની શૈલી કેવી હતી? તે ચોક્કસપણે જાણી શકાતું નથી. આફ્રિકા અને પશ્ચિમ-એશિયાના રક્તમિલનથી એક નવી જ જાતિનો જન્મ થયો. ધીરે ધીરે તેઓએ પ્રગતિની દિશામાં ડગ ભરવા માંડ્યા. ખેતી-વ્યાપાર કરવા લાગ્યા, નાના નાના નગરો વસાવા લાગ્યા. જે નગર-રાજ્યોમાં પરિવર્તન પામ્યા. આ ૭૫૦ માઈલ લાંબા દેશને એક સૂત્રે બાંધવો મુશ્કેલ હતો, આથી નદીમુખ તરફના ઉત્તર ઇજિપ્તના નિવાસીઓએ પોતાનું સત્તાકેન્દ્ર Behdet-બેહડેટ, આધુનિક દમનહુર બનાવ્યું. દક્ષિણ ઇજિપ્તમાં (નાઈલ નદીનો ઉપરનો ભાગ) આધુનિક Luxor નજીક નકાડા બનાવ્યું. ઉત્તર-દક્ષિણના શાસકોને એક કરવાનો પ્રયત્ન ઈ.સ.પૂર્વે 4140 માં થયો. પણ તે થોડા સમયમાં વિભાજિત થઈ ગયો. આ વખતે ઉત્તર ઈજીપ્તની રાજધાની બુટોમાં નાઈલ નદીમુખમાં સ્થાપિત થઈ અને દક્ષિણની રાજધાની Nekhen-નેખેનમાં સ્થપાઇ. ઉત્તરના શાસકો લાલ મુકુટ ધારણ કરતા, અને દક્ષિણના શ્વેત. તેઓનું રાજ્યચિન્હ લીલા છોડની ડાળી હતું.

પ્રથમ વંશઃ મનેથો-Manetho પ્રમાણે BCE 3990 થી BCE 2884 સુધી પ્રથમ વંશનું (1106વર્ષ) શાસન રહ્યું. એક શક્તિશાળી નાનો રાજા Mene-મેને કે, Menes-મેનેસ કે, Narmar-નારમર હતો. એના ત્રણ નામ હતા. મેને-મેનેસ અને નારમર. જે થિબિસ નગરનો રહેવાસી હતો; તે પ્રથમ વંશનો સ્થાપક હતો. એણે ઉત્તર-દક્ષિણ ઇજિપ્તનો સમન્વય કર્યો. બે રાજ્યોના એકીકરણના પ્રતિક રૂપે White House-શ્વેત ભવનનું નિર્માણ કર્યું તેની આજુબાજુ એક નગર વસી ગયું એનું નામ Men-Nefer મેન-નેફર હતું. પાછળથી ગ્રીક ભાષામાં Memfis-મેમ્ફિસ નામથી પ્રસિદ્ધ થયું. આ નગર બંને રાજ્યોની રાજધાની બન્યું. Mene-મેનેએ બંને રાજ્યોના મુગુટો અને રાજ્યચિન્હોનું સંકલન કર્યુ. અંતિમ શાસકનું નામ Kebeh-કેબેહ અથવા Ka-કા હતું.

દ્વિતીય વંશઃ BCE 2883 થી BCE 2665. આ વંશના સ્થાપક Neter bau-નેટર બાઉ હતા, જેણે ૭૨ વર્ષ રજ્ય કર્યું. આ વંશમાં દસ શાસકો થયા. અંતિમ શાસક Nebaka-નેબકાએ BCE 2683 થી 2665 સુધી રાજ્ય કર્યું.

તૃતિય વંશઃ BCE 2664 થી 2615. આ વંશના શાસનકાળથી "પ્રાચીન રાજ્ય" માનવામાં આવે છે. જોસેર-Zosar-Djosar આ વંશના સંસ્થાપક હતા. જેણે BCE 2664 થી BCE 2646 સુધી રાજ્ય કર્યું હતું. એના પ્રધાનમંત્રી મોટા સ્થપતિ હતા. તેણે (Terraced Pyramid)પગથિયાવાળો પિરામિડ, Sakkara-સક્કારામાં બનાવ્યો જેની ઉંચાઈ 200 ફૂટ હતી. મિસરના ઈતિહાસમાં આ સર્વપ્રથમ મહાન કાર્ય હતું. પિરામિડ બનવા લાગ્યા તે પહેલા રાજવીઓના મકબરા જે મસ્તબા-Mastaba કહેતા, તેની ભવ્યતા ઘણી હતી. મનુષ્યના મરણ પછી,પણ એક બીજા પ્રકારનું મરણોત્તર જીવન હોય છે; એવી ધાર્મિક માન્યતાના આધારે રોજીંદી ચીજવસ્તુ સાથે સોના-ચાંદીના દાગીના વગેરે સાથે દફનક્રિયા થતી અને પિરામિડોમાં સંગ્રહવામાં આવતી.

અહીંથી પિરામિડો બનાવવાની શરૂઆત થઈ હોવાનું મનાય છે આ વંશના ચાર શાસકો થયા. અંતિમ શાસક હુની-Hunyએ BCE 2638 થી BCE 2615 સુધી શાસન કર્યું

ચતુર્થ વંશઃ ત્રીજા વંશના છેલ્લા રાજા હુની-Hunyના જમાઈ Snefru-સ્નેફ્રુ આ વંશના સ્થાપક હતા. જેણે BCE 2591 સુધી રાજ્ય કર્યું બે પિરામિડ બનાવરાવ્યા. એક દાશુર પાસે, અને એક મેઈડુમ પાસે. તેના ઉત્તરાધિકારી ખૂફુ-Khufuએ પોતાના શાસનકાળ(BCE 2590 થી BCE 2568) દરમ્યાન એક વિશાળ પિરામિડ Gizaમાં બનાવ્યો છે જે 481-ફૂટ ઊંચો છે, તળ 755 ફુટ પહોળું છે. ૩૧ એકર જમીન પર છવાયેલો છે. 20-લાખ પથ્થરોનો ઉપયોગ થયો છે; દરેક પથ્થર અઢી ટન એટલે સો મણનો થાય છે. જે ખૂબ સુંદરતાથી જોડવામાં આવ્યા છે. આ જ દુનિયાની અજાયબી છે. આવડા મોટા વજનદાર પથ્થરો ૫૦૦ ફુટ ઊંચે વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ્યા છે; જે સમયે યાંત્રિક સાધનો નહોતા! સેંકડો માઇલ દૂરથી આ પથ્થરો લાવવામાં આવ્યા છે. મિસરના લોકોએ ક્યાંય કામ કર્યું નથી બહારના મજૂરો અને કેદીઓ પાસે મજૂરી કરાવી છે.

આ વંશના શાસનયુગને પિરામીડયુગ તરીકે ઓળખવામાં આવે છે. ખૂફૂના ઉત્તરાધિકારી Khefre-ખેફ્રેએ સૌથી નાનો પિરામિડ અને વિશાળ Sphinx-સ્ફિન્કસ બનાવરાવ્યું છે. જેમાં બેઠેલા સિંહનું મસ્તક મનુષ્યનું રાખી વિશાળ પ્રતિમા કંડારી છે. આ વંશમાં આઠ શાસકો થયા. અંતિમ શાસક શોપસેસ કાફ હતો.

પાંચમો વંશઃ BCE 2501 થી BCE 2342. આ વંશના સ્થાપક રા-Ra કે રે-Re હેલિયોપોલીસ(મિસરની ભાષામાં Onu)ના સૂર્ય-મંદિરમાં રહેતા. મુખ્ય પુરોહિત હતા. તેમનું નામ યુસરકાફ હતું. BCE 2501 થી BCE 2491 સુધી રાજ્ય કર્યું. કુલ નવ શાસકો થયા. યુનિસ અંતિમ શાસક હતો (BCE 2371 થી BCE 2342) આ વંશના શાસન દરમ્યાન પુરોહિતો-સામંતો-સેનાપતિઓની મહત્વકાંક્ષાઓ વધી અને કેન્દ્રીય શાસકોની શક્તિ ઘટતી ગઈ. આ વંશનો ત્રીજો શાસક રા-સૂર્યનો પુત્ર મનાતો. જેણે પિરામિડો બનાવ્યાં નહીં અને સૂર્ય મંદિરો બનાવરાવ્યાં છે.

છઠ્ઠો વંશઃ BCE 2341 થી BCE 2181 ૧૬૧-વર્ષ. ૧. તેતી-પહેલો સંસ્થાપક હતો. ૧૬-વર્ષ શાસન કર્યું.
૨. પેપી-પહેલાનો ૪૯ વર્ષનો રાજ્યકાળ. ૩. મેરેન્ રે—પહેલો... રાજ્યકાળ-૫-વર્ષ. ૪. પેપી-બીજો નેફેરકારે (Pepi-II Neferkare). આ શાસકે વિશ્વના ઈતિહાસમાં ૯૦-વર્ષનું એકચક્રી શાસન કર્યું. બાળપણમાં જ રાજ્યારોહણ થયેલ. ૫. મેરેન્ રે-બીજો... તેનો રાજ્યકાળ બે વર્ષનો હતો.

સાતમો વંશઃ BCE 2180 થી BCE 2175 સુધી. આ પાંચ વર્ષના રાજ્યકાળમાં કોઈ સ્મારકો ઉપલબ્ધ નથી. કે, અન્ય કોઈ વિગતો મળતી નથી. કેન્દ્રીય શાસનનો અંત નજરે ચડે છે.

આઠમો વંશઃ BCE 2174 થી BCE 2155 સુધી, ૧૯-વર્ષના શાસનકાળમાં આઠ શાસકો થયા, જે નામ માત્રના શાસકો હતા. આ વંશ પછી તરત જ ઇજિપ્તનું નાના-નાના રાજ્યોમાં વિભાજન થઈ ગયું, અને કેન્દ્ર નબળું પડી ગયું.

નવમો વંશઃ BCE 2154 થી BCE 2100 ૫૪-વર્ષના શાસનકાળના સંસ્થાપકની કે, અન્ય જાણકારી મળતી નથી. આ વંશમાં ૧૩-શાસકો થયા પણ સત્તાહીન હતા. આની રાજધાની હિરક્લિયોપોલીસ(Herecleopolis) હતી.

દસમો વંશઃ ખેત્તી-બીજો(Khetty-II) આ વંશ નો સ્થાપક હતો તેના પછી ચાર શાસકો થયા જે નામમાત્રના હતા. ઉત્તરમાં ગ્રહયુદ્ધ શરૂ થઈ ગયેલું, અરાજકતા ફેલાવા લાગેલી. હિરક્લિયોપોલિસ રાજધાની નષ્ટપ્રાયઃ થઇ ગઇ. BCE 2100 થી BCE 2052 ૪૮વર્ષ આમ જ શાસન ચાલ્યું.

અગિયારમો વંશઃ BCE 2134 થી BCE 1992... ૧૪૨-વર્ષ. દક્ષિણ ઇજિપ્તમાં સેહરતવી ઈન્તેફ (Sehertavi Intef I) પહેલો હિરક્લિયોપોલિસનો એક નોમાર્ક (નોમ=પ્રાન્ત, નોમાર્ક=પ્રાન્ત-પતિ) સ્વતંત્ર થઈ ગયો એનું નામ છેઃ BCE 2134માં આ વંશ સ્થપાયો, BCE 2132 સુધી ઇન્તેફે શાસન કર્યું બીજા ત્રણ શાસકો થયા જેણે BCE 2062 સુધી શાસન કર્યું.. પાંચમા શાસક મેન્તુહોટેપ-પહેલાએ બે વર્ષ રાજ્ય કર્યું. મેન્તુહોટેપ-બીજાએ ગૃહયુદ્ધનો અંત લાવી ફરી મિસરનું એકીકરણ કર્યું. મેન્તુહોટેપ-ત્રીજાએ 2010થી અગિયાર વર્ષ શાસન કર્યું. પછીથી મેન્તુહોટેપ-ચોથા અને પાંચમાએ BCE 1992 સુધી રાજ્ય કર્યું પણ તે ગણનાપાત્ર નથી.

બારમો વંશઃ BCE 1991 થી BCE 1786 સુધી ૨૦૫-વર્ષના શાસનકાળમાં ૮ રાજવીઓ થયા. આ વંશની સ્થાપના મેન્તુહોટેપ પાંચમાના પ્રધાનમંત્રી Amenemhat-એમેનમહત-પહેલાએ કરી. તેણે નવી રાજધાની ઉત્તર નાઈલના પશ્ચિમ કિનારે ઈથ-Ith of Tavi આધુનિક લિસ્તમાં સ્થાપી. BCE 1962માં તેના રાજમહેલમાં જ તેનો વધ કરવામાં આવ્યો.

સેસાત્રીજ-પહેલાએ Nubia સોનાની ખાણો કબ્જે કરી. સેસાત્રીજ-બીજાએ પોતાનો પિરામિડ ઈલાહૂન-Illahun માં બનાવરાવ્યો. સેસાત્રીજ-ત્રીજાએ ઈજીપ્તનો ખજાનો સોના-ચાંદીથી ભરી દીધો નાઈલ નદીને રાતા સમુદ્ર સાથે નહેરથી જોડી, જેથી દક્ષિણ એશિયા સાથે વેપાર વધ્યો. તેણે ૩૦૦૦ ઓરડાવાળું એક વિશાળ ભવન બનાવરાવ્યું.

તેના પુત્ર અમેનમહત-ત્રીજાએ મહાન નિર્માણ કાર્યો પૂરાં કર્યા. એણે મ્યોરીસ સરોવરની ચારે તરફ દીવાલો ઊભી કરી, તથા તેની એક નહેર નાઈલ સાથે ભેળવી દીધી, જેનાથી ૨૭-હજાર એકરમાં સિંચાઈ પ્રાપ્ત થઈ. સિનાઈની તાંબાની ખાણોમાંથી પણ રાજ્યને મોટી આવક થતી. એમનેમહતના મૃત્યુ પછી ગૃહયુદ્ધો શરૂ થયા.
સેબેકનેફ્રુરે આ વંશની અંતિમ શાસિકા હતી, જે નામમાત્રની હતી. એણે બે પિરામિડ બનાવરાવ્યા એક દાશુર અને એક હવારા. પણ પછી કેન્દ્રીય શાસનનો અંત આવ્યો.

આ વંશમાં આઠ શાસકો થયા. ૧. એમેનેમહત-પહેલાનો ૨૯-વર્ષનો શાસનકાળ. (બાજુમાં લખેલા અંક શાસનકાળના વર્ષો બતાવશે.) ૨. સેસાત્રીજ-પહેલો ૩૩-વર્ષ. ૩. એમેનેમહત-બીજો ૩૪-વર્ષ. ૪. સેસાત્રીજ-૨જો ૧૬-વર્ષ ૫. સેસાત્રીજ-૩જો ૩૫-વર્ષ. ૬. એમેનેમહત ત્રીજો. ૪૫-વર્ષ. ૭. એમેનમહત-૪થો ૬-વર્ષ. ૮. સેબેક નુફ્રુરે. ૩-વર્ષ.

તેરમો વંશઃ BCE 1785 થી 1,677 ૧૦૮ વર્ષના શાસકોના નામ મળતા નથી. દક્ષિણમાં થીબીજને રાજધાની બનાવી. નામમાત્રનું શાસન રહ્યું.

ચૌદમો વંશઃ 1,677 થી 1603 (૭૪-વર્ષ) આ વંશના શાસકોએ પોતાની રાજધાની સાઈસ-Saisમાં બનાવી. બીજી વિગતો પ્રાપ્ય નથી.

પંદરમો વંશઃ BCE 1678 થી BCE 1570 એટલે કે ૧૦૮-વર્ષ. **આ વંશના સ્થાપક આર્યોનું જુથ હિકસોસ-Hyksos હતું.** (વ્યક્તિગત નામો મળતાં નથી.) Hyksos ને શ્રીમુનશી **इक्ष्वाकु** માને છે. Hyksos એટલે મિસરની ભાષામાં હિકાઉ-ખાસુત-

Hikau Khasut અર્થાત્ વિદેશી શાસક થાય છે. સંસ્થાપકનું નામ નથી મળતું બીજા બે શાસકો થયા પણ તેનું નામ નથી મળતું આ ત્રણ શાસકોએ (BCE 1678 થી BCE 1647) ૩૧ વર્ષ રાજ્ય કર્યું. મનેથો પ્રમાણે આ આક્રમણકારીઓને ક્યાંય લડવું નહોતું પડ્યું. આ લોકોને "ગડરીયાના રાજા" પણ ઈતિહાસકારોએ કહ્યા છે. જેમણે Avaris-અવારિસને પોતાની રાજધાની બનાવી.

આ વંશ નો ચોથો રાજા ખિયાન-Khiyan હતો. તેણે BCE 1647 થી BCE 1607 ચાલીસ વર્ષ રાજ્ય કર્યું.

પાંચમો શાસક અજ્ઞાત છે જેણે ચાર વર્ષ (BCE 1607 થી BCE 1603)રાજ્ય કર્યું. આ વંશના છઠ્ઠા તથા અંતિમ શાસક ઔસેરે અપોપી-Ausere Apopi હતા. જેણે BCE 1603 થી BCE 1570 કર્યું ૩૩-વર્ષ રાજ્ય કર્યું.



સોળમો વંશ: નામ માત્રના અનેક શાસકો થયા BCE 1677 થી BCE 1647 ૩૦--વર્ષ રાજ્ય કર્યું. રાજધાની થીબીજ હતી.

સત્તરમો વંશ: BCE 1646 થી BCE 1570 ૭૬-વર્ષ રાજ કર્યું આ વંશનો સંસ્થાપક સેનેખેન્ત્રે-Senekhentre હતો. તેના પુત્ર સેકેન્સુરે-Sekensure હિકસોસના રાજ્ય પર આક્રમણ કર્યું. પરન્તુ પરાસ્ત થયો. ત્યાર પછી તેના પુત્ર કામોસે-Kamos હિકસોસના જનરલ તેતી સાથે હાર્મોપોલીસની ઉત્તરે Neferusi- નેફેરુસીમાં યુદ્ધ કર્યું અને હિકસોસ પરાજિત થયા. આ સમયથી હિકસોસનો અંત શરુ થઇ ગયો.

હિકસોસનો શાસનકાળ લગભગ સો વર્ષ રહ્યો. ઈજીપ્તવાસીઓને રથ બનાવતાં તેમ જ અશ્વ ઉછેરની વિદ્યા શીખવી, આ કાર્ય ઈજીપ્ત માટે નવું જ હતું. કારણ કે, આ પહેલાં ઈજીપ્તમાં રથ અને અશ્વો હતા જ નહીં. હિકસોસ પોતાની સાથે અશ્વો અને રથ લાવ્યા.

૧૮મો વંશ: (BCE 1570 થી BCE1304) આ વંશમાં ચૌદ શાસકો થયા. આ વંશનો સંસ્થાપક કામોસનો પુત્ર અહમોસ હતો. આ શાસકે મિસ્રને એક સૂત્રમાં બાંધ્યું. એણે હિકસોસની રાજધાની અવારિસને ત્રણ વર્ષ સુધી ઘેરી રાખી. ત્યાર પછી એને નષ્ટભ્રષ્ટ કરી નાખી. લગભગ બે લાખ, ચાલીસ હજાર હિકસોસ મિસ્ર છોડી ચાલ્યા ગયા. અહમોસે એક સૈનિક રાજ્ય સ્થાપિત કર્યું. બે સેના, બે જનરલ અને બે પ્રધાનમંત્રી હતા. ઉત્તર અને દક્ષિણ માટે જુદા જુદા નિયુક્ત કરવામાં આવ્યા. એણે નાના-નાના રાજ્યોને સમાપ્ત કરી તેઓની જમીન રાજકીય ખાતામાં જમા કરી દીધી. નાના નાના રાજાઓને પોતાને આધીન કરી, વિવિધ વિભાગોના અધ્યક્ષ-પદે નિયુક્ત કર્યા. આ વંશના શાસનકાળમાં જ શાસકોને ફેરાઓ...પર-ઓ (per-o) અથવા ફેરોહ...પર-આ (per-aa) કહેવાનું શરુ થયું. બાઇબલમાં ફે-રાઓ કે, ફેરોહ(Pharaoh) લખવામાં આવ્યું. મિસ્રની ભાષામાં પર-ઓ નો અર્થ 'વિશાળ ઘર' થાય છે. અર્થાત્ વિશાળ ઘરનો નિવાસી. દરેક ફેરોહ કોઇ ન કોઇ દેવતાના પુત્ર માનવામાં આવતા. ઉત્તરમાં સૂર્ય દેવને 'રા' કહેતા; દક્ષિણમાં 'અમોન'. જ્યારે બંને રાજ્યોનું એકીકરણ થયું ત્યારે દેવતાઓનું પણ એકીકરણ થયું, અને "અમોન રા" ના નામથી સૂર્યપૂજા થવા લાગી. આમ મિસ્રનું સામ્રાજ્ય ઉત્તરમાં સીરિયા અને દક્ષિણમાં નૂબિયા સુધી અહમોસનું શાસન રહ્યું. એની મહારાણીનું નામ અહમીજ નેફરતારી(Ahmese Nefertari) હતું. ઇતિહાસમાં આ પહેલી મહારાણી હતી જે રાજ-કાજમાં અહમોસને સહાયરુપ થતી. અહમોસની ગેરહાજરીમાં પૂર્ણતયા શાસન ચલાવતી. એને એક પુત્રને જન્મ્યો. જે એમેનહોટેપ નામથી પ્રસિદ્ધ થયો. અહમોસે લગભગ ૨૫ વર્ષ રાજ્ય કર્યું.

અહમોસના મરણ પછી એમેનહોતેપ પહેલો સિંહાસનારુઢ થયો. એણે ૨૦ વર્ષ રાજ્ય કર્યું. એને કોઈ પુત્ર નહોતો. ફેરોહને મુખ્યપત્ની તથા અનેક ઉપ-પત્નીઓ હતી. મુખ્યપત્ની અહોતેપ દ્વારા એક પુત્રી રાજકુમારી અહમોસ ઉત્પન્ન થઈ. તથા ઉપ-પત્નીથી ટુટમોસ કે ટુટમોસિસ થયો. જેનો વિવાહ સાવકી-બેન અહમોસથી થયો, જે રાજવંશમાં સમાવિષ્ટ કર્યો.

ટુટ્મોસ અમેનહોતેપના મરણ પછી ફેરોહ બન્યો અને ટુટમોસ પ્રથમના નામથી પ્રસિદ્ધ થયો. એણે કારકેમિશ સુધી પોતાનું રાજ્ય વિસ્તાર્યું. એને પણ કોઈ પુત્ર નહોતો પણ એક પુત્રી હતશેપસુત હતી. જે પુત્ર સમાન રહેતી હતી. એને પણ એક ઉપ-પત્નીથી પુત્ર થયો જેનું નામ ટુટમોસ-દ્વિતિય હતું. હતશેપસુતનો વિવાહ આ ટુટમોસ-દ્વિતિય સાથે કરી દીધો. એને ય બે પુત્રીઓ

જન્મી, પણ ઉપ-પત્નીથી એક પુત્ર થયો. ટુટમોસ-દ્વિતિયના મૃત્યુ પછી ટુટમોસ-તૃતિય બાલ્યાવસ્થામાં હતો. તેનો રાજ્યાભિષેક તો થયો પણ શાસન હતશેપસુતે સંભાળી લીધું. તેણીએ ૧૫-વર્ષ રાજ્ય કર્યું. અનેક ભવનો અને મન્દિરોનું નિર્માણ કરાવ્યું. પોતાનું નામ અમર કરવા દરેક જગ્યાએ પોતાનું નામ ઉત્કીર્ણ કરાવ્યું. હતશેપસુતના મૃત્યુ પછી ટુટમોસ-તૃતિય શાસક બન્યો. તે પોતાની સાવકી મા પ્રત્યે ધૃણા કરતો. તેણે દરેક જગ્યાએથી હતશેપસુતના ઉત્કીર્ણ કરાવેલા નામ ભૂંસી નાખ્યા. આખું ઈજીપ્ત છીણી-હથોડીના અવાજોથી ગુંજી ઉઠ્યું.
જો કે, ટુટમોસ-તૃતિયને 'ઈજીપ્તના નેપોલિયન'ની ઉપાધિ આપી છે. એણે પશ્ચિમ એશિયા પર કેટલાંય આક્રમણ ક્ર્યાં. ૨૫૦૦૦ સૈનિકોનું દળ હતું. એણે પરાજીત પ્રજા સાથે માનવીય વ્યવહાર કર્યો. પરાજીત રાજાઓના પુત્રોને પોતાના દેશમાં લાવી, શાસનની પ્રત્યક્ષ તાલીમ આપી. તે પોતાની સાથે ઘણું બધું સોનુ, ચાંદી, બળદો, ઘોડાઓ, લઇ આવ્યો. હજારો લોકોને બન્દી બનાવી લાવેલો. પાછો ફર્યો ત્યારે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ઈજીપ્તના રાજ્યકોષો છલકાઇ ગયા. એણે ફોનેશિયા પર નૌસેના દ્વારા આક્રમણ કર્યું. નગર-રજ્યોને પરાસ્ત કર્યા.. તેનું મૃતક શરીર-મમી કાહિરોના સંગ્રહાલયમાં સુરક્ષિત છે. એને ૫૪-વર્ષ રાજ્ય કર્યું. એના પુત્ર અમેનહોતેપ-બીજાએ કેટલાંય આક્રમણો કરી સમૃદ્ધિમાં વધારો કર્યો. અનેક આંદોલનકારીઓને મોતના ઘાટ ઉતાર્યા. ૨૫-વર્ષ રાજ્ય કર્યું.

અમેનહોતેપના પુત્ર ટુટમોસ-ચોથો ફેરોહ બન્યો. એણે મિટ્ટાની રાજ્યની કુંવરી સાથે વિવાહ કર્યો. ૧૪-વર્ષ રાજ્ય કર્યું. તેના મૃત્યુ પછી તેનો પુત્ર અમેનહોતેપ તૃતિય શાસક બન્યો. એણે ૨૭-વર્ષ રાજ્ય કર્યું. આ મિસ્રનો સુવર્ણ કાળ હતો. શાંતિ હતી. વેપારી-કાફલાઓ નિર્ભય રીતે આવન-જાવન કરતા. પદાધિકારીઓ ઇમાનદારીથી કામ કરતા. આ કાળને અમર્ણા કાળ પણ કહે છે. કેમકે, આ આધુનિક ઉપનગર તેલ-અલ-અમર્ણા માં ક્યુનિફોર્મ-મૃણ્મુદ્રાઓ પર રજકીય પત્રવ્યવહાર, સંધિ-કરારો મળી આવ્યા છે. જે તે વખતની ઘણી માહિતિ પૂરી પાડે છે.

આ શાસકના અંતિમકાળમાં પતનના ચિન્હો દેખાય છે.

એમેનહોતેપ તૃતિયના સ્વર્ગવાસ પછી, અમેનહોતેપ-ચતુર્થ રાજ્યારુઢ થયો. એને ૧૫-વર્ષ રાજ્ય કર્યું. આ રજા મોટો વિચારક અને ક્રાન્તિકારી હતો. આ સંસારનો સર્વપ્રથમ એકેશ્વરવાદી હતો. એણે અન્ય દેવતાઓની પૂજા બંધ કરાવી દીધી. એણે હેલિયોપોલિસના 'રા'(સૂર્ય-દેવતા)ના મન્દિરોના પૂજારીને, તેમજ થીબીજના મન્દિરોના 'અમોન'ના પૂજારીઓને કાઢી મૂકી, મન્દિરો બંધ કરાવી દીધા. એણે એક ઈશ્વર નક્કી કર્યો, અને તેનું નામ 'અતેન' રાખ્યું. તે અતેન ભગવાનની વ્યાખ્યા આમ કરતો હતો. ''તે સૂર્ય-પ્રકાશની જેમ એક પ્રકાશ છે. એનાં કિરણો ભગવાનના હાથ છે. જે સંપૂર્ણ વિશ્વના પ્રાણીઓ પ્રત્યે કૃપાદૃષ્ટિ રાખે છે.'' એણે પોતાનું નામ અમેનહોતેપ (અમેન= કરુણાના સાગર)થી અખેનાતેન અર્થાત્ અખેન+અતેન (અતેન=ભગવાનને પ્રસન્ન કરવાવાળો) રાખી લીધું. પોતાના આ નવા નામવાળા ભગવાનનું એક વિશાલ મન્દિર કરનાક અથવા લુક્સર ના મધ્યભાગે બનાવરાવ્યું. સાથોસાથ પોતાના માટે એક વિશાળ ભવન જેની આજુબાજુ રાજધાની બનાવી.તેનું નામ અખેત અતેન અર્થાત્ 'અતેનની ક્ષિતિજ' રાખ્યું. આ રાજધાની ઈજીપ્તની મધ્યમાં નાઇલ નદીના પૂર્વ કિનારે થીબીજથી ઉત્તરે ૩૦૦-માઇલ દૂર હતી. એનું આધુનિક નામ તેલ-અલ-અમર્ણા પડ્યું. જ્યાંથી ક્યુનિફોર્મ-પ્ત્રવ્યવહાર મળ્યો છે. જે રીતે હતશેપસુતે બીજા શાસકોના નામ ભૂંસી પોતાનું નામ અંકિત કરાવ્યું ટુટમોસ-તૃતિયે હતશેપસુતનું નામ ભૂંસાવી પોતાનું નામ અંકિત કરાવ્યું તેવી જ રીતે અખનાતેને મન્દિરો અને ભવનો ઉપરથી દેવતાઓના નામો કાઢી નાખવાનું શરુ કર્યું. ફરી એકવાર ઈજીપ્ત છીણી-હથોડીના અવાજથી ગુંજી ઉઠ્યો. બધા પૂજારીઓને પદચ્યુત કરી પોતે જ 'અતેન'નો મુખ્ય પૂજારી બન્યો.

આ યુગમાં એનું કૃત્ય મહાન કહી શકાત! પરંતુ એવા યુગમાં જ્યારે આખું ઈજીપ્ત બહુદેવવાદી હતું. આ કાર્ય પ્રશંસાપાત્ર નહોતું. ધૃણાસ્પદ હતું. લોકો ભયના લીધે એકેશ્વરવાદી બન્યા! પરંતુ મનથી બહુદેવવાદી જ હતા. છુપાઇને પોતાના દેવતાઓની પૂજા કરતા. પદભ્રષ્ટ પૂજારી-વર્ગ લોકોને ભડકાવતા રહ્યા. સામ્રાજ્યનો અંત દેખાયો. પરાજીત રાજાઓ સ્વતંત્ર થવા લાગ્યા.

અખેનાતેનને કોઈ પુત્ર ન હતો, બે પુત્રીઓ હતી એકનું નામ મેરી-અતેન હતું. અખેનાતને પોતાની આ પુત્રીનો વિવાહ એક સમૃદ્ધશાળી વ્યક્તિ સેમેનખરે સાથે કરી દીધો; અને જમાઇને પોતાનો સહ-શાસક બનાવી, ઉત્તરાધિકારી નિયુક્ત કર્યો. અખનાતેનના સ્વર્ગવાસ પછી સેમેનખેરે શાસક બન્યો. પણ ત્રણ વર્ષમાં મૃત્યુ પામ્યો.

એના મરણ પછી અખેનાતનેનો બીજો જમાઇ ટુટ-અંખાતેન(ટુટ-અંખ-અતેન) સિંહાસનારુઢ થયો. કેટલાક દિવસો સુધી એણે નવી રાજધાની અખેતાતેનથી રાજ્ય કર્યું પરંતુ પછી તેણે આ રાજધાની છોડી દઇ, પહેલાંની રાજધાની થીબીસથી શાસન શરુ કરી દીધું. અખેનાતનનો એકેશ્વરવાદ સમાપ્ત થઈ ગયો. પ્રાચીન મંદિરોમાં ફરી બહુદેવતાઓની પૂજા શરૂ થઈ ચૂકી. ટુટ-અંખ-અતેને પોતાનું નામ પરિવર્તન કરી ટુટ-અંખ-અમોન કરી દીધું. (જે સામાન્ય રીતે તુતનખામન નામથી ઓળખાય છે.) બધાય પ્રાચીન મંદિરોમાંથી તેનું નામ રાખવામાં આવ્યું અખનાતેનની નવી રાજધાની અખેતાતેન વેરાન થઇ ગઇ, દેવતા અમુન તથા 'રા'ની પૂજા ફરીથી થવા લાગી.

તુતનખામને નવ વર્ષ રજ્ય કર્યું. ફેરોહ તરીકે તેણે કોઇ વિશિષ્ટ કામગીરી નહોતી કરી. પણ તેની કબર કોઇ લુંટારાના હાથમાં ન લાગી, અને એક સંશોધક હાવર્ડ-કાર્ટરને ૨૬-નવેમ્બર-૧૯૨૨ના રોજ BCE-1343થી યથાવત સ્થિતિમાં રહેલો મકબરો હાથ લાગ્યો. જ્યાંથી ૬૦૦૦૦(સાંઠ હજાર) વસ્તુઓ પ્રાપ્ત થઇ, જે આજ પણ કાહિરોના સંગ્રહસ્થાનમાં સુરક્ષિત છે.

ત્યારબાદ અયિ નામના એક પૂજારીને ફેરોહ બનાવ્યો.(જે તુતનખામનનો પરામર્ષક હતો) એ પણ ચાર વર્ષના શાસનકાળમાં મૃત્યુ પામ્યો. બાદમાં હોરેમહેબ શાસક બન્યો; જે અખેનાતેનના સમયમાં એક મુખ્ય સૈનિક અધિકારી હતો. એણે અખનાતેનની બનાવેલી અનેક 'અતેન'ની મૂર્તિઓ નષ્ટ કરી, થીબીજમાં 'અતેન'નું મન્દિર તોડી નાખ્યું. 'અતેન' અને અખનાતેનના નામો સર્વસ્થળેથી નષ્ટ કર્યાં. હોરેમહેબ એક સારો શાસક નીવડ્યો.

ઓગણીસમો વંશ: BCE-1304 થી BCE1181 ૧૨૩-વર્ષોમાં સાત શાસકોએ રાજ્ય કર્યું. આ વંશનો સ્થાપક હિકસોસની રાજધાની અવારિસનો એક પ્રસિદ્ધ સૈનિક હતો. એનું નામ રેમેસીજ-પ્રથમ હતું.

હોરેમહોબના સ્વર્ગવાસ થયે આને ફેરોહ બનાવવામાં આવ્યો. એણે પોતાના સહ-શાસક તરીકે પોતાના પુત્ર સેતીને જ રાખ્યો. એક વર્ષ રાજ્ય કર્યું અને તે મૃત્યુ પામ્યા પછી, સેતી-પ્રથમ ત્યાં સિંહાસન પર બેઠો. એણે પશ્ચિમ એશિયા ઉપર આક્રમણ કરવાની યોજના બનાવી. સડકોનું ફરી સમારકામ કરાવ્યું. કુવાઓ ખોદાવ્યા, સેનાઓના જવા-આવવાના રસ્તા પરના કિલ્લાઓનું સમારકામ કરાવ્યું. પછી સેનાને લઈને આગળ વધ્યો ત્યાં સર્વત્ર તેનો વિજય થયો અને ખૂબ જ ધન એકઠું કર્યું. એણે નાઈલ નદીથી લાલ સમુદ્ર સુધી જતી નહેરને ફરી સમી કરાવી. આ કાર્ય એશિયાના યુદ્ધકેદીઓએ પૂરું કર્યું. સેતીએ ૧૩ વર્ષ રાજ્ય કર્યું.

સેતી પછી તેનો પુત્ર રેમસીજ-બીજો ફેરોહ બન્યો. એણે ઇ.સ.પૂર્વે ૧૨૮૮માં પેલેસ્ટાઇન પર આક્રમણ કર્યું. રેમેસીજને હિટ્ટાઇટ નરેશ ખત્તુસિલી(હટ્ટુસિલી) (જે મુવાત્તલીસનો ભાઇ હતો.) સાથે સંધિ કરી લીધી, કેમ કે આ બન્ને શાસકોને અસીરિયાની વધતી જતી શક્તિનો ભય હતો. આ સંધિને સ્થિર કરવા માટે રેમેસીજે ખત્તુસિલીની પુત્રી સાથે વિવાહ કર્યો. રેમેસીજ ભવનો અને મૂર્તિઓનો મહાન નિર્માણકર્તા હતો. તેણે નૂબિયામાં અબુ-સિમ્બેલ-(abu simbel આધુનિક નામ છે) ચાર વિશાળ મૂર્તિઓ બનાવી જેની ઉંચાઈ ૬૫-ફુટ હતી. આરબો જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે મૂર્તિઓની ગરદન સુધી રેતી અને માટી ચડી ગઈ હતી. જે સાફ કરતા મહિનાઓ થયા.

ઘણું કરી આ સમયમાં હજરત મુસાએ પોતાની જાતિ યહૂદીઓને મિસ્રની ગુલામીમાંથી આઝાદી અપાવી. આવી અને તે લોકો કનઆનમાં જઇ વસી ગયા. ત્યાં પોતાનું રાજ્ય સ્થાપિત કર્યું.

રેમેસીજના મૃત્યુ પછી તેનો પુત્ર મેરેનટા શાસક બન્યો. એણે સીરિયા અને લેબેનોનને ફરી પરાસ્ત કર્યા. આ યુદ્ધમાં યુરોપીય દેશોના નિવાસી પણ સૈન્યમાં જોડાયેલા. આ બાજુ લીબિયાએ ઈજીપ્ત પર આક્રમણ કરી દીધું. પણ મેરેનટાએ એને સમાપ્ત કરી દીધું. આ લડાઇમાં ૯૦૦૦-માણસો માર્યા ગયા. મેરેનટાએ લગભગ બાર વર્ષ રાજ્ય કર્યું. પરંતુ એના મરણ પછી અરાજકતા ફેલાવા લાગી. આ બાજુ દુષ્કાળ પડ્યો, ઇલાકામાં કેન્દ્રીય શાસનનો અંત આવ્યો. પ્રત્યેક શક્તિશાળી પોતાના પડોશીનો રક્તપિપાસુ બની ગયો.

ત્યારબાદ ત્રણ ફેરોહ થયા પણ તે નામમાત્રના. આઠમો તથા અંતિમ શાસક રેમેસીજ-સીટા હતો. આ ચાર ફેરાહોએ માત્ર પોતાની રાજધાનીમાં જ રાજ્ય કર્યું. આખા મિસરમાં અરાજકતા ફેલાઈ ચૂકી હતી.

વીસમો વંશ: (BCE-1181 થી BCE-1075) આ વંશે ૧૦૬-વર્ષમાં દસ શાસકોએ રાજ્ય કર્યું. સેતનખ્ત નામના એક શક્તિશાળી પુરુષે શાસન સંભાળ્યું. વીસમા વંશનો સંસ્થાપક બન્યો. બે વર્ષ બાદ તેના પુત્ર રામસેજ-ત્રીજાએ અરાજકતાનો અંત આણ્યો. એક વિશાળ અને સુન્દર મંદિરનું નિર્માણ મદીનત-અબુમાં કરાવ્યું. રેમેસીજ ચોથાએ લગભગ ૨૯-ગજના પત્રા પર પોતાના પિતાની કીર્તિ લખાવી. આ વંશના અંતિમ શાસકના કાળ દરમિયાન ડાકુ-લૂંટારાઓએ શાસકોના મકબરાઓનો નાશ કરી ધન લૂંટવાનું ચાલુ કરી દીધું.

એકવીસમો વંશ: (BCE-1075 થી BCE-940) આ વંશમાં પાંચ શાસક થયા અને રાજ્ય ફરી બે ભાગોમાં વિભાજીત થઈ ગયું. થીબીજમાં તો મુખ્ય પૂજારી હેરીહોર(HeriHor) શાસક થયો અને એકવીસમા વંશનો પાયો નાખ્યો. એણે BCE.1075 થી BCE1044 એકત્રીસ વર્ષ સુધી શાસન કર્યું ત્યાર પછી એનો પુત્ર પિયાંખી(Piyankhy) શાસક બન્યો અને એના પછી એનો પુત્ર પીનોજદેમ(Pinojdem) શાસક બન્યો. ઉત્તરમાં

રેમેસીજ-૧૧માનો પ્રાન્તપતિ સ્મેન્દીજ(Smendes) જેને મિસરની ભાષામાં નેસુબેનેબદેદ(Nesubenebded) કહે છે. ટેનીસની (હિકસોસની નષ્ટ રાજધાની અવારિસના અવશેષો પર સંભવતઃ રામસેજ-બીજાએ ટેનિસ નગર વસાવેલું જે ડેલ્ટાની ઉપરાજધાની ગણાતું) ઉપરાજધાનીથી તે રાજકીય કાર્ય કર્યા કરતો હતો તે સ્વતંત્ર થઈ ગયો અને પોતે ફેરોહ બની ગયો. તેનો પુત્ર સુસેમિજ(Pusemes) સ્મેન્દીજનો ઉત્તરાધિકારી બન્યો. થીબીજના શાસક પિનોજદેમે સુસેમિજની પુત્રી સાથે વિવાહ કરીને મિશ્રનું ફરી એકીકરણ કર્યું. આમ આ વંશમાં પાંચ શાસકો થયા, અંતમાં બે પ્રદેશો એક થયા.

બાવીસમો વંશ: (BCE.940 થી BCE.730) આ વંશમાં નવ શાસક થયા. કેટલાય શાસકોના નામ જાણી શકતા નથી કે તેમનો શાસનકાળ પણ જાણી શકાતો નથી. એકવીસમા વંશના શાસન કાળમાં લિબિયાના નિવાસી ઉત્તર ભાગમાં વસી ગયા. આ લોકો સારા સૈનિકો હતા, આ કારણે ડેલ્ટા ને ગઢોના કમાન્ડર નિયુક્ત કરવામાં આવ્યા હતા. એમાંથી એક કમાન્ડર હિરેક્લિયોપોલીસમાં આવીને વસી ગયો હતો; એનો પુત્ર શેશાઁક(Sheshonk) ખૂબ જ શક્તિશાળી હતો. તે બુબાસ્ટિસ(Bubastis) કે, (Bast)બાસ્ટના ગઢનો કમાન્ડર હતો, અવસર જોઇને પોતાને સ્વતંત્ર ઘોષિત કરી ડેલ્ટાનો નરેશ બની

ગયો. અને પોતાના પુત્ર (Oskorn)ઓસ્કોર્નને મુખ્ય અધિકારી નિયુક્ત કર્યો અને બુબાસ્ટિસને જ પોતાની રાજધાની બનાવી. આ વંશનો અંતિમ શાસક શેશાઁક-ચોથો હતો.

ત્રેવીસમો વંશઃ (BCE-817 થી BCE-730 સુધી) આ વંશનો સંસ્થાપક પેદૂપાસ્ત(Pedupast) હતો. જેણે થીબીજને પરાસ્ત કરી, આ વંશનો પાયો નાખ્યો. આ વંશમાં છ શાસકો થયા. આ વંશના શાસન કાળમાં એક બીજું નાનું રાજ્ય મેમ્ફિસથી (Assuit)અસીયુત સુધી સ્થાપિત થઈ ગયું હતું.

ચોવીસમો વંશઃ(BCE.730-BCE.715) આ વંશના સંસ્થાપક તેફનખ્ત હતા. આ સાઈસ(Sais) નગરના એક પ્રભાવશાળી વ્યક્તિ હતા. જ્યારે ગ્રહયુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે એમણે શેશાઁક-ચોથા(૨૨માં વંશનો છેલ્લો શાસક)ને પરાસ્ત કરી સિંહાસનારુઢ થઈ ગયો અને પછી પાછળથી મેમ્ફિસ અને હિરેક્લ્યોપોલીસ પોતાને આધીન કરી ઉત્તર-મિશ્રનો શાસક બની ગયો. પરંતુ પચ્ચીસમા વંશના સંસ્થાપક પિયાન્ખીએ એને પરાસ્ત કરી દીધો અને ડેલ્ટાને પોતાને આધીન કરી લીધો. જ્યારે તે દક્ષિણની તરફ ચાલ્યો ગયો તો ડેલ્ટામાં અરાજકતા ફેલાવા માંડી. આ તક જોઇ, તેફનખ્ત ફરી શાસક બની ગયો. એણે ઉત્તર-મિશ્ર પર પોતાનો અધિકાર જમાવી લીધો. તેના મરણ પછી એનો પુત્ર બોક્કહોરિસ(BoccHoris) શાસક બન્યો. જે આ વંશનો છેલ્લો શાસક હતો. આ વંશમાં કેવળ બે જ શાસકો થયા.

પચ્ચીસમો વંશઃ (ઈથોપિયા=નૂબિયા BCE.751-BCE.663) આ વંશનો સંસ્થાપક એક નૂબિયા નિવાસી પ્રભાવશાળી વ્યક્તિ પિયાન્ખી(Piankhy) હતો. અહીંના નિગ્રો નિવાસીઓએ મિશ્રનો ધર્મ અપનાવી લીધો હતો. એની રાજધાની નપાતા(Napata) હતી. એણે તેફનખ્તની વધતી સેનાને પરાસ્ત કરી. પિયાન્ખીના ઉત્તરાધિકારી બોક્કહોરિસને પરાસ્ત કર્યો, જે ડેલ્ટાનો શાસક હતો. એનું નામ સબાકા(Shabaka) હતું. આ સમયે અસીરિયાના શાસક સેનાખરીબે સિરિયા પર આક્રમણ કરી દીધું. મિશ્રને આના આક્રમણથી બચાવવા માટે, શબાકાએ અસીરિયાની સેના પર આક્રમણ કરી દીધું. પરંતુ અસીરિયાની સેનામાં એક મહામારી ફેલાવાથી સેનાખરીબને અસીરિયા પાછા ફરવું પડ્યું.

શબાકાના મૃત્યુ પછી તેનો પુત્ર શબાતકા(Shabataka) શાસક બન્યો. પછી પિયાન્ખીનો બીજો પુત્ર તહારકા (Taharaka) શાસક બન્યો. એણે ટેનિસને પોતાની રાજધાની બનાવી.

આ વખતે અસીરિયાના નરેશ અશુરહેદને મિશ્રનું રાજ્ય જે હંમેશાં સીરિયાનું સહાયક બની રહેતું, તેને પૂર્ણ નષ્ટ કરવાનું નક્કી ક્ર્યું. અને BCE.671માં આક્રમણ કરી દીધું. તે નગરોને પરાસ્ત કરતા કરતા મેમ્ફિસ પહોંચી ગયા. તહારકાના કુટુંબને બંદી બનાવી લેવામાં આવ્યું. પરંતુ તહારકા નૂબિયા તરફ ભાગી ગયો. આખા મિસરે પોતાનો પરાજય માની લીધો. સાઇસ અને થીબીજના શાસકોએ હાર સ્વીકારી લીધી.

અસુરહેદનના મૃત્યુ બાદ ફરી મિસરને જીતી લીધું. પરંતુ અસીરિયાના નવા શાસક અશુરબનીપાલે ફરી આક્રમણ કરી દીધું અને તહારકાને ફરી દક્ષિણ તરફ ભાગવું પડ્યું! બક્કહોરિસના પુત્ર નીકોએ અશુરબનીપાલને ઘણી મદદ કરી જેનાથી પ્રસન્ન થઈને એણે નીકો(Nrcho)ને ઘણા ઉપહારો આપ્યા અને સાઇસનો શાસક બનાવી દીધો. અશુરબેનીપાલે(AshurBeniPal) થીબીજને એવું નષ્ટ કરી દીધું કે પોતાની પ્રાચીન ખ્યાતિ ફરી પ્રાપ્ત ન કરી શક્યું. અશુરબનીપાલે ફરી ક્યારેય મિસર પર આક્રમણ ન કર્યું કેમ કે, તે પોતે બેબિલોનિયાના શાસક નેબૂપલાસર દ્વારા નષ્ટ કરવામાં આવ્યો. આ વંશના પાંચમા અંતિમ શાસક તાનૂતામોને(Tanutamone) એક વર્ષ(BCE-663-662) રાજ્ય કર્યું.

છવ્વીસમો વંશઃ (BCE-662-BCE-525) આ વંશના છ શાસકો થયા, આ વંશનો સંસ્થાપક નીકો હતો, એના મૃત્યુ પછી એનો પુત્ર સામતિક પ્રથમે સૈનિકો જમા કર્યા અને અસીરિયાના નિવાસી સૈનિકોને મિસરની બહાર કાઢી મૂક્યા. આ કાળમાં ગ્રીસના નિવાસીઓ મોટી સંખ્યામાં આવીને રહેવા લાગ્યા, તેઓએ પોતાનું એક નગર પણ સ્થાપિત કરી દીધું જેનું નામ નોકેટિસ(Naucratis) હતું. હવે કલા અને વેપારનું કેન્દ્ર નાઈલ નદીથી હટીને ડેલ્ટામાં આવી ગયું હતું. અહીંની રાજધાની સાઈસ હતી હવે અહીંયા સુંદર ભવનો અને મંદિરોના નિર્માણ થવા લાગ્યા હતા. સમતિક-ત્રીજાના શાસનકાળમાં પર્શિયાની એક વિશાળ સેનાએ, જેનું નેતૃત્વ કેમ્બેસિસ કરી રહ્યો હતો; BCE-525માં આક્રમણ કરી દીધું અને આખો દેશ પોતાને આધીન કરી લીધો.

સત્તાવીસમો વંશઃ (પર્શિયા-BCE.525 થી BCE.404) આ વંશના શાસક પર્શિયાના અખામની સામ્રાજ્યના શાસકો હતા. કૈમ્બેસિજ અને દારાયસ-૧લાએ ઘણી ઉદારતાથી મિસર પર શાસન કર્યું. પરંતુ અન્ય પર્શિયાના શાસકોએ ખુબજ અત્યાચાર વર્તાવ્યો. આંદોલન અને ક્રાંતિ શરૂ થઈ ગઈ; એમાં ગ્રીસના નિવાસીઓએ મિસરવાળાને સાથ આપ્યો, કેમકે, તેઓને તો પહેલેથી જ પર્શિયા સાથે દ્વેષ હતો. એક નૌસેનાનો કાફ્લો પણ મિસરની સહાયતા માટે પહોંચી ગયો. જેથી પર્શિયાના શાસકોનું શાસન BCE-404માં સમાપ્ત થઈ ગયું.

અઠીયાવીસમો વંશઃ (BCE.404 થી BCE.398) આ વંશનો સંસ્થાપક અમેનરતાયસ અથવા અમિરતાઓસ (Amenertais or Amyrtaios) હતો; જે મિસરના રાજવંશનો અંતિમ શાસક પણ હતો. આ વંશનો કેવળ એક જ શાસક હતો.

ઓગણત્રીસમો વંશઃ (BCE.398 થી BCE.378) આ વંશના પાંચ શાસકો થયા. જેઓએ ગ્રીક નિવાસીઓની સહાયતાથી નામ માત્રનું શાસન કર્યું. અંતિમ શાસકે માત્ર ત્રણ માસ શાસન કરેલું

ત્રીસમો વંશઃ (BCE-378 થી BCE-341 સુધી) આ વંશના ત્રણ શાસકો થયા છે. આ વંશના તિપાસે એશિયાના કેટલાક ભાગો પોતાને આધીન કર્યા પરંતુ તિપાસના ભાઈએ એની વિરુદ્ધ એક ષડયંત્ર રચ્યું, જેના કારણે તિપાસ ભાગીને પર્શિયાના શાસક આર્તજરક્સીજ-ત્રીજાની શરણમાં જવું પડ્યું અને સિંહાસન પર એના ભાઈ નેક્તાનેબી-બીજાએ અધિકાર જમાવી દીધો. આ જ વંશનો છેલ્લો શાસક હતો.

એકત્રીસમો વંશઃ પર્શિયાના ત્રણ શાસકો થયા. BCE-341 થી BCE-332 સુધી. આર્તજરક્સીજના આક્રમણે મિસરની સત્તાનો અંત લાવી દીધો. જે ફરી પાછી વીસમી સદીમાં પ્રાપ્ત થઇ!

ગ્રીક વંશઃ (BCE-332 BCE-30) આ વંશમાં ૧૭-શાસકો ૩૦૨-વર્ષ સુધી વર્ચસ્વ ધરાવે છે. BCE-332માં સિકંદરે પર્શિયાને પરાસ્ત કરી મિશ્રમાં પદાર્પણ કર્યું. અને ગ્રીસ પાછા ફરતા પહેલાં રાજ્યને પોતાના સૈનિકો-અધિકારીઓમાં વિભાજિત કરી, તેઓને પ્રાંતપતિ તરીકે નિયુક્ત કરી દીધા. જનરલ(Ptolemy Lagos) ટોલેમી લાગોસને મિશ્રનો પ્રાંતપતિ બનાવી દીધો. મિસરમાં એને કોઈ યુદ્ધ ન કરવું પડ્યું. (Alekxandriya) એલેક્ઝાન્ડ્રિયા નગરનું નિર્માણ કરાવ્યું.

સિકંદરનું મૃત્યું ઇ.સ. પૂર્વે 323 માં બેબીલોનમાં થયું. ત્યારબાદ સેનાપતિઓમાં યુદ્ધ શરૂ થઈ ગયા કેટલાકે સિકંદરના ભાઈઓ વગેરેને મારી નાખ્યા. BCE.304 થી BCE283 ટોલેમી લૈગાસ મિશ્રનો શાસક બન્યો. એણે મિશ્રના દેવોની પૂજા કરી, મિશ્રની સંસ્કૃતિ અપનાવી. નવા નવા નગરો સ્થાપ્યા. એલેકઝાન્ડ્રિયામાં એક વિશાળ પુસ્તકાલય અને સંગ્રહાલય બનાવ્યું. ટોલેમી-૨જો(BCE-283 થી BCE-246) પણ પિતાને અનુસર્યો. વિજ્ઞાન અને કલાનો સંરક્ષક બન્યો.

(BCE-246 થી BCE222) ટોલેમી ત્રીજાએ પર્શિયા પર આક્રમણ કર્યું. ખૂબ ધન લુંટ્યું. ટોલેમી-ચોથો અત્યાચારી હતો. તેના મરણ પછી તેના સાથીઓ અને તેની પત્નીનો વધ થયો. પરંતુ તેના પુત્રને બચાવી લેવાયો જે ટોલેમી-પાંચ બન્યો. તે પણ પિતાની જેમ ભોગી હતો. (આ ટોલેમી-પના સમયમાં રોઝેટ્ટા સ્ટોન લખાયેલો.) આ સમયે રોમની શક્તિ વધતી જતી હતી.

ટોલેમી-૧૧ની પુત્રીનો સંરક્ષક પોમ્પેઇ બન્યો. તેણી પોતાના ભાઈ ટોલેમી-૧૨ની સાથે શાસક બની. પણ સંબંધ સારા ન હતા. પોમ્પીએ પોતાના વિરોધી જુલિયસ સિઝર સાથે યુદ્ધ કર્યું. જેમાં હારી ગયો, તેના પાલક પુત્ર ટોલેમી-૧૨માએ મદદ કરવાને બદલે તેને હણી નાખ્યો, સીઝર પોમ્પેઇની પાછળ મિશ્ર આવ્યો અને **ક્લીયોપેટ્રા** સાથે પ્રેમ કરવા લાગ્યો. તેમાં તેને સહયોગ પણ મળ્યો.

ટોલેમી-બારે સીઝર સામે યુદ્ધ કર્યું પણ પરાસ્ત થઈ, નદીમાં ડૂબી ગયો સીઝરે ક્લિયોપેટ્રાથી અગિયાર વર્ષ નાના ભાઇ ટોલેમી-૧૩ને શાસક બનાવ્યો પણ ક્લિયોપેટ્રાના સંકેતથી તેનો વધ કરવામાં આવ્યો. ક્લિયોપ્ટ્રાએ સીઝરથી ઉત્પન્ન થયેલ પોતાના પુત્રને ટોલેમી-૧૪ નામથી શાસક બનાવ્યો.

ઇ.સ. પૂર્વે 44માં બ્રૂટ્સે સીઝરનો વધ કર્યો જેથી રોમમાં ગ્રહયુદ્ધ ચાલુ થઈ ગયું. ક્લિયોપેટ્રાએ બ્રૂટ્સનો પક્ષ લીધો; પરંતુ સીઝરના મિત્ર માર્ક એન્ટોની દ્વારા બ્રૂટ્સની હાર થઈ, હવે એન્ટોનીએ ક્લિયોપેટ્રાને બોલાવી કે, શા માટે તેણીએ બ્રૂટ્સને સહયોગ આપ્યો! એક સુશોભિત નૌકામાં તેણી મળવા આવી, એન્ટોની તેની સુંદરતા પર મોહિત થઈ ગયો અને તેની સાથે પોતાનું જીવન ભોગવિલાસમાં વિતાવવા મિસર ચાલ્યો ગયો.

ઓક્ટોવિયસ સીઝરનો દત્તક પુત્ર હતો, તે રોમમાં શક્તિશાળી બની ગયો તેણે એન્ટોની સામે નૌસેના મારફત યુદ્ધ કર્યું, આ બાજુથી ક્લિયોપેટ્રા પણ પોતાનું નૌકાદળ લઈને આવી અને લડાઈમાં જોડી દીધું. આ યુદ્ધમાં એન્ટોની હારી ગયો, અને ક્લિયોપેટ્રાએ આત્મહત્યા કરી લીધી. ત્યાર બાદ મિશ્ર રોમ-સામ્રાજ્યમાં(BCE.30) ભળી ગયું. જેનો સમ્રાટ ઓક્ટોવિયસ બન્યો અને તેણે પોતાનું નામ સીઝર-ઓગસ્ટસ રાખી દીધું.

હવે ઓગસ્ટસ મિશ્રને પોતાની ભૂમિ જ ગણવા લાગ્યો અને ત્યાં રોમનોને ઉચ્ચ પદો પર નીમ્યા. જે મિશ્રના નરેશ મનાવા લાગ્યા.

આ દસ પ્રશાસકો(Prefact) થયા. જેના સમયમાં વિવિધ સમયે ઈથોપિયા સાથે યુદ્ધો થયા. ઈસાઈઓ ઉપર ઘણા અનર્થ થયા. કેટલાકે પોતાને રોમન સમ્રાટ ઘોષિત કરી દીધા. પણ રોમ દ્વારા દબાવી દેવાયા. હવેના દિવસોમાં યહૂદીઓ અને ઈસાઈઓ વચ્ચે માર-કાટ તથા રોમન અને ઈસાઈઓ વચ્ચે વેર થયા, કારણ કે રોમન બહુ-મૂર્તિપૂજક હતા અને ઈસાઈઓ એકેશ્વરવાદી. આમ પ્રતિદિન અરાજકતા વધતી ગઈ. લાંબો સમય ગ્રહયુદ્ધો ચાલ્યા, જનતા અસુરક્ષિત થઈ ગઈ.મિશ્ર રોમન સામ્રાજ્યનું અંગ ન રહ્યું. પર્શિયાના સમ્રાટે 616માં મિશ્ર પર આક્રમણ કરી દીધું, અને દસ વર્ષ શાસન કર્યું. ફરી એકવાર રોમન સમ્રાટ હિરેક્લિયસે મિશ્ર પર અધિકાર જમાવ્યો.પણ તે એલેકઝાન્ડ્રિયા પુરતો મર્યાદિત રહ્યો.

AD.639માં ખલીફા ઉમરે ચાર હજાર સૈનિકો લઈ મિશ્ર પર આક્રમણ કર્યું. ફરી પાછા 6-6-640ના રોજ બાર હજાર સૈનિકો મોકલ્યા જે હેલીયોપોલીસ પહોંચી ગયા. 8-11-641ના રોજ મિશ્ર પરાસ્ત થયું. આ યુદ્ધમાં ઈસાઈઓએ(Copts) મુસલમાનોને પૂરતો સહકાર આપ્યો, પણ લડાઈ પછી મુસલમાનોએ ઈસાઈઓ અને રોમનો સાથે નિષ્ઠુરતાથી વ્યવહાર કર્યો. AD.642 પછી જુદા જુદા ખલીફાઓના સુબેદારોએ મિશ્ર પર શાસન કર્યું.

ટ્યુનિશિયાના ફાતિમી-ખલીફાએ (AD.969 થી AD1169) રાજ્ય કર્યું. આ લોકો એ કાહિરામાં અલ-હજર મસ્જિદ બનાવી. હજીએ કાયરો નામથી ઇજિપ્ત નું પાટનગર છે. ત્યાર પછીના વર્ષોમાં શિયા-સુન્ની મુસલમાનોના લડાઈ-ઝઘડાઓ ચાલુ રહે છે;

ફ્રાન્સના નેપોલિયન આક્રમણ કરે છે. ૧૮૦૧માં અંગ્રેજોએ ય આક્રમણ કરી ફ્રાન્સની સેનાને પરાસ્ત કરે છે. (આ વખતે નેપોલિયને શોધેલો રોઝેટ્ટા-સ્ટોન લન્ડન મ્યુઝિયમમાં લઈ જાય છે.) ફરી મુસ્લિમો આક્રમણ કરે છે. બ્રિટન AD.1882માં ફરી મિસર પોતાને આધીન કરી લે છે, પરંતુ પોતે શાસનમાં પડતું નથી. બીજા વિશ્વ-યુદ્ધમાં ઈજીપ્તની સરકાર જાપાન અને જર્મનિ સામે યુદ્ધ ઘોષિત કરે છે. ૧૯૫૨માં સૈનિક ક્રાંતિ થાય છે. 18-6-1953 માં ઈજીપ્ત એક ગણતંત્ર રાજ્ય ઘોષિત થાય છે.

આપણે ઈજીપ્ત-દેશનો ઈતિહાસ નોંધ્યો તે માત્ર આર્ય અને પર્શિયન શાસકો (પર્શિયનો અથર્વણ આર્યો જ છે.) જે આર્યમૂળના છે, તેનો પ્રભાવ વેદિક-આર્યો પર પણ હોઇ શકે! એમ ધાર્યું છે, ભારતીય મૂળનો કોઈ ઇતિહાસકાર Egyptiology-ઇજિપ્તના ઇતિહાસનો ઝીણવટથી અભ્યાસ કરે તો ઘણું મળી આવે એમ છે. એવો ઈરાદો સેવી આટલું લાંબુ પ્રકરણ ઉમેર્યું છે. ઘણી વાર પાશ્ચાત્ય ઈતિહાસકારો બાઇબલના ઇતિહાસને સમૃદ્ધ કરવા
સંશોધન કરતા હોય છે.

માત્ર "Ten commandments" ચલચિત્ર જોતાં; મોઝેઝની વાર્તા અને આપણા શાસ્ત્રોના પ્રસંગોમાં કેટલુંક સામ્ય જોવા મળ્યું છે.

<u>મોઝેઝની આ વાર્તાના ત્રણ રહસ્યો હિંદુ પુરાણોમાં ય છેઃ</u> (૧) "યહુદી ગુલામોનું સંતાન મિસરના રાજા ફેરોહની હત્યા કરશે" એવી ભવિષ્યવાણી નિષ્ફળ બનાવવા ગુલામ યહુદીના તમામ બાળકોનો વધ કરવાનું ફરમાન જારી થાય છે. આવી જ વાત દેવકીનું કોઇ સંતાન કંસનો નાશ નોતરશે એવી આકાશવાણી સાંભળી કંસ દેવકીના તમામ સંતાનોનો નાશ કરે છે. (૨) મોઝેઝની ઇશ્વરીય શક્તિ ભાગતા યહુદી ગુલામોને જળમાં માર્ગ કરી આપે છે, તેવી જ રીતે કૃષ્ણને લઇ જતાં વાસુદેવને જમુનાના જળ રસ્તો આપે છે.(૩) ગુલામ યહુદીનું સંતાન મોઝેઝ નદીમાં તરતું મુકી દેવાય છે, જે ફેરોહની સ્ત્રીને મળે છે, જેવી રીતે કુન્તી કર્ણને નદીમાં તરતો મુકી દે છે. .... આ Myth ની સમાનતા આ પ્રદેશો સાથે આર્યોનો ગાઢ સંપર્ક પ્રસ્થાપિત કરે છે.

મિશ્ર દેશની લેખનકળાઃ જેમ વિશ્વમાં અન્ય સ્થળે રોજિંદા વપરાશની ચીજવસ્તુઓના ચિત્રો દ્વારા લેખન કલાનો જન્મ થયો તે જ રીતે અહીં પણ બન્યું. આ સમય વિદ્વાનોએ ઇ.સ.પૂર્વે ૩૫૦૦વર્ષ ગણ્યો છે. કેમ કે, એ સાબિત થઈ ચૂક્યું છે કે મેનેના શાસનકાળમાં અહીં ચિત્રલિપિ પ્રચલિત હતી. ગ્રીક-નિવાસીઓએ આનું નામ હેયરોગ્લીફ્સ(Hieroglyphs) કે હાયરોગ્લિફીકસ(Hieroglyphics) રાખ્યું. જેનો અર્થ થાય છે; "ઉત્કીર્ણ કરેલી પવિત્ર લિપિ" (Hieros=પવિત્ર; Glyphein= ઉત્કીર્ણ કરવું) આ નામ એટલે પડ્યું કે, મંદિરોમાં ઉત્કીર્ણ કરવામાં આવતી. યૂનાની ભાષામાં એનું નામ હૈરોગ્લિફિકન(Hieroglyphikon) હતું. જેનો છેલ્લો પાઠ 24-8-394માં લખવામાં આવ્યો ત્યાર પછી આ જ્ઞાનનો લોપ થઈ ગયો. લગભગ ૧૬૦૦ વર્ષ પછી આ ચિત્રલિપિ જાણવાની ઉત્કંઠા ફરી જાગૃત થઈ અને દુનિયાના વિદ્વાનોએ એ ઉકેલવાના પ્રયાસો શરૂ કરવા લાગ્યા.

ઇ.સ.૧૪૧૯માં સર્વપ્રથમ હોરાપોલો(Horapollo)ની લખેલ એક પુસ્તક ગ્રીસના બોન્દેલમોન્તે (Boundelmonte) ને ગ્રીસના એક દ્વીપ અન્દ્રોસમાંથી મળી. જેમાં આ ચિત્રલિપિ પર વિસ્તારથી લખ્યું હતું. આ પુસ્તક ઍલ્ડસ(Aldus) દ્વારા ૧૪૦૫માં પ્રકાશિત કરવામાં આવ્યું. ત્યારબાદ ૧૮મી શતાબ્દી સુધીમાં અનેક વિદ્વાનોએ લિપિ ઉકેલવાના પ્રયત્નો ચાલુ રાખ્યા.

રોઝેટ્ટા-સ્ટોન પર ગ્રીક લિપિ વાંચવાથી જાણવા મળ્યું કે, BCE.27-3-196 મિશ્રના પુરોહિતોની એક સભા મેમ્ફિસમાં યોજાઇ હતી; જેમાં ટોલેમી-પંચમને સિંહાસનારુઢ કરી, સન્માનિત કરવામાં આવ્યો હતો. અને કેટલીક રાજ્યાજ્ઞાઓ પસાર કરવામાં આવી હતી. ટોલેમી-પંચમ એપિફેન્સનું એવું અનુમોદન હતું કે, આ ઘોષણાઓની પ્રતિલિપિ મિશ્રના દરેક મંદિરોમાં સ્થાપિત કરવામાં આવે. તે સમયે રાજકીય ભાષા તો ગ્રીક હતી. આ કારણે રાજ્યાજ્ઞાઓ ગ્રીકમાં અંકિત કરવામાં આવી પરંતુ વ્યાપારિક લિપિ ડિમોટિક અને ધાર્મિક લિપિ હાયરોગ્લિફ હતી. આથી ગ્રીક લિપિના ભાવાર્થ રુપે અન્ય બે લિપિઓમાં પણ લખવામાં આવ્યું. પુરોહિતો મિશ્રમાં સદૈવ સત્તાવાન્ હતા એટલે સૌથી ઉપર હાયરોગ્લિફ લખાણી. આ વખતે, ઇંગ્લેન્ડે પેરિસ અને અન્ય સ્થળે વિદ્વાનોને રોઝેટ્ટા-સ્ટોનના શિલાલેખની પ્રતિલિપિઓ મોકલાવેલી.

ઘણા બધા વિદ્વાનોના અથાગ પ્રયત્નો પછી ફ્રાન્સના વિદ્વાન (Jean Francois Champollion) જીન ફ્રૈન્કો શેમ્પોલિયોંએ હાયરોગ્લિફ ઉકેલવામાં સફળતા મેળવી અને ઇ.સ.૧૮૨૪માં પોતાનું પુસ્તક Precis du Systeme hieroglyph ique પ્રકાશિત કરી દુનિયાને ચકિત કરી દીધી. તેણે પુસ્તકમાં સિદ્ધ કર્યું કે, મિશ્રની લિપિ અત્યંત જટિલ છે; આ લિપિમાં ત્રણે ય પ્રકારના ચિન્હો... ચિત્રાત્મક, સંકેતાત્મક અને ધ્વન્યાત્મક—Pictographic, Ideographic and Phonetics.ના ચિહ્નોનો પ્રયોગ એક અભિલેખ કે વાક્ય પૂરતો નથી પણ શબ્દોમાં પણ થયો છે.

અઢારસો-ચોવીસથી અઢારસો-બત્રીસ પોતાના મૃત્યુપર્યંત હાયરોગ્લિફના જ્ઞાનની વૃદ્ધિ માટે અનવરત પ્રયાસ
કરતા રહ્યા. તેમના મૃત્યુ પછી તેમના ભાઈએ પેરિસમાં ૧૮૪૧માં "મિસરનું વ્યાકરણ" (Grammaire Egyptienne) અને "મિસરનો શબ્દકોષ"(Dictionnaire Egyptien) પ્રકાશિત કર્યા જે, શેમ્પોલિયોંને અમર બનાવી ગયા. વિશ્વ સમક્ષ અજ્ઞાત દેશની પ્રાચીન સંસ્કૃતિ અને ઇતિહાસનો પરિચય સુલભ કરતા ગયા.

આમ લગભગ ૧૫૦ વર્ષના અથાક પરિશ્રમ પછી મિશ્રની રહસ્યમયી હાયરોગ્લિફ લિપિ વિષે નીચેના તથ્યો પ્રકાશમાં આવ્યા છે.

૧. હાયરિગ્લિફઃ આ એક પવિત્ર લિપિ માનવામાં આવતી તેનો ઉપયોગ ઈસ્વીસન પૂર્વે ૩૫૦૦થી મંદિરોની દિવાલો, સ્તંભો, શાસકોની સમાધિઓ, મમ્મીની શબ-પેટીઓ, પિરામિડોની અંદરની દિવાલો, વગેરે જ્ગ્યાએ કોતરવામાં આવેલી છે.

૨. આ લિપિનો જન્મ ક્યારે અને કેવી રીતે થયો તે જાણી શકાતું નથી છતાંય ધાર્મિક આસ્થા પ્રમાણે ટાટ (Thoth) નામના દેવ, જેનું મસ્તક પક્ષી(Ibis)નું અને શરીર મનુષ્યનું હતું તે આ લિપિના જન્મદાતા છે.

૩. આ લિપિનો ઉપયોગ ઈ.સ પૂર્વે.3500 થી ઈ.સ પૂર્વે.400 સુધી થતો રહ્યો. ત્યારબાદ ૧૬૦૦ વર્ષ સુધી કોઈ જ્ઞાતા ન હતો. કાળની ગર્તામાં છુપાઇ ગયો.

૪. આ લિપિ ઉત્કીર્ણ કરવાની વિવિધ પ્રણાલીઓ હતી. જેમાં ઉપરથી નીચે; (આમાં પહેલી ઊભી પંક્તિ જમણી બાજુ હોય છે. અને બીજી પ્રથમ ઊભી પંક્તિની ડાબી તરફથી આરંભ કરવામાં આવતી હતી. જેમ ચીની લિપિ લખાય છે તેમ. (ઇ.સ.પૂર્વે ૨૦૦૦થી જમણીથી ડાબી પ્રયોગમાં આવી.) વળી ગ્રીક વંશના શાસનકાળથી ક્યારેક ડાબીથી જમણી તરફ પણ અંકિત કરવામાં આવતી.

૫. આ લિપિમાં ત્રણ પ્રકારના ચિન્હોનો ઉપયોગ થતો.

ક. ચિત્રાત્મકઃ જેમાં કોઈ પ્રાણી કે વસ્તુનું ચિત્ર તે જ પ્રાણી કે વસ્તુનો બોધ કરાવતું.

ખ. સંકેતાત્મકઃ જેમાં ચિત્ર કે ચિન્હ ભાવનો સંકેત કરે છે

ગ. ધ્વન્યાત્મકઃ જે ચિત્ર કે ચિન્હ કોઈ ધ્વનિનું પ્રતિનિધિત્વ કરે છે. (જેમ "કમળ" "ક"નું પ્રતિનિધિત્વ કરે છે તેમ.)

૬. ધ્વન્યાત્મક ચિન્હ ત્રણ પ્રકારના હતા.

૧. એક વર્ણિક(Uniconsonantal)ઃ જે માત્ર એક ધ્વનિ માટે એક વર્ણ રહેતો. તેની સંખ્યા ૨૪ હતી.

૨. દ્વિ-વર્ણિક(Biconsonantal)ઃ જેમાં એક ધ્વનિ માટે બે વર્ણો રખાતા. એની સંખ્યા ૭૫ હતી, પરંતુ એમાંથી ૫૦નો પ્રયોગ થતો.

૩. ત્રૈ-વર્ણિક(Triconsonantal)ઃ જેમ એક ધ્વનિના ત્રણ વાર વર્ણ રહેતા.

૭. આ ધ્વનિમાં માત્ર વ્યંજનો(Consonants)નો જ પ્રયોગ થતો. જે રીતે એ સમયની પશ્ચિમ એશિયાઇ દેશોની સેમેટિક લિપિઓમાં થતો. આમ તો આ પદ્ધતિ ખૂબ જ જટિલ અને કઠીન લાગે, પણ એ ભાષાના વપરાશકારોનો એટલી બધી તકલીફ નહીં પડતી હોય. (બોલનારે જાતે સ્વર નક્કી કરી ઉમેરી લેવાનો રહેતો. જે બોલતી વખતે આપોઆપ થઈ જતું. 'લપ' લખેલું હોય પણ સંજોગો પ્રમાણે લિપિ બોલવાનું,, અથવા 'લુપ' પણ બોલી શકાય.)

૮. આ હાયરોગ્લિફમાં કોઇ પણ શબ્દ લખવા માટે વર્ણોના પ્રયોગની સાથે ક્યારેક એ શબ્દના નિર્ણાયક (Determinants- ભાવનો સંકેત કરનાર ચિન્હ) ચિત્રને પણ અંકિત કરવામાં આવતું. એની નીચે એક લીટી કરવામાં આવતી, જે બતાવતી કે આ નિર્ણાયક છે, વર્ણ નથી. (સ્ત્રીનું નામ હોય ત્યાં સ્ત્રીના ચિત્રનો નિર્ણાયક મુકાતો)

૯. દુનિયાની સર્વપ્રથમ વર્ણાત્મક લિપિ હોવા છતાં એની લખવાની શૈલીના કારણે, અને ધ્વન્યાત્મક વર્ણ સાથે નિર્ણાયક ચિત્રો સાથે વાપરવાની જટિલતાને લીધે; મિશ્ર સિવાય બીજા કોઇ દેશની ભાષા માટે આ લિપિનો ક્યારેય ઉપયોગ ન થયો.

૧૦. દુનિયાની આ જ સર્વપ્રથમ લિપિ હતી. જેના વર્ણો દ્વારા (પૂરેપૂરી રીતે નહીં) ઉત્તરની સેમેટિક લિપિઓનો ઉદ્ભવ થયો, પરંતુ ભાષાની ભિન્નતાએ વર્ણના નામો બદલાવી નાખ્યા.

૧૧. આ લિપિમાં ૭૦૦-ચિત્રો અને ચિન્હો છે. જેને ૨૦-વર્ગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. ઉદાહરાર્થ ૬૩ ચિન્હ માનવ-શરીરના અંગોના, ૫૫-ચિન્હ માનવ-જીવનની આજીવિકાના, ૫૨-ચિન્હો સ્તનધારી પ્રાણીઓના, ૩૯-ચિન્હો પક્ષીઓના, ૨૦-ચિન્હો રમત અને વાદક યંત્રોના વર્ગ મુખ્ય છે.

૧૨. આ લિપિનું એક બીજું કર્સિવ રુપ કાગળ પર ઝડપથી લખવા માટે (અંગ્રેજીમાં ત્રીજી-ચોથી એબીસીડી ની જેમ) વપરાતું. જેને હેરેટિક (Hieratic) કહેવાતી. આ લિપિ પણ ધાર્મિક ક્ષેત્રે વપરાતી, તેથી પવિત્ર મનાતી. તેના ઉદભવ વિષે ચોક્કસ જાણકારી નથી.

૧૩. આ બંને લિપિઓનો પ્રયોગ પુરોહિત વર્ગ દ્વારા કરવામાં આવતો. નવ-દીક્ષિત પુરોહિતોને આ લિપિઓ શીખવા મંદિરોમાં જ પાઠશાળાઓ સ્થાપી હતી.

૧૪. પચ્ચીસમાં વંશ(BCE.751 થી BCE.663)ના શાસનકાળમાં જનસાધારણના ઉપયોગ માટે ત્રીજું વધુ સરળ રૂપ હેરેટિક લિપિ પરથી અસ્તિત્વમાં આવ્યું. તેનો પ્રયોગ વ્યાપારિક ક્ષેત્રમાં વધુ થતો; ગ્રીક ભાષામાં જનસાધારણ માટે એક શબ્દ ડિમૉસ(Demos) પરથી આ લિપિનું નામ ડિમૉટિક રાખવામાં આવ્યું. આ નામકરણ ઘણું કરીને ઇ.સ.પૂર્વે ત્રીજી શતાબ્દિમાં થયું.

૧૫. પ્રથમ વંશના શાસનકાળમાં એક ધ્વનિવાળા વ્યઞ્જન-વર્ણ, જેની સંખ્યા ૨૪ નિર્ધારિત કરવામાં આવી હતી. પરંતુ પાંચમાં વંશના શાસન કાળમાં ૬ અન્ય સમ-ધ્વનિવાળા વર્ણો(ચિત્રો)નો આવિષ્કાર કરવામાં આવ્યો.

૧૬. હાયરોગ્લિફ વાંચવા માટે બે બાબતોનું ધ્યાન રાખવું પડતું.

૧. આડી લીટીઓની દિશા ડાબેથી શરૂ થાય છે કે, જમણાથી એના માટે ચિત્રોના મુખની દિશા જોવાતી. જો મુખ ડાબી તરફ હોય; તો ડાબી તરફથી જમણી તરફ અને જમણી તરફ મુખ હોય તો જમણી તરફથી ડાબી તરફ લીટી જાય છે તેમ ગણવાનું.

૨. બે વ્યંજનોની વચ્ચે ઘણું કરી 'એ' અથવા 'ઈ' નો પ્રયોગ થતો. જેમકે Rmss= Rameses એટલે સૂર્ય-પુત્ર. (રા-ra એટલે સૂર્ય અને meses=નું બાળક)

રેમેસિસ અને ટુટમોસના નામ શેમ્પોલિયોંએ ૧૪-૧૨-૧૮૨૨ના રોજ ઓળખ્યા નામના અર્થ પણ તાર્કિક છે. સૂર્યપુત્ર અને થોટપુત્ર... RMSS=RA-સૂર્ય. MESES-નો પુત્ર. RAMESES રામસેસે. થોટમોસ-Thoth(God with Bird's Head) MS S











થોથ ઇજિપ્તના પ્રાચીન દેવ

રા = સૂર્યના ઇજિપ્શિયન દેવ

થોથ ઇજિપ્તના પ્રાચીન દેવ છે. કલામાં, તેને ઘણી વખત આઇબીસ(મોટો બગલો) અથવા બબૂન-વાનરનું માથું ધરાવતા માણસ તરીકે દર્શાવવામાં આવે છે.થોથ ચંદ્રના દેવ છે. પ્રાણીઓ તેમના માટે પવિત્ર હતા. તેની સ્ત્રી સમકક્ષ સેશાતSeshat હતી અને તેની પત્ની માત-Ma'at હતી. તે ચંદ્ર, શાણપણ, **લેખન, ચિત્રલિપિ-હાયરોગ્લિફ,** વિજ્ઞાન, જાદુ, કલા અને ન્યાયના દેવ હતા. તેના ગ્રીક સમકક્ષ દેવ હર્મેસ છે.

રા=સૂર્યના પ્રાચીન ઇજિપ્શિયન દેવતા હતા. 25મી અને 24મી સદી પૂર્વે, પાંચમા રાજવંશ દ્વારા, તે પ્રાચીન ઇજિપ્શિયન ધર્મના સૌથી મહત્વપૂર્ણ દેવતાઓમાંના એક હતા, જેની ઓળખ મુખ્યત્વે બપોરના સૂર્ય સાથે કરવામાં આવી હતી. રા એ વિશ્વના તમામ ભાગો આકાશ, પૃથ્વી અને પાતાળમાં શાસન કર્યું હોવાનું માનવામાં આવતું: તે સૂર્ય, રાજાઓ અને આકાશના દેવ હતા.

રાને બાજ તરીકે દર્શાવવામાં આવ્યા હતા અને આકાશ-દેવ હોરસ સાથે તેની લાક્ષણિકતાઓ વહેંચી હતી. ઘણી વખત બે દેવતાઓ રા-હોરખ્તી, "રા, જે બે ક્ષિતિજના હોરસ છે" તરીકે સમાવી લેવાયા હતા. નવા સામ્રાજ્યમાં, જ્યારે અમુન દેવ પ્રસિદ્ધિ પામ્યા ત્યારે પણ તેઓ રા સાથે અમુન-રા તરીકે સમાવી લીધા હતા.

તેના અનેક સ્વરૂપોમાંના એકમાં, રા, સૂર્યના દેવ, બાજનું માથું ધરાવે છે અને માથા પર આરામ કરી રહેલા નાગની અંદર સૂર્ય-ચક્ર દેખાય છે.

લેખન-કલાના આરંભમાં હાયરોગ્લિફના ચિત્રોની સંખ્યા લગભગ ૨૦૦૦ હતી. પરંતુ જેમ જેમ સરલીકરણ થતું ગયું તેમ તેમ સંકેતાત્મક લિપિનું ચલણ વધ્યું. એટલે કુલ ચિત્રોની સંખ્યામાં ઘટાડો થયો.

જે પ્રકારે લિપિનો વિકાસ થતો ગયો તેની કાળગણના ગાર્ડીનરે પોતાના પુસ્તક Egyptian Grammer(1927)માં આપી છે. જે આમ છે....

૧. પ્રાચીન લિપિ જેમાં આશરે ૨૦૦૦ચિત્રો હતાં. તે BCE.3400 થી 2400 સુધી ગણી શકાય.

૨. મધ્યકાલીન લિપિ BCE.2400 થી BCE.1350. ૩. અંતિમકાળની લિપિ BCE.1350 થી BCE.700. અને બીજો તબક્કો BCE.700 થી BCE.400.

હાયરોગ્લિફમાં પહેલાં ૨૪વર્ણો હતા, જે પહેલા વંશના શાસનકાળમાં પ્રયોગાત્મક રીતે બનાવેલા. જેમાં માત્ર વ્યઞ્જનો જ વપરાતા. પાંચમા વંશ ૩૦વર્ણ થયા. (લ-ઓ-ઊ-ન-શ-પ ઉમેરવામાં આવ્યા.) કેટલાક સમધ્વનિવાળા પણ જોડવામાં આવ્યા.

A	vulture	L	lion	W	chick
B	leg	M	owl	X	cloth
C	cup	N	water	Y	feathers
D	hand	O	chick	Z	bolt
E	feather	P	stool	CH	tether
F	viper	Q	hill	KH	sieve
G	pot	R	mouth	SH	basin
H	wick	S	cloth	MAN	
I	feather	T	loaf	WOMAN	
J	cobra	U	chick	ANKH	
K	cup	V	viper		

મિશ્રના પ્રાચીન અંક: લિપિના વિકાસ સાથે ગણિતનો પણ વિકાસ થયો. એટલા માટે અંકોનો પણ આવિષ્કાર કરવામાં આવ્યો. સાથેનું ચિત્ર અંકો વિષે જણાવે છે.

Ancient Egyptian hieroglyphic numeral system

1 10 100 1,000 10,000 100,000 1,000,000



= 8(1) + 5(10) + 4(100) + 8(1,000) + 5(10,000) + 2(100,000) = 258,458



Relative Signs


hieroglyphic
hieratic
demotic
2700–2600 BC
2500–2400 BC
c.1500 BC
500–100 BC
c. 1900 BC
c. 1300 BC
c. 200 BC
400–100 BC


A EAGLE
B FOOT
C BASKET
D HAND
E DOUBLE REED
F VIPER
G JAR
H HOUSE
I REED
J COBRA
K BASKET
L LION
M OWL
N WATER
O LASSO
P DOOR
Q SLOPE
R MOUTH
S BOLT
T LOAF
U CHICK
V VIPER
W CHICK
X BASKET/CLOTH
Y REED
Z CLOTH


EGYPTIAN
PHOENICIAN
GREEK
LATIN
HEBREW
Eagle
Crane
Throne
Hand
Mæander
Cerastes
Duck
Sieve
Tongs
Parallels
Bowl
Lioness
Owl
Water
Chair-back
Shutter
Snake
Angle
Mouth
Inundated Garden
Lasso
I
II
III
IV
V
VI
VII
VIII
IX
X
XI

પ્રાચીન ઈજીપ્શિયન-ભાષાને આફ્રો-એશિયાટિક ભાષા પરિવારની એક શાખા ગણવામાં આવે છે, એટલે કે પ્રાચીન ઇજિપ્તની ભાષા ઉત્તર આફ્રિકન ભાષાઓ બર્બર અને કુશિટિક સાથે સંબંધિત છે અને એશિયાટિક (અથવા સેમિટિક) ભાષાઓ, અક્કાડિયન, અરબી અને હિબ્રુ સાથે સમાનતા ધરાવે છે. અંગ્રેજી, ફ્રેન્ચ અને જર્મન જેવી ઇન્ડો-યુરોપિયન ભાષાઓથી તદ્દન અલગ છે.આધુનિક ઇજિપ્તવાસીઓ ઈજીપ્શિયન અરબી બોલે છે.

હાયરોગ્લિફ લિપિ પરથી Cursive-વહેતી-મરોડદાર લિપિ હિરેટિક લિપિ બની છે. હિરેટિક પરથી સર્વજનો અને વ્યાપાર માટે ડિમોટિક લિપિ બની છે. ઈ.સ.પ૬માં સેન્ટ માર્ક દ્વારા જે (ગ્રીક-નિવાસી મિશ્રમાં રહેવા આવેલા) ઈસાઇ બનેલા લોકો પાછળથી કોપ્ટ્સ નામથી ઓળખાતા, તેઓએ એક Coptic કોપ્ટિક લિપિને જન્મ આપેલો જે મિશ્ર અને ગ્રીકનું મિશ્રણ હતું. તે સિવાય સેહીદીક(Sahidic), અખમેનિક(Akhminic માં પર્શિયન શબ્દોનું મિશ્રણ હતું) અને મિશ્રના મિયોરસ સરોવરની નજીક ફ્યુમ પ્રાન્તમાં બોલાતી ફ્યુમિક(Fayumic) પણ કોપ્ટિકમાં સમાવી લીધેલી.

પ્રાચીન ઈજીપ્શિયન ભાષા ઇજિપ્તમાં ચાર હજાર વર્ષથી વધુ સમયથી પ્રચલિત હતી. જે હવે ‘મૃત’ ભાષા છે. પ્રાચીનભાષા વ્યાકરણ દ્વારા જોડાયેલા શબ્દોનું મિશ્રણ હતું. BCE-3500ની આસપાસ હાયરોગ્લિફિક લખાણથી માંડીને BCE-641 સુધી અમલમાં હતી. 641માં ઇજિપ્ત પર આરબના વિજય પછી ધીમે ધીમે અરબી-ભાષાએ કબજો લઈ લીધો. હાયરોગ્લિફ ૧૧૦૦વર્ષ સુધી ભૂલી જવાઇ.

મિશ્ર જ્યારે આરબોને આધીન થયું ત્યારે ત્યાંના લગભગ બધા નિવાસિઓએ ઇસ્લામ અપનાવી લીધો. પરંતુ ઈસાઇઓએ ન અપનાવ્યો, જેના લીધે આ લોકો નીચલી કક્ષાના નાગરિકો ગણાતા. એમના ગિરિજાઘરો નષ્ટ કરી દીધા, એમના ક્રોસ અને ચિત્રો નષ્ટ કરવામાં આવ્યા. એમને કાળી પાઘડીઓ પહેરવી પડતી, અને ભારે ક્રોસ ગળામાં લટકાવવો પડતો. તેમ છતાં તેઓએ ઇસ્લામ ધર્મ ન અપનાવ્યો.

પ્રાચીન ઈજીપ્શિયન ભાષાના પાંચ તબક્કાઓ છેઃ જૂના ઈજીપ્શિયન, મધ્ય ઈજીપ્શિયન, છેલ્લી-ઈજીપ્શિયન, ડેમોટિક અને કોપ્ટિક. આ ભાષા ઓછામાં ઓછી ચાર અલગ અલગ લિપિઓમાં લખવામાં આવતીઃ હિયેરોગ્લિફ્સ, હાયરેટિક, ડેમોટિક અને કોપ્ટિક.

પ્રાચીન ઈજીપ્શિયન (2600 બીસી પહેલા), પ્રારંભિક રાજવંશીય સમયગાળાની ભાષા, પ્રાચીન ઈજીપ્શિયન ભાષા સૌપ્રથમ હિયેરોગ્લિફિક લિપિમાં લખવામાં આવી હતી, જેમાં લોકો, પ્રાણીઓ, કુદરતી વસ્તુઓ, માનવસર્જિત વસ્તુઓના ચિન્હો-ચિત્રોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થયેલો.

ઓલ્ડ ઈજીપ્શિયન (સી. 2600 - 2000 બીસી), જૂના રાજ્યની ભાષા.

મધ્ય ઈજીપ્શિયન (c. 2000 - 1350 BC), મધ્ય રાજ્યની ભાષા પ્રારંભિક નવા રાજ્ય સુધી અને 4થી સદી સુધી સાહિત્યિક ભાષા તરીકે ચાલુ રહી,

અંતમાં ઈજીપ્શિયન (સી. 1350 - 700 બીસી), આમર્ણા પત્રોના સમયગાળાથી ત્રીજો મધ્યવર્તી સમયગાળો,

ડેમોટિક એ લિપિનું નામ છે જે પૂર્વે 7મી સદીમાં હાયરેટિક પરથી લેવામાં આવી હતી. ડેમોટિક (BCE-700-AD 400), પાછલા સમયની સ્થાનિક ભાષા, ટોલેમિક અને પ્રારંભિક રોમન ઇજિપ્ત, ઇજિપ્શિયન ખ્રિસ્તી ધર્મની ધાર્મિક ભાષા કોપ્ટિક (AD-200 પછી). કોપ્ટિક મૂળાક્ષરો ગ્રીક મૂળાક્ષરોમાંથી ઉતરી આવ્યા હતા, જેમાં ઇજિપ્તના ધ્વનિ માટે અનુકૂલન છે. તે ટોલેમિક સમયગાળામાં આનો વિકાસ થયેલો.

હાયરોગ્લિફઃ ઈજીપ્ત(મિસર)ની પ્રાચીન લિપિ હાયરોગ્લિફ તરીકે ઓળખાય છે. જે દુનિયાની બીજા નંબરની સૌથી પ્રાચીન લેખન-પદ્ધતિ છે. સુમેરિયાની ક્યુનિફોર્મ લેખનકળા પ્રાચીનતામાં પ્રથમ ક્રમે છે. “ઋગ્વેદ કઇ લિપિમાં લખાયેલો” ના અનુસંધાને જ્યારે આપણે ફોનેશિયન લિપિનું અનુમાન કર્યું છે, અને ફોનેશિયનના માતૃસ્થાને ક્યુનિફોર્મ અને હાયરોગ્લિફ છે; વળી આર્યોના મધ્ય એશિયાના વસવાટ દરમિયાન આર્ય હિકસોસના જુથે BCE-1678 થી BCE-1570 ઈજીપ્ત પર શાસન સંભાળેલું. ઉપરાંત BCE-525 થી BCE404 અને BCE-341 થી BCE-332 દરમિયાન અથર્વણ આર્યોએ (પર્શિયાના અવેસ્તન આર્યોના અખેમની સામ્રાજ્યે) ઈજીપ્ત પર શાસન ભોગવેલું તે વાત ધ્યાનમાં લેતાં, ઈજીપ્તનો થોડો પરિચય ઈચ્છનીય બને છે.

ઈજીપ્તનો પરિચય; તેના પિરામિડો, મંદિરો, સમાધિઓના અદ્ભૂત સ્થાપત્યો, સ્તમ્ભ અને દિવાલો પર ઉત્કીર્ણ લેખો, ચિત્રોનો વિશાળ સંગ્રહ છે. પુરાતત્ત્વવિદોએ એકત્રિત કરેલી માહિતિ, અને પ્રાચીન ઇતિહાસકારોએ કરેલી નોંધોનો ખજાનો છે. સૌથી મહત્ત્વનું પાસું ઇ.સ. પૂર્વે ૩૫૦૦ થી ઇ.સ.૪૦૦ સુધીની જીવંત ઉપસ્થિતિ છે.

પ્રખ્યાત ઇતિહાસકારોમાં હીરોડોટસ જેનો જન્મ હેલીકારનેસસમાં થયેલો. તે ઇ.સ. પૂર્વે ૪૫૦માં ઇજીપ્ત આવેલો અને ખૂબ જ પ્રભાવશાળી નોંધો કરેલી. બીજા ગ્રીક વિદ્વાન ડાયડોરસ સોકુલસે(ઇ.સપૂર્વે ૬૦ થી ૩૦) પણ મિસર દેશનું વર્ણન કર્યું છે. ત્રીજા વિદ્વાન ટૉલેમી-૨જો ફિલેડીફસ (ઈ.પૂ.૨૮૩ થી ઈ.પૂ.૨૪૬ ઈજીપ્તનો ગ્રીક શાસક)ના સમયમાં મિસરના મંદિરમાં પૂજારિ હતા. જેનું નામ મનેથો હતું જે ઈજીપ્તના મૂળનિવાસી હતા પણ રાજાની આજ્ઞાનુસાર ગ્રીક ભાષામાં ઈજીપ્તનો ઇતિહાસ લખી આપ્યો, તેણે ઈજીપ્તનો રાજ્યકાળ ૩૧-વંશોમાં વિભાજીત કરી ઇતિહાસની રચના કરી. જે આજે પણ એટલો જ અધિકૃત છે.

૭. ફોનેશિયન આલ્ફાબેટ.

ફોનેશિયન Canaanite ભાષા છે. હિબ્રુ સાથે ઘનિષ્ઠતાથી સંકળાયેલી છે. ફોનેશિયન આલ્ફાબેટ Proto-Canaanite. આલ્ફાબેટ પરથી લગભગ ઈ.સ.પૂર્વે ૧૫મી સદીમાં વિકસિત થયો છે. તે પહેલાં ફોનેશિયનો ક્યુનિફોર્મ અને હાયરોગ્લિફ લિપિનો ઉપયોગ કરતા. જૂનામાં જૂનો જાણીતો ફોનેશિયન અભિલેખ ઈ.સ.પૂર્વે ૧૦૦૦માં Byblos માંથી મળ્યો છે.

ફોનેશિયન આલ્ફાબેટ કદાચ સૌ પહેલી આલ્ફાબેટ લિપિ છે જે ભૂમધ્ય સમુદ્ર અને તેથી આગળ સ્થપાયેલી ફોનેશિયન કોલોનીઓ, (દક્ષિણી યુરોપ અને ઉત્તર આફ્રિકાના સમુદ્ર કિનારા પરના શહેરો) આ આલ્ફાબેટીક લિપિનું મૂળ સ્થાન છે. આ લિપિ પરથી ગ્રીક, લેટિન, અરેબિક, હિબ્રુ ઉપરાંત ભારતની અને ઈસ્ટ એશિયાની લિપિઓ વિકસી હોવાનું માનવામાં આવે છે.

ફોનેશિયન લોકો વેપારી હતા અને તે સમયે વેપાર-ધંધો, સ્થાપત્ય અને ભૂમધ્ય સમુદ્ર કિનારાનો વેપાર ફોનેશિયનોના હાથમાં હતો. આ વખતે સુમેરિયનોની ક્યુનિફોર્મ લિપિ અને ઈજીપ્તની હાયરોગ્લિફ લિપિનું ચલણ હતું.

આ બંને પ્રકારની લિપિઓમાં ચિત્રલિપિ, Logography, Ideographyનો ઉપયોગ થયેલો. અને બંનેમાં લગભગ હજાર હજાર જેટલા ચિત્રસંકેતો અંકિત થયેલા. વેપારીઓને રોજેરોજના ખરીદ-વેચાણ-સંગ્રહના હિસાબો રાખવા આટલા બધા અક્ષરો-ચિત્રો-ચિન્હો યાદ રાખવા પોષાય નહીં અથવા તો ખૂબ અઘરું પડે. જેમકે, 'ક'ના ધ્વનિ માટે હાયરોગ્લિફમાં વીસ ચિત્રો હતાં; જાણે ગુજરાતના દસ જિલ્લા ક માટે જુદી જુદી આકૃતિ અને નામ હોય તો... કમળ, કલમ, કદમ્બ, કનક, કપાલ, કપાસ, કપિલ, કપોત, કરણ, કળશ નામ માત્ર 'ક' માટે જ રાખવા પડે! અને તે માટે, સારી યાદદાસ્ત અને ચાતુર્યની પણ જરુર પડે. વળી આ બધું આખરે માનવધ્વનિઉત્પાદક અવયવોમાંથી નીકળતી ધ્વનિઓ પર જ આધારિત હતું. અને આ ધ્વનિઓ માત્ર એકવીસ જેટલી જ છે. (જુઓ ઋગ્વેદ ૭-૮૭-૪). ફોનેશિયનોએ સૌ પ્રથમ Phonetic-Alphabetની રચના કરનાર અત્યંત પ્રભાવશાળી બુદ્ધિ ધરાવતા હશે તે ચોક્કસપણે માનવું પડશે. શાસ્ત્રીય રીતે ૨૧ મૂળ ધ્વનિમાંથી ૧૭ ધ્વનિ અને ૫ ધ્વનિ પરિવર્તક સંકેતો સાથે ૨૨ અક્ષરોવાળા આલ્ફાબેટની રચના કરી. આ મૂળધ્વનિ પરથી શરુ થતાં જાણીતી વસ્તુ કે પદાર્થના નામ પરથી તે ચિત્રો સરળતાથી ટૂંકાવી, ૨૨ વર્ણના આલ્ફાબેટની રચના કરી દરેક વર્ણ તે જ નામથી ઓળખાયો. જેમકે, અ ના ધ્વનિ માટેના વર્ણનું નામ..... આલ્ફા=બળદ અહીં બળદના માથાના ચિત્રમાં સરળ પરિવર્તન લાવી યોજ્યો છે. હાયરોગ્લિફમાં Eagal=ગરુડનું ચિત્ર પણ A પ્રદર્શિત કરે છે.

Proto-Sinaitic	Phoenician	Paleo-Hebrew	Aleph
			 A Egyptian hieroglyphs

Aleph



માનવધ્વનિ ઉત્પાદક અવયવો દ્વારા નીકળતા ૨૧ ધ્વનિમાંથી નાસિકા, ઉર જેવા અન્ય અવયવો ના સહયોગથી એક જ મૂળ ધ્વનિમા અનુનાસિક-વિસર્ગ સાથે ના પરિવર્તનો મેળવી પાણિનિએ ૬૩ વર્ણની શાસ્ત્રીય વર્ણમાળા બનાવી છે. તે અન્ય સ્થળે વર્ણવ્યું છે.

પુનરાવર્તનનો ભય હોવા છતાં હું ધ્વનિને લગતી વેદની ઋચાની નોંધ અહીં કરી દઉં છું આ શોધે હજારો જેટલા Logographs અને Pictographsમાંથી મુક્તિ અપાવી છે.વળી ઋગ્વેદ આ બાબતથી પરિચિત છે.

<u>उवाच मे वरुणो मेधिराय त्रिः सप्त नामाघ्न्या बिभर्ति । विद्वान्पदस्य गुह्या न वोचद्युगाय विप्र उपराय शिक्षन्</u> ॥ ऋग्वेद॥७-८७-४॥

<u>હું મેધાવી ઋત્વિક છું. વરુણે મને કહ્યું હતું કે પૃથ્વી અથવા વાક્ ના એકવીસ નામ છે. (ઉર,કણ્ઠ અને શિરમાં ગાયત્રી વગેરે સાત સ્રોત છન્દોવાળા) વિદ્વાન અને મેધાવી વરુણે યોગ્ય અંતેવાસી (છાત્ર)ને ઉપદેશ દઈને, ઉત્તમ સ્થાનમાં આ બધી ગોપનીય વાતો બતાવી છે.</u>

આ મંત્રમાં અધ્યા અર્થાત વાણીના પદમાં મૂળ વર્ણોની સંખ્યા એકવીસ બતાવી છે, આ ૨૧મૂળ વર્ણ આમ છે. મૂળતમ માતૃકા *વિસર્ગં: હ ય ર લ વ / ક ચ ટ ત પ / ગ જ ડ દ બ / આ ૧૬માતૃકાઓ અને અ ઇ ઉ ઋ લૃ આ પાંચ સ્વર. આ ગણતરી*

“ભારતીય ભાષાશાસ્ત્રીય ચિન્તન” ડો.વિદ્યાનિવાસ મિશ્ર પ્રમાણે લખી છે. આ ૨૧ મૂળધ્વનિ બીજી રીતે પણ મુકી શકાય. જે ૬૩-વર્ણની પાણિનિય વર્ણમાળા પરથી સાધિત કરેલી છે. અને ઉપરોક્ત વેદ-ઋચા સાથે અનુકૂળ છે. જેમાં પાંચ હ્રસ્વ સ્વર અ ઇ ઉ ઋ લૃ પાંચ અઘોષ મૂળધ્વનિ; ક ચ ટ ત પ પાંચ ઘોષ મૂળધ્વનિ; ગ જ ડ દ બ, તાલુ-મૂર્ધન્ય-દન્ત્ય સ્થાનના વિસર્ગ-પ્રતિનિધિ, શ-ષ-સ અને મહાપ્રાણ હ. અનુનાસિક ન-મ. આ ૨૧ મૂળધ્વનિ માનવ ધ્વનિ ઉત્પાદક અવયવો કાઢે છે, અને આના પર દીર્ઘ, મિશ્ર, અનુસ્વાર, અનુનાસિક, વિસર્ગના જોડાણોથી ધ્વનિપરિવર્તનો મેળવી શકાય છે. દા.ત. ક-ચ-ટ-ત-પ અઘોષ અલ્પપ્રાણ ધ્વનિમાં વિસર્ગ ઉમેરવાથી અઘોષ મહાપ્રાણ ધ્વનિ ખ-છ-ઠ-થ-ફ મેળવી શકાય છે. આ બધા ધ્વનિપરિવર્તનોનું આદર્શ સંકલન કરી પાણિનિએ ૬૩વર્ણની વર્ણમાળાની અદ્ભૂત રચના કરી છે.

આ ૨૧ મૂળ ધ્વનિ સાથે આલ્ફાબેટના ૨૨ધ્વનિ થોડા ફેરફાર સાથે આશ્ચર્યજનક રીતે મળતા આવે છે. અને તેથી જ વિશ્વની મોટાભાગની ભાષાઓએ ફોનેશિયન આલ્ફાબેટ સ્વીકારી લીધો છે.

વિદ્વાનોના અનુમાન પ્રમાણે ફોનેશિયન આલ્ફાબેટના ૨૨ વર્ણ પરથી ૪૬ અક્ષરોની વર્ણમાળા બ્રાહ્મી લિપિ માટે યોજવામાં આવેલી છે. આ ૪૬ વર્ણ માહેશ્વર સૂત્રમાં વપરાયેલા ૪૨ વર્ણ ઉપરાંત ચાર સ્વરો પર થયેલી દીર્ઘ પ્રક્રિયા ઉમેરવાથી બને છે.

આ ઘટના ઇ.સ. પૂર્વે ૮૦૦ દરમ્યાન ઘટી હોવાનું વિદ્વાનો માને છે. જે પાણિનિ પૂર્વે સોએક વર્ષ હોય. મારું અનુમાન છે ‘અષ્ટાધ્યાયી’ પ્રથમવાર બ્રાહ્મીલિપિમાં લખાઇ હોય. ફોનેશિઅનમાં ઋગ્વેદની પ્રથમ ઋચા કેવી રીતે લખાણી હોત! તે સમજાવવાનો એક પ્રયત્ન અહીં કર્યો છે.

॥ फोनेशियन आल्फाबेट ॥



२१- मूळ ध्वनि				
अ	इ	उ	ऋ	ऌ
क	च	ट	त	प
ग	ज	ड	द	ब
न	म			
श	ष	स	ह	

फोनेशियन आल्फाबेट ।				
अ 𐤀	व 𐤅	क 𐤊	ओ ‘𐤏	ष 𐤔
ब 𐤁	झ 𐤆	ळ 𐤋	प 𐤐	ट 𐤕
ग 𐤂	: 𐤇	म 𐤌	श 𐤑	
द 𐤃	थ 𐤈	न 𐤍	क़ 𐤒	
ह 𐤄	य 𐤉	स 𐤎	र 𐤓	

A B G D H W Z Ḥ Ṭ Y K L M N S 0 P Ṣ Q R Š T

𐤀𐤁𐤂𐤃 𐤄 𐤅𐤆 𐤇 𐤈𐤉𐤊𐤋𐤌𐤍 𐤎 𐤏𐤐𐤑𐤒 𐤓 𐤔 𐤕

A B CD E W Z (H:) θ Y K L M N X O P Ṣ Q R S T

Font URW Palladio IT Bold. 1. Phonecian Alphabet in Roman script.

1. A B G D H W Z Ḥ Ṭ Y K L M N S 0 P Ṣ Q R Š T

Special charecter Alt-Code : 0217=Ḥ =: 0214=Ṭ O=0 0209=Ṣ 0138=Š Alt+0952=θ

Phonecian Font. Eshmoon 𐤀 𐤁𐤂𐤃

મૂળ ધ્વનિ. अइउऋऌ कचटतप गजडदब नम शषसह ।

ફોનેશિયન આલ્ફાબેટ.(રોમન લિપિમાં) આ ધ્વનિ નથી.... च ज त द नथी.પણ ज त ના મહાપ્રાણ ધ્વનિઓ છે. z, θ=t. આ ધ્વનિ વધારે છે. (:)H z th o q

च મુર્ધન્ય श માં સમાઈ જાય છે. द દન્ત્યનો તાલુ ઉચ્ચાર ડ-d છે.

O अ સિવાયના અન્ય સ્વરોની જાણકારીનો સંકેત છે.
H(:) વિસર્ગથી ધ્વનિ પ્રભાવિત થઈ શકે તે ધ્યાનમાં છે.
Qક્યુ-ક્વ અને X ક્+ષ=ક્ષ સંયુક્તાક્ષર હોઇ શકે તેની સભાનતા સૂચવે છે.

મ ન અનુનાસિક હોવા ઉપરાંત સ્વતંત્ર વ્યંજન પણ છે. અને શબ્દની શરૂઆતમાં વાપરી શકાય જેમકે, મરચું-નગારું અને શબ્દ હોય તો વસ્તુ હોય અને વસ્તુ હોય તો તેનું ચિત્ર હોય. પણ ઙ ઞ ણ થી કોઈ શબ્દ શરૂ થઈ શકતા નથી તેથી કોઈ વસ્તુ કે આકૃતિ ન હોવાથી આલ્ફાબેટમાં સમાવેશ નથી થઇ શક્યો.

૨૧ મૂળધ્વનિમાંથી ૧૭ના સ્વરૂપો લગભગ સમાન છે. અનુસ્વાર-અનુનાસિક, વિસર્ગ, અલ્પપ્રાણ-મહાપ્રાણ, સ્વરોની વિવિધતા, સંયુક્તાક્ષરથી પરિચિત હોવાના સંકેતો પણ પ્રાપ્ત થાય છે.

ફોનેશિયન આલ્ફાબેટ વેદમાં સૂચવેલ મૂળ ૨૧ ધ્વનિ સાથે ગજબનું સામ્ય ધરાવે છે. આ શોધ ક્યુનિફોર્મ અને હાઈરોગ્લિફના આશરે એક એક હજાર સંકેતોમાંથી માનવ ધ્વનિ ઉત્પાદક અવયવો જેટલી મૂળ ધ્વનિ કાઢી શકે છે તે શોધી કાઢવું, એ પણ માનવ મસ્તિષ્કની મહાન શોધ માની શકાય. પાણિનિએ ૨૧ મૂળ ધ્વનિ પર સંસ્કાર કરી ૬૩ વર્ણની વર્ણમાળા બનાવી તે સંસ્કૃત વર્ણમાળાને પણ મહાન શોધ ગણવામાં આવે છે. કોમ્પ્યુટર સાથે સંસ્કૃત ભાષા ખૂબ જ સંકલન ધરાવે છે.

એક જુદા જ પ્રકરણમાં ૨૧ થી ૬૩ વર્ણ કેમ થયા તેનું વર્ણન યથાશક્તિ કર્યું છે. દરેક જગ્યાએ શાસ્ત્રોનો આધાર મેળવવા પણ પ્રયત્ન કર્યો છે.

ઋગ્વેદની પહેલી ઋચા ફોનેશિયન લિપિમાં કેવી રીતે લખાઇ હશે એક કલ્પના.

अ॒ग्निमी॑ळे पु॒रोहि॑तं य॒ज्ञस्य॑ दे॒वमृ॒त्विज॑म् । होता॑रं र॒त्नधात॑मम् ॥

a̱gnimīḻe pu̱rohitaṁ ya̱jñasya de̱vam ṛtvijam | hotāraṁ ratna̱dhātamam ||

દેવનાગરીમાંથી રોમન ટ્રાન્સલીટરેશનના આધારે ફોનેશિયન ટ્રાન્સલીટરેશન કરીએ તો નીચેના વર્ણ ફોનેશિયન આલ્ફાબેટમાં ઘટશે.

E I J U V જેના ફોનેશિયન ઇક્વીલન્ટ આમ ગોઠવીશું. દેવનાગરીના **X-JN** क्ष-ज्ञ અને વિરામ ચિન્હ ◌् પણ.

E=𐤉, I=𐤉, J=𐤆, U=𐤏, V=𐤅, X=𐤊𐤔, JN= 𐤆𐤍, ◌्

અસલમાં ફોનેશિયન આલ્ફાબેટ વ્યઞ્જનાત્મક વર્ણમાળા છે તેથી સ્વરના વર્ણ છે જ નહીં. જે તે વખતે વાંચનાર પોતે જ ક્યો સ્વર વાપરવો તે નક્કી કરી લેતો.

अ॒ग्निमी॑ळे पु॒रोहि॑तं य॒ज्ञस्य॑ दे॒वमृ॒त्विज॑म् ।

a̱gnimīḻe pu̱rohitaṁ ya̱jñasya de̱vamṛtvijam |

𐤀𐤂𐤍𐤉𐤌𐤉𐤋𐤉 𐤐𐤏𐤓𐤏𐤇𐤉𐤕𐤀𐤌 𐤉𐤀𐤆𐤍𐤀𐤎𐤉𐤀 𐤃𐤉𐤅𐤀𐤌𐤓𐤕𐤅𐤉𐤆𐤀𐤌 |

होतारं   रत्नधातमम् ॥

hotāraṁ   ratnadhātamam ||

<u>*આ માત્ર એક ઐતાહાસિક કલ્પના છે. જે કેટલાક સંદર્ભો પર આધારિત છે.*</u>

ક્યુનિફોર્મમાં ઇન્દ્ર મિત્ર વરુણ અને બીજા ઘણા વૈદિક સંસ્કૃત ના શબ્દોવાળી મૃણમુદ્રાઓ મળી આવી છે. અવેસ્તાની ભાષા ઋગ્વેદની ભાષાને ખૂબ મળતી આવે છે. ઋગ્વેદની રચના ઈ.સ.પૂર્વે ૧૨૦૦માં થઇ હોવાનું શ્રીમેક્સમ્યુલર માને છે આ બધા સંજોગો ધ્યાનમાં લઈએ તો; ઋગ્વેદની રચના સમયે ફોનેશિયન લિપિનો ઉપયોગ... ચિન્હો, ઉદાત્ત-અનુદાત્ત અને સ્વરિતના સ્વરાંકનો અને અન્ય ડાયાક્રિટીક-વિશિષ્ટ ચિન્હોની મદદ મેળવી કરવામાં આવ્યો હોય તે, માની શકાય તેવું છે. આપણે શક્ય તેટલી પ્રાચીન ભૂમિકાઓ આ કથનના સમર્થનમાં તપાસીશું.

ફોનેશિયન વર્ણના નામ અને અર્થ.



૮. વર્ણમાળા-૨૧ થી ૬૩.

ઋગ્વેદની રચના સમયે બ્રાહ્મી લિપિ અને પાણિનિની ઉપસ્થિતિ નહોતી. આપણે ઋગ્વેદનો રચનાકાળ ઈ.સ. પૂર્વે ૧૨૦૦ માન્યો છે. અને પાણિનિનો સમય ઈ.સ.પૂર્વે ૭૦૦ પહેલાંનો છે. પાણિનિના સમય પછીનું સંસ્કૃત સાહિત્ય; વેદિક સંસ્કૃત અને પાણિનિય સંસ્કૃત(લૌકિક સંસ્કૃત)ના બે પ્રવાહ જોવા મળે છે. ભારતમાં બ્રાહ્મી લિપિના પ્રવેશનો સમય ઈ.સ. પૂર્વે ૮૦૦-૮૯૦ દરમ્યાન માનવામાં આવે છે. ફોનેશિયન આલ્ફાબેટના પ્રચલનનો સમય ઇ.સ.પૂર્વે ૧૩૫૦ માનીને આપણી વાત આગળ લઈ જઈએ છીએ. આપણો ઉદ્દેશ્ય ઋગ્વેદ કઈ લિપિમાં લખાયો તે કેન્દ્ર સ્થાને છે.

બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ વિષે ઘણા મતમતાંતરો છે. જેમાંથી બ્રાહ્મીએ ફોનેશિયન (ઉત્તર સેમેટિક) આલ્ફાબેટના ૨૨ વર્ણ સ્વીકારી પોતાની લિપિનો અને વર્ણોનો સ્વતંત્ર વિકાસ કર્યો છે. અને પ્રથમ પ્રાકૃત અને સંસ્કૃત ભાષા માટે બ્રાહ્મી લિપિનો ઉપયોગ થયો હોવાનું સ્પષ્ટ છે. ફોનેશિયન આલ્ફાબેટમાંથી બ્રાહ્મી લિપિના વર્ણોનો વિકાસમાં વેદકાલીન સંસ્કૃત ભાષાના વિદ્વાનોના અથાગ પ્રયત્નો છે. જેનું સુપેરે સંકલન પાણિનિએ કર્યું. અહીં એ ધ્યાન રહે કે બ્રાહ્મી લિપિનો ભારતમાં ઉદ્ભવ અને વિકાસ ઈ.સ.પૂર્વે ૮૯૦ થી ઈ.સ.પૂર્વે ૭૫૦ ની વચ્ચે થયો હોવાનું શ્રીબ્યૂલ્હર માને છે અને પાણિનિએ ત્યારબાદ ઈ.સ.પૂર્વે ૭૦૦ પહેલાં અષ્ટાધ્યાયીની રચના કરી ત્યારે બ્રાહ્મી લિપિનો ઉપયોગ કર્યો હોવો જોઈએ.

અશોકના રાજ્યકાળ સમય BCE268 થી BCE 232 સુધી ૩૬ વર્ષનો છે. રાજ્યાભિષેકના નવ-દસ વર્ષ પછી અભિલેખો લખવાની શરૂઆત થઈ અને અભિલેખો નું કામ ૧૯-૨૦ વર્ષ ચાલ્યું હોવાનું અનુમાન છે. અર્થાત્ BCE-890માં બ્રાહ્મી લિપિના પ્રવેશ બાદ સૌ પ્રથમ તે પ્રાકૃત ભાષાઓ માટે વપરાઇ હોવાનું દેખાય છે. અને વપરાશનો વ્યાપ દક્ષિણભારતથી અફઘાનિસ્તાન સુધી થયો હોવાનું અશોકના અભિલેખો પુરવાર કરે છે. અહીં હાલ સંસ્કૃત ભાષા દેવભાષા જે લિપિમાં સ્થિર થઇ છે તે દેવનાગરી લિપિનો જૂનામાં જૂનો શિલાલેખ ૮મા સૈકાનો છે.અને જૂનામાં જૂનો હસ્તલિખિત ગ્રંથ અગિયારમા સૈકાનો છે.

ઋગ્વેદમાં ઘણે ઠેકાણે ધ્વનિ-વર્ણ-વાણી-ઉચ્ચાર-લિપિ માટે સંકેત રૂપ ઋચાઓ મળી આવે છે જેમાંથી નીચેની ઋચા આપણા માટે ખૂબ મહત્વની સાબિત થાય છે. તે ઋગ્વેદના સાતમા મંડળના ૮૭મા સુક્તની ચોથી ઋચા છે.

उवाच मे वरुणो मेधिराय त्रिः सप्त नामाघन्या बिभर्ति विद्वान्पदस्य गुह्या न वोचद्युगाय विप्र उपराय शिक्षन् ॥ ऋग्वेद ७-८७-४।

હું મેધાવી ઋત્વિક છું. વરુણે મને કહ્યું હતું કે, પૃથ્વી અથવા વાક્ ના ૨૧ નામ છે.ઉર, કંઠ અને શિરમાં ગાયત્રી આદિ સાત છન્દોવાળા નામ છે. વિદ્વાન અન મેધાવી વરુણે યોગ્ય અન્તેવાસી(છાત્ર)ને ઉપદેશ દઈને ઉત્તમ સ્થાનમાં આ બધું ગુહ્યજ્ઞાન

બતાવ્યું છે.

આ મંત્રમાં અધ્યા એટલે વાણીના પદમાં મૂળ વર્ણોની સંખ્યા એકવીસ બતાવી છે. આ ૨૧ મૂળવર્ણ આમ છે. (૧)વિસર્ગ મૂળતમ માતૃકા. **हयरलव**, **कचटतप**, **गजडदब**, આ સોળ માતૃકાઓ તથા પાંચ સ્વર.... **अइउऋऌ** આ પાંચ સ્વર. (ભાષા ચિંતન પ્રમાણે ડોક્ટર-રામદેવ ત્રિપાઠી) એ નિર્વિવાદ છે કે સંહિતા કાળ (વેદોનો રચનાકાળ) દરમ્યાન જ વૈજ્ઞાનિક ઉચ્ચારણ અથવા ધ્વનિવિજ્ઞાનનું મહત્વ સ્વીકારવામાં આવ્યું હતું.

તાંડ્યબ્રાહ્મણમાં એક પ્રચલિત વાત છે. **इन्द्रशत्रुवर्धस्व।** મંત્રમાં શબ્દના અંતમાં ઉદાત્ત ઉચ્ચારણ કરવાને બદલે શબ્દની શરૂઆતમાં થયેલું ઉદાત્ત ઉચ્ચારણ યજમાન વૃત્રાસુરના માટે વિજયદાતા થવાને બદલે મૃત્યુદાતા બની ગયું. પછી કહેવાયું કે, દેવોએ અસુરોને વાણી દ્વારા જ પરાજિત કર્યા.

સંસ્કૃત વર્ણમાળામાં પાણિનિય શિક્ષા પ્રમાણે **त्रिषष्टिः।** ૬૩ વર્ણની નોંધ સ્વામી દયાનંદ સરસ્વતીએ પોતાની "વર્ણોચ્ચાર શિક્ષા" નામની પુસ્તિકામાં નોંધી છે. અહીં અન્ય સ્થળે "વર્ણોચ્ચાર શિક્ષા"ની સંપૂર્ણ નોંધ કરી છે. જેમાં હ્રસ્વ સ્વર-૫, દીર્ઘ સ્વર-૮ અને પ્લુત સ્વર-૯ મળી ૨૨ સ્વર થાય છે. સ્પર્શ વ્યંજન-૨૫, અર્ધસ્વર કે અંતઃસ્થ વ્યંજન ૪, ઉષ્માક્ષર-૩, મહાપ્રાણ-૧,મળીને ૩૩ થાય છે. એટલે ૨૨ સ્વર અને ૩૩ વ્યંજન અને અયોગવાહ-૮ મળી ૬૩ વર્ણ થાય છે. સ્વરોના મૂળધ્વનિ પાંચ જ છે. અ-ઇ-ઉ-ઋ-લૃ બાકીના મિશ્રિત છે, જે દીર્ઘ-ગુણ-વૃદ્ધિ પ્રમાણે વિકસાવેલા છે. તેમજ અંતઃસ્થ વર્ણ પણ પરસ્પર સ્વર મિલનનું પરિણામ છે. મહાપ્રાણ વર્ણ પણ અલ્પપ્રાણમાં સ કાર અને હ કારના સહયોગથી બન્યા છે. આમ ૨૧ મૂળધ્વનિમાંથી જ ૬૩ વર્ણ બન્યા છે. જે સમ્પૂર્ણપણે શાસ્ત્રીય છે. અહીં જ પાણિનિની વિદ્વતા છે. આપણે પાણિનિએ રચેલા ગ્રંથો અષ્ટાધ્યાયી અને પાણિનિય શિક્ષાની સહાય વડે જ ૨૧માંથી ૬૩ વર્ણ સાધિત કરવાના છીએ.

मूळ ध्वनि		साधित ध्वनि		
५-ह्रस्व	अ इ उ ऋ ऌ	आ ई ऊ ॠ ए ऐ ओ औ	८	दीर्घ-गुण-वृद्धि
		य र ल व	४	अन्तस्थ
५-अघोष-अल्पप्राण	क च ट त प	ख छ ठ थ फ	५	अघोष महाप्राण
५-घोष-अल्पप्राण	ग ज ड द ब	घ झ ढ ध भ	५	घोष महाप्राण
२-अनुनासिक	न म	ङ ञ ण	३	अनुनासिक
३ +१-महाप्राण	श ष स ह			
२१			९	प्लुत स्वर।
			८	अयोगवाहरूप
२१+४२= ६३ वर्ण	त्रिषष्टिः ॥ ३ ॥		४२	

આપણી પાસે મૂળધ્વનિ તરીકે પાંચ સ્વરો છે.અ-ઇ-ઉ-ઋ-લૃ જેમાં કોઇ ફેરફાર નથી. ઉચ્ચારણનો સમય હૃદયના એક ધબકાર જેટલો હોઇ હ્રસ્વ સ્વર માનવામાં આવ્યા છે. ઋ-લૃ નું પરિવર્તન ર-લ અંતસ્થમાં થઇ ગયું છે

२१- मूळ ध्वनि						साधित वर्ण	अयोगवाह	
कण्ठ	तालु	मुर्धा	दन्त	ओष्ठ				
अ	इ	ऋ	लृ	उ	स्वर (ह्रस्व)	आ ई ऊ ॠ ए ऐ ओ औ-८		
						य र ल व-अन्तस्थ-४		
						प्लुत-९	अनुस्वार	विसर्गः
क	च	ट	त	प	अल्पप्राण-अघोष	महाप्राण-अघोष-ख छ ठ थ फ-५	ँ	ः
ग	ज	ड	द	ब	अल्पप्राण-घोष	महाप्राण-घोष-घ झ ढ ध भ-५	ं	क ≍
			न	म	अनुनासिक	ङ ञ ण -३	ॐ	प ≍

ह	श	ष	स	२१	महाप्राण-उष्माक्षर	२१ થી ६३ त्रिषष्टिः।	ᱝ	ळ ८

પાણિનિએ પોતાના શાસ્ત્રને સંક્ષિપ્તમાં રજુ કરવા માહેશ્વર સૂત્રોનો ઉપયોગ કર્યો છે. માહેશ્વર સૂત્રોની સમજુતી અન્ય સ્થળે ગોઠવી છે.

આપણી પાસે હ્રસ્વ સ્વરોમાંથી વિવિધ ઉચ્ચારણો કેમ બન્યા તેનું માર્ગદર્શન આપતા સૂત્રો છે જેનો સંધિ પ્રકરણમાં અને અન્ય સ્થળે ઉપયોગ થાય છે.

अकः सवर्णे दीर्घः ।૬.૧.૧૦૧।

પાછળ આપેલા અંકો અષ્ટાધ્યાયીના અધ્યાય-પાદ અને સૂત્ર ક્રમ દર્શાવે છે, આ સૂત્ર છઠ્ઠા અધ્યાયના પ્રથમ પાદમાં ૧૦૧મા સ્થાને છે.

अक्। પ્રત્યાહાર પ્રથમ બે માહેશ્વરસુત્રનો બોધ કરે છે. જેમાંથી अ-इ-उ-ऋ-ऌ સ્વરોનો બોધ થાય છે.જે સવર્ણે દીર્ઘ થાય છે. એટલે

अ+अ=आ, इ+ई=ई,उ+ऊ=ऊ,ऋ+ॠ=ॠ

પાણિનિય શિક્ષાસૂત્ર પ્રમાણે ऌ वर्णस्य दीर्घा न सन्ति। ऌ વર્ણનો દીર્ઘ થતો નથી.

अदेङ् गुणः।१।१।२। अत्।=અકાર ની ગુણસંજ્ઞા एङ्।= ए ओ થાય છે.

(અહીં अत्। માત્ર હ્રસ્વ अ નો બોધ કરે છે. એનું સૂત્ર तत्परस्तत्कालस्य।१।१।७०। છે.)

જો अ અથવા आ પછી इ કે ई આવે તો બંને જગ્યાએ ए થાય છે. તેવી રીતે उ કેऊ આવે તો ओ થાય છે.ऋ કે ॠ આવે તો अर् અને ऌ આવે તોअल् ગુણ થાય છે. આ સૂત્રનો ઉપયોગ સ્વરસંધિમાં થયો છે. આપણે अ કેआ + इ કે ई અને उ કે ऊ આવે તો પરિણામ ए અને ओ મળે છે એમ બોધ લેવાનો છે.

वृद्धिरादैच्। वृद्धिः आत् આ ऐच् =ए ओ જો अ અથવા ओ પછી ए કે ऐ આવે તો ऐ થાય છે. તેવી રીતે જો ओ કે औ આવે તો औ થાય છે.

અર્ધસ્વરની ઉત્પત્તિ પણ સન્ધ્યાક્ષરોથી થઈ છે.તે તપાસીએ.

इकोयणचि।૬।१।७७। इक् = इ उ ऋ ऌ। यण्। य व र ल જ્યારે इ કે ई પછી કોઈ પણ સ્વર આવે તો इ કે ईના સ્થાનમાં य થાય છે.

उ કે ऊ પછી કોઈ પણ સ્વર આવે તો उ કે ऊનો व થાય છે. ऋ કે ॠ પછી કોઈ પણ સ્વર આવે તો ऋ કે ॠ નો र થાય છે. ऌ પછીકોઈ પણ સ્વર આવે તો ऌનો ल થાય છે.

આમ इ-उ-ऋ-ऌ પછી સ્વર આવે તો य-व-र-ल થાય છે. તે આપણે અર્ધસ્વર કે અન્તસ્થ વર્ણો માટે નોંધવાનું છે.

આપણે य-र-ल-व ક્રમ કેમ વાપરીએ છીએ તે જાણીએ.વર્ણમાળામાં કણ્ઠસ્થાન પહેલાં આવે છે પછી તાલુ, મૂર્ધા, દન્ત અને છેલ્લે ઓષ્ઠસ્થાન આવે છે આ કુદરતી ક્રમ માનવમસ્તિષ્કમાં ગોઠવાયેલો છે. य-र-ल-व તાલુ, મૂર્ધા,દન્ત ઓષ્ઠસ્થાનનો ક્રમ ધરાવે છે જ્યારે य-व-र-ल સ્વરના ક્રમ અ-ઇ-ઉ-ઋ-ऌ પ્રમાણે રાખ્યા છે. માહેશ્વર સૂત્ર यण्।= य-व-र-ल પણ આ જ ક્રમ અનુસરે છે.

આ સૂત્ર સંધિ-પ્રકરણ માટે છે. એટલે અ સિવાયના જે સ્વરો આવે ત્યારે તેના સંધ્ય-મિશ્રિત સ્વરોનો પ્રભાવ પણ પડે છે. જેમકે, प्रति+एकम्=प्रत्येकम्। અહીં તિમાં રહેલો હ્રસ્વ इ+ए=ये થયો છે. કારણ કે ए=अ+इ આપણે જાણીએ છીએ.

આમ આપણે अ इ उ ऋ ऌ માંથી ૪ દીર્ઘ आ ई ऊ ॠ ગુણસંજ્ઞાથી બે. ए-ओ વૃદ્ધિ સંજ્ઞાથી ऐ-औ અને इ उ ऋ ऌ માંથી य-र-ल-व અર્ધસ્વર મેળવ્યા.જે સમ્પૂર્ણ શાસ્ત્રિય છે. બારાક્ષરીમાં ऋ-ॠ-ऌ સ્વર તરીકે પડતા મુકવામાં આવ્યા છે કારણ કે તેનો ઉપયોગ સ્વર કરતાં અર્ધસ્વર સ્વરૂપે વધુ વપરાશમાં છે, અને અનુસ્વાર-વિસર્ગના ચિન્હો अं-अः રાખવામાં આવ્યા છે.

१	२	३	४	५
अल्पप्राण	महाप्राण	अल्पप्राण	महाप्राण	अल्पप्राण
अघोष	अघोष	घोष	घोष	अनुनासिक
क	ख	ग	घ	ङ
च	छ	ज	झ	ञ
ठ	ठ	ढ	ढ	ण
त्	थ	छ	ध	न

હવે આપણે અલ્પપ્રાણ અને મહાપ્રાણ વ્યંજનો વિશે પાણિનિય શિક્ષાના આધારે જાણીશું. સ્પર્શવ્યંજનોમાં અલ્પપ્રાણ વ્યંજનોમાથી

મહાપ્રાણ પાણિનિ શિક્ષાના બે સુત્રો પ્રમાણે બન્યા છે. सस्थानेन द्वितिया:।४।८। અને हकारेण चतुर्था:।४।९। સ્પર્શ વ્યંજનો પચ્ચીસ છે. અને તે નીચેની રીતે ઉચ્ચારણ સ્થાન પ્રમાણે ગોઠવાયેલા છે. એટલે ૨૫ અક્ષરો ૫x૫ ના ચોરસ માં ગોઠવાયેલા છે. સૂત્રમાં આવેલ દ્વિતિયા શબ્દ બીજીકૉલમ સૂચવે છે. અને ચતુર્થાઃ ચોથી કોલમ.

સ્પર્શ વ્યંજનોના પ્રથમ સ્તંભ અલ્પપ્રાણ क च ट त प માં स નો સંયોગ કરી ઉચ્ચારણ કરવાથી ख छ ठ थ फ ના મહાપ્રાણ(ધ્વનિ મળે છે. આ અઘોષઃ મહાપ્રાણ છે. આથી અલ્પપ્રાણમાં સ કે વિસર્ગના જોડાણથી થયા છે. તેવી જ રીતે ચતુર્થ સ્તંભના અલ્પપ્રાણ गजडदब માં ह નો સંયોગ કરવાથી घझढधभ ના મહાપ્રાણ ધ્વનિ મળે છે. આ ઘોષઃ મહાપ્રાણ છે. આથી અલ્પપ્રાણમાં હ મહાપ્રાણના જોડાણથી થયા છે.

આમ દસ अल्पप्राण વ્યંજનોમાંથી દસ महाप्राण વ્યંજનો સાધિત કરી શકાયા છે.

અનુસ્વાર અને અનુનાસિકઃ- આના માટે સંધિ પ્રકરણમાં બે પાણિનિસૂત્રો અગત્યના છે.

मोऽनुस्वार:।८।३।२३। કોઈપણ વ્યંજનવાળા પદાન્તે म् હોય અને પછી તરત પછી વ્યંજન આવે તો म् નો અનુસ્વાર કરવો. જેમકે हरिम् वन्दे। हरिं वन्दे। सत्यम् वद। सत्यं वद। પણ वरम् आदाय। હોય તો वरमादाय। થાય છે. नश्चोपदान्तस्य झलि।८।३।२४।

બાદમાં झल् (વર્ગના પ્રથમ-દ્વિતીય-તૃતીય-ચતુર્થ અક્ષરો અનુનાસિકના સ્તંભ સિવાયના સ્પર્શ વ્યંજન) હોય તો અપદાન્તે (પદના અંતે નહીં વચમાં) न् કે म् આવે તો તેનો અનુસ્વાર થઈ જાય છે. જેમકે, पयान्+सि=पयांसि।नृम्+स्यति=नृंस्यति।

अनुस्वारस्य ययि परसवर्ण:।८।४।५८।અનુસ્વાર પછી य यय्। (श ष स ह।છોડીને બધા વ્યંજન) આવે તો અનુસ્વારનો પરસવર્ણ(વર્ગોનો પાંચમો સ્તંભ ङ ञ ण न म) થઈ જાય છે જેમ કે अंग अङ्ग। शंख पंचमी पञ्चमी। अंजन अञ्जन। घंट घण्ट। कंठ कण्ठ। कंथ कन्थ। दंत दन्त। कंप कम्प। बिंब बिम्ब।

वा पदान्तस्य।८।४।५९।

પદના અંતિમ અનુસ્વાર પછી यय्।(शषसह સિવાયના વ્યંજન) હોય તો અનુસ્વારના પરસવર્ણ વિકલ્પથી થશે. જેમકે, त्वं करोषि। त्वङ्करोषि

કંઠ, તાલુ, મુર્ધા, દન્ત, ઓષ્ઠ સ્થાનના क-च-ट-त-प વર્ગનાङ-ञ-ण-न-मઅનુનાસિક છે આમાંથી ङ ञ ण। નાસિકાસહાયક ધ્વનિ છે. પણ પૂર્ણ ધ્વનિ નથી જેથી કોઈ પણ શબ્દની શરૂઆત ङ ञ ण। થી થતી નથી,કોઈપણ સ્વર વ્યંજનથી શરૂ થતા વર્ણ પછી માત્ર વચ્ચે વાપરી શકાય છે. अ ङ् ग-च ञ् च ल- क ण् ठ। ण પદાન્તે વાપરી શકાય છે, જ્યારે न અને म અનુનાસિક હોવાં છતાં પૂર્ણ ધ્વનિ હોવાથી શબ્દની શરૂઆતમાં પણ વાપરી શકાય છે.જેમકે, नमन-मन આથી અનુનાસિક હોવા છતાં મૂળ ધ્વનિ અંતર્ગત સમાવી શકાય છે.(म અને न થી શબ્દ કે પદાર્થના ચિત્રો મળવાથી ચિત્રલિપિમાં સરળતા થયેલી.म-न અંગ્રેજી અને અન્ય આલ્ફાબેટમાં માત્ર અનુનાસિક તરીકે વપરાય છે; કારણકે ङ-ञ-णથી શરૂ થતા કોઈપણ પદાર્થના ચિત્રો મેળવવા શક્ય નહોતા.

ઉષ્માક્ષરઃ- श-ष-सને ઉષ્માક્ષરો કહ્યા છે, જે અઘોષ મહાપ્રાણ વર્ણો છે. વિસર્ગ સંધિ જોતાં, श-ष-स તાલુ, મુર્ધા, દન્ત સ્થાનોનું (:)વિસર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. પરંતુ પૂર્ણ ધ્વનિ હોઈ મૂળધ્વનિ તરીકે સ્વીકારવા યોગ્ય છે. વિસર્ગ સંધિના નિયમો તપાસતા આ બાબત સ્પષ્ટ થશે.

विसर्जनीयस्य स:।८।३।३४। વિસર્ગ પછી खर्।(વર્ગના પહેલા બિજા અક્ષરો અને श ष स)હોય તો વિસર્ગનો स થાય છે. वा शरि।८।३।३६। વિસર્ગ પછી शर्।(श ष स)હોય તો, વિસર્ગ અથવા स् વિકલ્પે થાય છે,श्चुत्वा श्चुत्वा કે ष्टुत्व પણ યથોચિત રીતે થશે. જેમકે, विष्णु: त्रायते। विष्णुस्त्रायते। बाल: चलति। बालश्चलति। राम: शेते। रामश्शेते। राम: षष्ठ:। रामष्ष्ठ:।

श ष स। ના તાલુ, મુર્ધા, દન્તના ઉચ્ચારણ ભેદ જાણવા માટે; हरिश्चन्द्र। अष्ट। अस्त। હરિશ્ચંદ્ર અષ્ટ અસ્ત યાદ રાખવા જરૂરી છે. જેમાં તાલવ્ય श च વર્ગના ઉચ્ચારણો સાથે, ष મુર્ધા ट વર્ગના ઉચ્ચારણો સાથે અને દન્તી स દન્ત્ય त વર્ગના ઉચ્ચારણો સાથે જોડી શકાય છે. આ ધ્વનિ પરિવર્તન ખાસ નોંધવું. આમ श-ष-स। મૂળધ્વનિ તરીકે સ્વીકાર્ય બને છે. क અને प વર્ગના (કણ્ઠ અને ઓષ્ઠ સ્થાનીય) વિસર્ગ પ્રતિનિધિ)(જીહ્વામૂલીય)(ઉપધ્માનીય છે જેને અર્ધ-વિસર્ગ માનવામાં આવે છે.

ળ નથી સ્વર, નથી વ્યંજન, નથી ઉષ્માક્ષર કે નથી અંતસ્થ અને વળી શબ્દની શરૂઆતમાં વાપરી શકાતો ન હોય પાણિનિએ अयोगवाह। વર્ણમાં મૂક્યો છે એટલે આપણે મૂળધ્વનિ તરીકે ગણ્યો નથી છતાં વિશિષ્ટ ધ્વનિ તરીકે સ્વીકારવો જોઈએ કારણ કે તે સિંધુસભ્યતાના કે દ્રવિડ ઉચ્ચારણો સાથે જોડાયેલો છે. कोळी। पाञ्चाळ। तेळुगु। मळयाळम। વળી ઋગ્વેદની પ્રથમ ઋચાના પહેલા પદમાં વાપરવામાં આવ્યો છે; अग्निमीळे જે સંસ્કૃતની રચના સમયનો દ્રવિડ પ્રભાવ સૂચવે છે.

વિસર્ગ (:) અલ્પપ્રાણ ધ્વનિમાંથી મહાપ્રાણ ધ્વનિ માટે સહાયક ધ્વનિ છે. તેનું સ્થાન કંઠથી નીચે ઉર છે છતાં તે મૂળધ્વનિના ધ્વનિ પરિવર્તન માટે સહાયક વર્ણ છે.

વિસર્ગની જેમ હ મહાપ્રાણ ધ્વનિ છે, મહાપ્રાણ સહાયક ધ્વનિ હોવા ઉપરાંત મૂળ સ્વતંત્ર વ્યંજન તરીકે શબ્દની શરૂઆતમાં ગમે ત્યાં વાપરી શકાય તેવો વ્યંજન છે જેને આપણે મૂળ ધ્વનિના પૂર્ણ સ્વરૂપમાં સ્વીકાર્યો છે.(આ જ રીતે न -म અનુનાસિક પણ પૂર્ણ વ્યંજન ધ્વનિ છે પ્રથમાક્ષરમાં વાપરી શકાય છે.જ્યારે ङ-ञ-ण પ્રથમાક્ષરમાં વાપરી શકાતા નથી.)

આપણે ૨૧ મૂળ ધ્વનિમાંથી પાણિનિએ ૬૩ વર્ણની વર્ણમાળાની રચના પોતાની અતિકુશાગ્ર બુદ્ધિ વડે કરી તે જાણવાનો પ્રયત્ન કર્યો. વેદના મંત્રમાં ૨૧ ધ્વનિ त्रि सप्तः। मूळध्वनि। કહ્યા છે તે વાતનું સમર્થન મેળવ્યું. ૬૩વર્ણની વર્ણમાળા વર્ણોચ્ચાર શિક્ષાના શીર્ષક નીચે આપેલી છે.

ફોનેશિયનોએ ક્યુનિફોર્મ અને હાયરોગ્લિફના મૂળ હજાર હજાર સંકેતોમાથી ૨૨ અક્ષરો વાળો ધ્વન્યાત્મક(Phonetic) આલ્ફાબેટ બનાવ્યો તે પણ ધ્વનિ વિજ્ઞાનની મહાન શોધ છે કારણ કે માનવ ધ્વનિ ઉત્પાદક અવયવો દ્વારા ખરેખર કેટલી સ્વતંત્ર ધ્વનિ નીકળી શકે તેની મહાન શોધ છે. ઋગ્વેદમાં પણ મૂળધ્વનિ ૨૧ કહ્યા છે. વળી નાસિકા-નાભિ-જીભ-તાળવું-દાંત-હોઠની સહાય વડે એક જ ધ્વનિ ઉપર વિશેષ ધ્વનિ પરિવર્તનો મેળવી શબ્દ રચના અને વાક્ય રચના થઈ શકે છે જે મુખેથી બોલી શકાય છે, કાન વડે સાંભળી શકાય છે અને લિપિ વડે આંખથી જોઇ શકાય છે; *દૂર સ્થળે અને ભવિષ્યમાં વિચાર સંગ્રહ નોંધ માણી શકાય છે.* તે મનુષ્યને ચોપગાં પ્રાણીઓમાંથી વિશિષ્ટ બુદ્ધિમાન પ્રાણી તરીકે જુદા પાડવાની ક્ષમતા ધરાવે છે.

આપણે ઇ.સ.પૂર્વે ૮૯૦માં ફોનેશિયન લિપિના ૨૨ વર્ણ બ્રાહ્મી લિપિએ સ્વીકાર્યા છે તેવા વિદ્વાનોના અનુમાનને પુષ્ટિ આપવાનો પ્રયત્ન કરવાનો છે.

આ વ્યાયામ પાછળની તેની ધારણાઓ આવતી ખૂટતી કડીઓ મેળવવાનો પ્રયાસ છે.

ઋગ્વેદની રચના ઈ.સ.પૂર્વે ૧૨૦૦માં થઈ તે પછી અત્યાર સુધી મુખપાઠ વડે યાદ રખાયો. ત્યારબાદ પણ ઇ.સ.પૂર્વે ૮૦૦ સુધીમાં બ્રાહ્મણ(બ્રાહ્મણ-ગ્રન્થો)-આરણ્યક-ગૃહ્યસૂત્રો-ઉપનિષદના સાહિત્યની રચના થઈ છે. આ વખતે સાહિત્ય કોઈ લિપિમાં લખાયું હોવાના સંકેતો મળે છે. ભારતમાં વેદકાળ પહેલાં સિંધુ સભ્યતાની લિપિ પ્રચલિત હતી પરંતુ તે આજદિન સુધી વણઉકેલ રહી છે.

બ્રાહ્મી ભારતની સૌથી પ્રાચીન લિપિ છે એનો પ્રવેશ ઈ.સ.પૂર્વે ૮૯૦માં થયો અને તે લિપિની રચનામાં ફોનેશિયન આલ્ફાબેટ ઉપયોગ થયો. અને કાળક્રમે ૪૬-વર્ણ ગોઠવાયા.

અશોકના શિલાલેખો જે ઈ.સ.પૂર્વે ૩૨૦ની આજુબાજુના છે. તેમાં બ્રાહ્મી-ખરોષ્ઠી-એરામાઈક અને ગ્રીક લિપિનો ઉપયોગ થયો છે.

વેદિક સંસ્કૃત અવેસ્તન સાહિત્ય સાથે ઘણી સામ્યતા દર્શાવે છે સંસ્કૃતભાષા ઈન્ડો-ઈરાનિયન. ઈન્ડો-યુરોપિયન, ઈન્ડો-આર્યન ભાષા જુથોની જનની છે અને અરસપરસ ઘણા શબ્દો સાથે સામ્યતા ધરાવે છે.

ઋગ્વેદિક આર્યો અને ઇરાનના જરથોસ્તી આર્યો ઘણો સમય સાથે રહ્યા હશે તેમ માની શકાય તેવું છે. ઇરાનમાં રહી ગયેલા આર્યોના અથર્વણ-અગ્નિપૂજક જુથે અવેસ્તન ભાષામાં પોતાના રાજાઓની કીર્તિગાથાઓ ક્યુનિફોર્મ લિપિમાં કોતરાવેલી છે.

તૂર્કસ્તાનના બોગાઝકૂઈ નામના સ્થળે હિટ્ટાઈટ સામ્રાજ્યના અવશેષોમાંથી મિટ્ટાની રાજ્ય સાથેના સંધિકરારમાં સાક્ષી તરીકે, વૈદિક દેવતા, ઈન્દ્ર-મિત્ર-વરુણ-નાસત્યૌ નો ઉલ્લેખ મૃણમુદ્રા પર અક્કાડિયન ક્યુનિફોર્મમાં અંકિત છે. જે ઈ.સ.પૂર્વે ૧૩૫૦ની આસપાસ માનવામાં આવે છે.

ઈજીપ્તમાં ઇ.સ.પૂર્વે ૧૬૫૦માં હિકસોસ નામના આર્ય જૂથનું શાસન હતું. તેઓએ ઘોડા અને રથનો પ્રવેશ ઈજીપ્તની સંસ્કૃતિમાં દાખલ કરેલો. ક.મા.મુનશી આ હિકસોસને વેદિક ઇક્ષ્વાકુ આર્યો સાથે સરખાવે છે.

યુરોપ-એશિયાની ભાષાઓનો અભ્યાસ આર્યોના વતનને ઉત્તરધ્રુવના પ્રદેશો ગણાવે છે અને ઇ.સ.પૂર્વે ૩૫૦૦ થી ૧૭૦૦ દરમિયાન યુરોપ-એશિયામાં વસવાટ અને સ્થળાંતર સંકેતો આપે છે.અને સપ્તસિંધુમાં આવ્યા બાદ દ્રવિડ અનાર્યો સાથે સમાધાન કારી વલણ અપનાવ્યા બાદ પોતાના 3500 વર્ષના ભ્રમણ દરમિયાન જે ભાષાઓના સંપર્કમાં આવેલા તે અને દ્રવિડભાષાઓના શબ્દભંડોળનો ઉપયોગ કરી એક સુંદર ભાષાની રચના કરી તે સંસ્કૃત. સંસ્ક્રત એટલે જ સારી રીતે મઠારેલી-સંસ્કાર પામેલી ભાષા.

અહીં ઘણા વિવાદાસ્પદ વિધાનો પણ સમાવિષ્ટ થયા છે.વિદ્વાનોએ નિરક્ષીર ન્યાયે તપાસી આગળ વધવું.સામ્પ્રતકાળમાં ઉપલબ્ધ પ્રાચીન સાહિત્યમાંથી મને યોગ્ય લાગી તેવી માન્યતાઓનો આ મૌલિક સંગ્રહ છે. શક્ય તેટલા પૂરાવાઓ અને અનુસંધાનો આપવાનો પ્રયત્ન કર્યો છે. જે વિદ્વત્ જનોને ગમશે.

હું અહીં સંકલિત કરેલા વિચારોના વિષય સાથે કોઈપણ જાતની યુનિવર્સિટીની ઉપાધિ ધરાવતો નથી. મારા અંગત શોખ અને ગુરુશ્રી રામકૃપાલદાસજી શીખવેલા સંસ્કૃત સિવાય કાંઈ વધુ કહી શકાય નહીં. વળી ઋગ્વેદ પરંપરાગત મુખપાઠથી યાદ

રાખવાની પરંપરા હોઈ અને હજી પણ એ પરંપરા જીવિત હોઈ, (હજુ પણ વેદપાઠી બ્રાહ્મણો અને પાઠશાળાઓના અસ્તિત્વ છે) અને વેદો ઈશ્વરપ્રણીત હોઈ તેની લિપિ વિશે વિચાર કરવો ડોઢડહાપણ જેવું લાગે. આના બચાવમાં... લક્ષ્મીજીએ એક ભિક્ષુકને ખૂબ સુવર્ણમુદ્રાઓ આપી પણ તેની ઝોળી ફાટેલી હોવાથી બધી મુદ્રાઓ પાણીમાં પડી ગઈ! અહીં ઈશ્વરે વેદરૂપી જ્ઞાન વરસાવ્યું પણ ઋષિ-મુનિઓએ કુશળતાથી સાચવી લીધું; તેનું માધ્યમ શોધવાનો પ્રયાસ છે મુખપાઠ પહેલાંની સ્થિતિ વિચારી છે.

બ્રાહ્મી લિપિએ ફોનેશિયનના ૨૨ વર્ણ સ્વીકાર્યા અને ઘણા સમયે ૨૨માંથી ૪૬વર્ણ સ્થિર થયેલા તે માટે એક અનુમાન કર્યું છે. જેમાં માહેશ્વર સૂત્રોમાં વપરાયેલા વર્ણ અને આઠમાંથી ચાર અયોગવાહ સ્વરૂપો ગણીએ તો ૪૬વર્ણ થાય છે. આઠ અયોગવાહ સ્વરૂપોમાંથી O હ્રસ્વ અને ‡દીર્ઘ ૭લ્ક અને ક વર્ગીય વિસર્ગ ≍જીહ્વામૂલીય અને પ વર્ગીય વિસર્ગ ≍ ઉપધ્માનીય છોડી દીધા છે. અને અનુસ્વાર-અનુનાસિક-વિસર્ગ અને ળ ચાર જ લીધા છે. (માહેશ્વર સૂત્રોમાં દીર્ઘ અને પ્લુત સ્વરો દેખાતા નથી. ચાર દીર્ઘ, નવ પ્લુત, ચાર અયોગવાહ સમાવેશ કરીએ તો ત્રિષષ્ટિઃ ૬૩વર્ણ થઈ જાય છે)

卍 U+534D-534D+Alt+X 卍 (left-facing) and 卐 (right-facing) U+5350-5350+Alt+X卐

==

૯.બ્રાહ્મી લિપિ.

ભારતમાં સંસ્કૃત, પાલિ, માગધી, અર્ધ-માગધી, પ્રાકૃત વગેરે ભાષાઓમાં વિપુલ પ્રાચીન સાહિત્ય મળે છે. ઋગ્વેદ વિશ્વનું સૌથી પ્રાચીન પુસ્તક છે. પાણિનિનું વ્યાકરણ-અષ્ટાધ્યાયી, રામાયણ, મહાભારત બધા પ્રચલિત ગ્રંથો ક્યારે લિપિબદ્ધ થયા તે વિષે આજે પણ આપણે અજ્ઞાત છીએ.

ઋગ્વેદની વાત કરીએ તો બ્રાહ્મણોએ પેઢી દર પેઢી પરંપરાગત મુખપાઠ કરી યાદ રાખ્યો છે. જે આશરે ૩૨૦૦ વર્ષ પહેલાં લખાયો હોવાનું માનીએ તો પણ તે વખતે થતા સ્પષ્ટ અને નિર્ધારિત ઉચ્ચારણો આજે પણ સચવાઈ રહ્યા છે; વળી મુખપાઠ વડે યાદ રાખવાની પરંપરા આજે પણ ચાલુ છે. જે બ્રાહ્મણોનું એક મહાન ગૌરવ છે. પરંતુ આ તો ઋગ્વેદની વાત થઈ અન્ય સાહિત્ય પણ ઘણું વિશાળ છે, તે બધું ક્યારે લિપિબદ્ધ થયું તેના પૂરતા પ્રમાણો મેળવી શકાયાં નથી!

એક પ્રશ્ન એવો પણ થાય કે આટલું બધું વિશાળ સાહિત્ય હજારો વર્ષ સુધી પેઢી દર પેઢી માત્ર મુખપાઠ વડે સુરક્ષિત રાખી શકાય?..... ઉત્તર નકારમાં હોય તો, કોઈ પણ પ્રકારની લિપિ હોવી અનિવાર્ય છે. લિપિના અસ્તિત્ત્વ બાબતે કેટલાક શબ્દો સાહિત્યમાં મળી આવે છે. જેવા કે, અક્ષર, કણ્ડ, પટલ, ગ્રન્થ, પૂર્ણવિરામ-અલ્પવિરામ-સ્વરભારના ચિહ્નો અધોરેખા-ઊર્ધ્વરેખા (ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિત માટે). જો માત્ર મુખપાઠથી જ યાદ રાખવાનું હોય તો આવા શબ્દોની જરૂર જ ન પડે! કારણ કે, ઉચ્ચારણમાં પૂર્ણવિરામ મૂકો-અધોરેખા મૂકો એવું બોલવાની આવશ્યકતા રહેતી નથી. હવે જુઓ લખવા માટે પથ્થરની શિલા પર કોતરણી કે, સિન્ધુ-સભ્યતા કે સુમેરિયા જેવી મૃણમુદ્રાઓ પરના લખાણ લાંબોસમય સુરક્ષિત રહ્યા છે. પરંતુ તે સહજ સુલભ નથી. એટલે વૃક્ષોની છાલ, પત્રો (ભોજપત્રો, તાડપત્રો), કપડું, પશુનું ચામડું અથવા કાગળ-પેપિરસનો ઉપયોગ થતો દેખાય છે. પરંતુ એનું આયુષ્ય સો-બસો વર્ષનું ગણાય. છતાં આ બધા અનુમાનો છે! એવા કોઈ સુરક્ષિત સાધનોમાં સચવાયેલ લખાણો ભવિષ્યમાં મળી આવે એવી આશા રાખી શકાય!

માની લઈએ કે ભાષા કે લિપિ ઈશ્વરદત્ત હોય; તો ક્યારે અને કેવી રીતે જનસમાજ માટે પ્રગટ થઈ. તે જાણવાની ઉત્કણ્ઠા સહજ છે. ભારતમાં બ્રાહ્મણધર્મી વિદ્વાનો કહે છે કે, બ્રાહ્મી નામ જ બ્રહ્માએ ઉત્પન્ન કરી હોવાનું સુચવે છે. બ્રાહ્મણ(આસ્તિક) અને શ્રમણ(નાસ્તિક) બંને પરંપરામાં સામાન્ય રીતે બ્રહ્માને લિપિના આવિષ્કારનું શ્રેય આપવામાં આવે છે. તેમ છતાં શ્રમણ-ધર્મી-જૈનો પહેલા તીર્થંકર ઋષભદેવની પુત્રી બ્રાહ્મી કે બંભીએ ઋષભદેવની પ્રેરણાથી સમાજને લિપિ શીખવી હોવાનું માને છે. તેથી જ આ લિપિને બ્રાહ્મી કે બંભી લિપિ કહી છે. અહીં આપણે સિન્ધુ-સભ્યતાની વણઉકેલ લિપિની વાત અનામત રાખીએ છીએ.

શ્રીજ્યોર્જ બ્યુલરની નોંધ પ્રમાણે સાહિત્યમાં લિપિના ઉલ્લેખો નારદ સ્મૃતિમાં(BCE-400) મળે છે[૧] AD-620 માં બાણભટ્ટે ઉલ્લેખ કરેલો છે. જૈનોની BCE-300 ની રચના સમવાયાંગ[૨] સૂત્રમાં અઢાર લિપિનો ઉલ્લેખ છે. આ જ વાત BCE-168માં રચાયેલા પણ્ણાવણા[૩] સૂત્રમાં બેવડાણી છે. [૪]લલિતવિસ્તર(BCE-300) નામના બૌદ્ધગ્રન્થમાં ૬૪-લિપિઓનો ઉલ્લેખ છે. (આ ચારે ય અનુસંધાનોની નોંધ કરવામાં આવી છે.) બદામીમાં AD-580 બ્રહ્માની એક મૂર્તિના હાથમાં તાડપત્ર બતાવ્યા છે; પછીની મૂર્તિઓમાં તાડપત્રને બદલે કાગળ જોવા મળે છે, જેમાં લખાણ દર્શાવ્યું છે. બ્રહ્માએ ઉત્પન્ન કરેલી ભારતીય લિપિ જે ડાબીથી જમણી બાજુ લખવામાં આવે છે તે ચીનના બૌદ્ધગ્રંથ ફવાંગશુલીનમાં પૂરેપૂરી કથા મળે છે. અહીં બ્રહ્માને ફાંગ કહ્યા છે. આ બે જૈન ગ્રન્થો અને લલિતવિસ્તર નામના સંસ્કૃતમાં લખાયેલ બૌદ્ધ ગ્રન્થમાં સૌથી મહત્ત્વપૂર્ણ લિપિ વિષેના ઉલ્લેખો છે. અહીં બ્રાહ્મી ને બંભી પણ કહી છે. અશોકના સમયમાં વપરાયેલી આ જ બ્રાહ્મી લિપિનું વિકસિત રૂપ છે. જે BCE-800ની આસપાસ ભારતના વાયવ્ય છેડેથી પ્રવેશ થયા બાદ પૂરા ભારત અને અફઘાનિસ્તાન સુધી એક પ્રચલિત લિપિ બની રહી તે અશોકના શિલાલેખોનો વિસ્તાર કહી બતાવે છે. જૈન ગ્રંથોમાં અઢાર લિપિઓનો ઉલ્લેખ છે અને લલિત વિસ્તરમાં ૬૪-ચોંસઠ લિપિયોનો ઉલ્લેખ છે. બંને

સૂચિમાં કેટલાક નામો એક સમાન છે; અને એમાંથી ચાર લિપિઓ તો ખરેખર ઐતિહાસિક છે. વર્તમાન ભારતીય લિપિઓની જનની બ્રાહ્મી સિવાય બે અન્ય લિપિની પણ ઓળખાણ જાણીતી લિપિઓમાં કરવામાં આવે છે. જેમાં જમણી બાજુથી ડાબી બાજુ લખાતી ખરોષ્ઠી લિપિનો સમાવેશ થાય છે. દક્ષિણની બ્રાહ્મી થોડા ફેરફાર સાથે આંધ્રના કૃષ્ણા જીલ્લામાં ભટ્ટિપ્રોલુના બૌદ્ધ સ્તુપમાંથી મળેલા ધાતુપાત્રો પર મળી આવી છે. આ સિવાય પુષ્કરસારી અથવા પુષ્કરસારિયા લિપિ પણ ઐતહાસિક છે. અને બીજી યવનાની-યવણાણિયા લિપિનો ઉલ્લેખ પાણિનિએ અને જૈનોએ કરેલો છે. યૂનાન-ગ્રીસ સાથે ભારતીયોનો સંપર્ક પ્રાચીન છે. આમ BCE-300 દરમિયાન ભારતમાં ઘણી લિપિઓ પ્રચલિત હતી. અશોકના શિલાલેખોમાં ચાર લિપિઓનો ઉપયોગ થયો છે. જેમાં બ્રાહ્મી તો મુખ્ય છે જ. પણ એરામાઇક, ગ્રીક અને ખરોષ્ઠી લિપિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. જૈનોએ આપેલ ૧૮ની સંખ્યા માનવા યોગ્ય છે. બ્રાહ્મીના વર્ણોની સંખ્યા વિષે અન્યત્ર ચર્ચા થઇ છે.

વિદ્વાનો પ્રાચીન ભારતમાં લિપિ હોવાના પ્રમાણ તો આપે છે પણ આ બધા સુંદર તર્કો છે. ચોક્કસાઇ પૂર્વક પરિણામો મેળવી શકાતા નથી! આજે સંસ્કૃત માટે દેવનાગરી લિપિ સ્થિર થઇ છે... પણ દેવનાગરી પહેલાં નન્દીનાગરી કહેવાતી. જે કર્ણાટકના બેલગામથી ૨૪-માઇલ દૂર રાજ દન્તિવર્મનના દાનપત્રો (ઈ.સ. ૭૪૭-૭૫૩)માં દેખાય છે. તો પાણિનિ(BCE-700)ની અષ્ટાધ્યાયી પ્રથમવાર બ્રાહ્મી લિપિમાં લખાયેલી હોવી જોઇએ! પણ એવો કોઇ સંકેત પ્રાપ્ત થતો નથી! સંસ્કૃત માટે દેવનાગરી ઈ.સ. ૧૩૫૦માં સાયણે વેદો પર ભાષ્યો લખ્યા પછી સ્થિર થઇ હોવાનું માત્ર અનુમાન કરી શકાય! બ્રાહ્મી લિપિનો વિશાળ સ્તરે ઉપયોગ બૌદ્ધધર્મ માટે થયો તે બ્રાહ્મણ-ધર્મને અણગમાનું કારણ હોય તો BCE-232 પછી સ્થાનિક કક્ષાએ નવી લિપિઓની રચનાનો કાર્યક્રમ (ભલે બ્રાહ્મી લિપિના આધારે જ) અમલમાં આવ્યો હોય! અને કાળક્રમે બ્રાહ્મી લિપિ ભૂલાઇ ગઇ હોવાનું માનવું પડે એમ છે.

આ ભૂલાઇ ગયેલ લિપિ ઉકેલવાના પ્રયત્નો ક્યારથી શરુ થયા તે સંદર્ભે એક વાત છે. મોગલ બાદશાહ અકબરે(ઈ.સ.૧૫૪૨-૧૬૦૫) દિલ્હિ-ટોપરાનો અશોકસ્તંભ, જે ૧૪મી સદીમાં ફિરોજશાહ તઘલગે ટોપરાથી દિલ્હિ ખસેડાવેલો, તેના પર કોતરેલા લખાણના અર્થ જાણવાની જિજ્ઞાસા કરેલી; તો તે સમયના લાલબુઝક્કડ પંડિતોએ અકબરની જિજ્ઞાસા શાંત કરવા કહી દીધું કે, એમાં શહેનશાહની પ્રશંસા કરવામાં આવી છે અને તેનું શાસન અવિચલ રહે તેવી શુભકામનાઓ પ્રગટ કરી છે! અકબરે આ સાચું માન્યું હશે કે કેમ તે ખબર નથી. પણ પ્રાચીન લિપિ ઉકેલવાનો એક પ્રયત્ન શરૂ થયો એમ માની શકાય; જેમાં બ્રાહ્મણ-જૈન-બૌદ્ધ વિદ્વાનો નિષ્ફળ રહ્યા! પછી તે માટે ઇ.સ.૧૮૩૭ સુધી રાહ જોવી પડી! જ્યારે જેમ્સ પ્રિન્સેપ નામના અંગ્રેજ વિદ્વાને ૫૦-વર્ષની મહેનત પછી અશોકના બ્રાહ્મી લિપિમાં આંધ્રથી અફઘાનિસ્તાન સુધીના શિલાલેખો ઉકેલી નાખ્યા. અને BCE-528 થી AD-1200 સુધીમાં લિપિના વર્ણોની આકૃતિઓમાં પ્રાદેશિક અને કાળાંતરે જે પરિવર્તનો આવ્યા; તેનો ૧૮૦૦-વર્ષનો એક ચાર્ટ પ્રકાશિત કર્યો જેને પ્રિ ન્સેપે પુરાલિપિક-કાળમાપક ચાર્ટ કહ્યો.

બ્રાહ્મી લિપિના રહસ્યોદઘાટનનો એક નાનકડો ઇતિહાસ છે. ઈજીપ્ત અને મેસોપોટેમિયાની પ્રાચીન લિપિઓનું રહસ્યોદ્‘ઘાટન રોઝેટ્ટા સ્ટોન અને બેહિસ્તૂનના શિલાલેખો પર ત્રણ ભાષાઓમાં લખાયેલ લખાણો, જેમાં એકાદ જાણીતી ભાષા મળી આવતાં લિપિઉકેલનું કામ સહેલાયથી પૂર્ણ થયું હતું. પરંતુ ભારતમાં આવો કોઇ શિલાલેખ પ્રાપ્ત ન થવાથી લિપિ ઉકેલનું કામ થોડું લંબાયેલું. છતાં યુરોપિયન અને ભારતીય વિદ્વાનોના ઘનિષ્ઠ પ્રયત્નોથી ભારતની પ્રાચીન લિપિ ઉકેલી શકાઇ.

તે સમયના(1772-1785) વાઇસરોય વૉરન હેસ્ટિંગ્ઝની પ્રેરણાથી યુરોપના લોકોને સંસ્કૃત ગ્રંથોનો પરિચય કરાવવાનું અભિયાન શરુ થયું. સર્વ પ્રથમ 1784માં સર વિલિયમ જોન્સે લંડનમાં Royal Asiatic Society અને કલકત્તામાં Asiatic Society of Bengalની સ્થાપના કરી. આ બંને સંસ્થાનો ઉદ્દેશ્ય પ્રાચીન ગ્રન્થો, કલા, અભિલેખો, તામ્રપત્રો, સિક્કાની શોધખોળ કરવાનો હતો. પશ્ચિમના વિદ્વાનોને સંસ્કૃતમાં રસ લેતા કરવાનું શ્રેય સર વિલિયમ જોન્સ (1746-94) ને ફાળે જાય છે.

1785માં ચાર્લ્સ વિલ્કિન્સને સૌ પ્રથમ ભગવદ્ગીતાનું એક ભાષાંતર પ્રસિદ્ધ કર્યું ત્યાર પછી બે વર્ષે ‘હિતોપદેશ’નું ભાષાંતર બહાર પડ્યું.

1861માં તત્કાલીન ભારતીય વાઇસરોય લોર્ડ કૈનિંગની સ્વીકૃતિથી રાજ્ય તરફથી Archeological Survey Department-પુરાતત્વ સર્વેક્ષણ વિભાગની સ્થાપના થઈ જેના અધ્યક્ષ સંયુક્ત પ્રદેશ(હાલના ઉત્તરપ્રદેશ)ના મુખ્ય ચીફ એન્જિનિયર કર્નલ એ કનિંગહામ નિયુક્ત થયા. આ પુરાતત્વ વિભાગ નીચે નિમ્નલિખિત શોધકાર્યો સમ્પન્ન થયા.

1785માંઃ ચાર્લ્સ વિલકિન્સિન દ્વારા દશમી શતાબ્દિનો એક સ્તંભ લેખ વાંચવામાં આવ્યો. જે બંગાળના રાજા નારાયણ પાલે લખાવી બાદલ(જીલ્લો દીનાજપુર)માં સ્થાપિત કરાવેલો.

1785માં રાધાકાન્ત શર્મા દ્વારા તેરમી શતાબ્દિના કેટલાક અભિલેખ વાંચવામાં આવ્યા અને દિલ્હીના અશોક સ્તંભોના લખાણો ઉકેલવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. 1356માં ફીરોજશાહ તુગલઘના આદેશથી ટોપરા-જિલ્લો અંબાલા, તેમજ મેરઠમાંથી આ બે ય સ્તમ્ભો દિલ્હી લાવવામાં આવેલા. આ સ્તંભોની લિપિ ઉકેલવાના પ્રયત્નો તુગલઘે અને અકબરે કરેલા પણ તત્કાલીન વિદ્વાનો તે વાંચવામાં અસફળ રહ્યા.

1785માં જે. એચ. હેરિંગ્ટન દ્વારા ગુપ્ત લિપિના શિલાલેખો ઓળખવામાં આવ્યા; જે બોધ-ગયા અને નજીકની ગુફાઓમાંથી પ્રાપ્ત થયા હતા.

1818 થી 23 સુધી કર્નલ જેમ્સ ટોડ દ્વારા સાતમી થી પંદરમી શતાબ્દી સુધીના અભિલેખો ઉકેલવાનો પ્રયાસ થયો; જે કાઠીયાવાડ અને રાજપૂતાનાથી પ્રાપ્ત થયેલા.

1828માં બી. જી. બબિંગ્ટન દ્વારા તમિળ ભાષામાં પ્રાચીન અભિલેખોનું રહસ્યોદઘાટન થયું તથા વર્ણમાળા તૈયાર કરવામાં આવી આ લેખો મહાબલીપુરમમાંથી પ્રાપ્ત થયેલા.

1833 માં વોલ્ટર ઇલિયેટે પ્રાચીન કન્નડ અક્ષરો ઓળખી વર્ણમાળા તૈયાર કરી.

1834 માં કેપ્ટન ટ્રાયરે રાજા સમુદ્રગુપ્તના એ લેખ વાંચવાનો પણ પ્રયાસ કર્યો, જે અશોકના પ્રયાગવાળા સ્તંભ પર અંકિત કરવામાં આવેલો. જેનું પૂરેપૂરું રહસ્યોદઘાટન ડોક્ટર મિલે કર્યું.

1835માં ડબલ્યુ એચ વાથને છઠ્ઠી અને સાતમી શતાબ્દીના વલભી રાજવંશના રાજાઓના દાનપત્રો વાંચ્યા.

જુન-1837માં જેમ્સ પ્રિન્સેપ પાસે કેટલાક નાના નાના અભિલેખો આવ્યા, જે સાંચીના સ્તૂપની ચારે ય તરફના સ્તમ્ભો પર ઉત્કીર્ણ થયેલા. દરેક અભિલેખના અંતમાં કેવળ બે જ અક્ષરો વારંવાર ઉત્કીર્ણ કરેલા જોવા મળેલા. દૈવયોગથી પ્રિન્સેપ ને સંસ્કૃત ભાષાનો એક શબ્દ 'દાન' યાદ આવ્યો. આ શબ્દ જ આખી બ્રાહ્મી લિપિના રહસ્યોદઘાટનની ચાવી બની ગયો! આ જ આધારે પ્રિન્સેપે દિલ્હીના અશોક સ્તમ્ભના લખાણો વાંચવા પ્રયાસ કર્યો. 'પિયાદસિ' શબ્દથી અશોક રાજા ધ્યાનમાં આવ્યા.

1838માં એણે ગ્રીક રાજાઓના ત્રણ નામ વાંચ્યા.(એન્ટીઓક્સ-દ્વિતિય, ટૉલેમિ-ફ્લેડીફ્સ અને સીટિન કામગસ) જે ગિરનારના શિલાલેખમાં ઉત્કીર્ણ હતા. પોતાના શોધકાર્યમાં વ્યસ્ત પ્રિન્સેપનો ૨૨-૪-૧૮૪૦ ના રોજ દેહાન્ત થયો. ભારતીય પુરાતત્વ વિભાગમાં આટલા પરિશ્રમી, આટલા બુદ્ધિમાન અને આટલા મહાન શોધકર્તાના સ્થાનની પૂર્તિ અન્ય કોઈ વ્યક્તિ ન કરી શકી. મૃત્યુ પહેલાં પ્રિન્સેપે ૧૮૩૮માં ચાર્લ્સ વિલ્કિન્સન, કેપ્ટન ટ્રાયર ડો.મિત્ર આદિના સહયોગથી ગુપ્ત(કાળની) બ્રાહ્મી લિપિની વર્ણમાળા તૈયાર કરી લીધી હતી.

આમ ૧૮૯૦ સુધીમાં કેટલાય વિદ્વાનોના સહયોગથી અનેક શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓના ગૂઢાક્ષરોનું રહસ્યોદઘાટન થયું જેના વડે ભારતના ઈતિહાસની વિખરાયેલ કડીઓ જોડી એક ક્રમબદ્ધ ઇતિહાસનું નિર્માણ કરવામાં આવ્યું.

અહીં આપણે એટલું યાદ રાખવું જોઈએ કે અંગ્રેજો-બ્રિટિશરો ભારતને લૂંટી ગયા, કતલેઆમ ચલાવી, દુષ્કાળમાં લાખો માણસોને મરવા દીધા, કેટલાયને તોપના નાળચે ઉડાડી દીધા! જેવા હજારો દોષો ગણી શકાય છે. પણ આપણે તો ગુલામ પ્રજા હતા. અગાઉના મુસ્લિમ શાસકોએ માત્ર હિન્દુઓનું ધર્માન્તર કરવા, કરોડો લોકોને જીવતા બાળી મુકેલા, સ્ત્રીઓ પર બળાત્કારો કર્યા, ગુલામોની બજારમાં લાખો સ્ત્રી-પુરુષોને વેચ્યા. ૬૭૦૦૦-હિન્દુ-જૈન-બૌદ્ધ ધાર્મિક સ્થાપત્યોનો નાશ કર્યો! ઈ.સ.૧૧૯૩માં બખ્તિયાર ખીલજીએ માત્ર ૨૦૦-સૈનિકો વડે ૨૦૦૦-બૌદ્ધ-સાધુઓને મારી નાખ્યા અને નાલન્દાની ૯૦ લાખ પુસ્તકોવાળી લાયબ્રેરી સળગાવી મુકી; જેમાંથી ત્રણ મહિના સુધી ધૂમાડા નીકળતા રહ્યા. ખ્રિસ્તી પોર્ટુગીઝ શાસકોએ ખ્રિસ્તી ધર્મ ન પાળે તે નાસ્તિક! અને નાસ્તિકોને મૃત્યુદણ્ડ! એવો કાયદો બનાવી, ઈન્ક્વીઝેશન કોર્ટો સ્થાપી, ગોવામાં લાખો હિન્દુઓની કતલ થઇ, કે સળગાવી મૂક્યા! અને પછી ધર્માન્તર!

અંગ્રેજો માત્ર સંપત્તિ માટે ગમે તે કાવાદાવા કરતા. છતાં ભારતના પ્રથમ ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્ઝને શ્રીમદ્ ભગવદ્ગીતા પ્રત્યે અત્યંત આદર હતો. તેણે જ ભારતમાં સૌ પ્રથમ સંસ્કૃતની કોલેજ સ્થાપી. યુરોપને સંસ્કૃત સાહિત્ય અને હિન્દુ ધર્મથી પરિચિત કરાવ્યા. અને વિશ્વભરમાં માન-પ્રતિષ્ઠા અપાવી. સંસ્કૃત સાહિત્યના અભ્યાસ માટે બ્રિટિશ-ફ્રેન્ચ-જર્મન વિદ્વાનોએ અત્યંત રસ લીધો. અંગ્રેજોના શાસનકાળ દરમિયાન ભૂલાઇ ગયેલા સ્થાપત્યોની શોધ, મંદિરો, ગુફાઓ, કિલ્લાઓનો પદ્ધતિસરનો અભ્યાસ કર્યો. અને વિશ્વ સમક્ષ ભારતની મહાનતા ઉજાગર કરી. ઈ.સ.૧૭૫૭ થી ઈ.સ.૧૯૪૭ સુધી બ્રિટિશ રાજ્ય ન હોત તો આ પ્રદેશ પર ક્યારનો ય ઈસ્લામનો ઝંડો ફરકતો હોત! પછી વેદ કે બ્રાહ્મી-લિપિ વિષે જાણવાની જરુર જ ન હોત!

હવે આપણે ધાર્મિક શ્રદ્ધા, ધાર્મિક શાસ્ત્રો અને માન્યતાઓ અકબંધ રાખી; બ્રાહ્મી લિપિ વિષે વિચાર કરીશું.

અહીં મેં શ્રીજ્યોર્જ બ્યુલરના મૂળ જર્મન પુસ્તક GEORG BÜHLER-INDISCHE PALAEOGRAPHIEના હિન્દી અનુવાદ(શ્રીમંગલનાથ સિંહ) ''ભારતીય પુરાલિપિ શાસ્ત્ર'' અને A History of SANSKRIT LITERATURE by ARTHUR A, MACDONELLના ગુજરાતી ભાષાન્તર(શ્રીમોહનલાલ દવે) તેમજ શ્રીરાજબલી પાણ્ડેના હિન્દી પુસ્તક 'ભારતીય પુરાલિપિ' નો આધાર લીધો છે. અને વિકિપેડિયા વેબસાઈટ તો ખરી... જે સૌને ગમશે.

બ્રાહ્મી લિપિ કઇ લિપિ ઉપરથી ઉતરી આવી છે. અને ભારતીય ઉપખંડમાં ક્યારથી વપરાશ શરુ થયો. અને પાણિનિ ક્યારે થઇ ગયા. તે વિષે વિદ્વાનોમાં ઘણા મતમતાન્તરો છે. તેમાંથી શ્રીજ્યોર્જ બ્યુલ્હરની માન્યતા.... બ્રાહ્મી લિપિ ઈ.સ.પૂર્વે ૮૦૦ની આસપાસ ફોનેશિયન લિપિના ૨૨ વર્ણવાળા ધ્વન્યાત્મક આલ્ફાબેટ પરથી ૪૬ વર્ણવાળી બ્રાહ્મીની વર્ણમાળા ઉતરી આવી છે; અને વિકસિત થયેલી છે. જેની વિગતવાર ચર્ચા ૨૧ થી ૬૩ વાળા પરિચ્છેદમા કરી છે. જેનો ટુંકસાર આમ છેઃ માનવધ્વનિ-ઉત્પાદક અવયવોમાંથી ખરેખર ૨૧ મૂળધ્વનિ નીકળે છે. તે વાતને સમર્થન આપતી ઋગ્વેદની એક ઋચા છે.

उवाच मे वरुणो मेधिराय त्रिः सप्त नामाघ्न्या बिभर्ति । विद्वान्पदस्य गुह्या न वोचद्युगाय विप्र उपराय शिक्षन् ॥ ऋग्वेद॥७-८७-४॥

હું મેધાવી ઋત્વિક છું. વરુણે મને કહ્યું હતું કે પૃથ્વી અથવા વાક્ ના એકવીસ નામ છે. (ઉર,કણ્ઠ અને શિરમાં ગાયત્રી વગેરે સાત સોત છન્દોવાળા) વિદ્વાન અને મેધાવી વરુણે યોગ્ય અંતેવાસી (છાત્ર)ને ઉપદેશ દઈને, ઉત્તમ સ્થાનમાં આ બધી ગોપનીય વાતો બતાવી છે.

(अइउऋऌ कचटतप गजडदब नम शषसह)

આ ૨૧ મૂળધ્વનિ અને ફોનેશિયન આલ્ફાબેટમાં ઘણું મળતાપણું છે. ફોનેશિયન આલ્ફાબેટની લિપિ અબ્જડ પ્રકારની છે. જ્યારે આપણા વિદ્વાનોએ સ્વરચિન્હોવાળી (બારાક્ષરી) એબુગુડા પ્રકારની બ્રાહ્મી લિપિ બનાવી છે. અને ઉચ્ચારણ સ્થાન વિષે વિચાર કરી એકદમ વિદ્વતાપૂર્ણ પરિવર્તનો આણ્યા છે.

अष्टौ स्थानानि वर्णानामुरः कण्ठः शिरस्तथा । जिह्वामूलं च दन्ताश्च नासिकोष्ठौ च तालु च ॥ १३॥ (पाणिनिय शिक्षा ॥)

વર્ણોના ઉચ્ચારણ સ્થાન આઠ છે. (૧)ઉરસ્ (૨)કણ્ઠ (૩)શિર (૪)જીહ્વામૂળ (૫) દન્ત (૬)નાસિકા (૭)બંને હોઠ (૮)તાલુ ॥૧૩॥

२१- मूळ ध्वनि				
अ	इ	उ	ऋ	लृ
क	च	ट	त	प
ग	ज	ड	द	ब
न	म			
श	ष	स	ह	

फोनेशियन आल्फाबेट ।२२-वर्ण।				
अ 𐤀	व 𐤅	क 𐤊	ओ 𐤏	ष 𐤔
ब 𐤁	झ 𐤆	ल 𐤋	प 𐤐	ट 𐤕
ग 𐤂	હ : 𐤇	म 𐤌	श 𐤑	
द 𐤃	थ 𐤈	न 𐤍	क्व 𐤒	
ह 𐤄	य 𐤉	स 𐤎	र 𐤓	

મૂળ ધ્વનિ. **अइउऋलृ कचटतप गजडदब नम शषसह ।** ફોનેશિયન આલ્ફાબેટમાં આ ધ્વનિ च ज त द નથી. ज त ના મહાપ્રાણ ધ્વનિઓ છે. z, θ=ṭ આ ધ્વનિ વધારે છે. (:)H z th o q च મુર્ધન્ય श માં સમાઈ જાય છે. द દન્ત્યનો તાલુ ઉચ્ચાર ડ-d છે.

O अ સિવાયના અન્ય સ્વરોની જાણકારીનો સંકેત છે. H(:) વિસર્ગ(ઉર સહાય)થી ધ્વનિ પ્રભાવિત થઈ શકે તે સૂચવે છે. Qક્યુ-ક્વ અને X ક્+ષ=ક્ષ સંયુક્તાક્ષર હોઇ શકે તેની સભાનતા સૂચવે છે.

म न અનુનાસિક(નાસિકા-સહાય) હોવા ઉપરાંત સ્વતંત્ર વ્યંજન પણ છે. અને શબ્દની શરૂઆતમાં વાપરી શકાય જેમકે, મરચું-નગારું અને શબ્દ હોય તો વસ્તુ હોય અને વસ્તુ હોય તો તેનું ચિત્ર હોય. પણ ङ ञ ण થી કોઈ શબ્દ શરૂ થઈ શકતા નથી તેથી કોઈ વસ્તુ કે આકૃતિ મળી ન હોવાથી આલ્ફાબેટમાં સમાવેશ નથી થઇ શક્યો.

૨૧ મૂળધ્વનિમાંથી ૧૭ના સ્વરૂપો લગભગ સમાન છે. અનુસ્વાર-અનુનાસિક, વિસર્ગ, અલ્પપ્રાણ-મહાપ્રાણ, સ્વરોની વિવિધતા, સંયુક્તાક્ષરથી પરિચિત હોવાના સંકેતો પણ પ્રાપ્ત થાય છે.

માહેશ્વર સૂત્રો પરથી ફોનેશિયન લિપિના૨૨વર્ણમાંથી ૪૬-વર્ણની યોજનાબદ્ધ રચના કરી હોવાનું દેખાય છે. એક વસ્તુ યાદ રાખવી ઘટે કે, વ્યઞ્જનાત્મક વર્ણમાળામાં સ્વરની ઉપસ્થિતિ ન હોવાથી વાચક પોતે જોઇતો સ્વર ઉમેરી લ્યે છે. આધુનિક વર્ણમાળાઓમાં સ્વરોનો પ્રયોગ મુકાયો છે.

माहेश्वर सूत्र।					
१ अइउण्।	२ ऋलृक्।	३ एओङ्।	४ ऐऔच्।	अ इ उ ऋ लृ ए ओ ऐ औ	
५ हयवरट्।	६ लण्।	७ ञमङणनम्	८ झभञ्।	क ख ग घ ङ	ह
९ घढधष्।	१० जबगडदश्।	११ खफछठथचटतव्।	१२ कपय्।	च छ ज झ ञ	य श
१३ शषसर्।	१४ हल्।	ह-पुनरुक्ति।-५-१४		ट ठ ड ढ ण	र ष
९ स्वर २५ स्पर्श ४ अन्तस्थ ३ उष्माक्षर १ महाप्राण=४२				त थ द ध न	ल स
माहेश्वर सूत्र। ४२ वर्ण+४ दीर्घ स्वर= ४६- **तत्कालीन ब्राह्मी-वर्ण**				प फ ब भ म	व
माहेश्वर सूत्र। ४२ वर्ण+४ दीर्घ+९ प्लुत+८ अयोगवाह=६३ त्रिषष्टि:।					

આ કોષ્ટક ફ્રોનેશિયન અને બ્રાહ્મી અક્ષરો વચ્ચે સમાનતા દર્શાવે છે, ફ્રોનિશિયન સાથેના તેમના જોડાણના સ્પષ્ટ સંકેતો સાચવી રાખી મૂળ અક્ષરોને સુંદરતા આપવાનો પાણિનિના પૂર્વકાલીન વિદ્વાનોનો પ્રયત્ન નોંધપાત્ર છે.

માહેશ્વર સૂત્રોમાં ૪ દીર્ઘ સ્વરો નથી. માહેશ્વર સૂત્રમાં વર્ણ સંખ્યા ૪૨ છે. (હ પાંચ અને ચૌદ બંને સૂત્રોમાં છે.) ૫ હ્રસ્વ સ્વર+૨ ગુણ સ્વર+૨ વૃદ્ધિ સ્વર= ૯ સ્વર (૪દીર્ઘ સ્વરો અને ૯-પ્લુત સ્વરો નથી) +૧ મહાપ્રાણ+૪ અંતસ્થ+૨૫ સ્પર્શ+૩ ઉષ્માક્ષર=૩૩ વ્યંજન.... આ ૪૨ વર્ણમાં ચાર દીર્ઘ સ્વરો ઉમેરતા ૪૬ વર્ણવાળી બ્રાહ્મી લિપિ તૈયાર થઇ છે.

મૂળ ધ્વનિ માં ૨૧ ધ્વનિ છે. ફ્રોનેશિયન આલ્ફાબેટમાં ૨૨ ધ્વનિ છે. ફ્રોનેશિયનના ૨૨ ધ્વનિ અને વેદમાં વર્ણવેલ ૨૧ મૂળધ્વનિ ખૂબ નજીક છે.વેદિકોને ધ્વનિપરિવર્તનના પ્રયોગોનો બહુ જુનો અનુભવ હતો. જેમાં વેદના રચનાકાળથી અનેક વિદ્વાનોના પ્રયત્નો હતા. જેનો ઉલ્લેખ પાણિનીએ કરેલો છે તેમ જ પ્રતિશાખ્યોમાં એનું પ્રતિબિમ્બ દેખાય છે. કણ્ઠ ઉર-નાભિ નાસિકા જીભ વડે એક જ ધ્વનિમાં વિવિધ પરિવર્તનો લાવી શકાતા.

अ इ उ ऋ ऌ	माहेश्वर सूत्र।	ए ऐ ओ औ
क च ट त प	ख छ ठ थ फ	ङ ञ ण न म
ग ज ड द ब	घ झ ढ ध भ	यरलव शषस ह

अ इ उ ऋ ऌ	मूळ ध्वनि
क च ट त प	न म
ग ज ड द ब	शषस ह

૨૧ થી ૬૩.

२१- मूळ ध्वनि						साधित वर्ण	अयोगवाह	
कण्ठ	तालु	मुर्धा	दन्त	ओष्ठ				
अ	इ	ऋ	ऌ	उ	स्वर-ह्रस्व-५	आ ई ऊ ॠ ए ऐ ओ औ-८		
						य र ल व-अन्तस्थ-४		
						प्लुत-९	अनुस्वार	विसर्ग:
क	च	ट	त	प	अल्पप्राण-अघोष	महाप्राण-अघोष-ख छ ठ थ फ-५	ँ	:
ग	ज	ड	द	ब	अल्पप्राण-घोष	महाप्राण-घोष-घ झ ढ ध भ-५	ं	क)(
			न	म	अनुनासिक	ङ ञ ण -३	ँ	प)(
ह	श	ष	स	२१	महाप्राण-उष्माक्षर	२१ थी ६३ त्रिषष्टि:।	ꣴ	ळ ८

બ્રાહ્મી વર્ણમાળા.

"બ્રાહ્મી" અબુગીડા-Abuguida-પ્રકારની લિપિ. ભારતીય ઉપખંડમાં આશરે BCE-800 કે તે પહેલાં પ્રવેશ. BCE-300 સુધીમાં પૂરા ભારતીય ઉપખંડમાં પ્રચલિત-પ્રાકૃત-સંસ્કૃત અને સ્થાનિક ભાષાઓ દ્વારા બહોળો ઉપયોગ. ઇ.સ.૫૦૦ પછી સ્થાનિક લિપિઓનું પ્રચલન વધ્યું. જો કે તે બધી લિપિ બ્રાહ્મી લિપિ પરથી જ રચવામાં આવી.

લખવાની દિશાઃ ડાબે-થી-જમણે..... પ્રમુખ ભાષાઓઃ સંસ્કૃત, પાલી, પ્રાકૃત, તમિલ.

ભારતીય ઉપખંડના પશ્ચિમી પ્રદેશોના શક-શાસકો, જેમ કે ઈન્ડો-સિથિયનો અને પશ્ચિમી ક્ષત્રપ, વ્યવહારીક રીતે એક જ ભાષા બોલતા હતા. લાકડા અને કાગળ પરના દસ્તાવેજો સુધારેલી બ્રાહ્મી લિપિમાં લખવામાં આવ્યા હતા. તોખારિયન લિપિને (૮મી સદી)Central Asian slanting Gupta script or North Turkestan Brāhmī તરીકે પણ ઓળખવામાં આવે છે.

પિતૃ પ્રણાલિઓઃ પ્રોટો-સિનાઇટીક લિપિ. ફોનિશિયન આલ્ફાબેટ. આરામાઇક આલ્ફાબેટ.

બ્રાહ્મીઃ બાળ પ્રણાલિઓ. અસંખ્ય વંશજ લેખન પ્રણાલીઓછે.

ઉત્તરીય બ્રાહ્મી લિપિઓઃ દેવનાગરી, કૈથી, સિલ્હેતી, ગુજરાતી, મોડી, બંગાળી, આસામી, શારદા, તિર્હુતા, ઓડિયા, કલિંગ, નેપાળી, ગુરુમુખી, ખુદાબાદી, મુલતાની, ડોગરી, તોખારિયન, મેઇતેઈ, લેપચા, તિબેટીયન, ભૈક્ષુકી, સિદ્ધમ્,

દક્ષિણી બ્રાહ્મી લિપિઓઃ તમિલ, મલયાલમ, સિંહલી, તેલુગુ, કન્નડ, ગોઆન, સૌરાષ્ટ્ર, તુલુ, બર્મીઝ, અહોમ, ચકમા, કેરેન, શાન, ખ્મેર, થાઈ, લાઓ ચામ, બાલીનીઝ, જાવાનીઝ, સુન્ડનીઝ, રેકોંગ, રેજાંગ, બુડુ, બેબાયિન, પ્યુ

સિસ્ટર સિસ્ટમ્સઃ ખરોષ્ઠી.

બ્રાહ્મી લિપિની સૈદ્ધાંતિક સેમિટિક ઉત્પત્તિ સર્વ-સંમત નથી.

પાંચમી સદીની ગુપ્ત લિપિને ક્યારેક "લેટ બ્રાહ્મી" કહેવામાં આવે છે. સમગ્ર દક્ષિણ અને દક્ષિણ પૂર્વ એશિયામાં ઉપયોગમાં લેવાતી સંખ્યાબંધ આધુનિક ૧૯૮ લિપિઓ બ્રાહ્મીમાંથી ઉતરી આવી છે, જે તેને વિશ્વની સૌથી પ્રભાવશાળી લેખન પરંપરાઓમાંની એક ગણાવવા પૂરતું છે.

ब्राह्मी व्यञ्जन।

ब्राह्मी संख्यांक



Numerals from Edicts of Ashoka



Brahmi numeral signs Cambridge University

બ્રાહ્મી લિપિના અંકો.



સંયુક્તાક્ષરો.



બ્રાહ્મીલિપિની બે બારાક્ષરી.



બ્રાહ્મીવર્ણમાળા (વિવિધ આકૃતિવાળા વર્ણો)

શાસ્ત્રોમાં લિપિના અનુસંધાન

1. नारदस्मृतिः।(AD-400-500)

लिखितं साक्षिणो भुक्तिः प्रमाणं त्रिविधं स्मृतम् । थनस्वीकरणे येन धनी धनमवाप्नुयात् ॥६९॥ नारदस्मृतिः।४।

नाकरिष्यद्यदि स्त्रष्टा लिखितं चक्षुरुत्तमम् । तत्रेयमस्य लोकस्य नाभविष्यच्छुभा गतिः ॥७०॥ नारदस्मृतिः।४।

लिखितं साक्षिणो भुक्तिः प्रमाणं त्रिविधं स्मृतम् । - वसिष्ठ

तस्य च भाववास्चित्रो भवन्ति लिखितम्, साक्षिणः समयक्रियाच । - विष्णु

प्रमाणं लिखितं भुविनः साक्षिणश्चेति कीर्त्तितम्। - याज्ञवल्क्य

વિવાદી પક્ષોના તર્ક-યુક્તિઓ સાંભળવા ઉપરાંત સત્યના નિર્ણય માટે, ન્યાયકર્તા પાસે બે સાધનો મુખ્ય છે. લેખિત સામગ્રી અને સાક્ષીનું પરીક્ષણ.(૬૯)

પરમેશ્વરે મનુષ્યને ઉત્તમ જ્ઞાનેન્દ્રિય ચક્ષુ આપી છે, જેનાથી પ્રત્યક્ષ અનુભવો લખાણ દ્વારા સ્થાપિત કરી શકે છે. ન્યાયના હિતમાં લેખિત પુરાવો ઉત્તમ ગણાય છે. (૭૦) નારદ સ્મૃતિ-૪

નારદ-સ્મૃતિ ઉપરાંત વસિષ્ઠ, વિષ્ણુ તથા યાજ્ઞવાલ્ક્ય જેવા સ્મૃતિકારોએ પણ તથ્ય-નિર્ણયના પ્રમાણ માટે લેખિત, સાક્ષી અને ભોગવટો(કબ્જો) મુખ્ય પ્રમાણ માન્યા છે.

આ બાબત લિપિ કે લખાણનો પ્રયોગ તે સમયે હોવાનું પ્રમાણ છે.

2. समवायाङ्ग सूत्र।(BCE-300)

बंभीए णं लिवीए अट्ठारसविहे लेखविहाणे पण्णत्ते तंजहा-बंभी जवणी लियादोसा ऊरिया खरोट्टिया खरसाविया

पहाराइया उच्चत्तरिया अक्खरपुट्ठिया भोगवयया वेणइया णिण्हइया अंक लिवी गणिय लिवी गंधव्व लिवी भूय

लिवी आदंस लिवी माहेसरी लिवी दामि लिवी बोलिंदि लिवी । समवायाङ्ग सूत्र - समवाय - १८

બ્રાહ્મી લિપિ લખવાના અઢાર પ્રકાર કહ્યા છે. જે આમ છે. ૧.બ્રાહ્મી કે બંભી. ૨. યવનાની ૩. લિપ્તદોશા ૪. ઉરિયા (ઉડિયા) ૫. ખરૌષ્ઠી ૬. ખરશ્રાવિતા ૭. પહરાઇયા ૮. ઉચ્ચતરિકા ૯. અક્ષરપૃષ્ટિકા ૧૦. ભોગવતિકા ૧૧ વૈનયિકી ૧૨. નિહ્નવિકી ૧૩. અંક લિપિ ૧૪. ગણિત લિપિ ૧૫. ગન્ધર્વ લિપિ ૧૬. ભૂતાદર્શ લિપિ ૧૭. માહેશ્વરી લિપિ, ૧૮. દામિ લિપિ (બોલિંદી લિપિ).

3. ॥ पंनवणा सूत्र चतुर्थोपाङ्ग प्रारम्भः ॥ (BCE-168)

से किंतं भासारिया २ जेणं अर्धमागहाए जा साए भासंति, जत्यविय णं बंभीलिवी पवत्तइ बंभीएणं लिवीए अठारसविहे लेस्कविहाणे

पस्मत्ते, तंजहा बंभीजवणाणिया दासापुरिसा खरुट्टी पुस्करसारिया भोगवइया पहराइया अंतस्करिया अक्खरपुठिया वेणइया

निण्हइया अंकलिवी गणियलिवी

गंधव्वलिवी आयासलिवी माहेसरी दोमिली पोलिंदी ॥१८॥ सेत्तं भासारिया ॥

अथ कतिविधाः भाषार्याः ? । भाषायां ये अर्द्धमागधीभाषां भाषन्ते यत्रेयं ब्राह्मणी लिपिः प्रवर्तते तस्यां ब्राह्मण्यां

लिप्यामष्टादशविधे लेख्यविधाने प्रवर्तते । तद्यथा ब्रह्मी यवनानी दासपुरुषोया खरुट्टी पुष्करसारिका भोगवती अन्तरिक्षका

अक्षरपृष्टिका वेणकीया निन्हिका अङ्कलिपिः गणितलिपि: गन्धर्वलिपिः आदर्शलिपिः माहेश्वरी दोमिलीलिपिः पौलिन्दी लिपिः तएते

भाषार्या: ।

તો ભાષાઓ કેટલા પ્રકારની?. ભાષામાં જેઓ અર્ધ-માગધી ભાષા બોલે છે. જ્યાં આ બ્રાહ્મીલિપિનો ઉપયોગ થાય છે. તેમની પાસે અઢાર જુદી જુદી લેખન પ્રણાલીઓ છે. ઉદાહરણ તરીકે, બ્રાહ્મી, યવનાની, દાસપુરુષોયા, ખરોષ્ઠી, પુષ્કરસારિકા, ભોગવતી, અંતરીક્ષકા, અક્ષરપ્રષ્ટિકા, વેણકીયા, નિન્હિકા, અંકલિપી, ગણિતલિપી, ગાંધર્વલિપી, આદર્શલિપી, માહેશ્વરી, દોમિલીલિપી, પૌલિંદી લિપી, આ ભાષાઓ છે.

આ લગભગ સમવાયાંગ સૂત્રની લિપિઓનું દ્વિરુક્તિકરણ જ છે.

4. ललितविस्तरे लिपिशालासंदर्शनपरिवर्तो दशमः ।(BCE-300)

अथ बोधिसत्त्व उरगसारचन्दनमयं लिपिफलकमादाय दिव्यर्षसुवर्णतिरकं समन्तान्मणिरत्नप्रत्युप्तं विश्वामित्रमाचार्यमेत्रमाह – कतमां मे भो उपाध्याय लिपिं शिक्षापयसि । ब्राह्मी-खरोष्टी-पुष्करसारिं अङ्गलिपिं वङ्गलिपिं मगधलिपिं मङ्गल्यलिपिं अङ्गुलीयलिपिं शकारिलिपिं ब्रह्मवलिलिपिं पारुष्यलिपिं द्राविडलिपिं किरातलिपिं दाक्षिण्यलिपिं उग्रलिपिं संख्यालिपिं अनुलोमलिपि अवमूर्धलिपिं दरदलिपिं खाष्यलिपिं चीनलिपिं लूनलिपिं हूणलिपिं मध्याक्षरविस्तरलिपिं पुष्पलिपिं देवलिपिं नागलिपिं यक्षलिपिं गन्धर्वलिपिं किन्नरलिपिं महोरगलिपिं असुरलिपिं गरुडलिपिं मृगचक्रलिपिं वायसरुतलिपिं भौमदेवलिपिं अन्तरीक्षदेवलिपिं उत्तरकुरुद्वीपलिपिं अपरगोडानीलिपिं पूर्वविदेहलिपिं उत्क्षेपलिपिं निक्षेपलिपिं विक्षेपलिपिं प्रक्षेपलिंपिं सागरलिपिं वज्रलिपिं लेखप्रतिलेखलिपिं अनुद्रुतलिपिं शास्त्रावर्ता गणनावर्तलिपिं उत्क्षेपावर्तलिपिं निक्षेपावर्तलिपिं पादलिखितलिपि द्विरुत्तरपदसंधिलिपिं यावद्दशोत्तरपदसंधिलिपि मध्याहारिणीलिपिं सर्वरुतसंग्रहणीलिपिं विद्यानुलोमाविमिश्रितलिपिं ऋषितपस्तप्तां रोचमानां धरणीप्रेक्षिणीलिपिं गगनप्रेक्षिणीलिपिं सर्वौषधिनिष्यन्दां सर्वसारसंग्रहणीं सर्वभूतरुतग्रहणीम् । आसां भो उपाध्याय चतुष्षष्टीलिपीनां कतमां त्वं शिष्यापयिष्यसि ?

ललितविस्तरे लिपिशालासंदर्शनपरिवर्तो दशमः ।

લલિતવિસ્તરમાં લિપિશાળા સંદર્શન-પરિવર્તો દશમઃ

હવે બોધિસત્વ દિવ્ય રંગના સુવર્ણ તિલકની આસપાસ મણિઓ અને રત્નોથી જડેલી, ઉરગ સારચન્દનથી બનેલી લિપિફલક લઈને, આચાર્ય વિશ્વામિત્રને કહ્યું.... હે! ઉપાધ્યાય, આપ મને કઈ લિપિ શીખવશો?. (૧) બ્રાહ્મી(૨) ખરોષ્ઠી(૩) પુષ્કરસારિ (૪)અઙ્ગ-લિપિ (૫)વઙ્ગ-લિપિ(૬)મગધ-લિપિ (૭) મઙ્ગલ્ય-લિપિ (૮)અઙ્ગુલીય-લિપિ(૯) શકારિ-લિપિ (૧૦) બ્રહ્મવલિ-લિપિ (૧૧)પારુષ્ય-લિપિ(૧૨) દ્રાવિડ-લિપિ(૧૩) કિરાત-લિપિ(૧૪) દાક્ષિણ્ય-લિપિ (૧૫) ઉગ્ર-લિપિ(૧૬) સંખ્યા-લિપિ(૧૭)અનુલોમ-લિપિ (૧૮) અવમૂર્ધ-લિપિ (૧૯) દરદ-લિપિ(૨૦)ખાષ્ય-લિપિ(૨૧)ચીન-લિપિ (૨૨) લૂન-લિપિ (૨૩)હૂણ-લિપિ (૨૪)મધ્યાક્ષરવિસ્તર-લિપિ (૨૫) પુષ્પ-લિપિ (૨૬) દેવ-લિપિ (૨૭) નાગ-લિપિ (૨૮) યક્ષ-લિપિ (૨૯)ગન્ધર્વ-લિપિ(૩૦)કિન્નર-લિપિ (૩૧) મહોરગ-લિપિ (૩૨)અસુર-લિપિ (૩૩)ગરુડ-લિપિ (૩૪)મૃગચક્ર-લિપિ (૩૫)વાયસરુત-લિપિ (૩૬) ભૌમદેવ-લિપિ (૩૭) અન્તરિક્ષદેવ-લિપિ

(૩૮) ઉત્તરકુરુદ્વીપ-લિપિ (૩૯) અપરગોદાનીય-લિપિ (૪૦)પૂર્વવિદેહ-લિપિ (૪૧)ઉત્ક્ષેપ-લિપિ(૪૨)નિક્ષેપ-લિપિ(૪૩)વિક્ષેપ-લિપિ (૪૪)પ્રક્ષેપ-લિપિ (૪૫)સાગર-લિપિ (૪૬)વજ્ર-લિપિ (૪૭)લેખપ્રતિલેખ-લિપિ (૪૮)અનુદ્રુત-લિપિ (૪૯) શાસ્ત્રાવર્તા (૫૦)ગણનાવર્ત-લિપિ(૫૧)ઉત્ક્ષેપાવર્ત-લિપિ(૫૨) નિક્ષેપાવર્ત-લિપિ (૫૩)પાદલિખિત-લિપિ (૫૪)દ્વિરુત્તરપદસંધિ-લિપિ, યાવદ્દશોત્તરપદસંધિ-લિપિ(= બે વર્ણોથી લઇ દસ વર્ણોને ઉત્તરોત્તર એકમાં મેળવી લખાતી લિપિ.) (૫૫)મધ્યાહારિણી-લિપિ(૫૬)સર્વરુતસંગ્રહણી-લિપિ (૫૭) વિદ્યાનુલોમાવિમિશ્રિત-લિપિ (૫૮)ઋષિતપસ્તપ્તાં=ઋષિઓના તપથી તપેલી લિપિ. (૫૯) રોચમાનાં (૬૦)ધરણીપ્રેક્ષિણી-લિપિ (૬૧)ગગનપ્રેક્ષિણી-લિપિ (૬૨) સર્વૌષધિનિષ્યન્દા (૬૩) સર્વસારસંગ્રહણીં (૬૪) સર્વભૂતરુતગ્રહણી નામની આ ચોસઠ લિપિઓમાંથી, હે! ઉપાધ્યાય, આપ કઈ લિપિ શીખવશો?

હાથીવાડા ઘોસુણ્ડી- રાજસ્થાન-ચિત્તોડગઢ

બ્રાહ્મી લિપિ-સંસ્કૃત ભાષા (ઈ.સ.પૂર્વે.૧-૨-સદી) ડાબી બાજુનો અર્ધભાગ



જમણી બાજુનો અર્ધભાગ.

હાથીવાડા-ઘોસુણ્ડી નાગરીગામ પાસેથી (રાજસ્થાન-ચિત્તોડગઢથી ૧૩ કી.મી. ઉત્તરે) બ્રાહ્મીલિપિનો સંસ્કૃતભાષામાં પ્રાચીનતમ અભિલેખ (ઇ.સ.પૂર્વે.૧-૨-સદી) મળી આવેલ છે. વૈષ્ણવ સંપ્રદાયનો અતિ પ્રાચીન લેખ છે. જે શ્રીદેવદત્ત-રામકૃષ્ણ ભાંડારકરે સૌપ્રથમ ઉકેલ્યો હતો. એમાં સંકર્ષણ અને વાસુદેવના પૂજાઘરની ચારે તરફ ચાર-દિવારી બનાવવાનો તથા ગજવંશના સર્વતાત દ્વારા અશ્વમેધ યજ્ઞ કરાવવાનો ઉલ્લેખ છે.

બ્રાહ્મી લિપિમાંથી આધુનિક દેવનાગરી સુધીનો ઉત્ક્રાન્તિક્રમ. જેમ્સ પ્રિન્સેપ-૧૮૩૮માર્ચ.



ગુપ્તકાલીન બ્રાહ્મીઃ

ગુપ્ત બ્રાહ્મી લિપિ અથવા લેટ બ્રાહ્મી લિપિ તરીકે ઓળખાય છે સંસ્કૃત લખવા માટે ઉપયોગમાં લેવાતી હતી અને તે ભારતીય ઉપખંડના ગુપ્ત સામ્રાજ્ય(ON top AD319 to 467-Ruled upto 550) સાથે સંકળાયેલી છે, જે ભૌતિક સમૃદ્ધિ અને મહાન ધાર્મિક, સાહિત્યિક અને વૈજ્ઞાનિક વિકાસનો સુવર્ણયુગ હતો. ગુપ્ત લિપિ બ્રાહ્મીમાંથી ઉતરી આવી છે,અને તેણે શારદા અને સિદ્ધ લિપિને જન્મ આપ્યો હતો. અને આ લિપિઓએ મહત્વપૂર્ણ ભારતીય લિપિઓને જન્મ આપ્યો, જેમાં દેવનાગરી લિપિ કે જે, 19મી સદીથી સંસ્કૃત લખવા માટે સ્થિર થયેલી છે. પંજાબી માટે ગુરુમુખી લિપિ, બંગાળી-આસામી-ઉડીયા લિપિ, તિબેટીયન લિપિ અને સંભવતઃ જો લેડયાર્ડના સિદ્ધાંત પર આધારિત હોય તો હંગુલ(કોરીયન લિપિ-૧૩૫૦)નું દૂરનું મૂળ પણ માની શકાય.

મૌર્યકાલીન BCE-300

ગુપ્તકાલીન CE-15

स्वामिस्य महक्षत्रपस्य शुदासस्य દેવનાગરી લિપિ

Calligraphical evolution=સુલેખનાત્મક ઉત્ક્રાન્તિઃ 3rd century BCE બ્રાહ્મીનું સુલેખન અને ગુપ્તકાલીન બ્રાહ્મી દ્વારા રજૂ કરાયેલ નવી સુલેખન શૈલીનો નમૂનો (નીચે, મિર્ઝાપુર સ્ટીલ શિલાલેખનો ટુકડો, મથુરાની આસપાસ, લગભગ 15 CEનું લખાણ છે(સ્વામિસ્ય મહાક્ષત્રપસ્ય સુદાસસ્ય). બ્રાહ્મી લિપિની સુલેખન શૈલી મૌર્ય સામ્રાજ્યના સમયથી પહેલી સદી બીસીઇના અંત સુધી યથાવત રહી હતી.



वे दि स के हि दं त का रे हि रु प कं मं क तं

સાંચીમાં 1લી સદી બીસીઇ-સીઇનો લેખઃ જે વિદિશાના હાથીદાંતના કારીગરોનું કોતરકામ છે. ખાસ કરી અનુસ્વાર દેખાય છે.

ગુપ્ત લિપિ અશોકન બ્રાહ્મી લિપિમાંથી ઉતરી આવી છે.અને તે બ્રાહ્મી અને અન્ય મોટાભાગની બ્રાહ્મી પરથી આવેલી લિપિઓ વચ્ચેની નિર્ણાયક કડી છે. ગુપ્ત લિપિ તેના પુરોગામી અને અનુગામીઓની જેમ જ કાર્ય કરે છે, અને માત્ર આકૃતિઓ અને સ્વરચિહ્નોના સ્વરૂપો અલગ છે. જે ૪થી સદીમાં, વધુ ઝડપથી અને સૌંદર્યલક્ષી લખવાની ઇચ્છાના પરિણામે, અક્ષરોના વધુ મરોડદાર(cursive) અને સપ્રમાણ સ્વરૂપો સ્વીકારવાનું શરુ થયું. આથી સમગ્ર સામ્રાજ્યમાં લિપિમાં પ્રાદેશિક વિવિધતાઓ વર્ગીકૃત કરવામાં આવી છે; આ અર્થમાં, ગુપ્ત લિપિ એટલે ગુપ્તકાળમાં લખાયેલા કોઈપણ પ્રકારના લેખન માટે લેવો જોઈએ, ભલે લિપિઓમાં એકરૂપતાનો અભાવ હોય.

ગુપ્ત લિપિના હયાત અભિલેખો ઘણું કરી; લોખંડ, પથ્થરના સ્તંભો પર અને ગુપ્ત યુગના સોનાના સિક્કાઓ પર જોવા મળે છે. પ્રયાગરાજની પ્રશસ્તી સૌથી મહત્વપૂર્ણ છે. જે રાષ્ટ્રીય કવિ અને સમુદ્રગુપ્તના મંત્રી હરિશેણ દ્વારા રચાયેલી છે. અને તે સમુદ્રગુપ્તના શાસનકાળનું વર્ણન કરે છે, જેમાં ગુપ્ત વંશના બીજા રાજા તરીકે સિંહાસનસ્થ થયા પછી અન્ય રાજાઓ પર મેળવેલા વિજયની કથાઓ અશોકના પ્રયાગ-સ્તંભ પર અંકિત છે.



ડાબી તરફનો અર્ધો ભાગ છે.
રાજા અનંતવર્મનનો ગુપ્ત લિપિ અને સંસ્કૃત ભાષામાં ગોપિકા ગુફામાંનો શિલાલેખ. ઈ.સ.૫મી કે ૬ઠ્ઠી સદી. બરાબર ગુફાઓ,જેહાનાબાદ બિહાર.

१॥ ओम् उन्निद्रस्य सरोरुहस्य सकलाम् आक्षिप्य शोभं रुचा ।

२॥ देव्या वः स्थिरभक्तिवादसदृशीं युञ्जन् फलेनार्थितां ।

३॥ आसीद् इष्टसमृद्धयज्ञमहिमा श्रीयज्ञवर्म्मा नृपः ।

४॥ प्रज्ञानान्वयदानविक्कमगुणैर् यो राजकस्याग्रणी ।

५॥ तस्योदीर्णमहार्णवोपमरणव्यापारलव्धं यशः ।

६॥ श्रीमान् वन्धुसुहृज्जनप्रणयिनाम् आशाः फलैः पूरय ।

७॥ तस्यानन्तम् अनन्तकीर्त्तियशशो नन्तादिवर्म्माख्यया ।

८॥ आसूर्यक्षितिचन्द्रतारकम् इयं पुण्यास्पदं वाञ्छता ।

९॥ धौताङ्गोमलपङ्कदोषम् अमलैर् माहानदैर् अम्वुभिः ।

१०॥ कल्पान्तावधिभोग्यम् उच्चशिखरिच्छायावृतार्कद्युतिं ।



ભટ્ટીપ્રોલુ બ્રાહ્મી લિપિ

ભટ્ટીપ્રોલુ લિપિ એ બ્રાહ્મી લિપિનો એક પ્રકાર છે જે ભારતના આંધ્ર પ્રદેશના અગાઉના ગુંટુર જિલ્લાના એક નાનકડા ગામ ભટ્ટીપ્રોલુ ખાતે જૂના શિલાલેખોમાં જોવા મળે છે. તે ફળદ્રુપ કૃષ્ણા નદીના ડેલ્ટા અને નદીમુખના પ્રદેશમાં સ્થિત છે જ્યાં નદી બંગાળની ખાડીને મળે છે.

શિલાલેખોનો સમય; 3જી અને 1લી સદી બીસીઇની વચ્ચે છે, જે દક્ષિણ ભારતમાં બ્રાહ્મી લેખનનો પ્રારંભિક પુરાવો છે.

ભટ્ટીપ્રોલુ અશોકન બ્રાહ્મીથી બે નોંધપાત્ર રીતે અલગ છે. પ્રથમ, घ-ज-म-ल-स અક્ષરો "આમૂલ રીતે અલગ" છેઃ બ્રાહ્મીની તુલનામાં म ઊલટું છે, જ્યારે घ સેમિટિક હેથને બદલે g માંથી ઉતરી આવ્યો હોવાનું જણાય છે. બીજું, સહજ સ્વર કાઢી નાખવામાં આવ્યો છેઃ ડાયાક્રિટિક્સ વિના લખાયેલ વ્યંજન એકલા વ્યંજનનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રારંભિક ભારતીય લિપિઓમાં ભટ્ટીપ્રોલુ અને તમિલ બ્રાહ્મી માટે આ અનન્ય છે.

શોધકાર્ય બોસવેલ, સર વોલ્ટર ઇલિયટ, રોબર્ટ સેવેલ, એલેક્ઝાન્ડર રિયા, બ્યુહલર દ્વારા વર્ષ ૧૮૭૦ માં શરૂ કરાયેલ અને આર. સુબ્રહ્મણ્યમ દ્વારા ૧૯૬૯ સુધી ચાલુ રહેલ.ઉત્ખનન વખતે બૌદ્ધ સ્તૂપનું સંકુલ (૧૭૦૦ ચોરસ વારના વિસ્તારમાં, ૧૪૮ફૂટનો ડ્રમ-વ્યાસ, ગુંબજનો વ્યાસ ૧૩૨ ફૂટ, ૪૦ ફૂટની ઊંચાઈ અને ૮ ફૂટનો પરિક્રમા માર્ગ..... બાંધકામ માટે 45 x 30 x 8 સેમીના પરિમાણોની ઇંટોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

એલેક્ઝાન્ડર રિયાએ ૧૮૯૨માં સ્ફટિક કાસ્કેટ, બુદ્ધના અવશેષો અને ઝવેરાત ધરાવતી ત્રણ કોતરેલા પથ્થરના અવશેષોની શોધ કરી હતી. સૌથી નોંધપાત્ર શોધ એ સ્તૂપના મધ્ય સમૂહમાંથી બુદ્ધના સરિર-ધાતુના સ્ફટિક અવશેષો છે. મહાચૈત્ય (મહાન સ્તૂપ) એક વિશાળ થાંભલાવાળા હોલના અવશેષો, બુદ્ધની ઘણી છબીઓ સાથે ખંડેર સ્તૂપનો એક મોટો સમૂહ, તાંબાના વાસણ ધરાવતું પથ્થરનું વાસણ, જેમાં વધુ બે, ચાંદીની કાસ્કેટ અને તેની અંદર, સોનું હતું. હાડકાં અને સ્ફટિકના મણકાવાળી કાસ્કેટ મળી આવી હતી.

બુદ્ધના અવશેષો ધરાવતા કલશ પર લિપિ લખવામાં આવી હતી. ભાષાશાસ્ત્રીઓ અનુમાન કરે છે કે મૌર્ય બ્રાહ્મી ત્રીજી સદી બીસીઇમાં વિકસિત થઇ હતી અને તે પછી તરત જ ભટ્ટીપ્રોલુનો પ્રવાસ કર્યો હતો. ભટ્ટીપ્રોલુ લિપિમાં ૨૩ વર્ણની ઓળખ થઇ હતી. ग અને स માટેના વર્ણો મૌર્ય-બ્રાહ્મી જેવા જ છે.

કુલ નવ શિલાલેખો છે, જે બધા બીસીઇ-૨-જી સદીના અથવા તે પહેલાંના છે. દસમો શિલાલેખ જે પ્રાકૃતમાં લખાયેલ છે, તે પ્રમાણભૂત બ્રાહ્મીની ખૂબ નજીકની લિપિમાં છે.

ભટ્ટીપ્રોલુ શિલાલેખ પણ તમિલ બ્રાહ્મી સાથે પ્રણાલિગત પરંતુ પેલિયોગ્રાફિક સમાનતા દર્શાવે છે. રિચાર્ડ સલોમોનના મતે, ભટ્ટીપ્રોલુ લિપિની શોધ મૂળરૂપે દ્રવિડિયન ભાષા લખવા માટે કરવામાં આવી હતી પરંતુ તેને ઈન્ડો-આર્યન પ્રાકૃત લખવા માટે ફરી ઉપયોગ થયો હતો. આથી ભટ્ટીપ્રોલુ અને તમિલ બ્રાહ્મી બંને દ્રવિડિયન ભાષાઓનું પ્રતિનિધિત્વ કરવા માટે સામાન્ય ફેરફારો ધરાવે છે. ભટ્ટીપ્રોલુ લિપિને તમિલ બ્રાહ્મીના ઉકેલ માટેનો રોઝેટ્ટા-સ્ટોન પણ ગણવામાં આવે છે.

વિદ્વાનો માને છે કે, આ લિપિએ કદમ્બ લિપિને જન્મ આપ્યો, જે પાછળથી તેલુગુ લિપિ અને કન્નડ લિપિમાં વિભાજિત થઈ.

તમિળ બ્રાહ્મીઃ

તમિલ-બ્રાહ્મી, જેને તમિલ અથવા દામિલી તરીકે પણ ઓળખવામાં આવે છે, દક્ષિણ ભારતમાં બ્રાહ્મી લિપિનો એક પ્રકાર હતો. તેનો ઉપયોગ જૂના તમિલના પ્રારંભિક સ્વરૂપમાં શિલાલેખો લખવા માટે થતો હતો. તમિલ-બ્રાહ્મી લિપિ ત્રીજી સદી બીસીઇ અને પ્રથમ સદી સીઇ વચ્ચે પુરાલેખીય (પેલેઓગ્રાફિકલી) અને સ્તર-વિન્યાસની (સ્ટ્રેટેગ્રાફિકલી) રીતે નક્કી કરવામાં આવી છે, અને તે તમિલનાડુ, કેરળ, આંધ્ર પ્રદેશ અને શ્રીલંકાના ઘણા ભાગોમાં પુરાવા તરીકે સૌથી જૂની જાણીતી લેખન પદ્ધતિ છે. તમિલ બ્રાહ્મી શિલાલેખો ગુફાના પ્રવેશદ્વારો, પથ્થરની પથારીઓ, દફન-બરણી, સિક્કા, મુદ્રાઓ અને વીંટીઓ પર મળી આવ્યા છે.

તમિલ બ્રાહ્મી સામ્યતા ધરાવે છે પરંતુ ભારતીય ઉપખંડમાં અન્યત્ર મળેલા બ્રાહ્મી શિલાલેખો કે, આંધ્રપ્રદેશમાં મળેલા અશોકના શિલાલેખોથી ઘણી અલ્પ રીતે જુદી પડે છે.

કામિલ ઝવેલેબિલ અનુસાર, તમિલ-બ્રાહ્મી લિપિ એ મૂળ લિપિ હતી જે આખરે પછીની વટ્ટેલુટ્ટુ અને તમિલ લિપિમાં વિકસિત થઈ.

પ્રારંભિક તમિલ લિપિઓઃ તમિલ ભાષા લખવા માટેની લિપિનો પ્રારંભિક ઉલ્લેખ જૈન કૃતિ સમવાયંગ સુત્ત અને પન્નવણ સુત્તમાં જોવા મળે છે. ભારતમાં ઉપયોગમાં લેવાતી અઢાર લિપિઓમાંથી સત્તરમી લિપિ તરીકે, દામિલી લિપિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, લલિતવિસ્તરના દસમા અધ્યાયમાં પરિવર્તિત નામ આપવામાં આવ્યું છે, દ્રવિડ-લિપિ અને દક્ષિણી-લિપિને ૬૪ લિપિમાંથી બે તરીકે સૂચિબદ્ધ કરે છે. જે સિદ્ધાર્થ તેમના ગુરુઓ પાસેથી બાળપણમાં શીખ્યા હતા, તે યાદી ભારતીય બૌદ્ધ ગ્રંથો અને તેના પ્રાચીન ચાઈનીઝ અનુવાદો બંનેમાં જોવા મળે છે. જૈન અને બૌદ્ધ સાહિત્ય સંબંધમાં ઉલ્લેખિત આ લિપિ સાથે પ્રારંભિક તમિલ લિપિનો સંબંધ અસ્પષ્ટ છે. ઘણા તમિલ-બ્રાહ્મી લિપિને દામિલી લિપિનો પર્યાય માને છે.

Mangulam_inscription_(south_India)

દક્ષિણ ચિત્રા, ચેન્નાઈ ખાતે મંગુલમ તમિલ-બ્રાહ્મી શિલાલેખ. 1882માં રોબર્ટ સેવેલ દ્વારા તેની શોધ કરવામાં આવી હતી અને 1924માં સુબ્રહ્મણ્ય ઐયર દ્વારા તેનો અર્થ સમજાવવામાં આવ્યો હતો.

તમિલ-બ્રાહ્મી લિપિઃ સ્ક્રિપ્ટ પ્રકાર Abugida, દિશાઃ ડાબે-થી-જમણે,
પિતૃ સિસ્ટમઃઇજિપ્તીયન, પ્રોટો-સિનાઇટિક, ફોનિશિયન, એરામિક, બ્રાહ્મી, તમિલ-બ્રાહ્મી.
બાળ પ્રણાલીઓ વટ્ટેલુટ્ટુ, પલ્લવ[2]
સિસ્ટર સિસ્ટમ્સઃ ભટ્ટીપ્રોલુ, ગુપ્તા, સિંહલી, તોખારિયન.
ઉત્તરીય બ્રાહ્મી લિપિ પરથી ઘણે ભાગે નીચેની લિપિઓ ઉતરી આવી છે.

ઉત્તરીય બ્રાહ્મિક	ગુપ્ત	શારદા	લંદા	ગુરુમુખી	ખોજકી	ખુદાબાદી	મુલતાની	મહાજની	ટકરી
ડોગરી	સિદ્ધમ	નાગરી	દેવનાગરી	ગુજરાતી	મોડી	કેનેડિયન સિલેબિક્સ	ઇનુકિટ્યુટ	ક્રી	નંદીનાગરી
કૈથી	સિલ્હેતી નાગરી	ગૌડી	બંગાળી-આસામી	બંગાળી	આસામી	તિર્હુતા	ઓડિયા	નેપાળી	ભુજીમોલ
રંજના	સોયોમ્બો	પ્રચલિત	તિબેટીયન	મીતેઈ	લેપચા	લિમ્બુ	ખેમા	ફાગસ્પા	ઝનાબજાર સ્ક્વેર
માર્ચેન	માર્ચંગ	પંગ્સ-ચેન	પંગ્સ-ચુંગ	દ્રુષા	કલિંગ	ભૈક્ષુકી	તોખારિયન		

દક્ષિણી બ્રાહ્મી લિપિ પરથી ઘણે ભાગે નીચેની લિપિઓ ઉતરી આવી છે.

દક્ષિણી બ્રાહ્મિક	તમિલ-બ્રાહ્મી	પલ્લવ	તમિલ	ગ્રંથ	મલયાલમ	તિગલરી	ધિવેસ અકુરુ	સૌરાષ્ટ્ર	ખ્મેર
ખોમ થાઈ	પ્રોટો-તાઈ સ્ક્રિપ્ટ?	સુખોઈ	થાઈ	ફક્કમ	થાઈ નોઈ	લાઓ	તાઈ વિયેત	ડાઇ ડોન	લાય તય
લાઈ પાઓ	ચમ	કાવી	બાલિનીસ	બટક	બીમા	બુડા	જાવાનીસ	ઓલ્ડ સુન્ડનીઝ	સુન્ડનીઝ
લોન્ટારા	મકાસર	ઉલુ સ્ક્રિપ્ટો	ઇન્કંગ	લેમ્પંગ	લેમ્બક	ઓગન	પસેમહ	રેજાંગ	સેરવાઈ
બાયબાયિન	બુહીદ	હનુનુ	તગબનવા	કુલિતન	મોન-બર્મીઝ	બર્મીઝ	ચકમા	S'gaw કારેન	શાન
તંચંગ્યા	Lik-Ti સ્ક્રિપ્ટો	અહોમ	ખામતી	તાઈ લે	આધુનિક-મોન	તાઈ થામ	નવી તાઈ લ્યુ	પ્યુ	વટ્ટેલુટ્ટુ
કોલેઝુથુ	મલયાનમા	સિંહાલી	ભટ્ટીપ્રોલુ	કદંબ	તેલુગુ-કન્નડ	કન્નડ	ગોયકાનાડી	તેલુગુ	

સિયામ-મલય દ્વીપકલ્પ અને વિયેતનામમાં મળેલા તમિલ બ્રાહ્મી અને ઉત્તરીય (અશોકન-મૌર્યન) બ્રાહ્મી શિલાલેખો દક્ષિણપૂર્વ એશિયામાં લેખનના સૌથી પહેલા જાણીતા પુરાવા છે.

The Tocharian script- તોખારિયન લિપિઃ

તોખારિયન લિપિ, જેને Central Asian slanting Gupta script-મધ્ય એશિયાની ત્રાંસી ગુપ્ત લિપિ અથવા ઉત્તર તુર્કસ્તાન બ્રાહ્મી તરીકે પણ ઓળખવામાં આવે છે, એ અબુગિડા છે જે સ્વરોના પ્રતિકો વ્યંજન સાથે સાંકળવા માટે ખાસ ચિહ્નોની વ્યવસ્થા વાપરે છે. તે ભારતીય બ્રાહ્મી લિપિનું સંસ્કરણ છે. તેનો ઉપયોગ મોટે ભાગે ૩-જી થી ૮-મી સદીની મધ્ય એશિયાઈ ઈન્ડો-યુરોપિયન તોખારિયન ભાષાઓ લખવા માટે થાય છે, તાડના પાંદડા, લાકડાની મુદ્રાઓ અને ચાઈનીઝ કાગળ પર લખી

સાચવવામાં આવતી. તારિમ બેસિનની અત્યંત શુષ્ક આબોહવા દ્વારા સચવાયેલ લખાણોના નમૂનાઓ કુચા અને કારસાહરના સ્થળોએ મળી આવ્યા છે, જેમાં ઘણા ભીંતચિત્રો પણ સામેલ છે. તોખારિસ્તાન (ગ્રીકોના બેક્ટ્રિયા)ના તોખારી લોકો આ ભાષા બોલતા. જેથી પ્રારંભિક લેખકોએ આ ભાષાઓને "તોખારિયન" તરીકે ઓળખાવી હતી. આજે પણ આ નામકરણ યથાવત્ છે. તોખારિયન લિપિ બ્રાહ્મી પરથી ઉતરી આવી છે અને તેને ત્રાંસી બ્રાહ્મી તરીકે ઓળખવામાં આવે છે. હસ્તપ્રતોનો મોટો હિસ્સો સંસ્કૃતમાં જાણીતી બૌદ્ધ કૃતિઓના અનુવાદો હતા અને તેમાંથી કેટલીક તો દ્વિભાષી હતા, જે નવી ભાષાને સમજવાની સુવિધા કરી આપતા. તી. બૌદ્ધ અને મનિચિયન ધાર્મિક ગ્રંથો ઉપરાંત, મઠના પત્રવ્યવહાર, હિસાબો, વ્યાપારી દસ્તાવેજો, કારવાંની પરવાનગીઓ, તબીબી અને જાદુઈ ગ્રંથો, એક પ્રેમ કવિતા પણ હતી. ઘણા તોખારિયનોએ મનિચિયન દ્વૈત અથવા બૌદ્ધ ધર્મ અપનાવ્યો.

તોખારિયન લિપિ સંભવતઃ ઇ.સ.૮૪૦ પછી મૃત્યુ પામી હતી, જ્યારે ઉઇગરોને કિર્ગીઝ દ્વારા મોંગોલિયામાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા, અને તારિમ બેસિનમાં પીછેહઠ કરી હતી.



કિઝિલ ગુફામાં ઉભા-બુદ્ધના ચિત્ર નીચે(CE-245-340) પશ્ચિમી-તોખારિયન શિલાલેખ.
વાંચનઃ સે પંચે સંકેતવત્સે ષર્ષ પાપૈકૈ. "આ બુદ્ધ સંકેતવના હાથે દોરવામાં આવ્યા હતા"

બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મને લગતી અત્યાર સુધીની સંભવતઃ સૌથી જૂની સંસ્કૃત હસ્તપ્રતની ઉંમર 130 CE (80-230 CE) છે, જે કુષાણ રાજા કનિષ્કના શાસનને અનુરૂપ છે. તોખારિયન લિપિ કુશાન સામ્રાજ્યની મધ્ય બ્રાહ્મી લિપિમાંથી વિકસિત થઈ છે

બ્રાહ્મી લિપિ ઘણું કરી, ત્રણ મુખ્ય પ્રકારોમાં વર્ગીકૃત કરવામાં આવે છે, જે લગભગ એક સહસ્રાબ્દીમાં તેની ઉત્ક્રાંતિના ઐતિહાસિક તબક્કાઓનું પ્રતિનિધિત્વ કરે છેઃ પ્રારંભિક બ્રાહ્મી અશોકન લિપિ.(બીસીઇ-3જી સદી થી 1લી સદી). મધ્ય બ્રાહ્મી જે "કુશાન બ્રાહ્મી" પણ કહેવાય છે. (ઇ.સ. 1લી-3જી સદી). ગુપ્તકાલીન લિપિ. ગુપ્ત બ્રાહ્મી (ઇ.સ.4થી સદી થી 6મી સદી). તમિળ બ્રાહ્મી અને તોખારિયન બ્રાહ્મી પણ આ ત્રણ મુખ્ય પ્રવાહમાં સમાઇ જાય છે.

૯.ક-૧. અશોકના શિલાલેખોની બ્રાહ્મી-ખરોષ્ઠી-આરામાઇક-ગ્રીક.

ખરોષ્ઠી લિપિ.

ખરોષ્ઠી લિપિઃ આ લિપિનો વિકાસ એરામાઇક લિપિ પરથી લગભગ BCE-600માં ભારતના વાયવ્ય (NW) પ્રાન્તોમાં રહેતા લોકોએ વિકસાવી. જેમાં બેક્ટ્રીયા, સીથિયા, પર્શિયા, ભારત વગેરે દેશોની પ્રજા સામેલ હતી. ઈરાનમાં પણ ક્યુનિફોર્મ લિપિનો ઉપયોગ થોડો કઠિન પડતો. આથી ક્યુનિફોર્મ લિપિને બદલે એરામાઇક આલ્ફાબેટનો ઉપયોગ શરૂ થયો હતો.
આ લિપિનું નામ ખરોષ્ઠી પડવા પાછળ વિદ્વાનોએ કેટલાક તર્ક કર્યા છે.

(૧) સંસ્કૃતના બે શબ્દો **खर** અને **ओष्ठ** પરથી ગધેડાના હોઠ જેવી લિપિ કહી છે. પણ આ બહુ વજુદવાળી વાત લાગતી નથી! બે શબ્દ છૂટા પાડી અર્થો બદલાવી શકાય! જેમકે, ‘‘અક્ષર’’૧.અક્ષ+ર=આંખને રમણ કરે છે તે, ૨.અ+ક્ષર= જેનો ક્ષય નથી તે. અહીં લિપિની આકૃતિઓ અને ખરના ઓષ્ઠ સાથે જરા ય મેળ નથી!

(૨) સ્વર **खर-पोस्ता** એટલે કે ગધેડાની ચામડી પર લખાયેલી લિપિ.

(૩) એરામાઇક ભાષાના શબ્દ **खरोष्ठ** પરથી.

(૩) હિબ્રુ ભાષાના ભાષાના શબ્દ **खरोशेय** જેનો અર્થ લખવાની શૈલી કે લખાવટ થાય છે. તે પરથી **खरोष्ठी** નામ પડ્યું હશે. આ તર્ક સન્માન્ય લાગે છે.

(૪)કાશઘરને (કાશ્મીરની ઉત્તરે) સંસ્કૃતમાં ખરોષ્ઠ કહે છે. અહીંથી આ લિપિ વધારે પ્રચલિત થઈ હોય, પછી ખરોષ્ઠી કહેવાઇ હશે.

આ લિપિના રહસ્યોદઘાટનની પણ એક કથા છે. જેમાં કેટલાક વિદ્વાનો પાત્ર છે. કર્નલ ટોડે બેક્ટ્રીયા, ગ્રીક, શક, પાર્થિયા, કુષાણ-વંશીય રાજાઓના કેટલા પ્રાચીન સિક્કાઓ અને અભિલેખોનો સંગ્રહ કર્યો હતો.

1830માં જનરલ વેન્ટુરાએ માનિકિયાલના સ્તૂપના ઉત્ખનન વખતે એમાંથી, કેટલાક સિક્કા અને બે ખરોષ્ઠી લિપિના અભિલેખ મળી આવેલા. 1838માં મૈસને પોતાનો જાન જોખમમાં મૂકી 80-ફુટ ઊંચા પહાડ પર કોતરેલા અશોકના શિલાલેખો(ચૌદ-ધર્માદેશો)ની પ્રતિલિપિ તૈયાર કરી, પ્રિન્સેપને મોકલી; સાથે સાથે તેણે કેટલાક સિક્કાની એક બાજુ ખરોષ્ઠી અને બીજી બાજુ ગ્રીક લિપિમાં રાજાઓના નામ વાંચ્યા, જે પ્રમાણિત કરવા જેમ્સ પ્રિન્સેપને મોકલી આપ્યા, ત્યાં તેના ઉકેલ સાચા ઠર્યા. વિદ્વાનો એવા નિર્ણય પર આવ્યા કે, આ જમણીથી ડાબી તરફ વંચાતી લિપિની ભાષા પ્રાકૃત કે પાલી છે. પ્રિન્સેપ અને તેના સહયોગીઓએ 1840માં ૩૭-અક્ષરોવાળી ખરોષ્ઠી વર્ણમાળા તૈયાર કરી.

ઉત્તરસિંધ (પાકિસ્તાન)ના ભાવલપુરની વાયવ્યે એક સૂઇવિહારનો જીર્ણ સ્તૂપ છે. ત્યાંથી કેટલાક બીજી શતાબ્દિના અભિલેખો મળ્યા, તે પણ 1870માં ડાઉસન નામના વિદ્વાને ઉકેલ્યા. આ લખાણની તારીખ.૭-૬-૧૩૯ નિર્ધારિત કરેલી.

આમ ખરોષ્ઠી ભારતની બે પ્રાચીન લિપિયોમાંની એક છે, જે જમણી બાજુથી ડાબી બાજુ તરફ લખાય છે. અશોકના શાહબાજગઢી અને મનસેહરાના અભિલેખો ખરોષ્ઠીમાં પણ લખાયા છે. સિક્કા, મૂર્તિઓ, ભોજપત્ર, શિલાલેખ ઉપરાંત મળે છે, જેનું મુખ્ય કેન્દ્ર તક્ષશિલા હતું. પરંતુ ઉત્તરમાં મથુરા, મૈસુર, ઝારખંડ સુધી તેનો પ્રસાર હતો. કુષાણયુગ પછી ચીન, તુર્કસ્તાનમાં પણ ખરોષ્ઠીનો પ્રસાર થયેલ છે. ઘણું કરી ઈરાનના હખેમેનીડ સામ્રાજ્યમાં ક્યુનિફોર્મ લિપિ છોડી એરામાઇક લિપિ અપનાવી અને આરામાઇકપરથી ખરોષ્ઠી વિકસાવી જેનું અશોકના સમય સુધીમાં દ્રઢીકરણ થવા પામેલું. અહીં ખરોષ્ઠીમાં બ્રાહ્મીના આધારે કેટલાક પરિવર્તનો પણ થયા. બ્રાહ્મી સાથે ઘણે સ્થળે ખરોષ્ઠી પણ વપરાઇ છે.

ખરોષ્ઠી-સ્વર



વ્યંજન

અંક



પંક્ચ્યુએશન માર્ક



ખરોષ્ઠી લિપિમાં શાહબાજગઢીનો સાતમો શિલાલેખ (અશોક). *જમણીબાજુથી ડાબી તરફ આ રીતે વાંચી શકાય છે.*

1. देवनं→ प्रियो प्रियशि रज सव्रत्र इछति→ सव्र   *(व्रस तिछइ त्रव्रस←जर शियप्रि योप्रि नंवदे←)*

2. प्रषंड वसेयु सवे हि ते सयमे भवशुधि च इछंति

3. जनो चु उचवुचछंदो उचवुचरगो ते सव्रं व एकदेशं व

4. पि कषंति विपुले पि चु दने बस नस्ति सयम भव

5. शुधि किट्रजत द्रिढ भतित निचे पढं

અર્થાત્......
દેવોના પ્રિય, પ્રિયદર્શી રાજા ઈચ્છે છે કે સર્વ સંપ્રદાયો સર્વત્ર રહે
લોકોને સાથે રહેવા દો, કારણ કે તમામ સંપ્રદાયો સંયમ અને ચિત્તની શુદ્ધતા ઈચ્છે છે.
પરંતુ જુદા જુદા મનુષ્યોની વૃત્તિ અને રસ અલગ-અલગ હોય છે - ઉચ્ચ કે નીચ,
કાં તો સંપૂર્ણ અથવા આંશિક રીતે સારું કે ખરાબ - તે થાય છે.
(પોતાના ધર્મનું પાલન કરશે). પરંતુ જેઓ વધુ દાન શકતા નથી.
તેનામાં સંયમ, ચિત્તશુદ્ધિ, કૃતજ્ઞતા અને અડગ ભક્તિ હોવી અત્યંત જરૂરી છે.

૯.ક-૨ પ્રાકૃત ભાષાઓ

પ્રાકૃત ભાષાઓ વિષે થોડો વિચાર કરીશું. જે અશોકના સમયમાં વિવિધ સ્થળે વપરાતી. જેમાં મહારાષ્ટ્રી, શૌરસેની, માગધી, અર્ધમાગધી, પાલિ, પૈશાચી, ચૂળિકા-પૈશાચી અને અપભ્રંશ ભાષાઓ છે.

પ્રાકૃતના સામાન્ય નિયમ :

૧. સામાન્ય રીતે પ્રાકૃતમાં ત્રણ પ્રકારના શબ્દો મળે છે. તદ્ભવ, તત્સમ અને દેશી.

ભરત-નાટ્ય શાસ્ત્રમાં કહ્યું છે. समानशब्दं विभ्रष्टं देशीगतमथापि च ॥१७॥३॥ સમાન, વિભ્રષ્ટ અને દેશી એમ ત્રણ પ્રકારના શબ્દો પ્રાકૃતમાં છે.

૨. तद्भवः तत्समो देशी त्रिविधः प्राकृतक्रमः इत्युक्तम्। गौडवहो-टीका| આ ટીકા સંવત-૧૨૦૦ પહેલાંની છે.
પ્રાકૃતમાં સંસ્કૃતમાંથી ઉતરી આવેલ, વિકૃત-તદ્ભવ, સંસ્કૃત સમાન-તત્સમ અને દેશી અર્થાત્ સ્થાનિય અપભ્રંશ; એમ ત્રણ પ્રકારના શબ્દો હોય છે. દેશી શબ્દ અતિપ્રાચીન ભાષાના વ્યવહારમાં રહેલા શબ્દો જેનો સંસ્કૃત ભાષા સાથે સંબંધ જ ન હોય.
૩. ભરતમુનિના નાટ્યશાસ્ત્ર અધ્યાય-૧૭-૭ માં આ ગાથા છે.

एओआरपराणिअ अं आरपरं अ पाअए णत्थि। वसाअरमज्झिमाइ अ कच वग्गतवगाणिहणाइं॥७॥
આ ગાથાની સંસ્કૃત છાયા નીચે પ્રમાણે છે.

ए-ओकार-पराणि च अंकारपरं च प्राकृते नास्ति । व-सकार मध्ये (श-ष) च क च वर्ग तवर्ग निधनानि(ङ ञ न) ॥

ए-ओकार થી પરે અર્થાત્ ऐ , औ; अंकार થી પરે અર્થાત્ વિસર્ગ પ્રાકૃતમાં હોતાં નથી. તથા व-सकार ની વચ્ચે श-ष વર્ણ, क च त વર્ગના અંત્ય, ङ ञ न પણ હોતા નથી.

संस्कृत છાયામાં पाअए અનું સંસ્કૃતરુપ पादसंख्यया લખ્યું છે. पाअए પદનું એક પાઠાન્તર पाइए થયું છે. જે પ્રાકૃત પદનું રુપાંતર છે.

અભિનવગુપ્તની ટીકામાં पादसंख्याथी ચાર અક્ષર ऋ ॠ ऌ ॡ ગ્રહણ કરીને પ્રાકૃતમાં લુપ્ત અક્ષરોની સંખ્યા બાર કહી છે. ऋ ॠ ऌ ॡ ऐ औ अः श ष ङ ञ न

૪. 'સાહિત્ય-રત્નાકર'માં એક નીચેનો શ્લોક મળે છે.

ऐ-औ-कं-कः- ऋ ॠ ऌ ॡ-प्लुत-श-षाबिन्दुश्चतुर्थी क्वचित्। प्रान्ते न-क्ष-ङ-ञापृथग् द्विवचनं नाष्टादश प्राकृते ।

रूपञ्चापि यदात्मनेपदकृतं यद्वा परस्मैपदम् । भेदो नैव तयोर्न लिंगनियमस्तादृग्यथा संस्कृते ॥

ऐ-औ-कं-कः – ऋ-ॠ- ऌ-ॡ, प्लुत उच्चारण श, ष, अबिन्दु(अङ्क=अंक,कण्ठ=कंठ) चतुर्थी विभक्ति ક્યાંય નહીં. તથા પદાન્તે न क्ष ङ ञ અને द्विवचन નું જુદું રૂપ જ નહીં. આ અઢાર પ્રાકૃતમાં રહ્યા નથી.

પ્રાકૃત ભાષાઓમાં (:) વિસર્ગનો ઉપયોગ થતો નથી.

अकारान्त શબ્દ પછી વિસર્ગ(:) આવે તો... अः નો ओ થાય છે, જેમકે, रामः – रामो, ततः – ततो.

૫. પ્રાકૃતમાં દ્વિવચનનો લોપ થયો છે, ચતુર્થી વિભક્તિનો લોપ થયો છે, તેના બદલે ષષ્ઠી વિભક્તિ વપરાય છે.

પ્રાકૃતમાં સન્ધિની શિથિલતા જોવા મળે છે.

આત્મનેપદ અને પરસ્મૈપદના રૂપનો ભેદ નથી. લિંગ નિયમ જેવા સંસ્કૃતમાં છે તેવા પ્રાકૃતમાં નથી.

વ્યંજનાન્ત નામો સ્વરાન્ત થઈ ગયા છે; જેમ કે, चन्द्रमस्-चंद्रमा, हस्तिन्-हत्थि, अप्सरस्-अप्सरा,

વિભક્તિના પ્રત્યયોની બહુલતા ઘટી છે अकारान्त વિભક્તિના પ્રત્યેયો સર્વ સામાન્ય બન્યા છે.

ऋ નો अ तृण-तण वृत-वत्त दृढ दढ

ऋ નો इ मृग-मिग, ऋषि-रिसि, गृद्ध-गिद्ध

ऋ નો उ मृणाल-मुणाल पृच्छ-पुच्छ वृद्ध-वुढ- बुढो

ऋ નો ए गृह –गेह

ऋ નો रि ऋद्धि-रिद्धि, ऋण-रिण,

પ્રાકૃતમાં બેથી વધારે વ્યંજન સંયુક્ત રુપમાં આવતા નથી.... सामर्थ्य- सामत्थ, शस्त्र-सत्थ, मन्त्र-मन्त,

अकारान्त पुल्लिंग प्रथमा एकवचन-- रामः ને બદલે रामे થાય છે.

षष्ठी एकवचन रामस्य નું रामाह થશે.

૬. પ્રાકૃતમાં ઉપરનો ર અર્ધરેફ પ્રાયઃ લુપ્ત થઇ ગયો છે. कर्पुर > कपुर, धर्म > धम्म

૭. શરુઆતના य નો ज થાય છે. જેમકે, यज्ञ>जण्णो>जगन. यम>जम. यात्रा>जात्रा. योग>जोग, युग>जुग,

માગધીઃ य् નો ज् નથી થતો. ज् નો य् થાય છે. र् નો ल् થાય છે. स्-ष् નો श् થાય છે.

૮. પાલિ માં ळ અને ळ्ह પણ મળે છે. ઘણીવાર ड અને ढ ની જગ્યાએ ळ અને ळ्ह પણ વપરાય છે.

न् નો ण् ઘણું કરી થતો નથી. नगर वदन नन्दन

અન્ય પ્રાકૃતની જેમ પ્રથમ य् નો ज् થતો નથી. योग यक्ख यक्ष

न् નો ण् નથી થતો. स् નો ह् નથી થતો. પણ र् નો ल् જોવા મળે છે.

૯. अर्धमागधी ને आर्षप्राकृत પણ કહે છે. તે શ્વેતામ્બર જૈન આગમોની ભાષા છે.

૧૦. पैशाची संस्कृत અને पालि ની નજીક છે.

चूळिका-पैशाची પૈશાચીનો એક પ્રકાર છે.

પ્રાકૃતમાં આવી રીતે સરળતા માટે સંસ્કૃત શાસ્ત્રીય વ્યાકરણમાંથી ઘણી છૂટછાટ મેળવવામાં આવી છે. અહીં માત્ર થોડા સંકેતો રજુ કર્યા છે.

મધ્યકાલીન આર્ય ભાષાઓ પ્રાકૃત ભાષાઓના અંતિમ ચરણની ભાષા છે, સમયની ગતિ સાથે જનભાષામાં વિકાસ પામે છે અને દેશપ્રદેશ પ્રમાણે અનેક અપહરણ દુર્ગામી પરિવર્તનો આવ્યા જેથી બહુતા અને વિવિધતા જોવા મળે છે

અશોકના શિલાલેખોમાં જુદા-જુદા સ્થળે વપરાયેલ ભાષાઃ

સંસ્કૃત સાહિત્યમાં પ્રાચીન લેખોનું આગવું મહત્ત્વ છે. એના પરથી ભારતીય લેખનકળાના ઈતિહાસ અને તે સમયની સ્થિતિ વિષે જાણી શકાય છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલા જુનામાં જુના લેખો બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિમાં લખાયેલા શિલાલેખો મળી આવે છે. આ શિલાલેખો સમ્રાટ અશોકગુપ્ત મૌર્યના ઈ.સ.પૂર્વે ૨૭૦ થી ઈ.સ.પૂર્વે ૨૩૧ સુધીના શાસનકાળ દરમ્યાન ભારતીય ઉપખંડના ચૌદ વિવિધ સ્થળે ઉત્કીર્ણ કરવામાં આવ્યા છે. જોકે, આ બધા શિલાલેખોની ભાષા સંસ્કૃત નથી પરંતુ સંસ્કૃત ભાષાનું ગ્રામ્ય સ્વરૂપ અથવા સ્થાનિક લોકભાષા તરીકે વપરાતી પ્રાકૃત અને માગધી ભાષાનો ઉપયોગ થયો છે. કેટલાક શિલાલેખોમાં ગ્રીક અને આરામાઈક ભાષાનો ઉપયોગ થયો છે. પ્રાકૃત અને માગધી ભાષા સંસ્કૃતની કેટલી નજીક છે ઉપરાન્ત જુદા-જુદા સ્થળે થતો બોલીભેદ સમજવા કેટલાક વાક્યો અહીં ઉતાર્યા છે.

સંસ્કૃત ભાષાઃ देवानाम् प्रिय प्रियदर्शीन् राजा एवं आह।

ગુજરાતીઃ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ આમ કહ્યું.

ગિરનાર (જિ. જુનાગઢ-ગુજરાત)ઃ देवानं प्रियो पियदसि राजा एवं आह।

એર્રગુડી (જિ.કર્નુલ-આંધ્ર)ઃ देवानं पिये पियदसि राजा हेवं आह।

કાલસી (જિ. દેહરાદૂન-ઉત્તરાંચલ) : देवानं पिये पियदसि लाजा हेवं आहा।

ધૌલી (જિ. પુરી ઓરિસ્સા) : देवानं पिये पियदसी लाजा हेवं आहा ।

જોંગઢ (જિ.ગંજામ-આંધ્ર) : देवानं पिये पियदसी लाजा हेवं आहा ।

શાહબાજગઢી (જિ.પેશાવર-પાકિસ્તાન) : देवनं प्रियो प्रियद्रशि रज --- अह ।

માનસેહરા (જિ.હજારા-પાકિસ્તાન) : देवनं प्रिये प्रियद्रशि रज एव अह ।

અશોકના બ્રાહ્મી અભિલેખો

મૌર્ય વંશના ત્રીજા સમ્રાટ શ્રીઅશોકગુપ્ત મૌર્યના શાસનકાળ(BCE-268 BCE-232 ૩૬-વર્ષ) દરમિયાન રાજ્યારોહણના ૯-૧૦વર્ષો પછી લેખો લખાયા હોવાનો નિર્દેશ છે. અને આ કામ ૧૯-૨૦-વર્ષ ચાલ્યું છે. અશોકના ધર્માદેશો લગભગ ૩૩-જગ્યાએ ઉત્કીર્ણ કરવામાં આવ્યા છે, આ આદેશો સમગ્ર ભારતીય ઉપખંડ અને અફઘાનિસ્તાનમાં મળી આવ્યા છે. આ અભિલેખો ભારતમાં બિહાર, ઉત્તર પ્રદેશ, પૂર્વ પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, ઓરિસા, આન્ધ્ર પ્રદેશ અને મૈસૂર રાજ્યમાં આવેલા છે. એ ઉપરાંત નેપાલની તરાઈમાં, પશ્ચિમ પાકિસ્તાનના વાયવ્ય સરહદ પ્રદેશમાં તેમ જ અફઘાનિસ્તાનના ઉત્તર-પૂર્વ તથા દક્ષિણ ભાગમાં પણ કેટલાક લેખ મળ્યા છે. પથ્થરની શિલાઓ, શિલા-સ્તંભો, અને ગુફાઓની દિવાલોમાં કોતરવામાં આવ્યા હતા.

આ લેખો માગધી-અર્ધમાગધી ભાષામાં બ્રાહ્મી લિપિમાં લખાયા છે. એક જગ્યાએ ખરોષ્ઠી લિપિ, ગ્રીક અને એરામાઇક લિપિ પણ વાપરવામાં આવી છે. સંજોગોવશાત્ સ્થાનિક લિપિનો વપરાશ વધુ થવાથી AD600 પછી બ્રાહ્મી લિપિ તદ્દન ભૂલાઇ જવા પામેલી. અકબરના વખતમાં સ્તંભલિપિ ઉકેલવાનો ભ્રામક પ્રયત્ન થયેલો. ત્યારબાદ શ્રીજેમ્સ પ્રિન્સેપ નામના વિદ્વાને ૧૮૩૭માં અભિલેખોની બ્રાહ્મી લિપિ ઉકેલી દૂનિયા સમક્ષ મૂકી. અશોકના ઇતિહાસ માટે એના અભિલેખો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અન્ય લોકવાયકાની સરખામણીએ આ અભિલેખો પ્રમાણિત માહિતી પૂરી પાડે છે.

અશોકના અભિલેખોનો સંગ્રહ શ્રીકનિંગહામે ૧૮૭૭માં પ્રકાશિત કરેલો. ભારતીય વિદ્વાન ડૉ.શ્રીરાજબલી પાણ્ડેએ પોતાનો સંગ્રહ ૧૯૬૫માં પ્રસિદ્ધ કર્યો છે. ગુજરાત યુનિવર્સિટીએ ૧૯૭૨માં લેખક શ્રીહરિપ્રસાદ શાસ્ત્રી દ્વારા ''અશોક અને એના અભિલેખ'' પુસ્તક પ્રકાશિત કરેલું છે. આ લેખોમાં ત્રણેય વિદ્વાનોના પુસ્તકોની સહાય મેળવી છે.

શાહબાજગઢી અને માનસેહરા (પાકિસ્તાન) ખાતેના શિલાલેખો ખરોષ્ઠી લિપિમાં છે. તક્ષશિલા અને લઘમાન (કાબુલ) પાસેના અફઘાનિસ્તાનના શિલાલેખો એરામાઇક અને ગ્રીકમાં કોતરેલા છે. આ સિવાય અશોકના તમામ શિલાલેખો, નાના પથ્થરના સ્તંભના લેખો અને નાના લેખો બ્રાહ્મી લિપિમાં કોતરેલા છે.

સમ્રાટ સમજાવે છે કે, રાજ્યાભિષેકના આઠ વર્ષ પછી BCE-261માં કલિંગને પરાજિત કર્યું હતું, લડાઇમાં દોઢ લાખ લોકોને કેદી બનાવવામાં આવ્યા, એક લાખ લોકો માર્યા ગયા અને ઘણા લોકો અન્ય કારણોસર મૃત્યુ પામ્યા. આવી હિંસાના પસ્તાવાના કારણે, દેવોના પ્રિય રાજા પ્રિયદર્શી બૌદ્ધ ધર્મ તરફ આકર્ષાયા, (૧૩-નંબરનો લેખ) બૌદ્ધ ધર્મ સ્વીકાર્યા પછી, અશોકે ભારતભરના બૌદ્ધ ધાર્મિક સ્થળોની યાત્રા કરી અને તે સ્થળોએ શિલાલેખો સાથે સ્તંભો ઉભા કરાવ્યા.

રાજ્યાભિષેકના વીસ વર્ષ પછી, દેવતાઓના પ્રિય સમ્રાટ પ્રિયદર્શી શાક્યમુનિ બુદ્ધનો જન્મ થયો હતો તે સ્થાન લુમ્બિની પર આવ્યા અને પૂજા કરી અને એક મૂર્તિ અને સ્તંભ સ્થાપિત કર્યો. આ બુદ્ધ ભગવાનનું જન્મસ્થળ હતું; આ ગામને લગાનમાંથી મુક્તિ આપવામાં આવી અને ફસલનો માત્ર આઠમો ભાગ ચૂકવવો પડ્યો. હતો. (નાનો સ્તંભ, શિલાલેખ નંબર-૧)

અશોકે પોતે બૌદ્ધ ધર્મ અપનાવ્યો અને બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો. પોતાના સંરક્ષણ વડે બૌદ્ધ ધર્મ પોતાના સામ્રાજ્યમાં અને અન્ય રાજ્યોમાં વ્યાપકપણે પ્રસર્યો.

બૌદ્ધ ધર્મના પ્રસાર માટે, અશોકે ભારતના તમામ લોકો માટે, અને ગ્રીક રાજાઓ માટે ભૂમધ્ય સમુદ્ર સુધી દૂતો મોકલ્યા. તેમના સ્તંભો પર ગ્રીસથી ઉત્તર આફ્રિકા સુધીના ઘણા સમકાલીન ગ્રીક શાસકોના સાચા નામો લખેલા છે, જે દર્શાવે છે કે તેઓ ભારતથી હજારો માઈલ દૂર રાજકીય પરિસ્થિતિઓ પર નજર રાખતા હતાઃ

આ શિલાલેખો અનુસાર, અશોકના બૌદ્ધ ધર્મના પ્રસાર માટેના પ્રયાસો ભૂમધ્ય પ્રદેશ સુધી સક્રિય હતા અને સમ્રાટ ઇજિપ્ત અને ગ્રીસની રાજકીય પરિસ્થિતિઓથી ભલીભાંતિ પરિચીત હતા. બૌદ્ધ ધર્મની માન્યતાઓ મનુષ્યને આદર્શ જીવન જીવવા માટે માર્ગદર્શન પૂરું પાડે છે.

વિદેશમાં ધર્મ-પ્રચારનું વર્ણનઃ

અશોકના મુખ્ય આદેશ નંબર-13 (260 BC થી 232 BC) અનુસાર "ધર્મ વિજિત" વિસ્તાર

દેવોના પ્રિય રાજા વિશ્વ પર "ધર્મ વિજિત" એટલેકે ધાર્મિક વિજયને જ સર્વશ્રેષ્ઠ વિજય માને છે. અને તે અહીં સીમાઓ ઓળંગી જાય છે; અહીં છસો યોજન દૂર ગ્રીક નરેશ અમ્તિયોકો (અન્તિયોકસ) શાસન કરે છે, અને તેનાથી આગળ... તુરામાયે(ટૉલેમી), અમ્તિકિની(અન્ટિગોનસ), માકા(માગસ) અને અલિક્સુદારો (એલેક્ઝાન્ડર) નામના ચાર રાજાઓ શાસન કરે છે અને આવી રીતે દક્ષિણમાં ચૌલ, પાણ્ડેય, અને તામ્રપર્ણી(શ્રીલંકા) સુધી ધર્મદૂતો પહોંચાડ્યા છે.(શિલાલેખ:૧૩)

ભારતના કેન્દ્રથી ગ્રીસના કેન્દ્રનું અંતર લગભગ ૪૦૦૦માઇલ જેટલું છે. આ શાસકોની વિગતો નીચે મુજબ છે.

- અમ્તિયોકો સીરિયાના અન્તિયોક્સ-દ્વિતિય થેઓસ

(Antiochus II Theos, Ἀντίοχος Β' Θεός, શાસનકાળ:BCE 261-246)

- તુરામાયે ઇજિપ્તનો ગ્રીસ શાસક ટૉલેમી II ફિલાડેલ્ફોસ

(Ptolemy II Philadelphos, Πτολεμαῖος Φιλάδελφος,શાસનકાળ:BCE 285-247)

- અમ્તિકિની માસેદોન(યૂનાન-ગ્રીસ) ના અન્તિગોનસ-દ્વિતિય ગોનાતસ.

(Antigonus II Gonatas, Ἀντίγονος Β΄ Γονατᾶς, શાસનકાળ:BCE 278-239)

- માકા સએરીન(લીબિયા)ના માગસ(Magas of Cyrene, શાસનકાળઃBCE 276-250)
- અલિકસુદારો ઇપાયરસ (યૂનાન અને અલ્બાનિયાની વચ્ચેનું એક ક્ષેત્ર) ના ઍલેક્સૈણ્ડર-દ્વિતિય

(Alexander II of Epirus, શાસનકાળઃ BCE 272-258)

યૂનાની સ્રોતો મારફત સ્પષ્ટ જાણકારી મળતી નથી કે, આ ધર્મદૂતોને કેટલી સફળતા મળી! Alexandria(ઇજીપ્ત)માં ટૉલેમીકાળની બૌદ્ધ સમાધિઓ પર ધર્મચક્રધારી શિલાઓ મળી છે.

સ્વદેશ માટે ૧૩મો લેખ કહે છે..... કોઇદેશ એવો નથી જ્યાં શ્રમણ-બ્રાહ્મણ (સંન્યાસી, જૈન, બૌદ્ધ ભિક્ષુ) બે ય ન મળતા હોય. કોઇ દેશ એવો નથી જ્યાં લોકો એક કે બીજા ધર્મના અનુયાયીઓ ન હોય.

શિલાના પ્રકારની દૃષ્ટિએ આ શિલાલેખોના ચાર વિભાગ પાડ્યા છેઃ ૧. શૈલલેખો (મોટી શિલા પર ઉત્કીર્ણ લેખ), ૨. સ્તંભલેખો (સ્તંભ પર ઉત્કીર્ણ લેખ), ૩. ગુફાલેખઃ (ગુફાની દીવાલ પર ઉત્કીર્ણ લેખ) અને ૪. ફલક-લેખ (નાની શિલા પર ઉત્કીર્ણ લેખ).

૧. શિલાલેખો ચાર પ્રકારના છે.

(૧) શૈલલેખોઃ અશોકની ૧૪-દીર્ઘ ધર્માજ્ઞાઓ શૈલલેખોની શૈલી લગભગ સમાન છેઃ— શાહબાજગઢી (જિ. પેશાવર, પશ્ચિમ પાકિસ્તાન), માનસેહરા (જિ. હજારા, પશ્ચિમ પાકિસ્તાન), કાલસી (જિ. દેહરાદૂન, ઉત્તર પ્રદેશ), ગિરનાર (જિ.જૂનાગઢ, ગુજરાત), અને એરંગુડી (જિ. કન્નૂલ, આન્ધ્ર પ્રદેશ) પાસે આ લેખમાલાની એકેક પ્રત કોતરેલી છે.

ધવલી (જિ. પુરી, ઓરિસા) તથા જૌગઢ(જિ.ગંજામ, આન્ધ્ર પ્રદેશ)માં આ લેખમાલાના લેખ નં. ૧થી ૧૦ અને નં ૧૪ કોતર્યા છે.

સોપારા-(જિ. થાણા, મહારાષ્ટ્ર)માં લેખ નં. ૮ના તથા નં. ૯નો એકેક અંશ મળ્યો છે, તે પરથી આ લેખમાલાની એક પ્રત ત્યાં કોતરવામાં આવી છે.

લેખ નં. ૩ અને ૪ની આજ્ઞાઓ રાજ્યાભિષેકના ૧૨માં વર્ષમાં ફરમાવેલી છે. લેખ નં, ૫માં અભિષેક વર્ષ ૧૩નો ઉલ્લેખ આવે છે. લેખ નં.૮માં વર્ષ ૧૦નો, લેખ નં. ૧૩માં ૮માવર્ષનો ઉલ્લેખ છે.

(૨) બે અલગ શૈલલેખો – કલિંગવિજ્યને લગતા લેખ નં. ૧૩ કલિંગ(ઓરિસા)માં આવેલ ધવલી અને જૌગઢની લેખમાલામાં દૂર કરવામાં આવ્યા. એની સાથે લેખ નં. ૧૧ અને ૧૨ પણ રદ કરાયા. આ ત્રણ લેખોને રદ કરીને અહીં બીજા બે ખાસ લેખ ઉમેરવામાં આવ્યા છે. આ બંને લેખ તે તે સ્થળના સ્થાનિક અધિકારીઓને ઉદ્દેશી લખાયા છે.

(૩) ગૌણ શૈલલેખો—એક લેખની પ્રતો સહસરામ (જિ. શાહાબાદ, બિહાર),રૂપનાથ (જિ. જબલપુર, મધ્ય પ્રદેશ), બૈરાટ (જિ. જયપુર, રાજસ્થાન), ગુર્જરા (જિ. દતિયા, મધ્ય પ્રદેશ), બ્રહ્મગિરિ, સિદ્ધપુર અને જટિંગ-રામેશ્વર (ત્રણેય જિ. ચીતલદુર્ગ, મૈસૂર), માસ્કી (જિ.રાયચુર, આન્ધ્રપ્રદેશ), એર્ડગુડી (જિ.કર્નૂલ, આન્ધ્રપ્રદેશ), ગોવિમઠ (જિ.રાયચુર), પાલકિગુંડુ (જિ.રાયચુર), રાજુલ-મંડગિરિ (જિ.કર્નૂલ) અને અહરૌરા (જિ. મિરજાપુર, ઉત્તરપ્રદેશ)માં મળી છે.

(૪) ઇતર ગૌણ શૈલલેખો—હાલના અફઘાનિસ્તાનના ઘણો પ્રદેશ અશોકના શાસનતળે હતો. કંદહાર પાસે આવેલા ધર્મલેખમાં એક શૈલ પર ગ્રીક ભાષામાં અને અરામાઈ ભાષામાં અશોકનો દ્વિભાષી ધર્મલેખ કોતરેલા છે. આ લેખ 'રાજા પ્રિયદર્શી'ના વર્ષ ૧૦નો છે. ગ્રીક ભાષાનો એક બીજો શૈલલેખ પણ ત્યાં મળ્યો છે. લઘમાન (લમ્પાક) જિલ્લાના પુલ-ઇ-દારુન્તમાં મળેલો શૈલખંડ જે હાલ કાબુલ મ્યૂઝિયમમાં રાખેલો છે તે પર અરામાઈ ભાષામાં એવો ધર્મલેખ કોતરાયો છે. તક્ષશિલા(જિ.રાવળપિંડી, પશ્ચિમ પંજાબ)માં પ્રિયદર્શીનો એક ખંડિત અરામાઈ લેખ મળ્યો છે.

૨. સ્તંભલેખો પાંચ પ્રકારના છે :

(૧) સાત સ્તંભલેખો— ટોપરા(જિ. અંબાલા, પૂર્વ પંજાબ)માંથી અને મેરઠ (જિ. મેરઠ, ઉત્તર પ્રદેશ)માંથી એકેક સ્તંભ ચૌદમી સદીમાં સુલતાન ફીરોઝશાહ તઘલકે દિલ્હીમાં ખસેડાવી ત્યાં ઊભા કરાવેલા છે. આથી એ બે સ્તંભ અનુક્રમે દિલ્હી-ટોપરા સ્તંભ અને દિલ્હી-મેરઠ સ્તંભ તરીકે ઓળખાય છે. એવી રીતે ઉત્તર પ્રદેશના કોસામ(પ્રાચીન કૌશાંબી)નો એક સ્તંભ અલ્હાબાદના કિલ્લામાં ઊભો કરેલો છે, જે અલ્હાબાદ-કોસામ સ્તંભ તરીકે ઓળખાય છે. બિહારના ચંપારણ જિલ્લામાં ત્રણ સ્થળોએ એકેક સ્તંભ આવેલો છે : લૌરિયા ગામના અરરાજ મંદિર પાસે, લૌરિયા ગામના નંદનગઢ પાસે, અને રામપુરવા ગામ પાસે. દિલ્હી-ટોપરા સ્તંભ પર લેખ નં. ૭ સહેજ પાછળથી ઉમેરાયો છે. બાકીના છયે સ્તંભો પર લેખ નં. ૧-૬ કોતરેલા છે.

સ્તંભલેખ નં. ૧, ૪, ૫ અને ૬ અભિષેક વર્ષ ૨૬માં લખાયેલા છે; લેખ નં. ૭ વર્ષ ૨૭માં લખાયો છે.

વારાણસીમાં અભિલેખોવાળો એક સ્તંભ હતા તે ૧૮૦૯ના હુલ્લડમાં નાશ પામ્યો. પટનામાં સ્તંભલેખના સંખ્યાબંધ ટુકડા મળેલા. આ એ સ્તંભો પર શું લખાણ હતું તે અજ્ઞાત છે.

(૨) સંઘભેદના નિષેધનો સ્તંભલેખ—આ લેખની એક પ્રત અલ્હાબાદ-કોસામ સ્તંભ પર, એક પ્રત સારનાથ (જિ.વારાણસી પાસે, ઉત્તરપ્રદેશ)ના સ્તંભ પર અને એક પ્રત સાંચી(જિ.ભોપાલ, મધ્યપ્રદેશ)ના સ્તંભ પર કોતરેલી છે.

(૩) રાણીના સ્તંભલેખ- આ લેખ અલ્હાબાદ-કોસામ સ્તંભ પર કોતરવામાં આવ્યો છે.

(૪) રુમ્મિનદેઈ સ્તંભલેખ-આ લેખ નેપાલની તરાઈમાં બસ્તી જિલ્લામાં રુમ્મિનદેઈ (લુમ્બિની દેવી) મંદિરના સ્તંભ પર કોતરેલો છે. તેમાં તે સમયના લુમ્બિની ગ્રામનો ઉલ્લેખ આવે છે. આ સ્તંભ અભિષેક વર્ષ ૨૦માં ઊભો કરાવેલો છે.
(૫) નિગ્લીવ સ્તંભલેખ– નેપાલની તરાઈમાં નિગ્લીવ ગામ પાસે આવેલ નિગાલી સાગર નામે તળાવની પશ્ચિમ પાળ પર આવેલા સ્તંભ પર અશોકનો એક બીજો લેખ કોતર્યો છે. આ સ્તંભલેખ પણ અભિષેક વર્ષ ૨૦માં કરાવેલો છે.
(૬) અમરાવતીમાં મળેલા એક શિલાલેખ અશોકના સ્તંભલેખના ખંડ જેવો લાગે છે.
૩. ગુફાલેખા — બિહારના ગયા જિલ્લામાં આવેલ બરાબર નામે ડુંગરમાં ચાર ગુફાઓ આવેલી છે. તેમાંની કર્ણ ચૌપર, સુદામા અને વિશ્વ ઝોંપડી નામે ઓળખાતી ત્રણ ગુફાઓમાં એકેક લેખ કોતરેલો છે. પહેલા બે લેખ અભિષેક વર્ષ ૧૨ના છે; ત્રીજો લેખ વર્ષ ૧૯નો છે.

૪. ફલકલેખ— બૈરાટ(રાજસ્થાન)માં ગૌણ શૈલલેખ ધરાવતા શૈલની પાસે નાની શિલા પર એક લેખ કોતરેલો. સ્તંભલેખ નં. ૭માં 'શિલાફલક' શબ્દ આ અર્થમાં પ્રયોજાયો લાગે છે. આ લેખને હાલ કલકત્તાના ઇન્ડિયન મ્યૂઝિયમમાં રાખેલો છે. બૈરાટ પાસેના ભાબ્રા કે ભાબ્રૂ ગામમાં આવેલા આ લેખને પહેલાં બૈરાટ કે ભાબ્રાના ગૌણ શૈલલેખ નં.૨ તરીકે ઓળખવામાં આવે છે, પણ હવે એને કલકત્તા-બૈરાટ શૈલલેખ તરીકે ઓળખવામાં આવે છે. ઘણા આને અશોકના ગૌણ શૈલલેખ નં.૩ તરીકે ઓળખાવે છે, પરંતુ એને ફલકલેખ તરીકે ઓળખવો વધુ ઉચિત છે.

ચૌદ મુખ્ય ધર્મલિપિઃ

દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા પોતાના આ લેખોને - ધર્મલિપિ(ધંમલિપિ-ધર્મલેખ) તરીકે ઓળખાવે છે, કેમ કે એ લેખો મુખ્યતઃ ધર્માદેશો જ છે. લેખોનો ભાવ આ મુજબ છેઃ
મુખ્ય ચૌદ શૈલલેખોઃ (૧) આ ધર્મલિપિ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ લખાવી છે. હોમ માટે જીવની હત્યા કરવી નહિ, સદોષ મેળાવડા ભરવા નહિ, ભોજન માટે રાજરસોડામાં પ્રતિદિન લાખો પ્રાણીઓની હત્યા થતી, તેને બદલે હવે ત્રણ જ પ્રાણીઓની હત્યા થશે.... બે મોર અને એક મૃગ. તે મૃગ પણ હમેશાં નહિ. એ ત્રણ પ્રાણીઓની પણ, પછી હત્યા કરાશે નહિ.
(૨) પ્રિયદર્શીના સમસ્ત રાજ્યમાં તેમ જ સરહદી રાજ્યોમાં સર્વત્ર રાજાએ બે ચિકિત્સાઓનો પ્રબંધ કર્યો છે – મનુષ્યચિકિત્સા અને પશુચિકિત્સા. પશુઓ તથા મનુષ્યો માટે માર્ગો પર કૂવા ખાદાવ્યા છે અને વૃક્ષો રોપાવ્યાં છે.
(૩) અભિષેકના બારમા વર્ષે પ્રિયદર્શીએ આ આજ્ઞા કરી છેઃ મારા સમસ્ત રાજ્યમાં યુકતો, રજ્જકો અને પ્રાદેશિકો અન્ય કર્મની જેમ ધર્માનુશાસન (ધર્મોપદેશ) માટે દર પાંચ વર્ષે પ્રદેશમાં ફરતા રહે. આ બાબતમાં પરિષદ પણ યુકતોને આજ્ઞા કરશે.
(૪) સેંકડો વર્ષોથી પ્રાણીઓની હત્યા, ભૂતોની ઈજા, બ્રાહ્મણ-શ્રમણો તરફ વિષમ વર્તાવ ઇત્યાદિ વધ્યું જ છે. પ્રિયદર્શી રાજાના ધર્માચરણથી હવે ભેરીઘોષ ધર્મઘોષ થયો છે ને એના ધર્માનુશાસનથી પ્રાણીઓની અહિંસા, ભૂતોની બિન-ઈજા, બ્રાહ્મણ-શ્રમણો તરફ સારો વર્તાવ, માતાપિતાની સેવા ઇત્યાદિ ધર્માચરણ વધ્યું છે ને વધશે. રાજાના પુત્રો પૌત્રો વગેરે પણ ધર્માચરણને હમેશાં વધારશે. અભિષેકને બાર વર્ષ થયે રાજાએ આ લખાવ્યું છે.
(૫) કલ્યાણ કરવું મુશ્કેલ છે. મેં બહુ કલ્યાણ કર્યું છે. મારા પુત્રો પૌત્રો વગેરે તેને અનુસરતા રહેશે, તે સત્કાર્ય કરશે. પાપ કરવું સહેલું છે. અભિષેકને તેર વર્ષ થયાં મેં ધર્મ-મહામાત્ર નીમ્યા છે. તે સર્વ સંપ્રદાયોમાં ધર્માચરણ અને ધર્મવૃદ્ધિ માટે તેમ જ ધાર્મિક જનોનાં હિતસુખ માટે નિમાયા છે. અહીં (પાટલિપુત્રમાં) તથા બહારનાં નગરોમાં ભાઈઓ વગેરે સંબંધીઓનાં અંતઃપુરોમાં બધે તે નિમાયા છે. લાંબો વખત ટકે અને મારી પ્રજા એને અનુસરે તે માટે આ ધર્મલિપિ લખાવી છે.
(૬) ઘણા વખતથી સર્વ સમયે કામનું સંપાદન અને વિજ્ઞાપન થતું નહિ. મેં સર્વ સમયે સર્વત્ર વિજ્ઞાપકો રાખ્યા છે, જે મને પ્રજાનું કામ વિજ્ઞાપિત કરે. હું સર્વત્ર પ્રજાનું કામ કરું છું. કામના સંપાદનમાં મને સંતોષ થતો નથી. સર્વલોકના હિતને મેં કર્તવ્ય માન્યું છે. તેનાથી કોઈ મોટું કર્મ નથી. હું જે કંઈ કરું છું તે શા માટે? પ્રાણીઓના ઋણમાંથી મુકત થઉં તે માટે. હું તેઓને અહીં સુખી કરું ને તેઓ પરલોકમાં સ્વર્ગ પામે. આ ધર્મલિપિ લાંબો વખત ટકે ને મારા પુત્રો પૌત્રો વગેરે એને અનુસરે તે માટે લખાવી છે. આ ભારે પુરુષાર્થ સિવાય કરવું મુશ્કેલ છે.
(૭) પ્રિયદર્શી રાજા સર્વત્ર ઇચ્છે છે કે સર્વ સંપ્રદાયો વસે, કેમ કે તે સર્વે સંયમ અને ભાવશુદ્ધિ ઇચ્છે છે. પરંતુ લોકો વિવિધ રુચિ ધરાવે છે. તે બધું કરશે કે એનો એક ભાગ પણ.
(૮) લાંબા વખતથી દેવોના પ્રિય(રાજાઓ) વિહારયાત્રા કરતા, જેમાં મૃગયા અને એવી બીજી મજાઓ થતી. દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા, અભિષેકને દસ વર્ષ થયે, સંબોધિ ગયા. તેથી ધર્મયાત્રા થઈ. તેમાં દર્શન, દાન, ધર્મોપદેશ વગેરે થાય છે. તેમાં રાજાને ઘણી પ્રીતિ છે.
(૯) લોકો વિવિધ મંગલ (માંગલિક ક્રિયાઓ) કરે છે. આમાં માતાઓ (સ્ત્રીઓ) બહુ નિરર્થક મંગલ કરે છે. મંગલ કરવું ઘટે, પણ તે અલ્પફળદાયી છે. ધર્મમંગલ મહાફળદાયી છે. તેમાં દાસો અને સેવકો તરફ સારો વર્તાવ, પ્રાણીઓ વિષે સંયમ, શ્રમણ-બ્રાહ્મણોને દાન વગેરે હોય છે. પિતા, પુત્ર, ભાઈ, સ્વામી વગેરેએ પ્રચાર કરવો કે ધર્મમંગલ કરવા જેવું છે, કેમ કે એ આ લોકમાં ફળદાયી ન નીવડે તો પરલોકમાં અનંત પુણ્ય ઉત્પન્ન કરે છે, જ્યારે બીજું મંગલ ફળદાયી નીવડે ને ન પણ નીવડે; વળી એ આ લોકને લગતું જ હોય છે.

(૧૦) લોકો હાલ તેમ જ ભવિષ્યમાં ધર્મોપદેશ સાંભળે ને તેને અનુસરે એ સિવાય બીજી કોઈ બાબતમાં રાજા યશ કે કીર્તિ ઇચ્છતા નથી. રાજા જે કંઈ પુરુષાર્થ કરે છે તે પારલૌકિક માટે જ કરે છે, જેથી સહુ અલ્પ પરિસ્રવવાળા થાય. પરિસ્રવ એટલે અ-પુણ્ય. ભારે પુરુષાર્થ વિના એ કરવું મુશ્કેલ છે.

(૧૧) પ્રિયદર્શી રાજા કહે છે—ધર્મદાન જેવું દાન નથી. તેમાં દાસો અને સેવકો તરફ સારો વર્તાવ, માતાપિતાની સેવા, શ્રમણ-બ્રાહ્મણોને દાન, પ્રાણીઓની અહિંસા વગેરે હોય છે, પિતા પુત્ર ભાઈ સ્વામી વગેરેએ આને માટે ભલામણ કરવી. ધર્મદાન કરવાથી આ લોકનું સુખ મળે છે તેમ જ પરલાકનું અનંત પુણ્ય ઉત્પન્ન થાય છે.

(૧૨) દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા સર્વ સંપ્રદાયોને—પ્રવ્રજિતોને તેમ જ ગૃહસ્થોને દાન અને પૂજાથી સન્માને છે, જેથી સર્વ સંપ્રદાયોની સારવૃદ્ધિ થાય. સારવૃદ્ધિ બહુ પ્રકારની છે. તેનું મૂળ છે વાકસંયમ. વિનાપ્રસંગે પોતાના સંપ્રદાયની સ્તુતિ અથવા પારકા સંપ્રદાયની નિંદા ન કરવી. તેવા પ્રસંગે પણ થોડી જ કરવી. પારકા સંપ્રદાયની સ્તુતિ કરનાર પોતાના સંપ્રદાયની વૃદ્ધિ કરે છે તેમ જ પારકા સંપ્રદાયનું ભલું કરે છે. એથી ઊલટું કરનાર પોતાના સંપ્રદાયની હાનિ કરે છે તેમ જ પારકા સંપ્રદાયનું બૂરું કરે છે. માટે સમવાય જ સારો છે. અન્યોન્યના ધર્મને જાણે ને સેવે. દેવોના પ્રિયની ઇચ્છા છે કે સર્વ સંપ્રદાયો બહુશ્રુત અને સારા સિદ્ધાન્તો ધરાવે. સર્વ સંપ્રદાયોની સારવૃદ્ધિ થાય તે માટે ધર્મ મહામાત્રો, સ્રીઓની દેખરેખ રાખનાર મહામાત્રો, વ્રજભૂમિના અધ્યક્ષો વગેરે પ્રકારના અધિકારીઓને નીમવામાં આવ્યા છે. આથી પોતાના સંપ્રદાયની વૃદ્ધિ અને ધર્મની દીપ્તિ થાય છે.

(૧૩) અભિષેકને આઠ વર્ષ થયાં દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ કલિંગ દેશ જીત્યો. દોઢ લાખ માણસ ત્યાંથી પકડીને લઈ જવાયા, એક લાખ ત્યાં માર્યા ગયા ને અનેકગણા મૃત્યુ પામ્યા. તે પછી હવે કલિંગ દેશ પ્રાપ્ત થતાં દેવોના પ્રિયને તીવ્ર ધર્મશીલન, ધર્મકામના અને ધર્માનુશાસન થયેલ છે. વિજય મેળવતાં જે જે વધ, મરણ કે અપવાહ થાય છે તેને માટે દેવોના પ્રિયને ભારે વેદના થાય છે. જેઓમાં ધર્મભાવના રહેલી હોય તેવા બ્રાહ્મણો શ્રમણો વગેરે સર્વત્ર વસે છે. તેમાં તેઓને કે તેઓના સ્નેહીઓને દુઃખ પહોંચે છે. યવનદેશ સિવાય કોઈ દેશ એવો નથી કે જ્યાં આ સંપ્રદાયો ન હોય. કલિંગ દેશ મેળવતાં જેટલા માણસ માર્યા ગયા, મૃત્યુ પામ્યા કે લઈ જવાયા, તેનો સો-મો કે હજાર-મો ભાગ પણ આજે દેવોના પ્રિયને મોટો લાગે છે. જે પણ અપકાર કરશે તેને દેવોનો પ્રિય ક્ષમા કરાય તેટલી ક્ષમા કરશે. દેવોના પ્રિયના રાજ્યમાં જે અટવી છે તેની સાથે પણ અનુનય (સામ) કરે છે.

ધર્મવિજયને દેવોના પ્રિયે મુખ્ય વિજય માન્યો છે. તે દેવોના પ્રિયે અહીં અને સર્વ સરહદો પર – જ્યાં અંતિયોક નામે યવનરાજ છે ને તેની પાર ચાર રાજાઓ છે ને નીચે ચોલ-પાંડય છે, તામ્રપર્ણી સુધી, છસો યોજનો સુધી મેળવ્યો છે. જ્યાં દેવોના પ્રિયના દૂતો નથી જતા, ત્યાં પણ તેનો ધર્મોપદેશ સાંભળી ધર્મને આચરે છે ને આચરશે. એનાથી જે વિજય મળે છે, તે પ્રીતિરસવાળો હોય છે. દેવોનો પ્રિય તે પ્રીતિને નહિ પણ પારત્રિક સુખને મહાફળદાયી માને છે. એ માટે આ ધર્મલિપિ લખાવી છે, જેથી પુત્રો પૌત્રો વગેરે નવા વિજયને મેળવવા જેવો ન માને ને ધર્મવિજયને જ વિજય માને. તે આ લોક તેમ જ પરલોકને લગતો છે.

(૧૪) આ ધર્મલિપિ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ લખાવી છે. એ સંક્ષેપમાં છે, મધ્યમસર છે, વિસ્તારથી છે. ને બધું બધે પ્રયોજ્યું નથી, કેમ કે રાજ્ય ઘણુ મોટું છે. બહુ લખ્યું છે ને લખાવીશ. આમાં તે તે મુદ્દાની મધુરતાને માટે પુનઃ પુનઃ કહેલું છે, જેથી લોકો તેમ આચરે. તેમાં કંઈ અપૂર્ણ લખ્યું હશે તે પ્રદેશના કે સંક્ષેપના કારણે કે લહિયાના દોષને લઈને.

આમ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ પોતાના વિશાળ રાજ્યનાં જુદાં જુદાં સ્થળોએ ધર્મોપદેશને લગતા વિવિધ પ્રકારના આશરે પાંત્રીસ જેટલા ધર્મલેખ લખાવ્યા હોવાનું માની શકાય તેમ છે. જેમાં ચાર લિપિઓનો પ્રયોગ થયો છે. બ્રાહ્મી, ખરોષ્ઠી, ગ્રીક અને એરામાઇક. એનો વિસ્તાર અશોકના રાજ્ય-વિસ્તાર કરતાંય મોટો છે. અહીં એક નકશો મૂક્યો છે, તેનાથી વધારે સ્પષ્ટ થશે. આ લેખો પર્વતો, શિલાસ્તંભો, શિલાફલકો, ગુહાભિત્તિઓ પર અંકિત કરાવ્યા હોવાનું દેખાય છે. આ પ્રવૃત્તિ એના અભિષેકના વર્ષ ૧૦ થી ૨૭ સુધીના સમયમાં ઘણી સક્રિય રહી તેમ લાગે છે. અહીં જણાવેલાં વર્ષ; ગત-વર્ષ (પૂરાં થયેલાં) સમજવાનાં છે, નહિ કે વર્તમાન વર્ષ.

અશોકના બ્રાહ્મી લિપિના શિલાલેખોના ચાર્ટ

INSCRIPTIONS OF ASOKA. by ALEXANDER CUNNINGHAM ના પુસ્તકમાંથી મેળવ્યા છે.

અન્ય બ્રાહ્મી લિપિનું સાહિત્ય

Wikipedia-the free encyclopedia પરથી શોધ્યું છે.

अशोकनो शिलालेख गिरनार (प्रथम-अभिलेख)

1. इयं धंमलिपी देवानं पियेन।
2. प्रियदसिना राञा लेखापिता (व) इध न किं---
3. चि जीवं आरभित्पा प्रजूहितव्यं
4. (क) न च समाजे कतव्यो (ड) वहुकं हिदोसं
5. समाजम्हि पसति देवानंप्रियो प्रियदसि राजा
6. अस्ति पि तु एकचा समाजा साधुमता देवानं
7. प्रियस प्रियदसिनो राञो पुरा महानसह्मि
8. देवानंप्रियस प्रियदसिनो राञो अनुदिवसं व--
9. (व--) हूनि प्राणसतसहस्रानि आरभिसु सूपथाय
10. से अज यदा अयं धंमलिपि लिखिता ती एव प्रा--
11. णा आरमरे सूपाथाय द्वो मोरा एको मृगो सो पि
12. मगो न ध्रुवो एते पि त्री प्राणा पछा न आरभिसरे



ROCK AT GIRNÂR
in Kathiâwâd



1. इयं धंमलिपी देवानं पियेन।



इ यं धं म लि पी दे वा नं पि ये न

આ ધર્મલિપિ દેવોના પ્રિય (રાજાએ લખાવેલ છે.)

2. प्रियदसिना राञा लेखापिता (ब) इध न किं---

प्रि य द सि ना रा ञा ले खा पि ता (ब) इ ध न किं---

પ્રિયદર્શિન રાજાએ લખાવ્યું છે કે, અહીં કોઇ પણ....

3. चि जीवं आरभित्पा प्रजूहितव्यं



चि जी वं आ र भि त्पा प्र जू हि त व्यं

(ब) જીવતાં પ્રાણીને મારવું નહીં કે હોમવું નહીં

4. (क) न च समाजे कतव्यो (ड) बहुकं हिदोसं

(क) न च स मा जे क त व्यो (ड) ब हु कं हि दो सं

(ક) અને કોઇપણ ઉત્સવ-સંમેલન ભરવું નહીં. (ડ) (કારણ કે, દેવોનો પ્રિય રાજા ઉત્સવ સંમેલનોમાં) બહુ દોષ જુએ છે.

5. समाजम्हि पसति देवानंप्रियो प्रियदसि राजा

स मा ज म्हि प स ति दे वा नं प्रि यो प्रि य द सि रा जा

6. अस्ति पि तु एकचा समाजा साधुमता देवानं



अ स्ति पि तु ए क चा स मा जा सा धु म ता दे वा नं

(પરંતુ) એવા પણ કેટલાક સમાજ(મેળાવડા) છે, જેમાં દેવોનાપ્રિય પ્રિયદર્શી રાજાના મતમાં શુભ છે.

7. प्रियस प्रियदसिनो राञो पुरा महानसह्मि

प्रि य स प्रि य द सि नो रा ञो पु रा म हा न स ह्मि

પહેલાં દેવોનાપ્રિય પ્રિયદર્શી રાજાના રસોઇઘરમાં......

8. देवानंप्रियस प्रियदसिनो राञो अनुदिवसं ब--



दे वा नं प्रि य स प्रि य द सि नो रा ञो अ नु दि व सं ब--

9. (ब--) हूनि प्राणसतसहस्रानि आरभिसु सूपथाय



(ब--) हू   नि प्रा ण स   त   स   ह   स्रा नि आ र भि सु   सू   प   था   य

(સૂપથ્ય) સૂપ માટે ઘણાં લાખ પ્રાણીઓ મારવામાં આવતાં હતાં.

10. से अज यदा अयं धंमलिपि लिखिता ती एव प्रा--



से   अ   ज   य   दा   अ यं   धं   म लि पि   लि   खि   ता   ती   ए व प्रा--

પણ હવે જ્યારે આ ધર્મલિપિ લખાઈ છે ત્યારે, <u>સૂપને માટે (માત્ર-ત્રણ)પ્રાણીઓ બે મોર અને એક મૃગ મારવામાં આવે છે.</u> અને તે પણ *મૃગ નિયમિત નહીં. આ ત્રણ પ્રાણીઓ પણ ભવિષ્યમાં મારવામાં આવશે નહીં.*

11. णा आरमरे सूपाथाय द्वो मोरा एको मृगो सो पि



णा आ र म रे सू पा था   य   द्वो मो रा ए को मृ गो सो पि

<u>સૂપને માટે (માત્ર-ત્રણ)પ્રાણીઓ બે મોર અને એક મૃગ મારવામાં આવે છે.</u>

12. मगो न ध्रुवो एते पि त्री प्राणा पछा न आरभिसरे

म गो न   ध्रु वो ए   ते पि त्री प्रा णा प छा न आ र भि स रे

મૃગ નિયમિત નહીં. આ ત્રણ પ્રાણીઓ પણ ભવિષ્યમાં મારવામાં આવશે નહીં.

===

અશોકનો શિલાલેખ-જુનાગઢ-ગુજરાત



અશોકના શિલાલેખ-ગિરનાર-જુનાગઢ

ધમાદિશ ૬ થી ૧૧



XII –XIII-XIV

અશોકના શિલાલેખ-ગિરનાર-જુનાગઢ
ધર્માદેશ ૧૨ થી ૧૪



Brahmi script, on Ashoka's Rummindei Minor Pillar Edict 250 BCE

Brahmi script, Bharhut inscription:100 BCE "Bhagavato Sakamunino Bodho"



देवानं पिये पिय दसि लाजा हेवं आहा

લિપિ-બ્રાહ્મી અક્ષરોમાં.

દિલ્હી-ટોપરા સ્તંભ પર બ્રાહ્મી લિપિ BCE300 અને દેવનાગરી લિપિ AD1524

અશોકના શિલાલેખોની ગ્રીક-આરામાઇક.



Asoka Kandahar Greek and Aramike Script.



Asoka Kandahar Greek

Greek (transliteration)[edit]	English (translation of the Greek)
1. δέκα ἐτῶν πληρη[...]ων βασι[λ]εὺς	1. Ten years (of reign) having been completed, King
2. Πιοδασσης εὐσέβεια[ν ἔδ]ε[ι]ξεν τοῖς ἀν-	2. Piodasses made known (the doctrine of)
3. θρώποις, καὶ ἀπὸ τούτου εὐσεβεστέρους	3. Piety (εὐσέβεια, Eusebeia) to men; and from this moment he has made
4. τοὺς ἀνθρώπους ἐποίησεν καὶ πάντα	4. men more pious, and everything thrives throughout
5. εὐθηνεῖ κατὰ πᾶσαν γῆν• καὶ ἀπέχεται	5. the whole world. And the king abstains from (killing)
6. βασιλεὺς τῶν ἐμψύχων καὶ οἱ λοιποὶ δὲ	6. living beings, and other men and those who (are)
7. ἀνθρωποι καὶ ὅσοι θηρευταὶ ἢ αλιείς	7. huntsmen and fishermen of the king have desisted
8. βασιλέως πέπαυνται θηρεύοντες καὶ	8. from hunting. And if some (were) intemperate, they
9. εἴ τινες ἀκρατεῖς πέπαυνται τῆς ἀκρα-	9. have ceased from their intemperance as was in their
10. σίας κατὰ δύναμιν, καὶ ἐνήκοοι πατρὶ	10. power; and obedient to their father and mother and to
11. καὶ μητρὶ καὶ τῶν πρεσβυτέρων παρὰ	11. the elders, in opposition to the past also in the future,
12. τὰ πρότερον καὶ τοῦ λοιποῦ λῶιον	12. by so acting on every occasion, they will live better
13. καὶ ἄμεινον κατὰ πάντα ταῦτα	13. and more happily."[12]
14. ποιοῦντες διάξουσιν.	

ગ્રીક સંસ્કરણ-ભાવાનુવાદ-શ્રીરાજબલી-પાણ્ડેય

ગ્રીક શિલાલેખમાં "ધર્મ" શબ્દનો ગ્રીક અનુવાદ "યુસેબીયા" (εὐσέβεια, Eusebeia) માં કરે છે, જેનો અર્થ "નિષ્ઠા" પણ થાય છે:

દસ વર્ષના શાસનના અંતે, સમ્રાટ પિયોદાસેસ (Πιοδάσσης, Piodasses, પ્રિયદર્શીનો ગ્રીક અનુવાદ) લોકોને યુસેબિયા (εὐσέβεια, ધર્મ-નિષ્ઠા)નું જ્ઞાન આપ્યું; ત્યારથી તેણે લોકોને વધુ ધર્મનિષ્ઠ બનાવ્યા. અને આખી દુનિયામાં બધું જ આગળ વધ્યું. અને રાજા જીવોને મારવા અને ખાવાનું ટાળે છે; અને ખરેખર અન્ય મનુષ્યો પણ. અને જે કોઈ રાજાનો શિકારી અથવા માછીમાર હતો, તેણે શિકાર છોડી દીધો છે; અને જેમણે પોતાના પર સંયમ રાખ્યો ન હતો, તેઓએ તેમની અસંયમ છોડી દીધી છે; અને તેઓ તેમના માતા-પિતા અને શિક્ષકોના આજ્ઞાકારી બન્યા છે, જેમ કે પહેલા ક્યારેય નહીં. અને ભવિષ્યમાં, આમ કરતી વખતે, વધુ અનુકૂળ અને વધુ સારું જીવન જીવશે.



Asoka Kandahar Aramike

Romanization	Aramaic
1. *šnn y ptytw ‘byd zy mr’n pryd’rš mlk’ qšyṭ’ mhqšṭ* 2. *mn ’dyn z‘yr mr‘’ lklhm ’nšn wklhm ’dwšy’ hwbd* 3. *wbkl ’rq’ r’m šty w’p zy znh km’kl’ lmr’n mlk’ z‘yr* 4. *qṭln znh lmḥzh klhm ’nšn ’thhsynn ’zy nwny’ ’ḥdn* 5. *’lk ’nšn ptyzbt knm zy prbst hwyn ’lk ’thḥsynn mn* 6. *prbsty whwptysty l’mwhy wl’bwhy wlmzyšty’ ’nsn* 7. *’yk ’srhy ḥlqwt’ wl’ ’yty dyn’ lklhm ’nšy’ ḥsyn* 8. *znh hwtyr lklhm ’nšn w’wsp yhwtr.*	שנן י פתיתו עביד זי מראן פרידארש מלכא קשיטא מהקשט מן אדין זעיר מרעא לכלהם אנשן וכלהם אדושיא הובד ובכל ארקא ראם שתי ואף זי זנה כמאכלא למראן מלכא זעיר קטלן זנה למחזה כלהם אנשן אתהחסינן אזי נוניא אחדן אלך אנשן פתיזבת כנם זי פרבסת הוין אלך אתהחסינן מן פרבסתי והופתיסתי לאמוהי ולאבוהי ולמזישתיא אנסן איך אסרהי חלקותא ולא איתי דינא לכלהם אנשיא חסין זנה הותיר לכלהם אנשן ואוסף יהותר.

English translation of the Aramaic

1. Ten years having passed (?). It so happened (?) that our lord, king Priyadasin, became the institutor of Truth,
2. Since then, evil diminished among all men and all misfortunes (?) lie caused to disappear; and [there is] peace as well as joy in the whole earth.
3. And, moreover, [there is] this in regard to food: for our lord, the king, [only] a few
4. [animals] are killed; having seen this, all men have given up [the slaughter of animals]; even (?) those men who catch fish (i.e. the fishermen) are subject to prohibition.
5. Similarly, those who were without restraint have ceased to be without restraint.
6. And obedience to mother and to father and to old men [reigns] in conformity with the obligations imposed by fate on each [person].
7. And there is no Judgement for all the pious men,
8. This [i.e. the practice of Law] has been profitable to all men and will be more profitable [in future].

1. આપણા સ્વામી, રાજા પ્રિયદર્શિ, સત્યના સંસ્થાપક બન્યાને, દસ વર્ષ વીતી ગયા.

2.ત્યારથી, સર્વ લોકોમાં દુષ્કૃત્યો ઓછા થયા. અને બધા દુર્ભાગ્ય, અસત્ય અદ્દશ્ય થયા; હવે, સમગ્ર પૃથ્વી પર શાંતિ તેમજ આનંદ છે.

3.અને, વધુમાં, ખોરાકના સંદર્ભમાં આ છેઃ આપણા સ્વામી, રાજાના ભોજન માટે, માત્ર થોડા

4 પ્રાણીઓ માર્યા જાય છે; આ જોઈને, સર્વ લોકોએ પ્રાણીઓની હત્યા છોડી દીધી છે; જેઓ માછીમારો પણ પ્રતિબંધને પાત્ર છે.

5. તેવી જ રીતે, જેઓ અસંયમિત હતા તેઓએ પણ સંયમ વિના રહેવાનું બંધ કરી દીધું છે.

6.અને દરેક વ્યક્તિ પર નિયતિ દ્વારા લાદવામાં આવેલી જવાબદારીઓને અનુરૂપ માતા, પિતા અને વૃદ્ધોનું આજ્ઞાપાલન રાજ્ય કરે છે..

7.અને સર્વ ધર્મનિષ્ઠ લોકો માટે કોઈ નિર્ણય નથી.

8.આ નિયમપાલન સર્વલોકો માટે લાભકારક રહ્યું છે અને ભવિષ્યમાં વધુ લાભકારક રહેશે.

અર્માઇક સંસ્કરણ-ભાવાનુવાદ-શ્રીરાજબલી-પાણ્ડેય

દસ વર્ષ વીતી ગયા પછી, આપણા રાજ્ય પ્રિયદર્શીએ લોકોને ધાર્મિક ઉપદેશ આપવાનું નક્કી કર્યું. ત્યારથી સંસારના લોકોના પાપ ઓછા થઈ ગયા છે. જે લોકોએ દુઃખ સહન કર્યું છે. તેમનામાં તેનો અંત આવ્યો છે અને સમગ્ર વિશ્વમાં શાંતિ અને આનંદ વ્યાપ્ત છે. અને અન્ય બાબતોમાં પણ. જે ભોજન સાથે સંબંધિત છે, આપણા સ્વામી બહુ ઓછા જીવોનો વધ કરે છે. આ જોઈને અન્ય લોકોએ પણ જીવ-હત્યા બંધ કરી દીધી છે. માછીમારોનું કામ પણ નિષિદ્ધ કરી દીધું છે. આ રીતે જેનામાં સંયમ નહોતો, તેઓએ સંયમ શીખી લીધો છે. માતા, પિતા અને ગુરુજનોંની આજ્ઞાકારિતા અને તેમના પ્રત્યે કર્તવ્યપાલનનો વ્યવહાર હવે થઈ

રહ્યો છે. ધાર્મિક લોકો પર હવે આરોપ મૂકાતા નથી. આમ ધર્મનું પાલન કરવું એ સર્વ મનુષ્યો માટે મહત્વપૂર્ણ છે અને તે ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.

ગ્રીક અને અર્માઇક આવૃત્તિઓ કંઈક અંશે પરિવર્તન દેખાય છે, પ્રાકૃતના મૂળ લખાણનું મુક્ત અર્થઘટન લાગે છે. એરામિક લખાણ સ્પષ્ટપણે અશોકની સત્તાને પારખે છે; જેમ કે "અમારા ભગવાન, રાજા પ્રિયદસિન", "આપણા સ્વામી, રાજા", જે સૂચવે છે કે, આ વાચકો ખરેખર અશોકની પ્રજા હતી. જ્યારે ગ્રીક સંસ્કરણ માત્ર "રાજા અશોક" કહી, વધુ તટસ્થ રહે છે.

૯.ક-૩: પાલિ: કોશલી, માગધી અને સંસ્કૃતની મેળવણીવાળી ભાષામાં બુદ્ધે જે ઉપદેશો આપેલા એને પાલિ કહેવામાં આવે છે, ભાષાને નહીં.

પાલિના સમ્બન્ધમાં મોટો ભ્રમ છે. કોશલી, માગધી અને સંસ્કૃતને જોડીને બનાવેલી કૃત્રિમ ભાષામાં બુદ્ધે જે ધર્મ વિષે ઉપદેશ આપ્યો હતો તે જ પાલિ છે. સંસ્કૃતની પ્રતિદ્વન્દી લોકભાષા ઘડીને એના માધ્યમથી લોકોને પ્રભાવિત કરવા માટે જ આ કરવામાં આવ્યું હતું. વાસ્તવમાં, બુદ્ધે જે પણ કહ્યું છે તે માત્ર 'પાલિ' છે જે સિંહલ(લંકા)થી પ્રાપ્ત થયેલા લખાણોમાં પણ જોવા મળે છે. ત્યાં કહ્યું છે કે.... **'पालिमत्तं इधानीतं न तु अट्ठकथा इधा।'**

અહીં (સિંહલમાં) માત્ર પાલિ એટલે કે બુદ્ધ-વચન જ લાવવામાં આવેલા., તે વચનો પર કરેલું ભાષ્ય કે અર્થકથા-અટ્ઠકથા નહીં.

બુદ્ધ-વચન અને અર્થકથા બંને એક જ ભાષામાં છે, પરંતુ માત્ર બુદ્ધ-વચનને જ 'પાલિ' કહ્યા છે, અટ્ઠકથાને નહીં. તેમની ભાષા એટલી કૃત્રિમ હતી કે ન તો તેની કોઈ પરંપરા ચાલુ રહી કે, ન તો બૌદ્ધ સાહિત્ય સિવાયનું કોઈ સાહિત્ય તેમાં સર્જાયું. એકવાર બુદ્ધના પટ્ટશિષ્ય આનંદે બુદ્ધને તેમના વચનોને સંસ્કૃતમાં અનુવાદ કરવાની આજ્ઞા આપવા કહ્યું હતું, પરંતુ બ્રાહ્મણો પ્રત્યેની ચીડને કારણે બુદ્ધે કહ્યું, 'હું મારા વચનોને 'બ્રહ્મણ ભાસા' (સંસ્કૃત)માં સાચવવા માંગતો નથી.' આનાથી એટલું તો પુરવાર થાય છે કે, શિષ્ટ લોકો અને વિદ્વાનોમાં સંસ્કૃતનો પ્રચાર અને આદર થતો હતો.

કાત્યાયને તેમના પાલિ વ્યાકરણમાં એક સૂત્ર પણ લખ્યું છે - **ततो बुद्धबचनम्हि** ।=પાલિ માત્ર બુદ્ધ-વચનોમાં જ છે. આ ઉપરાંત જાતકના લેખકો અને અર્થકથાવાળાઓએ પણ આ જ કૃત્રિમ ભાષાનું અનુકરણ કર્યું હતું. તાત્પર્ય એ છે કે પાલિ એ કોઈ ભાષાનું નામ નથી. 'પાલિ' એ માત્ર તે સાહિત્યનો ઉલ્લેખ કરે છે જેને બુદ્ધ-વચનો માનવામાં આવે છે. તેથી, પાલિને પ્રથમકાળની એક અલગ ભાષા ગણવી એ ભૂલ છે.

પાલિ ભાષા કયા પ્રદેશની ભાષા હતી, ક્યારે અને શા માટે તેનું નામ પાલિ પડ્યું તે અંગે અનેક પ્રકારની અટકળો કરવામાં આવી છે. 'પાલિ' શબ્દનો સૌપ્રથમ વ્યાપક ઉપયોગ બુદ્ધઘોષની અટ્ઠકથાઓ(ઈ.સ. ચોથી કે પાંચમી સદી)માં જોવા મળે છે. બુદ્ધઘોષે 'પાલિ' શબ્દનો ઉપયોગ 'મૂળ ત્રિપિટક' અથવા 'બુદ્ધવચન'ના અર્થમાં કર્યો છે જ્યાં તેમણે ત્રિપિટકના કોઈપણ ભાગને પ્રાચીન 'અર્થકથા' (બુદ્ધ-વચનોની વ્યાખ્યા)થી અલગ દર્શાવવા માટે ટાંક્યો છે. અનુવાદનું દિગ્દર્શન કરતી વખતે તેમણે એમ પણ લખ્યું છે - '**महच्चा इति पि पालि**' ।

અહીં તેનો અર્થ 'પાઠ' થાય છે. આચાર્ય બુદ્ધ ઘોષે પૂર્વ લંકામાં જે ગ્રન્થો ચોથી સદીમાં લખેલા ગ્રંથોમાં 'પાલિ' શબ્દનો ઉપયોગ બુદ્ધવચનો જેવા જ અર્થમાં થયો છે.

કેટલાક આધુનિક વિદ્વાનોએ પાલિ શબ્દની નિરુક્તિ નીચે મુજબ કરી છે:

૧. બુદ્ધઘોષની અટ્ઠકથાઓમાં 'પાલિ' શબ્દ બુદ્ધ-વચન અથવા મૂળ ત્રિપિટિકના અર્થમાં આવે છે. તેથી, માત્ર બુદ્ધ-વચનને જ 'પાલિ' કહેવામાં આવે છે.

૨. 'પાલિ' શબ્દનું સૌથી જૂનું સ્વરૂપ 'પરિયાય' છે.'ત્રિપિટિક'માં ઘણી વખત ક્યાંક 'ધર્મ' શબ્દ સાથે ઉપયોગ કરવામાં આવ્યો છે અને કેટલીક વાર એકલા, જેમ કે '**को नाम अयं भन्ते घम्म परियायो ति**' અહીં 'પરિયાય' શબ્દનો અર્થ 'બુદ્ધના ઉપદેશો' થાય છે. પાછળથી, 'પરિયાય' શબ્દનું સ્વરૂપ બદલીને 'પલિયાય' થયું. અશોકના પ્રસિદ્ધ ભાબ્રુ શિલાલેખમાં 'પાલિયાય'શબ્દનો પ્રયોગ એ જ અર્થમાં થયો છે, જ્યાં ધર્મરાજાના ભિક્ખુસંઘને કહેવામાં આવ્યું છે - 'બુદ્ધ-વચન સાંભળો અને તેનું પાલન કરો'. અહી 'પાલિ' શબ્દનો અર્થ 'પાલન કરવું' એવો થાય છે.

૩. ભિખ્ખુ સિદ્ધાર્થનો અભિપ્રાય છે કે સંસ્કૃત શબ્દ 'પાઠ' પરથી 'પાલિ' શબ્દ બન્યો છે - પાઠ<પાડ<પાર<પાલ<પાલિ... 'પાઠ' થી 'પાલિ' શબ્દનો વિકાસ થયો છે, પહેલાં બ્રાહ્મણો વેદના પાઠ માટે 'પાઠ' શબ્દ વાપરતા. આથી મહાશાલ બ્રાહ્મણે બૌદ્ધ ધર્મમાં

પ્રવેશ કર્યો, ત્યારે તેઓએ બુદ્ધવચનો માટે.. વેદ માટે વપરાતા આ'પાઠ' શબ્દનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. આ જ શબ્દ 'પાઠ' ભિખ્ખુ-સંઘમાં આવ્યો અને 'પાલ' થઇ ગયો. કારણ કે સંસ્કૃતના બધા મૂર્ધન્ય વ્યંજનો (ટ,ઠ,ડ,ઢ,ણ) પાલિ અને પ્રાકૃતમાં 'લ' બને છે. હ્રસ્વ ઇના ઉમેરાવાથી તે 'પાલિ' બની ગયું.

પાલિ ક્યાંની ભાષા હતી?

સિંહાલી લોકો 'પાલિ'ને માગધી ભાષા માને છે. પરંતુ બધા વિદ્વાનો આ અભિપ્રાય સાથે સહમત નથી. રોય ડેવિસનો અભિપ્રાય છે કે 'આ ભાષા કોશલ પ્રદેશમાં પૂર્વે છઠ્ઠી કે સાતમી સદીમાં બોલાતી હતી. આ ભગવાન બુદ્ધની માતૃભાષા હતી કારણ કે તેઓ કોશલ દેશમાં જન્મ્યા હતા અને આ પ્રદેશમાં તેમના પ્રારંભિક ઉપદેશો પણ આપ્યા હતા. તેમનું મોટાભાગનું જીવન પણ આ પ્રદેશમાં વિત્યું હતું અને ભગવાન બુદ્ધના મૃત્યુ પછી સો વર્ષની અંદર, તેમના ઉપદેશો મુખ્યત્વે કોશલ પ્રદેશમાં એકત્રિત કરવામાં આવ્યા હતા.

આ તમામ વિવાદોનું નિષ્કર્ષ એ હતું કે 'પાલિ' મગધ દેશની ભાષા હતી. પાલિ ભાષા માગધીનું સ્વરૂપ છે જેમાં ભગવાન બુદ્ધે ઉપદેશ આપ્યો હતો. આ ભાષા કોઈ ચોક્કસ જિલ્લાની ભાષા ન હતી, પરંતુ સંસ્કારી સમાજમાં બોલાતી એક સર્વવ્યાપી સ્વીકૃત ભાષા હતી, જેનો વિકાસ બુદ્ધના ઘણા સમય પહેલા થઈ રહ્યો હતો. ભગવાન બુદ્ધ મગધના ન હોવા છતાં, તેમના જીવનનું મોટા ભાગનું કાર્ય ત્યાં જ થયું હતું. તેથી, તેના પર માગધીની છાપ પડી જ હશે.

પાલિ=ઉપદેશને સરળ બનાવવા માટે, `ऋ-ऌ-ॡ-ऐ-औ' દૂર કરવામાં આવ્યા, સંયુક્ત વ્યંજનોને દ્વિત્વ આપવામાં આવ્યું, જેમ કે 'કર્મ'નું 'કમ્મ', 'સૂત્ર'નું 'સુત્ત', ધર્મ નું ધમ્મ. શબ્દના અંતિમ વિસર્ગ અને વ્યંજન છોડી દેવામાં આવ્યા, 'ર' સાથેના 'તવર્ગ' બધા ય ટવર્ગ કરવામાં આવ્યા. 'ય'નો 'જ,' 'વ'નો 'બ'અને'શ-ષ'નો સ થઇ ગયા. વિસર્ગ અને અંતિમ વ્યંજન (ન્ મ્) વગેરે અદશ્ય થઈ ગયા. દ્વિવચનનો અંત આવ્યો. માત્ર એકવચન અને બહુવચન જ રહ્યું. અને ક્રિયાર્થક સંજ્ઞાઓનો ઉપયોગ વધારી દીધો. સંજ્ઞાઓ અકારાન્ત થવા લાગી. કાલ, કારક, અને વાચ્યના રૂપમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. શબ્દોના અર્થ બદલાવા લાગ્યા.

૮ખ.બ્રાહ્મી ઉપરથી ઉતરી આવેલ લિપિઓ:



અહીં બ્રાહ્મી લિપિ ઉપરથી ઉતરી આવેલી ૨૧ લિપિઓની વર્ણમાળાના અક્ષરોનો વિકાસ થયો છે તે સૂચવવા પૂરતો ચાર્ટ બનાવ્યો છે. દરેક લિપિ પૂર્ણ સ્વરુપે સ્થાનિક વિશેષતાઓ સાથે નોંધી શકાઇ નથી. બ્રાહ્મીના વર્ણની આકૃતિ સાથે જે તે લિપિના વર્ણની તુલનાત્મક આકૃતિનું પ્રદર્શન માત્ર છે. ચાર વિભાગમાં આ લિપિઓ વહેંચી નાખેલ છે. (૧) ઉત્તર ભારતની લિપિઓ, જેમાં તિબેટી લિપિ સમાવી લીધી છે. (૨) દક્ષિણભારતની લિપિઓ, જેમાં શ્રીલંકાની સિંહાલી લિપિ ગણી લીધી છે. (૩) દક્ષિણ-પૂર્વ એશિયાની લિપિઓ. (૪) ઇન્ડોનેશિયન અને ફિલિપિનો લિપિઓ.(પ્રશાંત મહાસાગરના ટાપુઓ)

(૧) ઉત્તર ભારતની લિપિઓ: DEV – દેવનાગરી. GUJ – ગુજરાતી PUN – ગુરુમુખી-પંજાબી BEN – બંગાળી. ASS – આસામીઝ- બંગાળી સમાન જ લિપિ છે બે વર્ણોમાં થોડો ફેરફાર છે. ORI – ઉડિયા TIB – તિબેટી

(૨) દક્ષિણ ભારતની લિપિઓ: TEL –તેળુગુ KAN – કન્નડ TAM – તમિળ MAL – મળયાળમ SIN - સિંહલ

(૩) દક્ષિણ-પૂર્વ એશિયાની લિપિઓ. BUR – બર્મીઝ LAO – લાઓ THA – થાઇ KHM - ખ્મેર

(૪) ઇન્ડોનેશિયન અને ફિલિપિનો લિપિઓ: JAV – જાવાનીઝ BAL – બાલાનીઝ TAG – Tagolog તાગલોગ-ફિલિપાઇન્સની ભાષા BAT – Batak- ફિલિપાઇન્સના પલવન ટાપુની ભાષા BUG - Bugis (Buginese)સુલાવેસી-ઇન્ડોનેશિયાની ભાષા.

વ્યઞ્જન

કણ્ઠ્ય સ્થાન:

GUTTERAL	DEV	GUJ	PUN	BEN	ORI	TIB	TEL	KAN	TAM	MAL	SIN	BUR	LAO	THA	KHM	JAV	BAL	TAG	BAT	BUG
k	क	ક	ਕ	ক	କ	ཀ	క	ಕ	க	ക	ක	က	ກ	ก	ក	ꦏ	ᬓ	ᜃ	ᯂ	ᨀ
kh	ख	ખ	ਖ	খ	ଖ	ཁ	ఖ	ಖ	–	ഖ	ඛ	ခ	ຂ	ข	ខ	ꦑ	–	–	–	–
g	ग	ગ	ਗ	গ	ଗ	ག	గ	ಗ	–	ഗ	ග	ဂ	ຄ	ค	គ	ꦒ	ᬕ	ᜄ	ᯎ	ᨁ
gh	घ	ઘ	ਘ	ঘ	ଘ	–	ఘ	ಘ	–	ഘ	ඝ	ဃ	–	ฆ	ឃ	ꦓ	ᬖ	–	–	–
ṅ	ङ	ઙ	ਙ	ঙ	ଙ	ང	ఙ	ಙ	ங	ങ	ඞ	င	ງ	ง	ង	ꦔ	ᬗ	ᜅ	ᯝ	ᨂ

તાલવ્યસ્થાન:

palatals	DEV	GUJ	PUN	BEN	ORI	TIB	TEL	KAN	TAM	MAL	SIN	BUR	LAO	THA	KHM	JAV	BAL	TAG	BAT	BUG
c	च	ચ	ਚ	চ	ଚ	ཅ	చ	ಚ	ச	ച	ච	စ	ຈ	จ	ច	ꦕ	ᬘ	–	–	ᨌ
ch	छ	છ	ਛ	ছ	ଛ	ཆ	ఛ	ಛ	–	ഛ	ඡ	ဆ	ສ	ฉ	ឆ	ꦖ	–	–	–	–
j	ज	જ	ਜ	জ	ଜ	ཇ	జ	ಜ	ஜ	ജ	ජ	ဇ	ຊ	ช	ជ	ꦗ	ᬚ	–	ᯐ	ᨍ
jh	झ	ઝ	ਝ	ঝ	ଝ	–	ఝ	ಝ	–	ഝ	ඣ	ဈ	–	ฌ	ឈ	ꦙ	–	–	–	–
ñ	ञ	ઞ	ਞ	ঞ	ଞ	ཉ	ఞ	ಞ	ஞ	ഞ	ඤ	ဉ	ຍ	ญ	ញ	ꦚ	ᬜ	–	ᯉ	ᨎ

મૂર્ધન્ય સ્થાન:

retro.	DEV	GUJ	PUN	BEN	ORI	TIB	TEL	KAN	TAM	MAL	SIN	BUR	LAO	THA	KHM	JAV	BAL	TAG	BAT	BUG
ṭ	ट	ટ	ਟ	ট	ଟ	–	ట	ಟ	ட	ട	ට	ဋ	–	ฏ	ដ	ꦛ	ᬝ	–	–	–
ṭh	ठ	ઠ	ਠ	ঠ	ଠ	–	ఠ	ಠ	–	ഠ	ඨ	ဌ	–	ฐ	ឋ	–	–	–	–	–
ḍ	ड	ડ	ਡ	ড	ଡ	–	డ	ಡ	–	ഡ	ඩ	ဍ	–	ฑ	ឌ	ꦝ	ᬟ	–	–	–
ḍh	ढ	ઢ	ਢ	ঢ	ଢ	–	ఢ	ಢ	–	ഢ	ඪ	ဎ	–	ฒ	ឍ	–	–	–	–	–
ṇ	ण	ણ	ਣ	ণ	ଣ	–	ణ	ಣ	ண	ണ	ණ	ဏ	–	ณ	ណ	ꦟ	ᬡ	–	–	–

દન્ત્યસ્થાન:

dentals	DEV	GUJ	PUN	BEN	ORI	TIB	TEL	KAN	TAM	MAL	SIN	BUR	LAO	THA	KHM	JAV	BAL	TAG	BAT	BUG
t	त	ત	ਤ	ত	ତ	ཏ	త	ತ	த	ത	ත	တ	ຕ	ต	ត	ꦠ	ᬢ	ᜆ	ᯖ	ᨈ
th	थ	થ	ਥ	থ	ଥ	ཐ	థ	ಥ	–	ഥ	ථ	ထ	ຖ	ถ	ថ	ꦡ	ᬣ	–	–	–
d	द	દ	ਦ	দ	ଦ	ད	ద	ದ	–	ദ	ද	ဒ	ທ	ท	ទ	ꦢ	ᬤ	ᜇ	ᯑ	ᨉ
dh	ध	ધ	ਧ	ধ	ଧ	–	ధ	ಧ	–	ധ	ධ	ဓ	ຘ	ธ	ធ	–	–	–	–	–
n	न	ન	ਨ	ন	ନ	ན	న	ನ	ந	ന	න	န	ນ	น	ន	ꦤ	ᬦ	ᜈ	ᯉ	ᨊ

ઓષ્ઠ્યસ્થાન:

labials	DEV	GUJ	PUN	BEN	ORI	TIB	TEL	KAN	TAM	MAL	SIN	BUR	LAO	THA	KHM	JAV	BAL	TAG	BAT	BUG
p	प	પ	ਪ	প	ପ	པ	ప	ಪ	ப	പ	ප	ပ	ປ	ป	ប	ꦥ	ᬧ	ᜉ	ᯇ	ᨄ
ph	फ	ફ	ਫ	ফ	ଫ	ཕ	ఫ	ಫ	–	ഫ	ඵ	ဖ	ຜ	ผ	ផ	ꦦ	ᬨ	–	–	–
b	ब	બ	ਬ	ব	ବ	བ	బ	ಬ	–	ബ	බ	ဗ	ພ	พ	ព	ꦧ	ᬩ	ᜊ	ᯅ	ᨅ
bh	भ	ભ	ਭ	ভ	ଭ	–	భ	ಭ	–	ഭ	භ	ဘ	–	ภ	ភ	ꦨ	ᬪ	–	–	–
m	म	મ	ਮ	ম	ମ	མ	మ	ಮ	ம	മ	ම	မ	ມ	ม	ម	ꦩ	ᬫ	ᜋ	ᯔ	ᨆ

અર્ધસ્વર:



ઉષ્માક્ષર-મહાપ્રાણ (Fricative)



બ્રાહ્મીના કેટલાક આધુનિક વંશજો: બંગાળી, દેવનાગરી, ગુજરાતી, ગુરુમુખી, કન્નડ, ખ્મેર, મલયાલમ, ઓડિયા, સિંહલા, તમિલ, તેલુગુ, તિબેટીયન

કેટલીક લેખન પ્રણાલીઓ જેમાં સંસ્કૃત લખાતી હતી: ભૈક્ષુકી, બ્રાહ્મી, દેવનાગરી, ગાલિક, ગ્રંથ, ગુપ્ત, કદમ્બ, ખરોષ્ઠી, નંદીનાગરી, શારદા, સિદ્ધમ્, થાઈ, તિબેટીયન....

૯.ગ. સિદ્ધમ્ લિપિ सिद्धम् लिपि



સિદ્ધમ્ લિપિ: પ્રકારઃ અબુગીડા, સમયગાળોઃ ૬ઠ્ઠી સદીના અંતથી-ઇ.સ. ૧૨૦૦. દિશાઃ ડાબે-થી-જમણે ભાષાઃ સંસ્કૃત

પિતૃ પ્રણાલિઃ ઇજિપ્તીયન, પ્રોટો-સિનાઇટિક, ફોનિશિયન, અરામિક, બ્રાહ્મી, ગુપ્ત-બ્રાહ્મી, સિદ્ધમ્   બાળ પ્રણાલિઃ નાગરી, ગૌડી લિપિ, બંગાળી, આસામી, તિર્હુતા કે મૈથિલી, ઉડિયા. નેપાળી.

(ગૌડી લિપિ, જે પ્રોટો-બંગાળી લિપિ અથવા પ્રોટો-ઉડિયા લિપિ તરીકે પણ ઓળખવામાં આવે છે તે બ્રાહ્મી પરિવાર જ છે. ગૌડી લિપિમાંથી ધીરે ધીરે બંગાળી-આસામી, ઉડિયા અને તિર્હુતા કે મૈથિલી લિપિ વિકસિત થઈ છે.)

સિસ્ટર સિસ્ટમ્સઃ શારદા, તિબેટીયન, કલિંગ, ભૈક્ષુકી. (બ્રાહ્મી લિપિના સૈદ્ધાંતિક સેમિટિક મૂળ પર સાર્વત્રિક સંમતિ નથી.)

સિદ્ધમ્ લિપિ, જે વિકસિત સ્વરૂપમાં સિદ્ધામાતૃકા તરીકે પણ ઓળખાય છે, એ મધ્યયુગીન ગુપ્ત-બ્રાહ્મી લિપિમાં પરથી ઉતરી આવેલ છે અને નાગરી, આસામી, બંગાળી, મૈથિલી-તિર્હુતા, ઉડિયા અને નેપાળી લિપિની પૂર્વજ છે.

સિદ્ધમ્ શબ્દનો અર્થ સંસ્કૃતમાં "સંપૂર્ણ" અથવા "સિદ્ધ થયેલી" થાય છે. અન્ય નામોમાં જાપાનીઝઃ બોન્જી લિટ અને નો સમાવેશ થાય છે. સંસ્કૃતમાં "બ્રહ્માના અક્ષરો" અને ચાઇનીઝઃ પિનયિન=Xītán wénzi lit છે.

ચીનમાં લઈ જવામાં આવેલા ઘણા બૌદ્ધ ગ્રંથોમાં સિદ્ધમ્ લિપિનો ઉપયોગ થયો હતો.

સિદ્ધમ્ લિપિનો ઉપયોગ બૌદ્ધ તંત્રના ગ્રંથો માટે થતો હતો. જેમાં મંત્રોનું સ્પષ્ટ ઉચ્ચારણ મહત્વનું હતું, અને સંસ્કૃતના ધ્વનિ લખવા માટે ચીની ભાષા યોગ્ય ન હતી. આથી પૂર્વ એશિયામાં જ્યાં તાંત્રિક બૌદ્ધ ધર્મ હતો ત્યાં સિદ્ધમ્ લિપિ પ્રસિદ્ધ થઇ.

ઇ.સ.૬૦૯માં તાડ-પત્ર પર સિદ્ધમ્ લિપિમાં હૃદય સૂત્ર અને उष्णीष ઉશનીસ વિજય ધારણી સૂત્ર હસ્તપ્રતની પ્રતિકૃતિ. પ્રથમ પૃષ્ઠ અને બીજા પૃષ્ઠની પ્રથમ પંક્તિ છે હૃદય સૂત્ર બીજું પૃષ્ઠ ઉષ્ણિષ વિજય ધારણી સૂત્ર હોર્યુ-જી, જાપાન છે. છેલ્લી પંક્તિ એ સિદ્ધમ્ લિપિમાં સંસ્કૃતનો સંપૂર્ણ અભ્યાસક્રમ છે

(હૃદય સૂત્ર અને उष्णीष-ઉશનીસ વિજય ધારણી સૂત્ર, ડાયમંડ સૂત્ર= વજ્રચ્છેદિકા પ્રજ્ઞાપારમિતા સૂત્ર)

કુકાઈ (૨૭મી જુલાઈ ૭૭૪ થી ૨૨મી એપ્રિલ ૮૩૫) એક જાપાની બૌદ્ધ સાધુ, સુલેખક અને કવિ હતા. ઇ.સ.૮૦૬માં જ્યારે તેઓ ચીનથી પાછા ફર્યા ત્યારે કુકાઈએ જાપાનને સિદ્ધમ્ લિપિનો પરિચય કરાવ્યો, જ્યાં તેમણે નાલંદા-પ્રશિક્ષિત સાધુઓ સાથે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. કુકાઈએ આ લિપિ શીખી ત્યાં સુધીમાં, અબ્બાસીડ ખિલાફત દ્વારા ભારત તરફના વેપાર અને તીર્થયાત્રાના માર્ગો બંધ કરી દેવામાં આવ્યા હતા.

(અબ્બાસીડ ખિલાફત-ઇસ્લામિક પયગંબર મુહમ્મદની અનુગામી ત્રીજી ખિલાફત હતી. તેની સ્થાપના મુહમ્મદના કાકા અબ્બાસ ઇબ્ન અબ્દ અલ-મુત્તાલિબ (566-653 સીઇ)ના વંશજ દ્વારા કરવામાં આવી હતી, જેના પરથી રાજવંશનું નામ પડ્યું હતું. તેઓએ 750 CEની અબ્બાસિદ ક્રાંતિમાં ઉમૈયા ખિલાફતને ઉથલાવી દીધા પછી, આધુનિક ઇરાકમાં બગદાદમાં તેમની રાજધાનીમાંથી મોટાભાગના ખિલાફત માટે ખલીફા તરીકે શાસન કર્યું.)

9મી સદીના મધ્યમાં, ચીને "વિદેશી ધર્મો" ના શુદ્ધિકરણનો પ્રયત્ન કર્યો, ત્યારે જાપાનને સિદ્ધમ્ લિપિના ગ્રંથોનો વ્યવહાર બંધ કર્યો. સમય જતાં, અન્ય લિપિઓએ(દેવનાગરી) ભારતમાં સિદ્ધમ્ નું સ્થાન લીધું, સિદ્ધમ્ લિપિની ઉત્તરપૂર્વમાં ગૌડી નામે પરિવર્તિત થઇ અને તેના ઉપરથી આસામી, બંગાળી, તિર્હુત-મૈથિલિ, ઉડિયા અને નેપાળી લિપિનો વિકાસ થયો. પૂર્વ એશિયાને છોડીને એક માત્ર જાપાન એવો દેશ છે જ્યાં હજુ પણ સિદ્ધમ્ લિપિનો ઉપયોગ થાય છે; અને પૂજાય છે.

કોરિયામાં સિદ્ધમ્ ના વિશેષ સ્વરૂપો વપરાતા હતા જે ચીન અને જાપાન કરતા નોંધપાત્ર રીતે અલગ હતા, અને એવા પુરાવા છે કે સિદ્ધમ્ મધ્ય એશિયામાં ૭મી સદીની શરૂઆતમાં લખાઈ હતી. આ પ્રથા, ચાઇનીઝ લેખન શૈલી અને ભારતીય લેખન શૈલીના 'મિશ્રણ'નું પ્રતિનિધિત્વ કરે છે

સિદ્ધમ્ લિપિ સ્વર-વ્યઞ્જનવાળી વર્ણમાળા છે, દરેક અક્ષર એક ઉચ્ચારણ સૂચવે છે, વ્યંજનમાં સ્વરનો સમાવેશ થાય છે. દરેક વ્યંજનમાં 'અ' સમાયેલો છે. વ્યંજન કોઈ સ્વર વિના એકલા રહે ત્યારે વિરામ(ખોડો) ચિન્હ ◌્-મ્ વાપરવામાં આવે છે. ચિહ્નોનો ઉપયોગ અન્ય સ્વરો, તેમજ અનુસ્વાર◌ઁ-◌ં અને વિસર્ગ◌ઃ સૂચવવા માટે થાય છે. નુક્તાનો ◌઼ ઉપયોગ કેટલાક આધુનિક સિદ્ધ ગ્રંથોમાં થાય છે.

સિદ્ધમ્ ગ્રંથો સામાન્ય રીતે ડાબેથી જમણે પછી ઉપરથી નીચે લખવામાં આવતા, પણ ક્યારેક તે પરંપરાગત ચાઇનીઝ શૈલીમાં, ઉપરથી નીચે પછી જમણેથી ડાબે લખવામાં આવતા હતા. દ્વિભાષી સિદ્ધમ્-જાપાનીઝ લખાણો દર્શાવે છે કે, હસ્તપ્રત કાટખૂણે ઘડિયાળની દિશામાં ફેરવાય છે અને જાપાનીઝ ભાષા ઉપરથી નીચે સુધી લખવામાં આવે છે, જે જાપાનીઝની લાક્ષણિકતા છે, અને પછી હસ્તપ્રતને ફરીથી પાછી ફેરવવામાં આવે છે, અને સિદ્ધમ્ લેખન ડાબેથી જમણે ચાલુ રાખવામાં આવે છે (પરિણામે જાપાનીઝ અક્ષરો બાજુમાં દેખાય છે).

THE ANCIENT PALM-LEAVES.

વજ્રચ્છેદિકાના લખાણની મારી આવૃત્તિની પ્રસ્તાવનામાં, આર્યન સિરીઝ ઓફ ધ એનેકડોટા ઓક્સોનિએન્સિયાના પ્રથમ વોલ્યુમના પહેલા ભાગમાં, મેં બે પ્રાચીન તાડપત્રોની શોધની વિગતવાર માહિતી આપી હતી. (વજ્રચ્છેદિકા પ્રજ્ઞાપારમિતા સૂત્ર-અથવા વજ્ર સૂત્ર મહાયાન ધર્મસૂત્ર છે.)

A D 609 થી અત્યાર સુધી Monastery of Hôriusi મઠના કબજામાં છે; જ્યાં સુધી આપણે જાણીએ છીએ ત્યાં સુધી, સૌથી જૂની સંસ્કૃત મેન્યુસ્ક્રિપ્ટ-MS. હવે સર્વગ્રાહી બનાવી છે.

થોડા સમય માટે આ હસ્તપ્રતો સુધી પહોંચવું અશક્ય બન્યું. મારી મુશ્કેલીઓ સમજાવી; છેવટે તે તાડ-પત્રો મળ્યાં. જેના માટે હું (Late Iwakura Tomomi, the Minister of the Mikado) મિકાડોના મંત્રી સ્વર્ગસ્થ ઇવાકુરા ટોમોમી અને (Mr. Satow-Secretary to the English Legation at Yedo) યેડો ખાતેના ઇંગ્લીશ દુતાવાસના સેક્રેટરી શ્રી સટોવ દ્વારા, આ તાડપત્રોની વિવિધ આવૃત્તિઓ મેળવવાની બાબતમાં લીધેલા રસ બદલ આભાર માનું છું. **આ પ્રાચીન દસ્તાવેજોનું પુરાતત્વીય મૂલ્ય હતું. કારણ કે, તે પ્રાચીન સાહિત્યની સંસ્કૃત ભાષાની પ્રારંભિક લિપિનો જાગૃત દસ્તાવેજ હતો;** પ્રાચીન શિલાલેખ હોત તો સંસ્કૃત વિદ્વાનો મૂળના સંપૂર્ણ ફોટોગ્રાફથી સંતોષ પામત.

નોંધપાત્ર વિલંબ પછી આ તાડપત્રોના ફોટોગ્રાફ્સ આખરે હાથમાં આવ્યા. , અને હું માનું છું કે તેઓ એટલી ચોકસાઈ સાથે પુનઃઉત્પાદિત કરવામાં આવ્યા છે કે, તમામ વ્યવહારિક હેતુઓ માટે, નકલો મૂળ જેટલી જ સારી છે. --- શ્રીમેક્સ-મ્યુલર

શ્રીમેક્સ-મ્યુલરના THE ANCIENT PALM – LEAVES નામના પુસ્તકમાંથી "પ્રજ્ઞાપારમિતા-હૃદયસૂત્ર" નું સિદ્ધમ્ લિપિનું સંસ્કૃત લખાણ અને અંગ્રેજી ભાષાન્તરની સહાયથી અહીં દેવનાગરી લિપિ અને ગુજરાતી ભાષાન્તર નોંધ્યું છે.

THE ANCIENT PALM - LEAVES
CONTAINING THE PRAGNA-PARAMITA-HRIDAYA-SUTRA
AND THE USHNISHA-VIGAYA-DHARANI
EDITED BY
F. MAX MULLER AND BUNYIU NANJIO
WITH AN APPENDIX BY
G. BUHLER
OXFORD-1884

Translation Process.... Text from Max Muller

PRAGNA-PARAMITA-HRIDAYA-SUTRA.
(Sanskrit with Siddham Script on Palm Leaves; Monastry at Japan)

प्रज्ञापारमिता-हृदय सूत्र ॥

॥ नमः सर्वज्ञाय ॥ आर्यावलोकितेश्वरबोधिसत्वो गंभीरायां प्रज्ञापारमितायां चर्या चरमाणो व्यवलोकयति स्म । पंच स्कंधाः तांश्च स्वभावशून्यान्पश्यति स्म । इह शारिपुत्र रूपं शून्यता शून्यतैव रूपं रूपान पृथक् शून्यता शून्यताया न पृथयूपं यद्रूपं सा शून्यता या शून्यता तद्रूपं ।

~ સર્વજ્ઞ આર્ય અવલોકિતેશ્વર બોધિસત્વને નમન કરું છું.
આર્ય બોધિસત્વ અવલોકિતેશ્વર, પ્રજ્ઞાપારમિતા(વિદ્વતાથી પૂર્ણ)માં ઊંડાણથી અભ્યાસ કરી રહ્યા હતા, એમણે આ રીતે વિચાર્યું: પાંચ સ્કંધ છે, અને તેઓ તેમના સ્વભાવથી શૂન્ય દેખાય છે.
હે! શારીપુત્ર, રુપ શૂન્યતા છે, શૂન્યતા જ રુપ છે, રુપ રુપથી જુદું નથી, શૂન્ય શૂન્યથી જુદું નથી!
અહીં રૂપ શૂન્યતા છે, અને શૂન્યતા એ જ રૂપ છે. શૂન્યતા રૂપથી ભિન્ન નથી, રૂપ શૂન્યતાથી ભિન્ન નથી.

एवमेव वेदनासंज्ञासंस्कार विज्ञानानि । इह शारिपुत्र सर्वधर्माः शून्यतालक्षणा अनुत्पन्ना अनिरुद्धा अमला न विमला नोना न परिपूर्णाः । तस्माच्छारिपुत्र शून्यतायां न रूपं न वेदना न संज्ञा न संस्कारा न विज्ञानानि । न चक्षुः श्रोत्रघ्राणजिह्वाकाय मनांसि । न रूपशब्दगंधरस स्प्रष्टव्यधर्माः । न चक्षुर्धातुर्यावन्न मनोधातुः ।

આ જ પ્રમાણે, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાનને લાગુ પડે છે.

અહીં.... હે! શારીપુત્ર, બધી વસ્તુઓમાં શૂન્યતાનું લક્ષણ છે, તેનો કોઈ આરંભ નથી, કોઈ અંત નથી, તે દોષરહિત છે અને દોષરહિત નથી, તે અપૂર્ણ નથી અને સંપૂર્ણ નથી. તેથી, હે! શારીપુત્ર, આ શૂન્યતામાં કોઈ રૂપ નથી, કોઈ ધારણા નથી, કોઈ સંજ્ઞા નથી, કોઈ સંસ્કાર નથી, કોઈ વિજ્ઞાન નથી. આંખ, કાન, નાક, જીભ, શરીર, મન કાંઇ જ નહીં! રૂપ, શબ્દ(ધ્વનિ), ગંધ, રસ-સ્વાદ, સ્પર્શના ધર્મ નથી.

જ્યારે આપણે 'મન નથી' સુધી આવીએ! ત્યાં સુધી આંખ નથી, વગેરે.

(અહીં અઢાર ધાતુઓનું એકત્રીકરણનો ત્યાગ કર્યો છે. જેમ કે આંખ, રૂપ, દૃષ્ટિ; કાન, ધ્વનિ, શ્રવણ; નાક, ગંધ, સુગંધ; જીભ, રસ, સ્વાદ; શરીર, સ્પર્શ, લાગણી; મન, વસ્તુઓ, વિચાર.)

न विद्या नाविद्या न विद्याक्षयो नाविद्याक्षयो यावन्न जरामरणं न जरामरणक्षयो न दुःखसमुदयनिरोधमार्गा न ज्ञानं न प्राप्तित्वं ।

'વિદ્યા નથી, અવિદ્યા નથી, વિદ્યાનો વિનાશ નથી, અવિદ્યાનો વિનાશ નથી,' વગેરે, જ્યાં સુધી આપણે માનીએ... કે, ''જરા-મરણ નથી; જરા-મરણનો ક્ષય નથી! ત્યાં સુધી''.

દુઃખ, દુઃખના કારણ, દુઃખ-નિવારણ, દુઃખ નિવારણના ઉપાય.... આ ચાર આર્ય સત્યો નથી! જ્ઞાન નથી, કોઇ પ્રાપ્તિ (નિર્વાણની) નથી. (ચાર આર્ય સત્યોઃ હેય, હેયહેતુ, હાન, હાનોપાય.)

बोधिसत्त्वस्य प्रज्ञापारमितामाश्रित्य विहरति चित्तावरणः। चित्तावरणनास्तित्वादत्रस्तो विपर्यासातिक्रांतो निष्ठनिर्वाणः ।

अध्वव्यवस्थिताः सर्वबुद्धाः प्रज्ञापारमितामाश्रित्यानुत्तरां सम्यक्संबोधिमभिसंबुद्धाः । तस्माज्ज्ञातव्यो प्रज्ञापारमितामहामंत्रो महाविद्यामंत्रोऽनुत्तरमंत्रोऽसमसममंत्र: सर्वदुःखप्रशमनः सत्यममिथ्यत्वात् प्रज्ञापारमितायामुक्तो मंत्र । तद्यथा गते गते पारगते पारसंगते बोधि स्वाहा ।

॥ इति प्रज्ञापारमिताहृदयं समाप्तं ॥

પ્રજ્ઞાપરમિતાનો આશ્રય લઇને, બોધિસત્વ ચિત્તના આવરણ સાથે વિહરે છે. પરંતુ જ્યારે ચિત્તના આવરણનો નાશ થઈ જાય છે, ત્યારે તે પરિવર્તનની પહોંચની બહાર, અંતિમ નિર્વાણનો આનંદ માણી તમામ ભયથી મુક્ત થઈ જાય છે.'

ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના સર્વ બુદ્ધો, પ્રજ્ઞાપારમિતાના આશ્રયે ની નજીક પહોંચ્યા પછી, સર્વોચ્ચ સંપૂર્ણ જ્ઞાન માટે જાગૃત થાય છે.

તેથી પ્રજ્ઞાપારમિતાનો મહામંત્ર, મહાવિદ્યાનો મંત્ર, અનુત્તર મંત્ર, અસમ-સમ(અજોડ) મંત્ર, સર્વ-દુઃખ-પ્રશમનમંત્ર સર્વ-સત્ય છે; કારણ કે, પ્રજ્ઞાપારમિતાએ ઘોષિત કરેલ મંત્ર વ્યર્થ નથી. તે આમ છે;

હે! વિદ્વતા! ગઇ, ગઇ, ગઇ.... અન્ય તીરે, અન્ય તીરે ઉતરી! સ્વાહા!

આમ પ્રજ્ઞાપારમિતાનું હૃદય સમાપ્ત થાય છે.

આપણે ''ઋગ્વેદ કઇ લિપિમાં લખાયો'' એની મથામણમાં છીએ. અહીં આપણે સિદ્ધમ્ લિપિમાં સંસ્કૃત ભાષામાં ઇ.સ.૬૦૯માં તાડપત્ર પર લખાયેલ એક નાનકડા પુસ્તકની સમીક્ષા કરી.

આ સૌથી પ્રાચીન સંસ્કૃત ભાષાનો ગ્રંથ છે. જેનું પુરાતત્ત્વીય મૂલ્ય સમજી શ્રી મેક્સમ્યુલરે વિશ્વ સમક્ષ મૂકવા ઘનિષ્ઠ પ્રયત્ન કર્યો છે.

સંસ્કૃત ભાષા માટે સ્થિર થયેલી દેવનાગરી લિપિ આ સિદ્ધમ્ લિપિ પરથી ઉતરી આવી છે. તે નોંધનીય છે.

પ્રજ્ઞાપારમિતા-જાવા

सिद्धम् वर्णमाला ॥

𑖀 𑖁 𑖂 𑖃 𑖄 𑖅 𑖆 𑖇 𑖈 𑖉

◌𑖯 ◌𑖰 ◌𑖱 ◌𑖲 ◌𑖳 ◌𑖴 ◌𑖵

अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ

𑖊 𑖋 𑖌 𑖍

◌𑖸 ◌𑖹 ◌𑖺 ◌𑖻 ◌𑖼 ◌𑖽 ◌𑖾 ◌𑖿 ◌𑗀

ए ऐ ओ औ अँ अं अः क् ट़

𑖎 𑖏 𑖐 𑖑 𑖒 𑖓 𑖔 𑖕 𑖖 𑖗

क ख ग घ ङ च छ ज झ ञ

𑖘 𑖙 𑖚 𑖛 𑖜 𑖝 𑖞 𑖟 𑖠 𑖡

ट ठ ड ढ ण त थ द ध न

𑖢 𑖣 𑖤 𑖥 𑖦 𑖧 𑖨 𑖩 𑖪

प फ ब भ म य र ल व

𑖫 𑖬 𑖭 𑖮

श ष स ह

भवसुख-शिलु

प्रज्ञापारमिता-हृदय सूत्र ॥

1



[१]~ नमस्सर्वज्ञाय आर्यावलोकितेश्वर बोधिसत्वो गम्भीरं प्रज्ञापारमितायं चर्या चरमानो व्यावलोकयति स्म पंच स्कन्धास्ताश्च स्वभावशून्यं पस्य

[२]ति स्म इह शारिपुत्र रूपं शून्यता शून्यतैव रूपं रूपान्न पृथक् शून्यता शून्यताया न पृथग्रूपं यद्रूपं सा शून्यता या शून्यता तद्रूपं एवमेव वेद

[३] न संज्ञासंस्कार विज्ञानानि इह शारिपुत्र सर्वधर्मा शून्यतालक्षणा अनुत्पन्ना अनिरुद्धा अमलाविमला नोना न परिपूर्णा तस्माच्छारिपुत्र शून्यता

[४] यां न रूपं न वेदना संज्ञा न संस्कारा न विज्ञानि न चक्षुश्रोत्रघ्राणजिह्वाकायमनोङ्गि न रूपं शब्दगन्धरसस्पष्टव्य(ष्य)धर्मा न चक्षुर्धातु यावन्न म

[५]नोधातु न विद्या नाविद्या न विद्याक्षयो नाविद्याक्षयो यावन्न जरामरणं न जरामरणक्षयो न दुःखसमुदयनिरोधमार्ग न ज्ञानं न प्राप्तित्वं बोधिसत्वस्य प्रज्ञापारमि

[६]तामाश्रृन्या विहरनि चित्तवरण: चित्तावरणनास्तित्वादचस्तो विपर्यासातिक्रान्तः निष्ठनिर्वाणः त्र्यध्वष्यवस्थिता सर्वबुद्धाः प्रज्ञापारमितामाशुन्यानुत्तरां सम्यक्संबोधिमभि

[७]संबुद्धा तस्मा प्रज्ञापारमिता आश्रित्यानुत्तरां सम्यक्सं(क्)(सं)बो धि {स हि} ज्ञातव्यं प्रज्ञाप्रामितामहामंत्रो महाविद्यामंत्रः अनुत्तरमंत्र अस

---

[१] [२]



न म स्स र्व ज्ञा य आ र्या व लो कि ते श्व र बो धि स त्वो ग म्भी रं प्र ज्ञा पा र मि ता यं च र्या च र मा नो व्या व लो क य ति स्म पं च स्क न्धा स्ता श्च स्व भा व शु न्यं पस्य ति स्म



ति स्म इ ह शारिपुत्र रू पं शू न्य ता शू न्य तै व रू पं रूपा न्न पृ थ क् शू न्य ता शून्यता या न पृ थ ग्रू पं य द्रू पं सा शू न्य ता या शू न्य ता त द्रू पं ए व मे व वे द

प्रज्ञापारमिता-हृदय सूत्र ॥



[२-८]मसममंत्र सर्वदुःखप्रशमनः सत्यममिथ्यत्वात् प्रज्ञापारमि-तायामुक्तो मंत्रः तद्यथा गते गते पारगते पारसंगते बोधि स्वाहा ॥ प्रज्ञापारमितहृय समप्ता

(९)~ नमस्त्रैलोक्यप्रतिविसिष्टाय बुद्धाय भगवते तद्यथा ओं विसोधय सम समन्तावभासस्फरणगतिगहन स्वभावशुद्धे अभि- षिंचतु मां सुगतवचनामृताभिषे

(१०)कै हरा हरा आयः संन्तारणे शोधय शोधय गगनविसुद्धे उष्णीषविजयसुद्धे सहस्त्ररस्मिसंचोदिते सर्व-तथागताधिष्टानाधिष्ठितमुद्रे वज्रकायसंहतनसुद्धे

(११) सर्ववरणविसुचे प्रतिनिवर्तय आयुसुद्धे समयाधिष्ठिते मनि मनि तथाता भूत-कोटिपरिसुद्धे विस्फुटबुद्धिशुद्धे जय जय विजय स्मर सर्वबु

(१२)द्धा धिष्ठितसुद्धे वज्रे वज्रगर्भे वज्रं भवतु मम सर्वसत्वानां च काय- विसुद्धे सर्वगतिपरिसुद्धे सर्वतथागतसमास्वासाधिष्ठिते बुध्य बुध्य बोधय विबोधय सोधय

(१३)विसोधय सर्वकर्मवरणानि समसमन्तपरिसुद्धे सर्वतथागताधिष्ठानाधिष्टिते स्वाहा ॥ उष्णीषविजयधोरनि समप्ता 0 0 0॥

(१४)~ सिद्धं अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः क ख ग घ ङ च छ ज झ ञ ट ठ ड ढ ण त थ द ध न प फ ब भ म य र ल व श ष स ह ळ्ं क्ष ॥

૯-ઘ. દેવનાગરી લિપિ

દેવનાગરીનો જન્મઃ દક્ષિણ ભારતમાં સાતમી સદીમાં વિકસિત થઇ અને નિયમિત વપરાશમાં આવી. દેવનાગરીની પ્રથમ સ્પષ્ટ ઝલક આઠમી શતાબ્દિના રાજા દન્તિદુર્ગ-દ્વિતિય (દન્તિવર્મન નામથી પણ સંબોધવામાં આવે છે)ના દાન પત્રોમાં દેખાય છે. આ રાજાએ દક્ષિણમાં ઇ.સ.૭૪૭ થી ૭૫૩ સુધી શાસન કર્યું. આ રાજા માનખેડ રાષ્ટ્રકૂટ વંશના સ્થાપક હતા. ઇ.સ.૭૫૩માં પોતાના ત્રણ તામ્ર-દાન-પત્રો અંકિત કરાવ્યા; જે સમનગઢના પહાડી દુર્ગ પરથી પ્રાપ્ત થયેલા. આ દુર્ગ મહારાષ્ટ્ર-કર્ણાટકની સીમા નજીક બેલગાંવથી ૨૪ માઈલ (૪૦-કી.મી.) દૂર કોલ્હાપુર જિલ્લામાં આવેલો છે. આ દક્ષિણી દેવનાગરીને 'નન્દીનાગરી' નામથી પણ સંબોધિત કરાતી. નન્દીનગર બેન્ગ્લોરથી ૩૬ માઈલ (૬૩ કી.મી.) ઉત્તરમાં આવેલું છે. ઉપરોક્ત દાનપત્રોની પ્રથમ બે લીટીઓ નીચે પ્રમાણે છે.

स्व स्ति स वो व्या द्वे ध सा धा म य न्ना भि क म लं कृ तं ह र श्च य स्य कां ते न्द क लया क म लं कृ तं

स्वस्ति स वो व्याद् वेधसा धाम यन्नाभिकमलं कृतं हरश्च यस्य कान्तेन्दकलया कमलं कृतं.......

તે (વિષ્ણુ-ભગવાન) આપની રક્ષા કરે જેની નાભિમાંથી કમલ ઉત્પન્ન થયું છે. અને તે હર-શિવ જેના શિરને બીજનો ચન્દ્રમા સુશોભિત કરે છે

ઉત્તર ભારતમાં પ્રથમ વખત ગુર્જર-પ્રતિહાર રાજાઓના લેખોમાં નાગરી લિપિ જોવા મળે છે. ઘણા વિદ્વાનોનો મત છે કે, ગુર્જર-પ્રતિહારો બહારથી ભારતમાં આવ્યા હતા. આઠમી શતાબ્દિના પૂર્વાર્દ્ધમાં અવન્તી પ્રદેશમાં પોતાનું શાસન સ્થાપ્યું અને બાદમાં કન્નૌજ પર પણ અધિકાર કરી લીધો હતો. મિહિર ભોજ, મહેન્દ્રપાલ વગેરે પ્રખ્યાત પ્રતિહાર શાસકો બન્યા. મિહિરભોજના પુત્ર અને ગર્જરપ્રતિહારના સાતમા શાસક(ઇ.સ.૮૮૫-૯૧૦) મહેન્દ્રપાલ-પ્રથમના દાનપત્રનો નમૂનો નાગરીલિપિમાં અહીં પ્રસ્તુત છે.



परम्भगवतीभक्तो महाराजश्रीभोजदेवस्तस्य

पुत्त्रस्तत्पादानुध्यात: श्रीचन्द्रभट्टारिकादेव्यामुत्पन्न:

परम्भगवतीभक्तो महाराजश्रीमहेन्द्रपालदेव: ॥

દશમી શતાબ્દિમાં આ લિપિએ તેનું પુખ્ત સ્વરૂપ ધારણ લીધું અને બારમી શતાબ્દિમાં તે વિકસિત થઇ ગઇ. ત્યારબાદ એમાં કેટલાક પરિવર્તન કરવામાં આવ્યા; ઉદાહરણ તરીકે, પ્રત્યેક શબ્દ પર થોડું અંતર રાખીને શિરોરેખાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, સ્વરો વધ્યા હતા.... વગેરે. આ ફેરફારો ફક્ત નામના હતા. પંદરમી શતાબ્દિમાં તેનો વિકાસ પૂર્ણ થયો હતો. દેવનાગરી નામ રાખવાના કેટલાક અનુમાનો થયા છે.

સંભવતઃ તેનો ઉપયોગ નન્દીનગરમાં પ્રચલિત હોવાથી નન્દીનાગરી લિપિ થયું. એમાંથી વ્યાપ વધતાં નાગરી... અને સંસ્કૃત દેવભાષા માટે સ્થિર થતાં દેવનાગરી લિપિ કહેવાઇ. જે વિશ્વની સૌથી સુન્દર અને સર્વગુણસંપન્ન લિપિ છે.

દેવનાગરી પ્રાચીન બ્રાહ્મી લિપિ પર આધારિત છે, તેનો ઉપયોગ ઉત્તર-ભારતીય ઉપખંડમાં થાય છે. તે ભારત અને નેપાળ પ્રજાસત્તાકની સત્તાવાર લિપિઓમાંની એક છે. તે સાતમી સદી સુધીમાં વિકસિત થઇ ગયેલી અને નિયમિત ઉપયોગમાં લેવાઈ હતી. એ વિશ્વમાં ચોથી સૌથી વધુ વ્યાપક રીતે અપનાવવામાં આવેલી લેખન પદ્ધતિ છે, તેનો ઉપયોગ ૧૨૦-થી વધુ ભાષાઓ માટે થાય છે. દેવનાગરી લિપિ નંદીનગરી લિપિ સાથે નજીકથી સંબંધિત છે જે સામાન્ય રીતે દક્ષિણ ભારતની અસંખ્ય પ્રાચીન હસ્તપ્રતોમાં જોવા મળે છે, તે દક્ષિણપૂર્વ એશિયાની સંખ્યાબંધ લિપિઓ સાથે દૂરથી સંબંધિત છે.

જાવાના દક્ષિણ-મધ્ય પ્રદેશોમાં અને દક્ષિણપૂર્વ એશિયાના કેટલાક ભાગોમાં લિપિ દેવનાગરી મળતી આવે છે કાવી લિપિ ઘણી બાબતોમાં દેવનાગરી જેવી જ છે, વર્ણોના આકારમાં સ્થાનિક ફેરફારો છે. (કાવી લિપિમાં કાવી શબ્દ કાવ્ય પરથી લીધો છે.) દેવનાગરી જેવી લિપિઓમાં સૌથી જૂના શિલાલેખો લગભગ દસમી અને ચૌદમી સદી વચ્ચેના છે. કેટલાક જૂના-દેવનાગરી

શિલાલેખો જાવાના હિંદુ મંદિરોમાં જોવા મળે છે, જેમ કે પ્રમ્બનન મંદિર. મધ્ય જાવાના લિગોર અને કલાસન શિલાલેખો, જે આઠમી સદીના છે, તે પણ ઉત્તર ભારતની નાગરી લિપિમાં છે. દેવનાગરી લિપિની આઠમી સદીની આવૃત્તિ આઠમી-નવમી સદીની આસપાસ જાવા, બાલી અને ખ્મેરમાં અપનાવવામાં આવી હતી, આ સમયના ઘણા શિલાલેખો મળે છે.

દેવનાગરી: અબુગીડા-પ્રકારની લિપિ છે. સાતમી સદીથી સાંપ્રતકાળ સુધી કાર્યરત છે. લખવાની દિશા ડાબે-થી-જમણે. પ્રદેશો: ભારત, નેપાળ, ફીજી. ભાષાઓ: અપભ્રંશ, અંગિકા, અવધિ, વ્રજભાષા, ભીલી, ભોજપુરી, બોરો, છત્તીસગઢી, ડોગરી, ગઢવાલી, હરિયાણવી, હિન્દી, કાશ્મીરી, ખાનદેશી, કોંકણી, કુમાંઉની, માગધી, મૈથિલી, મરાઠી, મારવાડી, મુણ્ડારી, નાગપુરી, નેવારી, નેપાળી, પાલી, પહાડી, પ્રાકૃત, રાજસ્થાની, સંસ્કૃત, સંથાલી, સારાઈકી, શેરપા, સિંધી, સુરજાપુરી, અને બીજી ઘણી બધી ભાષાઓ દેવનાગરી લિપિ વાપરે છે.

પિતૃ પ્રણાલિ: ઇજિપ્તીયન હાયરોગ્લિફ્સ, પ્રોટો-સિનાઇટિક, ફોનિશિયન, એરામિક, બ્રાહ્મી, ગુપ્ત-બ્રાહ્મી, સિદ્ધં, નાગરી,
ભગિનિ પ્રણાલિ: નન્દીનાગરી. કૈથી, ગુજરાતી, મોડી.

દેવનાગરી વર્ણમાળા

સ્વર:

अ आ इ ई उ ऊ ऋ ऌ ए ऐ ओ औ अं अः

વ્યઞ્જન:

क ख ग घ ङ च छ ज झ ञ

ट ठ ड ढ ण त थ द ध न

प फ ब भ म य र ल व

श ष स ह ळ क्ष ज्ञ

અંક:

० १ २ ३ ४ ५ ६ ७ ८ ९



આ પ્રાચીન પાનામાં નીચે પ્રમાણે ઋચાઓ આલેખિત છે

त्वं नो अग्ने पित्रोरुपस्थ आ देवो देवेष्वनवद्य जागृविः । तनूकृद्बोधि प्रमतिश्च कारवे त्वं कल्याण वसु विश्वमोपिषे ॥१.३१.९॥

त्वमग्ने प्रमतिस्त्वं पितासि नस्त्वं वयस्कृत्तव जामयो वयम् । सं त्वा रायः शतिनः सं सहस्रिणः सुवीरं यन्ति व्रतपामदाभ्य ॥१.३१.१०॥

त्वामग्ने प्रथममायुमायवे देवा अकृण्वन्नहुषस्य विश्पतिम् । इळामकृण्वन्मनुषस्य शासनीं पितुर्यत्पुत्रो ममकस्य जायते ॥१.३१.११॥

त्वं नो अग्ने तव देव पायुभिर्मघोनो रक्ष तन्वश्च वन्द्य । त्राता तोकस्य तनये गवामस्यनिमेषं रक्षमाणस्तव व्रते ॥१.३१.१२॥

त्वमग्ने यज्यवे पायुरन्तरोऽनिषङ्गाय चतुरक्ष इध्यसे । यो रातहव्योऽवृकाय धायसे कीरेश्चिन्मन्त्रं मनसा वनोषि तम् ॥१.३१.१३॥

त्वमग्न उरुशंसाय वाघते स्पार्हं यद्रेक्णः परमं वनोषि तत् । आध्रस्य चित्प्रमतिरुच्यसे पिता प्र पाकं शास्सि प्र दिशो विदुष्टरः ॥१.३१.१४॥

त्वमग्ने प्रयतदक्षिणं नरं वर्मेव स्यूतं परि पासि विश्वतः । स्वादुक्षद्मा यो वसतौ स्योनकृज्जीवयाजं यजते सोपमा दिवः ॥१.३१.१५॥

દેવનાગરી લિપિની કેટલીક વિશેષતાઓ જાણવા જેવી છે.

૧. પૂર્ણતાની નજીક છે. જેમ બોલાય, તેમ લખાય છે. અને જે લખાય તે વાંચી શકાય છે. દુનિયાની કોઈ લિપિ પાસે આ ક્ષમતા નથી. રોમન લિપિમાં **But** લખો તો બટ વંચાય છે. કનોવ- **Know** લખો તો 'નો' વંચાય છે. ફ્રેન્ચ ભાષામાં લખાય છે- લુઈસ-Louis કે, લાઓસ- Laos.... પણ વંચાય છે, લુઇ અને લાઓ.

ઉર્દુમાં,બે + કાફ મેળવીને લખો તો. બુક-બક-બિક ત્રણેય વંચાય છે.

૨. એક જ ચિન્હ, એક જ ધ્વનિઃ ભારતીય લિપિઓ સિવાય આ જોવા મળતું નથી. રોમન લિપિમાં ચિન્હ-**A-એ** નું ઉચ્ચારણ अ-आ-ए-ऐ થાય છે. **C** નું स-क **O** નું उ-ऊ-ओ-आ વગેરે.

૩. ચિન્હ અનેક, ધ્વનિ એકઃ ઉર્દુમાં સ ના ધ્વનિ માટે ત્રણ ચિન્હ છે. સીન-સ્વાદ-સે તથા ત ની ધ્વનિ માટે બે, તો-તે. રોમનમાં સ માટે ચાર, **C, S, SS, (Disscuss)** અને **Sc (Science).** તથા ક માટે પાંચ, **C (cut), K(kite), CH (chemist), ck (stock)** અને **Q (Quite)** દેવનાગરીમાં આમ નથી. એક ધ્વનિ એક વર્ણ.

૪. વર્ણોના નામ પ્રમાણે જ ઉચ્ચારઃ વર્ણનું નામ 'ક' ધ્વનિ પણ 'ક' જ્યારે રોમનમાં વર્ણનું નામ બી- **B,** એસ **S,** જી **G,** પણ ધ્વનિ બ.સ.ઝ.ગ. ઉર્દુમાં વર્ણનું નામ, અલિફ, કાફ, સ્વાદ, ધ્વનિ અ-ક-સ.

૫. વર્ણને મૂક **(Silent)** નથી બનાવાતોઃ રોમનમાં કેટલાક વર્ણ વપરાય છે પણ તે ઉચ્ચારણમાં કામ લાગતા નથી. જેમકે, **Knee-Know** ની-નો માં **K** શાન્ત છે. લુઇ-Louisમાં 'S' શાંત છે. તેવી રીતે **Psychology** સાયકોલોજી માં **P, Calm**-કામમાં **L** વગેરે....

૬. વૈજ્ઞાનિક લિપિઃ દેવનાગરી અને ભારતની બધી લિપિઓ સ્વર-વ્યંજનના મિશ્રણથી અનેક ધ્વનિ ઉપજાવી શકે છે. દા.ત. 'ર' માં બારાક્ષરી સ્વર સમુહ મેળવવાથી બાર ધ્વનિ નીકળે છે. કોઈ પણ વ્યંજન સાથે સહેલાઈથી ર ની મેળવણી થાય છે. જેમકે શ્રી, કૃષ્ણ, ક્રમ, પ્રથમ, કર્મ અહીં ર ના ત્રણ ચિન્હો ઉમેરાયા છે. 'ર' ના લગભગ ૪૦ જેટલા ધ્વનિ સ્વર-વ્યંજનના મિશ્રણથી થઈ શકે છે. વળી ખૂબ સહેલાઈથી લખી શકાય છે. જગતની
કોઇ લિપિમાં આ ક્ષમતા નથી.

૭. અન્ય ભાષા ને વ્યક્ત કરવાની ક્ષમતા દેવનાગરી લિપિમાં અજોડ છે અને એટલી જ ચોક્કસ. જેમકે રોમન લિપિમાં ''કમળ'' લખવાનું થાય તો **KAMALA** લખવું પડે જે વાંચતી વખતે કમલ, કમાલ, કામલ, કામાલા એમ ઘણા ઉચ્ચારણ થઈ શકે, પણ **English** શબ્દ સમાન સ્પષ્ટ ધ્વનિ સાથે નાગરી લિપિ કે ભારતીય લિપિઓમાં લખી શકાશે. (ઈંગ્લીશ) આધુનિક યુગમાં રોમન લિપિના મુદ્રણ કરતા દેવનાગરીનું ત્રણ થર વાળું (પૃથુ. વિદર્ભ) છાપકામ થોડું અઘરૂં લાગે. અન્ય ચાઈનીઝ, જાપાનીઝ લિપિઓની સરખામણીમાં સહેલું !

એક ગુજરાતી રૂઢિપ્રયોગ ભણવામાં ઢ જેવો છે તે ઢ વર્ણની આકૃતિ જેવી બ્રાહ્મી લિપિમાં (ઈ.સ પૂર્વે ૮૦૦) હતી તેમાંથી દેવનાગરી લિપિનો વિકાસ થયો ત્યાં સુધીમાં ઢ ની આકૃતિમાં કાંઈ ફરક પડ્યો નથી. તેવો અર્થ સમાયેલો છે.

સંસ્કૃત ભાષા દેવભાષા છે. અને તે દેવનાગરી લિપિમાં લખાય છે..જે વિશ્વભરમાં અજોડ છે. સર્વશ્રેષ્ઠ છે. અને વિશ્વભરના વિદ્વાનોએ આ સ્વીકાર્યું છે.

અંક:

ભારતમાં સંખ્યાઓનો ઉપયોગ ક્યારે શરૂ થયો અને તેનો જન્મ કેવી રીતે થયો તે કોઈ જાણતું નથી. વિશ્વના લગભગ તમામ વિદ્વાનો એક જ અભિપ્રાય ધરાવે છે કે ગણતરીનો જન્મ આંગળીઓ દ્વારા થયો હોવો જોઈએ અને શરુઆતમાં લીટીઓનો ઉપયોગ

થતો હોવો જોઈએ, જેનો પુરાવો પ્રાચીન લિપિઓના સંશોધનો પરથી જાણવા મળે છે. રેખાઓ ઊભી અને આડી બંને રીતે દોરવામાં આવી હતી.

૧૦.લિપ્યંતરણ વ્યવસ્થા Transliteration System

સંસ્કૃત વર્ણમાળાનું પ્રતિનિધિત્વ કરતા રોમન અક્ષરોનો સંભવિત સમાન ધ્વનિ.

SACRED BOOKS OF EAST-Vol-1

Vowels-स्वर			
a	अ	as in	sam
â	आ	as in	psalm
i	इ	as in	knit
î	ई	as in	neat
ri	ऋ	as in	flery
rî	ॠ	as in	----
li	ऌ	as in	friendly
lî	ॡ		----
u	उ	as in	full
û	ऊ	as in	fool
e	ए	as in	date
ai	ऐ	as in	aisle
o	ओ	as in	note
au	औ	as in	proud

y	य	as in	Yet
s	श	as in	Sharp
Dentals-दन्त्य			
t	त	as in	Tin
th	थ	as in	lanthorn
d	द	as in	Din
dh	ध	as in	landholder
n	न	as in	Nay
l	ल	as in	Let
l	ळ		---
s	स	as in	Grass
Linguals–मूर्धन्य			
t	ट	as in	Town
th	ठ	as in	outhouse

Consonants-व्यञ्जन				d	ड	as in	Done
Gutterals कण्ठ्य				dh	ढ	as in	rodhook
k	क	as in	kite	n	ण	as in	No
kh	ख	as in	inkhorn	r	र	as in	Red
g	ग	as in	gate	sh	ष	as in	Shun
gh	घ	as in	springhead	Labials औष्ठ्य			
ṅ(ng)	ङ	as in	sing	p	प	as in	Pan
h	ह	as in	hear	ph	फ	as in	topheavy
Palatals-तालव्य				b	ब	as in	Bed
k	च	as in	church	bh	भ	as in	clubhouse
kh	छ	as in	church-history	m	म	as in	Mill
g	ज	as in	jolly	v	व	as in	Live
gh	झ	as in	bridge-house	*m*	अं	slight	Nasal
ñ	ञ	as in	new	*h*	अः	Visarg	slight breathing

આ લિપ્યંતરણ વ્યવસ્થા મેક્સ મ્યૂલરે ગોઠવેલ છે.

The International Alphabet of Sanskrit Transliteration (IAST) એક લિપ્યંતરણ transliteration યોજના છે જે સંસ્કૃત અને ભારતીય ભાષાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી લિપિઓના સમ્પૂર્ણ રોમનાઇઝેશનને સહાયરુપ થાય છે. તે ઓગણીસમી સદી દરમિયાન ચાર્લ્સ ટ્રેવેલિયન, વિલિયમ જોન્સ, મોનીયર મોનીયર-વિલિયમ્સ અને અન્ય વિદ્વાનોના સૂચનોથી ઉદ્ભવેલી યોજના પર આધારિત છે અને સપ્ટેમ્બર 1894માં જિનીવા ઓરિએન્ટલ કોંગ્રેસની લિપ્યંતરણ સમિતિ દ્વારા ઔપચારિક રુપ આપવામાં આવ્યું. IAST વાચક માટે સંસ્કૃત અને અન્ય ભારતીય લખાણોને સ્પષ્ટ રુપે વાંચવાનું શક્ય બનાવે છે, મૂળ ભારતીય લિપિમાં હોય તેવા ચોક્કસ ધ્વનિ IAST સંભવિત બનાવે છે. જેથી વિદ્વાનોમાં તે સતત લોકપ્રિય છે.

વિદ્વાનો પોતાના પ્રકાશનોમાં સંસ્કૃત, પાલિ અને અન્ય શાસ્ત્રીય ભારતીય ભાષાઓના ટાંચણોમાં IAST નો સફળતાપૂર્વક ઉપયોગ કરે છે

મુખ્ય સંસ્કૃત-પાલિ ઈ-ટેક્સ્ટ સંગ્રહોની વેબ સાઇટ્સ જેવી કે, SARIT, Muktabodha, GRETIL, and sanskritdocuments.org પણ IAST નો ઉપયોગ કરે છે.

ભારતીય શાસ્ત્રોના અભ્યાસ પરના પુસ્તકો અને સામયિકોમાં એક સદી કરતાં વધુ સમયથી વિદ્વતાપૂર્ણ IAST યોજના પ્રતિનિધિત્વ કરે છે. ઇન્ડિક સ્ક્રિપ્ટોનું લિપ્યંતરણ કરવા માટે ISO 15919 માનક 2001માં બહાર આવ્યું હતું. મોટાભાગે, ISO 15919 માનક IAST સ્કીમને જ અનુસરે છે.

કોલકતા રોમનાઇઝેશન ખાતેની ઇન્ડિયન નેશનલ લાઇબ્રેરી, જે તમામ ભારતીય લિપિઓના રોમનાઇઝેશન માટે બનાવાયેલ છે, તે IAST નું વિસ્તરણ છે.

અહીં IAST અક્ષરો અને દેવનાગરી સમકક્ષ મૂલ્યો સાથે સૂચિ તૈયાર કરી છે. જે સંસ્કૃત, હિન્દી અને અન્ય દેવનાગરી લિપિનો ઉપયોગ કરતી આધુનિક ભાષાઓ માટે માન્ય છે.

The International Alphabet of Sanskrit Transliteration (IAST)

	VOWELS		
Devanāgarī	Transcription		Category
अ	a	A	monophthongs
आ	ā	Ā	
इ	i	I	
ई	ī	Ī	
उ	u	U	
ऊ	ū	Ū	
ऋ	ṛ	Ṛ	syllabic liquids
ॠ	ṝ	Ṝ	
ऌ	ḷ	Ḷ	
ॡ	ḹ	Ḹ	
ए	e	E	diphthongs
ऐ	ai	Ai	
ओ	o	O	
औ	au	Au	
ं	ṃ	Ṃ	anusvara
ः	ḥ	Ḥ	visarga
ँ	˜		chandrabindu[3]
ऽ	'		avagraha

Consonants

velars	palatals	retroflexes	dentals	labials
क	च	ट	त	प
k K	c C	ṭ Ṭ	t T	p P
ख	छ	ठ	थ	फ
kh Kh	ch Ch	ṭh Ṭh	th Th	ph Ph
ग	ज	ड	द	ब
g G	j J	ḍ Ḍ	d D	b B
घ	झ	ढ	ध	भ
gh Gh	jh Jh	ḍh Ḍh	dh Dh	bh Bh
ङ	ञ	ण	न	म
ṅ Ṅ	ñ Ñ	ṇ Ṇ	n N	m M
ह	य	र	ल	व
h H*	y Y	r R	l L	v V
	श	ष	स	
	ś Ś	ṣ Ṣ	s S	
		ळ		
		ḻ Ḻ		

ખાસ યાદ રાખવા જેવા ટ્રાન્સલીટરેશન માર્ક આટલા છે.

Vowels					
आ	ā	Ā	ऋ	ṛ	Ṛ
ई	ī	Ī	ॠ	ṝ	Ṝ
ऊ	ū	Ū	ऌ	ḷ	Ḷ
			ॡ	ḹ	Ḹ
ं	ṃ	Ṃ	anusvara		
ः	ḥ	Ḥ	visarga		
ँ	~		chandrabindu		
ऽ	'		avagraha		

Consonants			
ट	ṭ Ṭ	ञ	ñ Ñ
ठ	ṭh Ṭh	ण	ṇ Ṇ
ड	ḍ Ḍ	श	ś Ś
ढ	ḍh Ḍh	ष	ṣ Ṣ
ङ	ṅ Ṅ	ळ	ḻ Ḻ

દેવનાગરી લિપ્યંતરણ

દેવનાગરી સાથે, ભારતીય લિપિઓ સામાન્ય લક્ષણો ધરાવે છે, અને તમામ મુખ્ય ભારતીય લિપિઓનો એક ઉપયોગ પ્રાચીન વૈદિક અને સંસ્કૃત સાહિત્યને સાચવવા માટે કરવામાં આવે છે.

દેવનાગરીનું રોમનાઇઝેશન અથવા લિપ્યંતરણ-transliteration ની ઘણી પદ્ધતિઓ છે.

Hunterian transliteration

હંટેરિયન સિસ્ટમ એ ભારતમાં રોમનાઇઝેશનની રાષ્ટ્રીય પ્રણાલી છે, જે સત્તાવાર રીતે ભારત સરકાર દ્વારા અપનાવવામાં આવી છે.

ISO 15919

૨૦૦૧ના ISO 15919 સ્ટાન્ડર્ડમાં પ્રમાણભૂત લિપ્યંતરણ યોજનામાં નક્કી થયેલું છે. દેવનાગરીના રોમનાઇજેશન માટે વપરાતી IAST ના ધોરણો સાથે લગભગ સમાન છે.

International Alphabet of Sanskrit Transliteration (IAST)

સંસ્કૃત લિપ્યંતરણનું આંતરરાષ્ટ્રીય આલ્ફાબેટ (IAST) એ સંસ્કૃતના રોમનાઇઝેશન માટેનું ધોરણ છે. IAST એ પુસ્તકો, સામયિકો અને યુનિકોડ ફોન્ટ્સ સાથેના ઈલેક્ટ્રોનિક ગ્રંથોના મુદ્રિત પ્રકાશનોમાં વપરાતી લિપ્યંતરણ-પ્રણાલિ છે. તે ૧૯૧૨માં એથેન્સ ખાતે કોન્ગ્રેસ ઓફ ઓરિએન્ટાલિસ્ટ્સ દ્વારા સ્થાપિત પ્રમાણો પર આધારિત છે.

કોલકાતા રોમનાઇઝેશન ખાતેની નેશનલ લાઇબ્રેરી, જે તમામ ભારતીય લિપિઓના રોમનાઇઝેશન માટે બનાવાયેલ છે, તે IAST નું વિસ્તરણ છે.

Harvard-Kyoto-હાર્વર્ડ-ક્યોટો

IAST ની તુલનામાં, હાર્વર્ડ-ક્યોટો વધુ સરળ લાગે છે. તેમાં IAST માં સમાવિષ્ટ કોઇ ડાયાક્રિટિક માર્ક્સ નથી. તે મોટા પ્રમાણમાં સંસ્કૃત પાઠ્ય સામગ્રી સરળતાથી વાંચી શકાય અને કીબોર્ડ વાપરી શકાય તેવું સ્વરૂપ સ્વીકાર્યું હતું. હાર્વર્ડ-ક્યોટો capital letters નો ઉપયોગ કરે છે, જે શબ્દોની મધ્યમાં વાંચવા માટે થોડા અઘરા પડે છે.

ITRANS

ITRANS એ હાર્વર્ડ-ક્યોટો યોજનાનું વિસ્તરણ છે. ITRANS માં, devanāgarī શબ્દ "devanaagarii" અથવા "devanAgarI" લખાય છે. ITRANS એ સમાન નામની એપ્લિકેશન સાથે સંકળાયેલું છે જે Indic scripts માં ટાઇપસેટિંગને સક્ષમ કરે છે. વપરાશકર્તા રોમન અક્ષરોમાં ઇનપુટ્સ આપે છે અને ITRANS પ્રી-પ્રોસેસર રોમન અક્ષરોને દેવનાગરી (અથવા અન્ય ભારતીય ભાષાઓ)માં અનુવાદિત કરે છે. ITRANS નું નવીન સંસ્કરણ જુલાઈ-૨૦૦૧માં પ્રકાશિત થયેલ છે. તે વેલ્થુઈસ સિસ્ટમ જેવું જ છે. અવિનાશ ચોપડે દ્વારા વ્યક્તિગત કમ્પ્યુટર્સ સાથે વિવિધ ભારતીય સ્ક્રિપ્ટો છાપવામાં મદદ કરવા માટે બનાવવામાં આવ્યું હતું.

વેલ્થુઈસ

ઉપરોક્ત ASCII યોજનાઓનો ગેરલાભ એ case-sensitivity(Uppercase-Capital Lawer case-small letter) કેસ-સંવેદનશીલતા છે, જેનો અર્થ થાય છે કે લિપ્યંતરણ કરાયેલા નામો કેપિટલાઇઝ્ડ ન થઇ શકે. ૧૯૯૬માં ફ્રાન્સ વેલ્થુઈસ દ્વારા TeX માટે વિકસાવવામાં આવેલી સિસ્ટમથી આ મુશ્કેલી ટાળી શકાય છે, જે હળવી રીતે IAST પર આધારિત છે, જેમાં case અપ્રસ્તુત છે.

ALA-LC રોમનાઇઝેશન

ALA-LCરોમનાઇઝેશન એ લાઇબ્રેરી ઓફ કોંગ્રેસ અને અમેરિકન લાઇબ્રેરી એસોસિએશન દ્વારા પ્રમાણિત કરાયેલ લિપ્યંતરણ યોજના છે અને નોર્થ અમેરિકન લાઇબ્રેરીઓમાં તેનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. લિપ્યંતરણ કોષ્ટકો ભાષાઓ પર આધારિત છે, તેથી હિન્દી માટે એક કોષ્ટક છે, સંસ્કૃત અને પ્રાકૃત માટે એક.

WX: WX એ ભારતીય ભાષાઓ માટે રોમન લિપ્યંતરણ યોજના છે, જેનો ભારતમાં કુદરતી ભાષા પ્રક્રિયા સમુદાયમાં વ્યાપકપણે ઉપયોગ થાય છે. તે ભારતીય ભાષાઓની કોમ્પ્યુટેશનલ પ્રોસેસિંગ માટે IIT કાનપુર ખાતે ઉદ્દભવ્યું હતું. આ લિપ્યંતરણ યોજનાની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

દરેક વ્યંજન અને દરેક સ્વર રોમનમાં એક જ સ્થાન ધરાવે છે. તે એક prefix code છે, કોમ્પ્યુટરના ઉપયોગ માટે સરળ છે. લોઅર-કેસના અક્ષરોનો ઉપયોગ અલ્પપ્રાણ વ્યંજનો અને હ્રસ્વ સ્વરો માટે થાય છે, જ્યારે કેપિટલ અક્ષરોનો ઉપયોગ મહાપ્રાણ વ્યંજનો અને દીર્ઘ સ્વરો માટે થાય છે.

IMPORTANT TRANSILITERATION COMPARISIONS of VOWELS								
Devanāgarī	IAST	ISO 15919	Monier-Williams	Harvard-Kyoto	ITRANS	Velthuis	SLP1	WX
आ	ā	ā	ā	A	A/aa	aa	A	A
ई	ī	ī	ī	I	I/ii	ii	I	I
ऊ	ū	ū	ū	U	U/uu	uu	U	U
ऋ	ṛ	r̥	ṛi	R	RRi/R^i	.r	f	q
ॠ	ṝ	r̥̄	ṛī	RR	RRI/R^I	.rr	F	Q
ऌ	ḷ	l̥	lṛi	lR	LLi/L^i	.l	x	L
ॡ	ḹ	l̥̄	lṛī	lRR	LLI/L^I	.ll	X	LY
अं	ṃ	ṁ	ṉ/ṃ	M	M/.n/.m	.m	M	M
अः	ḥ	ḥ	ḥ	H	H	.h	H	H
अँ	ã	m̐			.N		~	az
ऽ	'	’		'	.a	.a	'	Z

અહીં **IMPORTANT TRANSILITERATION SYSTEM** ના કેટલાક નમુનાઓ આપેલા છે. જેમાં ઋગ્વેદની પ્રથમ ઋચા અને શ્રીમદ્ ભગવદ્ગીતાનો પ્રથમ શ્લોક રાખ્યો છે.

Devnagari

अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । होतारं रत्नधातमम् ।।

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।

मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय ॥ १-१ ॥

IAST

agnimīḻe purohitaṃ yajñasya devamṛtvijam | hotāraṃ ratnadhātamam ||

dharmakṣetre kurukṣetre samavetā yuyutsavaḥ |
māmakāḥ pāṇḍavāścaiva kimakurvata sañjaya || 1-1||

ITRANS

agnimILe purohitaM yaGYasya devamR^itvijam | hotaaraM ratnadhaatamam ||

dharmakShetre kurukShetre samavetaa yuyutsavaH |
maamakaaH paaNDavaashchaiva kimakurvata saJNjaya||1-1||

VELTHUIS (for INRIA, etc.)

agnimii.lae purohita.m yaj~nasya devam.rtvijam | hotaara.m ratnadhaatamam ||

dharmak.setre kuruk.setre samavetaa yuyutsava.h |
maamakaa.h paa.n.davaa"scaiva kimakurvata sa~njaya || 1-1||

HARVARD-KYOTO (for Monier-Williams, etc.)

agnimILe purohitaM yajJasya devamRtvijam . hotAraM ratnadhAtamam ..
dharmakSetre kurukSetre samavetA yuyutsavaH .
mAmakAH pANDavAzcaiva kimakurvata saJjaya .. 1-1..

zrIbhagavAn uvAca → śrībhagavān uvāca→श्रीभगवान उवाच

SLP

agnimILe purohitaM yajYasya devamftvijam | hotAraM ratnaDAtamam ||
Darmakzetre kurukzetre samavetA yuyutsavaH |
mAmakAH pARqavAScEva kimakurvata saYjaya || 1-1||

લેટિન આધારિત યુરોપિયન લિપિઓ મોટે ભાગે IASTનો ઉપયોગ કરે છે. વેદો-રામાયણ-ભાગવત- ગીતા- મહાભારત જેવા ગ્રન્થો IASTમાં પ્રકાશિત થયા છે. મોટાભાગની વેબ સાઇટો પણ IASTનો ઉપયોગ કરે છે. સંસ્કૃત કે ભારતીય ભાષાઓના જાણકારને ગમે તે લિપ્યંતર પ્રણાલિ (**TRANSILITERATION SYSTEM**) સહેલાયથી સમજાય જાય છે. કારણકે, મોટાભાગની પ્રણાલિ મહાપ્રાણ અને દીર્ઘસ્વરો માટે કેપિટલ અક્ષરો અને અન્ય સ્થળે લોઅર કેઇસ વાપરે છે.

લિપ્યંતર પ્રણાલિનું પ્રકરણ અહીં પુરું કરીએ છીએ.

==

૧૧.સિંધુ લિપિ



સિંધુ લિપિના દસ અક્ષરોનો સમૂહ ધોળાવીરાથી પ્રાપ્ત થયો છે.

ધોળાવીરાના ઉત્તર-દરવાજામાંથી પ્રાપ્ત સિંધુલિપિના દસ અક્ષરોનો ક્રમ, જેને ધોળાવીરા સાઈનબોર્ડ તરીકે ઓળખવામાં આવે છે.

સિંધુ લિપિઃ

લિપિનો પ્રકાર વણઉકેલ છે. કદાચ કાંસ્ય યુગ લેખન અથવા પ્રાગ્-લેખન. સમયગાળો BCE 3500-1900 BCE
દિશા જમણે-થી-ડાબે સ્ક્રિપ્ટ, બુસ્ટ્રોફેડન-ખેતરમાં હળની જેમ ચાલતી, અજ્ઞાત ભાષા માટે વપરાતી હોવાથી ચોક્કસપણે કશું કહી ન શકાય.

1921માં, પાકિસ્તાન-પંજાબમાં (તે વખતે બ્રિટિશ ઇન્ડિયા) હડપ્પા નામના સ્થળે ઉત્ખનન દરમિયાન ઈંટોથી બનેલા મોટા શહેરના અવશેષો પ્રકાશમાં આવ્યા, અને ટૂંક સમયમાં સિંધુખીણની આસપાસ એક અજાણી સંસ્કૃતિનો પર્દાફાશ થયો. દક્ષિણ એશિયાની પ્રથમ મુખ્ય શહેરી સંસ્કૃતિ હતી. આ સિંધુ અથવા હડપ્પન સંસ્કૃતિ(BCE-2550થીBCE-1900)નો ભારતના સૌથી પ્રાચીન ધાર્મિક પુસ્તક ઋગ્વેદ(BCE-1200)ની રચના અગાઉ ધ્વંસ થયેલો. આ સિંધુસભ્યતાના શાસકો અને તેમની પ્રજાના નામ, તેઓ કઈ ભાષા બોલતા હતા; ક્યા પડોશી દેશો સાથે ભાષાકીય સંપર્ક હતો; તે વિષે આપણી જાણકારી શૂન્યછે.

સિંધુ લિપિ, જેને હડપ્પન લિપિ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સિંધુ ખીણના ઉત્ખનન દરમિયાન મળી આવેલા પ્રતીકોનો સમૂહ છે. આ પ્રતીકો પર મોટા ભાગના લેખો અત્યંત ટૂંકા હોય છે, જેના કારણે સિંધુ ખીણની અજાણી ભાષાઓની નોંધ કરવા માટે વપરાતી લેખન પ્રણાલિ હતી કે નહીં તે નક્કી કરવું મુશ્કેલ થાય છે.

વિદ્વાનોના ઘણા પ્રયત્નો છતાં હજી આ લિપિ ઉકેલી શકાઇ નથી. અવિરત પ્રયાસો ચાલુ છે. લિપિને સમજવામાં સહાયરુપ થાય તેવા દ્વિભાષી લેખ કે ભાષાનો સદંતર અભાવ છે. લિપિના કોઈ નોંધપાત્ર ફેરફારો એવા ચિત્રો સાથે ધ્યાનમાં આવતા નથી.

હડપ્પન પ્રતીકોવાળી મૃણમુદ્રાઓનું પ્રથમ પ્રકાશન ૧૮૭૫માં થયું હતું, એલેક્ઝાન્ડર કનિંગહામ દ્વારા ચિત્રિત થયું હતું. ૧૯૯૨-સુધીમાં કુલ આશરે. ૪૦૦૦ અંકિત વસ્તુઓ એકત્રિત થઇ હતી. સિંધુ લિપિના પ્રતીકો મુખ્યત્વે સ્ટેમ્પ સીલ, મૃણમુદ્રા, કાંસા અને તાંબાની પ્લેટો, ઓજારો, માટીના વાસણો, પથ્થરો અને શસ્ત્રો પર જોવા મળે છે. પેપિરસ, કાગળ, ભોજપત્ર કે તાડપત્ર, કાપડ, લાકડું, છાલ જેવી નાશવંત સામગ્રીઓ પર સિંધુ લિપિનું કોઈ અસ્તિત્વ મળ્યું નથી.

કેટલાક વિદ્વાનો માને છે કે, બ્રાહ્મી લિપિનો સિંધુ પ્રણાલિ સાથે થોડો સંબંધ છે. પણ જ્યારે કોઇ જાણીતી ભાષા કે, વર્ણના ધ્વનિ નક્કી કરવાના કોઇ સાધનો નથી અને સિન્ધુ લિપિનો વપરાશ બંધ થયે અને બ્રાહ્મી લિપિ શરુ થયે આશરે ૧૦૦૦ વર્ષનું ભારેખમ અંતર છે. તે આવી શક્યતાઓ ઘટાડે છે. આધુનિક ભારતીય લેખન પ્રણાલિઓ (બ્રાહ્મી, દેવનાગરી અને તમિળ લિપિ) સાથે પણ તેનું યોગ્ય જોડાણ અનિશ્ચિત છે. વળી સિંધુ ખીણની સંસ્કૃતિ પ્રાચીનકાળની મહત્વની પ્રારંભિક સંસ્કૃતિ હોવા છતાં વિદ્વાનોના પરિચયમાં ઇ.સ.૧૯૨૧ પછી આવી છે.

જો કે, સંશોધકો હવે સામાન્ય રીતે સંમત થાય છે કે સિંધુ લિપિ બીજી અને ત્રીજી સહસ્ત્રાબ્દી બીસીઇની અન્ય કોઈપણ સમકાલીન લેખન પ્રણાલી સાથે ગાઢ રીતે સંબંધિત નથી. તેમ છતાં પ્રોટો-ઈલામાઈટ સાથે કેટલાક સંપાત મળી શકે. એવું અનુમાન છે.

પ્રારંભિક હડપ્પન તબક્કા BCE 3500-2700 દરમિયાન, સિંધુ લિપિના ચિહ્નોના સૌથી પહેલા જાણીતા ઉદાહરણો મળે છે, જે હડપ્પામાં ખોદવામાં આવેલા માટીકામના વાસણોની સપાટી પર માત્ર એક જ ચિહ્ન પ્રદર્શિત થાય છે તે સિંધુ લિપિના વિકાસનો અપરિપકવ તબક્કો દર્શાવે છે. તેનો સંપૂર્ણ વિકાસ શહેરી સમયગાળા (BCE 2600-1900) દરમિયાન થયો હતો, જ્યારે લાંબા શિલાલેખો નોંધાયા હતા. લગભગ 60 ખોદકામ સ્થળો પરથી હજારો શિલાલેખો મળ્યા છે. તેમાંના મોટા ભાગના ટૂંકા છે, સરેરાશ લંબાઈ પાંચ ચિહ્નોની છે; તેમાંથી
કોઈ પણ લખાણ 26 ચિહ્નોથી વધુ લાંબુ નથી.

મહોર, અને મહોરની છાપ, માટીકામ-વાસણો, કાંસાના સાધનો, પથ્થરની બંગડીઓ, હાડકાં, શેલ, હાથીદાંત, કાંસ્ય અને તાંબાની નાની મુદ્રાઓ પર સિંધુના લખાણના ઉદાહરણો જોવા મળે છે. સ્ક્વેર સ્ટેમ્પ સીલ તે સામાન્ય રીતે એક ઇંચ ચોરસ (2.54 સેન્ટિમીટર)ની મુદ્રાઓ સિંધુ લેખન માધ્યમનું પ્રબળ સ્વરૂપ છે; જેમાં ટોચ પર લિપિ અને કેન્દ્રના ચિત્રમાં દેવ કે, પ્રાણીનું સ્વરૂપ દર્શાવે છે. કેટલીક મુદ્રાઓનો ઉપયોગ દૈવી-કવચ (ઈશ્વરીય તાવીજ) અથવા ચમત્કારિક-રક્ષા-કવચ(જાદુઇ તાવીજ) તરીકે કરવામાં આવ્યો હશે, ઉપરાંત તેઓ ઓળખ માટે માર્કર તરીકે વ્યવહારમાં વપરાતું હશે. પ્રાચીન સમયમાં શાસકો અને ઉચ્ચ વર્ગ સાથે સંકળાયેલી લેખનકળા દાનપત્રો કે સંધિકરારો જેવા વ્યવહારોની નોંધ માટે થતો. સામાન્ય પ્રજા વ્યાપારી નોંધો અને હિસાબ રાખવા માટે લેખનનો ઉપયોગ કરતા. લિપિનો ઉપયોગ માલના બંડલ સાથે જોડાયેલ માટીના ટૅગ્સ પર થતો હોવાના ઉદાહરણો

પણ છે; જેનો વેપાર વેપારીઓ વચ્ચે વેપાર થતો હતો; આમાંના કેટલાક માટીના ટૅગ્સ સિંધુ ખીણની બહાર, મેસોપોટેમિયા પ્રદેશમાં મળી આવ્યા છે, જે પ્રાચીન સમયમાં માલસામાનની હેરફેર કેટલી વ્યાપક હતી તેનો પુરાવો છે.

વિદ્વાનોને સિંધુ લિપિના રહસ્ય ઉકેલતા અટકાવનારા અનેક પરિબળો છે. હાયરોગ્લિફ અને ક્યુનિફોર્મના ઉકેલ વખતે દ્વિભાષી દસ્તાવેજો, રોઝેટ્ટા સ્ટોન અને બેહસ્તીન શિલાલેખો સહાયરુપ બન્યા હતા તે સ્થિતિ અહીં શક્ય જ નથી.

બીજો અવરોધ એ છે કે અત્યાર સુધી મળેલા તમામ શિલાલેખો પ્રમાણમાં ટૂંકા, 30 કરતાં ય ઓછા ચિહ્નો વાળા છે.

સિંધુ લિપિ શા માટે વણઉકેલ રહે છે તેનું એક મહત્વનું કારણ, એ છે કે લિપિ જે ભાષા રજૂ કરે છે તે હજુ પણ અજ્ઞાત છે. વિદ્વાનોએ અસંખ્ય શક્યતાઓ સૂચવી છેઃ ઈન્ડો-યુરોપિયન અને દ્રવિડિયન એ બે ભાષા પરિવારો છે; સિંધુ ખીણની સંસ્કૃતિ સાથે સંકળાયેલ ભૌતિક સંસ્કૃતિના આધારે, સંખ્યાબંધ વિદ્વાનોએ સૂચવ્યું છે કે આ સભ્યતા ઈન્ડો-યુરોપિયન ન હતી. જેની સામાન્ય રીતે તરફેણ કરવામાં આવે છે, તે સિવાય અન્ય વિકલ્પો પણ પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે, જેમ કે ઓસ્ટ્રોએશિયાટિક, ચીન-તિબેટીયન અથવા કદાચ ખોવાઈ ગયેલું કોઇ ભાષા કુટુંબ!

માત્ર ધારણા અને પરિકલ્પના(હાયપોથિસીસ) પર આધારિત સંશોધનો સહાયરૂપ થાય. સિન્ધુ-લિપિ માટે કેટલીક પૂર્વધારણાઓ નીચે મુજબ કરી શકાય છે.

સમગ્ર હડપ્પન ક્ષેત્રમાં સમગ્ર સમયગાળા દરમિયાન એક માત્ર સત્તાવાર ભાષા અને લિપિ હોવા જોઈએ.

ઓછામાં ઓછા દસ લાખ લોકો દ્વારા આ ભાષા બોલાતી હશે. આ ભાષાનો ઝુકાવ દ્રવિડ-ભાષાઓ હોઈ શકે છે.

બલુચિસ્તાનના એક પહાડી વિસ્તારમાં દ્રવિડ ભાષાઓની છાંટવાળી એક બ્રાહુઇ ભાષા આજે પણ બોલાય છે. શ્રી આસ્કો પારપોલાએ બ્રાહુઇ ભાષા પર ખૂબ ચિન્તન કર્યું છે.

આમ સિન્ધુ સભ્યતાની પુરાતત્ત્વીય માહિતિની અધૂરપને કારણે, પ્રસ્તુત લિપિ ઉકેલવાની સંભાવનાઓ અલ્પ બની છે. પણ તેથી લિપિ ઉકેલવાના પ્રયાસ પડતા મૂકી ન દેવાય. સર્વસંમત ઉકેલ માટેની વૈજ્ઞાનિક પદ્ધતિમાં મુખ્યત્વે બે કામગીરીનો સમાવેશ કરી શકાય. (૧) સૈદ્ધાન્તિક રીતે વ્યાજબી પૂર્વ ધારણાઓ ઘડવી; અને (૨)તેનું પરીક્ષણ કરવું. એકાદ દિવસે કોઇ રોઝેટ્ટા સ્ટોન જેવી Link મળી જાય તો ઉકેલ સહેલો થઇ જાય!

સિંધુ લિપિના કેટલા ચિહ્નો છે?...... હડપ્પા અને મોહેંજો-દડોના ઉત્ખનન સમયથી મેકે, માર્શલ, વત્સ જેવા વિદ્વાનોએ સિંધુ-લિપિના ચિહ્નોનું વર્ગીકરણ અને કોષ્ટકો બહાર પાડ્યા. પરિણામે, અન્ય વિદ્વાનોએ પણ સુચિઓ બહાર પાડી. હન્ટર(૧૯૩૪), મેરીગી (૧૯૩૪), ફેરસર્વિસ(૧૯૯૨), રાવ(૧૯૮૨), દાણી(૧૯૬૩), મહાદેવન(૧૯૭૭) અને પારપોલા(૧૯૯૪); દ્વારા યાદીઓ પ્રકાશિત કરવામાં આવી.

જેમાં ઘણું કરી, હન્ટરે ૭૫૦-વસ્તુઓ પર આધારિત ૨૩૪- ચિહ્નો; મહાદેવને ૨૯૧૧-આકૃતિઓ તપાસી ૪૧૯-ચિહ્નો, પારપોલાએ ૩૮૬-ચિહ્નોની યાદી પ્રગટ કરેલી. સાંપ્રત સંશોધન વેલ્સ (મે 2023)ની અદ્યતન ચિહ્નોની યાદી પર આધારિત છે 4674 લિપિઅંકિત કલાકૃતિઓમાંથી 713 ચિહ્નો તારવ્યા છે.જો કે, પ્રશ્ન રહે છેઃ આમાંથી કયા વિશિષ્ટ ચિહ્નો છે, અને ક્યા એલોગ્રાફ્સ (સમાનાર્થી m અને M)? એલોગ્રાફની ઓળખ એ
સમય માંગી લે તેવું કાર્ય છે.

(ગ્રાફિમઃ આપેલ ભાષામાં ઓર્થોગ્રાફિક પ્રતીકોના સમૂહમાંથી એક (અક્ષરો અથવા અક્ષરોના સંયોજનો) કે જે એક શબ્દને બીજાથી અલગ પાડવા માટે સેવા આપે છે અને સામાન્ય રીતે ફોનીમ્સને અનુરૂપ અથવા રજૂ કરે છે, દા.ત. f fun માં, ph phantomમાં, અને gh laughમાં..........
એલોગ્રાફઃ ભાષાશાસ્ત્ર કોઈપણ લેખિત પ્રતીકો કે જે એક જ ગ્રાફિમ બનાવે છે m અને M એ રોમન મૂળાક્ષરોમાં એલોગ્રાફ છે.
ફોનીમઃ ફોનીમ એ ધ્વનિનું સૌથી નાનું એકમ છે જે ભાષામાં નોંધપાત્ર છે.)

વાંચન દિશાઃ મોટાભાગના સિંધુ લિપિના પાઠો જમણેથી ડાબે વંચાય છે. થોડા અપવાદો લેખને ડાબેથી જમણે, બુસ્ટ્રોફેડોન; અથવા ઉપરથી નીચે, વાંચવામાં આવે છે. પરંતુ તમામ 5659 પાઠોમાંથી લગભગ 75% જમણેથી ડાબે વાંચવામાં આવે છે. લગભગ 14% પાઠો વાંચવાની દિશા અજાણ છે, અને લગભગ 4% પાઠો ડાબેથી જમણે વાંચવામાં આવે છે. 16 પાઠો ઉપરથી નીચે સુધી વાંચવા જોઈએ અને માત્ર 10 પાઠો બુસ્ટ્રોફેડન લખેલા છે. વાંચન દિશા નક્કી કરવા વિદ્વાનોએ ઘણી જહેમત લીધી છે.

અમુક સંખ્યાત્મક મૂલ્યોનું પ્રતિનિધિત્વ ઓળખવામાં આવ્યું છે. એક એકમને ડાઉનવર્ડ સ્ટ્રોક I દ્વારા દર્શાવવામાં આવતું હતું, જ્યારે અર્ધવર્તુળોનો ઉપયોગ દસના એકમો માટે થતો હતો.

સિંધુલિપિમાં ધ્વન્યાત્મક મૂલ્ય સાથે શબ્દ ચિહ્નો અને પ્રતીકો બંનેને જોડવામાં આવ્યા છે. આ પ્રકારની લેખન પ્રણાલિ "લોગો-સિલેબિક" તરીકે ઓળખાય છે, અહીં કેટલાક પ્રતિકો વિચારો અથવા શબ્દોને વ્યક્ત કરે છે જ્યારે અન્ય ધ્વનિનું પ્રતિનિધિત્વ કરે છે. આ દૃષ્ટિકોણ એ હકીકત પર આધારિત છે કે આશરે 400 ચિહ્નો ઓળખવામાં આવ્યા છે, જે સિંધુ લિપિ માત્ર ધ્વન્યાત્મક હતી; તે અસંભવિત બનાવે છે.

અપાર્થિવ લક્ષણો વાળી આકૃતિઓ દેવતાઓનું સૂચન કરે છે. વિજય અને ફળદ્રુપતાની દેવી-ગોડેસ ઓફ ફર્ટિલિટિના પ્રતિકો જોઇ શકાય છે. લિંગની આકૃતિઓ લિંગ-પૂજા દર્શાવે છે.

શ્રી આસ્કો પારપોલાએ લિપિચિહ્નોમાં આકૃતિઓની સમાનતાના આધારે એક સુંદર સૂચિ તૈયાર કરી છે. પૂર્વધારણાઓનો ગહન અભ્યાસ કર્યો છે. છતાં થોડા અનુમાનો સિવાય લિપિ-ઉકેલનો પ્રશ્ન હલ થઈ શક્યો નથી. પરંતુ આવી અજાણી ભાષા-

લિપિના ઉકેલ માટે; જરૂરી વૈજ્ઞાનિક સારણીઓ અત્યંત માર્ગદર્શન આપે છે. આ રસ્તે ક્યારેક ઉકેલ આવી શકે. તેવો રાહ ચીંધ્યો છે.

સિન્ધુ લિપિના પ્રતીકોના નમુનાઃ





'સાઇન-૪'ની ભિન્નતાઓ; વિદ્વાનોએ સિંધુ લિપિના તત્વોને વર્ગીકૃત કરવા માટે વિવિધ માર્ગો સૂચવ્યા છે.

'સાઇન-૪' એ 'સાઇન-૧'નું સંયોજન છે, જે બે બોજ વહન કરતી વ્યક્તિનું નિરૂપણ કરે છે.

(આસ્કો પારપોલા દ્વારા સિંધુ લિપિ માટે નંબરિંગ કન્વેન્શન.)






આ ફળદ્રુપતાની દેવી-Goddess of fertilityનું પ્રતિક છે. સામ્પ્રતકાળમાં માતાજી પાસે શેરડીનો સાંઠો હોય છે.   તાંબાની પ્લેટ પર -૩૪-અક્ષરો સાથે અંકિત છે, સૌથી લાંબો લેખ.

અહીં જુદી જુદી મૃણમુદ્રાઓ પર લિપિના ચિહ્નો છે.





એકશૃંગી પશુની મુદ્રા પર લખાયેલ લિપિનું રુપાંતર

આ વૃષભ અને એકશૃંગીની મુદ્રા ઉપર બીજી મુદ્રા કરતાં લખાણમાં જુદાપણું દેખાય છે. હાથીની મુદ્રા ઉપર લખાણ છે.

કોમ્પ્યુટર વિશ્લેષણના આધારે, રશિયન વિદ્વાન યુરી નોરોઝોવે સૂચવ્યું કે લિપિની અંતર્ગત ભાષા માટે દ્રવિડિયન ભાષા સૌથી વધુ સંભવિત ઉમેદવાર છે. ફિનિશ વિદ્વાન આસ્કો પારપોલાએ 1960-80ના દાયકામાં ફિનિશ ટીમનું નેતૃત્વ કર્યું જેણે નોરોઝોવની સોવિયેત ટીમની જેમ, કોમ્પ્યુટર વિશ્લેષણનો ઉપયોગ કરીને શિલાલેખોની તપાસ કરવા માટે કામ કર્યું. આસ્કો પારપોલાએ એ જ રીતે તારણ કાઢ્યું હતું કે સિંધુ લિપિ અને હડપ્પન ભાષા "મોટાભાગે દ્રવિડ પરિવારની હતી". આસ્કો પારપોલાના 1994 સુધીના કાર્યનું વ્યાપક વર્ણન તેમના પુસ્તક ‘‘ડિસાઇફરિંગ ધ ઇન્ડસ સ્ક્રિપ્ટ’’માં આપવામાં આવ્યું છે. આ કાર્યને સમર્થન આપતા, પુરાતત્વવિદ્ વોલ્ટર ફેરસર્વિસે દલીલ કરી હતી કે સીલ પરની સિંધુ લિપિ લખાણ નામ, શીર્ષક અથવા

વ્યવસાય તરીકે વાંચી શકાય છે અને સૂચવ્યું હતું કે દર્શાવવામાં આવેલા પ્રાણીઓ ટોટેમ હતા જે સગપણ અથવા સંભવતઃ કુળ દર્શાવે છે. કોમ્પ્યુટેશનલ ભાષાશાસ્ત્રી રાજેશ પી.એન. રાવે, સાથીઓની એક ટીમ સાથે, સ્વતંત્ર કોમ્પ્યુટેશનલ વિશ્લેષણ કર્યું અને તારણ કાઢ્યું કે સિંધુ લિપિમાં લેખિત ભાષાનું માળખું છે, જે સિંધુ લિપિમાં વાક્યરચના બંધારણ માટે અગાઉના પુરાવાને સમર્થન આપે છે, અને નોંધ્યું છે કે સિંધુ લિપિ જૂના તમિલ સાથે શરતી સમાનતા ધરાવે છે

સિંધુ લિપિમાં પ્રારંભિક આર્યન ભાષા હોય તેવી પૂર્વધારણા પણ કરવામાં આવી છે; તો લિપિની અંતર્ગત ભાષા "આર્યન" છે (ભારતીય-ઈરાનીયન ઈન્ડો-યુરોપિયનનું અમુક સ્વરૂપ). ઉત્તર ભારત અને પાકિસ્તાનમાં બોલાતી ઐતિહાસિક ભાષાઓ તમામ ઈન્ડો-યુરોપિયનની ભારતીય (ઈન્ડો-આર્યન) શાખાની છે, જેમાં સંસ્કૃત, હિન્દી, પંજાબી વગેરેનો સમાવેશ થાય છે, તો કદાચ સિંધુ ખીણના લોકો બહુ જૂની ઈન્ડો-યુરોપિયન ભાષા બોલતા હશે???..... આ વાતની મુખ્ય સમસ્યા ઘોડા-અશ્વ છે. ઘોડાઓએ તમામ ઈન્ડો-યુરોપિયન સંસ્કૃતિઓમાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, "વૈદિક અને ઈરાની સંસ્કૃતિઓમાં પણ ઘોડાએ કેન્દ્રિય ભૂમિકા ભજવી હતી. તે અનિવાર્ય બાબત છે... આસ્કો પારપોલા-૧૯૮૯. "વૈદિક" નો અર્થ ભારતમાં વેદના સમયથી થાય છે, જેમાં સૌથી પ્રાચીન લખાણ છે. વૈદિક સંસ્કૃતિ લગભગ BCE-1500 થી BCE-500 સુધી ગણાય છે. પરંતુ સિન્ધુ સભ્યતાની મુદ્રાઓ પર ઘોડાઓનું કોઈ નિરૂપણ જોવા મળ્યું નથી. તેમજ 2000 બીસીઇ પહેલાના ઘોડાના કોઈ અવશેષો અત્યાર સુધી મળ્યા નથી. ઘોડા 2000 બીસીઇ પછી જ દેખાય છે. સંભવતઃ સિંધુ ખીણમાં 2000 બીસીઇ પહેલાં આર્ય-ભાષા બોલનારાઓની ઉપસ્થિતિ ન હતી.

મેગાલિથિક ગ્રેફિટી પ્રતીકોઃ અસંખ્ય કલાકૃતિઓ, ખાસ કરીને ઠીકરાઓ અને ઓજારો, જેમાં અંકિત કરેલા નિશાનો મધ્ય ભારત, દક્ષિણ ભારત અને શ્રીલંકામાં મળી આવ્યા છે જે મેગાલિથિક આયર્ન યુગ સાથેના છે. જે પાશ્ચાત્ય હડપ્પન સમયગાળાને અનુસરે છે. (1000 BCE થી 300 CE સુધીના છે) આ નિશાનોમાં બ્રાહ્મી અને તમિલ-બ્રાહ્મી લિપિમાંના શિલાલેખોનો સમાવેશ થાય છે, પરંતુ તેમાં બિન-બ્રાહ્મી ગ્રેફિટી પ્રતીકોનો પણ સમાવેશ થાય છે, જે તમિલ-બ્રાહ્મી લિપિ સાથે સહ-અસ્તિત્વ ધરાવે છે. જો કે, સિંધુ લિપિની જેમ, આ બિન-બ્રાહ્મી પ્રતીકોના અર્થ પર વિદ્વાનોની સર્વસંમતિ નથી.

મેગાલિથિક ચિહ્નો સામાન્ય રીતે કબરસ્તાનોમાં જોવા મળે છે પરંતુ વસવાટના સ્થળોએ પણ જોવા મળે છે. સામાન્ય રીતે આશરે 1000 BCE થી 300 CE સુધીના છે જે ઉપખંડના ઐતિહાસિક સમયગાળા અને પ્રાગ્-ઐતિહાસિક સમયગાળાની સંક્રાન્તિ દર્શાવે છે. લગભગ 300 CE થી આ ચિહ્નો કબરસ્તાનો પરથી અદશ્ય થઈ જાય છે.

1960 માં, પુરાતત્વવિદ્ બી.બી. લાલે શોધી કાઢ્યું કે સર્વેક્ષણ કરાયેલ મેગાલિથિક પ્રતીકોમાંથી 89% સિંધુ લિપિમાં તેમના સમકક્ષ છે. તેમણે તારણ કાઢ્યું કે સિંધુ ખીણની સંસ્કૃતિ અને પછીના મેગાલિથિક સમયગાળા વચ્ચે સંસ્કૃતિની સમાનતા હતી.

1935માં તમિલનાડુમાં કોઈમ્બતુર નજીક સુલુરમાં 1લી સદી બીસીઈની અને મેગાલિથિક ગ્રેફિટી પ્રતીકો ધરાવતી તાસક મળી આવી હતી. 2001ના પ્રકાશનમાં, મહાદેવને દલીલ કરી હતી કે તાસક પરના શિલાલેખમાં સિંધુ લિપિના સમાન ચિહ્નો છે. જે પ્રતીકો હડપ્પાના મૃણમુદ્રા પરના તુલનાત્મક શિલાલેખ જેવા જ ક્રમમાં છે. મહાદેવને સૂચવ્યું કે શિલાલેખોની ભાષાઓ એકબીજા સાથે સંકળાયેલી હોવાના પુરાવો છે.

ફેબ્રુઆરી 2006માં, તમિલનાડુના માયીલાદુથુરાઈ નજીક સેમ્બિયાંકંદીયુર ગામમાં એક પથ્થરનો સેલ્ટ મળી આવ્યો હતો. સેલ્ટ 2જી સહસ્રાબ્દી બીસીઇની શરૂઆતનો છે, જે હડપ્પાના પતન પછીની તારીખ છે, અને તે નિશાનો ધરાવે છે જેને મહાદેવને સિંધુ લિપિના પ્રતીકો સાથે સરખા હોવાનું દર્શાવ્યું હતું. તેમણે એવી દલીલ કરી હતી કે દક્ષિણ ભારતના નિયોલિથિક લોકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ભાષાનો ઉપયોગ લેઇટ-હડપ્પન દ્વારા
પણ કરવામાં આવતો હતો, તેના પુરાવા રુપે.

મે 2007માં, તમિલનાડુ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ આર્કિયોલોજી (TNSDA) ને પુહાર, માયલાદુથુરાઈ નજીકના ગામ મેલાપેરુમપલ્લમમાં ખોદકામ દરમિયાન તીર-મસ્તકના ચિહ્નો સાથેના પોટ્સ મળ્યા હતા. 1920ના દાયકામાં હાલના પાકિસ્તાનમાં મોહેંજો-દડોમાં મળી આવેલ સીલ સાથે આ ચિહ્નો અદભૂત સામ્યતા ધરાવતા હોવાનું નોંધાયું હતું.

સિન્ધુ લિપિનું પતનઃ લગભગ 2550 BCEથી, તે લગભગ 1800-BCEની આસપાસ બધું તૂટી પડ્યું હતું અને ટૂંક સમયમાં તદ્દન ભૂલી જવાયું. જે બચ્યું તે નિર્જન નગરો અને શહેરો, બધાના ટેકરા હતા જે આજે પણ છે.

પરિણામે લેખન અદ્રશ્ય થવા લાગ્યું. લેખનપ્રણાલિનો અન્તકાળ આવ્યો. આવનારા વર્ષોમાં સદીઓ સુધી ઉત્તર ભારત પર પ્રભુત્વ ધરાવતી વૈદિક સંસ્કૃતિમાં કોઈ લેખન પ્રણાલિ સ્પષ્ટ ન હતી, ન તો તેઓએ સિંધુ લિપિ અપનાવી હતી. વાસ્તવમાં, જ્ઞાત-લેખનનું પુનરાગમન જોવા માટે ભારતે 1,000 વર્ષથી વધારે સમયની રાહ જોવી પડી. આશરે BCE-800માં બ્રાહ્મી લિપિનો પ્રવેશ દેખાય છે. એટલે BCE-1800 થી BCE-800 દરમિયાન ઘણી સાહિત્ય-રચનાઓ થઇ છે; BCE-1200થી આર્યવાક્–વેદિક સંસ્કૃત ભાષા પ્રચલિત છે. પણ કઇ લિપિ વપરાતી તેના સંકેતો મળતા નથી.

પેસિફિક મહાસાગર વચ્ચે આવેલા ઈસ્ટર આઇલેન્ડ-રાપા-નુઇની રોન્ગોરોન્ગો લિપિમાં સિન્ધુ લિપિ જેવા ચિહ્નો મળી આવ્યા છે, જે વિદ્વાનોના ધ્યાનમાં છે પણ તે ય કેટલીક અપૂર્ણતાઓ અનામત રાખે છે.

ઇસ્ટર આઇલેન્ડ (રાપા નુઇ); (સ્પેનિશ: Isla de Pascua), એ દક્ષિણપૂર્વ પેસિફિક મહાસાગરમાં ચિલીનો એક ટાપુ પોલિનેશિયન ત્રિકોણના દક્ષિણપૂર્વ બિંદુએ સ્થિત એક પોલિનેશિયન ટાપુ છે.

એક વિચિત્ર પ્રાકૃતિક વિસ્તાર છે, જેનો વિસ્તાર ૬૩-ચો.માઇલ(૧૬૪-ચો.કી.મી.) છે. ઇસ્ટર આઇલેન્ડ વિશ્વના સૌથી દૂરના વસવાટવાળા ટાપુઓમાંનો એક છે. સૌથી નજીકનું ભૂમિ-બિંદુ પિટકૈર્ન ટાપુ છે, જે ૨૦૭૫- કિલોમીટર (૧૨૮૯-માઇલ) દૂર છે; જ્યારે મધ્ય ચિલીથી ૩૫૧૨-કિમી (૨૧૮૨-માઇલ) દૂર આવેલું છે.

ઇસ્ટર આઇલેન્ડના ૮૮૭-મોવાઈ મોટા શિલ્પો માટે પ્રખ્યાત છે, જે પ્રાચીન રાપાનુઇ લોકો દ્વારા બનાવવામાં આવ્યા હતા. તે વર્લ્ડ હેરિટેજ સાઈટ છે અને મોટા ભાગનો ટાપુ રાપા નુઈ નેશનલ પાર્કમાં આવે છે; અને વણઉકેલ રોંગો-રોંગો લિપિ કે જે, પેસિફિક ટાપુઓમાં શોધાયેલી એકમાત્ર લેખન પદ્ધતિ છે.

આ પ્રદેશનો 1888માં ચિલીમાં વિલય થયો હતો. ઇસ્ટર ટાપુ પરના અભિયાનના સાહસિકો ઈસ્ટર ટાપુના એક છેડાથી બીજા છેડા સુધી કબરો પર હુમલો કરે છે, પસ્તાયા વિના, ક્રુરતાથી અમૂલ્ય પુરાતત્વીય સંદર્ભોનો નાશ કરે છે. અસ્થિ પર લખાયેલ લિપિ ધૂળમાં મળી જાય છે; તેઓ કબરસ્તાનો લૂંટે છે, અને વસાહતોનો ધ્વંસ કરે છે. જ્યારે ઇસ્ટર આઇલેન્ડના મૂળરહેવાસીઓમાંથી કોઇ ફરિયાદ કરે કે, તેઓ તેમના પૂર્વજોના અવશેષો લઈ જાવ છો. ત્યારે તેઓ તે અસ્થિઓ માટે બે ડોલરની માગણી કરે છે.

ઇસ્ટર આઇલેન્ડ તે આધુનિક સમયમાં ટાપુના પ્રાકૃતિક સંસાધનોના અતિશય શોષણને કારણે થતા સાંસ્કૃતિક અને પર્યાવરણીય નુકસાનના જીવંત ઉદાહરણ તરીકે જોવામાં આવે છે, જો કે હવે આ સિદ્ધાંતને નૃવંશશાસ્ત્રીઓ અને પુરાતત્વવિદો દ્વારા સખત પડકારવામાં આવી રહ્યો છે, જેઓ માને છે કે તે 1800 ના દાયકા દરમિયાન યુરોપિયન ઉપનિવેશકો દ્વારા લાવવામાં આવેલી બિમારીઓ અને ગુલામોના વેપાર દ્વારા લાવવામાં આવ્યો હતો, મૂળનિવાસીઓની સંખ્યામાં ઘટાડો, તેની પર્યાવરણીય અધોગતિ કરતાં, વધુ સામાજિક અધોગતિની અસર વધારે હતી, અને યુરોપિયન વસાહતીઓ, તેમની સાથે લાવવામાં આવેલા પ્રાણીઓ પ્રથમ ઉંદરો અને પછી ઘેટાં દ્વારા ટાપુની મૂળ વનસ્પતિને ભારે નુકસાન થયું હતું. 1930-1960 ની વચ્ચે ટાપુ પરના લગભગ જંગલોનો નાશ કરવામાં આવ્યો હતો.

આ લેખ ઇસ્ટર આઇલેન્ડની મોઇ ની મોનોલિથિક મૂર્તિઓ વિષે છે. કારણ કે, જે લોકોએ રોન્ગોરોન્ગો લિપિ શોધેલી; તે લોકો સ્થાપત્યવિદ્યામાં પણ પારંગત હતા. પેસિફિક દ્વીપ સમુહ પર એક અત્યંત બુદ્ધિશાળી પ્રજા.....

Moai- મોઆઇ એ પૂર્વીય પોલિનેશિયામાં રાપા-નુઇ(ઇસ્ટર આઇલેન્ડ) પર રાપા-નુઇ લોકો દ્વારા ઇ.સ.1250 થી 1500 દરમિયાન કોતરવામાં આવેલી monolithic-એક સળંગ પથ્થરની માનવ મૂર્તિઓ છે.

1990 ના દાયકામાં ચિલીના પુરાતત્વવિદ્ ક્લાઉડિયો ક્રિસ્ટીનો દ્વારા મોઆઇ પુનઃસ્થાપિત કરાયેલ છે.

હજી લગભગ અડધાથી પણ વધારે રાનો રારાકુ નામના મુખ્ય મોઆઇ ખાણ વિસ્તારમાં છે, સેંકડો મોઆઇને ત્યાંથી ફેરવી ટાપુની પરિમિતિની આસપાસ આહુ નામના પથ્થરના પ્લેટફોર્મ પર મૂકવામાં આવ્યા હતા.

લગભગ તમામ મોઆઇમાં માથા વધુ પડતા હોય છે, જે સમગ્ર પ્રતિમાના ચાલીસ ટકા ભાગનું કદ ધરાવે છે.

તેને પગ નથી. મોઆઇ મુખ્યત્વે દેવ-સ્વરુપ પૂર્વજો અરિંગા ઓરાના જીવંત ચહેરાઓ છે.1722માં જ્યારે યુરોપિયનો પ્રથમ વખત ટાપુની મુલાકાતે આવ્યા ત્યારે મૂર્તિઓ હજુ પણ તેમના કુળની જમીનમાં અંદરની તરફ નજર કરી રહી હતી, પરંતુ તે તમામ 19મી સદીના ઉત્તરાર્ધ સુધીમાં પડી ગઈ હતી. 18મી સદીના ઉત્તરાર્ધમાં અને 19મી સદીની શરૂઆતમાં, કદાચ યુરોપીયન સંપર્ક અથવા અન્ય આદિવાસી સાથે યુદ્ધોના પરિણામે મોઆઇનો નાશ થયો હતો.

Moai facing inland at Ahu Tongariki, restored by Chilean archaeologist Claudio Cristino in the 1990s

૯૦૦-થી વધુ પ્રતિમાઓનું ઉત્પાદન અને પરિવહન એક નોંધપાત્ર સર્જનાત્મક અને ભૌતિક પરાક્રમ માનવામાં આવે છે. સૌથી ઉંચો મોઆઇ, જેને પારો કહેવામાં આવે છે, તે લગભગ ૧૦-મીટર (૩૩-ફૂટ) ઊંચો હતો અને તેનું વજન 81 long tons(Long Ton=2,240 pounds) આહુ ટોંગારીકી ખાતે સૌથી વધુ વજનદાર મોઆઇ જેનું વજન ૮૬-ટન હતું. આ એક અધૂરું શિલ્પ છે. જે પૂર્ણ કરવામાં આવે તો, આશરે ૨૧-મીટર (૬૯-ફૂટ) ઊંચું થાય અને વજન લગભગ ૧૪૫-૧૬૫-ટન થાય. ૨૦૨૩-સુધી મૂર્તિઓ હજુ પણ શોધવામાં આવી રહી છે. Moai જ્વાળામુખી ટફ (નક્કર રાખ)ના ખડકમાંથી કોતરવામાં આવ્યા છે.

ઇસ્ટર આઇલેન્ડની લિપિ અને સિન્ધુ સભ્યતાની લિપિનું સામ્ય.

રોન્ગોરોન્ગો રાપા નુઇઃ એ 19મી સદીમાં રાપા-નુઇ (ઇસ્ટર આઇલેન્ડ) પર શોધાયેલ એક એક લેખન-પ્રણાલી છે. જે અણઉકેલ છે. તેને સમજવાના અસંખ્ય અસફળ પ્રયાસો કરવામાં આવ્યા છે,
રોન્ગોરોન્ગો એ Oceania-ઓશનિયાની એકમાત્ર સ્વદેશી લિપિ છે. અને તે માત્ર એક જ સ્થાને ઇસ્ટર આઇલેન્ડમાં જોવા મળે છે; પ્રશાંત મહાસાગરના મધ્યમાં, કોઈપણ ખંડથી હજાર માઈલ દૂર.
[ઓશનિયા એ મધ્ય અને દક્ષિણ પેસિફિક મહાસાગરમાં ટાપુ જૂથો ધરાવતા પ્રદેશનું નામ છે. તે 3.3 મિલિયન ચોરસ માઇલ (8.5 મિલિયન ચોરસ કિમી)માં ફેલાયેલો છે.]

ઇસ્ટર આઇલેન્ડ પર પ્રથમ વસાહત, ઇ.સ.૯૦૦-ની આસપાસ શરૂ થઈ હતી, સંભવતઃ ખેતી માટે જંગલ સાફ કરવાની શરૂઆતનો સમય. વસાહતીકરણ ૧૨૦૦-ની આસપાસ છે, જે ૧૩-મી સદી કરતાં પહેલાંની રોંગોરોન્ગોની પ્રથમ શોધનો સમય સૂચવે છે. ઈ.સ.૧૨૫૦-સુધીમાં મૂર્તિઓનું નિર્માણ પૂરજોશમાં થઈ ગયું હતું; અને ઈ.સ.૧૫૦૦-ની આસપાસ પતન થયું હતું.

રોન્ગોરોન્ગો એ શિલાલેખોનું આધુનિક નામ છે. રાપા-નુઇ ભાષામાં, રોઓરોનો અથવા રોન્ગોરોન્ગોનો અર્થ થાય છે "પઠન કરવું, ઘોષણા કરવી-મંત્રોચ્ચાર કરવો" અથવા...કોહાઉ મોટુ મો રોઓરો, "જાપ કરવા માટે કાપેલી પંક્તિઓ"

સમય અવધિઃ સર્જનનો સમય અજ્ઞાત; 1860 ના દાયકામાં લખવાનું બંધ થઈ ગયું અને મોટાભાગની tablets ખોવાઈ ગઈ અથવા નાશ પામી.લખવાની દિશા ઉલટી બુસ્ટ્રોફેડોન જણાય છે.

રોંગોરોન્ગો શિલાલેખ ધરાવતી બે ડઝન લાકડાની વસ્તુઓ, કેટલીક ભારે આબોહવામાં ક્ષતિગ્રસ્ત, અથવા બળી ગયેલી. 19મી સદીના અંતમાં એકત્ર કરવામાં આવી હતી અને હવે તે સંગ્રહાલયો અને ખાનગી સંગ્રહોમાં વેરવિખેર છે. ઇસ્ટર આઇલેન્ડ પર કાંઇ રહ્યું નથી. વસ્તુઓ મોટાભાગે લાકડાના અનિયમિત આકારના પદાર્થમાંથી, તો કેટલીકવાર ડ્રિફ્ટવુડ બનાવેલી હોય છે.

રોન્ગોરોન્ગો ટેબ્લેટ E (Keiti)નો સવળો ફોટો.

મૌખિક ઇતિહાસ સૂચવે છે કે મૂળવસાહતીઓના પસંદગીના લોકો સાક્ષર હતા; આ લખાણ પવિત્ર હતું. ૨૦૦ અને ૨૮૦ જેટલા અક્ષરો માનવ, મત્સ્ય, પ્રાણી, છોડ, કલાકૃતિ અને ભૌમિતિક સ્વરૂપોની આકૃતિઓ ધરાવે છે.



1770 સ્પેનિશ અભિયાનઃ 1770ની સ્પેનિશ સંધિ પરના મૂળ હસ્તાક્ષરો. સૌથી નીચેનો ભાગ રોન્ગોરોન્ગો અક્ષર જેવો છે.

ઇસ્ટર આઇલેન્ડ સૌપ્રથમ ૧૭૨૨-માં યુરોપિયનો દ્વારા સત્તાવાર રીતે શોધાયું હતું, તે સ્પષ્ટ છે કે તેમના આગમન પહેલા હજારો વર્ષોથી પેસિફિકમાં સફળતાપૂર્વક નેવિગેશન થતું હતું. ૧૭૨૨-માં ટાપુની વસ્તી ૨૦૦૦- થી ૩૦૦૦ હોવાનો અંદાજ હતો.

સ્ક્રિપ્ટને સૌપ્રથમ ૧૮૬૪-માં ઓળખવામાં આવી હતી, આજે, રોન્ગોરોન્ગો ટેક્સ્ટના માત્ર ૨૬ ઉદાહરણો (૩- વિવાદિત સાથે) રહ્યા છે. દરેકમાં લાકડાની વસ્તુઓ પર કોતરેલા અક્ષર-સંકેતો છે, જેમાં ૨-થી ૨૩૨૦ સરળ અને સંયોજન ગ્લિફ્સ છે, કુલ ૧૫૦૦૦-થી વધુ છે.

ડિસેમ્બર 1862 માં, પેરુવિયન ગુલામ ધાડપાડુઓએ ઇસ્ટર આઇલેન્ડ પર હુમલો કર્યો. પરિણામે લગભગ ૧૫૦૦-પુરૂષો અને સ્ત્રીઓ, ટાપુની લગભગ અડધી વસ્તીને પકડવામાં અથવા મારી નાખવામાં આવી. આ વખતે લેખનની કળા અસરકારક રીતે નાશ પામી.

મિશનરીઓ ઔપચારિક દસ્તાવેજોને મૂર્તિપૂજક વસ્તુઓ તરીકે માનતા હતા. *મિશનરીઓએ તેમને મુદ્રાઓ વાંચવા પર પ્રતિબંધ મૂક્યો હતો, અને તેમને આ વસ્તુઓને શેતાનનું કામ ગણી બાળી નાખવા માટે પણ પ્રેરિત કર્યા હતા.* (સ્વીડન-ડી-ગ્રેનો, જે લગભગ ૧૮૭૦-માં ઇસ્ટર ટાપુ પર પહોંચ્યો હતો, તેણે આ મુજબ કહેલું.)

૧૯૩૨-માં, વિલ્હેમ ડી હેવેસી ભારતમાં સિંધુ ખીણની સિંધુ લિપિ અને ઇસ્ટર આઇલેન્ડની રોંગોરોન્ગો લિપિ વચ્ચેની સાંકળ સૂચવનાર પ્રથમ સંશોધક હતા, તેમણે દાવો કર્યો હતો કે ચાલીસ જેટલા રોન્ગોરોન્ગો પ્રતીકો ભારતની સિન્ધુ લિપિની આકૃતિઓમાં સમાનતા ધરાવે છે. સિંધુ ખીણની સંસ્કૃતિનો સમય રેડિયોકાર્બન ડેટિંગ પ્રમાણે BCE-3,300 થી BCE-1,900 હોવાની, એક શોધને લીધે; રોંગોરોન્ગો લિપિને ૨૦૦૦-વર્ષોથી અલગ પાડી દીધી. વળી ઇસ્ટર આઇલેન્ડ સિંધુ સભ્યતાના સ્થળોથી ૧૯૨૦૦-કિલોમીટર(૧૨૦૦૦-માઇલ)દૂર તો છે જ! તેમ છતાં તાજેતરના સંશોધનોએ ફરી ચર્ચા શરૂ કરી છે કારણ કે ઓસ્ટ્રેલિયન એબોરિજિન્સમાં સિંધુ ખીણના ડીએનએની શોધ બે સંસ્કૃતિઓ વચ્ચેના 2,000 બીસીઇ.ના સંપર્કનું સૂચન કરે છે.

સિંધુ મુદ્રાઓ   રાપાનુઈ પ્રતીકો સાથે સિંધુ ખીણની બે મુદ્રા

બે સિંધુ મુદ્રાઓ પરની લિપિ અને રોંગોરોંગો લિપિની સરખામણી કે જેને સાવ અવગણી શકાય નહીં; તેવો યોગાનુયોગ છે. જે અસંભવિત હોવા છતાં, બે સંસ્કૃતિઓ વચ્ચેના જોડાણનો દોર દર્શાવે છે.

(ઇસ્ટર આઇલેન્ડ અને સિંધુ વેલી સ્ક્રિપ્ટ્સની સરખામણી)

રોન્ગો-રોન્ગો લિપિના મૂળ વિષે વિચાર કરીએ તો; શું તે આ જ ટાપુ પર શોધાઇ હતી કે, બહારથી આયાત થઇ હતી. પછીનું સૂચન વધુ સંભવિત લાગે છે. આ લિપિ ક્યારે બનાવવામાં આવી હતી? તેના કોઈ જવાબો નિશ્ચિતપણે આપી શકાતા નથી; કેટલાક અનુમાન લગાવી શકાય છે, પરંતુ કોઈ પુરાવો રજૂ કરી શકાતો નથી.

તે તદ્દન શક્ય છે કે ઇસ્ટર આઇલેન્ડ સ્ક્રિપ્ટ લખવાની સાચી સિસ્ટમ નથી, પરંતુ માત્ર એક વધુ વિકસિત સ્મૃતિશાસ્ત્ર

(mnemonic device) ઉપકરણ છે,

આસ્કો પારપોલા માને છે કે, અહીં કોઈ ઐતિહાસિક જોડાણ નથી, માત્ર કાલ્પનિક છે. સરખામણીના પ્રયત્નો વ્યર્થ છે

ઇસ્ટર આઇલેંડની ભાષા અને લિપિ જાણી શકાઇ હોત! પણ મિશનરીના ધાર્મિક ઝનુનના જુવાળે વિચિત્ર પરિસ્થિતિ પેદા કરી દીધી!

ડી હેવેસી ની સરખામણી. અહીં રોંગોરોંગો સ્ક્રિપ્ટ II-IV-VI-VIII કોલમ પર છે; જ્યારે કોલમ I-III-V-VII પર સિન્ધુ સભ્યતાની લિપિના સંકેતો છે.

૧૨.અવેસ્તન લિપિ.

આપણે હવે અવેસ્તન ભાષામાં જે જરથોસ્તી ધર્મના પુસ્તકો છે, તે ધાર્મિક પુસ્તકો પણ અવેસ્તા તરીકે જ ઓળખાય છે. અવેસ્તાના પુસ્તકોની ગાથાઓ અને ઋગ્વેદની ઋચાઓમાં આશ્ચર્યજનક સામ્ય જોવા મળે છે. વેદિક સંસ્કૃત સાથે આ ભાષા ખુબ જ મળતી આવે છે. છતાં એકબીજાથી સ્વતંત્ર રીતે વિકાસ થયો છે. એટલું ચોક્કસ કહી શકાય કે, ભૂતકાળમાં બંને પ્રજાઓ લાંબો સમય એક સાથે રહી હશે. *આ વર્ણન સંસ્કૃત ભાષાને લગતા પ્રકરણમાં વિગતે ચર્ચવામાં આવ્યું છે.* છતાં અહીં સારાંશ મૂક્યો છે.

આશરે BCE-3500 પછી ઉત્તરધ્રુવના પ્રદેશોમાંથી આર્યોએ આજીવિકાના સાધનોની કઠોરતા હોવાથી સ્થળાંતર કર્યું. ઉત્તર ધ્રુવના બર્ફીલા પ્રદેશોમાં રહેતા લોકોએ પ્રથમ આકાશ અને ધરતીને સૃષ્ટિના આધારરૂપ દેવ માન્યા. એટલે સૌ પ્રથમ દ્યાવા-પૃથ્વીની પૂજા શરુ થઇ. બરફના પ્રદેશમાં પાણી હુંફાળી પ્રિય વસ્તુ હતી એટલે વરુણદેવની ઉપાસના ચાલુ થઇ. તેથી વધારે ઉષ્મા-ઉર્જા સૂર્ય આપતો હોઇ સૂર્યપૂજા શરૂ થઈ. અને અગ્નિ જે દિવસ-રાત ઉષ્મા-ઉર્જા આપે છે, માટે અગ્નિ પૂજા પણ શરૂ થઈ. અથર્વણ આર્યો અગ્નિપૂજકો છે.

અથર્વણ આર્યો છે. એટલે એક સમયે આર્યોના બંને જુથ સાથે જ હતાં; અને ઉત્તર ધ્રુવના પ્રદેશોમાંથી સ્થળાંતર સમયે દક્ષિણ રશિયામાં ઇ.સ. પૂર્વે ૨૨૦૦માં શિન્ટાષ્ટ નામના સ્થળે રોકાયેલા. Sintashta સભ્યતાના લોકો Proto-Indo-Iraniyan અથવા Proto-Indo-Aryan(પુરા-વેદિક સંસ્કૃત) બોલતા હોવાનું જણાય છે, જે Indo-Europian, Indo-Iranian અને Indo-Aryan Languagesના પુરોગામી હોઇ શકે. જે વેદિક સંસ્કૃત અને અવેસ્તાની પુરોગામી ભાષા કહી શકાય. Shintas થી આર્યોના કેટલાક જુથો BMAC(Bactria Margiana Archaeological Complexમાં BCE-2250 થી BCE-1700 દરમિયાન ઉપસ્થિત હતાં. એલમ-મિટ્ટાની-હટુસા-ઈજીપ્ત-સપ્તસિન્ધુ સુધી ઈન્દ્રપૂજક-આર્યોના જુથોએ પ્રભાવ રહ્યો છે. બોગાઝકુઈ (તુર્કસ્તાન) નામના સ્થળેથી હિટ્ટાઇટ અને મિટ્ટનિ સામ્રાજ્યોના સંધિ-કરારમાં, ઈન્દ્ર, મિત્ર, વરુણ, નાસત્યૌ, વેદિક દેવોનો સાક્ષી તરીકે ઉલ્લેખ થયો છે. BCE-1350માં બનેલી આ મૃણમુદ્રા ક્યુનિફોર્મ લિપિમાં છે. હિકસોસ તરીકે ઓળખાતા આર્યોના એક જુથે BCE-1650માં ઈજીપ્તમાં સો વર્ષ શાસન કર્યું.BCE-1700ની આસપાસ ઇન્દ્રપૂજક આર્યોનું એક જુથ અથર્વણ-આર્યોથી છુટું પડ્યું. સપ્તસિંધુના પ્રદેશોમાં લગભગ ૫૦૦વર્ષના સંઘર્ષ પછી, સ્થાનિક પ્રજા સાથે સમન્વય સ્થપાયો અને શાસન જમાવ્યું. અહીં આર્યોએ સ્થળાન્તરમાં ફરેલા પ્રદેશોની ભાષાઓ અને સ્થાનિક ભાષાઓ દ્રવિડ-પ્રાકૃતના શબ્દભંડોળનો ઉપયોગ કરી; વેદિક-સંસ્કૃત(આ ભાષા સંસ્કૃત કહી શકાય નહીં કારણકે, પાણિનીના નિયમો અનુસરતી ભાષા સંસ્કૃત કહેવાય છે. શાસ્ત્રોમાં આ વેદિક ભાષાને આર્યવાક્ કહી છે.) ભાષાની રચના કરી, અને સૌ પહેલાં આ ભાષામાં ઋગ્વેદની રચના (BCE-1200) થઇ.

ઉત્તર-ઈરાનમાં આશરે BCE-1700 પહેલાં એક બહુ-દેવવાદી-મૂર્તિપૂજક-પ્રાકૃત ધર્મ (Pagan) પ્રચલિત હતો. તેમાંથી એકેશ્વરવાદ સ્વીકારી, મિથ્યા વ્રતો, ઉપાસના, પશુહત્યા અને પાખંડનો વિરોધ કરી, ધર્મના ઉત્તમ માનવતાવાદી અંશો સ્વીકારી, અષો-જરથુષ્ટ્ર નામના અહુરમઝદ(પરમશક્તિશાળી એક જ ઈશ્વર)ના સંદેશવાહકે ધર્મની પુનઃસ્થાપના કરી; જે જરથોસ્તી-Zoroastrian ધર્મ, વિશ્વના પ્રાચીન એકેશ્વરવાદી ધર્મ તરીકે આજે ય પ્રચલિત છે. જરથુષ્ટ્રનો જન્મ આશરે BCE-1700 થી BCE-600 દરમ્યાન માનવામાં આવે છે. ઘણા બધા અનુમાનો છે પરંતુ ઋગ્વેદમાં અવેસ્તન પાત્રોના ઉલ્લેખો જોતાં ઋગ્વેદની રચના પહેલાં બસો-પાંચસો વર્ષ પહેલાં અષો જરથુષ્ટ્રની ઉપસ્થિતિ હોય તે વધારે તાર્કિક છે.

આ અષો જરથુસ્તના ધાર્મિક વિધિઓ-ઉપદેશોના સાહિત્યને ઐતિહાસિક ક્રૂરતાઓનો ભોગ થવું પડ્યું છે. તેની વિગતો તપાસવા માટે આપણે ઐતિહાસિક કાળક્રમનો પરિચય મેળવીશું.

પર્શિયન સામ્રાજ્યની સમયરેખા 3400 B.C.E થી 642 C.E.

3400 BCEમાં દક્ષિણપશ્ચિમ ઈરાન અને મેસોપોટેમીયામાં એલામાઈટ સામ્રાજ્યનો ઉદભવ થયો.

2000 BCE – વિચરતા-Nomadic લોકો.... સિથિયન, મેડીસ અને પર્સિયન-મધ્ય એશિયાથી ઈરાની ઉચ્ચપ્રદેશ તરફ ગયા.

6ઠ્ઠી સદી B.C.E.

553-550 BCE - સાયરસ II (સાયરસ ધ ગ્રેટ) મીડીયન(Median) રાજાને ઉથલાવી અને પર્શિયા અને મીડિયાના શાસક બન્યા; તેણે અખેમેનિડ સામ્રાજ્યની સ્થાપના કરી. Achaemenid Empire (550 BCE – 330 BCE)

539 BCE - સાયરસ બેબીલોન પર કબજો કરે છે અને યહૂદીઓને કેદમાંથી મુક્ત કરે છે.

525 B.C. - સાયરસના પુત્ર કેમ્બિસિસ II એ ઇજિપ્ત પર વિજય મેળવ્યો.

522 BCE -ડેરિયસ I રાજા બન્યો. તે વહીવટી પુનઃરચના કરીને સામ્રાજ્યની પુનઃસ્થાપના અને વિસ્તરણ કરે છે.

5મી સદી B.C.E.

490 BCE - ડેરિયસે ગ્રીકની મુખ્ય ભૂમિ પર આક્રમણ કર્યું અને મેરેથોનના યુદ્ધમાં તેનો પરાજય થયો.

ચોથી સદી B.C.E.

334 BCE - એલેક્ઝાન્ડર ધ ગ્રેટ (મેસેડોનનો એલેક્ઝાન્ડર III) પર્શિયન અભિયાન શરૂ કરે છે. Granicus-ગ્રાનિકસ ખાતે પર્સિયન સૈન્યને હરાવ્યું. (334 BC) અને 330 BCEમાં પર્શિયા અને મેસોપોટેમિયા પરનો વિજય પૂર્ણ કર્યો.

અહીં સિકંદરે અખેમેનીડ સામ્રાજ્યને પરાજિત તો કરી દીધું, પણ તેઓ દ્વારા પાળવામાં આવતા ઝોરાષ્ટ્રીયન ધર્મનો ક્રૂરતાપૂર્વક વિનાશ કર્યો. ધાર્મિક સાહિત્ય સળગાવી નાખ્યું! પણ મુખપાઠવડે અવેસ્તન શાસ્ત્રો યાદ રાખતા પુરોહિતવર્ગને પકડી પકડી મારી નાખ્યા કે સળગાવી દીધા. આ ઇતિહાસના પૃષ્ઠ પર શરમજનક ઘટના છે.

વર્ષો સુધીના પ્રયત્નો બાદ ઝોરાષ્ટ્રીયનો એ છૂટાછવાયા સ્થળેથી અવેસ્તાના ગ્રન્થો મેળવવાના પ્રયાસ કર્યા છતાં પૂર્ણ સાહિત્ય મળી શક્યુ નથી. અને હજી ઈતિહાસના પાને ઝોરાષ્ટ્રીયન ધર્મ પર બે અતિક્રમણો લખાયેલા છે. એક મોંગોલિયન અને ઈસ્લામ. છેલ્લા ઈસ્લામિક આક્રમણે આખી પ્રજાને છિન્નભિન્ન કરી નાખી હોવાનું સૌ જાણે છે.

323 BCE - એલેક્ઝાન્ડરનું મૃત્યુ સેનાપતિઓ વચ્ચે સામ્રાજ્યના વિભાજન તરફ દોરી જાય છે. ઈરાનમાં સેલ્યુસીડ્સ મુખ્ય વારસદાર તરીકે ઉભરી આવે છે.

ત્રીજી સદી B.C.E.

247 BCE - પાર્થિયનોએ સેલ્યુસીડ્સને ઉથલાવી દીધા, તેમના પોતાના વંશની સ્થાપના કરી.

પાર્થિયન રાજવંશ (170 BCE-224 CE)

ત્રીજી સદી C.E.

224 CE - અરદેશીરે છેલ્લા પાર્થિયન શાસકને ઉથલાવી નાખ્યો, અને સસાનિયન રાજવંશની સ્થાપના કેટેસિફોન ખાતે રાજધાની સાથે કરી.

260 CE - શાહપુર I એ સમ્રાટ વેલેરીયનને બંદી બનાવીને રોમનો સામે ઝુંબેશ ચલાવી.

7મી સદી

637 - મુસ્લિમ સૈન્યએ સિટેસિફોન પર કબજો કર્યો અને સસાનિયન સામ્રાજ્ય તૂટી પડવાનું શરૂ થયું.

641-42 - નહાવંદ ખાતે સાસાની સેનાનો પરાજય થયો. ઈરાન મુસ્લિમ શાસન હેઠળ આવે છે.

અખેમેનીસઃ Achaemenes-જૂની ફારસી: Haxāmaniš; પ્રાચીન ગ્રીકઃ Akhaiménēs; લેટિનઃ Achaemenes એ પર્શિયાના શાસકોના Achaemenid-અખેમેનીડ રાજવંશના પૂર્વજ હતા.

બેહિસ્તુન શિલાલેખમાં Darius I એ અખામેનીસને Teispes ના પિતા તરીકે દર્શાવ્યા છે, જે Cyrus II (Cyrus the Great)સાયરસ II (સાયરસ ધ ગ્રેટ) અને Darius I ના પૂર્વજ છે.

બેહિસ્તુન શિલાલેખઃ બેહિસ્તુનનો અર્થ "ઈશ્વરનું સ્થાન" એક બહુભાષી અખેમેનિડ શાહી શિલાલેખ જે પશ્ચિમ ઈરાનના કર્માનશાહ શહેરની નજીક, ઈરાનના કર્માનશાહ પ્રાંતમાં માઉન્ટ બેહિસ્તુનની એક મોટી શિલાની સપાટીપર Darius the Great (522–486 BCE). દ્વારા તે, ક્યુનિફોર્મ લિપિમાં ત્રણ ભાષામાં લખાયેલો શિલાલેખ છે, જે પ્રાચીન પર્શિયન, એલામાઇટ અને બેબીલોનિયન(અક્કાડિયન ભાષા આધારિત) ભાષાઓમાં લખાયેલ છે. તે ક્યુનિફોર્મ લિપિના ઉકેલ માટે અગત્યનું સ્થાન છે.

પર્શિયન સામ્રાજ્યના રાજા તરીકે Darius the Great તેમના શાસન (522 BCE-486 BCE) કાળ દરમિયાન લખાયેલ, શિલાલેખ ડેરિયસની ટૂંકી આત્મકથા સાથે શરૂ થાય છે, જેમાં તેમના વંશ અને વંશનો સમાવેશ થાય છે. રાજકીય ઉથલપાથલના સમયગાળા દરમિયાન તમામ લડાઇઓમાં પોતે વિજયી જાહેર થાય છે, તેની સફળતાનું શ્રેય "અહુરા મઝદાની કૃપા"ને આપે છે.

"રાજા ડેરિયસ કહે છેઃ અહુરમઝદની કૃપાથી હું રાજા છું; અહુરમઝદાએ મને રાજ્ય આપ્યું છે.".......શિલાલેખ.

અવેસ્તાનું સંપાદન અને પ્રસારણઃ અવેસ્તાનો અર્થ ત્રિસ્તરીય ગણવાનો છે. અવેસ્તા એટલે જરથોસ્તી ધર્મગ્રન્થો, અવેસ્તા ધર્મગ્રન્થોની ભાષા, અને અવેસ્તા લિપિ.

ગાથા-મૌખિક પરંપરાઃ જરથુષ્ટ્રે ગાથા તરીકે ઓળખાતા સુક્તો દ્વારા તેમના વિચારો અને ઉપદેશો અભિવ્યક્ત કર્યા છે. તેમના અનુયાયીઓ વડે ગાથાના શ્લોકો કંઠસ્થ કરી ગાવામાં આવતા, પુરોહિતો જ્યારે ધર્મ સાથે જોડાયા, ત્યારે તેઓએ અવેસ્તા, ખાસ કરીને ગાથાઓ અને ઉપાસનાને મુખપાઠ વડે યાદ રાખવાની ભૂમિકા નિભાવી. આ અવેસ્તા-મૌખિક પરંપરા પદ્ધતિ ઉપદેશો સાચવી રાખવામાં ખૂબ જ અસરકારક સાબિત થઈ. અન્ય લોકો અને ત્યારપછીની પેઢીઓ સુધી વિચારો પહોંચતા ગયા. જરથુષ્ટ્રને અનુસરતી પેઢીઓએ તેમના ઉપદેશોનું જતન કર્યું અને તેમાં ઉમેરો કર્યો. આમ ધર્મગ્રંથો, અવેસ્તાની રચના થઇ.

વેદો પણ મુખપાઠ વડે લગભગ ૩૨૦૦-વર્ષોથી યથાસ્વરુપ અને તે જ સમયના વર્ણોચ્ચાર-ધ્વનિ પ્રમાણે સુરક્ષિત રાખવામાં આવ્યા છે. આ પ્રાચીન આર્યપ્રણાલિ જ હોય તેવું માની શકાય તેવું છે. વળી તે લિપિની શોધ થઇ તે પહેલાંની ઘટના માની શકાય. વળી છન્દબદ્ધ રચનાઓ પણ લિપિની શોધ પહેલાંની છે. મુખપાઠ વડે યાદ રાખવા છન્દબદ્ધ રચનાઓ જરુરી છે. વેદિક સંસ્કૃત અને અવેસ્તા કેટલીક સમાન છન્દરચનાઓ ધરાવે છે. મનુષ્ય વાણીનું પ્રદર્શન ત્રણ રીતે કરી શકે છે, પદ્ય-ગદ્ય અને ગેય સ્વરુપે. આથી ઋગ્વેદ પદ્યમાં છે. યજુર્વેદ ગદ્યમાં છે અને સામવેદ ગાઇ શકાય તે રીતે ગેય છે.

Zend Avesta માં Asuri છન્દનો ઉપયોગ થાય છે. તેનો ઉલ્લેખ યજુર્વેદમાં કરવામાં આવ્યો છે. ડૉ. હૉગ જણાવે છે:

"યજુર્વેદમાં વપરાતા છન્દોમાંથી, આસુરી ઉપનામવાળા છન્દો જોવા મળે છે, દા.ત., ગાયત્રી આસુરી, ઉષ્ણી આસુરી અને પંક્તિ આસુરી. આ આસુરી છન્દ વાસ્તવમાં ઝેન્દ અવેસ્તાના ગાથા સાહિત્યમાં જોવા મળે છે".

શુક્લ યજુર્વેદમાં સાત આસુરી છન્દનો ઉલ્લેખ છે. આસુરી છન્દ ગાથાઓ દ્વારા મૂર્તિમંત છે; જેમ કે અહુનવૈતિમાં 15 અક્ષરોનો ગાયત્રી અસુરી (Yas. XXXI,6; XXXI, 4), ગાથા વહુક્ષત્ર (Yas. II)માં 14 અક્ષરોનો ઉસ્નિહ અસુરી; ગાથા ઉસ્તાવૈતી અને સ્પેન્ટા-મૈન્યુમાં 11 ઉચ્ચારણનો પંક્તિ આસુરી.

વૈદિક અને અવેસ્તાના છન્દમાં ડૉ. હૉગના સંશોધનમાં તુલનાત્મક સમાનતા જોવા મળી. ઉદાહરણ તરીકે ગાથા સ્પેન્ટમૈન્યુનો છન્દ ત્રિષ્ટુભ છે જ્યારે ઉષ્ટવિતિ ગાથાનો છન્દ વૈદિક ત્રિષ્ટુભ જેવો જ છે. ઉષ્ટવિતિ ગાથા 11 ઉચ્ચારણના માત્ર એક પદથી ત્રિષ્ટુભ કરતાં વધી જાય છે. યસ્ના xxi, શ્લોક 8 એ ગાયત્રી છન્દની સૌથી નજીક છે અને ફારગાર્ડ xix અનુષ્ટુભની નજીક છે. હોમાયષ્ટનો છન્દ પણ અનુષ્ટુભની નજીક છે.

વેદ અને અવેસ્તાના છન્દોનું સરખાપણું જોતા એક અનુમાન કરી શકાય કે, ભાષાની રચના દરમિયાન જ છન્દ-અલંકારોની શોધ થઈ ગઈ હોવી જોઇએ, અથવા તો ઉપયોગ પ્રચલિત હોવો જોઇએ; જે લિપિની શોધ બાદ શાસ્ત્રીય સ્વરુપે મૂકાયો હોય.

ઝેન્દઃ અજ્ઞાત કારણોસર, અવેસ્તન સિદ્ધાન્તો, જે મુખ્યત્વે પૂર્વીય આર્યન બોલીઓમાં રચાયેલ; તે બંધ કરવામાં આવેલા. એક અંતરાલ પછી, ઝેન્દ અથવા ઝંડ તરીકે ઓળખાતા સ્પષ્ટીકરણો, અર્થઘટનો અને ભાષ્યો અવેસ્તન સિદ્ધાંત સાથે જોડયા ત્યારે તેમને ઝેન્દ અવેસ્તા કહેવાયા.

અવેસ્તાની રચના પ્રાચીન ઈન્ડો-ઈરાની ભાષાઓના સંબંધિત જૂથમાં કરવામાં આવી હતી જે સામાન્ય રીતે અવેસ્તન ભાષાઓ કહેવામાં આવે છે, ત્યારે ઝેન્દ એવી ભાષાઓમાં રચાઈ હતી જે બીસીઈ-બીજી સદીમાં મેસેડોનિયન શાસનના પતન પછી વર્તમાન હતી. આ ભાષ્યોની અંતિમ રજૂઆત પહલવી અથવા મધ્ય ફારસી જે પર્શિયા અને ઈરાનની બીજી સદીથી સાતમી સદી સુધીની પ્રમાણમાં આધુનિક ભાષા ગણાતી.

અવેસ્તાનું સંપાદન અને વિનાશઃ અવેસ્તાના લેખિત ગ્રંથોનો પ્રથમ અહેવાલ Middle Persian language-પહલવી લેખક અર્દા વિરાફ પાસેથી આવ્યો છે, જે તેમના પુસ્તક અર્દા વિરાફ નામા ત્રીજી કે ચોથી સદી? માં છે. તેમાં, તે લખે છે કે પર્શિયન અખેમેનિયન રાજાઓ (600 - 300 બીસીઇ)એ સંપૂર્ણ અધિકૃત અવેસ્તા અને ઝેન્દ જે સોનાની શાહીથી ચર્મપત્ર પર લખાવ્યા છે. ગ્રંથોને ઇશ્તાખરમાં શાહી પુસ્તકાલયમાં (પાર્સ પ્રાંતમાં શિરાઝ ખાતેના ઇશ્તાખર, પર્સેપોલિસ નજીક આર્કાઇવ્સમાં) જમા કરવામાં આવ્યા હતા. મસુદી ચર્મપત્રોની સંખ્યા 12,000 જણાવે છે. સમગ્ર ઝોરોસ્ટ્રિયન પુસ્તકોમાં 20 લાખ શ્લોકો હોવાનું કહેવાય છે.

એલેક્ઝાન્ડર દ્વારા અખેમેનિયન અવેસ્તાનો વિનાશ (330 બીસીઇ)

અર્દા વિરાફ નામામાં જણાવે છે કે મેસેડોનિયાના એલેક્ઝાંડરે, 330 બીસીઇમાં, ઇશ્તાખર ખાતેના શાહી પુસ્તકાલયમાં જમા રાખેલી અવેસ્તાની હસ્તપ્રતોને બાળી નાખી હતી. ઉપરાન્ત એલેક્ઝાંડરે કેટલાક ન્યાયાધીશો, દસ્તુરો, મોબેદો, એરવદો(અવેસ્તાને મુખપાઠ વડે યાદ રાખનારા શાસ્ત્રજ્ઞો-પુરોહિતો-ધર્મરક્ષકો)ના વધ કરવાના આદેશો આપ્યા હતા. એટલે કે, અવેસ્તાની મૌખિક પરંપરાના ય નાશ માટે પ્રયાસો કર્યા હતા.

બુંદહિશ્ન 33.14: "પછી, ડેરિયસના પુત્ર ડેરિયસના શાસન દરમિયાન, સમ્રાટ એલેક્ઝાન્ડર ઇરાનશહર આવ્યો, અરુમ(યુરોપ)થી તેજગતિથી આવ્યો. રાજા દારાયસને મારી નાખ્યો, ઇરાનશહરના શાસકો અને જાહેર માણસોના તમામ પરિવારોનો નાશ કર્યો, અને પુષ્કળ સંખ્યામાં પવિત્ર અગ્નિ, બુઝવી નાખ્યો. મઝદા-પૂજાના પ્રકટીકરણની ભાષ્ય (ઝંડ) કબજે કરી, અને તેને અરુમમાં મોકલી, અવેસ્તા બાળી નાખ્યું અને ઈરાનશહરને નેવું નાના શાસકોમાં વહેંચી દીધું."

મહાનકર્દ (750 સીઇ. મધ્ય ફારસીમાંથી અરબીમાં અનુવાદિત): એલેક્ઝાંડરે મૂળ માત્ર અમુક વિષયોના પ્રાચીન પર્શિયન પુસ્તકોનો ગ્રીકમાં અનુવાદ કર્યા પછી અન્ય ધાર્મિક પુસ્તકોનો અનુવાદ કર્યા વિના જ નાશ કર્યો.

ઇબ્ન કુતાયબા(મૃત્યુ. 889 અરબી): એલેક્ઝાંડરે ઈરાનનું રાજ્ય જીતી લીધું અને તેમના ધર્મના પુસ્તકો બાળી નાખ્યા.

સહરિસ્તાનીહા-એ ઈરાન (મધ્ય પર્શિયન): એલેક્ઝાંડરે અવેસ્તાનો નાશ કર્યો જે સમરકંદમાં લેખિતમાં સંગ્રહિત હતો. એ ધ્યાનમાં રહે કે; પૂર્વી ઈરાની (પર્શિયન) સામ્રાજ્યની પ્રાદેશિક રાજધાની ગણી શકાય ત્યાં લેખિત અવેસ્તા સંગ્રહિત કરવામાં આવી હતી.

બીજું લેખિત સંકલનઃ પાર્થિયન અવેસ્તા (247 BCE - 224 CE): પાર્થવ-Parthians-પાર્થિયા.... આર્ય રાષ્ટ્રોમાંનું એક હતું. મેસેડોનિયન શાસનને ઉથલાવી નાખ્યા પછી, પાર્થિયનોએ મેસેડોનિયન વર્ચસ્વ દરમિયાન અવેસ્તાના વિખરાયેલા અવશેષોનું સંકલન જાહેર કર્યું.

પાર્થિયન રાજા વોલોજિસે (147-191 CE) આદેશ આપ્યો હતો કે રાજ્યમાં જે પ્રાંતમાં એલેક્ઝાન્ડરના વિનાશ અને મેસેડોનિયનોની લૂંટફાટ દ્વારા વિખેરાયેલી લેખિત કે અધિકૃત મૌખિક પ્રસારણમાં બચી ગયેલી ઝેન્દ અવેસ્તાના ઉપદેશો સાચવવા માટે તે પ્રાંતોને મેમોરેન્ડમ મોકલવામાં આવે.

જો કે, પાર્થિયન અવેસ્તા બચી નથી. પરંતુ સંભવિત રીતે સાસાનીયન અવેસ્તાના આધારરુપ બની.

ત્રીજું લેખિત સંકલન-સાસાનીયન અવેસ્તા(226-651 AC)

સાસાનીઓ પર્શિયન-ઈરાની રાજવંશ હતા. જેણે પાર્થિયનોને ઉથલાવી દીધા હતા. સસાનિયન રાજા ખોસ્રો અનોશિર્વન (531 - 579 AC) ને દર્શાવવામાં આવેલ ડીનકાર્ડમાં એક ઘોષણા જણાવે છે કે પાર્થિયન આર્સેસિડ યુગ દરમિયાન શરૂ થયેલ અવેસ્તાના ટુકડાઓનો સંગ્રહ શાહપુર II (309 - 379 AC) ના શાસન દરમિયાન પૂર્ણ થયો હતો.

અવેસ્તા અને પહલવી ભાષાના ગ્રંથોનું સંકલન ખાસ કરીને નીચેના સાસાનીયન રાજાઓના શાસન દરમિયાન થયું હતું.

નીચે અવેસ્તાન લિપિમાં લખાયેલ સાસાનીયન અવેસ્તાનું ઉદાહરણ છે. તે યસ્નાના પ્રકરણ 28.1 નો એક વિભાગ છે જે બોડલિયન લાઇબ્રેરી, ઓક્સફર્ડ, ઇંગ્લેન્ડમાં જમા કરવામાં આવ્યો હતો.



આરબો દ્વારા વિનાશ (c. 650 - 1000 CE)

આરબોએ 636 AC માં સીરિયાના બાયઝેન્ટાઇન પ્રાંતને તાબે કરી ઇસ્લામિક યુગની શરૂઆત કરી. તરત જ, તેઓએ મેસોપોટેમિયા (ઈરાક) પર આક્રમણ કર્યું અને સાસાની રાજા યઝદેગીર્ડ ત્રીજાએ તેનું શાસન શરૂ કર્યું ત્યાં સુધીમાં તેમની સેના ઈરાની ઉચ્ચપ્રદેશમાં ખસેડી દીધી. વર્ષોથી, દયાહીન આરબો સામે, યઝદેગીર્ડ ઉત્તરપૂર્વ તરફ પીછેહઠ કરતો ગયો, છેવટે 652 AC માં મર્વમાં માર્યો ગયો.

આરબ-મુસ્લિમ-શાસકો દ્વારા ત્રાસઃ શરૂઆતમાં, આરબોએ ઝોરોસ્ટ્રિયનો(જેમને તેઓ ગબરનું લેબલ લગાવતા હતા)ને ત્રણ વિકલ્પો આપ્યા: **<u>મૃત્યુ, ઇસ્લામમાં પરિવર્તન, અને જજીયાવેરો;</u>**

(જુઓ....A. S. Trittonના પુસ્તકThe Caliphs and their Non-Muslim Subjects ના પેઇજ-નંબર-૨૨૭ પર.)

ઇસ્લામમાં અવિશ્વાસી, dhimmi-ધીમ્મી એક હલકી કક્ષાની વ્યક્તિ છે તેવો અનુભવ કરાવવો જોઈએ. તે મુંડકાવેરો ભરવા માટે નિયુક્ત અમીર પાસે એક નિશ્ચિત દિવસે રૂબરૂ જાય છે. અમીર ઉંચા સિંહાસને બેઠેલો હોય છે; ધીમ્મી તેની સામે ઉભો હોય છે. તેની ખુલ્લી હથેળી પર કર મૂકેલો હોય છે. અમીર તે લે છે જેથી તેનો હાથ ઉપર હોય અને ધીમ્મી નીચે હોય. પછી ઉભા રહેલા ધીમ્મીને અમીર ગરદન પર તમાચો મારી દૂર ધકેલી દે છે. જનતાને આ ઘટના જોવા માટે હાજર રાખવામાં આવે છે.

જો જજીયાવેરો સંપૂર્ણ રીતે ચૂકવી શકાતો નથી, તો ઝોરોસ્ટ્રિયનોએ તેમના પવિત્ર ગ્રંથોને બાળી નાખવા સોંપી દેવા પડે છે! મુસ્લિમોએ પારસી ધર્મસ્થાનોને નષ્ટ કરવાની અથવા મસ્જિદોમાં ફેરવવાની પ્રથા પણ શરૂ કરી હતી. ઘણા ઝોરોસ્ટ્રિયનોને ગુલામ બનાવવામાં આવ્યા હતા અને પછી જો તેઓ ઇસ્લામ સ્વીકારે તો તેમને સ્વતંત્ર કરવાનો પ્રસ્તાવ કરવામાં આવતો. પારસી લોકો કશ્તી(પવિત્ર કમરપટ્ટો) પહેરેલા જોવા મળતા; તે કશ્તીને ફાડી નાખી ઉપહાસમાં તેમના ગળામાં લટકાવતા!

એકવાર ઝોરોસ્ટ્રિયનોની સંખ્યા ઘટીને નાની લઘુમતી થઈ ગઈ હતી, બાકીના લોકો જીવન માટે ખૂબ જ બાકી રહે છે તે ગૌણ નાગરિકો તરીકે માનહાનિ સાથે, કશા અધિકારો વિના જીવે છે. શક્ય છે કે, અહીં કદાચ સાસાનીયન અવેસ્તાની નકલ બચી ગઈ હોય!

ભારતમાં સ્થળાંતર (C. 900 CE): 900 CEની આસપાસ પારસી લોકોના એક જૂથે ભારતમાં સ્થળાંતર કરવાનું નક્કી કર્યું. તેઓ તેમની સાથે હયાત અવેસ્તા અને પહલવી ગ્રંથો તેમના કબજામાં લઈ ગયા.

તુર્કોમાન અને મોંગોલ દ્વારા વિનાશ (1000-1300 સીઇ)

ઈરાનમાં સસાનિયન અવેસ્તાનો જે કંઈ ભાગ બચ્યો હતો તે તુર્કોમાન અને મોંગોલ આક્રમણકારો દ્વારા નાશ પામ્યો. યઝદ અને કર્માનમાં ઝોરોસ્ટ્રિયનોનો એક નાનો સમૂહ આક્રમણકારોને કોઈ પ્રતિકાર ન કરીને અને તેના બદલે તેમને સુંદર ભેટો આપીને બચી ગયો. તેમ છતાં, હાલના તમામ મંદિરોનો નાશ કરવામાં આવ્યો. હયાત ઝોરોસ્ટ્રિયનો માટે જીવન અસહ્ય બની ગયું હતું. ઇસ્લામમાં રૂપાંતર કરનારા તુર્કોમાનો ખૂની કટ્ટરપંથી બની ગયા! તેમણે ઘોષણા કરી કે, "બધા રસ્તાઓ બંધ કરી દઇ, મુહમ્મદના માર્ગને બચાવો."

(ભારતીય સંદર્ભે આ બધા મુસ્લિમ અત્યાચારોનું પુનરાવર્તન થયું છે. ઇ.સ.૬૦૦થી શરુ કરી આજદિન સુધી! આમાં ઇ.સ. ૧૪૦૦થી ખ્રિસ્તી લોકોના ધર્મ-પરિવર્તન માટેના અત્યાચાર હિન્દની પ્રજા ઉપર શરુ થયા. કરોડોની સંખ્યામાં હિન્દુઓનો નાશ કરવામાં આવ્યો! હિન્દુ સ્ત્રીઓ પર બળાત્કાર, હિન્દુ પ્રજાનું ગુલામો તરીકે વેચાણ, ભારતીય ઉપખંડના હિન્દુ-જૈન-બૌદ્ધના આશરે ૬૭૦૦૦-ધાર્મિક સ્થળોનો નાશ. અફઘાનિસ્તાન-તાલિબાન દ્વારા 2001 ની શરૂઆતમાં બામિયાન બુદ્ધની મૂર્તિઓના વિનાશથી વિશ્વ સ્તબ્ધ.)

જ્યારે મોંગોલોએ ધાર્મિક કારણોસર નહીં, પરંતુ ભય ફેલાવવા, પ્રતિકાર ન થાય તે માટે; ભાવિ બળવાથી બચવા માટે સમગ્ર સમુદાયોની હત્યા કરી.

આજે, ઝોરોસ્ટ્રિયનનો એક નાનો સમુદાય ટકી રહ્યો છે, જે વિશ્વની કેટલીક નાની લઘુમતીઓ તરીકે વિખેરાઈ ગયો છે.

બેહિસ્તુન-શિલાલેખ.



બેહીસ્તુન
અભિલેખનો ચાર્ટ.

બેહિસ્તુન અથવા બિસોટુનઃ ઈરાનમાં આવેલું શહેર, ઘણા પ્રાચીન સ્મારકોનું સ્થળ, જેમાં પર્શિયન રાજા ડેરિયસ I ધ ગ્રેટ (BCE-522-486), અચેમેનિડ સામ્રાજ્યના મહાન આયોજક દ્વારા પ્રખ્યાત શિલાલેખનો સમાવેશ થાય છે.

Column i, lines 1-8



1. \ adam \ Dârayavauš \ xšâyathiya \ vazraka \ xšâyathiya \ xšâyathiy
2. ânâm \ xšâyathiya \ Pârsaiy \ xšâyathiya \ dahyûnâm \ Višt
3. âspahyâ \ puça \ Aršâmahyâ napâ \ Haxâmanišiya \ thâtiy \
4. Dârayavauš \ xšâyathiya \ manâ \ pitâ \ Vištâspa \ Vištâspahyâ \ pitâ \ Arš
5. âma \ Aršâmahyâ \ pitâ \ Ariyâramna \ Ariyâramnahyâ \ pitâ\ Cišpiš \ Cišp
6. âiš \ pitâ \ Haxâmaniš \ thâtiy \ Dârayavauš \ xšâthiya \ avahyarâ
7. diy \ vayam \ Haxâmanišiyâ \ thahyâmahy \ hacâ \ paruviyata \ âmâtâ \ ama
8. hy hacâ \ paruviyata \hyâ \amâxam \ taumâ \ xšâyathiyâ \ âha \ th

1.	*Adam*	*Dārayava(h)ush*	*khshāyathiya(h)*	*vazraka(h)*[1]
	अहं	दारयवहुः	क्षत्रियः	वज्रकः
	[illegible]	[illegible]	[3] [illegible]	[illegible]
	I (am)	Dārius	the King	mighty

khshāyathiya(h)	*khshāyathiyānām*	*khshāyathiya(h)*
क्षत्रियः	क्षत्रियाणां	क्षत्रियः
[illegible]	[illegible]	[illegible]
King	of Kings,	King

Pārsaiy	*khshāyathiya(h)*	*dahyunām*
पार्से	क्षत्रियः	दस्यूनां[1]
[illegible]	[illegible]	[illegible]
in Pārsa	King	of the countries,

Vishtāspahyā	*puthra(h)*	*Arshāmahyā*
विश्तास्पस्य	पुत्रः	अर्शामस्य
[illegible]	[illegible]	[illegible]
Vishtāspa's	son	Arshām's

napā	*Hakhāmanishiya(h)*
नप्ता	हखामनिशियः
[2] [illegible]	[illegible]
grandson,	the Achæmenide.

2. *Thātiy*	*Dārayava(h)ush*	*Khshāyathiya(h)*
शास्ति	दारयवहुः	क्षत्रियः
Says	Darius	the King

manā	*pitā*	*Vishtāspa*	*Vishtāspahyā*
मम	पिता	विश्तास्पः	विश्तास्पस्य
my	father (was)	Vishtāspa,	Vishtāspa's



pitā	*Arshāma,*	*Arshāmahyā*	*pitā*
पिता	अर्शामः	अर्शामस्य	पिता
father (was)	Arshām,	Arsham's	father

Ariyāramna,	*Ariyāramnahyā*	*pitā*
अर्यारिम्नः	अर्यारिम्नस्य	पिता
(was) Ariyaramna,	Ariyaramna's	father



Chishpish,	*Chishpāish*	*pitā*	*Hakhāmanish*
चिशृपिः	चिश्पेः	पिता	हखामनिः
(was) Chishpish,	Chishpi's	father (was)	Hakhāmani



3. *Thātiy*[2] *etc. Avahyarādiy*	*vayam*	*Hakhāmanishiyā*
अस्मात्-हि	वयं	हखामनिशियाः
For this reason	we	Hakhāmainishiya





(1) હું દારાયસ, મહાન રાજા, રાજાઓનો રાજા, પર્શિયાનો રાજા, દેશોનો રાજા, હિસ્ટાસ્પસનો પુત્ર, આર્સેમ્સનો પૌત્ર, અખેમેનિડ છું.
(2) રાજા દારાયસ કહે છેઃ મારા પિતા હિસ્ટાસ્પસ છે; Hystaspesના પિતા Arsames હતા; Arsamesના પિતા Ariaramnes હતા; Ariaramnesના પિતા Teispes હતા; Teispes ના પિતા Achaemenes-અખેમેનિસ હતા.
(3) રાજા દારાયસ કહે છેઃ તેથી જ અમને અખેમેનિડ કહેવામાં આવે છે; પ્રાચીનકાળથી અમે કુલીન છીએ; પ્રાચીનકાળથી અમારો રાજવંશ પ્રતાપી રહ્યો છે.

અવેસ્તન આલ્ફાબેટ.

અવેસ્તન મૂળાક્ષરોની રચના ઇરાનના સાસાનિયન યુગ (226-651 CE) દરમિયાન 3જી અને ચોથી સદીમાં જરથુષ્ટ્ર, અવેસ્તાના સ્તોત્રો લખવા માટે વિકસાવવામાં આવી હતી. ઘણા અક્ષરો પર્શિયાની જૂની પહલવીના મૂળાક્ષરોમાંથી ઉતરી આવ્યા છે, જે પોતે અરામાઇક મૂળાક્ષરોમાંથી ઉતરી આવ્યા છે. સ્વર અવાજોની સંપૂર્ણ રજૂઆતના સ્વરૂપમાં ગ્રીક પ્રભાવ દેખાય છે.

લિપિનો ઉપયોગ પાઝેન્દ માટે પણ કરવામાં આવ્યો હતો, જે મધ્ય ફારસી લખવાની એક પદ્ધતિ છે મુખ્યત્વે અવેસ્તાના ગ્રંથોના ઝેન્દ ભાષ્ય માટે કરવામાં આવ્યો. ઝોરોસ્ટ્રિયન પરંપરાના ગ્રંથોમાં, અવેસ્તન મૂળાક્ષરોને "ધર્મની લિપિ" તરીકે ઓળખવામાં આવે છે. (મધ્ય પર્શિયનમાં ડેન દિબિરિહ અને ન્યૂ પર્શિયનમાં દિન દાબિરિહ).

અવેસ્તન, જેને ઐતિહાસિક રીતે ઝેન્દ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમાં બે ભાષાઓનો સમાવેશ થાય છેઃ જૂની અવેસ્તન (બીસીઇ 2જી સહસ્ત્રાબ્દીમાં બોલાતી) અને નાની અવેસ્તન- Younger Avestan (1લી સહસ્ત્રાબ્દી બીસીઇમાં બોલાતી). ભાષાઓ ફક્ત ઝોરોસ્ટ્રિયન ગ્રંથ (અવેસ્તા)ની ભાષા તરીકે તેના ઉપયોગથી જાણીતી છે, જેના પરથી તેઓ તેમનું નામ મેળવે છે. બંને પ્રારંભિક ઈરાની ભાષાઓ છે, જે ઈન્ડો-યુરોપિયન પરિવારમાં ઈન્ડો-ઈરાનિયન ભાષાઓની એક શાખા છે. તેના તાત્કાલિક પૂર્વજ પ્રોટો-ઈરાનિયન ભાષા હતી, જે પ્રોટો-ઈન્ડો-આર્યન (પ્રાગ્ વેદિક-આર્યવાક્) ભાષાની એક બહેન-સમાન્તર ભાષા

હતી, બંનેનો વિકાસ અગાઉના પ્રોટો-ઈન્ડો-ઈરાનીયનમાંથી થયો હતો. જેમ કે, ઓલ્ડ અવેસ્તન વ્યાકરણ અને શબ્દકોષમાં વૈદિક-સંસ્કૃત-(આર્યવાક્)ની એકદમ નજીક છે, જે સૌથી જૂની સચવાયેલી ઈન્ડો-આર્યન ભાષા છે.

વંશાવળી Genealogy

"અવેસ્તન, જે ઉત્તરપૂર્વ ઈરાન સાથે સંકળાયેલું છે, અને ઓલ્ડ પર્શિયન, જે દક્ષિણપશ્ચિમ સાથે સંકળાયેલું છે, તે મળીને ઓલ્ડ ઈરાનિયન તરીકે ઓળખાય છે." વિદ્વાનો પરંપરાગત રીતે ઈરાની ભાષાઓને "old", "middle" and "new" "જૂની", "મધ્યમ" અને "નવી" તરીકે તેની ઉંમર અનુસાર વર્ગીકૃત કરે છે. અને ભૂગોળ અનુસાર "પૂર્વીય" અથવા "પશ્ચિમ" તરીકે, અને આ માળખામાં અવેસ્તનને પૂર્વીય જૂની ઈરાની તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. પરંતુ અવેસ્તન માટે પૂર્વ-પશ્ચિમનો ભેદ મર્યાદિત અર્થ ધરાવે છે, કારણ કે ભાષાકીય વિકાસ કે જે પાછળથી પૂર્વીયને પશ્ચિમી ઈરાનીથી અલગ પાડે છે તે હજુ સુધી થયો ન હતો. અવેસ્તન કેટલીક વિશિષ્ટ (દક્ષિણ-) પશ્ચિમી ઈરાની નવીનતાઓ પ્રદર્શિત કરતું નથી જે પહેલાથી જ જૂની પર્શિયનમાં દેખાય છે, અને તેથી આ અર્થમાં, "પૂર્વીય" નો અર્થ ફક્ત "બિન-પશ્ચિમ" થાય છે.

અહીં એક સ્પષ્ટતા કરવી જરુરી છે કે, ઝોરાષ્ટ્રીયન શાસ્ત્રો અવેસ્તા-ભાષામાં લખાયા છે. તે સમય આશરે બીસીઇ૨૦૦૦-બીસીઇ૧૭૦૦ દરમિયાન માની શકાય. તે વખતે ક્યુનિફોર્મ-પહલવી-પર્શિયનનો વપરાશ થતો જોવા મળે છે. એટલે અવેસ્તન ભાષાનો ઉદ્.ભવ બીસીઇ૨૦૦૦ ની આસપાસ ગણાય અને અવેસ્તન લિપિનો આવિષ્કાર સિકંદરના આક્રમણ(330 બીસીઇ) પછી નષ્ટ થયેલા સાહિત્યના પુનર્ગઠનના ભાગ રુપે સાસાનિયન યુગ (226-651 CE) દરમિયાન કદાચ શાપુરજી-બીજા (309-379)ના શાસન દરમિયાન બનેલા ધાર્મિક સાહિત્યના એકત્રીકરણનું પરિણામ છે.

પહલવી લિપિ, જેના પર અવેસ્તન મૂળાક્ષરો આધારિત છે, તે વિવિધ મધ્ય ઈરાની ભાષાઓનું પ્રતિનિધિત્વ કરવા માટે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી હતી, પરંતુ તે ધાર્મિક ભાષાનું પ્રતિનિધિત્વ કરવા માટે પર્યાપ્ત ન હતી. પહલવી 22 પ્રતીકો સાથેનો એક સરળ અબ્જાદ આલ્ફાબેટ હતો, જેમાં વર્ણ દ્વારા એક કરતાં વધુ ધ્વનિ રજૂ થતો હોઇ અસ્પષ્ટતા રહેતી. તેનાથી વિપરીત, અવેસ્તન એ સંપૂર્ણ આલ્ફાબેટ હતો, જેમાં સ્વરો માટે સ્પષ્ટ અક્ષરો હતા.

[7મી સદી દરમિયાન પર્શિયાને ઇસ્લામે પરજિત કર્યા પછી પર્શિયન-ફારસી અને અવેસ્તન આલ્ફાબેટનું સ્થાન અરબી આલ્ફાબેટે લીધું હતું.]

Avestan alphabet અવેસ્તન મૂળાક્ષરો:

લિપિપ્રકાર: આલ્ફાબેટ સમયગાળો: 400-1000 CE દિશા: જમણે-થી-ડાબે સ્ક્રિપ્ટ

ભાષા પરિવાર : ઈન્ડો-યુરોપિયન, ઈન્ડો-ઈરાનિયન, ઈરાનિયન, અવેસ્તન
પ્રદેશ : પૂર્વીય ઈરાની ઉચ્ચપ્રદેશ
યુગ: લોહ યુગ, Late કાંસ્ય યુગ

પિતૃ સિસ્ટમો Parent systems: ઇજિપ્તીયન હાયરોગ્લિફ્સ, પ્રોટો-સિનાઇટિક, ફોનિશિયન મૂળાક્ષરો, અરામિક મૂળાક્ષરો, પહલવી લિપિ, અવેસ્તન.

લેખન પ્રણાલિ: અવેસ્તન ભાષા માટે, અવેસ્તન આલ્ફાબેટ, મધ્ય ફારસી ગુજરાતી લિપિ (ભારતીય ઝોરોસ્ટ્રિયનો-પારસીઓ દ્વારા) ઉપયોગમાં લેવાય છે.



અવેસ્તન વ્યંજન

he	ghe	ġe/gge	ge	xve	xye	xe	ke
h	v	ġ/gg	g	x^{w}	x́	x	k
pe	je/ǰe	ce/če	tte	dhe	de	the	te
p	ǰ	č	t̰	δ	d	ϑ	t
nye	ne	ngve	ngye	nge	bhe	be	fe
ny/ń	n	ŋ^{v}	ŋ́	ng/ŋ	bh/β	b	f
se	le	re	ve	yye	hme	me	nne
s	l	r	v	yy/ẏ	m̨	m	nn/ṇ
		ye	sshe	shye	zhe	she	ze
		y	ssh/ṣ̌	shy/š́	zh/ž	sh/š	z

અવેસ્તન સંખ્યાંકો

વિરામચિહ્ન

વિભાગનો અંત | વાક્યનો અંત |અર્ધવિરામચિહ્ન|વિરામચિહ્ન|સંક્ષિપ્ત-પુનરાવર્તન | શબ્દ વિભાજક

અવેસ્તન લખાણનો નમુનો: જમણેથી ડાબે←



યસ્ન-૪૫-૧માંથી ઉતારો

અવેસ્તાની વર્ણમાળામાં સંસ્કૃતની જેમ ટ વર્ગ (ટ-ઠ-ड-ढ-ण) નથી. તેવી રીતે ઋગ્વેદમાં ટ વર્ગનો ઓછામાં ઓછો ઉપયોગ છે.

ઝોરોસ્ટ્રિયન જુથની રચનામાં બેક્ટ્રીયન, મેડીઝ અને પર્શિયન જાતિઓ હતી, પ્રાચીન ઈરાનમાં રાજકીય સ્વતંત્રતા માટે તેઓ ક્રમિક રીતે આગળ આવ્યા હતા. ઉત્તરપૂર્વના બેક્ટ્રીયન, ઉત્તરપશ્ચિમના મિડિયન્સ અને દક્ષિણપશ્ચિમના પર્શિયનોનું રાજકીય જોડાણ એક પર્શિયન અખેમેનિયન સામ્રાજ્યના નેજાતળે થયું. આ વિવિધ લોકોના મિશ્રણની પ્રક્રિયા એક સમાન રાષ્ટ્રમાં ઝોરોસ્ટર સંપ્રદાય હેઠળ થઇ. જે એલેક્ઝાન્ડર દ્વારા પર્શિયાના વિજય સુધીમાં પૂરી થઇ.

જરથોસ્તી જુથ (ઝોરોસ્ટ્રિયનિઝમ) પૂર્વી ઈરાનમાં મૂળ ધરાવે છે. પાછળના અવેસ્તન ગ્રંથો રાજા વિસ્તાસ્પને જરથોસ્તી આધારસ્તંભ તરીકે માને છે. જેણે આ ધર્મને પ્રોત્સાહન આપ્યું. અને સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત બનાવ્યો. લોકોને મઝદાયસ્નિયન ધર્મ શીખવ્યો, અને તેના વિચારો, શબ્દો અને કાર્યોનો વિશ્વાસપૂર્વક અભ્યાસ કરાવ્યો.

અવેસ્તાન ગ્રંથોમાં આ પુરોહિતોનું સામાન્ય નામ અથર્વણ છે. જે આર્યોનું એક અગ્નિપૂજક જુથ છે. ઋગ્વેદિક આર્યોનું જુથ ઈન્દ્રપૂજક જુથ કહી શકાય. એવું કહેવાય છે કે, અથર્વણો પ્રોમિથિયસની જેમ, અગ્નિ આકાશમાંથી પૃથ્વી પર લાવ્યા. જરથુષ્ટ્રના જન્મ સમયે પ્રકૃતિ પણ તેને અથર્વણ તરીકે આવકારે છે. અહુર મઝદ પણ પોતાના અસંખ્ય નામોમાંથી અથર્વણ નામ સ્વીકારે છે.

Einstein: ઈશ્વર અને અસ્તિત્વ વિષે **આઈન્સ્ટાઈનના** વિચારોની પસંદગી નીચે મુજબ છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈનના ઈશ્વર અને અસ્તિત્વ વિષેના મંતવ્યો વિકસિત થયા કારણ કે, તેમણે બ્રહ્માંડ અને અસ્તિત્વના મૂળભૂત સ્વભાવને સમજવાની કોશિશ કરી. અસ્તિત્વના સ્વભાવ અને કારણ પર આઈન્સ્ટાઈનના તારણો ઝોરોસ્ટ્રિયન ઉપદેશોને પ્રતિબિંબિત કરે છે.

એક અદશ્ય સત્તાવાહી ભાવના બ્રહ્માંડના નિયમોમાં પ્રગટ થાય છે - એક ભાવના માણસ કરતાં ખૂબ જ શ્રેષ્ઠ છે, અને જેની સામે આપણે આપણી સાધારણ શક્તિઓ નમ્રપણે સ્વીકારી લેવી જોઈએ. આ રીતે વિજ્ઞાન પોતાની અપૂર્ણ શોધ ધાર્મિક લાગણી તરફ દોરી જાય છે.

ઈશ્વરના સ્વભાવને સમજવાની સમસ્યા આપણા મર્યાદિત મગજ માટે ખૂબ વિસ્તૃત છે. આપણે એક નાના બાળક જેવી સ્થિતિમાં છીએ; જાણે કે તે, ઘણી ભાષાઓના પુસ્તકોથી ભરેલા વિશાળ પુસ્તકાલયમાં પ્રવેશે છે. બાળક કોઈએ તે પુસ્તકો કેવી રીતે લખ્યા હશે, તે જાણતું નથી. તે કઈ ભાષાઓમાં લખાયેલ છે તે સમજી શકતું નથી. બાળકને પુસ્તકોની ગોઠવણીમાં એક રહસ્યમય ક્રમની શંકા છે પણ તે શું છે તે ય જાણતું નથી. આ જ રીતે ઈશ્વર પ્રત્યે સૌથી બુદ્ધિશાળી માનવી પણ શંકાશીલ છે. આપણે બ્રહ્માંડનું એક અદ્ભુત રીતે નિયમબદ્ધ સંચાલન થતું જોઈએ છીએ પરંતુ આ નિયમોને આપણે ભાગ્યે જ સમજી શકીએ છીએ.

પ્રકૃતિના રહસ્યોને આપણા મર્યાદિત માધ્યમોથી પાર પાડવાનો પ્રયાસ કરો અને તમે જોશો કે, બધા સમજી શકાય તેવા નિયમો અને અનુસંધાનોની પાછળ, કંઈક સૂક્ષ્મ, અમૂર્ત અને સમજાવી ન શકાય તેવું રહે છે. આ શક્તિ માટે આપણે જે કંઈપણ ન સમજી શકીએ તો તેની પૂજા કરવી એ ધર્મ છે.આવી રીતે આઇનસ્ટાઇન પોતાને ધાર્મિક માને છે.

Friedrich Nietzsche (1844-1900 CE)

Thus Spake Zarathustraના પરિચયમાં (વાઈમર ખાતે ડિસેમ્બર-૧૯૦૫) નિત્શેની બહેન શ્રીમતી ફોર્સ્ટર-નીત્શે લખે છે; આ મારા ભાઈનું સૌથી અંગત કાર્ય છે; તે તેના સૌથી વ્યક્તિગત અનુભવોનો ઇતિહાસ છે. ઓગસ્ટ 1881ના મહિના દરમિયાન મારા ભાઈએ જરથુષ્ટ્રના મુખ દ્વારા, શાશ્વત ઉપદેશોને જાહેર કરવાનો સંકલ્પ કર્યો.

મારા ભાઈએ પ્રતિભાશાળી તત્વજ્ઞને પોતાના આદર્શના અવતાર તરીકે જરથુષ્ટ્ર પસંદ કર્યા. નીચેના શબ્દોમાં તેઓ કહે છે:

"લોકોએ મને ક્યારેયને પૂછ્યું નહીં કે, મારા જેવા નાસ્તિકના મુખમાં જરથુષ્ટ્ર નામનો ચોક્કસ અર્થ શું થાય છે; તે ફિલસૂફ ભૂતકાળના બીજા બધા ફિલસુફ કરતાં કઇ રીતે અલગ પડે છે! હકીકત એ છે કે, તે એક ઉત્તમ નૈતિકવાદના ઉપદેશક હતા."

જરથુષ્ટ્ર એવા સૌ પ્રથમ વ્યક્તિ હતા, જેણે વ્યવહારમાં સારા અને અનિષ્ટ (નેકી-બદી) વચ્ચેનો સંઘર્ષ જોયો હતો. નીતિનું આધ્યાત્મિકતામાં રુપાંતર તેમનું કાર્ય હતું.મહત્વનો મુદ્દો એ છે કે, જરથુષ્ટ્ર અન્ય કોઈપણ વિચારક કરતાં સત્યની વધારે નજીક હતાં.તેમના શિક્ષણમાં જ, વાસ્તવિકતાથી ભાગી જનાર 'આદર્શવાદી'ની કાયરતાથી વિપરીત સત્યને સર્વોચ્ચ સદ્ગુણ તરીકે સમાવ્યો છે.

જરથુષ્ટ્રનામાં તેમના પહેલા કે પછીના કોઈપણ વિચારક કરતાં વધુ હિંમત હતી. સત્ય કહેવું અને સીધું લક્ષ્ય રાખવું: પોતાના દ્વારા નૈતિકતા પર સત્ય દ્વારા વિજય મેળવવો. જરથુષ્ટ્ર નામનો મારા મુખમાં આ જ અર્થ છે.

નીત્શે કહે છે કે, યુરોપમાં સ્થાપિત સામાજિક વ્યવસ્થાની ઈમારત, જે ઈશ્વરની પ્રવર્તમાન વિભાવનામાં મૂર્તિમંત હતી; અને તે એટલી હદે ભ્રષ્ટ હતી કે, તેને સુધારી શકાતી નહોતી કે, ઉચ્ચ ક્રમમાં વિકસિત કરી શકાતી નહોતી. સંપૂર્ણપણે નવા પાયા પર બાંધવાની જરુર હતી.

જે કોઈ તેમના **1869-82**ના વર્ષોના મરણોત્તર પ્રકાશિત લખાણોને ધ્યાનથી વાંચશે, તે જરથુષ્ટ્રના વિચારો અને સિદ્ધાંતોના સૂચક માર્ગો જાણી શકશે.

===

૧૩.વેદિક સંસ્કૃત(આર્યવાક્) અને સંસ્કૃત ભાષા

નૃવંશશાસ્ત્ર પ્રમાણે હાલના માનવ જેવો માનવ જે ભાષા-લિપિ-વાણી વડે વિચારોનો સંગ્રહ કરી શકતો થયો અને આ વિચારોનો ઉપયોગ દૂર દેશના સ્થળે અને ભવિષ્યની પેઢી માટે વારસામાં રાખતો ગયો; તેવો માનવ પૃથ્વી પર ૮૦૦૦ થી ૧૦૦૦૦ વર્ષ પહેલાં પ્રથમવાર દેખાયો. અને દુનિયાભરમાં અનેક સ્થળે આ માનવજાતિ અસ્તિત્વમાં આવી. ભારતીય ઉપખંડમાં આવા સ્થળો પ્રથમવાર સિન્ધુ નદીના કિનારે મળ્યા આથી આ સભ્યતા સિન્ધુ સભ્યતા કહેવાઈ. ઈ.સ.પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલા સિન્ધુ નદીની આસપાસના પ્રદેશોમાં સિન્ધુ સભ્યતાનો વિકાસ થયો,જે માનવ ઈતિહાસમાં સૌ પ્રથમ નગર સંસ્કૃતિ હતી.

એક બીજી માન્યતા પ્રમાણે; પૃથ્વી પર સૌપ્રથમ મનુષ્યની વસ્તી ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં ઉદ્.ભવી છે. જેથી આર્યોની ઋગ્વેદમાં આકાશીય સ્થિતિની નોંધના આધારે આર્યોનું વતન ઉત્તર ધ્રુવના પ્રદેશો હોવાનું બાલ ગંગાધર તિલક નામના વિદ્વાને સ્થાપિત કર્યું છે અને **“The Arctic Home in Vedas”** નામનું પુસ્તક લખ્યું છે અને આ પુસ્તકને પ્રેરણા **“Paradise found or Cradle of Human Race at North Pole”** પરથી મળી હોય તેવું માની શકાય તેમ છે; તે વિદ્વાન સમગ્ર માનવજાતની ઉત્પત્તિ ઉત્તર ધ્રુવ પ્રદેશોમાં થઈ હોવાનું માને છે.

આશરે **BCE-3500** પછી ઉત્તરધ્રુવના પ્રદેશોમાંથી આર્યોએ આજીવિકાના સાધનોની કઠોરતા હોવાથી સ્થળાંતર કર્યું હોવાનું વિદ્વાનો માને છે. આર્યોનો સ્થળાંતર કાર્યક્રમ અને દેવોની પૂજા પ્રાસંગિક જણાય છે. તેવું શ્રી ક.મા.મુનશી માને છે. ઉત્તર ધ્રુવના બર્ફીલા પ્રદેશોમાં રહેતા લોકોએ પ્રથમ આકાશ અને ધરતીને સૃષ્ટિના આધારરૂપ દેવ માન્યા. એટલે સૌ પ્રથમ દ્યાવા-પૃથ્વીની પૂજા શરુ થઇ. બરફના પ્રદેશમાં પાણી હુંફાળી પ્રિય વસ્તુ હતી એટલે વરુણદેવની ઉપાસના ચાલુ થઇ. તેથી વધારે ઉષ્મા-ઉર્જા સૂર્ય આપતો હોઇ સૂર્યપૂજા શરૂ થઈ. અને અગ્નિ જે દિવસ-રાત પ્રકાશ-ઉષ્મા-ઉર્જા આપે છે, માટે અગ્નિ પૂજા પણ શરૂ થઈ. અથર્વણ જરથોસ્તી આર્યો અગ્નિપૂજકો છે. આમ દેવોના સ્વીકારની ભૂમિકા પ્રકૃતિપ્રેમ પ્રગટ કરે [૧]છે. ઇન્દ્રપૂજાને પ્રાધાન્ય આપતા ઋગ્વેદમાં પાછળથી વિષ્ણુપૂજા સ્વીકારવામાં આવી છે. તેમ જ પ્રાકૃત લોકોની માતૃપૂજા અને લિંગપૂજાને પણ સ્થાન મળ્યું છે.

આશરે ઈ.સ.પૂર્વે ૩૫૦૦ દરમ્યાન સંપૂર્ણ વિકસિત થયેલી સિન્ધુ સભ્યતાના પ્રદેશોમાં હાલનું સૌરાષ્ટ્ર-કચ્છ, પાકિસ્તાન-રાજસ્થાન અને હિમાલય સુધીના કેટલાક સ્થાનોનો સમાવેશ થઈ જાય છે. આ નગરસંસ્કૃતિએ સ્થાપત્ય, નગર-રચના, ભાષા, લિપિ, તત્વજ્ઞાન, યોગ, નૃત્ય, કલાનો અદ્ભૂત વિકાસ સાધેલો. ઈ.સ.પૂર્વે ૧૭૦૦ની આસપાસ આ સંસ્કૃતિનો સંપૂર્ણ ધ્વંસ થયો, આ વખતે ઉત્તર-પશ્ચિમના પ્રદેશોમાંથી આર્યોનું આગમન થયું. મૂળ અનાર્ય લોકો હિમાલય અને દક્ષિણભારત તરફ ખસી ગયા. કેટલાક લોકો હિમાલયની પહાડીઓ અને મધ્ય-પૂર્વના જંગલોમાં ખસી ગયા. આ સંઘર્ષ લગભગ પાંચ સૈકાઓ સુધી ચાલ્યો. છેવટે ઈ.સ.પૂર્વે ૧૨૦૦ દરમ્યાન આર્યોની સત્તા અને અનાર્યોની વિદ્વતાનો સુભગ સમન્વય શરૂ થયો, પહેલું કામ સંસ્કૃતભાષાની રચનાનું થયું. સંસ્કૃત એટલે સારી રીતે સંસ્કાર પામેલું-**Well Processed** એટલે હાલ જ્યાં જ્યાં ઈન્ડોઈરાનીયન-ઈન્ડોયુરોપિયન અને દ્રવિડકુળની ભાષા બોલાય છે તે પ્રદેશોની અર્થાત્ આર્યોના મૂળ વતનની ભાષા અને દ્રવિડ અનાર્ય ભાષાના શબ્દભંડોળને સૂપેરે મઠારી સંસ્કૃત ભાષાની રચના કરવામાં આવી. આ વખતે સંસ્કૃત શબ્દ પ્રચલિત નહોતો, પાણિનીય વ્યાકરણની રચના પછી આ ભાષા સંસ્કૃત તરીકે ઓળખાઇ. એટલે આને વેદિક-સંસ્કૃત(**BCE-1200 to BCE-800**) અથવા आर्यवाक्।કહેવામાં આવે છે.

આ સમય એવો છે કે; જ્યાં સપ્તસિન્ધુમાં ઋગ્વેદની રચના થઇ તે વિસ્તાર અગાઉ સિન્ધુ સભ્યતાના લોકોના પ્રભાવ નીચે હતો. પણ ઋગ્વેદમાં સિન્ધુ લિપિ કે ભાષાનો ઉપયોગ થયો નથી. અથવા ઉલ્લેખ પણ નથી! આ ઇન્દ્રપૂજક આર્યો હતા, અને મધ્ય-એશિયામાંથી સ્થળાન્તર થઇ અહીં આવેલા એવી એક માન્યતા છે. તો મધ્ય એશિયામાં ભાષા-લિપિની સ્થિતિ શું હતી તેનો પણ વિચાર કરીએ તો; વેદિક-સંસ્કૃતની વધુમાં વધુ નજીક કોઇ ભાષા લિપિ હોય તો તે અવેસ્તા છે; તે જરથોસ્તી ધર્મગ્રન્થોમાં સચવાયેલી છે. જરથોસ્તી-ધર્મના અનુયાયીઓ અથર્વણ આર્યો છે. એટલે એક સમયે આર્યોના બંને જુથ

---

[૧] આવી પ્રકૃતિ-પૂજાવાળી ધર્મની પ્રાથમિક માન્યતાઓને પાગન ધર્મ કહ્યો છે. થોડો પૂર્વગ્રહ એમાં સમાયેલો છે....... **Pagan**-પાગન સંસ્કૃતિઃ **Pagan**-પાગન ધર્મના લોકો માનતા હતા કે આ બ્રહ્માંડ ભગવાનની પ્રતિકૃતિ છે, તેઓ પ્રકૃતિના તત્વોની પૂજા કરતા હતા. જેમાં વૃક્ષ, પ્રાણી, પર્વત, નદી, પક્ષી, સ્ત્રી, મહાપુરુષ, કે, નિર્જીવ પદાર્થ આવી જતાં. તેઓ પ્રકૃતિ, ઋતુઓ, જીવન અને મૃત્યુના ચક્રમાં માનતા.

Pagan-પાગન શબ્દનો ઉપયોગ બહુદેવવાદી ધર્મોને ખ્રિસ્તી ધર્મથી હલકા દેખાડવા માટે થતો. **Pagan**-પાગન ધર્મ; પ્રાકૃત અથવા ગ્રામ્યધર્મના સંદર્ભે થતો. ઇતિહાસમાં **Pagan**-પાગન શબ્દ ગૈર-ઇબ્રાહીમી(એકેશ્વરવાદી-પયગંબરવાદી સિવાયના) અથવા કોઇપણ અજાણ્યા ધર્મ માટે અપમાનજનક શબ્દ હતો.

સાથે જ હતાં; અને ઉત્તર ધ્રુવના પ્રદેશોમાંથી સ્થળાંતર સમયે દક્ષિણ રશિયામાં શિન્ટાષ્ટ નામના સ્થળે રોકાયેલા.

ઇ.સ. પૂર્વે ૨૨૦૦ દરમ્યાન રોકાણ થયેલું; અહીં જ અવેસ્તન ભાષાની પૂર્વભૂમિકા બંધાઇ એવું કેટલાક વિદ્વાનોનું અનુમાન છે. ત્યાંથી આગળ વધતાં સુમેરિયામાં ક્યુનિફોર્મ લિપિ જે ઘણી બધી ભાષાઓ માટે વપરાતી. અહીં તૂર્કસ્તાનમાં બોગાઝકુઇ નામના સ્થળેથી હિટ્ટાઇટ અને મિટ્ટાની રાજ્યના સંધિ-કરારમાં વેદિક દેવો; ઈન્દ્ર, મિત્ર, વરુણ અને નાસત્યૌનો ઉલ્લેખ ક્યુનિફોર્મ મુદ્રામાં અકાડિયન ભાષામાં મળી આવેલ છે. તેમજ અશ્વોની તાલીમને લગતું પુસ્તક વેદિક-સંસ્કૃત ભાષાના ઘણા શબ્દભંડોળ સાથે મળી આવ્યું છે. આ ઘટના ઇ.સ.પૂર્વે ૧૩૫૦ની આસપાસ નક્કી થઇ છે.

રશિયામાં **Sintashta Culture**માં આર્યોની ઓળખ મળી આવી છે. આ સ્થળ દક્ષિણ રશિયામાં આવેલું છે. જે આર્યોના ઉત્તરધ્રુવથી શરુ થયેલા સ્થળાન્તરના માર્ગ પર છે. આને **Andronova** સભ્યતા માનવામાં આવે છે. આર્યોના વસવાટનો આ સમય વિદ્વાનોએ **BCE-2400** થી **BCE-1800** દરમ્યાન નક્કી કર્યો છે.

Sintashta સભ્યતાના લોકો **Proto-Indo-Iraniyan** અથવા **Proto-Indo-Aryan**(પુરા-વેદિક સંસ્કૃત) બોલતા હોવાનું જણાય છે, જે **Indo-Europian, Indo-Iranian** અને **Indo-Aryan Languages**ના પુરોગામી હોઇ શકે. આ અનુમાન ઋગ્વેદના વૈદિક સંસ્કૃતના કેટલીક ઋચાઓ સાથે અવેસ્તાના શ્લોકોનું સામ્ય હોવાથી; <u>વેદિક સંસ્કૃત અને અવેસ્તાની પુરોગામી ભાષા કહી શકાય.</u> આ ભાષા બોલનારા મૂળ આર્ય-જુથો હતાં જેમાં અથર્વણ-જરથોસ્તી આર્યો, હિટ્ટાઇટ-મિટ્ટાની-ઈજીપ્ત-સપ્તસિન્ધુ પહોંચેલા ઈન્દ્રપૂજક આર્યો અને સ્લાવપ્રદેશોમાં થઇ યુરોપ જનારા આર્યોનો સમાવેશ કરી શકાય છે. (સંસ્કૃતમાં આ બધા ભાષાજુથોનું શબ્દભંડોળ સમાયેલું છે.)

સપ્તસિંધુના વેદિક આર્યો ઈન્દ્રપૂજક આર્યો છે(**Indo-Aryan**). જેમણે સંસ્કૃતની પૂર્વજ વેદિક-આર્યવાક્ ભાષા વિકસાવી અને ઋગ્વેદની રચના કરી છે. જો કે, તેમના જુથમાં અગ્નિપૂજક અને સૂર્યપૂજક અથર્વણ આર્યો પણ છે. જેના મૂળ ઇરાનના જરથોસ્તી અથર્વણ અગ્નિપૂજક આર્યો (**Indo-Iranian**) સાથે જોડાયેલા છે.

Shintas થી આર્યોના કેટલાક જુથો **BMAC(Bactria Margiana Archaeological Complex**માં **BCE-2250** થી **BCE-1700** દરમિયાન ઉપસ્થિત હતાં. પ્રાચીન સંસ્કૃત લખાણોમાં આ પ્રદેશ बाह्लीक તરીકે ઓળખાતો. **Sintashta** થી ધાતુઓનો વેપાર અહીં થતો.

(BMAC)ને "ઓક્સસ સભ્યતા" **(Oxus civilization)** પણ કહેવામાં આવે છે, દેખીતી રીતે બેક્ટ્રિયામાં ઉપલા અમુ દરિયા-ઓક્સસ નદી પર કેન્દ્રિત છે, **BMAC**ની મોટાભાગની શહેરી જગ્યાઓ વાસ્તવમાં મુર્ગાબ નદીના ડેલ્ટા પર માર્ગિયાના (આધુનિક તુર્કમેનિસ્તાન) અને કોપેટમાં સ્થિત છે.

1976માં સોવિયેત પુરાતત્વવિદ્ વિક્ટર સરિયાનિદી **(Viktor Sarianidi)** દ્વારા આ સંસ્કૃતિને **BMAC** નામ આપવામાં આવ્યું હતું, તે સમયગાળા દરમિયાન **(1969-1979)** તેઓ ઉત્તર અફઘાનિસ્તાનમાં ખોદકામ કરી રહ્યા હતા. **BMAC** પરના અહેવાલો મોટાભાગે સોવિયેત જર્નલો સુધી સીમિત હતા. સોવિયેત યુનિયનના વર્ષો દરમિયાન, **1990**ના દાયકામાં સરિયાનિદીની કૃતિઓનું ભાષાંતર થવાનું શરૂ થયું ત્યાં સુધી આ તારણો મોટાભાગે પશ્ચિમ માટે અજાણ હતા.

એલમ-મિટ્ટાની-હટુસા-ઈજીપ્ત-સપ્તસિન્ધુ સુધી ઈન્દ્રપૂજક-આર્યોના જુથોનો પ્રભાવ રહ્યો છે. બોગાઝકુઈ (તુર્કસ્તાન) નામના સ્થળેથી હિટ્ટાઇટ અને મિટ્ટનિ સામ્રાજ્યોના સંધિ-કરારમાં, ઈન્દ્ર, મિત્ર, વરુણ, નાસત્યૌ, વેદિક દેવોનો સાક્ષી તરીકે ઉલ્લેખ થયો છે. **BCE-1350**માં બનેલી આ મૃણમુદ્રા ક્યુનિફોર્મ લિપિમાં છે. તેમજ અશ્વોની તાલીમને લગતા એક પુસ્તક કાકુલીમાં વૈદિક શબ્દો અને સંખ્યાઓનો ઉપયોગ જોવા મળ્યો છે.

હિકસોસ તરીકે ઓળખાતા આર્યોના એક જુથે **BCE-1650**માં ઈજીપ્તમાં સો વર્ષ શાસન કર્યું હોવાનું ઇતિહાસ નોંધે છે. શ્રીમુન્શી હિક્સોસને આર્યોનું ઇક્ષ્વાકુ કુળ માને છે.

BCE-1700ની આસપાસ ઇન્દ્રપૂજક આર્યોનું એક જુથ અથર્વણ-આર્યોથી છુટું પડ્યું. સપ્તસિંધુના પ્રદેશોમાં લગભગ ૫૦૦વર્ષના સંઘર્ષ પછી, સ્થાનિક પ્રજા સાથે સમન્વય સ્થપાયો અને શાસન જમાવ્યું. અહીં આર્યોએ સ્થળાન્તરમાં ફરેલા પ્રદેશોની ભાષાઓ અને સ્થાનિક ભાષાઓ દ્રવિડ-પ્રાકૃતના શબ્દભંડોળનો ઉપયોગ કરી; વેદિક-સંસ્કૃત(આ ભાષા સંસ્કૃત કહી શકાય નહીં કારણકે, પાણિનીના નિયમો અનુસરતી ભાષા સંસ્કૃત કહેવાય છે. શાસ્ત્રોમાં આ વેદિક-સંસ્કૃત ભાષાને આર્યવાક્ કહી છે.) ભાષાની રચના કરી, અને સૌ પહેલાં આ ભાષામાં ઋગ્વેદની રચના (**BCE-1200**) થઇ. ઋગ્વેદની પહેલી ઋચામાં ळ નો ઉપયોગ, अग्निमीळे આ વાતનો દ્યોતક છે. કે, સિન્ધુ સભ્યતાના લોકો સાથે ભાષા બાબતે સમન્વય થયો છે. આ વખતે ફોનેશિયન લિપિ જેનો સમય **BCE-1400-1350** માનવામાં આવે છે તેનો ઉપયોગ સેમેટિક ભાષાઓએ શરુ કરી દીધો હશે. તેમ માનવામાં પણ વાંધાસરખું જણાતું નથી.

ઉત્તર-ઈરાનમાં આશરે **BCE-1500** પહેલાં એક બહુ-દેવવાદી-મૂર્તિપૂજક-પ્રાકૃત ધર્મ **(Pagan)** પ્રચલિત હતો. તેમાંથી એકેશ્વરવાદ સ્વીકારી, મિથ્યા વ્રતો, ઉપાસના, પશુહત્યા અને પાખંડનો વિરોધ કરી, ધર્મના ઉત્તમ માનવતાવાદી અંશો સ્વીકારી,

અષો-જરથુષ્ટ્ર નામના અહુરમઝદ(પરમશક્તિશાળી એક જ ઈશ્વર)ના સંદેશવાહકે ધર્મની પુનઃસ્થાપના કરી; જે જરથોસ્તી-Zoroastrian ધર્મ, વિશ્વના પ્રાચીન એકેશ્વરવાદી ધર્મ તરીકે આજે ય પ્રચલિત છે. જરથુષ્ટ્રનો જન્મ આશરે **BCE-1700 થી BCE-600** દરમ્યાન માનવામાં આવે છે. ઘણા બધા અનુમાનો છે પરંતુ ઋગ્વેદમાં અવેસ્તન પાત્રોના ઉલ્લેખો જોતાં ઋગ્વેદની રચના પહેલાં બસો-પાંચસો વર્ષ પહેલાં અષો જરથુષ્ટ્રની ઉપસ્થિતિ હોય તે વધારે તાર્કિક છે.

જરથોસ્તી-અથર્વણ-અગ્નિપૂજક-આર્યોના શાસ્ત્ર અવેસ્તાની ગાથાઓ, ઋગ્વેદની ઋચાઓ સાથે ઘણું સામ્ય ધરાવે છે. ઘણા પાત્રો અને સ્થળ સમાન કે ભળતા નામ વાળાં મળી આવે છે. વેદમાં વિવસ્વાન-યમ, તે અવેસ્તાના વિવંઘહાન-યમશીદ (જમશીદ) છે.

ઈન્દ્રપૂજકો અગ્નિપૂજકો જુદા પડ્યા થવાનું કારણ અંગત માન્યતાઓ હોય એમ મને લાગે છે, કારણ કે, ઈન્દ્રપૂજકોનો મૂડીવાદી દૃષ્ટિકોણ સ્પષ્ટ છે. યજ્ઞની પ્રાર્થનાઓ દેવો પાસે ગાયો-અશ્વો-સંપત્તિ-શત્રુનાશ-પુત્રપ્રાપ્તિ માટે થતી. જ્યારે જરથોસ્તી ધર્મ જ્ઞાન-વિદ્વતા-પરોપકાર-પ્રામાણિકતા-સ્વસ્થ અને સર્વગ્રાહી જીવન-એક અમર આત્મા જેવી બાબતોને આવકારે છે. આવી દૃષ્ટિકોણની વિષમતા જુદા પડવાનું કારણ હોઇ શકે. આ અથર્વણ દૃષ્ટિ સપ્તસિન્ધુમાં સાથે ગયેલા અથર્વણોએ જાળવી રાખેલી.

આમ શિન્ટાષ્ટ સંસ્કૃતિ અને **BMAC**, મિટ્ટની સંધિ-કરાર**(BCE-1350)**, ઈજીપ્ત પર આર્યોનું શાસન**(BCE-1650)**, જરથોસ્તી ધર્મનો પ્રસાર **(BCE-1000)**, વગેરે ઘટનાઓ વેદિક સંસ્કૃત અને અવેસ્તા ભાષાઓની રચના પર મોટો પ્રભાવ ધરાવે છે. આ સમયગાળો **BCE-2200** થી **1700**નો ગણી શકાય. આર્યોનું સ્થળાન્તર ઉત્તર ધ્રુવના પ્રદેશોમાંથી મધ્ય એશિયા અને સપ્તસિન્ધુના પ્રદેશો સુધીનો સમયગાળો **BCE-3500થી1700**.માનવામાં આવે છે. જો કે, વિદ્વાનોમાં આ સમય ગાળા માટે બીજા ઘણા તર્ક વાપરવામાં આવ્યા છે.

માઇકલ વીટઝેલ, આસ્કો પારપોલા, ઈરાવતી મહાદેવન અને અન્ય વિદ્વાનોએ આર્યોના સ્થળાન્તર બાબતે, પુરાતત્ત્વ અને ભાષા સબન્ધી ઘનિષ્ઠ અભ્યાસ કરેલો છે.

ऋग्वेद। सामवेद। અને यजुर्वेद। આ ત્રણને જ वेदत्रयी । કહેવાતું. કારણ કે એ વેદો જ યજ્ઞની વિધિઓ સાથે સંબંધ ધરાવતા હતા. છેલ્લા કાણ્ડ સિવાય अथर्ववेदનો બાકીનો ભાગ યજ્ઞ વિધિ સાથે કંઈ પણ સંબંધ ધરાવતો નથી. અગાઉ અથર્વેદ ૧૩ કાણ્ડનો જ બનેલો હતો પાછળથી સાત કાણ્ડ ઉમેરવામાં આવેલા.

૧૪ મો અને ૧૮ મો કાણ્ડ ઋગ્વેદના ૧૦માં મણ્ડલમાંથી બનાવવામાં આવ્યો છે. ૧૯મો અને ૨૦મો કાણ્ડ ઈન્દ્રને લગતા સૂક્તો ઋગ્વેદમાંથી લઈ, કંઈ પણ ફેરફાર વિના મુક્યા છે. આ કારણે વેદમાં સામેલ કરવાની યોગ્યતા પ્રાપ્ત થઈ જતાં પાછળથી ચોથાવેદ તરીકે અથર્વસંહિતાને સ્થાન મળ્યું છે.

આ વેદનું જુનામાં જુનું નામ અથર્વાઙ્ગિરસઃ છે. એક નામ ભૃગ્વઙ્ગિરસઃ પણ છે. જે અથર્વ, ભૃગુ, અઙ્ગિરસ પ્રાચીન અગ્નિપૂજક ઋષિઓના કુટુમ્બોના નામ સૂચવે છે. જરથોસ્તી આર્યો પોતાને અથર્વણ આર્ય તરીકે ઓળખાવે છે.

વ્યાધિઓ, હિંસક પ્રાણીઓ, રાક્ષસો, ભૂતપિશાચો, શત્રુઓ, બ્રાહ્મણોને દુઃખ દેનારાઓ એ સર્વનું બળ નાબૂદ થાય એ અથર્વવેદમાંના ઘણાખરા મંત્રોનો હેતુ છે. પણ તેની જ સાથે કુટુંબમાં અને ગામમાં સુલેહશાંતિ જળવાય, શત્રુઓની શત્રુતા શમી જાય, લાંબું આયુષ્ય, આરોગ્ય, અને સુખસંપત્તિ મળે, પ્રવાસથી નિર્વિઘ્ને પાછા ફરાય, જુગારમાં લાભ થાય એવા એવા શુભ મંત્રો પણ अथर्ववेदમાં આપવામાં આવ્યા છે. એવી રીતે अथर्ववेदના મંત્રો બે પ્રકારના છેઃ કેટલાક શુભ વસ્તુની પ્રાપ્તિ થાય તેને માટે છે, અને કેટલાક શત્રુઓ ઉપર દુઃખ આવી પડે તેને માટે છે.

अथर्ववेदના મુખ્ય મંત્રો તરફ જોતાં એવું માલૂમ પડે છે કે સામાન્ય જનસમૂહમાં સાધારણ રીતે આસુરી સત્વોના વિશેષ પ્રાથમિક વિચારે જેવામાં આવે છે તેને અનુકુળ થઈ પડે એવા સૌથી વિશેષ લોકપ્રિય જંતરમંતરોનો સંગ્રહ એ વેદમાં આપવામાં આવ્યો છે ઐતિહાસિક સમયના પહેલાંના વિચારો એ વેદમાં પ્રકટ થયેલા આપણને જણાય છે. એમાંના થોડાક મંત્રો તો છેક ઈંડો-યુરોપિયન સમયથી ઊતરી આવ્યા હૈય એ ઘણું સંભવિત જણાય છે; કારણ કે એડલબર્ટ કુને બતાવ્યું છે તે પ્રમાણે શારીરિક વ્યાધિઓને મટાડવાના કેટલાક મંત્રો अथर्ववेद માં આપ્યા છે તેને ઉદ્દેશ અને તેની વિગત, એટલું જ નહીં પણ કંઈક અંશે તેનું સ્વરૂપ પણ કેટલાક પ્રાચીન સમયના જર્મન, લેટિન અને રશિયન મંત્રોને મળતું આવે છે. પણ દેવતાઓ વિષેના વધારે ઊંચા ધાર્મિક વિચારો તરફ આપણે દૃષ્ટિ કરીએ તો ऋग्वेदના કરતાં अथर्ववेद વધારે મોડા અને વધારે સુધરેલા સમયમાં લખાયેલો હોવો જોઈએ. ઈશ્વરસંબંધી જ્ઞાન એ વેદમાંથી બીજી કોઈપણ સંહિતાના કરતાં વધારે મળી આવે છે. સુધારાના ઇતિહાસને માટે તો એ વેદ એકંદરે ऋग्वेदના કરતાં પણ વધારે રસ ઉત્પન્ન કરે અને વધારે ઉપયોગી થઈ પડે એ છે.

ઇન્દ્રપૂજક વસિષ્ઠ જ્યારે જીતાએલી શ્યામવર્ણ પ્રજાઓનો સામુહિક સંહાર ઈચ્છતા ત્યારે વિશ્વના મિત્ર એવા વિશ્વામિત્રે સૂર્યની પ્રેરણા લઇ (સૂર્ય સારા-નરસાનો, કે ગૌર-શ્યામનો ભેદભાવ રાખ્યા વિના સિવાય સૌને સમાન રીતે પ્રકાશ અને ઊર્જા આપે છે.) ગાયત્રી મંત્ર બનાવ્યો જે ઋગ્વેદ સહિત બધા વેદોમાં પણ સ્વીકારાયો છે અને આથી; સામુહિક-સંહારની વાત પડતી મૂકાઈ; પરંતુ

શાસક (ઈન્દ્રપૂજક વસિષ્ઠ) જુથ દ્વારા શ્યામ-ગૌરના ભેદવાળી, ઊંચ-નીચની માન્યતાઓ સાથે કઠોર વર્ણવ્યવસ્થા ઊભી કરવામાં આવી.

એક અનુમાન એમ પણ થઇ શકે કે, વેદિક સંસ્કૃતના આવિષ્કાર બાદ સૌ પ્રથમ ઋગ્વેદની રચના થઇ, થોડા સમય પછી અથર્વવેદની રચના અથર્વણ આર્યોએ જુના કોઇ ધર્મની ભૂમિકા પરથી કરી હશે! અને આ એ જ પાગન ધર્મ હોઇ શકે જે ધર્મના પુનરોદ્ધારક તરીકે અષો જરથોસ્ત ઇ.સ.પૂર્વે ૨૨૦૦ થી ૧૭૦૦ દરમ્યાન આવ્યા; અને અવેસ્તામાં ગાથાઓની રચના કરી. વળી શિન્ટાષ્ટ સભ્યતા (બીસીઇ ૨૨૦૦) દરમ્યાન અવેસ્તન અને વેદિક સંસ્કૃત ભાષાઓના મૂળ તત્ત્વોનો વિકાસ થયો.

ઋગ્વેદનો પ્રથમ મંત્ર अग्निमीळे શબ્દથી શરૂ થાય છે. આ દ્રવિડ સમન્વયનો મોટો સંકેત છે. ઈન્ડોઈરાનીયન અને ઈન્ડોયુરોપિયન ભાષાઓમાં ક્યાંય ळ નું ઉચ્ચારણ મળતું નથી. માત્ર સંસ્કૃત ભાષા અને તેમાંથી ઉતરી આવેલી આર્યભાષાઓમાં જ ळ નું ઉચ્ચારણ મળે છે.

ळ ને પાણિનિએ अयोगवाहरूप માં મુક્યો છે. તે સ્વર-સ્પર્શવ્યંજન-અર્ધસ્વર કે ઉષ્માક્ષર નથી. શબ્દના પ્રથમાક્ષર તરીકે વાપરી શકાતો નથી. શબ્દની વચ્ચે અથવા શબ્દના અંતમાં મુકવામાં આવે છે. ळ વાપરતા શબ્દો દ્રવિડ પરંપરાનો સંકેત કરે છે. જેમાં ळ ને પ્રચલિત શબ્દોમાં ખાસ મુકવામાં આવે છે. જેથી પોતાની બોલી ळના ઉચ્ચારણ સુધી વિકસેલી છે તે જાણી શકાયછે. केरळ। मळयाळम। तमिळ । तेलुगु। कोळी। चुंवाळा पाञ्चाळावगेरे. ळ દૂનિયાની બીજી ભાષામાં બોલાતો નથી વળી મોટી ઉંમરે ळ નો સ્પષ્ટ ઉચ્ચાર કરતા તકલીફ પડે છે. તેથી ळ ના ઉચ્ચારણો र-ड-ल । માં પરિવર્તિત થતા હોય છે. આપણે अग्निमीळे ઋગ્વેદની પ્રથમ ઋચાનો પ્રથમ શબ્દ संस्कृत સારી રીતે સંસ્કાર પામેલી ભાષા દ્રવિડ ભાષાના સહકાર-સમન્વયથી બની શકી તે સ્પષ્ટ કરે છે. ઋગ્વેદમાં ज्ञ-ट-ठ-ड-ढ ધ્વનિવાળા વર્ણોનો ઉપયોગ બહુ ઓછો થયો છે.

વૈદિક સંસ્કૃતઃ ભારતીય ઉપખંડનું વાયવ્ય-**North Western** ક્ષેત્ર, સિન્ધુ નદીની આસપાસનો પ્રદેશ જ્યાં વેદોની રચના થઇ તે પછીનો સમય. **BCE 1500-600.** આજે પણ વિશાળ સાહિત્ય ઉપલબ્ધ છે.

ભાષા પરિવાર-ભારત-યુરોપિયન, ઈન્ડો-ઈરાનીયન, ઈન્ડો-આર્યન, વૈદિક સંસ્કૃતઃ

વૈદિક સંસ્કૃત, જેને ફક્ત વૈદિક ભાષા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ઈન્ડો-યુરોપિયન ભાષા પરિવારના ઈન્ડો-આર્યન પેટાજૂથની પ્રાચીન ભાષા છે. તે વેદ અને સંબંધિત સાહિત્યમાં વર્ણિત છે. જે ઘણું કરી મુખપાઠ વડે સચવાઇ છે. શતાબ્દિઓ સુધી, એટલે કે, લિપિના આગમન સુધી, અને ત્યારબાદ પણ; સમ્પ્રતકાળ સુધી, મુખપાઠ વડે સાચવવામાં આવી છે. વૈદિક સંસ્કૃત ભાષામાં વ્યાપક પ્રાચીન સાહિત્ય આધુનિક યુગમાં ટકી રહ્યું છે. આ પ્રોટો-ઈન્ડો-યુરોપિયન, પ્રોટો-ઈન્ડો-ઈરાનીયન અને પ્રોટો-ઈન્ડો-આર્યન ભાષાઓના ઈતિહાસના પુનઃનિર્માણ માટે માહિતીનો મુખ્ય સ્ત્રોત છે.

પ્રાગૈતિહાસિક વ્યુત્પત્તિ અને વૈદિક સંસ્કૃતનો મૂલાધારઃ પ્રોટો-ઈન્ડો-ઈરાનીયન ભાષાનું પ્રોટો-ઈરાનીયન અને પ્રોટો-ઈન્ડો-આર્યન ભાષામાં વિભાજન, ભાષાકીય આધાર પર, **BCE-1800**ની આસપાસ અથવા તે પહેલાં થયું હોવાનો અંદાજ છે. ઋગ્વેદના સૌથી જૂના સૂક્તોની રચનાનો સમય સામાન્ય રીતે અસ્પષ્ટ છે, છતાં આશરે **BCE-1500** મૂકી શકાય. આસ્કો પારપોલા **(1988)** અને જે.પી. મેલોરી **(1998)** બંને બેક્ટ્રિયા-માર્ગિયાના પુરાતત્વીય પરિસર**(BMAC)** ની કાંસ્ય યુગ સંસ્કૃતિમાં ઈરાનીયનથી ઈન્ડો-આર્યન વિભાજનનું સ્થાન મૂકે છે.

પ્રારંભિક વૈદિક સંસ્કૃત ભાષા પાણિનિ દ્વારા વ્યાખ્યાયિત સંસ્કૃત ભાષા સરખામણીમાં ઓછી એકરૂપ હતી, હિંદુ ધર્મના પ્રારંભિક ઉપનિષદોની વૈદિક સાહિત્યની ભાષા, લગભગ શાસ્ત્રીય સંસ્કૃત સ્વરૂપ સુધી પહોંચે છે. જેનું શ્રેય પાણિનિ-અષ્ટાધ્યાયી, પતંજલિ-મહાભાષ્ય અને કાત્યાયનના ભાષ્યને આપવામાં આવે છે.

વૈદિક ભાષાનો ઘટનાક્રમ પાંચ કાલક્રમિક સ્તરો દ્વારા ઓળખી શકાય છેઃ

૧. ઋગ્વેદિક ૨.મંત્ર ૩.સંહિતા ગદ્ય ૪. બ્રાહ્મણ ગદ્ય ૫.સૂત્રો

પ્રથમ ત્રણને સામાન્ય રીતે એકસાથે જોડવામાં આવે છે, કારણ કે સંહિતાઓ જેમાં ચાર વેદોનો સમાવેશ થાય છેઃ ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ, જે વેદિક-સંસ્કૃતના સૌથી જૂના ગ્રંથો છે. આ વૈદિક ધર્મનો મુખ્ય આધાર છે. ઋગ્વેદના વૈદિક સંસ્કૃતમાં ઘણા શબ્દો પ્રાચીન અવેસ્તા ભાષા સાથે ઘનિષ્ઠ સમ્બન્ધ ધરાવે છે. ઋગ્વેદની રચના 12મી સદી બીસીઇ સુધીમાં પૂર્ણ થઇ હોવાનું મનાય છે. બ્રાહ્મણ ગ્રન્થો અને સૂત્ર ગ્રન્થોની રચના બીસીઇ-૮૦૦ સુધી થતી હતી. બીસીઇ-૭૦૦માં પાણિનિએ લૌકિક-સંસ્કૃત પ્રસારમાં મૂકી.

વૈદિક સાહિત્યના આ બ્રાહ્મણ ગદ્ય સ્તરમાં, પ્રાચીન વૈદિક સંસ્કૃત ક્રિયાપદ પદ્ધતિનો ત્યાગ કરવામાં આવ્યો છે, અને પૂર્વ-પાણિનિ વૈદિક સંસ્કૃત રચનાનો એક નમૂનો ઉભરી આવ્યો છે. યજ્ઞગાથાના ગ્રંથો વૈદિક સંસ્કૃત, શાસ્ત્રીય સંસ્કૃત અને મહાકાવ્યોની ભાષાઓ વચ્ચે સંભવિત કડી છન્દશાસ્ત્ર છે. અનુષ્ટુભ છન્દ અને સંસ્કૃત છન્દશાસ્ત્રના નિયમો આ સમય સુધીમાં નવીનીકરણ કરવામાં આવ્યું હતું. પરંતુ બ્રાહ્મણ સ્તરોના ગદ્ય ભાગો દર્શાવે છે કે ભાષા હજુ પણ વૈદિક સંસ્કૃતની નજીક છે.

ભાષા વિજ્ઞાન માનવ બોલીઓની શરૂઆત, સ્વીકાર-અસ્વીકાર અને ભયસૂચક શબ્દોથી થયેલી મનાય છે. એટલે કે હા-ના અને મા(માતાને બોલાવવાનો ભયસૂચક ઉદગાર) પ્રાથમિક શબ્દો છે. આર્યોના વતનના દેશો અને સંસ્કૃતના માતા-પિતાના શબ્દોના ઉચ્ચારણો કેટલા નજીક છે તે નીચેના કોઠા પરથી સમજી શકાશે.

સંસ્કૃત.......માતૃ - પિતૃ
ગુજરાતી....માતા - પિતા
લેટિન........મેટર - પેટર
ગ્રીક.........મેટર - પેટર
અંગ્રેજી......મધર - ફાધર
જર્મન.........મુટેર – વટેર

માતાનો ઉચ્ચાર દ્રવિડો અમ્મા કે અમ્બા કરે છે. અમ્મા શબ્દ અરબી-ફારસીમાં પણ છે. સંખ્યાઓ માટેના દ્રવિડ શબ્દો પણ સંસ્કૃતથી જુદા પડે છે. ઋગ્વેદના વેદિક સંસ્કૃત અને ઇરાનીઓની અવેસ્તામાં ઘણું સામ્ય છે.

જુદી જુદી ભાષાઓના આવા ઘણા ય શબ્દો ભળતા ઉચ્ચારણવાળા છે જેનો સંસ્કૃતમાં સમાવેશ થયો છે. આવા શબ્દોની નોંધ[1] કોષ્ટકોમાં કરી છે. આ બધા અનુમાનો દર્શાવે છે કે આર્યો માનવજાતિનો અતિ પ્રાચીન સમૂહ હતો. અને લાંબા સમયના સ્થળાંતર દરમિયાન વિવિધ પ્રદેશોમાં આ બધા લોકો સાથે રહ્યા હશે.

संस्कृत	प्राचीन भारोपिय	लेटिन	ग्रीस	अंग्रेजी
१ एक	ઓઇનોસ	ઉનો-Uno	ઓઈઓસ-Oios	One
२ द्वि	દુયોઉ	દુએ-due	દુઓ-duo	Two
३ त्रि	ત્રેયસ	ત્રે-Tre	ત્રઈસ-treis	Three
४ चतुर	ક્વત્યોરસ	ક્વાત્ર-quatre	તેતોરસ-tetores	Four
५ पञ्च	પન્ક્વ	ક્વિંક્વ-quinque	પેન્ત-pente	Five
६ षट्	સ્વક્સ	સેઇ-sei	જેસ-zes	Six
७ सप्त	સપ્તમ	સપ્ત-sept	હપ્ત-hept	Seven
८ अष्ट	ઓકતોઉ	ઓક્ટો-octo	ઓક્તો-octo	Eight
९ नव	નયન	નોવમ્-novem	એન-નઅ-en nea	Nine
१० दश	દકમ	દેકમ્-decem	દેક-deka	Ten
१०० शतम्	ક્વમતામ	કેન્તુમ-centum	હેકતાન-hekaton	Hundred
१००० सहस्त्र	ફારસીમાં હજાર		ખીલીઓઈ-khilioi	Thausand
११-एकादश				Ele-One
१३-त्रयोदश				Thirteen
२१-एकवीस				Twenty One

ગ્રીસ, ઈટાલિ, જર્મની, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, રશિયા, જર્મની, હોલેન્ડ, ઈરાન, અરબસ્તાન, ઈજીપ્તના વસાહતીઓના પૂર્વજ હતા. બીજા શબ્દોમાં કહીએ તો હાલ જે પ્રદેશોમાં ઈન્ડોયુરોપિયન અને ઈન્ડોઈરાનીયન ભાષાકૂળોની ભાષાઓ બોલાય છે તે પ્રદેશોના વસાહતીઓના પૂર્વજો અને સિન્ધુ સભ્યતા પર આક્રમણ કરી સ્થાયી થનારા આર્યો ઘણો સમય સાથે રહ્યા હોવાનું સ્પષ્ટ છે. વળી આ દેશોમાં હાલ બોલાતી ભાષાની વર્ણમાળાના પ્રથમાક્ષરો સામાન્ય રીતે એ.બી, આલ્ફા-બીટા, અલિફ-બે, એટલે કે અ-બ થી શરૂ થાય છે. કહેવાય છે કે ઈ.સ. પૂર્વે ૨૮૦૦ ની આસપાસ લેબેનોનના પર્વતો અને ભૂમધ્ય સમુદ્ર વચ્ચે સાંકડી પટ્ટીમાં

[1] મારા એક પોરબંદરના મિત્ર સ્વ.પ્રભુદાસભાઈ મહેતાએ આખી વેબસ્ટર અંગ્રેજી ડીક્શનેરીના બધા અંગ્રેજી શબ્દોના મૂળ સંસ્કૃત ભાષામાં હોવાનું સિદ્ધ કરેલું છે. દુર્ભાગ્યવશ આ સંગ્રહ તેમના જીવનકાળ દરમ્યાન પ્રકાશિત થઈ શક્યો નહીં

ફિનિશિયનોના પૂર્વજાએ આવી વસેલા અને નૌકાશાસ્ત્ર, સ્થાપત્ય, લેખનકળા વગેરે વિકસાવેલા. આ લોકોએ ઈજિપ્તની હયરોગ્લાફિક અને સુમેરિયાની ક્યુનિફોર્મ લિપિમાં સુધારાવધારા કરી ૨૨ મૂળાક્ષરોવાળી [૨]વર્ણમાળાની રચના કરેલી (ઈ.સ.પૂર્વે ૧૪૦૦). જેના પ્રથમ બે અક્ષરો **Aleph**-અલેફ-બળદ અને **Beth**-બેથ-મકાન હતા, પાછળથી ગ્રીકોએ આ મૂળાક્ષરો સ્વીકારી **Alfa** અને **Beta** તરીકે ઉચ્ચારણ કર્યું.આવી વર્ણમાળા પણ **Alphabet** આલ્ફાબેટ તરીકે ઓળખાઈ. નેટિવ અમેરિકા, ચીન,કોરીયા, જાપાન, મોંગોલિયા અને આફ્રિકા સિવાય દુનિયાની તમામ ભાષા આ અબજડ **(ABJD)**પ્રકારની લિપિ વાપરે છે; જેની શરુઆત એ-બી, આલ્ફા-બીટા, અલિફ-બે થી શરુ થાય છે. આ વર્ણમાલાને આલ્ફાબેટ**(ALPHABET)**કહે છે અને મૂળ **Cunifrom** અને **Heiroglyph** ના ધ્વનિસંકેતોના ૨૨-વર્ણ વાપરી ફોનેશિયનોએ [૨]લિપિ બનાવેલી(ઇ.સ.પૂર્વે ૧૪૦૦). બ્રાહ્મી લિપિ(ઇ.સ.પૂર્વે ૮૦૦)એ પણ આ ૨૨ મૂળાક્ષરો સ્વીકારી, **ABUGIDA** વ્યંજન-સ્વરમિશ્રિત વર્ણના એકમો વાળી લિપિ(બારાક્ષરી વાળી) બનાવી વિકાસ સાધવામાં આવ્યો છે. આ સંસ્કૃતની વર્ણમાળા સંપૂર્ણ વૈજ્ઞાનિક છે જેનું શ્રેય [૩]પાણિનિ**(BCE-700)**ને જાય છે. આર્યોની મૂળભાષાઓ અને દ્રવિડ ભાષાઓના શબ્દભંડોળ ને **Process** કરી, સંસ્કૃત વર્ણમાળા અને વ્યાકરણની રચના કરવામાં આવી આ સંસ્કૃત વર્ણમાળાની રચના વખતે અનાર્યોએ યોગનો ઉપયોગ કર્યો હોવાનું ચોક્કસ માનવાને કારણો છે. ધ્વનિઉત્પાદક માનવ અવયવો અને માનવ ઉચ્ચારણ કરી શકે તેવા ધ્વનિઓનું અદ્ભૂત વૈજ્ઞાનિક સંકલન છે. દાખલા તરીકે.... પ-ફ-બ-ભ-મ વર્ણના ધ્વનિ નીકળે ત્યારે બે હોઠ અચૂક ભેગા થાય છે તેમજ વ અને ઉ ના ઉચ્ચારણ સમયે બે હોઠ પૂરા ભેગા થતા નથી. આ સાત વર્ણ સિવાય હોઠના હલનચલન સાથે જોડાયેલો આઠમો ધ્વનિ હજી સુધી મળી આવ્યો નથી. પ્રો.એ.એ. મેકડોનેલ ''સંસ્કૃત સાહિત્યના ઈતિહાસ'' નામના પોતાના પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કે, ''સંસ્કૃત ભાષાના એક્કેએક ઉચ્ચાર માટે સંપૂર્ણ શાસ્ત્રીય રીતિથી દરેક વર્ણ વર્ણમાળામાં ગોઠવેલા છે. આપણા યુરોપના લોકોને એના કરતાં ૨૫૦૦ વર્ષ વધારે થયા છે. અને આપણે (યુરોપિયનો) શાસ્ત્રીય જમાનામાં રહેતા હોવાનું અભિમાન ધરાવીએ છીએ છતાં જે વર્ણમાળા વાપરીએ છીએ તેમાં આપણી જ ભાષાઓના સઘળા ઉચ્ચાર માટે યોગ્ય ચિન્હો મળી આવતા નથી એટલું જ નહીં પણ ૩૦૦૦ વર્ષ ઉપરની સેમિટિક લોકોની પ્રાથમિક વર્ણવ્યવસ્થાને યવન લોકોએ સ્વીકારેલી તેમાં સ્વરો અને વ્યંજનોની ભેળસેળ હતી તે યથાવત રાખી વર્ણમાળાનો ગરબડીઓ ક્રમ ચાલવા દીધો છે.''

વેદિક-સંસ્કૃત ભાષાની રચના ઈ.સ.પૂર્વે ૧૨૦૦ ની આસપાસ આર્ય-અનાર્ય સમન્વય દરમ્યાન થઈ છે. ત્યારબાદ આર્યો શાસકો હોવાથી સૌ પ્રથમ પોતાના મૂળ વતનના(અથવા ઉત્તરધ્રુવથી સપ્તસિન્ધુના ૧૮૦૦વર્ષના સ્થળાંતર સમયની સ્મૃતિઓ) ગીતો, શૂરવીર નેતાઓ ની પ્રશસ્તિઓ, દેવતાની સ્તુતિઓ, સ્વર્ગ અને સંપત્તિની કામનાઓવાળા યજ્ઞોની વિધિઓ વગેરે સાહિત્યનું સંસ્કૃતમાં રૂપાન્તર કર્યું, જે ''ઋગ્વેદ'' નામથી આજે પણ આપણે દુનિયાના સૌ પ્રથમ પુસ્તક તરીકે ઓળખીએ છીએ, પછીથી ઈ.સ.પૂર્વે ૧૨૦૦ થી ઈ.સ.પૂર્વે ૫૦૦ ના વૈદિકકાળ દરમ્યાન વેદિક-સંસ્કૃત (આર્યવાક્) ભાષામાં જ વિપુલ સાહિત્યનું ખેડાણ થયું છે. જેમાં ખાસ કરી અન્ય ત્રણ વેદો...સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદની રચના થઈ ઉપરાન્ત બ્રાહ્મણગ્રન્થો, આરણ્યક અને ઉપનિષદોની રચના પણ આ સમય દરમ્યાન થઈ.

ઈ.સ.પૂર્વે ૭૦૦ની આસપાસ પાણિનિ નામના વિદ્વાને સંસ્કૃત ભાષાને ફરી એકવાર વૈજ્ઞાનિક રીતે નિયમ-બદ્ધ કરી વ્યાકરણશબ્દ ભંડોળ-ગદ્ય-પદ્યની રચનાઓ માટે અપૂર્વ યોગદાન આપ્યું અને સમસ્ત ભારતમાં पाणिनियसंस्कृतનો યુગ શરૂ થયો. હાલ જે સંસ્કૃત ભાષાનું સાહિત્ય પ્રાપ્ય છે તે બધું પાણિનિય સંસ્કૃતમાં જ છે. અગાઉનું સંસ્કૃત વૈદિક-સંસ્કૃત તરીકે ઓળખાય છે.

સંસ્કૃતભાષાની શ્રેષ્ઠતા અને મહાનતા અપૂર્વ છે. છતાં ઋગ્વેદના સમયે સંસ્કૃતભાષા કઈ લિપિમાં લખાતી તે વાત ઈતિહાસકારો સ્પષ્ટ કરી શક્યા નથી. ભારતમાં લિપિના અવશેષોમાં બ્રાહ્મી લિપિ ઈ.સ.પૂર્વે ૮૦૦ વર્ષ પહેલાં ક્યાંયથી મળતી નથી. એટલે **ઋગ્વેદની રચના ઇ.સ.પૂર્વે૧૨૦૦માં થયેલી માનીએ અને બ્રાહ્મી લિપિની શરુઆત ઈ.સ.પૂર્વે ૮૦૦ માનીએ તો ૪૦૦ વર્ષ લિપિનો શુન્યાવકાશ દેખાય છે તે સમયની લિપિનો ઈતિહાસ જાણી શકાયો નથી.** વળી સિન્ધુસભ્યતાની લિપિ આજ દિન સુધી ઉકેલી શકાઈ નથી. આના અનુસન્ધાને એમ માનવાને કારણ રહે છે કે આર્યોનો અનાર્ય સામેનો દ્વેષ ઉપરછલ્લા સમન્વય છતાં અંદરથી ખૂબ ઉગ્ર રહ્યો હોવો જાઈએ, અને લિપિની ઘોર ઉપેક્ષા કરી વેદોના મુખપાઠ કરવાની શૈલી અમલમાં મૂકી હોવી જાઈએ. આ વાતના સમર્થન રૂપે આજે પણ ભારતમાં વેદના મુખપાઠ કરનારા મળી આવે છે. અને કેટલાય બ્રાહ્મણ વિદ્યાર્થીઓ વેદના મુખપાઠ યાદ રાખવામાં વ્યસ્ત છે. પાણિનિય સંસ્કૃતની પુનર્રચના બાદ

---

[૨] માનવધ્વનિ-ઉત્પાદક અવયવો ૨૧ જેટલી મૂળ ધ્વનિઓ કાઢી શકે છે. જુઓ ઋગ્વેદ-૭-૮૭-૪

उवाच मे वरुणो मेधिराय त्रिः सप्त नामाघ्न्या बिभर्ति। विद्वान्पदस्य गुह्या न वोचद्युगाय विप्र उपराय शिक्षन् ॥७।८७।४॥

હું મેધાવી ઋત્વિક છું. વરુણે મને કહ્યું હતું કે, પૃથ્વી અથવા વાક્ ના એકવીસ નામ છે. વિદ્વાન અને મેધાવી વરુણ ને યોગ્ય અન્તેવાસી(છાત્ર)ને ઉપવેશ આપીને, ઉત્તમ સ્થાનમાં, આ બધી ગુહ્ય વાતો પણ બતાવી છે. આ મૂળ ૨૧ ધ્વનિ આ છે.

अ इ उ ऋ लृ- क च ट त प-ग ज ड द ब-म न-श ष स ह જે ''૨૧ થી ૬૩'' પરિચ્છેદમાં વિસ્તારથી નોંધ્યું છે.

[૩] માનવધ્વનિ ઉત્પાદક અવયવો મૂળ ૨૧ ધ્વનિ પેદા કરી શકે છે જુઓ ઋગ્વેદ-૭-૮૭-૪: તેના પર સ્વરસહાય-નાસિકાસહાય-ઉરસહાય વડે વિસર્ગ-મહાપ્રાણના ધ્વનિપરિવર્તનો મેળવી શકાય છે. પાણિનિએ આ ૨૧ ધ્વનિ પરથી ૬૩ વર્ણ સાધિત કર્યા છે.

દેવનાગરી લિપિનો ઉપયોગ સંસ્કૃત ભાષા માટે બહુ મોડો (ઇ.સ.૧૫૦ની આસપાસ.) સ્થિર થયો હોવાનું માની શકાય.

અહીં પણ લિપિનો ૯૫૦વર્ષનો શુન્યાવકાશ નજરે ચડે છે. કારણકે, બ્રાહ્મીના પ્રવેશબાદ સો વર્ષે થયેલી પાણિનિની રચના બ્રાહ્મી લિપિમાં લખાયેલી હોવી જોઇએ પણ એવા સંકેતો મળતા નથી.

દેવનાગરી લિપિનો ઉપયોગ અર્ધા ભારતમાં થાય છે. એનો વિકાસ ઉત્તરભારતમાં થયો છે. પરંતુ જન્મ દક્ષિણ ભારતમાં થયો છે. દેવનાગરી લિપિની પ્રથમ ઝલક આઠમી સદીના રાજા દન્તિદુર્ગ બીજાના દાનપત્રોમાં દેખાય છે. આવું દાન પત્ર સમનગઢ નજીક પર્વતીય કિલ્લા પરથી મળ્યું છે. આ કિલ્લો કર્ણાટકના બેલગામથી ૨૪ માઈલ દૂર મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લામાં છે. દેવોની ભાષા સંસ્કૃત માટે આ લિપિ વપરાતી થઈ પછી દેવનાગરી નામ અસ્તિત્વમાં આવ્યું હશે. આ લિપિ બાળબોધ તરીકે પણ ઓળખાય છે. ભારતમાં સંસ્કૃતભાષા દેવભાષા હોવા ઉપરાન્ત આટલી વૈજ્ઞાનિક રીતે સર્વાંગસંપૂર્ણ હોવા છતાં જૈનોએ અને બૌદ્ધોએ બહુ મોડેથી પોતાના ધર્મપુસ્તકો માટે સંસ્કૃત ભાષાનો ઉપયોગ સ્વીકારેલો છે. પરોક્ષ રીતે તેમનો સ્થાનિક ભાષાઓનો વપરાશ, વેદ-વિરોધ અને નીરીશ્વરવાદ આડે આવ્યો છે. બુદ્ધે પણ પોતાનું તત્વજ્ઞાન સામાન્ય પ્રજા સુધી સહેલાયથી પહોંચાડી શકાય તેથી પ્રાકૃત-પાલી ભાષાનો ઉપયોગ પોતાનો ધર્મશાસ્ત્રો અને ઉપદેશોમાં કર્યો છે. બૌદ્ધ ધર્મના પ્રખર અનુયાયી સમ્રાટ અશોકે પોતાના શિલાલેખોમાં બ્રાહ્મી લિપિ અને સંસ્કૃતના ગ્રામ્યસ્વરૂપ જેવી પ્રાકૃત ભાષામાં શ્રમણ અને બ્રાહ્મણધર્મને સરખું માન આપી ધર્માજ્ઞાઓ પથ્થરમાં કોતરાવી છે. તે નોંધનીય છે. બ્રાહ્મી લિપિનો વિકાસ ઈ.સ.પૂર્વે આઠમા સૈકામાં થયો હોવાનું વિદ્વાનો માને છે.

સંસ્કૃતભાષા ક્યારેય લોકભાષા તરીકે રહી હોવાનું માની શકાતું નથી. સામાન્ય પ્રજા સંસ્કૃતથી ખૂબ જ નજીક એવી પ્રાકૃત ભાષાનો ઉપયોગ કરતાં. પરંતુ સાહિત્યની રચનાઓ અને રાજ્યાજ્ઞાઓ સંસ્કૃતભાષામાં જ થતી. હિન્દુ ધર્મ શાસ્ત્રો માટે તો સંસ્કૃત ભાષા અનિવાર્ય હતી. આમ આ દેવ ભાષા શાસકો-વિદ્વાનો-બ્રાહ્મણો અને ધર્મગુરુઓ માટે અનામત હતી એવું માનવામાં વાંધા સરખુ નથી.

આશરે ઈ.સ. ૧૬૦૫માં ભારતમાં વેપારી તરીકે પ્રવેશેલા યુરોપિયનોએ જ્યારે શાસનનો દોર પણ સંભાળવા માંડ્યો ત્યારે બ્રિટિશ શાસકોએ પ્રજા પર સહેલાયથી શાસન કરવા સંસ્કૃત ભાષા શિખવા પ્રયત્નો કર્યા. સંસ્કૃત ભાષાનો ઈતિહાસ લખનાર, એ. મેકડોનલ નામના વિદ્વાન પોતાની પ્રસ્તાવનામાં લખે છે કે, "સંસ્કૃતના અભ્યાસની પ્રથમ પ્રેરણા હિન્દુસ્તાનના મુલકો ઉપરના આપણા રાજ્ય વહીવટની કેટલીક વ્યવહારૂ જરૂરિયાતો ને લીધે થઈ હતી. વોરન હેસ્ટિંગ્સ ગર્વનર જનરલ હતો તે વખતે હિન્દુઓ ઉપર રાજ્ય ચલાવવામાં હિન્દુઓના કાયદાઓ અને હિન્દુ રૂઢિઓને વળગી રહેવું એમાંજ લાભ છે. એવું એણે સ્પષ્ટ પણે જાયું." કેટલાક બ્રાહ્મણોએ હિન્દુ ધર્મ શાસ્ત્રોને આધારે એક કાયદાસંગ્રહ સંસ્કૃત ભાષામાં તૈયાર કર્યો જેનું ફારસી ભાષામાં તેમજ અંગ્રેજીમાં ભાષાન્તર કરી ઈ.સ.૧૭૭૬ માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો. પરંતુ સંસ્કૃત સાહિત્યના ગ્રન્થોનો યુરોપિયન દેશોને પરિચય કરાવવાનું શ્રેય ચાર્લ્સ વિલ્કિન્સ નામના વિદ્વાને મેળવ્યું. અહીં પણ *વોરન હેસ્ટિંગ્સની પ્રેરણા તો હતી જ. ૧૭૮૫માં ચાર્લ્સ વિલ્કિન્સે "ભગવદ્ગીતા"નું ભાષાન્તર પ્રગટ કર્યું. ત્યારબાદ બે વર્ષે "હિતોપદેશ"નો વાર્તાસંગ્રહ બહાર પાડ્યો.

આ અગાઉ પણ સંસ્કૃત ગ્રન્થોનાં વિદેશી ભાષાઓમાં ભાષાન્તર થયા હતા. જેમાં ગ્રીસ અને અરબસ્તાનના વિદ્વાનો મુખ્ય છે. ઈ.સ.પૂર્વે ૩૨૭ માં સિકંદરે ભારત પર આક્રમણ કરેલું અને ભારતીય રાજાઓએ જબરજસ્ત સામનો કરી તેના સૈન્યને હંફાવેલું. કેટલાક રાજાઓએ પોતાના પ્રદેશ સિકંદરને સોપી દીધેલા. જે કાંઈ થયું હોય તે.... ભારત અને પશ્ચિમના વિદ્યાવ્યવહારો માટે દરવાજા ખુલી ગયા. ભારતીય દર્શન શાસ્ત્ર-જ્યોતિષ અને ખગોલ વિદ્યા ગણિત વગેરે વિષયો પર અરસપરસ જ્ઞાનની આપલે થઈ હોવાનું ચોક્કસ જણાય છે. આરબોએ ભારતીય અંકો અને શૂન્ય યુરોપિયન પ્રજા સુધી પહોચાડ્યા.

ઈ.સ. ૪૦૦ ની આસપાસ વિક્રમાદિત્ય ચંદ્રગુપ્ત બીજાના શાસનકાળ દરમ્યાન ચીની યાત્રી ફાહિયાન ભારતયાત્રાએ આવેલો. તેમજ સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં હ્યુ-એન-ત્સાંગ નામનો ચીની યાત્રી ઈ.સ ૬૩૦ થી ૬૪૪ દરમ્યાન ચૌદ વર્ષ રોકાયેલો, જેને સમ્રાટે રાજ્યાશ્રય આપેલો.

ભારતીય સંસ્કૃત સાહિત્ય અને તત્વજ્ઞાની અરબસ્તાન, ગ્રીસ અને પશ્ચિમી દેશો ઉપરાંત ચીન તિબેટ અને દક્ષિણ પૂર્વના દેશો જાપાન, જાવા, સુમાત્રા, વિયેટનામ, વગેરે દેશો પરિચિત હતા. વળી આ દશોમાં બૌદ્ધ અને વૈષ્ણવ ધર્મનો સારો પ્રસાર હતો.

ઈ.સ ૩૨૦ થી ઈ.સ ૪૬૮ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો "સુવર્ણ યુગ" ગણવામાં આવે છે. આ સમયે ભરતખંડમાં ગુપ્તસમ્રાટોનું શાસન હતું તેથી ગુપ્તયુગને જ સુવર્ણ યુગ તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમ્યાન સાહિત્ય, કલા, વિજ્ઞાન અને ધાર્મિક ક્ષેત્રે પ્રજાએ જ્વલંત સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. મોટા ભાગની રચનાઓમાં સંસ્કૃતભાષાનો જ ઉપયોગ થયો છે.

જૈનો અને બૌદ્ધો પ્રાકૃત-અર્ધમાગધી-પાલી ભાષાનો ઉપયોગ કરતા તેઓએ પણ પોતાના શાસ્ત્રોની રચના સંસ્કૃત ભાષાની લોકપ્રિયતાને લીધે સંસ્કૃત ભાષામાં ય શરૂ કરી દીધી હોવાનું જણાય છે.

પ્રાચીન ભારતે વિજ્ઞાન યંત્રવિદ્યા અને સ્થાપત્યોની રચનામાં અદ્ભૂત કૌશલ દાખવ્યું છે. ગણિતશાસ્ત્રમાં પ્રાચીન ભારતે શૂન્યની સંજ્ઞા, દશાંશ પદ્ધતિ, બીજગણિત, શોધ કરી અમૂલ્ય વારસો વિશ્વને આપ્યો છે. ગણિત અને ખગોળ શાસ્ત્રમાં આર્યભટ્ટ,

---

* વોરન હેસ્ટિંગ્સ ભગવદ્ગીતાનો ચાહક હતો અને સંસ્કૃતને દુનિયા સમક્ષ રજુ કરવાના તેના પ્રયત્નો અજોડ છે. તેનો રાજકીય ઈતિહાસ તો ભારતીય રાજાઓ પ્રત્યે ક્રુરતાથી ખરડાયેલો છે અને ભ્રષ્ટાચારથી ધન એકઠું કરવા બ્રિટનમાં તેના પર અદાલતી કાર્યવાહી પણ કરવામાં આવેલી.

ભાસ્કરાચાર્ય, બ્રહ્મગુપ્ત, વરાહમિહિરનું અનોખું યોગદાન છે. વૈદક શાસ્ત્રમાં સુશ્રુત, ચરક, વાગ્ભટ્ટના ગ્રન્થો આજે પણ ઉચ્ચસ્થાને છે. આ બધું સાહિત્ય સંસ્કૃત ભાષામાં રચાયું તે સંસ્કૃતભાષાનું સર્વોપરિપણું છે. આમ ઈ.સ.પૂર્વે ૩૨૭ થી ઈ.સ. ૧૭૭૬ સુધીમાં સંસ્કૃત ભાષા વિશ્વપ્રસિદ્ધ બની

ગયેલી. બ્રિટિશ કાળ દરમ્યાન ગર્વનર-જનરલ વોરન હેસ્ટિંગ્સે પદ્ધતિસરનો અભ્યાસ કરવાની તેમજ સંસ્કૃતભાષાના સાહિત્યને યુરોપની ભાષાઓમાં ખાસ કરીને અંગ્રેજી ભાષામાં ભાષાન્તર કરવાની પ્રેરણા આપી. જો કે તેનો ઈરાદો બ્રિટિશ શાસન ટકાવી રાખવા કે ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે અનુકુળતા ઉભી કરવાનો હોઈ શકે, પરંતુ તેમ કરવા જતાંય સંસ્કૃતભાષાને જીવંત રાખી વિશ્વપ્રસિદ્ધ કરવાનો યશ તેને આપ્યા વગર છૂટકો નથી. સંસ્કૃત સાહિત્યના ભાષાન્તરો અંગ્રેજી, જર્મન, ફ્રેન્ચ ભાષામાં થતાં, સંસ્કૃત ભાષાની વિદ્વતા અને વૈજ્ઞાનિક રચનાને લીધે આજે પણ યુરોપ, અમેરિકાની યુનિવર્સિટીઓ સંસ્કૃતને મોખરાનું સ્થાન આપે છે. જ્યારે સંસ્કૃતની માતૃભૂમિ જેવા ભારત દેશમાં રાજકારણ અને દ્વેષબુદ્ધિથી સંસ્કૃતની ઉપેક્ષા કરવામાં આવે છે. ભારતની મોટાભાગની ભાષા અને લિપિ પર સંસ્કૃત ભાષા અને બ્રાહ્મી લિપિની અસર છે દ્રવિડ ભાષાઓ પર પણ. દક્ષિણના કેરળ રાજ્યમાં આજે પણ સંસ્કૃતમાં નાટકો ભજવાય છે.

સંસ્કૃત સાહિત્યમાં વૈદિક યુગનો બીજો થર ઈ.સ.પૂર્વે ૮૦૦ સુધીમાં પુરો થયો હોવો જાઈએ. કારણ કે પછી વૈદિક ધર્મનો બૌદ્ધધર્મે પ્રબળ વિરોધ કર્યો છે. આથી સાહિત્યમાં બુદ્ધના વ્યક્તવ્યના ઉલ્લેખો જરૂર આવે. બુદ્ધનો જીવનકાળ **BCE-563 to BCE-483** મૃત્યુનું વર્ષ ઈ.સ.પૂર્વે ૪૮૦ ની આજુબાજુ મુકીએ તો બુદ્ધ મહાવીરસ્વામી પછી ૧૨ વર્ષે થયા અને ૮૦ વર્ષ જીવ્યા.

ઈ.સ.પૂર્વે આશરે ૭૦૦ દરમ્યાન પાણિનિએ સંસ્કૃત ભાષાનું સુદૃઢ વ્યાકરણ બનાવ્યું. અને એકદમ નિયમબદ્ધ ભાષાનું સ્વરૂપ આપ્યું ત્યાર બાદ સૌ વિદ્વાનોએ પાણિનિય સંસ્કૃતનો જ ઉપયોગ કર્યો છે. માત્ર વેદો અને બ્રાહ્મણ- આરણ્યક-ઉપનિષદોની રચનામાં વૈદિક સંસ્કૃતનો ઉપયોગ થયો છે.

વેદોનું અંગ્રેજીભાષામાં રૂપાન્તર કરનાર જર્મન વિદ્વાન મેક્સમ્યુલરે વેદનો રચનાકાળ ઈ.સ.પૂર્વે ૧૨૦૦ નક્કી કરેલો. વેદના જુનામાં જુનો મન્ત્રો અને નવા મન્ત્રોનો તફાવત જે લાગે છે. તે સમજવા માટે ત્રણેક સૈકા જેટલો સમય વ્યતીત થયો હોવો જાઈએ. એટલે કે ઈ.સ.પૂર્વે ૧૩૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૦૦૦ દરમ્યાન બધા વેદોની રચના પુરી થયેલી ગણવી જાઈએ. વેદોની સંસ્કૃત ભાષા અને જરથોસ્તીઓના ધર્મગ્રન્થ ઝેન્દ અવેસ્તાના મંત્રોની ભાષામાં ખૂબ જ સરખાપણું મળી આવ્યું છે. જરથોસ્તીઓ તેમના વતન ઈરાનથી ગુજરાતના સંજાણ બંદરે આવેલા અને ત્યાં રાજ્યાશ્રય મેળવી સ્થિર થયેલા છે.(ઇ.સ.૬૯૬ અથવા ઇ.સ.૯૩૬) આ લોકો પારસી તરીકે ઓળખાય છે. હિન્દુ પ્રજા સાથે દૂધમાં સાકર ભળે તેમ એકરૂપ થઈ ગયા છે. વેદિક આર્યો અને જરથોસ્તીઓના પૂર્વજો એક કાળે સાથે જ હતા પરંતુ જરથોસ્તીઓએ ઈન્દ્રને દેવ તરીકે ન સ્વીકારતા આ જુથ જુદું પડી ગયેલું અને તેઓની રચનાઓનું સંસ્કૃતમાં રૂપાન્તર ન થયું. એમ માની શકાય તેવું છે.

સંસ્કૃત ભાષાની રચનાઓ તેમજ શાસકોના સમય નિશ્ચિત કરવા માટે ભારત સિવાયના વિદ્વાનોની નોંધ જોવી પડે છે. વૈદિક વિદ્વાનોએ અતિ પ્રાચીનતા અને દૈવીપણું સિદ્ધ કરવા કાળગણના તરફ જાણીબુઝીને ઉપેક્ષા સેવી છે. જેનું ઉદાહરણ ''રામાયણ'' છે. રામાયણની રચના તેની શૈલી પરથી અને કેટલાક ઉલ્લેખો પરથી મહાભારતની રચના પછી થઈ હોવા છતાં, આદિકવિ વાલ્મિકિ એ મહાભારત પહેલાં રામાયણની રચના કરી હોવાનું વિદ્વાનો કહે છે. જે પ્રાચ્યવિદ્યાના અવલોકનો સામે સત્ય ઠરતું નથી. (હું માનું છું કે, પાણિનિએ સંસ્કૃત નવપલ્લવિત કર્યા પછી પહેલું કાવ્ય વાલ્મીકિનું હોવાથી વાલ્મીકિ આદિકવિ કહેવાય છે.) વળી સિકંદરની લડાઈ પછી જ ભારતમાં ઐતિહાસિક બનાવો કે સાહિત્યની રચનાઓનો કાળક્રમ જાણી શકાય છે. (ઈ.સ.પૂર્વે ૩૨૫-૩૨૭ દરમ્યાન સિકન્દર ભારતના પશ્ચિમ સીમાડે આવેલો.) ઈ.સ.પૂર્વે ૩૨૨માં આચાર્ય કૌટિલ્યની સહાયથી ચંદ્રગુપ્ત મૌર્યે મગધમાં નંદવંશ ખસેડી મૌર્યવંશની સ્થાપના કરી. ઈ.સ.પૂર્વે ૩૨૩માં સિકંદરનું મૃત્યુ થતા, સિકદંરે મેળવેલો ભારતીય પ્રદેશ ચંદ્રગુપ્તે મગધમાં ભેળવી દીધો. અને ગ્રીસના રાજાઓ સાથે સમાધાનકારી વલણ રાખ્યું. અહીંથી ગ્રીસ સાથે સાંસ્કૃતિક વ્યવહાર પણ શરૂ થયો. અને ભારતમાં બૌદ્ધધર્મના વિકાસની શરૂઆત થઈ. બૌદ્ધ ધર્મના સમય દરમ્યાન ગુપ્ત યુગમાં (મૌર્ય યુગ ઈ.સ.પૂર્વે ૩૨૨ થી ઈ.સ. ૧૮૫ અને ઈ.સ.૩૨૦ થી ઈ.સ.૪૬૮ નો સમય ગુપ્તયુગ તરીકે ઓળખાય છે. ઈતિહાસકારો ગુપ્તયુગને ભારતનો સૂર્વણ યુગ કહે છે.) ચંદ્રગુપ્ત બીજાના સમયમાં ચીની યાત્રી ફાહિયાન (ઈ.સ ૩૯૯) આવેલો. અને બીજા ચીની યાત્રી હ્યુયેનત્સંગ ઈ.સ.૬૩૦ થી ઈ.સ.૬૪૫ દરમ્યાન સમ્રાટ હર્ષવર્ધનના રાજ્યાશ્રયે રોકાયેલો. આ બંને ચીની યાત્રીઓની નોંધો કાળગણના કરવામાં ઘણી મદદરૂપ થાય છે. હવે તો આ પ્રવાસના અહેવાલના અંગ્રેજી તરજુમા પણ મળે છે.

ભારતમાં ત્રણ ખગોળશાસ્ત્રીઓ થઈ ગયા તેઓએ પોતાના ગ્રન્થોમાં રચના સમયની તારીખોને સ્પષ્ટપણે નિર્દેશ કર્યો છે. આર્યભટ્ટ સૌથી જુના ખગોળશાસ્ત્રી છે. જેઓ ગુરુત્વાકર્ષણના નિયમો અને પૃથ્વી સહિત આકાશીય પદાર્થો ગોળા જેવા છે. અને ચોક્કસ ગતિથી આકાશમાં ઘૂમે છે તેવું માનતા, સૂર્યગ્રહણ અને ચન્દ્રગ્રહણનું ગણિત, તેમજ વર્તુળના પરિઘ અને વ્યાસનો ગુણોત્તર જે π(પાઈ-ગ્રીક-વર્ણ=૩.૧૪) કહેવાય છે. તેની મહત્તમ ચોકસાઈ વાળી ગણતરી શોધેલી. આર્યભટ્ટે જ્યોતિષના અને ગણિતના ત્રણ પુસ્તકો પ્રસિદ્ધ થયા છે. दशगीतिसूत्र-आर्याष्टशत अने आर्यभटीय। ગ્રન્થોમાં આપેલા વચન પરથી જાણી શકાય છે. પૂર્વ ભારતના કુસુમપુર ગામે ઈ.સ. ૪૭૬ માં આર્યભટ્ટ નો જન્મ થયો હતો અને ૨૩ વર્ષની ઉંમરે પોતાનો પ્રથમ ગ્રન્થ રચ્યો હતો.

બ્રહ્મગુપ્ત નામના ખગોળશાસ્ત્રીએ ब्रह्मस्फुटसिद्धान्त નામનો ગ્રન્થ પોતાની ત્રીસ વર્ષની ઉંમરે ઈ.સ.૬૨૮ માં લખ્યો હતો. તેમજ સૌથી પ્રખ્યાત ગણિત અને ખગોળના વિદ્વાન ભાસ્કરાચાર્ય ઈ.સ.૧૧૧૪ માં જન્મેલા અને છત્રીસ વર્ષની ઉંમરે सिद्धान्तशिरोमणि નામનો ગ્રન્થ લખ્યો હતો. તે સિવાય करणकुतुहल-लीलावती-बीजगणित ના ગ્રન્થો લખ્યા હતા.

આના ઉપરથી એટલું કહી શકાય કે હ્યુએનસંગ પહેલાની કોઈ પણ સંસ્કૃત રચના ક્યા વર્ષે અને કોણે રચી તેવું ચોક્કસપણે જાણી શકાય નહીં. બુદ્ધની જન્મભૂમિ કપિલવસ્તુ ક્યાં આવી તે ઈ.સ.૧૮૯૬ના ડીસેમ્બરમાં જાણી શકાયું.

મહમૂદ ગિઝની સાથે ઈ.સ.૧૦૧૦માં આવેલ અલ્બેરૂની નામના આરબ વિદ્વાને **Indica** નામનો ગ્રન્થ ઈ.સ.૧૦૩૦માં લખ્યો હતો તે ગ્રન્થ પણ કાળગણના અને ઐતિહાસિક બાબતો પર પ્રકાશ ફેંકે છે.

આધુનિક યુગમાં પ્રાચીન તવારીખોની ચોકસાઈ મેળવવા પ્રાચ્યવિદ્યાના વિદ્વાનો ખૂબ જ ઝીણવટ પૂર્વક પ્રયત્નો કરે છે. ખાસ કરી સાહિત્યના ગ્રન્થોમાં દર્શાવેલા વિચાર, કથન, વાણીનો વિકાસ, આગળના ગ્રન્થકારોનો ઉલ્લેખ, સુપ્રસિદ્ધ રાજવંશ વિષે ટિપ્પણી, ખગોળશાસ્ત્રીય સંદર્ભો, લિપિની શૈલી, સિક્કાઓ, તામ્રપત્રો, શિલાલેખો, સ્તંભલેખો, નદી કે વિસ્તારના પ્રાચીન અને સાંપ્રત નામો, વગેરે બાબતોનો તલસ્પર્શી અભ્યાસ કરી કાળનિર્ણય કરવામાં આવે છે. ભારતીય ઉપખંડનો ઈતિહાસ સિન્ધુ સભ્યતાના ઉત્ખનનનો ખૂબ જ મોટા વિસ્તારમાં પ્રાપ્ત થયા પછી, તેમજ બૌદ્ધ સ્તૂપો અને ગુફાઓ અનેક સ્થળે નિર્જન છોડી દેવાયાની ભાળ મળતાં ઐતિહાસિક અવલોકનો ધરમૂળથી બદલવા પડે તેવી સ્થિતિ નકારી શકાય નહીં. વળી આ બધું બ્રાહ્મણ-શ્રમણના (વૈદિક ઈશ્વર-પરલોક-પૂનર્જન્મમાં માનનારા બ્રાહ્મણ અને ઈશ્વર અને વેદમાં ન માનનારા શ્રમણ) વૈમનસ્યના કારણે ઉભી કરેલી સ્થાનિક લોકવાયકાઓ તટસ્થ ઐતિહાસિક અવલોકનો નોંધવા માટે અવરોધરૂપ હોય છે. (વળી આ સંઘર્ષ ઈ.સ.પૂર્વે ૧૭૦૦થી શરૂ થયો છે. તે ઈ.સ.૧૯૯૦ સુધી એક સરખી રીતે ચાલુ રહ્યો છે. ઈ.સ.૧૯૯૦ માં ભારતીય પ્રજાસત્તાકે વિધિવત્ ઔદ્યોગિક સંસ્કૃતિનો સ્વીકાર કર્યો છે. રશિયા તૂટતા આમ બન્યું અને ઈશ્વરીય અને નીરીશ્વરીય મૂલ્યોમાં ધંધાદારી તત્વ ઉમેરાયું હોવાથી માનવતાને બદલે નફો કેન્દ્રસ્થાને આવી ગયો છે.)

સંસ્કૃત સાહિત્યમાં પ્રાચીન લેખોનું આગવું મહત્ત્વ છે. એના પરથી ભારતીય લેખનકળાના ઈતિહાસ અને તે સમયની સ્થિતિ વિષે જાણી શકાય છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલા જુનામાં જુના લેખો બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિમાં લખાયેલા શિલાલેખો મળી આવે છે. આ શિલાલેખો સમ્રાટ અશોકગુપ્ત મૌર્યના ઈ.સ.પૂર્વે ૨૭૦ થી ઈ.સ.પૂર્વે ૨૩૧ સુધીના શાસનકાળ દરમ્યાન ભારતીય ઉપખંડના ચૌદ વિવિધ સ્થળે ઉત્કીર્ણ કરવામાં આવ્યા છે. જોકે, આ બધા શિલાલેખોની ભાષા સંસ્કૃત નથી પરંતુ સંસ્કૃત ભાષાનું ગ્રામ્ય સ્વરૂપ અથવા સ્થાનિક લોકભાષા તરીકે વપરાતી પ્રાકૃત અને માગધી ભાષાનો ઉપયોગ થયો છે. કેટલાક શિલાલેખોમાં ગ્રીક અને આરામાઈક ભાષાનો ઉપયોગ થયો છે. પ્રાકૃત અને માગધી ભાષા સંસ્કૃતની કેટલી નજીક છે ઉપરાન્ત જુદા-જુદા સ્થળે થતો બોલીભેદ સમજવા કેટલાક વાક્યો અહીં ઉતાર્યા છે.

સંસ્કૃત ભાષાઃ देवानाम् प्रिय प्रियदर्शीन् राजा एवं आह।

ગુજરાતીઃ દેવોના પ્રિય પ્રિયદર્શી રાજાએ આમ કહ્યું.

ગિરનાર (જિ. જુનાગઢ-ગુજરાત): देवानं प्रियो पियदसि राजा एवं आह।

એર્રગુડી (જિ.કર્નુલ-આંધ્ર): देवानं पिये पियदसि राजा हेवं आह।

કાલસી (જિ. દેહરાદૂન-ઉત્તરાંચલ) : देवानं पिये पियदसि लाजा हेवं आहा।

ધૌલી (જિ. પુરી ઓરિસ્સા) : देवानं पिये पियदसी लाजा हेवं आहा ।

જોંગઢ (જિ.ગંજામ-આંધ્ર) : देवानं पिये पियदसी लाजा हेवं आहा ।

શાહબાજગઢી (જિ.પેશાવર-પાકિસ્તાન) : देवनं प्रियो प्रियद्रशि रज --- अह ।

માનસેહરા (જિ.હજારા-પાકિસ્તાન) : देवनं प्रिये प्रियद्रशि रज एव अह ।

ઈ.સ.પૂર્વે ૮૦૦ દરમ્યાન બ્રાહ્મી લિપિનું અસ્તિત્વ જોવા મળે છે. કહેવાય છે કે, સેમેટિક પ્રજા પાસેથી લીધેલા લિપિના બાવીસ ચિન્હો પરથી છેંતાલીસ અક્ષરની બ્રાહ્મી વર્ણમાળાની યોજના ઘડાઇ. વિદ્વાન બ્રાહ્મણો પાસે વેદના રચનાકાળના સમયથી વર્ણના સ્થાન... કણ્ઠ-તાલુ-મૂર્ધા-દન્ત-ઓષ્ઠ્ય અને વર્ણોના ધ્વનિ અને ઉચ્ચારણોની માહિતિ હતી જ. જે ઈ.સ.પૂર્વે સાતમા શતકમાં રચાયેલા પાણિનિના વ્યાકરણમાં સુગ્રથિત થઇ છે.

સંસ્કૃતભાષા માટે નાગરી લિપિનો ઉપયોગ ઇ.સ.૮૦૦ની આસપાસ શરૂ થયો અને સ્થિર થયો. દેવભાષા માટે વપરાતી લિપિને પણ દેવનાગરી લિપિથી ઓળખાઈ પહેલેથી છેલ્લે સુધી નાગરી લિપિમાં લખાયેલો હોય એવો જુનામાં જુનો શિલાલેખ આઠમી સદીમાં મળે છે. તેમજ સંસ્કૃત ભાષાનો નાગરી લિપિમાં હસ્તલિખિત ગ્રન્થ અગિયારમાં સૈકાનો છે. દેવનાગરી લિપિ બ્રાહ્મી લિપિની દક્ષિણ આવૃત્તિના મૂળાક્ષરો પરથી સંશોધિત થઈ છે.

ભારતમાં કાગળની શોધ થઈ તે પહેલાં, ખાસ વૃક્ષોના પાંદડા પર શ્યાહીથી લખવામાં આવતું આ માટે ભોજપત્ર અને તાલપત્ર નો ઉપયોગ થતો. હિમાલયમાં ભૂર્જવૃક્ષોવાળા વિશાળ પ્રદેશો હોવાથી દક્ષિણ ભારત સિવાય ભોજપત્રનો ઉપયોગ થયો છે. દક્ષિણભારતમાં તાલપત્ર પર તીક્ષ્ણ કલમવડે અક્ષરો કોતરવામાં આવે છે. અને તેના પર મેશ કે કોલસો ઘસી અક્ષરો કાળા કરવામાં આવે છે.

હસ્તલિખિત ગ્રન્થોના પાના લાકડાના બે પાટિયા વચ્ચે રાખી તેના પર દોરી વીંટવામાં આવે છે. ૧૧ માં સૈકામાં ધારા નગરીના ભોજરાજાના પ્રખ્યાત પુસ્તકાલયમાં આવા કિંમતી ગ્રન્થોનો સંગ્રહ હતો. આવા પવિત્ર ધર્મગ્રન્થોનું સપ્તાહ કે માસ દરમ્યાન ચોક્કસ સમયે જાહેર વાચન આજે પણ થાય છે. જેને પારાયણ કહેવાય છે. આ વખતે અગાઉની રીત પ્રમાણે લાલ કે સુંદર કપડામાં બે લાકડાના પાટિયા વચ્ચે રાખેલા ગ્રંથને લપેટી તે ગ્રંન્થ કે પોથીનું માનભેર સ્વાગત કરવાની પ્રથા આજે પણ છે. ઘણા બ્રાહ્મણ પરિવારો પાસે હજુએ તેઓના પૂર્વજોએ સાચવેલી હસ્તપ્રતો મળી આવે છે.

આપણે સિન્ધુ સભ્યતાના સંદર્ભે કેટલાક અવલોકનો નોંધીએ તો સિન્ધુ સભ્યતાના અવશેષોમાં માટીની મુદ્રાઓમાં ભાષા કે લિપિના ચિન્હો મળી આવે છે. તે ભાષા અને લિપિ હજી અણઉકેલ છે. તે સમયની અન્ય સભ્યતાઓએ વિકસાવેલી કીલાક્ષરો વાળી લિપિ ઉકેલી શકાઈ છે. સુમેરિયનોની કીલાક્ષરોવાળી લિપિ તેમજ ઈજિપ્તની હાયરોગ્લાફિક લિપિ પ્રાચીનતામાં સિન્ધુ સભ્યતાની અણઉકેલ લિપિ સમકક્ષ કહી શકાય.

ઈ.સ.પૂર્વે૧૨૦૦ની આસપાસ ઈન્ડોઈરાનીયન-ઈન્ડોયુરોપિયન અને દ્રવિડ ભાષાકૂળોની ભાષાના શબ્દભંડોળનો ઉપયોગ કરી સંસ્કૃત ભાષાની રચના કર્યા પછી આર્યોએ પોતાના વતનના ગીતો-શોર્યગાથાઓ-પ્રાર્થનાઓ સંસ્કૃત ભાષામાં પરિવર્તિત કર્યા. આમ ઋગ્વેદ રચાયો જે દુનિયાનું સૌથી પ્રાચીન પુસ્તક છે. અને આજ દિન સુધી મુખપાઠ વડે યાદ રાખવામાં આવ્યો. આપણે હવે સંસ્કૃત ભાષા અને અન્ય ભાષાના શબ્દોની સમાનતા તપાસીશું.

સંસ્કૃત ભાષા દ્રવિડ-ભાષાકુળ, ઈન્ડોઈરાનીયન-ભાષાકુળ અને ઈન્ડોયુરોપિયન-ભાષાકુળની ભાષાઓના શબ્દભંડોળ અને રચનાને મઠારી બનાવવામાં આવી છે. એટલે કે મનુષ્યના કુદરતી ઉચ્ચારણોના ધ્વનિનો શરીરના ધ્વનિઉત્પાદક અવયવો સાથે વૈજ્ઞાનિક સંકલન સાધવામાં આવ્યુ છે. આથી જ આ ભાષાને સંસ્કૃત એટલે કે **Well processed** કહી છે.

સૌ પ્રથમ સંસ્કૃત ભાષા સાથે સમાન કે નજીકના ઉચ્ચારો વાળા અન્ય ભાષાના શબ્દોનું અવલોકન નોંધીશું.

संस्कृत	अरबी	ગુજરાતી	संस्कृत	फारसी	ગુજરાતી
हर्म्य	हरम	મહેલ-રહેઠાણ.	तनु	तन	શરીર
अन्तकाल	इन्तकाल	મૃત્યુ	जानु	जानु	ઘુંટણ
कर्त	क्रात	કાપવું.	अंगुष्ट	अंगुश्त	અંગુઠો
कीर्तन	किरतैअन	પાઠ કરવો. કીર્તન	वदन	बदन	મુખ-શરીર
अजहार	इजहार	કહેવું.	चर्म	चिरम	ચામડું
लोहित	लहु	લોહી.	खर	खर	ગધેડું
दोहन	दुहन	ઘી-માખણ.	श्रृगाल	शगाल	શિયાળ
दैत्य	दियत	લોહી વહેડાવવા વાળો.	ताम्बूल	तम्बूल	પાન
म	मा	નકાર-નહીં.	शिर	सिर	મસ્તક
शरद	शिरत	શર્દી	ग्रीवा	गरेबां	ગર્દન
अज	अज	બકરી	पंच	पंज	પાંચ

संस्कृत	फारसी	અંગ્રેજી	અર્થ
कर्पूर	काफुर	**Camphor**	કપુર

संस्कृत	અંગ્રેજી	અર્થ
मिश्र	**Mix**	મેળવેલું

अहिफेन	अफ्युन	Opium	અફીણ
द्वार	नंदर	Door	દરવાજા
बन्ध	बन्द	Bound	બાંધવુ
षष्ठ	शश	Six	છ
अष्ट	हश्त	Eight	આઠ
मूष	मूश	Mouse	મુષક-ઉદંર
तारा	सितारा	Star	તારો
शर्करा	शकर	Sugar	સાકર
मातर्	मादर	Mother	માતા
भ्रातर्	बिरादर	Brother	ભ્રાતા-ભાઈ
दन्त	दन्द	Dent	દાંત
मनु		Man	માનવ
सुनु		Son	પુત્ર
लोक		LooK	જોવું
हृत्		Heart	હૃદય
सिव		Sew	સીવવું
पथ		Path	માર્ગ
तरू		Tree	વૃક્ષ-ઝાડ
वक्र		Curve	વાંકુ
ऋत्		Right	સાચું

क्रुर	Cruel	ક્રૂર
स्वेद	Sweat	પરસેવો
भ्रष्ट	Worst	ખરાબ
पशुचर	Pasture	ચરવાની જગ્યા
वृन्द	Band	સમુહ
दशमलव	Decimal	દશાંશ
गृद्ध	Greed	લાલચ
उलूक	Owl	ઉલ્લૂ-ઘૂવડ
युयम्	You	તમે
वयम्-ते	We-They	અમે-તેઓ
नाम	Name	નામ
स्था	Stop	ચૂપ.અટકી જાવ
ते	They	તેઓ
स्वसृ	Sister	બહેન
मातृ	Mohter	માતા
पितृ	Father	પિતા
द्वार	Door	દ્વાર-બારણું
चारित्र्य	Character	ચારિત્ર્ય
चेष्टा	Gesture	ચેષ્ટા

સંખ્યાવાચક શબ્દોઃ ઈન્ડોયુરોપિયન જુથની ભાષાનું સંખ્યાવાચક શબ્દ ભંડોળ સંસ્કૃત સંખ્યાવાચક શબ્દો પર સીધી અસર દર્શાવે છે. વળી અંકો આગળ ધપાવવાની શૈલી પણ ખૂબ સમાન જોવા મળે છે. જેમાં ખાસ કરી ગણના દસ સુધી કરવામાં આવે છે. એક થી ચાર સુધીની સંખ્યાના રૂપો પણ બધા લિંગોમાં (પુલ્લિંગ-સ્ત્રીલિંગ- નપુસકલિંગ) વિભક્તિઓ સાથે જોવા મળે છે. જ્યારે પાંચથી દશ સુધીના રૂપમાં ખાસ પરિવર્તન જોવા મળતું નથી. ૧૦ થી ૯૯ સુધીના શબ્દો ૧૦નાં ગુણાંકોમાં એક, બે, ત્રણ ચાર ઉમેરવાની શૈલી સંસ્કૃત અને લેટિન-ગ્રીક-અંગ્રેજીની સામ્યતા તેના પ્રાચીન-ભારત-યુરોપિય ભાષા જુથના શબ્દ સાથે કરી છે.

संस्कृत	प्राचीन भारोपिय	लेटिन	ग्रीस	अंग्रेजी
१ एक	ઓઇનોસ	ઉનો-Uno	ઓઈઓસ-Oios	One
२ द्वि	દુયોઉ	દુએ-due	દુઓ-duo	Two
३ त्रि	ત્રેયસ	ત્રે-Tre	ત્રઈસ-treis	Three

४ चतुर	ક્વત્યોરસ	ક્વાત્ર-**quatre**	તેતોરસ-**tetores**	**Four**
५ पञ्च	પન્કવ	ક્વિંક્વ-**quinque**	પેન્ત-**pente**	**Five**
६ षट्	સ્વક્સ	સેઇ-**sei**	જેસ-**zes**	**Six**
७ सप्त	સપ્તમ	સપ્ત-**sept**	હપ્ત-**hept**	**Seven**
८ अष्ट	ઓકતોઉ	ઓક્ટો-**octo**	ઓક્તો-**octo**	**Eight**
९ नव	નયન	નોવમ્-**novem**	એન-નઅ **en nea**	**Nine**
१० दश	દકમ	દેકમ્-**decem**	દેક-**deka**	**Ten**
१०० शतम्	ક્વમતામ	કેન્તુમ-**centum**	હેકતાન-**hekaton**	**Hundred**
१००० सहस्र	ફારસીમાં હજાર		ખીલીઓઈ-**khilioi**	**Thausand**
११-एकादश				**Ele-One**
१३-त्रयोदश				**Thirteen**
२१-एकवीस				**Twenty One**

અંગ્રેજી મહિનાના નામો અંક સાથે સંકળાયેલા છે. અગાઉ જાન્યુઆરી-ફેબ્રુઆરી માસ નહોતા. જુલાઈ-રોમન રાજવી જુલિયસ સીઝરના નામ પરથી છે. ઓગષ્ટ કોઈ સંતના નામ પરથી છે. બાકી સપ્ટેમ્બર-૭મો માસ, ઓક્ટોબર-૮મો માસ, નવેમ્બર-૯મો માસ, ડીસેમ્બર-૧૦મો માસ સૂચિત કરે છે.

અન્ય સંસ્કૃત સંખ્યાવાચક શબ્દો ઈન્ડોઈરાનીયન અને ઈન્ડોયુરોપિય ભાષાજુથની ભાષાઓ સાથે કેટલા નજીક છે. તે દર્શાવવાનો પ્રયત્ન છે.

સંસ્કૃત.	प्रथम	અવેસ્તા	ફ્તઅમ	
સંસ્કૃત.	द्वितिय	અવેસ્તા	દઈ બિત્ય, બિત્ય	પુરાતન ફારસી દુબિતિય.
સંસ્કૃત.	तृतीय	અવેસ્તા	થ્રિત્ય	લેટિન - **tertius**
સંસ્કૃત.	चतुर्थ	ગ્રીક.	તેતર્તાસ, **tetartos**	
સંસ્કૃત.	पञ्चम	પહલવી	પંજામ	
સંસ્કૃત.	षष्ठ	ગ્રીક	**hektos**, હેક્ટોસ	લેટિન - સેકસ્તુસ- **sextus**
સંસ્કૃત.	नवम	અવેસ્તા	નઑમ	ફારસી - નવમ
સંસ્કૃત.	दशम	અવેસ્તા	દસઅમ	લેટિન – દકિમુસ - **decimus**

સંસ્કૃત અને ઈન્ડોઈરાનિયન જાથની ભાષા અવેસ્તા અને વેદિક સંસ્કૃત સાથે ધ્વન્યાત્મક સામ્ય બહુ સ્પષ્ટ રીતે જોવા મળે છે. આ ભાષા અને વેદના સૂકતો અને મન્ત્રોના સમાનરૂપમાં જ પારસી ધર્મગ્રન્થ ઝેન્દ અવેસ્તામાં જોવા મળે છે. અહીં આપણે સંસ્કૃત સાથે ભાષા-બોલીની સમાનતા બાબત વિચાર કરવાનો છે. જેથી આગળના કેટલાક ઐતિહાસિક અવલોકનો સહેલાયથી સ્પષ્ટ થઈ શકે.

એક અનુમાન છે કે, આર્યોનું એક જુથ ઉત્તર ધ્રૂવના પ્રદેશોમાંથી ચાલતું ચાલતું ઈરાન તરફ આગણ વધ્યું અને ખીવાના ઘાસના મેદાનમાં રોકાયું. **SINTAST(South Russiya)**માં રોકાયું. અહીંથી આ જુથ બે વિભાગમાં વહેંચાઈ ગયું અથવા એકબીજા વચ્ચે નેતાગીરીના પ્રશ્ને વિગ્રહ થતાં છૂટા પડ્યા. એક જુથ પશ્ચિમ તરફ આગળ વધ્યું, પહેલું જુથ ઈરાનમાં સ્થિર થયું જ્યારે બીજું ઇજીપ્ત, અસીરીયા, મિટ્ટાની, હિટ્ટાઇટ પ્રદેશોમાં પ્રભાવ જમાવ્યો. ઇ.સ.પૂર્વે ૧૭૦૦ની આસપાસ એક જુથ ગાંધાર દેશ પાર કરી ખૈબર અને બોલાન ઘાટના માર્ગે સિન્ધુસભ્યતાના સપ્તસિન્ધુના પ્રદેશો તરફ ગયું.

અહીં સુધી આ બંને જુથોની ભાષાના ધ્વનિઓ સમાન અને એકરૂપ જ હતા. પછી ભૌગોલિક-રાજકીય-સામાજિક કારણોને લીધે બંને જુથોનો સ્વતંત્ર રીતે વિકાસ થયો. છતાં ઘણી બધી રૂઢિઓ અને ધાર્મિક પ્રણાલિઓ એક સરખી હતી. આ વાત ઋગ્વેદ

અને અવેસ્તાના તુલનાત્મક અધ્યયનથી સ્પષ્ટ થાય છે. વેદ અને અવેસ્તાની ભાષા કેટલાક ધ્વનિ પરિવર્તનો કરી વૈદિક સંસ્કૃતના રૂપમાં પરિવર્તિત કરી શકાય છે. દાખલા તરીકે અવેસ્તાના ૧૦માં યસ્નની આઠમી ગાથાના મૂળ રૂપ જોતાંઃ

અવેસ્તન : यो यथा पुथ्र अम् तउरुन् अम् हऑम् अम् बन्दएता मश्यो। फ्र आब्यो तनुब्यो हऑमो वीसइते बइशजाइ॥

આ ગાથાને વૈદિક સંસ્કૃતમાં નીચે પ્રમાણે સહેલાયથી ફેરવી શકાય છે.

સંસ્કૃત :   यो यथा पुत्रं तरुणं सोमं वन्देत मर्त्यः। प्र आभ्यः तनुभ्याः सोमो विशते भेषजाय ॥

અહીં થોડા ધ્વનિ પરિવર્તનો સિવાય મોટો તફાવત જાવા મળતો નથી.

આવી રીતે જાણીતા ભાષાવિદ્ ડો. સુનીતિકુમાર ચાટુર્જ્યાએ સંસ્કૃતના સુપ્રસિદ્ધ ગાયત્રીમંત્રનું અવેસ્તામાં નીચે પ્રમાણે રૂપાન્તર કર્યું છે.

સંસ્કૃત : ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य। धीमहि धियो यो नः प्रचोदयात्॥

અવેસ્તામાં રૂપાન્તરઃ तत्सवितुझ् वरइनिअम् भर्गझ् दइवस्य धीमधि। धियझ् यझ् नस् प्रकौदयात् ॥

સંસ્કૃત અને અવેસ્તન બંને ભાષાઓનો વિકાસ એના પુરોગામી ઈન્ડોઈરાનિયન ભાષાસ્વરૂપમાંથી થયો છે. તે ચોક્કસ છે. બીજા ઘણા સંસ્કૃત અવેસ્તાના શબ્દોમાં ધ્વનિ સામ્ય જાવા મળે છે. જેની કેટલીક નોંધ અહીં છે.

संस्कृत	***अवेस्तन***
भूमि	बूमि
सिन्धु	हिन्दु
दधामि	ददामि
हृदय	जरदय
छन्द	जन्द
अग्नि	आतर
असुर	अहुर
धेनु	दएनु
हस्त	जस्त
असमै	अह मै

संस्कृत	***अवेस्तन***
यज्ञ	यस्न
उषा	अउओस
मित्र	मिथ्र
सप्त	हप्त
भरामि	बरामि
कस्मै	कह मै
विश्व	विस्प
इन्द्र	इन्द्र
वायु	वायु
अश्व	अस्प

संस्कृत	***अवेस्तन***	***फारसी***
भातृ	ब्रातर	बिरादर
दुहित्र	दुग्धर	दुख्तर
पितृ	पितर	पिदर
मातृ	मातर	मादर
शरद	सरध	सर्द
संस्कृत	***अवेस्तन***	***अन्ग्रेजी***
उक्षन्	उक्षन	ऑक्ष

વિવંઘહાનનો પુત્ર યમક્ષેત-જમશીદ તે ઋગ્વેદમાં વિવસ્વાનનો પુત્ર યમ છે.

અવેસ્તાની છંદ રચના ગાયત્રી છન્દમાં છે. વેદોમાં પણ ગાયત્રી છન્દનો ઉપયોગ થયો છે.

અવેસ્તાની ઘટનાઓ ઈ.સ.પૂર્વે ૨૨૦૦ થી ઈ.સ પૂર્વે ૬૦૦ દરમ્યાન બની હોવાનું અનુમાન છે. તેવી જ રીતે વેદોની ઘટનાઓ ઈ.સ.પૂર્વે ૨૨૦૦ થી ઈ.સ પૂર્વે ૧૭૦૦ પ્રથમ તબક્કો. ઈ.સ.પૂર્વે ૧૨૦૦ થી ઈ.સ પૂર્વે ૫૦૦ બીજો તબક્કો. માની શકાય. જો કે, આ એક અનુકૂળ ધારણા છે. વેદ અને અવેસ્તામાં આવતાં સમાન નામો આમ કરવા પ્રેરે છે.

ઈન્દ્રપૂજક આર્યોના જુથે અનાર્યોના સમન્વયકાળ દરમ્યાન વેદિક સંસ્કૃત ભાષાની રચના કરી. પોતાના કાવ્યોનું દેવો અને નેતાઓના પ્રશંસાગીતોનું સંસ્કૃતમાં રૂપાન્તર કર્યું. પરંતુ ''અવેસ્તા'' ના આર્યો ઈન્દ્રવિરોધી જુથ હોવાથી અવેસ્તાનું સંસ્કૃતમાં રૂપાન્તર ન થઈ શક્યું.

લાંબો સમય સાથે રહેલી પ્રજામાં ઘણું બધું સામ્ય હોય તે દેખીતું છે.

અહુરપૂજક આર્યોમાં અહુરનો વિરોધી ઈન્દ્ર તે ''પાપમતિ'' ગણાયેલો. ઈન્દ્રપૂજક આર્યોમાં દિતિના પુત્રો દૈત્ય-અસુર ગણાયેલા. ઝેન્દ અવેસ્તાની ત્રીજી ગાથા જે ઈરાની બાદશાહ દારાયસે પોતાના શિલાલેખમાં કોતરાવેલી તે કંઈક આમછે :

''હું અસુરોનો અનુચર છું''..... ''હું અસુરોને વંદુ છું''..... ''હું દેવોનો દ્વેષી છું''..... ''હું દેવપૂજકોનો દ્વેષી છું'' .

દ્રવિડભાષાઓની સંસ્કૃત ભાષા પર અસર :કોલ કે મુણ્ડા ભાષાના શબ્દો સંસ્કૃતમાં સમાવી લીધા છે.
અમ્બ, કદમ્બ, ઉદુમ્બર, જમ્બુ, નારિકેળ, જંઘા, કમ્બલ (કામળો), શાલ્મલિ (શીમળો), બાલ (વાળ), કદલી(કેળ), કપાસ, તાંબુલ, ચાવલ, લકૂટ(લાકડી), લિંગ, બાણ, કુડી(કોડી), મરક્ (મરઘો) વગેરે.

દ્રવિડ શબ્દો સંસ્કૃતમાં...ઉલુખલ, કજ્જલ, કુદ્દાલ, ધુક, ચન્દન, પણ્ડિત, હેરમ્બ, આડંબર, તાંદુલ, કૂલ, કપિ, અટવી, અરવિન્દ, કબરી(ચોટલો), ધમ્મિલ(અંબોડો), કુલત્થ(કળથી), ચાર(વસ્ત્ર), તટ(કોટ-કિલ્લો), પૂજા, કૂન્તલ, કમલ, કુવલય, સ્ત્રી, મહિલા, મુકુટ, મુક્તા.

આર્ય-દ્રવિડ ભાષા પરિવારોના ધ્વનિતંત્ર પર વિચાર કરીએ તો એક વિશેષતા સ્પષ્ટ દેખાય છે કે સંસ્કૃત-આર્ય-ભાષાઓમાં ઘોષ મહાપ્રાણ સ્પર્શ ધ્વનિઓ (ઘ-ઝ-ઢ-ધ-ભ)નો વ્યવહાર થાય છે. દ્રવિડ-પરિવારની ભાષાઓમાં આ ધ્વનિઓનો વપરાશ નહિવત્ છે. તેવી જ રીતે યૂરોપની આર્યભાષાઓમાં પણ ઘ-ઝ-ભ ની ધ્વનિઓનો અભાવ છે. આ આશ્ચર્યજનક સમાનતા છે. પરંતુ આ ધ્વનિ સંસ્કૃત ભાષામાં સુરક્ષિત છે.

સંસ્કૃત ભાષાનો શબ્દ धरा ધરતી, જમીન, પ્રદેશ નો ઉચ્ચાર કોઈ તામિલભાષીને કરવાનું કહીએ તો તે તરા અથવા તેરઇ ઉચ્ચાર કરશે. ફ્રાન્સમાં તેઅર ઈરાનમાં તરા અંગ્રેજીમાં **Terytory** - ટેરીટરી કે **Terestrial** -પરંતુ કેટલાકો લેટિન **Tera** -તેરા શબ્દ ને धरा સંસ્કૃતનું રૂપ માનતા નથી.

તમિળમાં બીજા કેટલાક શબ્દો છે જેમાં घ ध भ ની જગ્યાએ અઘોષ અલ્પપ્રાણ क-त-प ઉચ્ચારણ નીકળે છે. જેમકે, સંસ્કૃત- भाष् તમિલ पेचु બોલવું સં-भज् त-पगु વહેચવું ભાગ પાડવા, સંસ્કૃત-भण् બોલવું. તમિળ-पणि . સંસ્કૃત શબ્દ धामનું ગ્રીકરૂપ दोमोस, લેટિનરૂપ दोमुस् , સંસ્કૃત भ्रात ફારસીરૂપ बिरादर, રશિયનરૂપ ब्रात् , અંગ્રેજી ब्रधर .

આવી જ રીતે દ્રવિડ ભાષાઓ ખાસ કરી તમિળ, મળયાળમ, તેળુગુ અને કન્નડમાં ख थ फ અઘોષ મહાપ્રાણ નો વ્યવહાર ઓછો થાય છે.

અન્ય કેટલાક દ્રવિડભાષાના શબ્દો જેના ધ્વનિ સંસ્કૃત કે અન્ય ગ્રીક, લિટિન ભાષાના શબ્દો સાથે સામ્ય ધરાવે છે. તેની નોંધ કરી છે.

તામિલ-मगवन् = અધિક,બહુ-મોટું. સં. मघवन् – महान् (ઘ ને હ સબંધિત છે જેમકે હત્યા-ઘાત) ગ્રીક मेगस् = વિશાળ, અંગ્રેજી- **Mega,** લેટિન-मग्नुस

સંસ્કૃત સિન્ધુ શબ્દનું ઈરાનીઓએ हिन्दु ઉચ્ચારણ કર્યું, તમિળમાં इन्दु અને इन्दु ઉપરથી રૂસ, ગ્રીક, અંગ્રેજોએ इन्दुस् इण्डस् इण्डिया ઉચ્ચારણો કરેલ છે.

સંસ્કૃત શબ્દોની સરખામણીનો અભ્યાસ કરતા સ્પષ્ટ પણે જણાય છે. કે સંસ્કૃત ભાષામાં રચાયેલી શબ્દની ધ્વનિમૂલક વર્ણવ્યવસ્થા અન્ય ભાષાના શબ્દો કરતા વધારે સુંદર અને આકર્ષક લાગે છે. વળી ધાતુરૂપ અને શબ્દરૂપના પ્રત્યયો સંસ્કૃત ભાષામાં વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા છે.

આથી એમ માનવાને કારણ છે. કે સંસ્કૃત ભાષાની રચના અગાઉ અન્ય ભાષાના શબ્દ ભંડોળનો ઉપયોગ કરી, સુ સંસ્કૃત બનાવ્યા પછી સંસ્કૃત ભાષા માટે ઉપયોગ થયો છે. ટુંકમાં ઈન્ડોયુરોપિયન, ઈન્ડોઈરાનીયન અને દ્રવિડ ભાષા જુથની ભાષાઓનો મઠારેલો વૈજ્ઞાનિક સ્વરૂપ પામેલા શબ્દ ભંડોળ તે સંસ્કૃત ભાષાનો શબ્દકોષ.

વળી ઈન્ડોયુરોપિયન ભાષા બોલતા પ્રદેશો, ઈન્ડોઈરાનીયન ભાષા બોલતા પ્રદેશો અને દ્રવિડભાષા બોલતા પ્રદેશોના લોકોના સમન્વયના પરિપાક રૂપે સંસ્કૃત ભાષાની રચના થઈ છે. એટલે આર્યો એ ઉત્તરધ્રુવના પ્રદેશોમાંથી સ્થળાંતર કરતાં જઈ, ઈજિપ્ત અરબસ્તાન સુધી પહોચી ગયા હોય અને ત્યારબાદ ઈરાન-અફઘાન રસ્તે એક મોટું જુથ આવી ચડ્યું હોય અને સિન્ધુસભ્યતાના અનાર્ય-દ્રવિડ વસાહતીઓ સાથે લાંબા સમયના સંઘર્ષ બાદ સમન્વય સાધી રહી ગયું હોય. ભાષાના આ શબ્દોની સરખામણીની કવાયત એટલા માટે કરવામાં આવી કે કેટલાક ઈતિહાસકારો પોતાના મજબૂત પૂર્વગ્રહ વડે એવું માને છે કે આર્યો હિન્દુસ્તાનના જ મૂળ રહેવાસી હતા અને દુનિયામાં બધે પ્રસરી ગયા હતા અને આ માન્યતાને આધાર રહેતો નથી.

લોકમાન્ય તિલક, કનૈયાલાલ મુનશી અને મેક્સમ્યુલર જેવા વિદ્વાનો માને છે. કે, આર્યોએ ઉત્તરધ્રૂવ-યુરોપ-અરબસ્તાન-ઈરાન વગેરે પ્રદેશો સુધી સ્થળાંતર કર્યું હતું. આ સમય ગાળો ઈ.સ. પૂર્વે ૫૦૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૭૦૦ સુધીનો મુકવામાં વાંધા સરખું નથી.

વળી આ સમુદાયની વર્ણમાળા એ.બી. અલિફ, બે, કે આલ્ફા α -બીટા β થી શરૂ થાય છે. જે નોંધપાત્ર છે. ळ વર્ણનું ઉચ્ચારણ अनार्य-द्रविड જ કહી શકાય કારણ કે બાળપણમાં આ વર્ણનું ઉચ્ચારણ બાળક ન સાંભળે તો પુખ્તવયે બોલવામાં સફળતા મળતી નથી.

ભાષાશાસ્ત્રનો અભ્યાસ કેટલીકવાર ઈતિહાસના પૃષ્ઠો પર પ્રકાશ પાડવા માટેનું ઉપયોગી સાધન છે. દા.ત.
સિંધી ભાષાનું મૂળ સંસ્કૃત-પ્રાકૃત ભાષાઓ છે પરંતુ અરબી શાસન નીચે રહેવાથી લિપિ અરબી વપરાય છે. ઉર્દુ જો કે કોઈ ભાષા ન કહી શકાય, મુસ્લિમશાસકોના સ્થાનિક સૈનિકો પોતાની બોલીમાં અરબી-ફારસી શબ્દોનો પ્રયોગ કરી અરબી વર્ણમાળામાં લખતા. ઉર્દુ ફારસી-અરબી શબ્દોની બહુલતાવાળી હિન્દી ભાષા જ કહી શકાય. બ્રાહુઈ ભાષા પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાન્તમાં બોલાય છે. આ બ્રાહુઈ ભાષા દ્રવિડકુળની ભાષા છે અને સુદૂર દક્ષિણમાં વસતા દ્રવિડો કયારેક ઉત્તરમાં વસતા હોવાનો સંકેત આપે છે. શ્રીઆસ્કો પારપોલા નામના વિદ્વાને પોતાના પુસ્તકમાં બ્રાહુઇ ભાષા પર ઘણું ચિન્તન કર્યું છે.

ભાષાશાસ્ત્રનો અભ્યાસ અને સર્વેક્ષણ ઘણીવાર રાજકીય કે ધર્મપ્રચારના હેતુ માટે થઈ શકે છે. જેમકે.... સંસ્કૃત સિવાય તામિળભાષા અત્યન્ત પ્રાચીન છે. તામિળ ભાષાનું વ્યાકરણ પણ પ્રાચીન છે. તામિળ ભાષાના શિલાલેખો પણ બીજી ભાષાઓની સરખામણીમાં વધુ પ્રાચીન મળ્યા છે. આધુનિક ભારતીય ભાષાઓમાં લેખિત સાહિત્યની પરંપરા પણ તામિળની છે. તમિળભાષીઓએ આ વાતનું ગૌરવ લેવું જાઈએ. પરંતુ આનો રાજનીતિક ઉપયોગ ખરાબ રીતે થઈ શકે કે, દ્રવિડ ભાષાઓને સદાય એવું કહેવામાં આવ્યુ કે આર્યોએ દ્રવિડ-ભાષાઓનું દમન કરી સંસ્કૃતિનો નાશ કર્યો, ઉત્તરમાંથી દ્રવિડોને ભગાડી મુક્યા, દાસ બનાવ્યા, દક્ષિણમાં બ્રાહ્મણોએ ઉત્તરભારતના દલાલોનું કામ કર્યું. ભારત સ્વતંત્ર થયું તો પણ ઉત્તરની હિન્દી ભાષાનું વર્ચસ્વ વધાર્યું. તો દ્રવિડભાષીઓનું રાજ્ય જુદું કેમ ન કરવું! દ્રવિડભાષી રાજ્યો ખાસ કરી તામિલનાડુમાં હિન્દી ભાષા તરફ ખાસ અણગમો છે.

ગઈ શતાબ્દિમાં કોલ્ડવેલે પોતાના પુસ્તક ''એ કમ્પેરેટિવ ગ્રામર ઓફ દ્રાવિડીયન ઓર સાઉથ ઈન્ડિયન ફેમિલિ ઓફ લેંગ્વેજીજ'' લખ્યું ત્યારે તેણે એ વાત પર ભાર મૂક્યો કે દ્રવિડ ભાષા બોલવા-વાળા અધિકતર અ-બ્રાહ્મણ છે. સંસ્કૃત પરથી ઉતરી આવેલી ભાષાઓ સાથે તઓનો કોઈ મૌલિક સમ્બન્ધ નથી વગેરે. પણ તેનો ઈરાદો રાજનૈતિક વિભાજન કરતાં દ્રવિડો ઈસાઈ બની જાય તો સંસ્કૃત અને બ્રાહ્મણથી મુક્ત થઈ જાય!

ગિયર્સને હિન્દુ-મુસ્લિમવિભાજન લક્ષમાં રાખી ભારતીય-ભાષાઅઓનું સર્વેક્ષણ કર્યું. અહીં દ્રવિડ-આર્ય વિભાજન રાજનીતિ ગૌણ હતી. હિન્દુઓની ભાષા હિન્દી છે મુસ્લિમોની ભાષા ઉર્દુ છે પરંતુ તેણે ક્યાંય એમ ન કહ્યું કે ૯૦% મુસ્લિમો ઉર્દુને બદલે સ્થાનિક ભાષા જ બોલે છે.

ઈ.સ ૧૯૪૭ માં ભારતની સ્વતંત્રતા પછી ભાષાવાર રાજ્ય રચનામાં ભાષા વિજ્ઞાનના વિદેશી પુસ્તકોનો ફાળો અવગણી શકાય તેવો તો નથી જ. આજે પણ મહારાષ્ટ્રમાં બીન-મરાઠી-ભાષી ભારતીયો તરફ ઓરમાયું વર્તન રાખવામાં આવે છે.

આ બધું ય જાતાં એ વાત ખરી છે કે ભારતના બુદ્ધિશાળી સંશોધકોને અવગણવામાં આવ્યા અથવા તેઓએ વધારે પડતું રૂઢિચુસ્તપણું દાખવ્યું.

<u>સંસ્કૃત ભાષાને જો ભારતીયોએ પ્રાધાન્ય આપ્યું હોત તો આ એક જ ભાષા આર્ય-દ્રવિડ કે ઉત્તર-દક્ષિણની ભાષાઓની માતા સમાન છે. તેની વૈજ્ઞાનિક વર્ણમાળા-ઉચ્ચારણો-વ્યાકરણ બધું એટલું બધું અઘરૂં પણ નથી. વળી આ બાબત રાષ્ટ્રીય સંગઠન માટે ઉપયોગી નિવડી હોત, તે ઉપરાન્ત વિદેશોમાં ખાસ કરી અમેરિકા કે કેનેડા. યુકેમાં ભારતીય વસાહતીઓનું સંગઠન સાધી શકાયું હોત અને રાજકીય લાભો મેળવી શકાયા હોત! પરંતુ વિદેશોમાં પણ ભાષાવાર સમાજો અસ્તિત્વમાં છે. ગુજરાતી સમાજ-પંજાબી સમાજ વગેરે. ખૂબ મોડેથી સંસ્કૃતનું મહત્ત્વ સમજાયું છે તે આનન્દની વાત છે. જેમાં ઈન્ટરનેટ પર દેખાતી સંસ્કૃતની વેબસાઈટો મોટો પુરાવો છે.</u>

<u>*સંસ્કૃતની શાસ્ત્રીયતા વૈજ્ઞાનિકપણું અને સરળતા કોઈ પણ સંજાગોમાં અવગણી શકાય તેવા છે જ નહીં.*</u>

સિન્ધુ સભ્યતાની આદિપ્રજા ભારતીય ઉપખંડની જ મૂળ પ્રજા હોય તેમ માની લઈએ તો સિન્ધુસભ્યતાની લિપિ કે ચિત્રલિપિ આપણે હજી સુધી સફળતાથી ઉકેલી શક્યા નથી. પરંતુ દ્રવિડ સંસ્કૃતિના લોકો, એક માન્યતા પ્રમાણે ફિનો-ઉગ્રિયન (પશ્ચિમોત્તર યુરોપ-ફિનલેન્ડ) અને કોલ કે મુણ્ડા ભાષા પરિવાર જેનો સંબંધ ઓસ્ટ્રો-એશિયાટિક ભાષા પરિવારો સાથે માનવામાં આવે, તો આ દ્રવિડ લોકોએ આદિ સિન્ધુપ્રજાની સંસ્કૃતિ ખૂબ જ સરળતાથી અપનાવી દુધમાં સાકરની જેમ ભળી ગયા હોવા જાઈએ. આથી ઈ.સ.પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ.પૂર્વે ૧૭૦૦ દરમ્યાન આદિ સિન્ધુ પ્રજાએ વિકસાવેલી સંસ્કૃતિને અનાર્ય કે દ્રવિડ સંસ્કૃત તરીકે ઓળખવામાં જરાય વાંધાસરખુ નથી. અને આ સંસ્કૃતિએ જ સાંખ્ય, યોગ, તન્ત્ર, લિંગપૂજા, નીરીશ્વરવાદ ચોક્કસપણે વિકસાવ્યો હોવાનું માની શકાય તેમછે. સુંદર ભાષા, લિપિ, સાહિત્ય, નૃત્ય, અને કલા પણ સંપૂર્ણ વિદ્વતાથી વિકસાવેલી, ગણતન્ત્રશાસનપ્રણાલિ, બહુપતિત્વ પ્રથા સાથેનો સમાજ, ખેતી, પશુપાલન વડે ગાય અને વૃષભને ખાસ મહત્ત્વ આપી, વધુમાં વધુ લોકો સુખી થાય, (અહીં પૃથ્વી પર જ! સ્વર્ગમાં કે આવતા જન્મે નહી!) તેવી સંસ્કૃતિ વિકસાવી હોવાના ચોક્કસ ઐતિહાસિક પુરાવાઓ મેળવી શકાય છે.

ભાષા-લિપિ માનવીના સ્થળાંતર, વતન, રાષ્ટ્ર અને એકતાના ઈતિહાસ ઉકેલવાનું આગવું સાધન છે તેની અવગણના કરી શકાય નહીં. દુનિયામાં સંસ્કૃત ભાષા જેટલી વૈજ્ઞાનિક અને સુન્દરભાષા ક્યાંય નથી. નાગરી-લિપિ પણ એક ઉત્કૃષ્ટ લિપિ છે. તેટલું યાદ રાખવું જરૂરી છે.

સિન્ધુસભ્યતાની વાતોના અનુસન્ધાને એટલું કહી શકાય કે સિન્ધુ સભ્યતાની લિપિ વિદ્વાનોના ઘણા પ્રયત્નો છતાં હજી સુધી અણઉકેલી રહી છે. જેનું કારણ પરાજિત થયેલી પ્રજાની લિપિ-ભાષા તરફ અવગણના હોઈ શકે! સંસ્કૃતભાષાની રચના આર્યો-અનાર્યોના સમન્વયની ઉપજ છે આથી આર્યોના મૂળવતનની ભાષાઓ (ઈન્ડોયુરોપિયન અને ઈન્ડોઈરાનીયન જુથની ભાષાઓ)ના શબ્દભંડોળનો ઉપયોગ થયો છે. આવા શબ્દભંડોળમાં દ્રવિડભાષાના શબ્દભંડોળનો પણ ઉપયોગ કરી દરેક શબ્દો **Well processed** કરી સંસ્કૃત ભાષાની રચના થઈ છે. લિપિની બાબતમાં ઋગ્વેદ સૌ પ્રથમ કઈ લિપિમાં લખવામાં આવ્યો તે સ્પષ્ટ થતું નથી. આર્યો ભારતીય ઉપખંડના જે મૂળનિવાસી હતા અને અહીંથી વિશ્વભરમાં પ્રસરી ગયાની વાતને તટસ્થ પુનર્વિચારણાની જરૂર છે. જે માટે ભાષાશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે. જેનો શક્ય એટલો પરિચય આપવાનો અહીં પ્રયાસ કર્યો છે.

===

૧૪.યુરોપિયનપ્રજા અને સંસ્કૃત ભાષા.

સંસ્કૃત ભાષા અને સાહિત્યનો વિશ્વકક્ષાએ જ્યારે અભ્યાસ શરુ થયો ત્યારે દુનિયા સંસ્કૃતની મહાનતાના પરિચયમાં આવી શકી. એનું શ્રેય યુરોપિયન વિદ્વાનોને દીધા સિવાય છૂટકો નથી.

આપણે તો પરાજિત પ્રજા હતા. ઇસ્લામે ભારત પર જીત મેળવી. હિન્દુઓને કાફર કહ્યા, બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવ્યું; આપણા મંદિરો-સ્થાપત્યોનો નાશ કર્યો, સંપત્તિ લૂંટી. સંસ્કૃતિનો નાશ કરવામાં જરાય પાછું વાળીને જોયું નથી. *૧૧૯૩માં બખ્તિયાર ખિલજી નામના તુર્કીશ સેનાપતિએ માત્ર ૨૦૦ ઘોડેસવારોના સૈન્ય વડે નાલંદા વિદ્યાપીઠના હજારો બૌદ્ધ સાધુઓને બહાર કાઢી કતલ કરી નાખી, સળગાવી મૂક્યા, ૯૦લાખ પાણ્ડુલિપિઓના ત્રણ પુસ્તકાલયોને આગ લગાડી દીધી જે ચાર મહિના સુધી ભભૂકતી રહી. ઇસ્લામનો પ્રચાર કરવા શક્ય તેટલા અત્યાચાર હિન્દુઓ પર કરેલા.

ભારતમાં ૧૮૯૮માં યુરોપિયન વાસ્કો-ડી-ગામા આવ્યો અને ટૂંક સમયમાં કેરળના રાજા-સામુદ્રી-ઝામોરીન-ની દગાથી હત્યા કરી, સંપત્તિના વહાણો ભરીને પોર્ટુગાલ લઇ ગયો. ગોવા અને અન્ય સ્થળોએ પોર્ટુગીઝ સંસ્થાનો ઊભા કર્યા. આ લોકો એક હાથમાં તલવાર અને એક હાથમાં ક્રોસ લઇ આવેલા, પોર્ટુગીઝોનો પ્રવાસહેતુ પણ ધન અને ખ્રિસ્તી ધર્મના પ્રસારનો હતો. તેઓના સંસ્થાનોમાં ખ્રિસ્તીધર્મી સિવાયના અન્ય ધર્મીને નાસ્તિક ગણવામાં આવતા અને નાસ્તિકોને રિબાવી-રિબાવીને મારી નાખવામાં આવતાં. આ કામ ગોવામાં સ્થાપેલી ઇન્ક્વીઝીશન કોર્ટો કરતી. આ પદ્ધતિ વડે સ્થાનિક પ્રજાને સામૂહિક રીતે ખ્રિસ્તીધર્મમાં પરિવર્તિત કરવા મોટી સફળતા મળી. ઈસ્લામ પછી ખ્રિસ્તીઓનો હિન્દુઓના ધર્માંતરણ માટે થતાં અત્યાચારનો બીજો કડવો અનુભવ હતો.

અન્ય યુરોપિયન પ્રજા કરતા વ્યાપાર અને ધન કમાવા ઉપરાંત શાસન કબજે કરવામાં બ્રિટિશ પ્રજા વધુ સફળ રહી. ધન અને સત્તા મેળવવા માટે હિન્દુ પર અત્યાચાર તો સામાન્ય બાબત હતી પણ ખ્રિસ્તીધર્મના પ્રચાર માટે અન્ય યુરોપિયન વિજેતાઓ જેટલી ક્રૂરતા અપનાવી નથી. ગવર્નર જનરલ વોરન હેસ્ટીંગ્ઝના સમયમાં હિન્દુ મુલકો પર રાજ્ય વહીવટની કેટલીક વ્યવહારુ જરૂરિયાતોને લીધે સંસ્કૃતના અભ્યાસની પ્રથમ પ્રેરણા મળી હતી. હિન્દુઓ પર સરળતાથી રાજ્ય ચલાવવા માટે હિન્દુઓના કાયદાઓ અને રૂઢિઓને વળગી રહેવું તેમાં જ લાભ છે એવું તેણે સ્પષ્ટ જોયું.

The first impulse to the study of Sanskrit was given by the practical administrative needs of our Indian possessions. Warren Hastings, at that time Governor-General, clearly seeing the advantage of ruling the Hindus as far as possible according to their own laws and customs, caused a number of Brahmans to prepare a digest based on the best ancient Indian legal authorities. An English version of this Sanskrit compilation, made through the medium of a Persian translation,was published in 1776. The introduction to this work, besides giving specimens of the Sanskrit script, for the first time supplied some trustworthy information about the ancient Indian language and literature.

— "A History of Sanskrit Literature" By Arthur A. Macdonell.

વૈદિક સાહિત્યને ભ્રષ્ટ કરવા માટે ૧૫મી ઓગષ્ટ ૧૮૧૧ના રોજ કર્નલ બોડેન નામના વ્યક્તિએ ઓક્સફોર્ડ વિશ્વવિદ્યાલયને પોતાના વીલ પ્રમાણે પુષ્કળ ધનરાશિ આપી. અને એવી શરત રાખી કે, આમાંથી અંગ્રેજોને આર્ય-સાહિત્યનું જ્ઞાન આપવામાં આવે, જેથી તેઓ એ સાહિત્ય જાણી હિન્દુઓને ઇસાઇ બનાવી શકે.

ઓક્સફોર્ડ વિશ્વવિદ્યાલયમાં સંભવિત રીતે મેક્સમ્યુલર માટે ખાલી પડતી જગ્યા રદ્દ કરી મોનિયેર વિલિયમ્સને સોંપવામાં

---

* મહેન્દ્રાદિત્ય કુમારગુપ્ત પ્રથમે ઇ.સ.૪૫૦-૪૭૦ દરમ્યાન નાલંદા વિદ્યા વિહાર બંધાવ્યું. ઇ.સ.૧૧૯૩માં ૨૦૦ ઘોડેસવારોએ હુમલો કરી ૨૦-હજાર વિદ્યાર્થીઓ અને ૨૦૦૦-અધ્યાપકોને ગાજર મૂળાની જેમ કાપી નાખવામાં આવ્યા. ત્રણ પુસ્તકાલયો સળગાવી નાખ્યા; છ મહિના સુધી આગ ભભૂકતી રહી. આઝાદીને ૭૩ વર્ષ થયા છતાં પણ રેલવેસ્ટેશનનું નામ બખ્ત્યારપુર-જંકશન આપણા માથામાં મારવામાં આવે છે. બીજો કોઈ દેશ હોત તો આવા વિદ્યાલયનો ક્રૂરતાથી નાશ કરનારના નામ પર થૂંકત પણ નહીં. બિહારમાં ભારતીય ગરીબો ગાઝીબાબાના નામે પૂજા અર્ચન કરે છે માને છે; આ કરૂણ ઘટના છે

આવી. મ્યુલર પર ઋગ્વેદના ભાષાન્તર પછી ખ્રિસ્તી વિરોધી આક્ષેપો મુકવામાં આવ્યા હતા. બોડેન ટ્રસ્ટનો ઉદ્દેશ આમ હતો.

Chair of oriental studies and the Oxford University under Boden Trust, whose chief object was as follows as given by Monier William in the Introduction to his well known Sanskrit English Dictionary.

"That the special object of his (Boden's)- munificient bequest was to promote the translation of the scriptures into English, so as to enable his countrymen to proceed in the conversion of the natives of India to Christian religion." —

એટલે આપણે પ્રથમ દૃષ્ટિએ તો માનવું પડે કે, આ વિજેતાઓ ખ્રિસ્તીધર્મી છે, સરળતાથી હિન્દુઓ પર શાસન કરવા સંસ્કૃતનો અભ્યાસ કરે છે. ખ્રિસ્તીધર્મની સૂચના છે કે, પરાજિતોના શાસ્ત્રો કરતાં ખ્રિસ્તીધર્મના શાસ્ત્રો મહાન છે. અને આ સ્વાભાવિક છે, _કઠોર ઉપક્રમ તો છે જ. પણ આખી નાલંદાની લાઇબ્રેરી સળગાવી નાખવા જેટલો ક્રૂર નથી._

વળી તમે દરેક વિદ્વાનો પાસેથી સંસ્કૃત શીખવાનું તારણ જુઓ તો.... પ્રથમ જેના (ખ્રિસ્તી શાસકો) તરફથી પગાર મેળવી વર્ષો સુધી સંસ્કૃતનું સંશોધન કર્યું તેનું માન સચવાય એવા નિર્ણયો આપ્યા છે. કોઈકે વધારે ઝનૂન બતાવ્યું છે, પરંતુ મોટાભાગના વિદ્વાનો સંસ્કૃત ભાષા અને સાહિત્યથી ખૂબ પ્રભાવિત થયા છે; અને અંતરથી અભ્યાસ કરનારાની સંખ્યા મોટી છે. ઘણા ભારતીય વિદ્વાનો યુરોપિયન વિદ્વાનોની ટીકા કરે છે; પરંતુ અહીં ભીષ્મની પશ્ચાદભૂમિ નજરમાં રાખવી જોઈએ. "દુર્યોધન સાથે અર્થથી સંકળાયેલા ભીષ્મ, દ્રૌપદીના ચીરહરણ વખતે દ્રૌપદીનો બચાવ ન કરી શક્યા." તે યાદ રાખવું ઘટે.

એક ભારતીયને જેટલું સંસ્કૃત સમજવું સહેલું પડે એના કરતા યુરોપિયનોને સમજવું થોડું વધારે મુશ્કેલ તો હોય જ. છતાં અથાગ પ્રયત્નો કરીને ય સંસ્કૃત શીખ્યા અને પોતાના વતનના વિદ્વાનોને શીખવવાનો પ્રયત્ન કર્યો. પોતાની યુનિવર્સિટિઓમાં સંસ્કૃતના ખાસ વિભાગ ખોલ્યા. શ્રેષ્ઠ પુસ્તકોને લાઇબ્રેરીઓમાં સ્થાન આપ્યું. પુસ્તકો છપાવ્યા. હસ્તલિખિત ગ્રન્થોની સૂચિઓ તૈયાર કરાવી. તેમ જ સાચવીને રાખવાની વ્યવસ્થા ગોઠવી. આમ યુરોપમાં સંસ્કૃત સાહિત્યનો પ્રસાર કરવા માટે. બ્રિટિશ, જર્મન અને ફ્રેન્ચ વિદ્વાનોએ જીવનભર પ્રયત્નો કર્યા. તે ભૂલી શકાય તેમ નથી. આ જ અરસામાં અમેરિકામાં પણ સઘન પ્રયત્નો થયા. અને વિશ્વ સંસ્કૃત સાહિત્યની મહાનતાના પરિચયમાં આવ્યું. તુલનાત્મક ભાષાવિજ્ઞાનના અભ્યાસની એક નવી શાખા શરુ થઇ.

બ્રાહ્મી લિપિનો ઉકેલ પણ જેમ્સ પ્રિન્સેપ નામના વિદ્વાને શોધેલો. જંગલમાં છુપાયેલા અજંતાના અવશેષો કોઇ બ્રિટિશ સૈનિકે દુનિયા સમક્ષ મુકેલા. સિન્ધુસભ્યતાના અવશેષો જ્યારે મળ્યા ત્યારે તેનું ખુબ જ સાચવીને સંશોધન કરવામાં આવેલું. પણ પોર્ટુગીઝ સૈનિકોએ એલિફન્ટાની ગુફાની મૂર્તિઓને ફાયરિંગ પ્રેક્ટિસના નિશાન બનાવેલાં! જે આજે ય જોઇ શકાય છે.

આપણે અંગ્રેજ પ્રજાના ભારતના કલા-સાહિત્ય-ઇતિહાસના વારસા તરફ સંશોધન-સુરક્ષાના વલણને ખરેખર આવકારવું જોઇએ. એવા ઘણા પ્રસંગો છે જેમાં અંગ્રેજોએ અન્ય વિદેશી વિજેતાઓ (ખ્રિસ્તી કે, ઇસ્લામ) જેવી ક્રૂરતા વિદ્યા પ્રત્યે રાખી નથી.

ભારતીયોના લિપિ સંશોધનના અભ્યાસ માટે કટાક્ષભર્યો ટુચકો છે મોગલ રાજા અકબરે દિલ્હીના અશોકના સ્તંભ પર શું લખ્યું છે તે ઉકેલી આપવા ફરમાન કર્યું. ભારતીય વિદ્વાનોએ (લાલબૂઝક્કડોએ) બ્રાહ્મીના લેખો વાંચી કહી દીધું કે, આમાં બાદશાહની પ્રશસ્તિ કરી છે અને એનું રાજ્ય અચળ રહે તેવી ભવિષ્યવાણી કરી છે. અકબરે કેટલું સાચું માન્યું હશે, તે કહી શકાતું નથી! પણ ૪૦૦વર્ષ પહેલાં લિપિ ઉકેલવાના પ્રયત્નો શરુ થઇ ગયેલા.

ખરેખર તો અશોકના વારસો એ અંદરોઅંદર લડી રાજ્ય ગુમાવ્યું. જે પરિસ્થિતિ સેનાપતિ પુષ્યમિત્ર સંભાળી લીધી. પુષ્યમિત્ર બ્રાહ્મણધર્મી-વેદધર્મી હોવાથી બૌદ્ધધર્મે રાજ્યાશ્રય ગુમાવ્યો. અને બ્રાહ્મણધર્મને પોતાનો ધર્મ વિકસાવવાની તક મળી. લિપિની બાબતમાં બ્રાહ્મી અશોકે બૌદ્ધ ધર્મના પ્રચારમાં આખી દુનિયામાં વાપરી લીધી હતી. બ્રાહ્મણધર્મને શ્રમણધર્મીઓ પર ઘૃણા હતી એટલે બ્રાહ્મી લિપિ પરથી જ અન્ય સ્થાનિક લિપિ ઘડી કાઢી; બ્રાહ્મી લિપિ ભૂલવાડી દેવાનો એક સફળ પ્રયત્ન થયો હોય તેવું લાગે છે. જૈનો તો બ્રાહ્મી (પ્રાકૃતમાં બમ્ભી) નામની ઋષભદેવની દીકરીએ આ લિપિની રચના કરી હોવાનું કહ્યું છે, પણ અશોકના શિલાલેખો ઉકેલવા જૈન વિદ્વાનો સદાય નિષ્ક્રિય રહ્યા હતા. એટલે આપણે એવા અનુમાન પર આવી શકીએ કે શૃંગકાળથી બ્રાહ્મી લિપિ અવગણવાનું શરુ થયેલું અને સ્થાનિક લિપિને પ્રોત્સાહન અપાયું. સંસ્કૃત દેવભાષા માટે દેવનાગરી લિપિ સ્થિર થઈ. દરમ્યાન બૌદ્ધધર્મ સમૂળગો ભારતમાંથી દૂર થયો અને બ્રાહ્મી લિપિ કાળની ગર્તામાં ધકેલાઇ ગઇ. *ભારતીય ઇતિહાસ ધર્મોના સંઘર્ષ નીચે સદાય ગુંચવાયેલો રહ્યો છે.

---

* સિન્ધુ સભ્યતા સાંખ્ય અને યોગનો પ્રસાર....... સાંખ્યના પુરુષ પ્રકૃતિ લિંગ યોનિના પ્રતિક રૂપે પ્રચલિત છે. ધર્મ અને આધ્યાત્મની તદ્દન વાસ્તવિકતાની નજીક છે. સ્વર્ગ-નર્ક, પૂર્વજન્મ, અવતાર, મોક્ષ જેવી કોઈ કાલ્પનિક બાબતોને સ્થાન નહીં. (ઇ.સ.પૂર્વે ૩૫૦૦ થી ૧૭૦૦) Polyandry સમાજ. મહાભારતમાં પ્રતિબિમ્બ છે.

વેદિક ધર્મ........ સ્વર્ગ-નર્ક, પાપ-પુણ્ય, પૂર્વજન્મ-પુનર્જન્મ, ઇશ્વર, અવતાર, મોક્ષ, અને સ્વર્ગના સુખોની પ્રાપ્તિ, ભૌતિક સુખ-સંપત્તિની પ્રાપ્તિ માટે હોમ-હવન. વર્ણાશ્રમ ધર્મ.... શૂદ્રો અને સ્રીઓની અવગણના. (ઇ.સ.પૂર્વે ૧૨૦૦ થી ઇ.સ.પૂર્વે ૮૦૦ અને ઇ.સ ૧૮૫ થી સાંપ્રતકાળ સુધી)

જૈન ધર્મ પાર્શ્વનાથ-મહાવીર..... અહિંસા-તપ અને ત્યાગને પ્રાધાન્ય. વેદ-વિરોધ, ઇશ્વર-વિરોધ. અસલ સિન્ધુ સભ્યતાના ધર્મ સાંખ્ય અને યોગ પર આધારિત હોવાનું કહી શકાય તેમ છે. પાર્શ્વનાથ-મહાવીરના સમયથી, એટલે કે, ઈ.સ.પૂર્વે૮૦૦ થી જૈન નામે નવા સ્વરુપે; સાંપ્રતકાળ સુધી અસ્તિત્ત્વ ધરાવે છે.

આપણે ફરી પાછા મૂળ વાત પર આવીએ કે યુરોપિયનોએ સંસ્કૃત ભાષાના સાહિત્યને વિશ્વમંચ પર લાવી માનમરતબો અપાવ્યો છે. (ભલે ખ્રિસ્તી-હિન્દુના વેરભાવે પણ).

વોરન હેસ્ટિંગ્ઝના ઉત્તેજનથી યુરોપના લોકોને સંસ્કૃત ગ્રંથોનો પરિચય કરાવવાનું સૌ પ્રથમ પગલું ચાર્લ્સ વિલ્કિન્સે ભર્યું. કાશીમાં રહી ૧૭૮૫માં ભગવદગીતાનું એક ભાષાન્તર પ્રસિદ્ધ કર્યું. ત્યાર પછી બે વર્ષે ૧૭૮૭માં હિતોપદેશ વાર્તાસંગ્રહ અંગ્રેજીમાં પ્રસિદ્ધ કર્યો.

પશ્ચિમમાં સંસ્કૃત ભાષાના અભ્યાસની શરૂઆત કર્યાનું અને યુરોપિયનોને સંસ્કૃતના અભ્યાસની પ્રેરણા આપવાનું શ્રેય સર વિલિયમ જોન્સ(૧૭૪૬-૯૪)ને ફાળે જાય છે. આ તેજસ્વી અને વિવિધ વસ્તુગ્રાહી બુદ્ધિવાળા પૂર્વની વિદ્યાના અભ્યાસીનું જીવન ટૂંકું નિવડ્યું. હિન્દુસ્તાનમાં માત્ર ૧૧વર્ષ જ ગાળી શક્યા, પણ એટલામાં પોતાની અવિરત સાહિત્ય પ્રવૃત્તિથી, ઇ.સ.૧૭૮૪માં બંગાળની એશિયાટિક સોસાયટી સ્થાપીને એણે પ્રાચીન હિન્દુસ્તાનના અભ્યાસ વિશે પશ્ચિમના લોકોમાં ભારે કુતૂહલ જગાવ્યું. પોતે પણ ખૂબ ઝડપથી સંસ્કૃત શીખી લીધું.૧૭૮૯માં 'શકુંતલા' નામના ઉત્તમ સંસ્કૃત નાટકનું ભાષાન્તર પ્રસિદ્ધ કર્યું જેને હેર્ડર અને ગેથે જેવા વિદ્વાનોએ ઉત્સાહથી વધાવી લીધું. ત્યારબાદ 'મનુસ્મૃતિ' અને 'ઋતુસંહાર' પણ ૧૭૯૨માં પ્રસિદ્ધ થયા.

હેનરી થોમસ કોલબ્રુક(૧૭૬૫-૪૮૩૭)ના યશસ્વી નામ આગળ આવીએ છીએ. તેની વિચારશક્તિ સામાન્ય કરતા વધારે પ્રૌઢ હતી. સંસ્કૃત સાહિત્યની લગભગ દરેક શાખા તરફ લક્ષ આપી, ઘણા ગ્રંથોના ભાષાન્તર, નિબંધ પ્રગટ કરેલા. એના મજબૂત પાયા પર પાછળના વિદ્વાનોએ સુંદર ઈમારત તૈયાર કરી.

એલેકઝાન્ડર હેમિલ્ટન(૧૭૬૫-૧૮૨૪) નામના અંગ્રેજે ભારતમાં રહી સંસ્કૃતનું સારું જ્ઞાન મેળવ્યું હતું. તે ૧૮૦૨માં ફ્રાન્સ થઈ ઇંગ્લેન્ડ જતો હતો ત્યારે, ઇંગ્લેન્ડ અને ફ્રાન્સની તકરાર શરૂ થતાં, નેપોલિયને સઘળા અંગ્રેજો વિરુદ્ધ હુકમ બહાર પાડ્યો અને હેમિલ્ટનને પેરિસની જેલમાં કેદી તરીકે રાખવામાં આવ્યો. આ જેલવાસ દરમિયાન, ફ્રાન્સના વિદ્વાન અને જર્મન વિદ્વાન-કવિ શ્લીગલને એણે સંસ્કૃત શીખવ્યું. ૧૮૦૮માં શ્લીગલે હિન્દુસ્તાનના વતનીઓની ભાષા તથા ફિલસુફી વિષે એક ગ્રંથ બહાર પાડ્યો. જેમાં તુલનાત્મક અને ઐતિહાસિક પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવેલો હોવાથી એ પુસ્તકથી ભાષાશાસ્ત્રમાં અગત્યનો સુધારો દાખલ થયો. પરિણામે ફ્રાન્ઝ-બોપ નામના વિદ્વાને યાવની, લેટિન, ફારસી, જર્મન ભાષા સાથે સંસ્કૃત ભાષાના રૂપાખ્યાનની તુલના કરનારો ગ્રંથ લખ્યો અને તુલનાત્મક ભાષાશાસ્ત્ર Comparative Philologyનો પાયો નાખ્યો. શ્લીગલના આ ગ્રંથથી જર્મનીમાં સંસ્કૃતના અભ્યાસનો ઉત્સાહ ખૂબ વધ્યો આજે પણ સંસ્કૃત ભાષા તરફ જર્મન વિદ્વાનોનો પ્રેમ પ્રશંસનીય છે.

સંસ્કૃતના અભ્યાસના આરંભકાળમાં વિદ્વાનોમાં જાણીતું એવું સંસ્કૃત ભાષાનું પ્રાચીન સ્વરુપ યુરોપિયનોના જાણવામાં આવ્યું. એટલે કે, લૌકિક સંસ્કૃતની રચનાઓ ધ્યાનમાં લેવાઇ. ૧૮૦૫માં કોલ-બ્રુકે વેદો વિષેના પોતાના નિબંધમાં પ્રાચીન સમયના સંસ્કૃત સાહિત્ય વિશે ઘણું કિંમતી જ્ઞાન આપ્યું. ત્યારપછી પચ્ચીસ વર્ષે એફ. રોઝન નામના જર્મન વિદ્વાને ઇસ્ટ ઇન્ડિયા હાઉસમાં હસ્તલિખિત ગ્રંથોનો જે કિંમતી સંગ્રહ હતો, તે ઉપરથી આ પ્રાચીન સાહિત્યની પિછાન કરાવવાની યોજના ઘડી હતી. (વૈદિક ભાષાવાળા સંસ્કૃત સાહિત્યની). એ યોજના અનુસાર એના અકાળ મૃત્યુ બાદ થોડા વખતમાં ૧૮૩૮માં ઋગ્વેદના પ્રથમાષ્ટકની આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી. પણ વૈદિક ભાષાશાસ્ત્રના સ્થાપક રુડોલ્ફ રોથ(૧૮૨૧-૯૫), એમણે ૧૮૪૬માં વેદના સાહિત્ય તથા ઇતિહાસ વિષેનું પોતાનું મહત્વનું પુસ્તક બહાર પાડ્યું ત્યારે જ સંસ્કૃત ભાષાના અભ્યાસીઓનું વૈદિક સાહિત્ય તરફ દીર્ઘકાળ માટે લક્ષ્ય દોરાયું. આ પચ્ચાસ વર્ષ દરમિયાન ખૂબ ખંતથી વૈદિક સાહિત્યનો અભ્યાસ કરી અગત્યના ગ્રન્થોની અધિકૃત આવૃત્તિઓ બહાર પડી ચૂકી હતી.

સંસ્કૃત ભાષાના કોશ અને જ્ઞાનભંડાર-એન્સાઇક્લોપિડીયાની યોજના પણ કરવામાં આવી છે. ૧૮૯૮ના એપ્રિલ માસમાં વિયેનાના પ્રખ્યાત પ્રોફેસર એન્સાઈક્લોપિડીયાના ગ્રન્થોના એડિટર બ્યુલ્હરનું કરુણાજનક મૃત્યુ થયું તેથી સંસ્કૃત વિદ્યાને મોટી ખોટ ગઈ છે. જો કે, બીજા પ્રખ્યાત વિદ્વાન પ્રોફેસર કિલહોર્નના હાથે આ સંદર્ભ ગ્રન્થોનું કામ પુરું કરવામાં આવ્યું.

૧૮૯૯માં શ્રીઆર્થર એન્થનિ મેકડોનેલ પોતાના 'સંસ્કૃત સાહિત્યના ઇતિહાસ'ના જ મહત્વપૂર્ણ ગ્રંથમાં નોંધે છે કે, આટલું સંસ્કૃત સાહિત્ય અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે; તો પણ સંસ્કૃત ભાષાના અનેક હસ્તલિખિત ગ્રંથો યુરોપ અને ભારતના પુસ્તકાલયોમાં સચવાઈ રહ્યા છે. તેના પત્રકો તપાસવાથી જણાશે કે, પ્રસિદ્ધ થવા લાયક ઘણા નાના ગ્રંથો હજુ બાકી છે. જો પ્રકાશિત કરવામાં આવશે તો શ્રમ વ્યર્થ જશે નહીં.

સંસ્કૃત ભાષાની શોધના પરિણામે જેમ તુલનાત્મક ભાષાશાસ્ત્ર **Comparattive Philology**નો પાયો નંખાયો તેમ

---

* બૌદ્ધ ધર્મ..... જૈન ધર્મની જેમ અહિંસા વેદ-વિરોધ, ઇશ્વર-વિરોધ, સાંખ્ય-યોગના તત્વો પર આધારિત, સામુહિક દુઃખ-નિવૃત્તિની શોધ. પલાયનવાદ.... (સ્ત્રીની અવગણના અને ભિક્ષુ થઇ જવાની પ્રેરણા.) જૈન-ધર્મના માસીયાઇ જેવો ધર્મ છતાં, બન્ને વચ્ચે જરાય સંકલન નહીં! રાજ્યાશ્રય મેળવવાની સ્પર્ધામાં હરીફ-દુશ્મનો. (ઇ.સ.પૂર્વે ૬૦૦ થી ઈ.સ.૧૨૦૦. ૧૮૦૦વર્ષ.) વિદેશોમાં પણ પ્રસાર.

બૌદ્ધ અને જૈન ધર્મે રાજ્યાશ્રય ગુમાવતાં લોકાશ્રયને શરણે ગયા અને તંત્રમાર્ગની કેટલીક લોકરંજક શૈલી અપનાવી લોકોને ગેરમાર્ગે દોર્યા; પોતે કેટલા મહાન ધર્મના આશ્રિત છે, તે બધું ભૂલી ગયા. એટલું યાદ રહે કે, બૌદ્ધ-જૈન-બ્રાહ્મણ ત્રણેય ધર્મમાં તંત્રવિભાગ છે. બૌદ્ધો પાસે ગૃહસ્થાશ્રમધર્મ હતો જ નહીં. જૈનોએ ગૃહસ્થાશ્રમ-ધર્મ અને સ્ત્રીનું મહત્વ સ્વીકારેલું એટલે ગૃહસ્થોના અને સાધુઓના સંકલનથી ખૂબ જ સુંદર ધર્મ-સુરક્ષાની વ્યવસ્થા ગોઠવી દીધી છે.

આઠમી સદીમાં સિંધમાંથી ઇસ્લામ પ્રવેશે છે. તલવારની અણીએ ઇસ્લામના પ્રસાર માટે આતુર છે.

૧૪૯૮માં કલીકટથી ખ્રિસ્તીઓ પ્રવેશે છે, તેઓની નઝર પણ હિન્દુસ્તાનની સંપત્તિ લૂંટવાની અને ધર્માન્તરણની છે.

આમ ભારત ઇ.સ.પૂર્વે ૧૭૦૦થી ઇ.સ.૨૦૨૦સુધી માત્ર ધાર્મિક સંઘર્ષો વચ્ચે અટવાઇ ગયું છે.

એડેલબર્ટ કૂન અને મેક્સમ્યુલરના હાથે તુલનાત્મક કથાશાસ્ત્ર(કમ્પેરેટિવ માયથોલોજી)નો પાયો નંખાયો.

શ્રીમેક્સમ્યુલર જર્મન વિદ્વાન હતા, જેણે ઋગ્વેદનું અંગ્રેજીમાં ભાષાંતર કરેલું તેમજ ઓક્સફોર્ડ યુનિવર્સિટી તરફથી પ્રકાશિત **Sacred Books of the East**ના ૫૦-ગ્રંથોના મુખ્ય સંપાદક તરીકે રહ્યા.

યુરોપિયનોએ ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કર્યો, ખૂબ જ પ્રેમથી, નિષ્ઠાથી, આદરથી કર્યો. પછી તે સંસ્કૃત ભાષા હોય, સ્થાપત્ય હોય કે, ઇતિહાસ હોય. ૧૦ટકા લોકોએ ધાર્મિક ઝનૂન ધ્યાનમાં રાખ્યું છે; ૮૦ટકા વિદ્વાનો ભારતીય વિદ્યાઓથી પ્રભાવિત હોવા છતાં, પોતાનો આજીવિકાનો સ્રોત ખ્રિસ્તીશાસન હોવાથી, તેઓને ગમે તેવા સ્ટેટમેન્ટ આપ્યા છે. ૧૦ટકા ભારતીય સંસ્કૃતિના યુરોપિયન સંશોધકોને ભારતમય બની જવા બદલ ઠપકા મળ્યા છે કે, પાયરી-ઉતાર કર્યા છે કે, યુરોપ પરત બોલાવી લીધા છે. (મેક્સમ્યુલરની રૂઢિચુસ્ત ખ્રિસ્તી વ્યવસ્થાપકોએ બઢતી અટકાવેલી; કેથોલિક ચર્ચના ઓફિસર મુનરોએ..... મ્યુલરને ખ્રિસ્તી ધર્મ સામે ક્રુઝેડર કહેલો.... ભારતમાં કેટલાક વિદ્વાનોએ ટિપ્પણી કરેલી. જો કે મોટા ભાગનાએ મહર્ષિ તરીકે પણ ઓળખાવ્યા છે. કર્નલ ટોડે રાજસ્થાનનો ઇતિહાસ લખેલો જેમાં શૂરવીર રજપૂતોની પ્રશંસા કરેલી; તેને પણ શાસન તરફથી ઠપકો મળેલો. કિન્લોક ફાર્બસ નામના વિદ્વાને ગુજરાતીભાષા પર સાહિત્ય અને ઇતિહાસ સંશોધનનું મોટું કામ કર્યું. પણ તે ક્રિશ્ચ્યાનીટીને ગમ્યું નહોતું.

અસંખ્ય ભારતીય વિદ્વાનોએ વિદેશી વિદ્વાનો પ્રત્યે કઠોર વલણ અપનાવ્યું છે. પણ કોઈએ બાઇબલનો અભ્યાસ કરી પુસ્તક લખ્યું હોવાના દાખલા બહુ ઓછા છે; જો કે, વિનોબાજીએ બાઇબલ-કુરાન પર પુસ્તકો લખેલા.

વિદ્વાનો વૈદિકસાહિત્ય ની શરૂઆત ઈ.સ.પૂર્વે ૧૫૦૦વર્ષની આસપાસ માને છે. અને એના છેલ્લામાં છેલ્લા સ્વરૂપમાં ઇ.સ.પૂર્વે ૨૦૦વર્ષ સુધી પહોંચે છે. જો કે પાણિનિનું અસ્તિત્વ ઇ.સ.પૂર્વે ૭૦૦ માનવામાં આવે તો લોકિક સંસ્કૃતની શરૂઆત ઈ.સ.પૂર્વે ૭૦૦ દરમિયાન કે તે પહેલાં શરૂ થઈ ગઈ હોય એમ માનવું પડે; અને વાલ્મીકિને જ્યારે આદિકવિ ગણવામાં આવે છે ત્યારે લૌકિક સંસ્કૃતનો પહેલો ગ્રન્થ વાલ્મિકિ રામાયણ હોઇ શકે જેની રચના ઇ.સ.પૂર્વે ૮૦૦-૭૦૦ દરમિયાન થઈ હોય; આ જ અરસામાં મહાભારતની બીજી આવૃત્તિ ભારત જેનું સંપાદન વૈશંપાયને કર્યું અને વ્યાસરચિત જયસંહિતાના ૮૮૦૦ શ્લોકમાંથી ૨૪૦૦૦ શ્લોકની રચના કરી હોવાનું માની શકાય. ઉપરાંત આ વખતે બ્રાહ્મી લિપિનો ઉપયોગ થયો હોવાનું માની શકાય તેમ છે.

યુરોપિયન વિદ્વાનોની સંસ્કૃત-સાહિત્ય પ્રત્યે થોડી ફરિયાદ છે. બધી ફરિયાદોમાં પૂરતું વજૂદ ન પણ હોય. છતાં આપણે થોડા તટસ્થ રહીને ફરિયાદોનું અવલોકન કરીએ.

ઇતિહાસ એ સંસ્કૃત સાહિત્યનું નબળું સ્થાનક છે હિન્દુસ્તાનના સાહિત્યમાં ઇતિહાસનું અસ્તિત્વ જ નથી. જોકે આ વાત સાચી પણ લાગે છે. જ્યારે આપણે જોઈએ કે, વેદાંગના છ અંગોમાં જ્યોતિષનું સ્થાન છે. તે સમયનું મહત્વ દર્શાવવા ખૂબ જ અગત્યનું અંગ છે. પરંતુ એનો ઉકેલ કઠિન અને વિવાદાસ્પદ રહ્યો છે. આવું ઇ.સ.પૂર્વે ૬૦૦વર્ષ સુધી જૈન-બૌદ્ધ શાસ્ત્રોની શરૂઆત સુધી તો દેખાય છે. તેમ છતાં કાલિદાસ ક્યારે થઈ ગયા એનો ઉકેલ મોડો આવ્યો છે. બુદ્ધનું જન્મસ્થળ અને મૃત્યુનું વર્ષ પણ અનુમાન પર આધારિત છે. આ દયનીય બાબતો ગણી શકાય. સંસ્કૃત સિવાય પાલી, અર્ધમાગધી, પ્રાકૃત ભાષાઓ વપરાતી પરંતુ કઇ લિપિ વપરાતી તે વિષે મૌન છે. એમાં એવી આડશ આપવામાં આવે છે કે બધા ગ્રંથો કંઠસ્થ કરાતા અને મુખપાઠ વડે વ્યવહાર થતો; પણ દરેક વખતે દરેક ગ્રંથો માટે આ મુખપાઠ બહુ કઠિન કાર્ય થઈ પડે.

સાહિત્યમાં આપણે અમુક વાક્યો અને શબ્દો જોઇએ અથવા સ્વરાંકન વિશે જાણીએ ત્યારે આપણે તે ભાષા-સાહિત્યનું લેખિત સ્વરુપ પણ હશે એમ ચોક્કસપણે કહી શકીએ. એવા કેટલાક વાક્યો છેઃ 'આગળ જુઓ' 'હવે પછી કહેવાયું છે' વગેરે. પૂર્ણવિરામ, અલ્પવિરામ, સ્વરાંકન ચિન્હો, અનુસ્વાર, વિસર્ગ, હ્રસ્વચિહ્ન, દીર્ઘચિહ્ન, ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત માટે ઋગ્વેદમાં શિરોરેખા, અધોરેખા કે શૂન્યરેખા મુકવામાં આવે છે; સામવેદમાં પ્લુત ઉચ્ચારણો માટે અંક ૧-૨-૩-૪- મુકાય છે. આ બધું મુખપાઠમાં જરુરી લાગતું નથી. માત્ર લિપિ માટે જ પ્રદર્શિત થાય છે. વળી ગ્રંથ.... પહેલા ભોજપત્ર પર લખાયેલ પાનાઓનું ગઠન કરવા પાનામાં વચ્ચે કાણું પાડી, દોરી નાખી, ઉપર નીચે બે પાટીયા રાખી ગ્રંથના પાના બાંધી રખાતા. હજુ પણ સંગ્રહાલયો અને બ્રાહ્મણોના ઘરે આવા હસ્તલિખિત ગ્રંથોની પોથીઓ મળી આવે છે. કથા-પારાયણના પ્રસંગે આ પોથીનું પૂજન કરી માથા પર મૂકી શોભાયાત્રા કાઢવામાં આવે છે.

આ બધા સંજોગો હોવા છતાં આપણે માની લઈએ કે ઇસવીસન પૂર્વે ૧૨૦૦માં ઋગ્વેદની રચના થઈ અને અષ્ટક (આઠ ભાગ) અને મંડલ(દસ ભાગ) અનુસાર ગોઠવણી કરવામાં આવી અને મુખપાઠ કરી બ્રાહ્મણોએ આજદિન સુધી યાદ રાખ્યો બધું સાચું પણ એકવાર તો ગ્રંથસ્થ કરવો પડ્યો હશે. અને લિપિનો ઉપયોગ કરવો પડ્યો હશે.

વેદોમાં ભાષાદર્શનનું કેટલું મહત્વ સ્વીકૃત હતું, તે એના પરથી જાણી શકાય છે કે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, જ્યોતિષ, છંદ અને નિરુક્ત-આ છ વેદાંગો છે. છ વેદાંગોમાંથી ચારની રચના માત્ર ભાષા વિજ્ઞાન માટે જ કરવામાં આવી હતી. શિક્ષામાં ધ્વનિ-વિજ્ઞાન, નિરુક્તમાં પદ-વિજ્ઞાન અથવા નિર્વચન વિજ્ઞાન, વ્યાકરણમાં વાક્ય-વિજ્ઞાન અર્થ-વિજ્ઞાનનો અભ્યાસ છે. અને છંદ્દસમાં નાદ-વિજ્ઞાન અથવા નાદ-સૌન્દર્ય(સિમ્ફની)નું અધ્યયન છે. પ્રતિશાખ્ય એ શિક્ષા ગ્રંથોના પૂરક છે. પોતાની શાખાની વિશેષતા રજુ કરે છે. આ ચાર વેદાંગો પર પુષ્કળ સાહિત્ય રચાયું છે.

ભારતમાં લિપિનો ઇતિહાસ જોવા જઈએ તો સૌ પ્રથમ સિન્ધુસભ્યતાની વણઉકેલ લિપિ ઇ.સ.પૂર્વે ૩૫૦૦થી ઇ.સ.પૂર્વે૧૭૦૦ દરમિયાન વપરાતી જોવા મળે છે. તેની મૃણ્મુદ્રાઓ મળે છે પરંતુ તે ઇ.સ.૧૮૨૨ પછી કરેલા ઉત્ખનનોમાં મળી

છે. વિદ્વાનોના અથાક પ્રયત્નો છતાં વણઉકેલ રહી છે.

બીજો નંબર બ્રાહ્મી અને ખરોષ્ઠીનો આવે છે. બ્રાહ્મી ઇ.સ.પૂર્વે ૮૦૦માં સેમેટિક પ્રજાની ફોનેશિયન લિપિના ૨૨-ચિન્હો ઉપરથી તે સમયે ૪૬-વર્ણવાળી બ્રાહ્મીની યોજના થઇ. ૨૨વર્ણમાંથી પાણિનિએ (ઇ.સ.પૂર્વે ૭૦૦માં) ૬૩ વર્ણ કઇ રીતે સાધિત કર્યા છે; તેની વિગતવાર નોંધ અન્યત્ર કરી છે.

આ સંપૂર્ણ યોજના વેદકાળમાં વપરાયેલ વર્ણમાળા જે માનવધ્વનિ ઉત્પાદક અવયવોના સ્થાન નક્કી કરીઃ ક્રમશઃ પ્રગતિ થઈ છે. જેમાં પાણિનિ પૂર્વેના અનેક વિદ્વાનોએ પણ ભાગ લીધો છે. પાણિનિએ ઇ.સ.પૂર્વે ૭૦૦માં ૬૩વર્ણની વર્ણમાળા સંપાદિત કરી છે. આ સમય ઇ.સ.પૂર્વે ૧૨૦૦થી ઇ.સ.પૂર્વે ૭૦૦ સુધીનો રહ્યો ગણાય. જેમાં લિપિ વિષયક ધારણાઓ શી હતી તે સદાય માટે અસ્પષ્ટ છે. એ અસ્પષ્ટ ધારણા પર આ પુસ્તકમાં ઐતિહાસિક સંજોગો તપાસી 'ઋગ્વેદ કઈ લિપિમાં લખાયેલો'ની નોંધ કરી છે.

બ્રાહ્મી લિપિ અશોકના શિલાલેખોમાં વપરાયેલ તે સમય ઇ.સ.પૂર્વે ૨૫૦ છે. પણ તે વખતે બ્રાહ્મી લિપિનો વપરાશ આખા ભારતીય-ઉપખંડમાં રૂઢ થયેલો જોવા મળે છે. એક લિપિને આટલા વિશાળ પ્રદેશને આવરી લેતાં આશરે ૫૦૦વર્ષ વીતી ગયા હોય.

સંસ્કૃત યુગમાં મોટેભાગે ધાર્મિક નહીં પણ વ્યવહારિક વિષયો પર ગ્રંથો લખાયા. (ઇ.સ.પૂર્વે ૮૦૦થી ઇ.સ.૧૮૦૦ - ૨૬૦૦વર્ષનો સમયગાળો ગણી શકાય.) જેમાં સાહિત્યની વિવિધ શાખાઓ આવરી લેવાઇ; વીરચરિત-કાવ્યો, મહા-કાવ્યો, વ્યાકરણ, ગણિત, જ્યોતિષ, આયુર્વેદ, ધનુર્વેદ, કલ્પિત-વાર્તાઓ, અલંકાર-શાસ્ત્ર, સુભાષિતો, નીતિ વિષયક ગ્રંથોની રચનાઓ થઈ અને સંસ્કૃત સાહિત્યની પ્રતિષ્ઠા સ્થપાઇ. આ યુગમાં સર્વત્ર સારી અને શ્રેષ્ઠ કવિતાઓ જોવા મળે છે.છતાં શૈલીની દૂર્બોધતા, નિરંતર વધતા જતા કૃત્રિમતાના દોષ કાવ્યના સૌંદર્યને ક્ષતિ પહોંચાડે છે. વ્યવસ્થા અને પ્રમાણની જાળવવાની કાળજી મર્યાદિત ગ્રંથોમાં છે. અતિશયોક્તિનું વલણ વધારે રહ્યું છે. કર્મકાંડમાં પણ ખૂબ જ નાની-નાની વાતોનું કથન; યોગીઓના દેહદમન અને ચમત્કારી સિદ્ધિઓ, શાપ અને વરદાનની શૈલી સ્વર્ગના સુંદર વર્ણનો અને નરકના બિભત્સ વર્ણનો, દુરાચાર અને પાપની શિક્ષાઓ, કેટલીક કાવ્યરચનાઓનો અતિશય લાંબો વિસ્તાર, કેટલીક સૂત્રાત્મક રચનાઓનો અતિસંક્ષિપ્ત વિસ્તાર, મોટા મોટા સમાસો, આ બધું થોડું દોષયુક્ત તો ગણાય. જો કે વિશ્વના અન્ય સાહિત્યમાં પણ આવા દોષો જોવા મળે છે. સંસ્કૃત સાહિત્યમાં દરેક વાર્તા કે કાવ્યનો કોઈ ધાર્મિક તત્વ સાથે સંબંધ હોય છે. જેમકે કાદમ્બરીની વાર્તા પુનર્જન્મ અને પૂર્વજન્મની સ્થાપના માટે જ લખાઇ હોય! વામન અવતારની વાર્તા તો પ્રથમ નજરે દોષિત લાગે. ઈશ્વર નાનકડું સ્વરૂપ લઈ આવે અને ત્રણ પગલાંમાં ત્રણેય લોક મપાઈ જાય! એ બલિરાજાને છેતરવા માટે જ દૈવી શક્તિનું પ્રદર્શન થયું ગણાય. પાછી મહાનતા તો વામનપક્ષે જ રહી! આર્ય જીવનશૈલીમાં સૌએ પિતાની આજ્ઞા માનવી એવા દૃઢ સંસ્કાર પડેલા છે. છતાં પ્રહલાદ પિતાનો ખૂબ વિરોધ કરે છે અને પોતાના સાધ્ય ઈશ્વરની દૈવીશક્તિ પિતાની હત્યાનું કારણ બને છે. અહીં બધા ય તર્ક ગોટે ચડી જાય છે. પણ નૃસિંહ અવતારની મહાનતા સિદ્ધ થાય છે. જો કે, આખા ય સંસ્કૃત સાહિત્ય, પુરાણ, ઇતિહાસ, વીરચરિત કાવ્યોમાં આવી ઘણી અસમતોલ કથાઓ આપવામાં આવી છે.

સમસ્ત સંસ્કૃત સાહિત્ય અનાર્યોની જીવનશૈલીની પ્રતિક્રિયા સ્વરુપે લખાયેલું છે. અનાર્યો અથવા સિન્ધુ-સભ્યતાના લોકો વિજ્ઞાન અને કલાના સાહિત્યમાં ખૂબ જ મહત્વપૂર્ણ રચનાઓ થઈ છે. નાટ્યશાસ્ત્ર, સંગીત-શાસ્ત્ર, સ્વરશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, આયુર્વેદ, દર્શનશાસ્ત્રના ગ્રંથો વિશ્વકક્ષાએ પ્રથમ હરોળમાં મૂકી શકાય તેવા છે.

આપણે ભારતમાં લિપિ અંગેની અસ્પષ્ટતા ઇ.સ.પૂર્વે ૧૨૦૦ થી ઇ.સ.પૂર્વે ૮૦૦ દરમિયાન નોંધી. ઇ.સ.પૂર્વે ૮૦૦ થી ઇ.સ.પૂર્વે ૩૨૦ દરમિયાન ભારતભરમાં બ્રાહ્મી લિપિનો સંસ્કૃત ભાષા તેમજ સ્થાનિક પ્રાકૃત ભાષાઓ માટે ભરપૂર ઉપયોગ થયો છે. ઇ.સ.પૂર્વે ત્રીજી સદીમાં તો અશોકના શિલાલેખોમાં ભારતભરમાં ઉપયોગ થયો છે. અશોકના અભિલેખો, અફઘાનિસ્તાનમાં બ્રાહ્મી ઉપરાંત ખરોષ્ઠી, ગ્રીક અને આરામાયક લિપિમાં લખાયેલા જોવા મળે છે. પરંતુ મોટા ભાગના વિસ્તાર પર બ્રાહ્મી લિપિનો પ્રભાવ છે. ઇ.સ.પૂર્વે ત્રીજી સદીમાં આટલી પ્રચલિત લિપિ એકદમ વિસરાતી ચાલી. અને ૧૪મી સદીમાં તો કોઈ જાણકાર ન રહ્યો! ૧૮૩૭માં જેમ્સ પ્રિન્સેપે આનો ઉકેલ આણ્યો. આ શૂન્યાવકાશ માટે મારું માનવું એમ છે કે, આ બ્રાહ્મણ-શ્રમણ સંઘર્ષ છે. બ્રાહ્મીને બૌદ્ધોએ આટલી બધી પ્રસિદ્ધિ આપી. તે બ્રાહ્મણધર્મને ન ગમ્યું અને બ્રાહ્મી ઉપરથી જ નવી સ્થાનિક લિપિઓની રચના શરૂ થઈ. જેની વિગતો અન્ય સ્થળે તપાસીશું. સંસ્કૃત ભાષા દેવભાષા ગણાય છે. અને હવે તે મોટેભાગે નન્દનાગરી કે નાગરી લિપિમાં લખાવી સ્થિર થઈ છે. તે લિપિ દેવોની ભાષા સંસ્કૃત માટે વપરાતી હોઇ, દેવનાગરી લિપિ તરીકે ઓળખવામાં આવે છે. નાગરી લિપિનો જૂનામાં જૂનો લેખ આઠમી સદીનો છે. જ્યારે આવો જૂનામાં જૂનો હસ્તલિખિત ગ્રંથ અગિયારમી સદીનો છે.

અગાઉ જે ભોજપત્રો અને તાડપત્રો પર ગ્રંથ લખવામાં આવતા; તે પદાર્થનું આયુષ્ય મર્યાદિત હતું. ભોજપત્ર પર લખાયેલો જૂનામાં જૂનો સંસ્કૃત ગ્રંથ પાંચમી સદીનો છે. ખરોષ્ઠીમાં લખાયેલો પાલી ભાષાનો ગ્રંથ ૧૮૯૭માં મળી આવેલ તે વળી સંસ્કૃત ગ્રંથથી પણ પ્રાચીન જણાય છે. એ ગ્રંથ જ જાપાનમાં સાચવી રાખવામાં આવેલો છે. એની આબેહૂબ નકલ લણ્ડનની બોડેલિયન લાઇબ્રેરીમાં પણ રાખવામાં આવી છે. અહીં બ્રાહ્મીલિપિના પ્રકરણમાં વિગતે નોંધ્યું છે.

ભારતમાં તાડપત્રનો ઉપયોગ પણ ઘણા પ્રાચીન સમયથી સાર્વત્રિક રીતે થતો.

અનુસંધાન ગ્રન્થો અને વેબસાઇટ્સ

THE REFERENCE BOOKS and WEBSITES.

1. लेखन कला का इतिहास लेखक: ईश्वर चन्द्र राही

2. THE ALPHABET A KEY TO THE HISTORY OF MANKIND

By DAVID DIRINGER, D.LITT. (Flor.), M.A. (Cantab.)

3. INDISCHE PALAEOGRAPHIE. GEORG BÜHLER

भारतीय पुरालिपि-शास्त्र जार्ज ब्यूलर हिन्दी अनुवाद: मंगल नाथ सिंह

4. भारतीय भाषाशास्त्रीय चिन्तन सम्पादक डॉ० विद्यानिवास मिश्र

5. वैदिक साहित्य लेखक: प० रामगोविन्द त्रिवेदी, वेदान्तशास्त्री (ऋग्वेदके हिन्दीमाषान्तरकार)

6 पाणिनीयशिक्षा: भाष्यकार: अवस्थी बच्चूलालो ज्ञानोपाह्वः

7. वर्णोच्चारण-शिक्षा-पाणिनि-मुनि-प्रणीता-श्रीमद्यानन्दसरस्वतीस्वामिकृत-व्याख्या सहिता

8.शिक्षा-सूत्राणि युधिष्ठिर मीमांसक

9. PĀNINĪYA SIKSĀ BY MANOMOHAN GHOSH, M.A., Kavyatirtha,

10. लघुसिद्धान्तकौमुदी श्रीधरानन्दशास्त्री

11. बृहद्-अनुवाद-चन्द्रिका चक्रधर नौटियाल

12. સંસ્કૃતમાર્ગોપદેશિકા લેખક સ્વ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર part 1 & 2

13. A History of SANSKRIT LITERATURE BY ARTHUR A. MACDONELL M.A.,PH.D.

૧૩.સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ. પ્રોફેસર એ. મેકડોનલ કૃત. ભાષાન્તરકર્તા–મોહનલાલ પાર્વતીશંકર દવે.

14. ગુજરાતને રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ ૩ મૈત્રક કાલ અને અનુ-મૈત્રક કાલ

15. INSCRIPTIONS OF ASOKA. PREPARED BY ALEXANDER CUNNINGHAM, C.S.I.

16. अशोकके अभिलेख डॉ० राजबली पाण्डेय, एम. ए., डी. लिट. विद्यारत्न

17. અશોક અને એના અભિલેખ. લેખક: હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી

18. ઈરાનનો ચેરાગ. પ્રો.. ફિરોઝ કાવસજી દાવર

19. ખંભાતનો ઈતિહાસ રત્નમણિરાવ ભીમરાવ જોટે

20. THE EARLY ARYANS IN GUJARĀTA BY K. M. MUNSHI, B. A., LL.B.

21. प्राचीन भारत लेखक- रमेशचन्द्र मजूमदार

22. DECIPHERING THE INDUS SCRIPT by Asko Parpola

23. सिंधु सभ्यता: किरनकुमार थपल्याल

24. ऋग्वेदिक आर्य: राहुल सांकृत्यायन

25. हिन्दी ऋग्वेद: (ऋग्वेद की सम्पूर्ण "शाकल-संहिता" का हिन्दी भाषान्तर)

भाषान्तरकार और सम्पादक, पण्डित रामगोविन्द त्रिवेदी, वेदान्तशास्त्री

26. ऋग्वेद-हिन्दी भाषांतर सहित- डॉ. गंगा सहाय शर्मा

27. Veda Anukriti-**EXCEL FILE of FOUR VED.** by http://www.parankusa.org/Main.aspx

http://www.vedicgranth.org वेद अनुकृति कर्त्ता या संकलन कर्त्ता-जितेंद्र बंसल

28. SANSKRIT-ENGLISH DICTIONARY: ARTHUR A. MACDONELL, M.A., PH.D.

29. वैदिक इण्डेक्स (वैदिक नामों और विषयों की व्याख्यात्मक अनुसूची)

मूल लेखक: ए० ए० मैकडोनेल एम० ए०, पी०एच०डी० और

ए० बी० कीथ एम० ए०, डी० सी० एल० अनुवादक: रामकुमार राय एम० ए०, एल-एल०बी०

30. आर्यों का आदि देश: स्वामी विद्यानन्द सरस्वती

31. A Vedic Grammar for Students By Arthur Anthony Macdonell

32. धर्म का आदि स्रोत: श्री पं० गङ्गाप्रसादजी एम. ए.

33. भारतीय प्राचीन लिपिमाला THE PALÆOGRAPHY OF INDIA

रायबहादुर पंडित गौरीशंकर हीराचंद ओझा रचित

34.ALL ABOUT HINDUISM By SRI SWAMI SIVANANDA હિન્દુ ધર્મ-સસ્તું સાહિત્ય

35. આદિ-વચનો-૨: કનૈયાલાલ. મા. મુનશી 35.અ. ગુજરાતની કીર્તિગાથા 35.બ. ભગવાન પરશુરામ

36. જ્ઞાન-ગંગોત્રી-૧૭.સાહિત્ય દર્શન(ભારતીય-૨)

37. જ્ઞાન-ગંગોત્રી-૨૨.ભારત દર્શન(ઈતિહાસ: આદિયુગ)

38. https://www.heritageinstitute.com/zoroastrianism/

Zoroastrian Heritage Author: K. E. Eduljee

39. https://en.wikipedia.org Welcome to Wikipedia, the free encyclopedia that anyone can edit. 6,908,901 articles in English

40.https://www.worldhistory.org 41. https://ashtadhyayi.com

42.पाणिनीय-अष्टाध्यायी-प्रवचनम् प्रवचनकारः डॉ० सुदर्शनदेव आचार्यः एम.ए. पी-एच.डी. (एच.ई.एस.)

(अष्टाध्यायी का सरल संस्कृतभाष्य एवं 'आर्यभाषा' नामक हिन्दी टीका)

43.पाणिनिकालीन भारतवर्ष [अष्टाध्यायी का सांस्कृतिक अध्ययन] लेखक: वासुदेवशरण अग्रवाल

44.वाग्विज्ञान(भाषाशास्त्र) लेखक: आचार्य पण्डित श्री सीताराम चतुर्वेदो

45.PANINI:HIS PLACE IN SANSKRIT LITERATURE by **THEODOR GOLDSTÜCKER.**

46.ARYAMANJUSRIMULAKALPA-Edited By-Mahamahopadhyaya T. Ganapathi Sastri

----

પૂરવણી

(પાણિનિ-માહેશ્વર સૂત્ર- પ્રત્યાહાર અને વર્ણોચ્ચાર શિક્ષા.)

अष्टाध्यायी પ્રણેતા આહિક મુનિपाणिनि

સંસ્કૃત ભાષાના અદ્વિતિય વ્યાકરણ (શબ્દ-વિદ્યા)ના પ્રણેતા મુનિ પાણિનિના જીવન વિશે ઉપલબ્ધ સામગ્રીના આધારે તેમનો સંક્ષિપ્ત જીવન-પરિચય નીચે મુજબ છે.
નામઃ શ્રી પુરૂષોત્તમદેવે ત્રિકાંડશેષકોશમાં પાણિનિ મુનિના, પાણિન્, દાક્ષીપુત્ર, શાલઙ્કી, શાલાતુરિય અને અહિક એમ છ નામોનો ઉલ્લેખ કર્યો છે. જેની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

૧. પાણિનઃ કાશીકાકાર પંડિત જયાદિત્યે '**मात्रोपज्ञोपक्रमछाये नपुंसके**' (૬।૨।૧૪)ના ઉદાહરણોમાં લખ્યું છેઃ

'**पाणिनोपज्ञभकालकं व्याकरणम्**' એટલે કે, કાળલક્ષણથી રહિત વ્યાકરણ શાસ્ત્રની રચના કરનાર પાણિનિ સર્વપ્રથમ હતા.

અષ્ટાધ્યાયીના સૂત્ર '**गाथिविदथि- केशिगणिपणिनश्च**' (૬।૪।૧૬૫) માં, પાણિન્ શબ્દ આવે છે.'**पणिनोऽपत्यम्-पाणिनः**', '**पाणिन**' શબ્દ ગોત્રપ્રત્યયાન્ત છે, એટલે કે પણિનના પૌત્રને 'પાણિન' કહેવામાં આવે છે. '

૨. પાણિનિ: આ અષ્ટાધ્યાયીના પ્રણેતાનું આ પ્રચલિત નામ છે. '**पणिनस्यापत्यम्-पाणिनिः**' આ યુવ પ્રત્યયાન્ત નામ અપત્ય=સંતાન અર્થમાં છે. પણિનના પ્રપૌત્રને 'પાણિનિ' કહેવામાં આવે છે.

૩. દાક્ષીપુત્ર: આ નામનો ઉલ્લેખ પંતજલિએ મહાભાષ્યમાં આ રીતે કર્યો છે.**सर्वे सर्वपदादेशा दाक्षीपुत्रस्य पाणिनेः ।**

एकदेशविकारे हि नित्यत्वं नोपपद्यते । ।(महा० १।१।२०)
આ પદ્યમાં પાણિનિને 'દાક્ષીપુત્ર' કહ્યા છે. આ દર્શાવે છે કે પાણિનિની માતા દક્ષ ગોત્રની હતી. તેમનું અંગત નામ અજ્ઞાત છે. પાણિનિના મામા દાક્ષાયણ વ્યાડી હતા.

૪. **शालङ्कि-** પંડિત શિવદત્ત શર્માનું માનવું છે કે પાણિનિનું આ નામ અપત્યાર્થક છે, એટલે કે પાણિનિના પિતાનું નામ શલઙ્ક હતું.'**शलङ्कस्यापत्यम्-शालङ्किः**' શલંકના પુત્રને શાલંકી કહેવામાં આવે છે.

૫. શાલાતુરિય:

ક. અષ્ટાધ્યાયીના સૂત્ર '**तूदीशलातुर०**' (૪।૩।૮૪) અનુસાર, જેના પૂર્વજોનું **अभिजन**= નિવાસસ્થાન શલાતુર હોય તેને શાલાતુરિય કહે આવે છે. ગણરત્ન મહોદધિના રચયિતા વર્ધમાને પાણિનિને શાલાતુરીય લખ્યું છેઃ'**शालातुरीयस्तत्रभवान् पाणिनिः**'

ખ. વલભીના એક શિલાલેખમાં પાણિનિશાસ્ત્રને '**शालातुरीय तन्त्र**' કહ્યું છે. (શિલાદિત્ય ૭માનો શિલાલેખ.)

ગ. સાતમી સદીની શરૂઆતમાં મધ્ય એશિયાથી જમીન માર્ગે ભારત આવતા વખતે ચીની પ્રવાસી હ્યુએન-સાંગ શલાતુર ખાતે રોકાયો હતો. તેણે લખ્યું છે કે ઉદભાણ્ડથી લગભગ ૨૦ લી (લગભગ ૪ માઈલ) દૂર એક સ્થળ શલાતુર હતું. આ એ જ સ્થાન છે જ્યાં મુનિ પાણિનિનો જન્મ થયો હતો. જેણે શબ્દવિદ્યાની રચના કરી હતી
શલાથુરની ઓળખ લહુર નામના ગામ સાથે થઈ હતી. કાબુલ અને સિન્ધુ નદીના સંગમ પર ઓહિંદ (પ્રાચીન ઉદભાંડપુર) છે. 'લહુર' ગામ ત્યાંથી બરાબર ચાર માઈલ ઉત્તર-પશ્ચિમ છે. મરદાનથી ઓહિંદ જતી બસો 'લહુર' થઈને જાય છે. હવે આ ગામ અફઘાનિસ્તાનમાં છે.

૬. આહિક: '**आहिकनामा मुनिर्गोत्रनाम्ना विख्यातः**' એટલે કે, આહિક નામના મુનિ લોકમાં ગોત્ર નામ પાણિનિથી પ્રસિદ્ધ થયા. આથી જણાય છે કે, પાણિનિનું પિતૃ-કૃત નામ 'આહિક' હતું.

પાણિનિ વિષે અનુશ્રુતિ.: પાણિનિ વિશે સંસ્કૃત સાહિત્યમાં નીચેની અનુશ્રુતિઓ ઉપલબ્ધ છે.

૧. સોમદેવના કથાસરિત્સાગર અને ક્ષેમેન્દ્રની બૃહત્ કથામંજરીમાં પાણિનિ સંબંધિત ઈતિવૃત કથા છે. તે મુજબ, પાણિનિ આચાર્ય 'વર્ષ'ના મંદબુદ્ધિના શિષ્ય હતા. પછાતપણાથી પીડિત પાણિનિ હિમાલય પર તપશ્ચર્યા કરવા ચાલ્યા જાય છે. ત્યાં જઈને શિવજીને પ્રસન્ન કરી, એક નવો વ્યાકરણ ગ્રંથ પ્રાપ્ત કરે છે.'**प्राप्तं व्याकरणं नवम्**' ।

કાત્યાયન તેમના વિદ્યાર્થીકાળ દરમિયાન અને ત્યાર બાદ પાણિનિના પ્રતિદ્વન્દ્વી હતા. પાણિનિના વ્યાકરણે ઈન્દ્ર વ્યાકરણનું સ્થાન લીધું. પાણિનિ નંદ વંશના સમ્રાટ સાથે મિત્રતા થઇ ગઇ હતી અને સમ્રાટ તેમના શાસ્ત્રોનું સન્માન કરેલું.(પાણિનિ કાલીન ભારતવર્ષ પૃ.૧૫-- લેખકઃ વાસુદેવશરણ અગ્રવાલ).

૨. બૌદ્ધ સંસ્કૃત સાહિત્યના 'મંજુશ્રી મૂલકલ્પ' પુસ્તકમાં લખ્યું છે - પુષ્પપુરમાં શૂરસેનના અનંત નંદ રાજા હશે. ત્યાં મગધની રાજધાનીમાં રાજાના દરબારમાં અનેક વિચારશીલ વિદ્વાનો હશે. રાજા તેઓનું ધનથી સન્માન કરશે. બૌદ્ધ બ્રાહ્મણ વરરુચી (કાત્યાયન) તેમના મંત્રી હશે. રાજાના પરમ મિત્ર પાણિનિ હશે (પા. ભારતવર્ષ પૃષ્ઠ-૧૫).
૩. રાજશેખરે કાવ્યમીમાંસામાં આ અનુશ્રુતિની પરંપરામાં જ ઉલ્લેખ કર્યો છે કે પાટલીપુત્રમાં શાસ્ત્રકારની પરીક્ષા લેવાતી હતી. ઉપવર્ષ, વર્ષ, પાણિનિ, પિંગલ, વ્યાડિ, વરરુચી અને પતંજલિએ તે પરીક્ષા પાસ કરી અને ખ્યાતિ પ્રાપ્ત કરી. આ બધા આચાર્યો શાસ્ત્રોના પ્રણેતા રહ્યા છે.

"श्रूयते च पाटलिपुत्रे शास्त्रकारपरीक्षा-अत्रोपवर्षवर्षाविह पाणिनि पिङ्गलाविह व्याडिः। वररुचिपतञ्जली इह परीक्षिताः ख्यातिमुपजग्मुः॥"કાવ્યમીમાંસા

ઉપવર્ષના ભાઈ આચાર્ય વર્ષ પાણિનિના ગુરુ હતા. પાણિનિ એક પ્રખ્યાત શાસ્ત્રકાર છે. તેથી તેણે પાટલીપુત્ર ખાતે શાસ્ત્રકારની પરીક્ષામાં પોતાનું નવું વ્યાકરણ રજૂ કર્યું હશે. છન્દશાસ્ત્રના પ્રણેતા પિંગલ, પાણિનિના નાના ભાઈ હતા. દક્ષ કુળમાં જન્મેલા વ્યાડિ પાણિનિના મામા હતા. વ્યાડિએ સૂત્ર શૈલીમાં વ્યાકરણ પર પોતાનો 'સંગ્રહ' નામનો ગ્રંથ લખ્યો હતો, જે પંતજલિના સમયમાં વિદ્યમાન હતો. પંતજલિએ તેના વખાણમાં લખ્યું છેઃ '**शोभना खलु दाक्षायणस्य संग्रहस्य कृतिः**' (महा० २।३।६६) એટલે કે દાક્ષાયણ વ્યાડિની 'સંગ્રહ' નામની કૃતિ ખૂબ જ સુંદર છે.

ચીની પ્રવાસી હ્યુએનસંગ(ઈ. ૬૪૫માં) પોતે 'શલાતુર'ની મુલાકાતે ગયા હતા. ત્યાં તેમણે પાણિનિ વિષે નોંધ કરી હતી.

==

શ્રી વાસુદેવશરણ અગ્રવાલ(૧૯૦૪-૧૯૬૬) સાંસ્કૃતિક ઇતિહાસ, સંગ્રહાલય વિજ્ઞાન, કલા, ઇતિહાસના ભારતીય વિદ્વાન હતા "પાણિનિકાલીન ભારત" નામનું બહુ પ્રતિષ્ઠિત પુસ્તક હિન્દી અને અંગ્રેજીમાં લખેલું. તેઓશ્રીએ પાણિનિકાળનો નિર્ણય લેવા બૌદ્ધ સાહિત્યનો આશ્રય લીધેલો. જો કે, મેક્ષ-મ્યુલરે પણ લીધો છે. અને પાણિનિનો સમય ઇ.સ.પૂર્વે ૩૫૦ નિશ્ચિત કર્યો છે. તે સામે શ્રીગોલ્ડસ્ટુકર દ્વારા પ્રસ્તુત દિશા પ્રમાણે પાણિનિનો સમય કાત્યાયનના સમયથી ચાર-પાંચ પેઢી પૂર્વે હોવો જોઇએ, જે સામાન્ય રીતે ઇ.સ.પૂર્વે ૭૦૦ થાય છે. જે આપણે સ્વીકાર્યો છે.

સૌ પ્રથમ વાયવ્યભારતના પાણિનિને મગધ-પાટલિપુત્રના નન્દ વંશ(BCE-345-322)ના રાજા મહાનન્દના મિત્ર બતાવ્યા છે, પરંતુ રાજાઓ જૈન અને આજીવક શ્રમણ-ધર્મને માન આપતા, જે બ્રાહ્મણધર્મી પાણિનિના મિત્ર હોવાનું સંભવ નથી.

વળી પાણિનિના ઉલ્લેખો માટે મંજુશ્રીમુલકલ્પ(ઇ.સ.૭૭૫), કથાસરિત્સાગર-સોમદેવ(ઇ.સ.૧૦૬૩), બૃહત કથામંજરી(ક્ષેમેન્દ્ર-ઇ.સ.૧૦૨૫-૧૦૬૬) અનુસંધાનો આપ્યા છે.

બૌદ્ધધર્મે રાજ્યાશ્રય ગુમાવ્યો ત્યારે લોકાશ્રય દ્વારા સરળ આજીવિકા માટે તન્ત્રમાર્ગ અપનાવ્યો, તે સમયે ઇ.સ.૭૦૦ની આસપાસ કોઇ બ્રાહ્મણ બૌદ્ધ સાધુ બની ગયો અને શૈવ-તન્ત્રમાંથી અનુસંધાનો મેળવી *આર્ય મઞ્જુશ્રી મુલ કલ્પ* બૌદ્ધો માટે લખી નાખ્યો.(ઇ.સ.૭૭૫, મહાયાન સૂત્ર-મન્ત્રાયન-ધાર્મિક સંસ્કારોની પુસ્તિકા-રચનાર-પ્રજ્ઞાવાન બોધિસત્વ-મઞ્જુશ્રી. આજે પણ આ પુસ્તક મૂળ બુદ્ધના સિદ્ધાન્તો સંપૂર્ણપણે સ્વીકારે છે કે, નહીં તે વિવાદાસ્પદ બાબત છે.

મંજુશ્રીમુલકલ્પમાં કહે છે કે, શૈવ-ગરુડ અને વૈષ્ણવ તન્ત્રમાં શીખવેલા મન્ત્રો બૌદ્ધો દ્વારા લાગુ પાડવામાં આવશે તો પણ પ્રભાવી થશે, કારણકે, તે બધા મૂળરુપથી મઞ્જુશ્રી(બોધિસત્વ) દ્વારા શીખવવામાં આવેલા. મઞ્જુશ્રીને આ શ્રેય આપવાનું કારણ લેખકે, બૌદ્ધ સિવાયના પાઠનો ઉપયોગ કરેલો. તેણે આ શ્લોક (પહેલાં બે ચરણ એક શ્લોક છે, બાકીના ત્રણ ચરણ આગળનાશ્લોકોમાંથી છે.)

१.तस्याप्यनन्तरो राजा नन्दनामा भविष्यति। पुष्पाख्ये नगरे श्रीमां महासैन्यौ महाबलः॥भविष्यति तदा काले ब्राह्मणास्तार्किका भुवि। तेभिः परिवारितो राजा वै ।तस्याप्यन्यतमः सख्यः पाणिनिर्नाम माणवः। (मञ्जुश्रीमूलकल्प, पटल ५३)

મંજુશ્રીમુલકલ્પમાં મૂકી દીધો અને પાણિનિને નન્દના મિત્ર બનાવી દીધા છે. નન્દ રાજાઓ જૈન કે આજીવક ધર્મના અનુયાયી હતા. શ્રમણ-બ્રાહ્મણના સંબન્ધો અહિ-નકુલ(સાપ-નોળિયા) જેવા હોવાનું મહાભાષ્યમાં છે. પાછળના વિદ્વાનો સોમદેવ અને ક્ષેમેન્દ્ર તો કથા-લેખકો છે. એનો ઐતિહાસિક આધાર ન લઇએ તો સારું. વળી આ લોકો ૧૦૦૦વર્ષ પહેલાની વાતોનું કથાસ્વરુપ આપવા પોતાના પુરોગામિના ઉલ્લેખોનો જ ઉપયોગ કરતા હોય.

શ્રીગોલ્ડસ્ટુકરે શ્રીમેક્ષ-મ્યુલર, શ્રીBöhtlingk-Byotlingk, શ્રી વેબરના નિષ્કર્ષો ને પૂરી રીતે નિરસ્ત કરી દીધા છેઃ મ્યુલર તો તે વખતે કોઇ લિપિ હતી જ નહીં અને કાત્યાયન પાણિનિના સમકાલીન હોવાનું માનતા તે, માન્યતાઓનું ગોલ્ડસ્ટુકરે નિરસન કર્યું છે. ઉપરાન્ત તુલનાત્મક અધ્યયન દ્વારા નીચેના નિષ્કર્ષો મેળવ્યા છે. જે પોતાના પુસ્તક PANINI: HIS PLACE IN SANSKEIT LITERATURE(1861)by THEODOR GOLDSTUCKER. માં પ્રકાશિત કર્યા છે. જેનો સારાંશ આમ છેઃ
૧. પાણિનિ વૈદિક સંહિતાઓમાં, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ વિષે માહિતી આપે છે. અથર્વવેદનો કોઈ ઉલ્લેખ કરતા નથી.
૨.યાજ્ઞવલ્ક્યની શુક્લ યજુર્વેદ સંહિતા (વજસનેયી-સંહિતા)ની પાણિનિના સમય સુધી રચના થઈ ન હતી.

૩. ઉપલબ્ધ પ્રતિશાખ્યો (ખાસ કરીને ઋગ્વેદ પ્રતિશાખ્ય અને વાજસનેયી પ્રતિશાખ્ય) પાણિની કરતાં પાછળની કૃતિઓ છે.
૪. યાસ્ક પાણિનિના પુરોગામી છે. ૫. પાણિનિ કાત્યાયનના પૂર્વકાલીન છે. સમકાલીન નથી.
૬. પાણિનિ ગૌતમ બુદ્ધના પૂર્વકાલિક છે.

ઉપરોક્ત નિષ્કર્ષ પર પહોંચવામાં ગોલ્ડસ્ટકર દ્વારા ઉપયોગમાં લેવાતી અસાધારણ વિદ્વતા અને તર્ક શક્તિ પાણિનીના સમય અને સ્થળને નિર્ધારિત કરવામાં અંતિમ સફળતા આપી શકતી નથી, ન તો લેખકે એવો કોઈ દાવો કર્યો છે. તે સત્ય શોધવા માટેની દિશાનો સંકેતમાત્ર છે.

પાણિનિની અષ્ટાધ્યાયી

મહાભાષ્યમાં, પાણિનિની अष्टाध्यायीના ત્રણનામો જોવા મળેછેઃ

૧.अष्टक--अष्टावध्यायाःपरिमाणस्यसूत्रस्येति-अष्टकम्(૪-૧-૫૮) ૨.पाणिनियपाणिनिनाप्रोक्तंपाणिनियम्। (૪-૩-૧૦૧) ૩. वृत्तिसूत्र--न ब्रूमो वृत्तिसूत्र प्रामाण्यादितिकिंतर्हि?वार्तिकवचनप्रामाण्यादिति(૨-૧-૧) પાણિનિ મુનિની અનુપમરચના अष्टाध्यायीના નામથી વિશ્વમાં પ્રસિદ્ધછે. अष्टानामध्यायानांसमाहारःअष्टाध्यायी। તેમાં આઠ અધ્યાય છે, તેથી તેને अष्टाध्यायी કહેવામાં આવેછે.

પાણિનિએ अष्टाध्यायीના પ્રારમ્ભમાં 'अथशब्दानुशासनम्' પોતાના શાસ્ત્રનું નામ शब्दानुशासन લખ્યુંછે.

ગ્રન્થપરિમાણ--

ગુરુ શિષ્ય પરંપરા દ્વારા અષ્ટાધ્યાયીનો મૂળપાઠ લોકોએ કંઠસ્થ કર્યો છે. આજે પણ વેદપાઠી શ્રોત્રિય લોકો છ વેદાંગોમાં અષ્ટાધ્યાયી કણ્ઠસ્થ કરેછે. સ્વરસિદ્ધાંત ચંદ્રિકા અનુસાર, અષ્ટાધ્યાયીની સૂત્રસંખ્યા ૩૯૯૫ છે જેમાં ૧૪ પ્રત્યાહારસૂત્રોનો પણ સમાવેશ થાય છે.

चतुःसहस्त्री सूत्राणां पञ्चसूत्रविवर्जिता।अष्टाध्यायी पाणिनीया सूत्रैर्माहेश्वरैः सह॥ (स्व०च०श्लोक१५)

અષ્ટાધ્યાયીના એક હજાર શ્લોકને એક વિશાળ પરિમાણ માનવામાં આવેછે, તેનો અર્થએ છે કે, અષ્ટાધ્યાયીના અક્ષરોને અનુષ્ટુપછંદના ૩૨અક્ષરો ગણીને ભાગવામાં આવેછે. આરીતે અષ્ટાધ્યાયી ગ્રંથના એક હજાર શ્લોકનું પરિમાણબનેછે. આગ્રન્થ-પરિમાણની એક પ્રાચીન પદ્ધતિ છે.

કાત્યાયનનીશ્રદ્ધા---

કાત્યાયન-મુનિ પાણિનિ-અષ્ટાધ્યાયીના સૌથી યોગ્ય અને પ્રતિભાશાળી વ્યાખ્યાતા થયા છે. તેમણે પાણિનિ-સૂત્રો પર વાર્તિક રચીને તેમની તુલનાત્મક શૈલીમાં સમીક્ષા કરી છે. પાણિનિ અષ્ટાધ્યાયીની કાત્યાયનની બહુમુખી સમીક્ષા લોકમાં પ્રચલિત બની ગઇ. કાત્યાયન પાણિનિના પ્રતિદ્વન્દ્વી ન હતા પરંતુ તે પાણિનિ પ્રત્યે અત્યન્ત શ્રદ્ધાવાન્ થઇ પોતાનું છેલ્લું વાર્તિક ભક્તિમય શબ્દોમાં પૂરું કર્યું છે--"भगवतः पाणिनेः सिद्धम्" (૮-૬-૬૮) અહીં કાત્યાયને 'ભગવાન'શબ્દથી પાણિનિનું સ્મરણ કર્યું છે.

પતંજલિ-મહાભાષ્યકારનીશ્રદ્ધા--

૧. પાણિનિ અને કાત્યાયનના શાસ્ત્રોનો અભ્યાસ કરીને, પતંજલિમુનિએ પોતાની વિદ્વતાની અમીટ છાપ મહાભાષ્યમાં છોડી છે. પાણિનિની મહિમા અને પ્રામાણિકતાને સ્વીકારતા, તેમણે પણ પાણિનિ માટે 'ભગવાન' શબ્દનો પ્રયોગ કર્યો છેઃ "भगवतः पाणिनेराचार्यस्य सिद्धम्" (૮-૪-૬૮)

૨. પતંજલિએ પાણિનિને 'प्रमाणभूतआचार्य' ની ઉપાધિ આપીછેઃ 'प्रमाणभूत आचार्यः प्राङ्मुख उपविश्यमहता यत्नेन सूत्राणि प्रणयति स्म' (महा०१-१-१)'

૩. પતંજલિએ પાણિનિ માટે अनल्पमति आचार्य વિશેષણનો ઉપયોગ કર્યો છે. આ પાણિનિ મુનિની બૌદ્ધિક વિશાળતા દર્શાવે છે.

૪. એક જગ્યાએ પતંજલિએ પાણિનિને 'वृत्तज्ञ आचार्य' લખ્યું છે. (महा०११३।३)

૫. પતંજલિએ પાણિનિ અષ્ટાધ્યાયીને 'सर्ववेदपारिषदं हीदं शास्त्रम्'(महा०२।१।५८)। તરીકે વર્ણવી છે. એટલેકે, ઋષિ પાણિનિના અષ્ટાધ્યાયી તરીકે ઓળખાતું શબ્દશાસ્ત્ર તમામ વૈદિકપરિષદો(ચરણો) સાથે સંબંધિત છે.

૬. પતંજલિના સમયમાં, પાણિનિ અષ્ટાધ્યાયીનો અભ્યાસ પ્રારમ્ભિક કક્ષાઓ સુધી ફેલાયો હતો. તેથી, તેમણે લખ્યું છેઃ आकुमारं यशः पाणिनेः, एषाऽस्य यशसो मर्यादा (महा०१।४।८९)।

પંડિત જયાદિત્ય--

કાશિકા વૃત્તિના રચયિતા પંડિત જયદિત્ય 'उदक्कविपाशः' (૪।૨।૭૪) સૂત્રની વૃત્તિમાં લખેછેઃ 'महती सूक्ष्मेक्षिका वर्तते सूत्रकारस्य' એટલે કે, સૂત્રકાર પાણિનિની દ્રષ્ટિ અત્યંત સૂક્ષ્મ છે.

પશ્ચિમી વિદ્વાનોની શ્રદ્ધાઃ પાશ્ચાત્ય વિદ્વાનોએ પાણિનિય અષ્ટાધ્યાયીની નીચે મુજબ મુક્તકણ્ઠે પ્રશંસા કરી છે.

૧. પ્રો૰ મોનિયેર વિલિયમ્સઃ પાણિનિનું સંસ્કૃત વ્યાકરણ એ માનવ મસ્તિષ્કની પ્રતિભાનો સૌથી આશ્ચર્યતમ નમુનો છે. જે આજ સુધી કોઇ પણ દેશે રજુ કર્યો નથી.

૨. પ્રો૰મેક્સમુલરઃ હિંદુઓના વ્યાકરણમાં અન્વયની યોગ્યતા વિશ્વની કોઈપણ જાતિના વ્યાકરણ સાહિત્ય કરતાં શ્રેષ્ઠ છે.

૩. કોલબ્રુકઃ પાણિનિ વ્યાકરણના નિયમો અત્યન્ત સતર્કતાથી બનાવવામાં આવ્યા હતા અને તેમની શૈલી અત્યંત પ્રતિભાપૂર્ણ હતી.

૪. સર ડબલ્યુ-ડબલ્યુ હન્ટરઃ પાણિનિનું વ્યાકરણ વિશ્વના વ્યાકરણોમાં શ્રેષ્ઠ છે. તેની વર્ણશુદ્ધતા, ભાષાનો ધાત્વન્વય સિદ્ધાંત અને પ્રયોગવિધિઓ અદ્વિતિય અને અપૂર્વ છે. માનવમસ્તિષ્કનો આ અત્યન્ત મહત્વપૂર્ણ આવિષ્કાર છે.

૫. પ્રો૰.ટી.શેરવાત્સકીઃ પાણિનિય વ્યાકરણ એ માનવ-મસ્તિષ્કની શ્રેષ્ઠ રચનાઓમાંની એક છે.

પાણિનિની અન્ય રચનાઓઃ

અષ્ટાધ્યાયી ઉપરાંત, પાણિનિ-મુનિએ શિક્ષા, ધાતુપાઠ, ગણપાઠ, ઉણાદિકોષ અને લિઙ્ગાનુશાસન, આ પાંચ શબ્દવિદ્યા સબન્ધી ગ્રન્થોની રચના કરી છે. વાસ્તવમાં, આ અષ્ટાધ્યાયીના પૂરક ગ્રંથો છે. પાણિનિએ શિક્ષા આદિ ગ્રન્થ અષ્ટાધ્યાયીની રચના પહેલાં બનાવ્યા છે. જેમ કે, પતંજલિએ ગણપાઠ વિષે લખ્યું છે. स पूर्व पाठः,अयं पुनः पाठः(महा १।१।१४) એટલેકે, ગણપાઠ પાણિનિ પૂર્વની રચના છે. અને અષ્ટાધ્યાયી અપર રચના છે.

પંડિત યુધિષ્ઠિર મીમાંસક 'पातालविजय' અને 'जाम्बवत्तीविजय''નામક બેકાવ્ય રચનાને પાણિનિ-મુનિની ગણેછે.

નિર્વાણ--

પાણિનિના મૃત્યુ અંગે, પંચતંત્રમાંથી પ્રસંગવશ એક શ્લોક ટાંકવામાં આવે છેઃ

'सिंहो व्याकरणस्य कर्तुरहरत् प्राणान् प्रियान् पाणिनेः' (मित्रसम्प्राप्तिश्लोक-३६) આથી અનુમાન કરી શકાયકે, પાણિનિમુનિનું પ્રાણહરણ સિંહ દ્વારા કરવામાં આવ્યું. (અહીં પાણિનિની મજાક ઉડાવેલી છે!)

વૈયાકરણોમાં એક કિંવદતિ છે કે, પાણિનિનું મૃત્યુ તેરસની તિથિએ થયું હતું. તેથી, પાણિનિ વૈયાકરણ પ્રત્યેક તેરસે અવકાશ રાખેછે. આ પ્રથા હજુ પણ કાશીમાં છે.

येन धौता गिरः पुंसां विमलैः शब्दवारिभिः।तमश्चाज्ञानजं भिन्नं तस्मै पाणिनये नमः॥

જે પાણિનિએ ક્લિષ્ટ અને અપશબ્દરુપી કીચડરહિત, શુદ્ધ-પરિષ્કૃત શબ્દરુપી જળની ધારાઓથી મનુષ્યોની વાણી ધોઇને નિર્મળ બનાવી દીધી. તથા અજ્ઞાનરુપી અંધકાર દૂર કરી દીધો. આ શિક્ષા વ્યાકરણ વેદાઙ્ગના પ્રકાશક અને સમ્પ્રદાયના પ્રવર્તક પાણિનિને નમસ્કાર છે.

==

માહેશ્વર સૂત્ર- પ્રત્યાહાર

પાણિનિ મુનિએ ભગવાન શંકરની કૃપાથી પોતાની મહાન રચના अष्टाध्यायी સંક્ષિપ્ત થઈ શકે તે માટે 14 પ્રત્યાહાર સૂત્રો મેળવ્યા. અગાઉ વિદ્વાનો પોતાની રચના સંક્ષિપ્તમાં થાય તો વિદ્યાર્થીઓ સરળતાથી મુખપાઠ વડે યાદ રાખી શકે તેઓ આશય અહીં છે. આજના વખત જેવી છાપકામ અને પુસ્તકો પ્રાપ્ત કરવાની સરળતા નહોતી. માહેશ્વર સૂત્રોમાં બેજ વર્ણનો ઉપયોગ કરી વિવિધ 42 પ્રકારના વર્ણસમૂહોનો ઉપયોગ કરી શકાય છે આથી દરેક સૂત્રો સંક્ષિપ્ત બન્યા છે. અર્ધી માત્રા ઘટે તો ય વૈયાકરણીને પુત્ર જન્મ જેટલો આનંદ થાય છે. अर्धमात्रा लाघवेन पुत्रोत्सव मन्यन्ते वैयाकरणाः।

સૂત્ર એટલે સંજ્ઞા પરિભાષા વિધિ નિયમ અતિદેશ અને અધિકાર એમ છ લક્ષણો વાળું સૂત્ર કહેવાય છે. વળી...

अल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतोमुखम्। अस्तोभमनवद्यञ्च सूत्रं सूत्रविदो विदुः॥

અલ્પાક્ષરોવાળું, અસંદિગ્ધ, સારરૂપ, સર્વગ્રાહી, અટક્યા વગર નું, દોષરહિત વાક્ય સૂત્ર કહેવાય છે. એમ સૂત્રના જાણકારો કહે છે.

પાણિનિએ ૩૯૭૮ સૂત્રોમાં સંપૂર્ણ વ્યાકરણ શાસ્ત્ર નું નિર્માણ કર્યું છે. શાસ્ત્રમાં લાઘવ(સંક્ષિપ્તપણું) લાવવા માટે अण्। વગેરે પ્રત્યાહાર અર્થાત્ ચૌદ માહેશ્વર સૂત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.આ વાતને નંદિકેશ્વરની કારિકામાં કહેવાયું છે. કે,

नृत्तावसाने नटराजराजो ननाद ढक्कां नवपञ्चवारम्। उद्धर्त्तुकामो सनकादिसिद्धानेतद्विमर्शे शिवसूत्रजालम्॥

તાંડવ નૃત્યની સમાપ્તિ થયે નટરાજે(શિવે) સનકાદિ ઋષિઓની સિદ્ધિ અને કામનાની પૂર્તિ (ઉદ્ધાર) માટે નવ-પંચ(૯+૫=૧૪) ચૌદ વાર ડમરુ વગાડ્યું આ રીતે ચૌદ માહેશ્વર સૂત્રો ની જાળ(વર્ણમાળા) પ્રગટ થઈ.

પાણિનિય શિક્ષામાં પણ કહ્યું છે.

येनाक्षर ससमाम्नायम् अधिगम्य महेश्वरात् । कृत्स्नम् वव्याकरणम् प्रोक्तम् तस्मै पाणिनये नमः ॥

મહેશ્વર પાસેથી જેણે અક્ષરોનો સમૂહ વર્ણમાળા મેળવી સંપૂર્ણ વ્યાકરણની રચના કરી તે પાણિનિને નમસ્કાર.

અક્ષર સમામ્નાયઃ

(૧.) अइउण्। (૨.) ऋलृक्। (૩.) एओङ्। (૪.) ऐऔच्। (૫.) हयवरट्। (૬.) लण्। (૭.) ञमङणनम्।

(૮.) झभञ्। (૯.) घढधष्। (૧૦.) जबगडदश्। (૧૧.) खफछठथचटतव्। (૧૨.) कपय्। (૧૩.) शषसर्।

(૧૪.) हल् । **इति प्रत्याहार-सूत्राणि.**

આ ચૌદ સૂત્રો ભગવાન મહેશ્વર ની કૃપાથી પાણિનિને ને પ્રાપ્ત થયા હોવાથી માહેશ્વર સૂત્ર અથવા શિવસૂત્ર કહેવાય છે. આ સૂત્રોને આધારે પાણિનિએ પોતાના પ્રસિદ્ધ ગ્રંથ અષ્ટાધ્યાયીના ૩૯૭૮ સૂત્રોમાં સંપૂર્ણ વ્યાકરણ શાસ્ત્ર સમાવી દીધું.

ઘણીવાર આશરે ૪૦૦૦ સૂત્રો ગણવામાં આવે છે અને હજાર અનુષ્ટુપ છંદની રચના ગણાય છે.

૧૬ અક્ષરનો એક શ્લોક ગણી બધાય સૂત્રોના અક્ષરો ગણી આશરે ૧૦૦૦ શ્લોક ગણાય છે. (આ ગણતરીમાં થોડો આશરો લેવામાં આવે છે)

શાસ્ત્રમાં લાઘવ પ્રાપ્તિ(સંક્ષિપ્તીકરણ) માટે મુખ્ય સ્વરૂપે अण् વગેરે પ્રત્યાહારો છે. આવા ૪૨ પ્રત્યાહારોનો ઉપયોગ અષ્ટાધ્યાયીમાં થયો છે. એક સૂત્ર અન્ય સ્થળે વપરાયું છે.

अण्। વગેરે પ્રત્યાહાર (**प्रत्याह्रियन्ते संक्षिप्यन्ते वर्णा यत्र सप्रत्याहारः।**) જેમાં સંક્ષેપ કરવામાં આવે તે પ્રત્યાહાર.) સિદ્ધિ માટે અનુબંધ કે ઈત્સંજ્ઞા જોડવામાં આવી છે. અને વર્ણોના પ્રચલિત ક્રમમાં પરિવર્તન આવશ્યક બન્યું છે. આમ લૌકિક વર્ણમાળામાં રહીને પણ ભિન્ન **वर्णसमाम्नाय**-વર્ણસમૂહોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ ચૌદ સૂત્રોના અંતિમ વર્ણ **इत्संज्ञा** કહેવાય છે.આ ચૌદ સૂત્રોનીની ઈત્સંજ્ઞા આમ છે. **ण,क्,ङ्,**

च,ट्,ण,म,ञ,ष,श,व,य,र,ल्। આ ચૌદ વર્ણ ઈત્સંજ્ઞા માટે છે. માત્ર સૂચના પૂરતા અને પ્રત્યાહારની સિદ્ધિ માટે જ છે.

ઈત્સંજ્ઞાનું ફળ લોપ કહેવાયું છે.જેમકે **अइउण्।** સૂત્રમાં **अण्।** પ્રત્યાહારથી **अ इ उ**નો બોધ થાય છે અને **ण्।** ઈત્સંજ્ઞાનો લોપ થાય છે એવી જ રીતે અન્ય પ્રત્યાહારોમાં **अच्।** પ્રત્યાહાર સઘળા સ્વરદર્શન કરાવે છે. **अइउऋलृएओऐऔ।** બધા ય સ્વરસમુહ આવી જાય છે. અને ઈત્સંજ્ઞાનો લોપ થાય છે. પણ પ્રત્યાહાર ની પૂર્ણતા માટે **अच्।** પ્રત્યાહાર ગણાય છે.

अच्। પ્રત્યાહારમાં બધાય સ્વરો નો બોધ થાય છે જે પહેલાં ચાર સૂત્રોનો છે. **अइउण्। ऋलृक्।एओङ्।ऐऔच्।** હવે આપણે પહેલા સૂત્રનો **अ** અને છેલ્લા સૂત્રની ઈત્સંજ્ઞા **अच्।** પ્રત્યાહાર બનાવે છે.

अक्। પ્રત્યાહાર લખવાથી પ્રથમ બે સૂત્રોના વર્ણનો બોધ થાય છે. અને બધા ય હ્રસ્વ સ્વરો મળે છે. **अइउण्।ऋलृक्।** હવે **अक्। अइउऋलृ** અને **इक्।**માં **इउऋलृ।**નો બોધ થાય છે.

आदिरन्त्येन सहेता।१-१-७१।સૂત્ર દ્વારા પ્રત્યાહાર બનાવવાની વિધિ નો ઉપદેશ નિર્દેશ થયો છે. **आदिरन्त्येन सहेता। आदिः=** આદિ વર્ણ **अन्त्येन इता**=અંતિમ ઈત્સંજ્ઞા **सह**=સાથે લઈ પ્રત્યાહાર બને છે.

આ સૂત્રોથી પ્રત્યાહાર તો સેંકડો બને છે પણ અષ્ટાધ્યાયીમાં ૪૧ પ્રત્યાહારનો જ વ્યવહાર કર્યો છે. આ સિવાય उणादिसूत्रमां

ञमन्ताड्ड:। १-११४। ञम्। પ્રત્યાહાર વપરાયો છે.તથા એક પ્રત્યાહાર चय्। "चेयो द्वितीय: शरि पौष्करसादे:" (वार्तिक-८-४-४७)

આ બંને મળી કુલ ૪૩ પ્રત્યાહારનો પ્રયોગ થયો છે.

પ્રત્યાહાર કેવી રીતે સંક્ષિપ્ત થાય છે તેનું ઉદાહરણ અહીં આપું છું જેમકે: इकोयणचि। ६-१-७७। એક સૂત્ર છે. જેમાં:

१. इक्।=इउऋऌ। २. यण्।=यवरल। ३. अच्।=अइउऋऌएओऐऔ। એમ ત્રણ પ્રત્યાહાર સમાવી સૂત્ર બનાવ્યું

છે.હવે પાણિનિએ પ્રત્યાહારનો ઉપયોગ ન કર્યો હોત તો નીચે મુજબ લાંબું વર્ણન કરવું પડ્યું હોત!

"જો इउऋऌ (इक्) પછી अइउऋऌएओऐऔ(अच्) આવે તો इउऋऌ(इक्) ની જગ્યાએ यवरल (यण्) થઈ જાય છે.
હવે આપણે ૪૩ પ્રત્યાહારોનું સ્વરૂપ અને દૃષ્ટાંત રૂપ સૂત્ર વિષે થોડું જાણી લઈશું.દૃષ્ટાન્તમાં આપેલ પાણિનિસૂત્રની સમજ "લઘુ સિદ્ધાંત કૌમુદી" કે અન્ય સ્થળે જોઈ લેવી.
પ્રત્યાહારોનું નિરૂપણ અને ઉદાહરણ.

સૂત્રની શરૂઆતના વર્ણ:अ ऋ ए ऐ ह ल ञ झ घ ज ख क श ह। ૫ અને ૧૪માં ह બેવડાય છે.

ઈત્સંજ્ઞા: પાછળ આવતો વર્ણ.

ण् क् ङ् च् ट् ण् म् ञ् श् व् य् र् ल्। ઈત્સંજ્ઞા છે. ૧-૬માં ण् બેવડાય છે.

१.अण्।- अइउ। ઉદાહરણ ढ्लोपे पूर्वस्य दीर्घोऽण:।

२.अक्।-अइउऋऌ। ઉદાહરણ अक: सवर्णे दीर्घ:।

३.अच्।-अइउऋऌएओऐऔ।ઉદાહરણ इकोयणचि। (अच्। માં દરેક સ્વર આવી જાય છે.

४. अट्।-अइउऋऌएओऐऔहयवर। ઉદાહરણ शश्छोऽटि।

५. अण्। अइउऋऌएओऐऔहयवरल। ઉદાહરણ अणुदित्सवर्णस्य चाऽप्रत्यय:।

६.अम्। अइउऋऌएओऐऔहयवरलञमङणन। ઉદાહરણ पुम: खय्यम्परे।

७.अश्। अइउऋऌएओऐऔहयवरलञमङणनझभघढधजबगडद।ઉદાહરણ भो भगो अघो अपूर्वस्य योऽशि।

८.अल्। अइउऋऌएओऐऔहयवरलञमङणनझभघढधजबगडदखफछठथचटतकपशषसह।

દરેક સ્વર-વ્યંજન આવી જાય છે. ઉદાહરણ. अलोऽन्त्यस्य।

९. इक्। इउऋऌ।ઉદાહરણ इकोयणचि।

१०.इच्। इउऋऌएओऐऔ ઉદાહરણ नादिचि।

११.इण्। इउऋऌएओऐऔहयवरल। ઉદાહરણ. इणः षः।

१२.उक्। उऋऌ। ઉદાહરણ उगिदचां सर्वनामस्थानेऽधातोः।

१३. एङ्। एओ। ઉદાહરણ एङः पदान्तादति।

१४. एच्। एओऐऔ। ઉદાહરણ एचोऽयवायावः।

१५. ऐच्। ऐऔ ઉદાહરણ वृद्धि रादैच्।

१६. हश्। हयवरलञमङणनझभघढधजबगडद। ઉદાહરણ हशि च।

१७. हल्। हयवरलञमङणनझभघढधजबगडदखफछठथचटतकपशषसह। બધા ય વ્યંજનો છે. ઉદાહરણ. हलन्त्यम्।

१८. यण्। यवरल। ઉદાહરણ इको यणचि।

१९. यम्। यवरलञमङणन। ઉદાહરણ हलो यमां यमि लोपः।

२०. यञ्। यवरलञमङणनझभ। ઉદાહરણ अतो दीर्घो यञि।

२१.यय्। यवरलञमङणनझभघढधजबगडदखफछठथचटतकप। સ્પર્શ અને અંતસ્થ. ઉદાહરણ अनुस्वार अयि परसवर्णः।

२२. यर्। यवरलञमङणनझभघढधजबगडदखफछठथचटतकपशषस। ઉદાહરણ यरोऽनुनासिकेऽनुनासिको वा।

२३.वश्। वरलञमङणनझभघढधजबगडद। ઉદાહરણ नेड् वशिकृति।

२४. वल्। वरलञमङणनझभघढधजबगडदखफछठथचटतकपशषसह। ઉદાહરણ लोपो व्योर्वलि।

२५.रल्। रलञमङणनझभघढधजबगडदखफछठथचटतकपशषसह।ઉદાહરણ रलो व्युपधाद्धलादेः संश्च।

२६. मय्। मङणनझभघढधजबगडदखफछठथचटतकप। ઉદાહરણ मयो उञो वो वा।

२६-क. ञम्। ञमङणन। उणादिसूत्र।१-१४। ञमान्ताड् डः।

२७. ङम्। ङणन। ઉદાહરણ ङमो ह्रस्वादचि ङमुण् नित्यम्।

२८. झष्। झभघढध। ઉદાહરણ एकाचोवशोभष्।झषन्तस्यस्ध्वोः।

२९.झश्। झभघढधजबगडद। ઉદાહરણ झलां जश् झशि।

३०.झय्। झभघढधजबगडदखफछठथचटतकप। ઉદાહરણ झयोहोऽन्यतरस्याम्

३१.झर्।झभघढधजबगडदखफछठथचटतकपशषस ઉદાહરણ झरो झरि सवर्णे।

३२.झल्। झभघढधजबगडदखफछठथचटतकपशषसह।ઉદાહરણ झलो झलि।

३३.भष्। भघढध। ઉદાહરણ एकाचो बशो भष् झषन्तस्य स्ध्वोः।

३४.जश्। जबगडद। ઉદાહરણ झलां जश् झशि।

३५.बश्। बगडद। ઉદાહરણ एकाचो बशो भष् झषन्तस्य स्ध्वोः।

३६.खय्। खफछठथचटतकपश। पुमः खय्यम्परे।

३७.खर्। खफछठथचटतकपशषस। ઉદાહરણ खरि च।

३८.छव्। छठथचटत। ઉદાહરણ नश्छव्यप्रशान्।

३९.चय्। वार्तिक। चटतकप। ઉદાહરણ चयो द्वितियाः शरि पौष्करसादेरिति वाच्यम्।

४०. चर्। चटतकपशषस। ઉદાહરણ अभ्यासे चर् च।

४१.शर्। शषस। ઉદાહરણ शरोऽचि।

४२.शल्। शषसह। ઉદાહરણ शल इगुपधादनिटः क्सः।

४३.=२६-क.

इत्सञ्ज्ञक अन्तिम वर्ण ।

(१.) ण्। (२.) क्। (३.) ङ्। (४.) च्। (५.) ट्। (६.) ण्। (७.) म्। (८.) ञ्। (९.) ष्। (१०.) श्। (११.) व्। (१२.) य्। (१३.) र्। (१४.) ल् ।

एकस्मान् ङञणवटा द्वाभ्यां षस्त्रिभ्य एव कणमाः स्युः। ज्ञेयौ चयौ चतुर्भ्यो रः पञ्चभ्यः शलौ षड्भ्यः॥

स्यादेको ङञणवटैः षेण द्वौ त्रय इह कणमेश्च। चत्वारश्च चयाभ्यां पञ्च रेफेण शलाभ्यां षट्॥

જે પ્રત્યાહાર સૂત્રોમાં **ङ ञ ण व ट** અનુબંધ(ઇત્સંજ્ઞા)છે. ત્યાં એક પ્રત્યાહાર બને છે. જ્યાં **ष्** અનુબંધ છે. ત્યાં બે પ્રત્યાહાર બને છે. જ્યાં કણમ અનુબંધ છે. ત્યાં ત્રણ પ્રત્યાહાર બને છે. જ્યાં ચય અનુબંધ છે. ત્યાં ચાર પ્રત્યાહાર બને છે જ્યાં ર અનુબંધ છે. ત્યાં પાંચ પ્રત્યાહાર બને છે. જ્યાં શલ અનુબંધ છે. ત્યાં છ પ્રત્યાહાર બને છે.

प्रत्याहार सूत्र	प्रत्याहार	संख्या
३ एओङ्।	एङ्।	१
८ झभञ्।	यञ्।	१
१ अइउण्।	अण्	१
११ खफछठथचटतव्।	छव्।	१
५ हयवरट्।	अट्।	१
९ घढधष्।	झष्। भष्।	२
२ ऋलृक्।	अक्। इक्। उक्।	३
६ लण्।	अण्। इण्। यण्।	३
७ ञमङणनम्।	अम्। यम्। ङम्।	३
४ ऐऔच्।	अच्। इच्। एच्। ऐच्।	४
१२ कपय्।	यय्। मय्। झय्। खय्।	४
१३ शषसर्।	यर्। झर्। खर्। चर्। शर्।	५
१० जबगडदश्।	अश्। हश्। वश्। झश्। जश्। बश्।	६
१४ हल्।	अल्। हल्। वल्। रल्। झल्। शल्।	६
		४१

अ इ उ ण्। સૂત્રમાંથી अण्। इण्। उण्। વગેરે प्रત્યાહાર પણ સંભવ છે. પણ પાણિનિએ પોતાના શબ્દાનુશાસનમાં માત્ર अण्। પ્રત્યાહારની જ આવશ્યકતા જોઈ છે. અપવાદરૂપ એક જ સૂત્રનો અષ્ટાધ્યાયીમાં अणुदित् सवर्णस्य चाप्रत्ययः। १-१-६९। ઉપયોગ થયો છે. બાકી બધી જગ્યાએ अ इ उ ण्।નો अण्। જ વપરાય છે.

१ अकार वर्ण થી ८ પ્રત્યાહાર બનશેઃ– अण् अक् अच् अट् अण् अम् अश् अल् ।

२ इकार થી ૩ પ્રત્યાહાર બનશેઃ— इक् इच् इण् ।

३ उकार થી ૧ પ્રત્યાહાર બનશેઃ—उक् ।

४ एकार થી ૨પ્રત્યાહાર બનશેઃ—एङ् एच् ।

५ ऐकार થી ૧ પ્રત્યાહાર બનશેઃ—ऐच् ।

६ हकार થી २ પ્રત્યાહાર બનશેઃ—हश् हल् ।

७ यकार थी ५ પ્રત્યાહાર બનશેઃ—पाँच—यण् यम् यञ् यय् यर् ।

८ वकार थी २ પ્રત્યાહાર બનશેઃ—वश् वल् ।

९ रेफ થી एक—रल् ।

१० मकार थी १ પ્રત્યાહાર બનશેઃ— मय् ।

११ ङकार थी १ પ્રત્યાહાર બનશેઃ—ङम् ।

१२ झकार थी ५ પ્રત્યાહાર બનશેઃ— झष् झश् झय् झर् झल् ।

१३ भकार थी१ પ્રત્યાહાર બનશેઃ—भष् ।

१४ जकार थी १ પ્રત્યાહાર બનશેઃ— जश् ।

१५ बकार थी १ પ્રત્યાહાર બનશેઃ— बश् ।

१६ छकार थी १ પ્રત્યાહાર બનશેઃ— एक—छव् ।

१७ खकार थी २ પ્રત્યાહાર બનશેઃ— दो—खय् खर् ।

१८ चकार थी १ પ્રત્યાહાર બનશેઃ— चर् ।

१९ शकार थी २ પ્રત્યાહાર બનશેઃ— शर् शल् ।

આમ બધી રીતે યાદ રાખવાથી સ્મૃતિની ચોકસાઈ વધી જાય છે.

अ इ उ ऋ ऌ	माहेश्वर सूत्र।	ए ऐ ओ औ
क च ट त प	ख छ ठ थ फ	ङ ञ ण न म
ग ज ड द ब	घ झ ढ ध भ	यरलव शषस ह

अ इ उ ऋ ऌ	मूळ ध्वनि
क च ट त प	न म
ग ज ड द ब	शषस ह

માહેશ્વર સૂત્રોમાં ૪ દીર્ઘ સ્વરો નથી.
માહેશ્વર સૂત્રમાં વર્ણ સંખ્યા ૪૧ છે. (હ પાંચ અને ચૌદ બંને સૂત્રોમાં છે.)
૫ હ્રસ્વ સ્વર+૨ ગુણ સ્વર+૨ વૃદ્ધિ સ્વર= ૮ સ્વર
૧ મહાપ્રાણ+૪ અંતસ્થ+૨૫ સ્પર્શ+૩ ઉષ્માક્ષર=૩૩ વ્યંજન
મૂળ ધ્વનિ માં ૨૧ ધ્વનિ છે.
ફોનેશિયન આલ્ફાબેટમાં ૨૨ ધ્વનિ છે.
ફોનેશિયન ના ૨૨ ધ્વનિ અને વેદમાં વર્ણવેલ ૨૧ મૂળધ્વનિ ખૂબ નજીક છે.વેદિકોને ધ્વનિપરિવર્તનના પ્રયોગોનો બહુ જુનો અનુભવ હતો. જેમાં વેદના રચનાકાળથી અનેક વિદ્વાનોના પ્રયત્નો હતા. જેનો ઉલ્લેખ પાણિનીએ કરેલો છે તેમ જ પ્રતિશાખ્યોમાં એનું પ્રતિબિમ્બ દેખાય છે. કણ્ઠ ઉર-નાભિ નાસિકા જીભ વડે એક જ ધ્વનિમાં વિવિધ પરિવર્તનો લાવી શકાતા. અહીં માત્ર ક નું ઉદાહરણ લઈએ તો માત્ર ક ઉપર સ્વર-અનુસ્વાર-વિસર્ગ અને અન્ય વ્યંજનોના સંયોગથી ८७ પરિવર્તનો નોંધી શકાયા છે.

क का कि की कु कू के कै को कौ	क् मां स्वरसंयोग परिवर्तनो-१०
कं कां किं कीं कुं कूं कें कैं कों कौं	क् मां स्वर-अनुस्वार-नासिका सहाय परिवर्तनो-१०

क: का: कि: की: कु: कू: के: कै: को: कौ:	क् मां स्वर-विसर्ग-उर सहाय परिवर्तनो-१० **कूल-३०**

क मां व्यंजन संयोग परिवर्तनो।	५७
क्क क्क क्क्ल क्क क्क्ष क्ख क्क क्छ क्ट क्ण।	१०
क्त क्त्य क्र क्र्य क्त्व क्त्व्य क्थ क्थ्न क्थ्य क्न।	१०
क्न्य क्प क्प्र क्प्ल क्फ क्भ क्भ्य क्य क्र क्र्य।	१०
क्ल क्ल्य क्व क्श क्श्म क्श्र क्श्ल क्श्व क्ष क्ष्ण।	१०
क्ष्ण्य क्ष्म क्ष्म्य क्ष्य क्ष्र क्ष्व क्स क्स्त क्स्त्र क्स्थ।	१०
क्स्न क्स्प क्स्फ क्स्म क्स्य क्स्र क्स्व॥	७
आम क ना स्वरसंयोग-अनुस्वारसंयोग-विसर्गसंयोग-व्यञ्जनसंयोग वडे ८७ ध्वनिपरिवर्तनो नोंधी शकाया।	८७

= =

पाणिनिय शिक्षा । वृद्ध पाठ।

पाणिनिय शिक्षा। सूत्रात्मक। लघुपाठ। वर्णोच्चारण शिक्षा। ॥स्वामी दयानन्द सरस्वती॥

ओ३म् ब्रह्मात्मने नमः।

अथ वर्णोच्चारण-शिक्षा।

पाणिनीय शिक्षाना नामथी बे ग्रन्थ--- श्लोकात्मक अने सूत्रात्मक उपलब्ध थाय छे.श्लोकात्मक पाणिनीय शिक्षा श्लोकात्मक पाणिनीय शिक्षाना बे पाठ प्रसिद्ध छे—पहेलो लघुपाठ जेमां ૩૫श्लोक छे तेने याजुष पाठ कहे छे. बीजो बृहत् पाठ जेमां ૬૦ श्लोक छे अने तेने आर्च पाठ कहेवामां आवे छे. सूत्रात्मक पाणिनीय शिक्षाना पण लघु अने बृहत् बे पाठ जोवा मळे छे. लघुपाठनी शोध अने उद्धारनुं श्रेय स्वामी दयानन्द सरस्वतीने जाय छे. बृहत् सूत्रात्मक पाठ स्वर्गीय पं. युधिष्ठिर मिमांसकना प्रयासथी प्रकाशमां आव्यो.

प्रश्नः-- वर्ण अथवा अक्षर कोने कहेवाय ?

१-उत्तर- अक्षरं नक्षरं विद्यादश्नोतेर्वा सरोऽक्षरम् ।वर्ण वाहुः पूर्वसूत्रं किमर्थमुपदिश्यते॥

महाभाष्य अ-१। पा-१। आ-५ ॥

मनुष्य (अक्षरं नक्षरं) जे सर्वत्र व्याप्त। जेनो क्यारेय विनाश नथी थतो। (वर्ण वाहुः पूर्वसूत्रे) अथवा जेने पूर्वसूत्रमां वर्ण अथवा अक्षर कहे छे। (विद्यात्) एने प्रयत्नपूर्वक जाणीए.

प्रश्नः--शा माटे एनो उपदेश करवामां आवे छे ?

२-उत्तर- वर्णज्ञानं वाग्विषयो यत्र च ब्रह्म वर्तते। तदर्थमिष्टबुद्ध्यर्थं लघवर्थं चोपदिश्यते॥

सोऽयमक्षरसमाम्नायो वाक्समाम्नायः पुष्पितः फलितश्चन्द्रतारकवत् प्रतिमण्डितो वेदितव्यो ब्रह्मराशिः

सर्ववेदपुण्यफलावाप्तिश्चास्य ज्ञाने भवति॥ महाभाष्य अ० १। पा० १। आ० २॥

मनुष्य (यत्र) जेमां (ब्रह्म च) शब्द ब्रह्म वेद अने परब्रह्मनि प्राप्ति थाय, (वाग्विषयः) अने ते जे वाणीना विषय, अर्थात् (वर्णज्ञानम्) वर्णोनुं यथार्थ विज्ञान छे, ते जाणी शकाय, (तदर्थम्) आ ईष्ट बुद्धि अर्थात् वर्णोनुं अभीष्ट ज्ञान अने स्वल्प, प्रयत्नथी महालाभ मेळववा अक्षरोनो अभ्यास उच्चारणनी रीत प्रसिद्ध करवामां आवे छे. जे आ अक्षरोनुं श्रेष्ठ प्रकारनुं कथन "वाऽऽसमाम्नाय" छे.अर्थात् आपणा शब्दरूपी फुलफळोथी युक्त, चन्द्र अने ताराओ समान सुशोभित आकाशमां स्थित (राशिः) शब्दोनो समुदाय ब्रह्म राशि जाणवा योग्य छे. अने एना यथार्थ ज्ञानमां संपूर्ण वेदोनुं फळ प्राप्त थाय छे.एमां वर्णोना ठीक-ठीक उच्चारणथी सांभळवामां प्रीति अने भ्रमनी निवृत्ति थाय छे. माटे आ वर्णोच्चार शिक्षा अवश्य जाणवी जोईए.

પ્રશ્નઃ-- વર્ણોનું રૂપ કેવી રીતે પ્રગટ થાય છે?

૩-उत्तर:- आकाशवायुप्रभव: शरीरात्समुच्चरन् व±मुपैति नादह्। स्थानान्तरेषु प्रविभज्यमानो वर्णत्वमागच्छति यह: स शब्द: ॥१॥

આકાશ અને વાયુના સંયોગથી ઉત્પન્ન થતો, નાભિની નીચેથી ઉપર ઉઠતો, જે મુખને પ્રાપ્ત થાય છે, તેને "નાદ" કહેવાય છે. તે કણ્ઠ વગેરે સ્થાનોમાં વિભાજીત થતો વર્ણભાવને પ્રાપ્ત થાય છે, એને શબ્દ કહે છે.

૪--आत्मा बुद्ध्या समेत्यार्थान् मनो युङ्क्ते विवक्षया। मन: कायाग्निमाहन्ति स प्रेरयति मारुतम्। मारुतस्तूरसि चरन्मन्दं जनयति स्वरम्॥

જીવાત્મા બુદ્ધિથી અર્થોની સંગતિ કરી કહેવાની ઇચ્છાથી મન જોડે છે, વિદ્યુતરૂપ જઠરાગ્નિને તાડે છે, તે વાયુને પ્રેરણા કરતો અને વાયુ ઉરઃસ્થાનમાં વિચરતો મન્દ સ્વર ઉત્પન્ન કરે છે.

પ્રશ્ન--શબ્દનું સ્વરૂપ કેવું છે? ક્યા ફળને પ્રાપ્ત કરતા, અને ક્યા ફુલોથી સેવિત છે.

५ - उत्तर- तमक्षरं ब्रह्म परं पवित्रं गुहाशयं सम्यगुशन्ति विप्रा:।

स श्रेयसा चाभ्युदयेन चैव सम्यक् प्रयुक्त: पुरुषं युनक्ति॥२॥

(વિપ્રાઃ) વિદ્વાન લોકો એ આકાશ્-વાયુ-પ્રતિપાદિત (અક્ષરં)નાશરહિત (ગુહાશયમ્) શુદ્ધ (બ્રહ્મ) શબ્દરાશિની (સમ્યક)સારી રીતે પ્રાપ્તિની કામના કરે છે. અને (સ એવ) તે (સમ્યક્ પ્રયુક્ત) સારી રીતે પ્રયોગ કરેલો શબ્દ (અભ્યુદયેન) શરીર આત્મા મન (ચ) અને સ્વસબંધીઓ માટે આ સંસારના બધા ય સુખ,તથા (શ્રેયસા) વિદ્યા વગેરે શુભ ગુણોનો યોગ (ચ) અને મુક્તિસુખથી (પુરુષમ્) મનુષ્યને (યુનક્તિ) જોડી દે છે, એટલા માટે વર્ણોચ્ચારને શ્રેષ્ઠ શિક્ષાથી શબ્દવિજ્ઞાનમાં સૌ પ્રયત્ન કરે.

શબ્દનું લક્ષણ

૬-श्रोत्रोपलब्धिर्बुद्धिनिग्राह्य: प्रयोगेणाभिज्वलित आकाशदेश: शब्द:॥ महाभाष्य अ० १। पा० १। सू० २ आ० २॥

આ "અ-ઇ-ઉ-ણ્" સૂત્રની વ્યાખ્યામાં લખ્યું છે કે, (શ્રોત્રોપલબ્ધિઃ) શ્રવણેન્દ્રિયથી થતું જ્ઞાન, (બુદ્ધિનિર્ગ્રાહ્યઃ) અને બુદ્ધિથી નિરંતર ગ્રહણ, (પ્રયોગેણાભિજ્વલિતઃ) જે ઉચ્ચારણથી પ્રકાશિત થતા, તથા (આકાશ દેશઃ) જેનું નિવાસસ્થાન આકાશ છે, (શબ્દઃ)તે શબ્દ કહેવાય છે.

વર્ણમાળામાં કેટલા વર્ણ છે? ૭-उत्तर- त्रिषष्टि॥३॥ ત્રેસઠ છે. અને તે અકારાદિમાં વિભક્ત છે. જેમ કેઃ-

अकारदि स्वरोंनुं स्वरूप

स्वर:	ह्रस्व-एकमात्रिक	दीर्घ-द्विमात्रिक	मिश्रित गुण	मिश्रित वृद्धि	संस्कृत वर्णमाळा	
स्वर:	अ इ उ ऋ ऌ	आ ई ऊ ॠ	अ+इ=ए	आ+ई=ऐ	स्वर:	
स्थान	ह्रस्व दीर्घ	दीर्घ	अ+उ= ओ	आ+ऊ=औ		उदात्त:। अनुदात्त:। स्वरित:।
कण्ठस्थान	अ आ		ह्रस्व	दीर्घ	प्लुत	
कण्ठ-तालु		ए ऐ	अ	आ	३अ	अ
तालुस्थान	इ ई		इ	ई	३ इ	इ
			उ	ऊ	३ उ	उ
मुर्धास्थान	ऋ ॠ		ऋ	ॠ	३ ॠ	ॠ
			ऌ	०	३ ऌ	ऌ
दन्तस्थान	ऌ ०		०	ए	३ ए	ए
दन्त-औष्ठ			०	ऐ	३ ऐ	ऐ
ओष्ठस्थान	उ ऊ		०	ओ	३ ओ	ओ
कण्ठ-ओष्ठ		ओ औ	०	औ	३ औ	औ

		संस्कृत	वर्णमाळा						
		व्यञ्जन	परिचय						
आभ्यन्तर प्रयत्न				स्पृष्टम्		ईषत्स्पृष्टम्	ईषद्विवृतम्		
बाह्य प्रयत्न	विवारः	विवारः	संवारः	संवारः	संवारः नादः	संवारः नादः	विवारः श्वासः		
बाह्य प्रयत्न	श्वासः	श्वासः	नादः	नादः	अनुनासिकः	अन्तस्थः	ऊष्माक्षरः		
बाह्य प्रयत्न	अघोषः	अघोषः	घोषः	घोषः	घोषः	घोषः	अघोषः		
बाह्य प्रयत्न	अल्पप्राणः	महाप्राणः	अल्पप्राणः	महाप्राणः	अल्पप्राणः	अल्पप्राणः	महाप्राणः	महाप्राणः	मिश्र वर्ण
कण्ठस्थान	क	ख	ग	घ	ङ			ह	क्ष=क्+ष
						)(क वर्ग	जिह्वामूलीय		
तालुस्थान	च	छ	ज	झ	ञ	य	श	ळ	ज्ञ=ज्+ञ
मुर्धास्थान	ट	ठ	ड	ढ	ण	र	ष		
दन्तस्थान	त	थ	द	ध	न	ल	स		
दन्त ओष्ठ						व	विसर्जनीय		
ओष्ठस्थान	प	फ	ब	भ	म		:		
						)(प वर्ग	उपध्मानीय		

अयोगवाहरूप	: विसर्जनीय	)(जिह्वामूलीय	)(उपध्मानीय	ं अनुस्वार
अयोगवाहरूप-यम	ꣳ ह्रस्व-गुं	ꣴ दीर्घ-गूं	ँ अनुनासिक	ळ

बा	क्	क्	क्	क्	क्	क्	क्	क्	क्	क्	क्	क्
रा	अ	आ	इ	ई	उ	ऊ	ए	ऐ	ओ	औ	अं	अः
क्ष	ा	ाा	ि	ी	ु	ू	े	ै	ो	ौ	ं	:
री	क	का	कि	की	कु	कू	के	कै	को	कौ	कं	कः

२२ स्वर	५ ह्रस्व	४ दीर्घ	२ गुण	२ वृद्धि	९ प्लुत
४१ व्यञ्जन	२५ स्पर्श	४ अन्तस्थ	३ उष्माक्षर	१ महाप्राण	८ अयोगवाह
६३ वर्ण	पाणिनि शिक्षा।	त्रिषष्टिः॥७॥			

ઉપરના વર્ણોમાં અ વર્ગના વર્ણ અકારાદિ સ્વર અને ક વર્ગ વગેરેના વર્ગોના વર્ણને વ્યંજન કહે છે, સ્વર વર્ણ શબ્દોમાં શુદ્ધસ્વરૂપથી રહે છે, અને વ્યંજનો સાથે માત્રારૂપે પણ આવે છે, માત્રાસ્વરૂપ સ્વરો જ્યારે

વ્યંજનમાં ભળે છે ત્યારે પ્રત્યેક વ્યંજન બાર પ્રકારે ધ્વનિ પરિવર્તન પામે છે, જેનું સ્વરૂપ અને સંયોગચક્ર (જેનાથી વ્યંજનનો પરસ્પર સંબંધ જાણી શકાય છે). આગળ જુઓ.(બારાક્ષરી)જેમાં આ કકારના સ્વરો સાથે મિલન કરી તેનું સ્વરૂપ દર્શાવ્યું છે, તેવી રીતે ખકાર આદિ વર્ણોનું સ્વરમિલન થઈ શકે છે, આ સ્વરૂપોનું ભણવા-ભણાવવા વાળા લખી લખાવીને બુદ્ધિમાં સ્થિર કરે છે. (સંયોગચક્રમ્)

संयोगचक्रम्			
क+य् +अ=क्य	ज्+ञ् =ज्ञ	क+ऋ+अ=कृ	क+व+अ=क्व
क्+च्+अ=क्च	ह्+य्+अ=ह्य	क्+ॠ=कॄ	क्+ष् +अ=क्ष
क्+र् +अ=क्र	ह्+व्+अ=ह्व	क्+ऌ+अ=कॢ	श्+य्+अ=श्य

स्वरोना लक्षण

८- स्वयं राजन्त इति स्वरा:॥ महाभाष्य। अ० १। पा० २। सू० २९। आ० १॥

જેના ઉચ્ચારણમાં બીજા વર્ણોની સહાયની અપેક્ષા ન હોય, તે સ્વર કહેવાય છે.

स्वरोनी संज्ञा

९-उकालोऽज्झह्रस्वदीर्घप्लुत:॥अ० १। पा० २। सू० २७॥

સ્વરોની હ્રસ્વ-દીર્ઘ-પ્લુત ના ભેદથી ત્રણ સંજ્ઞા છે. જેના ઉચ્ચારણ સમયનું લક્ષણ એ છે કે, જેટલા સમયમાં અંગુઠાના મૂળમાં રહેલી નાડીની ગતિ એક વાર થાય.(એક હૃદયના એક ધબકાર જેટલો સમય) એટલા સમયમાં હ્રસ્વ, તેનાથી બમણા સમયમાં દીર્ઘ અને ત્રણગણા સમયમાં પ્લુતનું ઉચ્ચારણ કરવું જોઈએ. સ્વરોના ઉદાત્ત વગેરે પણ ગુણો છે.

१०- उच्चैरुदात्त:॥ अ० १।२।२९॥

ઊર્ધ્વધ્વનિથી ઉદાત્ત અને

११-नीचैरनुदात्त:।अ० १। २।३०॥

નીચા સ્વરમાં અનુદાત્ત બોલાય છે.

१२- समाहार: स्वरित:॥ अ० १।२।३१॥

ઉદાત્ત, અનુદાત્ત સ્વરોને મેળવીને બોલાય તે સ્વરિત કહેવાય છે.

१३-ह्रस्वं लघु॥ अ० १।४।१०॥

હ્રસ્વ સ્વરની 'લઘુ' સંજ્ઞા છે અને

१४-संयोगे गुरु॥ अ० १।४।११॥

જે બે અથવા વધારે વ્યંજનોનો સંયોગ થાય તો પુર્વ હ્રસ્વ अच् ની ગુરુ સંજ્ઞા થાય છે, જેમકે, विप्रः માં વકારમાં હ્રસ્વ ઈ હોવા છતાં, ગુરુ (દીર્ઘ) સંજ્ઞા છે, કેમકે, પાછળ પ અને ર નો સંયોગ છે.

१५- दीर्घं च॥ अ० १।४।१२॥

અને દીર્ઘમાં પણ સંજ્ઞા ગુરુ છે॥

१६- हलोऽनन्तरा: संयोग:॥१।१।७॥

આના પછી જ્યારે अचों નું વ્યવધાન તેનાથી રહિત हलो।ની ઘસંયોગઘ સંજ્ઞા છે॥

व्यञ्जननुं लक्षण

१७- अन्वग्भवति व्यञ्जनमिति॥ महाभाष्य अ० १।पा० २।सू० २९॥ आ० १॥

સ્વરની સહાય વિના જેનું ઉચ્ચારણ નથી થતું તે ઘવ્યંજનઘ છે॥

उच्चारण करवावाળાના ગુણ

१८- माधुर्य्यमक्षरव्यक्ति: पदच्छेदस्तु सुस्वर:। धैर्य लयसमर्थं च षडेते पठका गुणा:॥

વર્ણોના ઉચ્ચારમાં(માધુર્યમ્) મધુરતા।(અક્ષરવ્યક્તિઃ)જુદા જુદા અક્ષરોની સ્પષ્ટતા, (પદચ્છેદ) પદોનું જુદાપણું, અને (સુસ્વરઃ) સુન્દર ધ્વનિ। (ધૈર્યમ્)ધીરતા। (ચ) અને (લય સમર્થમ્)વિરામ તથા સાર્થકતા, અને હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, સ્વર, આભ્યતંર પ્રયત્ન વિવારાદિ અને બાહ્ય પ્રયત્નથી, પોત-પોતાના સ્થાનેથી વર્ણોનો ઉચ્ચાર કરવો તથા સત્યભાષણાદિ પણ વર્ણોના ઉચ્ચારણ કરવાવાળાના ગુણ છે.

स्वरोना उच्चारणमां दोष

१९- ग्रस्तं निरस्तमविलम्बितं निर्हतमम्बूकृतं ध्मातमयो विकम्पितम्।

सन्दष्टमणीकृतमर्द्धकं द्रुतं विकीर्णमेता: स्वरदोषभावना:॥ महाभाष्य अ० १। पा० १। आ० १॥

(ગ્રસ્તમ્) જેમકે મોઢામાં કોઈ વસ્તુ પકડી બોલવું,(નિરસ્તમ્)કોઇ વસ્તુ મોઢામાં પકડી ફેંકી દેવી, (અવિલમ્બિતમ્)જે ઉચ્ચારણ જુદા પાડવા જોઈએ તે વર્ણાન્તરમાં મેળવી બોલવા, નિર્હિતમ્)જેમકે કોઇને ધક્કો દેવો,(અમ્બુકૃતમ્) મુખમાં પાણી રાખી બોલવું,(ધ્માતમ્)જેમ રૂને ઝુડવું અથવા લુહારની ભઠ્ઠી જેમ ઉચ્ચારણ કરવું, (વિકમ્પિતમ્)કમ્પન કરીને બોલવું,(સન્દષ્ટમ્)કોઇવસ્તુ દાંતથી કાપતા બોલવું,(એણીકૃતમ્) કુદતા હરણની જેમ ઉપર-નીચે ધ્વનિ કરતાં બોલવું,(અદ્ર્ધકમ્)જેટલા સમયમાં બોલવું જોઇએ તેનાથી અર્ધા સમયમાં બોલવું, (દ્રુતમ્)ઝડપથી બોલવું, (વિકીર્ણમ્) વિખરાયેલું બોલવું. આ બધા દોષો ઉચ્ચારણ કરવાવાળાઓના છે.

२०- अतोऽन्ये व्यञ्जनदोषा:। शश षष इति मा भूत्।

पलाश: पलाष इति मा भूत्। मञ्चको मञ्जक इति मा भूत्॥ महाभाष्य अ० १। पा० १।आ० १॥

વ્યંજનોના ઉચ્ચારોમાં પણ દોષો છોડીને બોલવું, જેમકે શશઃ આ તાલવ્ય શકારોનું ઉચ્ચારણ ષષઃ (ષષઃ ઇતિ મા ભૂત્) મૂર્ધન્ય ષકારમાં કરવું દોષ છે. પલાશઃ > પલાષઃ અહીં પણ મૂર્ધન્ય ષકાર દોષ છે. કોઈ ચ ના સ્થાનમાં જ નો ઉચ્ચાર કરે તો પણ દોષ છે જેમકે, મઞ્ચકઃ > મઞ્જકઃ. આ બધા વ્યંજન ઉચ્ચારણકારોના દોષ છે. એટલા માટે જે જે અક્ષરનું જે સ્થાન-પ્રયત્ન- ઉચ્ચારણનો ક્રમ છે, તે જ ક્રમથી ઉચ્ચારણ કરવું યોગ્ય છે.

પ્રશ્ન- આ ગ્રન્થમાં કેટલા પ્રકરણ છે?

२१- (उत्तर) - स्थानमिदं करणमिदं प्रयत्न एषो द्विधाऽनिल:।

स्थानं पीडयति वृत्तिकार: प्रक्रम एषोऽथ नाभितलात्॥४॥

સ્થાન પ્રકરણ, આભ્યંતર પ્રયત્ન, બાહ્ય પ્રયત્ન, સ્થાનમામ વાયુનું તાડન,વૃતિકાર, પ્રક્રમ અને નાભિના નીચેના ભાગથી વાયુનું ઉત્થાન એમ આઠ પ્રકરણ આ ગ્રન્થમાં છે.

पाणिनिय शिक्षा।

॥स्वामी दयानन्द सरस्वती॥ वृद्ध पाठ। वर्णोच्चार शिक्षा।

अथ प्रथमं प्रकरणम् ।

૨૨- अकुहविसर्जनीया: कण्ठ्या:॥५॥
૨૨. अ आ अ3, कु અર્થાત્ क ख ग घ ङ ह અને : વિસર્જનીય; આ વર્ણોનું સ્થાન કણ્ઠસ્થાન છે. અર્થાત્ જે જીભનું મૂળ-કણ્ઠનો આગળનો ભાગ, કાકલ્ક-કાકડાની નીચેનો ભાગ છે તે. આ કણ્ઠસ્થાનથી એનું શુદ્ધ ઉચ્ચારણ થાય છે.
૨૩- हविसर्जनीयावुरस्यावेकेषाम् ॥६
૨૩. કેટલાક આચાર્યોનો મત એવો છે કે, હકાર અને : વિસર્જનીયનું ઉચ્ચારણ ઉર:સ્થાન અર્થાત્ કંઠની નીચે અને સ્તનોથી ઉપરના ભાગથી કરવું જોઈએ.
૨૪- जिह्वामूलीयो जिह्व्य:॥७॥
૨૪. અને તેઓ એવું પણ માને છે કે, જેમ જીભના મૂળથી)(આ જીહ્વામૂલીયનું ઉચ્ચારણ થાય છે તેથી એ જીહ્વામૂલીય કહેવાય છે.
૨૫- कवर्ग ऋवर्णश्च जिह्वय:॥८॥
૨૫. તથા એનો એવો પણ મત છે કે જે કારણે કવર્ગ અને ઋવર્ણ અર્થાત્ હસ્વ, દીર્ઘ અને પ્લુત નું પણ જીહ્વામૂલ સ્થાન છે. એથી જીભના મૂળમાંથી બોલવું અશુદ્ધ નથી.
૨૬- सर्वमुखस्थानमवर्णमेके ॥९॥
૨૬. જે માટે अ વર્ણનું ઉચ્ચારણ મુખમાંથી બધી જગ્યાએથી કરવું શુદ્ધ છે. તે માટે કોઈ આચાર્ય અ વર્ણને સર્વમુખસ્થાન વાળો કહે છે.
૨૭- कण्ठ्यान् आस्यमात्रानित्येके॥१०॥
૨૭. તથા કોઈ એક આચાર્યનો મત એવો પણ છે કે, જે જે વર્ણોનું સ્થાન કણ્ઠ છે, તે બધાનું ઉચ્ચારણ મુખમાંથિ થાય તો પણ અશુદ્ધ નથી.
૨૮-इचुयशास्तालव्या:॥११॥
૨૮. જો ઈ ઈ ઈ૩, ચુ અર્થાત્ ચ છ જ ઝ ઞ, ય અને શ નું ઉચ્ચારણ સ્થાન તાલુસ્થાન છે. અર્થાત્ દાંતોથી ઉપરના સ્થાનેથી ઉચ્ચારણ કરવું જોઈએ. જેમ ચ ના ઉચ્ચારણમાં જે સ્થાનમાં જેમ જીભની ક્રિયા કરવી પડે છે તેમ શ કારનો ઉચ્ચાર કરવો યોગ્ય છે.
૨૯- ऋटुरषा मूर्धन्या:॥१२॥
૨૯. ઋ ઋ૨ ઋ3 , ટુ = ટ ઠ ડ ઢ ણ, ૨ અને ષ ના ઉચ્ચારણ મુદ્ર્ધા સ્થાન, અર્થાત્ તાલુની ઉપરથી કરવું જોઇએ. જેવી જીભની ક્રિયા ટ ના ઉચ્ચારણમાં કરવામાં આવે છે તેવી જ રીતે ષ ના ઉચ્ચારણમાં કરવી યોગ્ય છે.
૩૦- रेफो दन्तमूलीय एकेषाम्॥१३॥
૩૦. કેટલાક આચાર્યોનો મત એવો છે કે ૨ નું ઉચ્ચારણ દાંતના મૂળથી કરવું પણ યોગ્ય છે.
૩१- दन्तमूलस्तु तवर्ग:॥१४॥
૩૧. એવી રીતે કેટલાક આચાર્યોના મતમાં ત વર્ગ અર્થાત્ ત થ દ ધ ન ના ઉચ્ચારણો દન્તમૂળ સ્થાનેથી કરવા સારા છે.
૩૨- ऌतुलसा दन्त्या: ॥१५॥
૩૨. લૃ લૃ૨ લૃ૩, તુ અર્થાત્ ત થ દ ધ ન લ અને સ આ વર્ણો દન્તસ્થાનથી અર્થાત્ દાંતોમાં જીભ લગાડી ઉચ્ચારણ કરવાનું છે.
૩૩- वकारो दन्तोष्ठ्य:॥ १६॥
૩૩. વ નું ઉચ્ચારણ દાંત અને હોઠથી થવું જોઇએ.
૩૪- सृक्किणिस्थानमेकेषाम्॥१७॥

૩૪. કેટલાક આચાર્યોના મતમાં વ કારને સૃક્કિણી સ્થાનથી બોલવો જોઇએ. જે દાંત અને હોઠની વચ્ચેનું સ્થાન છે. જેને "સૃક્કિણી" કહે છે.
३५- उपूपध्मानीया ओष्ठ्या:॥ १८॥
૩૫. ઉ ઊ ઉ૩ પૂ = પ ફ બ ભ મ અને)(આ ઉપધ્માનીયને ઓષ્ઠસ્થાનથી ઉચ્ચારણ કરવું શુદ્ધ છે.
३६-अनुस्वारयमा नासिक्या:॥ १९॥
૩૬. ળ ને છોડીને ગ્વં-ગ્વં2 અને ં અનુસ્વારને નાસિકાથી બોલવા શુદ્ધ છે.
३७- कण्ठनासिक्यमनुस्वारमेके॥ २०॥
૩૭. કણ્ઠ અને નાસિકા સ્થાનવાળા ઙ કારને કોઇ આચાર્ય અનુસ્વારની જેમ કેવલ નાસિકાસ્થાની કહે છે.
३८- यमाश्च नासिक्यजिह्वामूलीया एकेषाम्॥२१॥
૩૮. કેટલાક આચાર્યોના મતથી યમ અર્થાત્ ગ્વં-ગ્વં2 એ પણ નાસિકા અને જીહ્વામૂળ
સ્થાનવાળા છે.
३९- एदैतौ कण्ठतालव्यौ॥ २२॥
૩૯. એ અને ઐ કણ્ઠ અને તાલુથી બોલવા યોગ્ય છે.
४०- ओदौतौ कण्ठोष्ट्यौ ॥२३॥
૪૦. ઓ અને ઔ ને કણ્ઠ અને ઓષ્ઠથી બોલવા શુદ્ધ છે.
४१- ङञणनमा: स्वस्थाननासिकास्थानाष्ञ ॥२४॥
૪૧. ઙ કાર આદિ પાઁચ વર્ણો સ્વ-સ્વ સ્થાન અને નાસિકાસ્થાનથી બોલવા જોઇએ.
४२- द्वे द्वे वर्णे सन्ध्यक्षराणामारम्भके भवत इति॥२५॥
૪૨. સન્ધ્યક્ષર અર્થાત્ જે એ ઐ ઓ ઔ છે એમાં બે બે વર્ણ ભળેલા હોય છે. જેમકે, (અ આ થી ઇ ઈ) મળીને એ, (અ, આ, થી એ, ઐ) મળીને ઐ, (અ,આ, થી ઉ,ઊ) મળીને ઓ, (અ,આ, થી ઓ,ઔ) મળીને ઔ થૈ જાય છે. જેમ ઐ કારના આદિમાં અકારના કણ્ઠ અને અંતમાં ઈકારનું તાલુસ્થાન છે, એવી રીતે ઓકારમાં પ્રથમ કણ્ઠ અને બીજું ઓષ્ઠસ્થાન છે.
४३- सरेफ ऋवर्ण:॥ २६॥
૪૩. જે રેફ્ સહિત ઋ વર્ણ છે તેને મૂર્દ્ધા સ્થાનમાં બોલવો જોઇએ.

इति प्रथमं प्रकरणम्॥

આમ પ્રથમ પ્રકરણ પુરૂં થયું.

अथ द्वितियं प्रकरणम्।

પ્રકરણ-બીજું.

હવે સ્થાનો વિષે કહ્યા પછી બીજા પ્રકરણનો આરંભ કરીએ છીએ. એમાં જે જે ક્રિયાથી, જે જે વર્ણનું ઉચ્ચારણ કરવાનું હોય છે તેનું વર્ણન છે. પરંતુ અહીંયા એટલું સમજવાનું કે બધા ય વર્ણોના ઉચ્ચારણમાં જીભ મુખ્ય સાધન છે. કેમકે એના વિના કોઇ વર્ણનું ઉચ્ચારણ ક્યારેય થઇ શકે નહીં.
४४- जिह्व्यतालव्यमूर्द्धन्यदन्त्यानां जिह्वा करणम्॥१॥
૪૪. જેનું જીહ્વામૂળ, તાલુ, મૂર્દ્ધા અને દન્તસ્થાન છે, એના ઉચ્ચારણમાં જીભ મુખ્ય સાધન છે. કેમકે, જે જે વર્ણનું જે જે ઉચ્ચારણ સ્થાન કહ્યું છે તેમાં જીભ લગાડવાથી જ તેનું જેમનું તેમ ઉચ્ચારણ થાય છે.
આ સામાન્ય સૂત્ર છે. એનું વિશેષ વિધાન આગળ કહીએ છીએ—
४५- जिह्वामूलेन जिह्व्यानां तद्येस्यामभ्यासम्॥२॥
૪૫. જે વર્ણોનો જીહ્વામૂળ અભ્યાસ અર્થાત્ ઉચ્ચારણ સ્થાન છે, તે જીહ્વામૂળીય વર્ણોનો જીહ્વામૂળથી સ્પર્શ કરીને ઉચ્ચારણ કરવું જોઇએ[1].
४६- जिह्वोपाग्रेण मूर्द्धन्यानाम्॥३॥

૪૬. જે વર્ણોનું મૂર્દ્ધાસ્થાન કહ્યું છે, એનું ઉચ્ચારણ જીલ્વાના ઉપરના ભાગથી મૂર્દ્ધાનો સ્પર્શ કરીને થવો જોઇએ.
૪૭- जिह्वाग्राध: करणं वा॥४॥
૪૭. એના ઉચ્ચારણમાં બીજો પક્ષ એ પણ છે કે, જિલ્વાગ્રના અધોભાગથી મૂર્દ્ધાનો સ્પર્શ કરીને ઉચ્ચારણ કરવું જોઈએ.
૪૮- जिह्वाग्रेण दन्त्यानाम्॥५॥
૪૮. જે વર્ણોનું દંતસ્થાન કહ્યું છે, એનું ઉચ્ચારણ જીલ્વાના અગ્રભાગથી દાંતોનો સ્પર્શ કરીને જ થવો જોઇએ.
૪૯- इत्येतदन्त: करणम्॥६॥
૪૯. આ પ્રકારે મુખની અંદરના સ્થાનોમાં વર્ણોની ઉચ્ચારણ ક્રિયા જાણવી જોઇએ.

॥ इति द्वितियं प्रकरणम्॥

---

[1]. આનો અર્થએમ પણ થઇ શકે છે કે, જીલ્વામૂળીય વર્ણોનું જીલ્વામૂળ ઉચ્ચારણ સાધન એના માટે છે, જેને આ પ્રકારે બોલવાનો અભ્યાસ હોય.

अथ तृतियं प्रकरणम्।

પ્રકરણ-૩જું

હવે સ્થાન અને કરણના કહ્યા પછી ત્રીજા પ્રકરણનો આરંભ કરવામાં આવે છે. આમાં આભ્યન્તર પ્રયત્નોનું વર્ણન કર્યું છે.
५०- प्रयत्नोऽपि द्विविध:॥१॥
૫૦. પ્રયત્ન પણ બે પ્રકારના હોય છે.
५१- आभ्यान्तरो बाह्यश्च॥२॥
૫૧. આભ્યંતર અને બાહ્ય.
५२- आभ्यन्तरस्तावत्॥३॥
૫૨. આ બંનેમાંથી પ્રથમ આભ્યંતર પ્રયત્ન વિષે કહીએ.
५३- स्पष्टकरणा: स्पर्शा:॥४॥
૫૩. કકારથી લઇ મકાર સુધી પચ્ચીસ વર્ણોનો સ્પૃષ્ટ પ્રયત્ન છે. અર્થાત્ જીલ્વાથી પોતપોતાના સ્થાનમાં સ્પર્શ કરીને આ વર્ણોનું ઉચ્ચારણ કરવું શુદ્ધ છે.
५४- ईष्त्स्पृष्टकरणा: अन्तस्था:॥५॥
૫૪. થોડો સ્પર્શ કરીને અન્તસ્થ અર્થાત્ ય ર લ વ નું ઉચ્ચારણ કરવું જોઇએ.
५५- ईषद्विवृतकरणा: ऊष्माण:॥६॥
૫૫. જે માટે ઊષ્મ અર્થાત્ શ, ષ, સ, હ નું પોતપોતાના સ્થાનમાં જીલ્વાનો થોડો જ સ્પર્શ કરીને શુદ્ધ ઉચ્ચારણ થાય છે, એટલામાટે તેનો ઈષદ્વિવૃત પ્રયત્ન છે.
५६- विवृतकरणा वा॥७॥
૫૬. અને આમાં બીજો પક્ષ એવો પણ છે કે, સ્વ-સ્વ સ્થાનમાં જીભનો સ્પર્શ થયા વિના પણ એના ઉચ્ચારણ શુદ્ધ થાય છે. માટે શ ષ સ હ નો વિવૃત પ્રયત્ન પણ છે.
५७- विवृतकरणा: स्वरा:॥८॥
૫૭. જેટલા માટે કહેલા સ્થાનોમાં જીભને અલગ રાખી સ્વરોના ઉચ્ચારણ કરવા યોગ્ય છે. એટલા માટે એનો વિવૃત પ્રયત્ન છે.
५८- संवृतस्त्वकार:॥९॥
૫૮. અ કારનો સંવૃત પ્રયત્ન છે. કેમકે એનું ઉચ્ચારણ કણ્ઠનો સંકોચ કરીને થાય છે. પરંતુ

એના [વ્યાકરણ સમ્બધી] કાર્ય કરવા વખતે વિવૃત પ્રયત્ન થઇ જાય છે.
५९- इत्येषोऽन्त: प्रयत्न:॥१०॥
૫૯. આ આભ્યન્તર પ્રયત્નોનું પ્રકરણ પૂરું થયું.

॥ इति तृतीयं प्रकरणम्॥

अथ चतुर्थं प्रकरणम्।

પ્રકરણ-૪થું

६०- अथ बाह्या: प्रयत्ना:॥१॥
૬૦. હવે આથી આગળ ચોથા પ્રકરણમાં વર્ણોના બાહ્ય પ્રયત્નોનું વર્ણન કરીએ છીએ.
६१- वर्गाणां प्रथमद्वितीया: शषसविसर्जनीयजिह्वामूलीयोपध्मानीया यमौ च प्रथम द्वितीयौ विवृतकण्ठा: श्वासाऽनुप्रदानाश्चाऽघोषा:॥२॥
૬૧. અહીં વર્ગ શબ્દથી કુ, ચુ, ટુ, તુ, પુ આ પાંચે ય નો બોધ થાય છે. એના બે-બે વર્ણ અર્થાત્ ક વર્ગમાં (ક, ખ), ચ વર્ગમાં (ચ, છ), ટ વર્ગમાં (ટ, ઠ), ત વર્ગમાં (ત, થ), પ વર્ગમાં (પ, ફ), ઊષ્મોમાં (શ, ષ, સ), અને (ઃ) વિસર્જનીય, ≍ જિહ્વામુલીય)(ઉપધ્માનીય, ગ્વં, ગ્વં-૨દીર્ઘ આ બે યમ; આ અઢાર વર્ણો વિવૃતકણ્ઠ અર્થાત્ કણ્ઠને ફેલાવી (શ્વાસાનુપ્રદાન) ઉચ્ચારણ પછી શ્વાસને જોડી દઈ અને અઘોષ સૂક્ષ્મ ધ્વનિની યોજનારૂપ ક્રિયા કરીને એનું ઉચ્ચારણ કરવું જોઇએ.
६२- एके अल्पप्राणा इतरे महाप्राणा:॥३॥
૬૨.પાંચેય વર્ગોના પ્રથમ તૃતીય અને પંચમ અર્થાત્ (ક, ગ, ઙ, ચ, જ, ઞ, ટ, ડ, ણ, ત, દ, ન, પ, બ, મ,) ય, ર, લ, વ, યમ પ્રથમ તૃતીય અર્થાત્ ગ્વં આટલા બધા ‘અલ્પપ્રાણ’ અર્થાત્ થોડા બળથી બોલાય છે; અને (ખ, ઘ, છ, ઝ, ઠ, ઢ, થ, ધ, ફ, ભ, શ, ષ, સ, હ) (ઃ) (≍) (ં) (ગ્વં-૨દીર્ઘ, ળ,) અને અકારાદિ સ્વર આ બધા ‘મહાપ્રાણ’ અર્થાત્ અધિક બળથી બોલાય છે.
६३- वर्गाणां तृतीयचतुर्था अन्तस्था हकारानुस्वारौ यमौ च तृतीयचतुर्थौ नासिकाश्च संवृतकण्ठा नादानुप्रदाना घोषवन्तश्च॥४॥
૬૩. પાંચેય વર્ગોના ત્રીજા અને ચોથા વર્ણ અર્થાત્ (ગ, ઘ, જ, ઝ, ડ, ઢ, દ, ધ, બ, ભ,), અન્તસ્થ અર્થાત્ (ય, ર, લ, વ), હ, (ં) અનુસ્વાર, અને ત્રીજા ચોથા યમ અર્થાત્ ((ઁ, ળ) સાનુનાસિક અકારાદિ સ્વર એનો (સંવૃત કણ્ઠ) પ્રયત્ન અર્થાત્ કણ્ઠનો સંકોચ, (નાદાનુપ્રદાનાઃ) આના ઉચ્ચારણમાં અવ્યક્ત ધ્વનિ, અને (ઘોષવંતઃ)એનું ઉચ્ચારણ ગમ્ભીર શબ્દથી કરવું જોઇએ.
६४- यथा तृतीयास्तथा पञ्चमा:॥५॥
૬૪. વર્ગોના ત્રીજા વર્ણોની સમાન પઞ્ચમ વર્ણ અર્થાત્ (ઙ, ઞ, ણ, ન, મ) ના (સંવૃતકણ્ઠ) (નાદાનુપ્રદાન) અને (ઘોષ) પ્રયત્ન સમજવા જોઇએ.
६५- आनुनासिक्यमेषामधिको गुण:॥६॥
૬૫. પૂર્વોક્ત ઙ, ઞ, ણ, ન, મ ને મુખથી બોલે, પછી નાસિકાથી બોલવું જ એનો અનુનાસિક ગુણ અધિક છે.
६६- शादय: ऊष्माण:॥७॥
૬૬. શાદિ અર્થાત્ (શ, ષ, સ, હ) ની ‘ઊષ્મ’ સંજ્ઞા, અને આ મહાપ્રાણ પ્રયત્નથી બોલાવા જોઇએ.
६७- सस्थानेन द्वितीया:॥८॥
૬૭. જે પાંચેય વર્ગોના બીજા વર્ણ અર્થાત્ (ખ, છ, ઠ, થ, ફ) છે, તે સકારની જેમ મહાપ્રાણ પ્રયત્નથી બોલવા જોઇએ.
६८- हकारेण चतुर्था:॥९॥
૬૮.વર્ગોના ચોથા અર્થાત્ (ઘ, ઝ, ઢ, ધ, ભ) આ પાંચ વર્ણોના હકારની જેમ મહાપ્રયત્ન હોય છે.

॥ इति चतुर्थं प्रकरणम्॥

આમ ચોથું પ્રકરણ પુરું થયું.

अथ पञ्चमं प्रकरणम्।

६९- तत्र स्पर्शयमवर्णकरो वायुरय:पिण्डवत् स्थानमभिपीडयति। अन्तस्थवर्णकरो वायुर्दारुपिण्डवद्। ऊष्मस्वरवर्णकरोवायुरूर्णापिण्डवद्। उक्ता: स्थानकरणप्रयत्ना:॥१॥

સર્વે મનુષ્યોને એ પણ યોગ્ય છે કે, જે સ્પર્શ, કકારથી લઈ મ સુધી ૨૫ વર્ણ અને ચાર યમ છે. તેને પ્રગટ કરવાવાળા વાયુને લોહના ગોળા સમાન સ્થાનમાં લગાડી, અન્તસ્થ વર્ણોને બોલવામાં વાયુને કાષ્ઠના ગોળા સમાન સ્થાનમાં લગાડી, અને શાદિ તથા ૨૨-સ્વરોના ઉચ્ચારણમાં વાયુને ઊનના ગોળા સમાન સ્થાનમાં લગાડી બોલવું. આ પ્રકારે સ્થાન-કરણ અને પ્રયત્ન કહેવાઈ ચૂક્યા છે; જેની જાણકારી અવશ્ય મેળવવી.

આમ પાંચમું પ્રકરણ પુરું થયું.

॥ इति पञ्चमं प्रकरणम्॥

अथ षष्ठं प्रकरणम्।

७०- अवर्णो ह्रस्वदीर्घप्लुतत्वाच्च त्रैस्वर्योपनयेन चानुनासिक्यभेदाच्च संख्यातोऽष्टादशात्मक:। एवमिर्णादय:॥१॥

૭૦. હવે અકારાદિ વર્ણોનો ભેદ બતાવીએ છીએ.--- અકારના ઉદાત્ત અનુદાત્ત અને સ્વરિત ભેદ છે. અને જ્યારે એક-એકની સાથે હ્રસ્વ-ઉદાત્ત, હ્રસ્વ-અનુદાત્ત, હ્રસ્વ-સ્વરિત, અને આ પ્રકારે દીર્ઘ અને પ્લુત ની સાથે લગાડતાં; અકારના નવ ભેદ થાય છે. અને જ્યારે આ સાનુનાસિક્ય ભેદથી જોડાય છે ત્યારે અઢાર-અઢાર ભેદ થાય છે. આ જ રીતે ઈકારાદિ સ્વરોમાં દરેકના અઢાર-અઢાર ભેદ થાય છે. પરંતુ---

७१- लृवर्णस्य दीर्घा न सन्ति ॥२॥

૭૧. લૃકારનો દીર્ઘ ભેદ થતો નથી.

७२- तं द्वादशप्रभेदमाचक्षते ॥३॥

૭૨. આથી લૃકારના બાર ભેદ થાય છે.

चानुनासिक्यभेदाच्च संख्यातोऽष्टादशात्मक:। लृवर्णस्य दीर्घा न सन्ति॥६-२॥

अननुनासिक।				सानुनासिक।				अननुनासिक।			सानुनासिक।	
ह्रस्व	दीर्घ	प्लुत		ह्रस्व	दीर्घ	प्लुत		ह्रस्व	प्लुत		ह्रस्व	प्लुत
ऊदात्त	ऊदात्त	ऊदात्त		ऊदात्त	ऊदात्त	ऊदात्त		ऊदात्त	ऊदात्त		ऊदात्त	ऊदात्त
अनुदात्त	अनुदात्त	अनुदात्त		अनुदात्त	अनुदात्त	अनुदात्त		अनुदात्त	अनुदात्त		अनुदात्त	अनुदात्त
स्वरित	स्वरित	स्वरित		स्वरित	स्वरित	स्वरित		स्वरित	स्वरित		स्वरित	स्वरित

	ऊदात्त	अनुदात्त	स्वरित	
ह्रस्व	अ	अ॒	अ॑	निरनुनासिक
दीर्घ	आ	आ॒	आ॑	निरनुनासिक
प्लुत	अ३	अ॒३◌॒	अ॑३	निरनुनासिक
ह्रस्व	अँ	अ॒◌ँ	अ॑◌ँ	सानुनासिक
दीर्घ	आँ	आ॒◌ँ	आ॑◌ँ	सानुनासिक
प्लुत	अँ३	अ॒३◌॒◌ँ	अ॑३◌ँ	सानुनासिक

७३- यदृच्छाशब्दे अशक्तिजानुकरणे वा यदा दीर्घा: स्युस्तदाऽष्टादशप्रभेदं ब्रुवते क्ल°पक इति॥४॥
૭૩. જે લોકોના મતમાં યદૃચ્છા શબ્દ હોય છે, અથવા જ્યારે એના અશ્કિતજના અનુકરણમાં પ્રયોગ કરાય છે,ત્યારે લૃકારને દીર્ઘ માનતાં તેના પણ અઢાર ભેદ થાય છે. क्लृपकના આ પ્રયોગમાં થાય છે.
७४- संध्यक्षराणां ह्रस्वा न सन्ति ञ तान्यपि द्वादशप्रभेदानि ॥५॥
૭૪. સન્ધ્યક્ષરોના હ્રસ્વ નથી હોતા; એટલા માટે આ (એ, ઐ, ઓ, ઔ) ના પણ બાર ભેદ થાય છે.
७५- अन्तस्था द्विप्रभेदा रेफवर्जिता: सानुनासिका निरनुनासिकाश्च॥६॥
૭૫. અને ર ને છોડીને અન્તસ્થ ય, લ, વ આ ત્રણ સાનુનાસિક યઁ, લઁ, વઁ, અને નિરનુનાસિક ય, લ, વ, ભેદથી બે પ્રકારના થાય છે.
७६- रेफोष्मणां सवर्णा न सन्ति ॥७॥
૭૬. જેવીરીતે ર અને ઉષ્મ અર્થાત્ શ, ષ, સ, હ નો કોઇ સવર્ણી નથી હોતો, આથી એના સિવાય કોઇ વર્ણના સ્થાનમાં એનો સવર્ણી આદેશ નથી થતો.
७७- वर्ग्यो वर्ग्येण सवर्ण:॥८॥
૭૭. પરંતુ કુ, ચુ, ટુ, તુ, પુ આ પાંચ વર્ગ, અને ય, લ, વ, આ ત્રણેયની પરસ્પર સંજ્ઞા માનવામાં આવે છે. જેમ કકારનો સવર્ણી ખકાર સમજવામાં આવે છે તેમ સમજવું જોઇએ.

આમ છઠ્ઠું પ્રકરણ પુરું થયું.

॥ इति षष्ठं प्रकरणम्॥

अथ सप्तमं प्रकरणम्।≍

७८- इत्येष क्रमो वर्णानाम्॥१॥
૭૮. આ પૂર્વ અકારાદિ વર્ણોનો ક્રમ કહીને—
७९- तत्रैते कौशिकीया: श्लोका:॥२॥
૭૯. છઠ્ઠા પ્રકરણના વિષયમાં કૌશિક ઋષિના આ શ્લોક છે. જેમાં આગળથી કંઇક વિશેષ વિષયક શ્લોક લખીએ છીએ.
८०- सर्वान्तेऽयोगवाहत्वाद्विसर्गादिरिहाऽष्टक:।
अकार उच्चारणार्थो व्यञ्जनेष्वनुबध्यते॥३॥
૮૦. સંજોગો પ્રાપ્ત ન થવાથી અહીં બધી વર્ણમાળાના અંતમાં વિસર્ગ આદિ અષ્ટક (વિસર્જનીય, જિહ્વામૂળીય, ઉપધ્માનીય, અનુસ્વાર, ચાર યમ) ગણવામાં આવે છે. અને એની પ્રાપ્તિ અલગ થાય છે. આથી વિસર્ગાદિ અષ્ટક "અયોગવાહ" કહેવાય છે. અને વર્ણમાળાના વર્ણોથી અલગ ગણવામાં આવે છે. વર્ણમાળાના વ્યંજનોમાં એક અકાર અનુબંધ કર્યો છે, તે ઉચ્ચારણ માત્ર માટે છે, જેનાથી વ્યઞ્જનના સ્પષ્ટ ઉચ્ચારણ થાય.
८१- ≍क≍पयो: कपकारौ च तद्वर्गीयाश्रयत्वत:।
पलिक्²ी चख्ख्रतुजग्मिर्जघघ्नुरित्यत्र यद्वपु:॥
नासिक्येनोक्तं कादीनां त इमेऽयमा:।
तेषामुकार: संस्थानवर्गीयलक्षक:॥
૮૧. ≍જિહ્વામૂળીય અને ≍ ઉપ્ધ્માનીયની સાથે જે કકાર અને પકાર છે, તે તેના વર્ગના આશ્રયથી છે, અર્થાત્ એનું કવર્ગ અને પવર્ગ થી આગળ વિધાન છે. આથી એની સાથે કકાર અને પકાર છે. પલિક્કનિ આદિ પ્રયોગોમાં જે (ક્ ખ્ ગ્ ઘ્) એમ આકારક અંશ નાસિકાસ્થાનીય (ન્ ન્ મ્ ન્) વર્ણોથી અપ્રકટિત અર્થાત્ ગૃહીત નથી થતું. તે અયમ અર્થાત્ યમ નથી. અને કકારાદિ વર્ણોના જે ઉકાર આવે છે, તે સંસ્થાનવર્ગીય વર્ણ

અર્થાત્ તે વર્ગોના સજાતીય વર્ણોના લક્ષક છે. જેમ (કુ, ચુ, ટુ, તુ, પુ,) આમાં પ્રત્યેક વર્ણમાં ઉકારનો સંયોગથી વર્ગ માત્રનો બોધ થાય છે.

આમ સાતમું પ્રકરણ પુરું થયું.

॥ इति सप्तमं प्रकरणम्॥

अथ अष्टमं प्रकरणम्।

૮૨- उक्ता: स्थानकरणप्रयत्ना:॥१॥८२.

હવે બધા વર્ણોના સ્થાન કરણ અને પ્રયત્નો કહેવાઇ ચુક્યા. આગળના પ્રકરણમાં સ્થાન વગેરેના લક્ષણ કહીયે છીએ.

૮૩- यत्रस्था वर्णा उपलभ्यते तत्स्थानम्॥२॥

૮૩. 'સ્થાન' એને કહેવાય જ્યાંથી પ્રસિદ્ધ થઇને વર્ણ સાંભળવામાં આવે છે.

૮૪- येन निर्वृत्यते तत्करणम्॥३॥

૮૪. સ્થાનોમાં જિભ અને પ્રાણનાસંયોગથી વર્ણોનું ઉચ્ચારણ થાય છે, જેને કરણ કહે છે.

૮૫- प्रयतन प्रयत्न:॥४॥

૮૫. જે વર્ણના ઉચ્ચારણમાં પુરુષાર્થથી યથાવત્ ક્રિયા કરવી પડે છે, તે પ્રયત્ન કહેવાય છે.

૮૬- नाभिप्रदेशात्प्रयत्नप्रेरित: प्राणो नाम वायुरूर्ध्वमाक्रामन्नुर-आदिनां स्थानानामन्यतमस्मिन् स्थाने प्रयत्नेन विचार्यते॥५॥

૮૬. જે ઉપરનો શ્વાસ નીકળે છે તેને પ્રાણ કહે છે. જે આત્માના ઉચ્ચારણની ઇચ્છાથી વિચારપૂર્વક નાભિ પ્રદેશથી પ્રેરણા થયેલા પ્રાણવાયુ ઊપરની તરફ ઉઠતો કણ્ઠ આદિ સ્થાનોમાંથી કોઇ સ્થાનમાં ઉત્તમ યત્ન સાથે વિચારવામાં આવે છે, અર્થાત્ અકારાદિ વર્ણોના જુદા જુદા ઉચ્ચારણમાં વાયુના સંયોગથી યથાયોગ્ય ક્રિયાઓ કરવી જોઇએ.

સર્વે મનુષ્યોને એ યોગ્ય છે કે, જે જે પ્રકરણમાં જે વર્ણના ઉચ્ચારણ માટે જે જે વાત લખી છે, તેની બરાબર જાનકારી લઇ, વિદ્યાર્થીઓને જણાવી શબ્દાક્ષરોના પ્રયોગ જેમના તેમ કરીને પ્રશંસિત થાવ અને સદા આનન્દિત રહી, અને સર્વ વિદ્યાર્થીઓને પણ શુદ્ધ વર્ણોચ્ચાર કરાવી આનન્દમાં રાખો.

આમ આઠમું પ્રકરણ પુરું થયું.

॥ इत्यष्टमं प्रकरणम्॥

આ ગ્રંથ સંવત્ ૧૯૩૩ માઘ શુક્લ ચતુર્થી શનિવારના દિને પુરો થયો.

આમ શ્રીમત્ સ્વામી દયાનન્દ સરસ્વતી પ્રણીત વ્યાખ્યા સહિત,

પાણિનિય સૂત્રસંગ્રહ સાથે વર્ણોચ્ચાર શિક્ષા સમાપ્ત થઇ.

ऋतुरामाङ्कचन्द्रेऽब्दे माघमासे सिते दले।

चतुर्थ्यां शनिवारेऽयं ग्रन्थ: पूर्तिंसमागत:॥

इति श्रीमत्स्वामिदयानन्दसरस्वतीप्रणीतव्याख्यासहिता

पाणिनीयशिक्षासूत्रसंग्रहान्विता वर्णोच्चारण-शिक्षा समाप्ता

≍॥ पाणिनिय शिक्षा ॥ ≍ बृहत्-पाठ॥ ॥ ६१-श्लोकाः ॥

≍॥ पाणिनीय शिक्षा ॥≍

बृहत्-पाठ॥ ६१-श्लोका:॥

'પાણિનિય શિક્ષા' ઋગ્વેદ-પ્રાતિશાખ્યને અનુસરતો ગ્રંથ છે.

अथ शिक्षां प्रवक्ष्यामि पाणिनीयं मतं यथा । शास्त्रानुपूर्वं तद्विद्याद्यथोक्तं लोकवेद्योः ॥ १॥

હવે હું પાણિનિય-મતની શિક્ષા વિષે કહીશ. જે મત પૂર્વાચાર્યોની પરમ્પરાના અનુશાસન સાથે જાણવો જોઈએ, જેને લૌકિક અને વૈદિક ભાષામાં કહ્યો છે.

અથ શબ્દ અનંતરતા(હવે પછી) અને મંગળાચરણ માટે વપરાય છે. આશય એવો છે કે, લૌકિક ભાષામાં પણ શાસ્ત્રના આધાર વિના શુદ્ધ શબ્દોનું ઉચ્ચારણ અને અપશબ્દોનું નિરાકરણ શક્ય નથી.

प्रसिद्धमपि शब्दार्थमविज्ञातमबुद्धिभिः । पुनर्व्यक्तीकरिष्यामि वाच उच्चारणे विधिम् ॥ २॥

વૈદિક આપ્તજનો જેવાં જ ઉચ્ચારણો તેના અનુયાયી કરે તો શિક્ષાની શું જરુર છે? જો કે, શબ્દો અને તેના અર્થો પ્રચલિત છે, છતાં કેટલાક અલ્પબુદ્ધિની અજ્ઞાનતા હોવાથી હું વાણી ઉચ્ચારણની વિધિ ફરી એકવાર કહીશ.

त्रिषष्टिश्चतुःषष्टिर्वा वर्णा शम्भुमतेमताः ।प्राकृते संस्कृते चापि स्वयं प्रोक्ताः स्वयंभुवा ॥ ३॥

વર્ણોની સંખ્યાના વિષયમાં કહ્યું છે કે, ૬૩-ત્રેસઠ અથવા ૬૪-ચોસઠ વર્ણ છે, શૈવમતમાં તેમ માનવામાં આવે છે, અને પ્રાકૃત-સંસ્કૃતમાં પણ. (જે આચાર્ય પરમ્પરા સૂચવે છે) પ્લુત ‍ૢકાર ગણીએ તો ૬૪ થાય. એમ તો નાટ્યશાસ્ત્રમાં દીર્ઘ ૢકાર પણ આવે છે. (તો ૬૫ વર્ણ થાય જે વેદાનુકૂળ નથી).

અહીં આપણે ळ દુ:સ્પૃષ્ટ એક જ ગણ્યો છે. પરંતુ બે સ્વરોની વચ્ચે આવનાર डકારની જગ્યાએ ळ, અને ढકારની જગ્યાએ ळ्ह મૂકાય છે. જેમ કે, ईडे-ईळे। અને मीढुषे-मीळ्हुषे। આમ પ્રતિશાખ્યમાં કહ્યું છે.

द्वयोश्चास्य स्वरयोर्मध्यमेत्य संपद्यते स डकारो ळकारः ११

ळ् हकारतामेति स एव चास्य ढकारः सन्नुष्मणा संप्रयुक्तः। इळा साळ्हा चात्र निदर्शनानि वीड्वङ्ग इत्येतदवग्रहेण १२....

-- ऋग्वेद-प्रातिशाख्य-पटल-1-12

कुँ, खुँ,गुँ, घुँ, ને ચાર યમ ગણ્યા છે, પણ દયાનન્દ સરસ્વતી પોતાની 'વર્ણોચ્ચાર શિક્ષા'માં (જે પાણિનિય વૃદ્ધશિક્ષા છે) બીજી રીત અપનાવી છે. અને લૌકિક સંસ્કૃતમાં પણ આ ચાર યમ નથી,

स्वरा विंशतिरेकश्च स्पर्शानां पञ्चविंशतिः । यादयश्च स्मृता ह्यष्टौ चत्वारश्च यमाः स्मृताः ॥ ४॥

अनुस्वारो विसर्गश्च ≍क - ≍पौ चापि पराश्रितौ । दुःस्पृष्टो चापि विज्ञेयो ऌकारो प्लुत एव सः ॥ ५॥ ॥१॥

૨૧ સ્વરો, ૨૫ સ્પર્શ (વ્યઞ્જનસમુહ कु,चु,टु,तु,पु પાંચે ય વર્ગના ૨૫ વ્યઞ્જનો), ય આદિ (અંતસ્થ-ઉષ્માક્ષર-મહાપ્રાણ હ) આઠ. ચાર યમ કહ્યા છે.

અનુસ્વાર, વિસર્ગ, જીહ્વામૂલિય ≍ક અને ઉપધ્માનીય ≍પ, દુ:સ્પૃષ્ટ ળકાર અને પ્લુત-ૡકાર.

૨૧-સ્વરો:- अ, इ, उ, ऋ આ ચાર સ્વર હ્રસ્વ-દીર્ઘ-પ્લુતના ભેદથી ૧૨

ऌ કાર હ્રસ્વ એક. ए, ऐ, ओ, औ, દીર્ઘ-પ્લુતના ભેદથી ૮.

(ऋग्वेद प्रतिशाख्यम् –अनुसन्धेयम्)

૨૫-સ્પર્શ:- कखगघङ। चछजझञ। टठडढण। तथदधन। पफबभम।

૮-'ય' આદિ:- यरलवाहशषसा
* ૪-યમ:- (૧) पलिक्क्ँनी - અહીં કકારનો સરૂપ યમ.
(૨) चख्ख्ँनतुः - અહીં ખકારનો સરૂપ યમ.
(૩) जग्ग्ँमतुः - અહીં ગકારનો સરૂપ યમ.
(૪) जघ्घ्ँनतुः - અહીં ઘકારને સરૂપ યમ.

ઋગ્વેદપ્રાતિશાખ્ય પ્રમાણે યમ સ્વભાવતઃ સદૃશ વર્ણ છે. સિદ્ધાંતકૌમુદીના સંજ્ઞા પ્રકરણમાં પણ કહ્યું છે કે, વર્ગોના પ્રથમ ચાર વર્ણો પછી જો, પાંચમો વર્ણ હોય તો ત્યાં યમ નામથી પૂર્વસદૃશ વર્ણ પ્રતિશાખ્યમાં પ્રસિદ્ધ છે.

૪-અનુસ્વાર આદિ:- અનુસ્વાર, વિસર્ગ, ≍ક જીહ્વામૂલીય તથા ≍પ ઉપધ્માનીય. ક તથા પ પરાશ્રિત હોય છે. (≍ આ અર્ધ વિસર્ગની નિશાની છે. સામાન્યરીતે આ નિશાનીનો લૌકિક સંસ્કૃતમાં વપરાશ થતો નથી પણ ઃ પૂર્ણ વિસર્ગથી કામ ચલાવી લેવાય છે) પરવર્તી ક વર્ગાશ્રિત જીહ્વામૂલીય અને પરવર્તી પવર્ગાશ્રિત ઉપધ્માનીય કહેવાય છે. ઋ.પ્રા. માં એનું સ્વરૂપ આપ્યું છે. अः, ≍क, ≍प, अं । (ક્રમશઃ વિસર્ગ, જીહ્વામૂલીય, ઉપધ્માનીય તથા અનુસ્વાર) अत्र यमोपदेशः। ऋ-प्रा।

૧- દુઃસ્પૃષ્ટ ળકાર મળીને ૬૩ વર્ણ થઇ જાય છે, પરંતુ કેટલાક વિકલ્પો વડે ૬૫ સુધી વર્ણસંખ્યા પહોંચી જાય છે. તે જોઇ લઇએ.
જો પ્લુત લૃકાર મેળવીએ તો વર્ણસંખ્યા ૬૪ સંખ્યા થાય છે.
અનુકરણની દશામાં દીર્ઘ લૃકાર પણ સ્વીકારી લઇએ તો વર્ણસંખ્યા ૬૫ થાય છે.
અહીં શ્રીદયાનન્દ સરસ્વતીએ સ્વીકારેલી *વૃદ્ધ પાણિનિય શિક્ષામાં તો ૭૧- ऌवर्णस्य दीर्घा न सन्ति ॥६-२॥ નું સૂત્ર જ આપી દીધું છે.૮ અયોગવાહ સ્વરૂપોમાં, ઃ વિસર્જનીય,≍ક જીહ્વામૂલીય, ≍પ ઉપધ્માનીય અને ંઅનુસ્વાર આ ચાર અને; ह्रस्व ग्वङ् ૮ અને दीर्घ ग्वङ् ૪, ઁ અનુનાસિક, અને ળ ને ચાર યમ પણ ગણ્યા છે.
કુંખુંગુંઘું ને યમ ગણ્યા જ નથી. જો આ યમ હોય તો ચુંછુંજુંટું પણ યમ હોવા જોઈએ પણ એમ નથી.
પ્રાતિશાખ્યમાં ભલે કહ્યું હોય પણ વર્ણાન્તર ક્યારેય થઇ શકે નહીં.
લૃકારનું પ્લુત સ્વરૂપ સ્વીકાર્યું છે. આમ ૨૨-સ્વર, ૩૩- વ્યઞ્જન, ૮-અયોગવાહ મળીને ૬૩ વર્ણ ગણ્યા છે.

નોંધ:- વર્ણોની સંખ્યા બાબતે શાસ્ત્રોમાં નજીવા ભેદ છે. માહેશ્વર સૂત્રોમાં ૪૨ વર્ણો વ્યાકરણના ઉપયોગ માટે સ્વીકાર્યા છે. વર્ણોચ્ચાર શિક્ષા પ્રમાણે त्रिषष्टिः। ગણતાં, ૪ દીર્ઘ, ૯ પ્લુત અને ૮ અયોગવાહ સ્વરુપો છોડી દીધા છે.

આમ જોઈએ તો; દીર્ઘ અને પ્લુત માત્રાના વિકારો છે. ઋ લૃ નો વપરાશ (અન્તસ્થ ય-ર-લ-વ સન્ધ્યક્ષરો થતાં) ર-લ માં વધુ જોવા મળે છે. ળ અને ળ્હ પણ ડ અને ઢ ના વિકારો છે. **અનુસ્વાર સ્વર-અંતસ્થ-ઉષ્માક્ષરો પાછળ-અનુ થતા નાસિકાના ઉપયોગનો સંકેત કરે છે. જ્યારે અનુનાસિક સ્પર્શવ્યઞ્જનોમાં જે તે સ્થાન પછી થતો નાસિકાનો ઉપયોગ દર્શાવે છે, જેમકે, ઙ કણ્ઠસ્થાનીય છે અને પાછળથી નાસિકા પણ.** તેવી જ રીતે તાલુ-મૂર્ધા-દંત-ઓષ્ઠ સાથે નાસિકા જોડાતા ઞ-ણ-ન-મ અનુનાસિક વર્ણ બને છે. *(અહીં નાસિકાનો ઉપયોગ થાય છે તે ચકાસવા માટે; ત-થ-દ-ધ-ન નાક દબાવી રાખી બોલવા તેથી ન માં ધ્વનિ વિકૃત થયેલો જણાશે, અને ત-થ-દ-ધ માં કોઈ ફેરફાર દેખાશે નહીં.).* ह्रस्व ग्वङ् ૮ અને दीर्घ ग्वङ् ૪ અંતસ્થ અને ઉષ્માક્ષરો માટે વપરાતા અનુસ્વાર જ છે.વળી તેના નિયમિત ઉચ્ચારણ માટે વિદ્વાનોમાં ઐક્ય જણાતું નથી. લૌકિક સંસ્કૃતમાં પણ ઉપયોગ થતો નથી. માત્ર શાસ્ત્રોના પઠન વખતે જરૂરી છે.

१ अइउण्।	२ ऋलृक्।	३ एओङ्।	४ ऐऔच्।	अइउ ऋलृ एओ ऐऔ	
५ हयवरट्।	६ लण्।	७ ञमङणनम्	८ झभञ्।	क ख ग घ ङ	ह
९ घढधष्।	१० जबगडदश्।	११ खफछठथचटतव्।	१२ कपय्।	च छ ज झ ञ	य श
१३ शषसर्।	१४ हल्।	ह पुनरुक्ति। ५-१४		ट ठ ड ढ ण	र ष
९ स्वर २५ स्पर्श ४ अन्तस्थ ३ उष्माक्षर १ महाप्राण = ४२ >>>>>				त थ द ध न	ल स

માહેશ્વર સૂત્રોમાં ૪૨ વર્ણો વપરાયા છે. દીર્ઘ, પ્લુત અને અયોગવાહ છોડી દેવાયા છે. દીર્ઘ-પ્લુતમાં માત્રા સમય બદલાય છે.છે. (ઉચ્ચારણ સમયનું લક્ષણ એ છે કે,અંગુઠાના મૂળમાં રહેલી નાડીની ગતિ એક વાર થાય એટલા સમયમાં હ્રસ્વ; એનાથી બમણા સમયમાં દીર્ઘ, અને એનાથી ત્રણ ગણા સમયમાં પ્લુતનું ઉચ્ચારણ કરવું જોઈએ.). વિસર્ગ મૂળ ધ્વનિમાં ઉરનો સહયોગ પૂરો પાડે છે અને અનુસ્વાર કે અનુનાસિકમાં નાસિકાનો સહયોગ હોય છે. જીહ્વામૂલીય અને ઉપધ્માનીય અર્ધવિસર્ગના સ્વરૂપો છે. અનુસ્વાર સ્વરો સાથે નાસિકાનો સહયોગ સૂચવે છે જ્યારે અનુનાસિક વ્યઞ્જનો સાથે નાસિકાનો ઉપયોગ સૂચવે છે. તેવી જ રીતે हृस्व ग्वङ् ૪ અને दीर्घ ग्वङ् ૪ અન્તસ્થ અને ઉષ્માક્ષર સથે નાસિકાનો સહયોગ દર્શાવે છે.

વર્ણસંખ્યાની બાબતમાં વેદનો દૃષ્ટિકોણ મૂળ ધ્વનિ સાથે રહ્યો છે. જેમાં ૭-૮૭-૪- ઋગ્વેદમાં त्रि सप्तः। અર્થાત્ ૨૧ કહ્યો છે; અને થોડા ફેરફાર સાથે યજુર્વેદ-૯-૩૧-૩૪માં ૧૭ વર્ણસંખ્યા કહી છે. ઋગ્વેદ પ્રમાણે ૨૧-મૂળ ધ્વનિના વર્ણો આમ છે, **अइउऋलृ कचटतप गजडदब नम शषसह**. જ્યારે યજુર્વેદમાં **नम** ને અનુસ્વાર-અનુનાસિકના પ્રતિનિધિ અને **शषसह** ને વિસર્ગના પ્રતિનિધિ માની અનુસ્વાર અને વિસર્ગને વર્ણના મધ્યસ્થી ગણી, વર્ણના સ્થાને મૂક્યા છે. જેથી યજુર્વેદના ૧૭ વર્ણ આ પ્રમાણે છે. अइउऋलृ कचटतप गजडदब ः विसर्ग અને ं अनुस्वार. ઈણ્ડો-યુરોપિયન અને ઈણ્ડો-ઈરાનિયન આલ્ફાબેટનો આધાર આ ૨૧ મૂળ ધ્વનિઓ છે.

आत्मा बुद्ध्या समेत्यार्थान्मनो युङ्क्ते विवक्षया । मनः कायाग्निमाहन्ति सः प्रेरयति मारुतम् ॥ ६॥

मारुस्तूरसिचरन्मन्द्रं जनयति स्वरम् । प्रातःसवनयोगं तं छन्दो गायत्रमाश्रितम् ॥ ७॥

कण्ठे माध्यन्दिनयुगं मध्यमं त्रैष्टुभानुगम् । तारं तार्तीयसवनं शीर्षण्यं जागतानुगतम् ॥ ८॥

सोदीर्णो मूर्ध्यभिहतो वक्रमापद्य मारुतः । वर्णाञ्जनयते तेषां विभागः पञ्चधा स्मृतः ॥ ९॥

આત્મા બુદ્ધિ સાથે વાચ્યાર્થોને સમુહમાં એકત્ર કરી, વિવક્ષા(બુદ્ધિગમ્ય વર્ણોને શબ્દો દ્વારા વ્યક્ત કરવાની ઈચ્છા) મનોવૃત્તિ નક્કી કરે છે. મન આમાં નિયુક્ત થઈ જઠરાગ્નિને પ્રેરે છે, જઠરાગ્નિ પ્રાણવાયુને પ્રેરે છે. પ્રેરિત વાયુ ફરી ઉરઃસ્થળમાં વિચરતો, પ્રાતઃકાલીન યજ્ઞથી જોડાયેલ ગાયત્રી છન્દનો આશ્રય લઈ; મન્દ્ર નાદથી સ્વરને જન્મ આપે છે. ॥૬-૭॥

હૃદયથી લઈને મૂર્ધા સુધીના વિવરને (શ્વાસનળી) ત્રણ ભાગમાં વહેંચ્યું છે..... ઉરસ્-કણ્ઠ અને શિર. મન્દ્ર સ્વરની નિષ્પત્તિ ઉરોભાગથી થાય છે. ઉરઃપ્રદેશમાં વિચરણ કરતો વાયુ જે મન્દ્ર સ્વરને જન્મ આપે છે, તે પ્રાતઃકાળના સવન-કર્મ(નિત્ય સેવ્ય-કર્મ, પુનિત વૈદિક ધર્મકાર્ય) યોગ્ય હોય. જેવી રીતે પ્રાતઃકાળમાં ગાયત્રી છન્દનો પાઠ કરાય છે તેવું જ ઉચ્ચારણ મન્દ્ર સ્વરનું પણ છે.

તે જ વાયુ કણ્ઠપ્રદેશમાં વિચરણ કરતો, મન્દ્ર અને તારના મધ્યવર્તી મધ્યમ સ્વરને જન્મ આપે છે. આ મધ્યમ સ્વર મધ્યાહ્નકાલીન સવન-કર્મને યોગ્ય હોય છે; અને આનું ઉચ્ચારણ ત્રિષ્ટુપ છન્દના ગાન જેવું હોય છે. ફરી તે જ વાયુ મૂર્ધા વિવરમાં પ્રવેશી, શિરોભાગથી જન્મ લેવાવાળા તાર સ્વરને જન્મ આપે છે. આ તાર સ્વર સાયંકાલીન સવન-કર્મને યોગ્ય તથા જગતી છન્દની જેમ ઉચ્ચારણવાળો હોય છે.

આ પ્રમાણે ત્રણેય ભાગોમાં વહેંચાઈને, ઉપરની તરફ પ્રેરિત વાયુ મૂર્ધાને અભિઘાત કરતો વર્ણોને જન્મ આપે છે. વર્ણોની ઉત્પત્તિ પહેલાં જ મન્દ્ર, મધ્યમ અને તાર સ્વરોનો વિભાગ કરવામાં આવે છે.

ભરતમુનિએ નાટ્યશાસ્ત્ર(૧૭-૧૩૦)માં દૂર રહેલી વ્યક્તિ સાથે સંભાષણ કરવામાં શિર દ્વારા તાર સ્વર, નજીક રહેલી વ્યક્તિ સાથે, કણ્ઠ દ્વારા મધ્ય સ્વર અને પાસે રહેલી વ્યક્તિ સાથે ઉરસ્ દ્વારા મન્દ્ર સ્વરથી પાઠ્યના ઉચ્ચારણ કરવાનો નિર્દેશ કર્યો છે.

નારદીય શિક્ષા અનુસાર વાઙ્મયના ત્રણ સ્થાન છે...... ઉરસ્-કણ્ઠ-શિર; એને જ ક્રમશઃ પ્રાતઃસવન, મધ્યાન્હસવન અને સાયંસવન કહ્યા છે.

આપિશલશિક્ષાસૂત્ર(૮-૧)માં વર્ણશ્રુતિની પ્રક્રિયાને સ્પષ્ટ કરતાં કહ્યું છે કે, પ્રાણ નામક વાયુ પ્રયત્નપૂર્વક પ્રેરિત થઇને નાભિપ્રદેશથી ઉપરની તરફ જાય છે, અને ઉરસ્ વગેરે સ્થાનોમાંથી કોઇ એકમાં રોકાય છે. તે વાયુ સ્થાન પર અભિઘાત કરે છે,છે, જેથી આકાશમાં ધ્વનિ ઉત્પન્ન થાય છે. આ જ વર્ણશ્રુતિ અથવા વર્ણનું પોતાનું સ્વરૂપ છે.

નાભિથી ઉપર જવાવાળો હોઇ આ પ્રાણને ઉદાનવાયુ પણ કહ્યો છે. એટલા માટે ઋગ્વેદ પ્રાતિશાખ્ય પર પોતાના ભાષ્યમાં આચાર્ય ઉવટે સ્પષ્ટ કર્યું છે, કે, જે વાયુ પ્રાણીઓના મુખથી ઉપરની ક્રિયાઓને પ્રવર્તિત કરે છે તે ઉદાન કહેવાય છે.આ વાયુ નાભિ, ઉરસ્ અને શિરોભાગ તરફ જઇને; કણ્ઠ_તાલુ-ઓષ્ઠ-દન્ત વગેરેના પ્રયત્નવશ વર્ણોના હ્રસ્વ-દીર્ઘ-પ્લુત-સ્નિગ્ધ-રુક્ષ-ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિત-કમ્પિત-સમ-વિકીર્ણ-સંવૃત અને વિવૃત..... અનેક રુપોનો બોધ કરાવે છે.

ત્રિધા-સવનના વિષયમાં પાણિનિ શિક્ષાના શ્લોક ક્ર. ૩૬-૩૭ પર ફરી વિચાર કરવામાં આવશે.

......तेषां विभागः पञ्चधा स्मृतः ॥ ९॥

स्वरतः कालतः स्थानात्प्रयत्नादनुप्रदानतः । इति वर्णविदः प्राहुर्निपुणं तन्निबोधत ॥ १०॥ ॥२॥

આ રીતે વાયુથી જન્મ લેનારા વર્ણોને શિક્ષાશાસ્ત્રમાં પાંચ ભાગોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. પ્રાતિશાખ્યાદિ ગ્રન્થોમાં વર્ણોના જ્ઞાતા આચાર્યોએ આ વર્ણવિભાગને (૧)સ્વર. (૨)કાળ. (૩)પ્રયત્ન (આભ્યંતર યત્ન) અને (૫)અનુપ્રદાન.(બાહ્ય યત્ન) ભેદથી પઞ્ચધા કહ્યો છે. (હે શિષ્યો!) આ વર્ણવિભાગને ભલીભાંતિ જાણો.) ॥૯-૧૦॥

उदातानुदात्तश्च स्वरितश्च स्वरास्त्रयः । ह्रस्वो दीर्घः प्लुत इति कालतो नियमा अचि ॥ ११॥

અકારાદિ-अच् સ્વરોના વિષયમાં ત્રણ સ્વર જાણવા જોઇએ. (૧)ઉદાત્ત. (૨)અનુદાત્ત. (૩)સ્વરિત. કાલતઃ સ્વરોના ત્રણ નિયમ છે—(૧)હ્રસ્વ. (૨)દીર્ઘ. (૩)પ્લુત. સ્વરોના આ હ્રસ્વાદિ નિયમોને માત્રાભેદ કહે છે. ॥૧૧॥

ઋગ્વેદ-પ્રાતિશાખ્યમાં કહ્યું છે કે, નીલકણ્ઠ પક્ષી એક માત્રા, કાગ બે માત્રા તથા મોર ત્રણ માત્રાઓનું ઉચ્ચારણ કરે છે.

અકારાદિ સ્વરોના આ માત્રાભેદ વૃત્તિભેદોથી ભિન્ન છે. ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં વાણીની ત્રણ વૃત્તિ કહી છે. (૧)વિલમ્બિત. (૨)મધ્યમ. (૩)દ્રુત. વૃત્તિને માત્રા ન સમજી લેવી જોઇએ. કેમકે, એમાં વ્યાપ્યવ્યાપકભાવ સમ્બન્ધ હોય છે. ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં ફરી કહ્યું છે કે, પ્રત્યેક વૃત્તિઓમાં ત્રણેય માત્રાઓ હોય છે. વૃત્તિઓના પ્રયોગના વિષયમાં એવો નિર્દેષ છે કે, અભ્યાસ માટે દ્રુત, પ્રયોગ માટે મધ્યમ અને શિષ્યોને ઉપદેશ માટે વિલમ્બિત વૃત્તિનો ઉપયોગ કરવો જોઇએ. આમ દરેક વૃત્તિમાં હ્રસ્વાદિ માત્રાઓ હોય છે તે સ્પષ્ટ થાય છે. ॥૧૧॥

उदात्ते निषादगान्धारावनुदात्त ऋषभधैवतौ । स्वरित्प्रभवा ह्येते षड्जमध्यमपञ्चमाः ॥ १२॥

ગાન્ધર્વવિદ્યામાં પ્રસિદ્ધ સાત સ્વરોના, ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિતમાં અન્તરભાવ થઇ જાય છે. ષડજ્, મધ્યમ અને પઞ્ચમ- આ ત્રણ સ્વરોનો જન્મ સ્વરિતથી થાય છે. નિષાદ અને ગાંધારનો ઉદાત્તમાં; તથા ઋષભ અને ધૈવતનો અનુદાત્તમાં અન્તર્ભાવ થઇ જાય છે.॥૧૨॥ (નીચે કોષ્ટક જુઓ.)

उदात्त-२			गांधार				निषाद
स्वरित-३	षडज्			मध्यम	पञ्चम		
अनुदात्त-२		रिषभ				धैवत	

આપિશલશિક્ષાસૂત્ર-૮.૨૦-૨૧-૨૨માં આ ત્રણેય ઉદાત્તાદિના લક્ષણ આ પ્રકારે આપ્યાં છે.

(૧) ઉદાત્ત- જ્યારે સર્વાઙ્ગાનુસારી તીવ્ર પ્રયત્ન હોય, શરીરનો નિગ્રહ થાય, કણ્ઠ-વિવર થોડા ખુલે. અને વાયુની તીવ્ર ગતિને કારણે સ્વર રુક્ષ થઇ જાય. ત્યારે ઉદાત્ત સ્વર હોય છે.

(૨) અનુદાત્ત- જ્યારે મન્દ પ્રયત્ન હોય, શરીરની શિથિલતા હોય. કણ્ઠ વિવર અધિક ખુલે, અને વાયુની મન્દ

ગતિને કારણે સ્વરમાં સ્નિગ્ધતા હોય, ત્યારે અનુદાત્ત સ્વર કહેવાયો છે.
(૩) સ્વરિત- ઉદાત્ત અને અનુદાત્ત સ્વરોના સન્નિપાત(નજીક આવવાથી-મેળ થવાથી)થી સ્વરિત સ્વર થાય છે. ત્રૈસ્વર્યના વિષયમાં ઋગ્વેદ-પ્રાતિશાખ્ય(૩-૧)નું કહેવું છે કે, ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિત આ ત્રણ સ્વર આયામ, વિશ્રમ્ભ તથા આક્ષેપથી અક્ષરોનો આશ્રય કહેવાય છે.
ઉવટે (ઋગ્વેદ-પ્રાતિશાખ્યના ભાષ્યકાર) પોતાના ભાષ્યમાં સ્પષ્ટ કર્યું છે કે, વાયુના કારણે અઙ્ગોનું ઉર્ધ્વસ્પંદન આયામ છે. આથી ઉચ્ચરિત થવાવાળો ઉદાત્ત છે- आ। ये। વાયુના કારણે થવાવાળા અઙ્ગોનું અધોગમન વિશ્રમ્ભ છે. એનાથી ઉચ્ચરિત થવાવાળો અનુદાત્ત છે. नः। नौ। વાયુને કારણે અઙ્ગોનું તિર્યક્ ગમન આક્ષેપ છે. એનાથી ઉચ્ચરિત થવાવાળો સ્વરિત છે क्व। न्यक्।

નાટ્યશાસ્ત્ર(૧૭-૧૦૮)માં ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિત ની સાથે 'કમ્પિત'ને ઉમેરી ચાર સ્વર કહ્યા છે. અભિનવભારતીમાં આનું સ્વરુપ ક્રમશઃ ઉચ્ચતા, નીચતા, મધ્યમતા અને ઉચ્ચ-નીચ-ઉભયાલમ્બનતા બતાવ્યું છે.
કમ્પ સ્વરના વિષયમાં પાણિનિય શિક્ષામાં આગળ કહેવાશે.॥૧૨॥

अष्टौ स्थानानि वर्णानामुरः कण्ठः शिरस्तथा । जिह्वामूलं च दन्ताश्च नासिकोष्ठौ च तालु च ॥ १३॥

વર્ણોના ઉચ્ચારણ સ્થાન આઠ છે. (૧)ઉરસ્ (૨)કણ્ઠ (૩)શિર (૪)જીહ્વામૂળ (૫)દન્ત (૬)નાસિકા (૭)બંને હોઠ (૮)તાલુ ॥૧૩॥

આપિશલશિક્ષાસૂત્ર(૮-૨૪) પણ આ સ્થાનોનો નિર્દેશ કરે છે. અહીં 'સ્થાન' અને 'કરણ' માં અન્તર જાણી લેવું જોઇએ. આપિશલશિક્ષાસૂત્ર(૭-૩-૪) પ્રમાણે જે સ્થાનમાં વર્ણોની ઉપલબ્ધિ થાય છે, તે સ્થાન છે. અને જેના વડે વર્ણ કાર્યાન્વિત થાય છે તે કરણ છે.

પાણિનિયશિક્ષાસૂત્ર(૨-૩-૮) નિર્દિષ્ટ કરેછે કે, જિહ્વામૂળથી જિહ્વવ્યોંના, જિહ્વાના મધ્યભાગથી તાલવ્યોંના, જિહ્વાના ઉપાગ્રથી મૂર્ધન્યોંનું અને જિહ્વાગ્રથી દન્ત્યોનું ઉચ્ચારણ કરવું જોઇએ. બાકીના વર્ણોના કરણ એ જ છે, જે તેનું સ્થાન છે.
અનુસ્વારનું કરણ દન્તમૂળ છે. નાસિક્યનું સ્થાન દન્તમૂળ ન હોઇ શકે.(૧૩).

ओभावश्च विवृत्तिश्च शषसा रेफ एव च । जिह्वामूलमुपध्मा च गतिरष्टविधोष्मणः ॥ १४॥

ઊષ્મા(વિસર્ગ)ની ગતિ આઠ પ્રકારની થાય છે. એની નવમી ગતિ વિસર્ગઃ જ છે. જે એની સ્વરુપસ્થિતિ હોવાને લીધે ગણાતી નથી. આ આઠ ગતિઓ છે.

(૧) ઓભાવ. જેમકે, शिवोऽर्च्यः शिवो वन्द्यः। (૨)વિવૃત્તિ= બે સ્વરોની વચ્ચે વિસર્ગ આવે ત્યારે એનો લોપ. જેમકે, राम आयाति। कृष्ण एति। (૩) श થઇ જવો.જેમકે, रामश्चिनोति। (૪) ष થઇ જવો. જેમકે, धनुष्टङ्कारः।(૫) स થઇ જવો. જેમકે, सन्तस्तरन्ति। (૬) र થઇ જવો.જેમકે, हरिर्गच्छति। (૭) જિહ્વામૂલીય થઇ જવો. જેમકે,राम ≍करोति। (૮)ઉપધ્માનીય થઇ જવો. જેમકે, वृक्ष ≍फलति। ॥**૧૪**॥

અહીં પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, 'गङ्गोदकम्' આદિ પ્રયોગોમાં વિસર્ગ ન હોવા છતાં પણ સન્ધિની દશામાં ઓભાવ દેખાય છે. આ કેવી રીતે જાણવું કે, આ ઓકાર વિસર્ગનો છે? આથી કહે છે કે:

यद्योभावप्रसन्धानमुकारादिपरं पदम् । स्वरान्तं तादृशं विद्याद् यदन्यद्व्यक्तमूष्मणः ॥ १५॥ ॥३॥

જ્યાં પદમાં પાછળવાળું પદ ઉકારાદિ હોય ત્યાં ઓકારાત્મક સન્ધિ જાણવી જોઇએ. ત્યાં ઓકાર સ્વરના અન્તમાં, સ્વરના સ્થાન પર, સ્વરાંત પદની સાથે એકાદેશથી જન્મ લેવાવાળા સમજવા જોઇએ. આનાથી ભિન્ન સ્થિતિમાં જે ઓભાવ સન્ધિ છે તે તે સ્પષ્ટપણે વિસર્ગનો ઓભાવ છે. ॥૧૫॥

हकारं पञ्चमैर्युक्तमन्तस्थाभिश्च संयुतम् । औरस्यं तं विजानीयात्कठ्यमाहुरसंयुतम् ॥ १६॥

વર્ગોના પઞ્ચમ વર્ણો (ણ, ન, મ) અને અન્તસ્થ (ય,ર,લ,વ)થી યુક્ત હકારને ઉરસ્ય જાણવો અને અસંયુક્તને કણ્ઠય.

પ્રશ્ન એમ થાય છે કે, વ્યવહારમાં તો કણ્ઠથી શરુ કરી, બીજા સ્થાનોની વ્યવસ્થા મળે છે. તો ઉરસથી શરુ કરી

આઠ સ્થાનોની ગણના કેમ કરવામાં આવી?

આપિશલશિક્ષાસૂત્ર(૧.૩) માં એકદેશીય મતનો ઉલ્લેખ કરી કહ્યું છે કે, કેટલાક લોકોના મતમાં હકાર અને વિસર્જનીય ઉરસ્ય છે.

અહીં પણ એકમત નથી. એટલે હકારની સ્થિતિ સ્પષ્ટ કરી છે. સંસ્કૃતમાં સંયુક્તાક્ષરોમાં સર્વત્ર પૂર્વવર્તિતા મળે છે. ण, न, म, य, र, ल, व, સંયુક્તાક્ષરોમાં પરવર્તી ઘટક હોય છે- ह्ण-ह्न-ह्म-ह्य-ह्र-ह्ल-ह्व, આ રીતે હકારના બે ભેદ થઈ જાય છે- સંયુક્ત અને અસંયુક્ત. પાણિનિય છાત્રો અનુસાર અસંયુક્ત હકાર કણ્ઠ્ય અને સંયુક્ત હકાર ઉરસ્ય છે. વર્ગોના પઞ્ચમ વર્ણો (ણ, ન, મ) અને અન્તસ્થ (ય,ર,લ,વ)થી યુક્ત હકારને ઉરસ્ય જાણવો અને અસંયુક્તને કણ્ઠ્ય. નિષ્કર્ષ એ છે કે, पूर्वाह्ण-चिह्न-ब्रह्म-बाह्य-ह्रद- ह्लाद-प्रह्व। વગેરેમાં હકારનું સ્થાન ઉરઃસ્થાન તથા આનાથી ભિન્ન વિહાર વગેરે શબ્દસ્વરુપોમાં કણ્ઠસ્થાન સમજવું.

==

कण्ठ्यावहाविचुयशास्तालव्या ओष्ठजावुपू। स्युर्मूर्धन्या ऋटुरषा दन्त्या लृतुलसाः स्मृताः ॥ १७॥

जिह्वामूले तु कुः प्रोक्तो दन्त्योष्ठो वः स्मृतो बुधैः।एऐ तु कण्ठतालव्या ओऔ तु कण्ठोष्ठजौ स्मृतौ ॥ १८॥

અકાર તથા અસંયુક્ત હકાર કણ્ઠ્ય વર્ણ છે. ઈકાર, ચ-વર્ગ, યકાર, અને શકાર તાલુસ્થાનીય છે. ઉકાર, પ-વર્ગ, ઓષ્ઠસ્થાનથી જન્મ લે છે. ઋકાર, ટ-વર્ગ, રેફ-રકાર, અને ષકાર મૂર્ધન્ય છે. લૃકાર, ત-વર્ગ, લકાર અને સકાર દન્ત્યસ્થાન છે. ક-વર્ગ (ક,ખ,ગ,ઘ,ઙ) જીહ્વામૂળ-સ્થાનથી નિષ્પન્ન થાય છે. વકાર દન્તોષ્ઠથી જન્મ લે છે. એકાર અને ઐકાર કણ્ઠય –તાલવ્ય છે. ઓકાર અને ઔકાર કણ્ઠોષ્ઠજ છે.

(ક) અહીં જિહ્વામૂલીય અને ઉપધ્માનીયનું સ્થાન-નિર્દેશ ન થયું, ≍ક તથા ≍પ પરાશ્રિત છે. આ આધાર પર એનું સ્થાન ક્રમશઃ જિહ્વામૂળ અને ઓષ્ઠ છે. ક, ખ ની પહેલાં જિહ્વામૂળીયનો પ્રયોગ થાય છે અને ક,ખ જિહ્વામૂળથી ઉત્પન્ન છે. પ,ફ થી પહેલાં ઉપધ્માનીયનો પ્રયોગ થવાથી એનો ઓષ્ઠજ હોવું સ્પષ્ટ છે.

(ખ) અહીં ક વર્ગનું સ્થાન જિહ્વામૂળ દર્શાવ્યું છે. ઋગ્વેદ-પ્રાતિશાખ્ય-(૧-૪૧) અનુસાર ઋકાર-લૃકાર-વિસર્ગ, અને પ્રથમવર્ગ (કુ)નું સ્થાન જિહ્વામૂળ છે. પાણિનિયશિક્ષાસૂત્ર(૧.૨-૫)માં સ્થાન નિર્દેશ ભિન્ન પ્રકારનો છે. તે પ્રમાણે- અ-કવર્ગ-વિસર્ગ કણ્ઠ્ય છે. કેટલાક આચાર્યોના મતાનુસાર વિસર્ગ ઉરસ્ય છે, જિહ્વામૂળીયનું ઉચ્ચારણ જિહ્વાથી થાય છે. કેટલાક આચાર્યોના મતમાં કવર્ગ-અનુસ્વાર-જિહ્વામૂળીય ના ઉચ્ચારણો જિહ્વાથી થાય છે.

નાટ્યશાસ્ત્ર(૧૪-૧૧)માં કહ્યું છે કે, અ-ક વર્ગ-હ-વિસર્ગ કણ્ઠ્ય છે. ઇ-ચ વર્ગ-ય-શ તાલવ્ય છે. ઋ-ટ વર્ગ-ર-ષ મૂર્ધન્ય છે. લૃ-ત વર્ગ-લ-સ દન્ત્ય છે. ઉ-પ વર્ગ-ઉપધ્માનીય ઓષ્ઠ્ય છે. ----- કેટલાક આચાર્યોનો મત છે કે, વિસર્ગ ઔરસ્ય-ઉરસ્ થી ઉત્પન્ન છે.

આ મતભેદ હોવા છતાં પણ કવર્ગનું સ્થાન બંનેમાં છે. આનું કારણ એ છે કે, જિહ્વામૂળ અને કણ્ઠની સ્થિતિ ઘાણું કરી પાસે-પાસે જ છે. જિહ્વામૂળનું સ્થાન જિહ્વામૂળ જ છે. કારણકે, તે પરાશ્રિત હોય છે. આથી એનું સ્થાન કકારના સ્થાન જેવું જ થઇ જાય છે. ॥૧૭-૧૮॥

अर्धमात्रा तु कण्ठ्या स्यादेकारैकारयोर्भवेत्।ओकारौकारयोर्मात्रा तयोर्विवृतसंवृतम् ॥ १९॥

संवृतं मात्रिकं ज्ञेयं विवृतं तु द्विमात्रिकम्।19½।

એ કાર, ઓ કાર, ઐ કાર, ઔ કાર- આ ચાર વર્ણ સન્ધ્યક્ષર છે. આથી આમાંથી પહેલી અર્ધી માત્રા કણ્ઠ્યની હોય છે. પછીની દોઢ કે એક માત્રા તાલવ્ય અને ઓષ્ઠ્યની હોય છે. પાછળના અર્ધની પ્રધાનતા સ્વીકારી, કણ્ઠ્ય-તાલવ્યોં તથા કણ્ઠ્યોષ્ઠ્યોં (ઓ, ઔ)નો સાથે નિર્દેશ કર્યો છે એમ જાણવું જોઇએ. એ, ઓ માં કણ્ઠ્ય અકારની અર્ધી માત્રા અને ઇ-ઉ ની દોઢ માત્રા છે. ઐ, ઔ માં કણ્ઠ્ય અ કારની એક માત્રા અને ઇ-ઉ ની એક માત્રા છે. એ, ઓ નો ઘટક જે અ કાર છે, તે સંવૃત છે. આથી એની અર્ધી માત્રા છે. ઐ-ઔ ના ઘટક વિવૃત અકારની એક માત્રા છે જે દીર્ઘથી અર્ધી છે.

અ કારની એક માત્રાવાળું સ્વરુપ સંવૃત અને બે માત્રાવાળું સ્વરુપ વિવૃત કહેવાય છે. એ, ઔ માં વિવૃત અકાર તથા એ,ઓ માં સંવૃત અ કાર છે.

ઋગ્વેદ પ્રાતિશાખ્ય(૧૩-૨૬)માં સન્ધ્યક્ષરોનો ક્રમ- વ-ઐ-ઓ-ઔ છે. આમાં એ-ઓ વિષમ છે પણ ઐ-ઔ સમ છે. આના પર પોતાના ભાષ્યમાં ઉવટે કહ્યું છે કે, સન્ધ્યક્ષરોમાં અ કાર આગળનો અર્ધો ભાગ છે. પાછળનો અર્ધો ભાગ ઇ કાર છે જે પહેલા અને ત્રીજામાં (એ,ઐ) માં હોય છે. બીજા અને ચોથા(ઓ,ઔ)માં ઉત્તરવર્તી અર્ધો ભાગ ઉ કાર હોય છે. અ+ઇ=એ. અ+ઉ=ઓ, અ+ઇ=ઐ, અ+ઊ=ઔ.

આ સંદર્ભે ઉવટની સ્થાપના સંશોધનની અપેક્ષા રાખે છે. પાણિનિયશિક્ષામાં દર્શાવેલા અક્ષરો પ્રમાણે વિચાર કરતાં 'અ' સંવૃત છે, એની અર્ધી માત્રા એ-ઓ માં હશે અને બાકી દોઢ માત્રા ઇ-ઉ ની. ઐ-ઔ માં 'આ' આ બે માત્રાઓવાળા વિવૃત અ કાર ને અર્ધો કરવાથી એક માત્રા, તથા પાછળની એક માત્રા ઇ-ઉ હશે. આ રીતે ૦.૫અ + ૧.૫ઇ = એ, ૦.૫ અ + ૧.૫ ઉ = ઓ, ૦.૫આ + ઇ = ઐ, ૦.૫આ + ઊ = ઔ. એમ સિદ્ધ થાય છે. મહાભાષ્ય(પાણિનિસૂત્ર૧.૧૪૭, ૮.૨-૧૦૬)માં પણ આમ જ પ્રતિપાદિત કર્યું છે. આથી एचोऽयवायावः । આ સૂત્રથી એ-ઓ ના સ્થાનમાં સંવૃત ઘટિત અય્ - અવ્ આદેશો તથા ઐ-ઔ ના સ્થાનમાં વિવૃત-ઘટિત આય્-આવ્ આદેશોનું વિધાન કર્યું છે. આ આદેશવ્યવસ્થા સ્થાન અને પ્રયત્નકૃત સાદૃશ્યને આધાર બનાવી કરી છે. આથી 'ઐ-ઔ' એનું વિવૃતતમત્વ કહેવાશે. ॥૧૯.૫॥

घोषा वा संवृताः सर्वे अघोषा विवृतः स्मृताः ॥ २०॥ ॥४॥

અહીં પ્રસંગવશ બાહ્ય યત્નોનો નિર્દેશ કર્યો છે. हश् પ્રત્યાહારમાં આવતાં ઘોષ વર્ણનું ઉચ્ચારણ થાય ત્યારે સંવૃત થાય છે, એનો પ્રયત્ન સંવાર છે. આ વર્ણોના ઉચ્ચારણ સમયે ગળાનું વિવર(છિદ્ર) સંકોચાય છે, જેથી નાદવિષેશ જન્મ લે છે અને ત્યારે ઘોષ ઉત્પન્ન થાય છે.

खर् પ્રત્યાહારના સર્વ વર્ણ અઘોષ છે,આથી એના ઉચ્ચારણમાં ગળાનું વિવર વિવૃત થાય છે(એનો પ્રયત્ન વિવાર છે). આથી શ્વાસવિશેષનો જન્મ થાય છે, ત્યારે અઘોષનો પણ.

ઋગ્વેદ-પ્રાતિશાખ્ય(૧૩.૪-૯) પ્રમાણે વર્ગોના ચોથા વર્ણ(ઘ,ઝ,ઢ,ધ,ભ) ઘોષી અને સોષ્મ પણ છે. એમાં હ કારનો યોગ હોવાથી સોષ્મ છે. આ વર્ણની પ્રકૃતિ નાદ છે. ખ,છ,ઠ,થ,ફ વિસર્ગ સાથે જોડાયેલા હોવાથી શ્વાસ પ્રકૃતિવાળા છે. શ,ષ,સ,હ નો યત્ન નાદ છે. ક,ચ,ટ,ત,પ પણ શ્વાસ અનુપ્રદાનવાળા અઘોષ છે.ગ,જ,ડ,દ,બ, નાદ અનુપ્રદાનવાળા છે. ઙ,ઞ,ણ, ન, મ, નાદાનુપ્રદાન હોવાની સાથે અનુનાસિક પણ છે.

પાણિનિયશિક્ષાસૂત્ર(૪.૨-૭)માં સ્પષ્ટ કર્યું છે કે,

(૧) વિવૃતકણ્ઠ – શ્વાસાનુપ્રદાન – અઘોષ – વર્ગોના પ્રથમ-દ્વિતિય, શ,ષ,સ, વિસર્જનીય, જિહ્વામૂળીય, ઉપધ્માનીય.

(૨) અલ્પપ્રાણ- વર્ગોના યમોંના પ્રથમ, તૃતીય. (૩) મહાપ્રાણ- બીજા બધાય.

(૪) સંવૃતકણ્ઠ- નાદાનુપ્રદાન- ઘોષ- વર્ગોના તૃતીય,ચતુર્થ, અન્તઃસ્થ, હકાર, અનુસ્વાર, વર્ગોના તૃતીય-ચતુર્થ યમ, નાસિક્ય.

(૫) વર્ગોના પઞ્ચમ વર્ણ તૃતીય વર્ણો ની જેમ સમાન જ છે. એમાં અનુનાસિક્ય અધિક ગુણ છે॥૨૦॥

स्वराणामूष्मणां चैव विवृतं करणं स्मृतम् । तेभ्योऽपि विवृतावेङौ ताभ्यामैचो तथैव च ॥ २१॥

અ કારાદિ સ્વરો અને ઊષ્મ વર્ણો(શ,ષ,સ,હ)નું કરણ વિવૃત જ છે.શિક્ષાવેદાઙ્ગમાં આ વિવૃત કરણ=આભ્યન્તર યત્ન-રુપ અનુપ્રદાન વ્યવસ્થિત કર્યું છે. આ સ્વરો અને ઊષ્મવર્ણોમાંથી પણ एङ् (ए-ओ) વર્ણ વિવૃત છે. તાત્પર્ય એ છે કે, એ-ઓ વિવૃતતર છે, કેમકે, એમાં દોઢ માત્રાવાળા વિવૃતનો યોગ છે. एङ् થી ऐच् (ऐ-औ) વિવૃત છે અર્થાત્ વિવૃતતમ છે. કેમકે, આના ઘટક બન્ને વર્ણો વિવૃત છે. આ સ્વર અને ઊષ્મ વર્ણ સ્થાનના સ્પર્શથી ઉચ્ચારિત નથી થતા, આથી અસ્પૃષ્ટ કહેવાય છે. એટલા માટે તેનો આભ્યન્તર પ્રયત્ન વિવૃત હોય છે.

ऋग्वेद प्रातिशाख्य(૧૩-૧૧) તથા એના પર ઉવટનું ભાષ્ય પ્રતિપાદિત કરે છે કે, સ્વરો, અનુસ્વાર અને ઊષ્મ વર્ણોનું સ્થિત અસ્પૃષ્ટ હોય છે. જ્યાં જિહ્વા વર્ણસ્થાનનો આશ્રય લઇ રોકાય છે તે સ્થિત કહેવાય છે. પાણિનીયશિક્ષાસૂત્ર(૩.૬-૧૨) પ્રમાણે ઊષ્મોના કરણ ઇષદ્વિવૃત અથવા વિવૃત છે. આ કાર આ બન્નેથી વિવૃત છે. અ કાર સંવૃત છે.

ઊષ્મ વર્ણોનું વિવૃતત્વ અર્ધું જ છે, આ આડત્રીસમી કારિકામાં જોઇશું. ॥૨૧॥

अनुस्वार यमानां च नासिका स्थानमुच्यते ।अयोगवाहा विज्ञेया आश्रयस्थानभागिनः ॥ २२॥

युजन्त इति योगाः – આ વ્યુત્પત્તિ પ્રમાણે વર્ણસમામ્નાયમાં પાઠયોગને મેળવવાવાળા વર્ણ "યોગ" કહે છે. આથી વિપરિત વર્ણસમામ્નાયમાં પોતાના આશ્રય વિના ન વાંચી શકાય તે "અયોગ" કહેવાશે. "વાહ"નો અર્થ છે- શબ્દોના ઉચ્ચારણોમાં પાઠ-વ્યવહારનું કામ કરવાવાળા.

અનુસ્વાર-વિસર્ગ-જિહ્વામૂળીય-ઉપધ્માનીય અને યમ "અયોગવાહ" છે. આ અયોગવાહ પોતાના આશ્રયભૂત વર્ણનું સ્થાન મેળવી લે છે. તાત્પર્ય એ છે કે, જે સ્થાન એના આશ્રયભૂત વર્ણનું છે, તે જ સ્થાન એનું પણ થઇ જાય છે. અનુસ્વાર અને યમ આશ્રયસ્થાનભાગી છે તો પણ વર્ણવેત્તા આચાર્યોએ એનું સ્થાન નાસિકા પણ બતાવ્યું છે. આ રીતે આના બે સ્થાન થઇ જાય છે. ऋग्वेद-प्रातिशाख्य(૧૩.૩૬-૩૭) પ્રમાણે અનુસ્વાર જે અનન્તસ્થ છે અર્થાત્ વર્ણોના અભાવરુપ વિરામ (વર્ણોનો અંત)માં ન આવતા હોય.

આચાર્ય વ્યાડિએ એ અનુસ્વારને નાસિક્ય અથવા અનુનાસિક કહ્યા છે.

આ વિષયમાં તથ્ય એ છે કે, સ્વરના આશ્રય વિના અનુસ્વાર ન રહી શકે અને તે આશ્રયસ્થાનભાગી છે. આથી મુખ-નાસિકા-વચનથી જોડાયેલ હોવાને લીધે એનું અનુનાસિક હોવું સિદ્ધ છે. શુદ્ધ અનુસ્વારનું ઉચ્ચારણ કરીએ તો એનું સ્થાન નાસિકા માત્ર છે, આથી શુદ્ધ અનુસ્વારનું નાસિક્ય હોવું બરાબર છે.

પાણિનીયશિક્ષાસૂત્ર(૧.૧૬-૧૮) પણ આ જ વાત પ્રતિપાદિત કરે છે- અનુસ્વાર અને યમ નાસિક્ય છે. કેટલાક આચાર્યોના મતાનુસાર અનુસ્વાર કણ્ઠ-નાસિક્ય છે. કેટ્લાક યમ નાસિક્ય હોવા ઉપરાંત જિહ્વામૂળીય પણ છે. આના પર પ્રશ્ન થાય છે કે, જો કેટલાક આચાર્યોના મત પ્રમાણે અનુસ્વારને કણ્ઠ-નાસિક્ય કહેવાયું આગળ ૨૩મી કારિકામાં દન્તમૂળ કહેવાશે. તો પછી સ્થાનવિવેક કેવી રીતે ગણવો! એનું સમાધાન એવું છે કે, જો કણ્ઠથી જ નીકળેલો વાયુ મુખમાં પ્રવેશી નાસિકાનો સ્પર્શ કરે તો અનુસ્વારને કણ્ઠ-નાસિક્ય માનવામાં શું વિપ્રતિપત્તિ છે? આશ્રયસ્થાનના કારણે ક્યાંક અનુસ્વારનું ત્રિસ્થાનત્વ પણ હોઇ શકે, આમાં કોઇ વાંધો નથી લાગતો. દન્તમૂલત્વની વાત આગળ કહેવાશે. ॥૨૨॥

अलाबुवीणानिर्घोषो दन्तमूल्यस्वराननु ।अनुस्वारस्तु कर्तव्यो नित्यम् होः शषसेषु च ॥ २३॥

સ્વર પછી અનુસ્વારનું ઉચ્ચારણ દન્તમૂળથી થાય છે, જે ઊંડાણથી અલાબુ-વીણા(તુંબડીમાંથી બનાવેલ વીણા)ની જેમ ધ્વનિ કાઢવો જોઇએ. પરંતુ જ્યારે શ,ષ,સ, પહેલાં આવે ત્યારે ફરજીયાત ઉચ્ચારણ કરવું જોઇએ.

અન્ય સ્થાનો પર જ્યાં પરસવર્ણની વ્યવસ્થા છે, ત્યાં અનુસ્વાર પછી વ્યઞ્જનનું સવર્ણત્વ થઇ શકે છે, પરંતુ હ કાર, રેફ, શ કાર, ષ કાર, સ કાર પછી આવતા અનુસ્વારની નિત્યતા વિહિત છે. ત્યાં કોઇ વિકલ્પ નથી. ત્યારે એવા સ્થાને અનુસ્વારનો ઉચ્ચાર કેવી રીતે થશે? આથી કહેવાયું છે કે, અલાબુ-વીણા(તુંબડીમાંથી બનાવેલ વીણા)ના સ્વર સમાન દન્તમૂળથી ઉત્પન્ન થતા અનુસ્વારનું ઉચ્ચારણ કરવું જોઇએ. આ અનુસ્વાર સર્વત્ર સ્વરોનું અનુસરણ કરે છે, આથી એનું આશ્રયભાગી હોવું સુચિત થાય છે. દન્તમૂળ હોવાનો આશય એમ નથી કે, જીભનો દન્તમૂળ સાથે સ્પર્શ થવો. પણ જીભ ત્યાં દન્તમૂળમાં નિશ્ચલ થઇ જાય છે. ऋग्वेद प्रातिशाख्य(૧૩.૧૧)માં પણ એમ જ કહ્યું છે.

આ રીતે અનુસ્વારનું વિવૃતત્વ અને નાસિક્યત્વ છે. संहति। संरम्भः। वंश। धनूंशि। कंस। વગેરે ઉદાહરણ છે. ॥૨૩॥

अनुस्वारे विवृत्यां तु विरामे चाक्षरद्वये । द्विरोष्ठ्यौ तु विगृह्णीयाद्यत्रोकारवकारयोः ॥ २४॥

અનુસ્વારમાં ખાલી, વિરામ કે બેવડાતા વ્યઞ્જન વખતે હોઠ જુદા પાડવા જોઇએ. ઔ અને વ બોલાય છે ત્યારે જેમ જુદા પડે છે તેમ.

"ઔષ્ઠ્યૌ" પદમાં સ્વાર્થિક 'ય' પ્રત્યય છે. આથી "ઔષ્ઠ્યૌ" નો અર્થ "ઔષ્ઠૌ" છે. કેટલીક વિશિષ્ટ સ્થિતિઓમાં સ્વરનું ઉચ્ચારણ કરતી વખતે બન્ને હોઠોને અલગ અલગ રાખવા જોઇએ. એવી સ્થિતિઓ કઇ કઇ છે?

(૧) જ્યાં "ઔ" અથવા "વ" નું ઉચ્ચારણ કરવું હોય, ત્યાં બન્ને હોઠોને જુદા પાડવા આવશ્યક છે, અન્યથા આ વર્ણોનું ઉચ્ચારણ બરાબર નહીં થઇ શકે.આ રીતે અનુસ્વાર વગેરે પછી આવતા સ્વરોના ઉચ્ચારણ કરતી વખતે બન્ને હોઠો અલગ રાખવા જોઇએ.

(૨) अंहः, सिंहः, हंसः વગેરે શબ્દોમાં અનુસ્વાર પછી આવતા પૂર્વવર્તી સ્વરના એવી રીતે ઉચ્ચાર કરવા જેથી હોઠ અલગ રહે.

(૩) બે સ્વરોની એક સાથ સ્થિતિ "વિવૃત્તિ" કહેવાય છે. વિવૃત્તિમાં પણ હોઠોને જુદા રાખવા જોઇએ. નારદીય શિક્ષામાં આ વિવૃત્તિ ચાર પ્રકારની બતાવી છે-

વત્સાનુસૃતા- જે વિવૃત્તિમાં આદિ સ્વર હ્રસ્વ હોય તે વત્સાનુવૃતા છે. જેમ કે, राम आगच्छति।

વત્સાનુસારિણી- જે વિવ્રિત્તિમાં ઉત્તર્વર્તી સ્વર હ્રસ્વ હોય તે વત્સાનુસારિણી છે. જેમ કે, देवा इह।

પાકવતી- જ્યા6 બન્ને સ્વર હ્રસ્વ હોય ત્યારે પાકવતી વિવૃતિ થાય છે. જેમ કે - द्रेव इह।

પિપીલિકા- બંને બાજુ દીર્ઘ સ્વર હોય ત્યારે પિપીલિકા નામક વિવૃત્તિ કહીવાય છે, જેમ કે -देवा आयान्तु। આ પ્રકારની સ્થિતિઓમાં બન્ને હોઠ જુદા રાખવા જોઇએ. જેથી કરીને બન્ને સ્વરોનું સ્પષ્ત ઉચ્ચારણ અને શ્રવણ થઇ શકે.

(૪) વિરામમાં પણ બન્ને હોઠો જુદા રાખવા જોઇએ, જેમ કે, પદના અંતમાં આવતા વર્ણનું બરાબર ઉચ્ચારણ અને શ્રવણ થઇ શકે.

(૫) અક્ષરદ્વય અર્થાત્ સંયુક્તાક્ષરની પછી રહેતા હોવા છતાં પૂર્વવર્તી સ્વરના ઉચ્ચારણમાં એ જ રીતે હોઠ જુદા રહેવા જોઇએ.॥૨૪॥

व्याघ्री यथा हरेत्पुत्रान्दन्ताभ्यां न तु पीडयेत् । भीता पतनभेदाभ्यां तद्वद्वर्णान्प्रयोजयेत् ॥ २५॥ ॥५॥

જે રીતે વાઘણ (અથવા બિલાડી) પોતાના બચ્ચાને તીક્ષ્ણ દાંતોથી પકડીને લઇ જવામાં એવી સાવધાની વર્તે છે કે, શિશુને કષ્ટ ન થાય, કે ન પડી જાય. એવી રીતે વર્ણોનો પ્રયોગ-ઉચ્ચારણ કરતી વખતે ઉચ્ચારણકર્તા માટે પણ આવશ્યક છે કે નતો તે વર્ણોને પીડિત કરે, ન તો પાડી દે, ન તોડી નાખે. વર્ણોની અસ્પષ્ટતા એનું પતન(પડવું) છે અને વિકૃત ઉચ્ચારણ જ ભેદ છે. ઉચ્ચારણકર્તા આ પતન અને ભેદથી ભયભીત રહેતો સાવધાન હોવો જોઇએ. પીડનનો દોષ આગળ કહેવાશે.॥૨૫॥

यथा सौराष्ट्रिका नारी तक्राँ इत्यभिभाषते । एवम् रङ्गाः प्रयोक्तव्याः खे अराँ इव खेदया ॥ २६ ॥

જે રીતે સૌરાષ્ટ્રની સ્ત્રી "तक्रम्" નું ઉચ્ચારણ " तक्रँ " કરે છે, એવી રીતે રઙ્ગવર્ણોનો પ્રયોગ કરવો જોઇએ. આનું ઉદાહરણ "खे अराँ इव खेदया ।" છે.

આ 'रङ्ग' શું છે? નારદીય શિક્ષામાં કહ્યું છે કે- સ્વરની પહેલાં આવતાં નકારની ચાર સ્થિતિઓ બને છે. (૧) નકારનો રેફ઼ થઇજાય છે. જેમ કે, 'अहरहः' માં અહન્ ના નકારનો. (૨) ક્યાંક નકારનો લોપ થાય છે, જેમ કે- 'મતિ' શબ્દમાં મન ધાતુનો નકારનો લોપ થઇ ગયો છે. (૩) ક્યાંક નકારનો અનુસ્વાર થઇ જાય છે. જેમ કે, 'અમંસ્ત' . (૪) નકારની ચોથી સ્થિતિ 'રઙ્ગ' છે. આનો પ્રયોગ વેદમાં થાય છે જેમાં પોતાનાથી જોડાયેલા પૂર્વવર્તી સ્વરને અનુનાસિક બનાવી દે છે. જેમ કે, "लोकाँ अकल्पयन्।" આ 'રઙ્ગ' સ્વરને રઞ્જિત કરી રક્ત બનાવી દે છે. રઙ્ગ બે પ્રકારનો હોય છે- સ્વર પછી આવતો અને વ્યઞ્જન પછી આવતો.

ભગવાન પાણિનિનું સૂત્ર છે- दीर्घाटी समानपादे-पा-सू-८-३-६। અર્થાત્ अट्। પરે રહેતા એક(સમાન) પાદ દીર્ઘના પરવર્તી નકારનું રુત્વ થઇ જાય છે.

आतोऽटि नित्यम्-पा-सू-८-३-३ આ સૂત્ર પ્રમાણે પૂર્વસ્વરનું અનુનાસિકત્વ નિત્ય છે. જેમ કે- महान् इन्द्रः ।ની જગ્યાએ महाँ इन्द्रः ।નો પ્રયોગ કરવામાં આવે છે.

रक्तसंज्ञोऽनुनासिकः । ऋग्वेदप्रातिशाख्य-१-३६ પ્રમાણે સર્વત્ર અનુનાસિકની રક્તસંજ્ઞા બતાવી છે. જેમ – माँस्पचन्याः -ऋग्वेद-१-१६२-१३માં પણ आँ રક્ત વર્ણ છે.

दस्यूँरेको नॄँरभि च ।-ऋग्वेदप्रातिशाख्य-४-७१ અહીં રેફથી પૂર્વે રક્તવર્ણ છે. જો રક્ત હ્રસ્વ હોય તો એ દીર્ઘ ઉચ્ચારણ દોષ છે. જેમ કે- उग्रँ ओकः ।-ऋग्वेद-७-२५-४ ।અહી અનુનાસિક સ્વરને જ રક્તસંજ્ઞાથી કહેવાયું છે. ॥२६॥

रङ्गवर्णं प्रयुञ्जीरन्नो ग्रसेत्पूर्वमक्षरम् । दीर्घस्वरं प्रयुञ्जीयात्पश्चान्नासिक्यमाचरेत् ॥ २७॥

રક્તસ્વરનો નાસિક્ય ભાગ જ રઙ્ગ છે. એને અહીં દીર્ઘ સ્વરની પહેલાં જ ગ્રહણ કરવામાં આવ્યો છે, જેમકે, પૂર્વોક્ત પાણિનિ સૂત્રમાં. આ પ્રકારે રઙ્ગવર્ણનો પ્રયોગ કરવાવાળા વક્તા આ રઙ્ગના પૂર્વવર્તી સ્વરને ગ્રસ્ત ન કરે. देवाँर आसादयादिह ।ઇત્યાદિમાં પહેલાં દીર્ઘ સ્વરનો પ્રયોગ કરે અને પછી રઙ્ગરુપ નાસિક્યનું ઉચ્ચારણ કરે.

તે રઙ્ગ જે રીતે દ્વિમાત્રિક થઇ જાય છે તે આગળ બતાવીશું, દ્વિમાત્રિકતા પૂર્વસ્વરથી જુદી જ હોય છે. યાજ્ઞવલ્ક્યશિક્ષા(૧૨૮) માં પણ કંઇક જુદી રીતે આ જ વાત કહી છે-

રઙ્ગ ઉત્પન્ન થયે પૂર્વવર્તી અક્ષર ગ્રહણ ન કરવો જોઇએ. દીર્ઘ સ્વરનો પ્રયોગ કર્યા પછી નાસિક્યનું ઉચ્ચારણ કરવું જોઇએ.

અહીં દીર્ઘ સ્વરના અનુનાસિક ઉચ્ચારણને જ રઙ્ગ કહ્યો છે. ॥૨૭॥ ૨૫-૧-૨૦

हृदये चैकमात्रस्त्वर्धमात्रस्तु मूर्धनि । नासिकायां तथार्धं च रङ्गस्यैवं द्विमात्रता ॥ २८॥

હૃદયથી લઇને નાસિકા સુધીના સ્થાનને વ્યાપ્ત કરવાવાળા રઙ્ગની દ્વિમાત્રતા (બે માત્રા) હોય છે. આ રઙ્ગની એક માત્રાનું હૃદય-પ્રદેશમાં, અર્ધી માત્રાનું મૂર્ધામાં, અને અર્ધી માત્રાનું ઉચ્ચારણ નાસિકામાં થાય છે. આ તથ્ય આગળ ઉદાહરણો દ્વારા સ્પષ્ટ થઇ જશે. ॥૨૮॥

हृदयादुत्करे तिष्ठन्कांस्येन समनुस्वरम् ।मार्दवं च द्विमात्रं च जघन्वाँ इति निदर्शनम् ॥ २९॥

હૃદયથી શરુ કરી ઉત્કર અર્થાત્ મૂર્ધા નામક ઊર્ધ્વદેશમાં રોકાતો, કાઁસાના પાત્ર સમાન અનુરણન કરતો રઙ્ગ નાસિકા દ્વારા ઉચ્ચારિત કરવામાં આવે છે. ત્યાં રઙ્ગનું સ્વરુપ મૃદુ, સુકુમાર તથા દ્વિમાત્ર હોય છે. 'जघन्वाँर उ-ऋग्वेद-१-५२-८ ।' આનું ઉદાહરણ છે. અહીં 'जघन्वान्' નું વૈદિકરુપ રક્તાકાર થઇને 'जघन्वाँर' બની ગયું છે. આ પ્રકારે 'मधुमानस्तु सूर्यः 'નું રુપ 'मधुमाँर अस्तु सूर्यः' દ્રષ્ટવ્ય છે. ॥૨૯॥

मध्ये तु कम्पयेत्कम्पमुभौ पार्श्वौ समौ भवेत् । सरङ्गं कम्पयेत्कम्पं रथीवेति निदर्शनम् ॥ ३०॥

સ્વરિત સ્વરને ત્રણ ભાગોમાં વિભક્ત કરી મધ્યમાં કંપન થતું હોય તે રીતે ઉચ્ચારિત કરવું. આ જ કમ્પનું કમ્પત્વ છે. કમ્પ સ્વરના બન્ને પાર્શ્વ અર્થાત્ પૂર્વવર્તી અને પશ્ચાદ્વર્તી સ્વરભાગ નિષ્કમ્પ(સમ) હોવા જોઇએ. 'रथीव' આનું ઉદાહરણ છે જ્યાં ઈકાર સ્વરિત છે. આ ઈકારને ત્રણ ભાગોમાં વિભક્ત કરી મધ્યમાં કાઁપતો હોય તેવા સ્વરનું ઉચ્ચારણ કરવું,

કમ્પના વિષયમાં ઋગ્વેદપ્રાતિશાખ્ય(૩.૩૪)નું કથન છે કે, ચાર સ્વર, ઉદાત્ત પર અને સ્વરિત પર થઇને કમ્પ પ્રાપ્ત કરે છે. આ ચાર સ્વરો- જાત્ય, અભિનિહિત, ક્ષૈપ્ર તથા પ્રશ્લિષ્ટ.

(ક) જેના પૂર્વમાં ઉદાત્ત હોય, એને સ્વરિતથી ભિન્ન સ્વરિત 'જાત્ય' કહ્યો છે.

(ખ) જ્યારે પાદાદિ અકાર, એકાર અને ઔકારથી એકીભૂત થઇ જાય, ત્યારે સન્ધિથી જન્મ લેવાવાળા સ્વરિત હોય છે. આ સન્ધિ 'અભિનિહિત' કહેવાય છે. આ એકાર-ઔકાર ક્યાંક પ્રાકૃત હોય છે. જેમકે, 'हरेऽव'-'विष्णोऽव' ક્યાંક વૈકૃત હોય છે જ્યાં સન્ધિ કરવાથી એ-ઔ નિષ્પન્ન થાય છે.

(ગ) સ્વર પરે રહેતાં પૂર્વ-પર સ્વરોની સમાનાક્ષરતા નથી થતી. અહીં અકાર સ્વરને છોડીને ઈકારાદિ સમાનાક્ષર છે. આ અવસ્થામાં 'ક્ષૈપ્ર' નામક સન્ધિ થાય છે. જેમકે- યણ્-સન્ધિ.
(ઘ) જ્યાં પૂર્વમાં એક પદ હોય ત્યાં એકવર્ણતારુપ સન્ધિ થાય છે, ત્યાં પણ પદનું આદિવત્વ અંતવત્વ થઈજાય છે. આ અવસ્થામાં પદ પ્રશ્લિષ્ટ કહેવાય છે. જેમકે- आ+इहि=एहि| रथी+इव=रथीव માં પણ પ્રશ્લેષ જ જાણવું જોઈએ. ॥૩૦॥

एवं वर्णाः प्रयोक्तव्या नाव्यक्ता न च पीडिताः । सम्यग्वर्णप्रयोगेन ब्रह्मलोके महीयते ॥ ३१॥ ॥६॥

વર્ણનો પ્રયોગ યથાયોગ્ય રીતે કરવો જોઈએ. તે ઉચ્ચારણ કાળમાં અવ્યક્ત ન હોય. કેમકે, તો એનું શ્રવણ જ બરાબર ન થઈ શકે. ન તો તે પીડિત હોય, કેમકે, તો એનામાં વૈરસ્ય આવી જાય. પીડનને આગળ સ્પષ્ટ કરાશે. આ પ્રકારે વર્ણોને સમ્યક્ પ્રયોગથી પ્રયોગ કરનાર-પ્રયોક્તા બ્રહ્મલોકમાં ય પૂજિત થાય છે.

બ્રહ્મલોકનો આશય કાર્યબ્રહ્મના લોકથી છે. નિર્ગુણ બ્રહ્મ અર્થ લેવાથીલોકની સંગતિ નથી થતી, આથી કાર્યબ્રહ્મનું લોક ગ્રાહ્ય છે. કાર્યબ્રહ્મને જ 'બ્રહ્મા' કહ્યા છે અને એની શક્તિનું નામ સરસ્વતી છે. તાત્પર્ય એ છે કે વર્ણનો સમ્યક્ પ્રયોગકર્તા ત્યાં સુધી બ્રહ્મલોકમાં પૂજિત થાય છે જ્યાં સુધી કે એક બ્રહ્માનો કાર્યકાળ રહે છે. પરમાર્થ એ કે બ્રહ્માના બે પરાર્ધ વીતી ગયા પછી વર્ણપ્રયોક્તા પણ બ્રહ્માની સાથે જ મુક્ત થઈ જાય છે. આ જ ક્રમમુક્તિનો માર્ગ છે. વર્ણોનો સમ્યક્ પ્રયોગ જ શબ્દબ્રહ્મની ઉપાસના છે. શ્રુતિ પણ કહે છે- શબ્દબ્રહ્મમાં નિષ્ણાત વ્યક્તિ પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. આ ફળશ્રુતિ પરમપ્રયોજનરુપ પુરુષાર્થ(મોક્ષપ્રાપ્તિ)ને અભિવ્યક્ત કરે છે. યાજ્ઞવાલ્ક્યશિક્ષામાં પણ કહ્યું છે કે વર્ણોનું ઉચ્ચારણ મધુર અને સુવ્યક્ત હોય, અવ્યક્ત અને પીડિત ન હોય. આમ સુવ્યક્ત હોવું અને પીડનનો અભાવ વર્ણોચ્ચારના ગુણ છે. ॥૩૧॥

गीती शीघ्री शिरःकम्पी तथा लिखितपाठकः । अनर्थज्ञोऽल्पकण्ठश्च षडेते पाठकाधमाः ॥ ३२॥

જે ગાતા ગાતા બોલે છે તે ગીતી છે. એવો વ્યક્તિ યથાવત્ પાઠ કરવામાં અસમર્થ હોવાથી ગાઈને એ ક્ષતિ પૂરી કરવા ઈચ્છે છે.શીઘ્રી શીઘ્ર(ઝડપથી) પાઠ કરનારા હોય છે, જે જલદીમાં વર્ણોને ચાવતો હોય તેમ બોલે છે. શિરને હલાવી પાઠ કરનારો શિરઃકમ્પી છે. લિખિતપાઠક એવો વ્યક્તિ છે જે પાઠ જાણતો ન હોય તો પણ જે લખ્યું છે એને કોઈપણ રીતે બોલવાનો પ્રયત્ન કરી સ્વયંને ધન્ય માને છે. અર્થને ન જાણવાવાળા અનર્થજ્ઞ પાઠ કરતો હોવા છતાં પણ અર્થની સંક્રાંતિ નથી કરી શકતો અથવા અસ્થાનમાં વિરામ કે પદચ્છેદ કરી નાખે છે. અલ્પકણ્ઠ એ છે કે જેનું વાગ્યન્ત્ર એટલું સંકુચિત હોય છે કે એનાથી નીકળેલા વર્ણ સાંભળવાવાળાના કાનને કષ્ટ પહોંચાડે છે. આ છ પાઠકોમાં અધમ માન્યા છે. આ દોષોનો અભાવ ગુણ કહેવાય છે.

આ સિવાય માધુર્ય વગેરે ગુણો આગળ કહેવાશે. ॥૩૨॥

माधुर्यमक्षरव्यक्तिः पदच्छेदस्तु सुस्वरः । धैर्यं लयसमर्थं च षडेते पाठका गुणाः ॥ ३३॥

વર્ણો સારી રીતે સંભળાવા અને કાનને ગમવા-સુખદ લાગવા માધુર્ય છે. અક્ષરોની અભિવ્યક્તિનો અર્થ એની સ્પષ્ટતા છે, જે કર્ણસુખથી ભિન્ન પણ છે. તાત્પર્ય એ છે કે વર્ણોની શ્રુતિ સુખદ હોવી પૂરતું નથી, પરંતુ એનું સ્પષ્ટ શ્રવણ પણ આવશ્યક છે. પદચ્છેદનો આશય પદોના ઉચ્ચારણમાં યોગ્ય જગ્યાએ યતિ અને અર્થ પ્રમાણે વિરામ થી છે, જેથી અર્થ સ્પષ્ટ થઈ શકે. સુસ્વર તે કણ્ઠસ્વર છે જે અનુવાદ (ગૂઁજ)ના સૌષ્ઠવથી સંપન્ન હોય. ધૈર્યથી અભિપ્રેત છે કે પાઠ એવો હોય, જેમાં પાઠકની ત્વરા પ્રતીત ન થાય અને પાઠ્ય –વસ્તુમાં વક્તાનો અધિકાર માલૂમ થઈ શકે. તે ધૈર્ય લયસમર્થ હોવું જોઈએ. ધૈર્યથી લયસામર્થ્ય નિરુપિત થાય છે. દ્રુત, મધ્ય અને વિલંબિત લયોમાં અધિકારની અપેક્ષા હોય છે, સાથે જ એક લયમાંથી બીજા લયમાં પહોંચી ઉચ્ચારણ કરવામાં ગતિ અવરુદ્ધ ન થવી જોઈએ. આ છ પાઠકના ગુણ છે. ॥૩૩॥

शङ्कितं भीतमुद्घुष्टमव्यक्तमनुनासिकम् ।काकस्वरं शिरसि गतं तथ स्थानविवर्जितम् ॥ ३४॥

उपांशु दष्टं त्वरितं निरस्तं विलम्बितं गद्गदितं प्रगीतम् । निष्पीडितं ग्रस्तपदाक्षरं च वदेन्न न दीनं न तु सानुनास्यम् ॥ ३५॥

પાઠના(ઉચ્ચારણના-બોલવાના) વીસ દોષ છે. 'ન વદેત્' (ઉચ્ચારણ ન કરવું) પદનો દરેક સાથે સમન્વય છે તે આ રીતે છે.

(૧)**शङ्कितं न वदेत्** - શઙ્કિત ઉચ્ચારણ ન કરવું. આ શઙ્કિતત્વ શું છે? સન્દિગ્ધત્વ અર્થાત્ સન્દેહયુક્ત હોવું એ જ શઙ્કિતપણું છે. ઉચ્ચારણકર્તા જ્યારે ઉચ્ચારણ કરતી વખતે શઙ્કિત જેવો હોય છે ત્યારે એનું ઉચ્ચારણ પણ શંકિત થઇને શ્રોતાને શંકાકુળ કરી દે છે કે આ વક્તાએ કેવું ઉચ્ચારણ કર્યું? ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૪-૩૮)માં આ ઉદાહરણ આપી સ્પષ્ટ કર્યું છે. ऋ ॠ આ બે સ્વર રેફયુક્ત છે. કેટલાક લોકો તેને ઉકાર જેમ બોલે છે. જેમકે, तिस्रो मातॄस्त्रीन् पितॄन् ऋग्वेद-१-१६४-१०। આ ઉચ્ચારણ કરતી વખતે 'तिस्रो मात्रूस्त्रीन् पित्रून्' કરે છે. नृभिनॄन्-ऋग्वेद-६-३५-२।ના સ્થાને 'न्रुभिन्रून्' બોલે છે.

ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૪.૪૧-૪૨)માં આગળ જઇને બીજા ઉદાહરણ આપ્યાં છે. 'एयेः -ऋग्वेद-५-२-८।', ' वैयश्वस्य- ऋग्वेद-८-२९-११।' આમાં 'ऐ' ના ઉચ્ચારણ પ્રસંગે 'अ' નું ઉચ્ચારણ થાય છે-'अय्येः वय्यश्वस्य'.આથી ઉલટું ક્યાંક 'अ' 'ऐ' જેમ ઉચ્ચારિત કરે છે.'रय्या-ऋग्वेद-१०-१९-७।' 'वय्यम् -ऋग्वेद९-६८-८।' 'हृदय्यया-ऋग्वेद-१०-१५९-४।'ના સ્થાન પર 'रैया, वैयम् ,हृदैयया' બોલે છે. આ રીતે અન્ય ઉદાહરણ પણ જાણી લેવા જોઇએ. અશંકિતત્વ ગુણ છે.

(૨) भीतं न वदेत् – ભયથી આક્રાંત થઇને ઉચ્ચારણ ન કરવા જોઇએ. આ દોષથી બીજા ઘણા દોષ ઉત્પન્ન થાય છે. નિર્ભય ઉચ્ચારણ ગુણ છે.

(૩) उद्घुष्टं न वदेत्- આવશ્યક ન હોવાથી ઉઁચા સ્વરથી ઉચ્ચારણ ન કરવું. અથવા સઘોષ વ્યઞ્જનોના ઉચ્ચારણમાં અનુનાદ ઉદ્ઘોષ છે. અને અનાદ અવ્યક્તત્વ કહેવાય છે. અવ્યક્તત્વ આગળ કહેવાશે. પ્રાતિશાખ્યમાં આવે છે કે-

સઘોષ વર્ણોનો અનુનાદ અથવા ધારણ કરી દેવાય છે. ચારે ય વર્ગોમાં જિહ્વાનો પ્રયત્ન થઇ જાય છે.(ઋગ્વેદપ્રાતિશાખ્ય ૧૪-૧૮-૨૧)

ઉવટને આધાર બનાવી આનું વિવેચન આ રીતે કરી શકાય છે- અતિરિક્ત ધ્વનિ 'અનુનાદ' છે. વર્ણની અનુપલબ્ધિને 'ધારણ' કહે છે. ઉચ્ચારણ ન કરવું 'અનાદ' છે. વર્ણ-ઉચ્ચારણમાં સુકુમારતાનો અભાવ 'લોમશ્ય' છે. વર્ણના સમાન રુપવાળા સીત્કાર આદિ ધ્વનિ 'ક્ષ્વેળન' છે. જિહ્વાનો અનાવશ્યક વિસ્તાર 'જિહ્વાપ્રથન' છે. આમાંથી અનુનાદ અને ક્ષ્વેળન- પૂર્વક ઘોષ વર્ણનું ઉચ્ચારણ કરવાથી 'ઉદ્ઘુષ્ટ' કહેવાય છે. ઘોષ વર્ણના ઉચ્ચારણમાં પદાદિમાં અતિરિક્ત નાદ કરવામાં આવે છે, તે દોષ છે. ઉદાહરણાર્થ – 'द्यावा, द्वादश, श्चोतति, स्तौति' વગેરે પદોના ઉચ્ચારણમાં કેટલાક લોકો પદાદિમાં આકાર કે ઇકારનું અધિક ઉચ્ચારણ કરે છે.અનાદ, ધારણ અને જિહ્વાપ્રથનથી અવ્યક્તતા ઉત્પન્ન થઇ જતી હતી. અથવા લોમશ્યરુપી કઠોરતા જ 'ઉદ્ઘુષ્ટ' છે.

(૪) अव्यक्तम् न वदेत् – અસ્પષ્ટ ઉચ્ચારણ ન કરે. અનાદ, ધારણ અને જિહ્વાપ્રથનથી અવ્યક્તતા ઉત્પન્ન થાય છે. એ બતાવી દીધું છે. અવ્યક્તતા દોષ છે અને વ્યક્તતા ગુણ.

(૫) अनुनासिकं न वदेत्- ઋગ્વેદપ્રાતિશાખ્ય (૧૪-૯) તથા એના પર ઉવટના ભાષ્યમાં સ્પષ્ટ કહ્યું છે કે, જ્યારે વર્ણ નાસિકાને મળી ઉચ્ચારિત થાય ત્યારે અનુનાસિકત્વ ઉત્પન્ન થાય છે. આ દોષ છે, જેનાથી બચવું જોઇએ.

અભિપ્રાય એ છે કે અનુનાસિક વર્ણનું અનુનાસિક રુપમાં ઉચ્ચારણ કરવું દોષ છે અને એનો અભાવ ગુણ.

(૬) काकस्वरं न वदेत्—કર્કશ ઉચ્ચારણ ન કરવું. લોમશ્ય નામની કઠોરતા બતાવી છે. ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૪-૨૯)માં પણ વર્ણોના અતિસ્પર્શ અને રેફના ઉચ્ચારણમાં બર્બરતા દોષ કહેવાયો છે. ઉવટે બર્બરતાથી અસુકુમારતાનો આશય લીધો છે.

(૭) शिरसिगं न वदेत्- જે વર્ણ મૂર્ધન્ય નથી, તેનું મૂર્ધા-સ્થાનથી ઉચ્ચારણ ન કરવું. આ દોષ છે અને એનો અભાવ ગુણ. ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૪.૪૫)માં આનું ઉદાહરણ આપ્યું છે- કેટલાક લોકો ઈકાર ના સ્થાને ઋકાર બોલે છે. 'निर्णिक'ના ઉચ્ચારણ કરતી વખતે 'न्रिणिक' બોલી નાખે છે.
(૮) स्थानविवर्जितं न वदेत्- જે વર્ણનું જે નિયત સ્થાન છે, ત્યાંથી જ તે વર્ણનું ઉચ્ચારણ કરવું. ભાષાંતર (સંસ્કૃતથી ભિન્ન ભાષા)ના પ્રભાવથી ચ વર્ગ તથા ટ વર્ગના દંતમૂલીય ઉચ્ચારણ કરવામાં આવે છે. એવી જ રીતે શ-ષ-સ નું પણ જુદા સ્થાનેથી ઉચ્ચારણ થાય છે. આ દોષ છે.યથાસ્થાન ઉચ્ચારણ ગુણ છે.
(૯) उपांशु न वदेत्- સાંભળી ન શકાય તેવા ઉચ્ચારણ ઉપાંશુ છે. કોઇ વક્તા વચ્ચે વચ્ચે એવી રીતે ઉચ્ચારણ કરે છે કે પૂરું વાક્ય સાંભળી શકાતું નથી. આ દોષ છે. સ્પષ્ટ ઉચ્ચારણ ગુણ છે.
ઋગ્વેદ પ્રાતિશાખ્ય (૧૪.૪)માં જોડાયેલા હોઠોથી થતાં ઉચ્ચારણને અમ્બૂકૃત કહીને એને દોષ માન્યો છે.
(૧૦) दष्टं न वदेत्- ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૪.૬, ૧૪.૧૧, ૧૪.૧૩)માં ઉલ્લેખ છે કે અનુનાસિક વર્ણોના ઉચ્ચારણમાં હનુઓનો (હડપચી) વિસ્તાર થઇ ગયા પછી સન્દંશ અથવા દંશ નામક દોષ થાય છે. આ પ્રકારનું ઉચ્ચારણ દષ્ટ થઇ જાય છે. વ્યાસ(વિસ્તાર)નો પણ એ જ અર્થ છે. આ સ્થિતિમાં હનુ નીચે પણ થઇ જાય છે. આ દોષ છે અને તેનો અભાવ ગુણ.
(૧૧) त्वरितं न वदेत्- જલ્દીમાં ઉચ્ચારણ કરવું દોષ છે. શીઘ્રતાથી ઉચ્ચારણ કરવાથી વર્ણગુણોની પ્રતિતી નથી થતી. તે ગુણ ક્યા ક્યા છે?
ઋગ્વેદપ્રાતિશાખ્ય(૬.૨) અનુસાર મહાપ્રાણ વર્ણના પોતાના પૂર્વવર્તી વર્ણની સાથે એકવાર ઉચ્ચારણ કરાય છે- સંયુક્ત ખ-ઠ-થ-ફ, પૂર્વવર્તી ક-ટ-ત-પ ની સાથે અને ઘ-ઝ-ઢ-ધ-ભ પોતાના પૂર્વનિહિત ગ-જ-ડ-દ-બ ની સાથે ઉચ્ચારિત થાય છે. सख्यं=सक्ख्यं, शाठ्यं-शाट्ठ्यं, पथ्यं=पत्थ्यं, रेफ्यं=रेप्फ्यं, जिघ्रति=जिग्घ्रति, आढ्यः=आड्ढ्यः, मध्यं=मद्ध्यं, सभ्यः=सब्भ्यः.
આવી રીતે શ-ષ-સ પણ છે. જેમ કે, घनश्यामः=घनश्श्यामः, निष्यन्दः=निष्ष्यन्दः, दीर्घस्वरः=दीर्घस्स्वरः ઉચ્ચારિત કરવામાં આવે છે.
ઋગ્વેદપ્રાતિશાખ્ય(૬.૩)માં ચ વર્ગ નો બીજા વર્ણના વિષયમાં વિશેષ વ્યવસ્થા છે. છ કારનું ઉચ્ચારણ ચ કારની સાથે જ થાય છે, ભલે તે છ કાર સંયોગાદિ હોય કે અસંયોગાદિ – उपच्छायम्, तुच्छ्येन.
ઋગ્વેદપ્રાતિશાખ્ય(૬.૧) પ્રમાણે અલ્પપ્રાણોનું દ્વિત્વ સ્વતઃ છે. સંયોગાદિ વર્ણસ્વર કે અનુસ્વારથી જોડાયેલા હોઇ બે વાર કહેવાય છે. જેમ કે- कृत्वा, पत्रम्, कट्या, विद्या, शम्या, कन्या, जप्यम् વગેરેને ક્રમશઃ कृत्त्वा, पत्त्रम्, कट्ट्या, विद्द्या, शम्म्या, कन्न्या, जप्प्यम् કહેવામાં આવે છે. વેદમાં અનુસ્વાર પછી સંયોગનો પણ દ્વિત્વ-ઉચ્ચારણ કરવામાં આવે છે.
આ પ્રકારના સ્થાનો પર ત્વરાપૂર્વક પાઠ કરવાવાળા ટઃઈક ઉચ્ચારણ કરવા સમર્થ નથી હોતા. લિખિતપાઠીનો પણ આ દોષ હોય છે.
(૧૨) निरस्तं न वदेत्- આ 'નિરાસ' શું છે? આના પર ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૪.૨)માં કહ્યું છે કે- સ્થાન અને કરણનો અપકર્ષ(નીચે લઇ જવું) થઇ જવાથી, યથાવત્ ઉચ્ચારણપટુતાનો અભાવ નિરાસ નામક દોષ છે. આ જ 'નિરસ્ત' છે. સ્થાન અને કરણની યથાવત્ સ્થિતિ ગુણ છે. આ દોષ સાર્વત્રિક નથી.
ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૪.૨૪, ૧૪.૩૦) અનુસાર જ્યાં ચ વર્ગ અને ટ વર્ગનો રેફસહિત પ્રયોગ થાય છે ત્યાં, 'उच्छ्रयः', 'उष्ट्रः' વગેરેમાં નિરાસ દોષ આવી જાય છે. દીર્ઘસ્વરનો પરવર્તી વિસર્ગ નિરસ્ત થઇ જાય છે. આ દોષથી બચવું જોઇએ.
(૧૩) विलम्बितं न वदेत्- વિલમ્બથી ઉચ્ચારણ કરવાથી સન્નિધિભઙ્ગ, શ્રોતાને કર્ણપીડા તથા તાત્પર્યનો અબોધ થાય છે. આથી નાટ્યશાસ્ત્ર(૧૭-૧૪૩)માં ભરતે કહ્યું છે કે- છ કલાઓ(માત્રાઓ)થી અધિક વિલંબ ન કરવો જોઇએ. હ્રસ્વ ઉચ્ચારણમાં થનાર સમય એક માત્રા કહેવાય છે.
(૧૪) गद् गदितं न वदेत्- સ્વરભઙ્ગપૂર્વક ઉચ્ચારણ ન કરવું જોઇએ. સ્વસ્થ કણ્ઠથી ઉચ્ચાર કરવો ગુણ છે.

(૧૫) प्रगीतं न वदेत्- અભિનવભારતી(૧૭.૧૦૬)માં આચાર્ય અભિનવગુપ્તે પણ કહ્યુંછે કે, રાગબધ્ધ ગાન કરવાથી પાઠ્યનું હનન થઇ જાય છે.ઉચ્ચારણ એવી રીતેકરવું જોઇએ કે જેનાથી રાગકૃત સ્વર વગેરેથી પાઠ્ય ઉચ્ચારણ બાધિત(રુકાવટ) ન હોય.
(૧૬) निष्पीडितं न वदेत्- ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૪.૧૭) અને તેમાં ઉવટના ભાષ્યમાં લેશ અને પીડનના દોષોમાં પરિભાષિત કર્યા છે. પ્રયત્નમાં શિથિલતા થાય ત્યારે લેશ અને પ્રયત્નની અધિકતા થાય ત્યારે પીડન દોષ ઉત્પન્ન થાય છે. બન્ને દોષોથી બચવું જોઇએ.
(૧૭) ग्रस्तपदं न वदेत्- અક્ષરોને ગળી જવાથી પદોનો પણ વચ્ચેથી કોળિયો થઇ જાય છે. આ દોષ છે. પોતાની શ્વાસશક્તિનું અતિક્રમણ કરી બોલતા બાળકો ઘણું કરી પદનો ગ્રાસ(કોળિયો) કરી લે છે. આથી ભરતમુનિએ નાટ્યશાસ્ત્ર(૧૭.૧૩૯)માં કહ્યું છે કે જ્યાં પદોનો સમાસ છન્દના અગ્રિમ પાદ સુધી જાય છે, જ્યાં વર્ણોની રચના જટિલ હોય, જ્યાં લય દ્રુત હોય, અથવા જ્યાં ઘણા અર્થોનો એકીભાવ હોય ત્યાં પદાન્તમાં વિરામ કરીને જ પાઠ કરવો જોઇએ. અથવા તો પોતાની પ્રાનશક્તિ(શ્વાસ)નો નિશ્ચય કરીને યથાશક્તિ ઉચ્ચારણ કરીને, જ્યાં શક્તિ ચૂકાઇ જાય ત્યાં વિરામ કરીને જ પાઠ કરવો જોઇએ.
(૧૮) ग्रस्ताक्षरं न वदेत्- ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૪-૮)માં કહેવાયું છે કે જિહ્વામૂળનો નિગ્રહ કરવાથી ગ્રસ્ત દોષ થાય છે, આ શ્રવણ નથીએ થતો. ઉદાહરણાર્થ – 'રામ'નું ઉચ્ચારણ કરીએ ત્યારે 'રામ્" થઇ જાય છે. અને હ્રસ્વ અ કારનું ભક્ષણ થઇ જાય છે. અહીં જિહ્વામૂળ કરણ છે, જેનો નિગ્રહ થવાથી વર્ણનો નિગ્રહ પણ અવશ્યમ્ભાવી છે. વ્યઞ્જનના ઉચ્ચારણથી ઠીક બાદ અ કારની શ્રુતિ થઇ શકે, આના માટે જિહ્વામૂળને પ્રેરિત કરવું જોઇએ, જેથી અ કારનું ઉચ્ચારણ સમ્ભવી શકે.
(૧૯) दीनं न वदेत्- કેતલાક વર્ણોના ઉચ્ચારણમાં સ્વાભાવિક રુપથી દીનતા ઉત્પન્ન થઇ જાય છે. આ દોષ દૂર કરવો જોઇએ. આને ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૪.૨૫)માં 'વિક્લેશ' દોષ કહ્યો છે.
(૨૦) सानुनास्यं न वदेत्- ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૪.૩૨) અને એના પર ઉવટ ભાષ્યમાં સ્પષ્ટ કહ્યું છે કે, અનુનાસિક કણ્ઠ્ય દીર્ઘ અને ऋ કારના પરવર્તી વિસર્ગનું નાસિક્ય ઉચ્ચારણ દોષ છે. सतवाँः पायुः। અને नॄँःपतिभ्यः। આના ઉદાહરણ છે.

આ રીતે અન્ય સ્થાનો પર પણ સાનુનાસ્ય દોષ જાણી લેવો જોઇએ. દોષનો અભાવ હોવો જ પ્રથમ ગુણ છે. ॥૩૪-૩૫॥

प्रातः पठेन्नित्यमुरःस्थितेन स्वरेण शार्दूलरुतोपमेन ।मध्यंदिने कण्ठगतेन चैव चक्राह्वसंकूजितसन्निभेन ॥ ३६॥

तारं तु विद्यात्सवनं तृतीयं शिरोगतं तच्च सदा प्रयोज्यम् ।मयूरहंसान्यभृतस्वराणां तुल्येन नादेन शिरःस्थितेन ॥ ३७॥-॥७॥

કોશગ્રંથોમાં 'સવન' શ્બ્દના ત્રણ અર્થ બતાવ્યા છે- સોમરસ કાઢવો, સ્નાન અને યજ્ઞ.
અનેકાર્થ સંગ્રહ(૩-૪૫૬)માં સવનનો અર્થ સ્નાન અને યજ્ઞ લેવાયો છે. વૈજયંતી કોશ સવનનો હોમ અર્થ આપે છે. આ સવન ત્રણ પ્રકારના છે- પ્રાતઃસવન, મધ્યાન્હસવન અને સાયંસવન. સવન શબ્દથી સમયનો અર્થ ઉપલક્ષિત થાય છે. વેદની ગાનવ્યવસ્થા પણ ત્રણ પ્રકારની કહી છે. છાન્દોગ્ય ઉપનિષદ્(૩.૧૬.૧,૩,૫)માં પ્રાતઃસવનને ગાયત્રી છન્દથી, માધ્યન્દિનસવનને ત્રિષ્ટુપ છન્દથી તથા સાયંસવનને જગતી છન્દથી સમ્બદ્ધ બતાવ્યો છે. શૌનકોપનિષત્ (૨)માં પ્રાતઃસવનને મન્દ્ર કહ્યું છે. સ્વરસપ્તક ત્રણ પ્રકારના છે- મન્દ્ર, મધ્ય અને તાર. સવનોમાં એનું વિભાજન કરવાની દૃષ્ટિથી જ આ પ્રકારની વ્યવસ્થા આપી છે-
(૧) પ્રાતઃસવનના સમયે હંમેશા વક્ષઃસ્થળમાં સ્થિત, વાઘની ધ્વનિ સમાન, હુઁકાર- જેવા સ્વરથી પાઠ કરે. આ મન્દ્ર સ્વર છે. ભરત-નાટ્યશાસ્ત્ર(૧૭-૧૧૨)માં સ્પષ્ટ કર્યું છે કે, ઉરઃસ્થાનમાં રહેવાવાળો સ્વર મન્દ્ર કહેવાય છે. તે જ મન્દ્રતર થવાથી નીચ સ્વર થઇ જાય છે.
(૨) દિવસના મધ્યભાગમાં થતા મધ્યાહ્નસવનના સમયે ચક્રવાક(Ruddy Sheldrake)ની કૂજન સમાન કણ્ઠગત સ્વરથી પાઠ કરવો. આ મધ્ય સપ્તક છે. નાટ્યશાસ્ત્ર(૧૭-૧૧૨) તથા અભિનવભારતીમાં પણ આ સ્પષ્ટ કર્યું છે. આ પ્રમાણે અનાવેશની સ્થિતિમાં સ્વાભાવિક રુપથી મધ્યસ્વર જ રહે છે. શિક્ષાગ્રંથ પ્રમાણે

સૂર્યની ગતિને લીધે સ્વરમાં પરિવર્તન થાય છે, આથી મધ્યાન્હમાં કણ્ઠગત મધ્ય સ્વર કહ્યો છે. શાર્દૂલ-શબ્દ (મન્દ્ર)ની અપેક્ષા ઉચ્ચ હોવાને લીધે ચકવાના શબ્દ સમાન શબ્દને મધ્ય કહ્યો છે.
(૩) ત્રીજું સવન તાર છે. એનો પ્રયોગ સદૈવ શિરઃસ્થાનથી તથા મોર, હંસ, કોયલના સ્વર સમાન શબ્દથી પ્રયોગને ઉપયોગી થાય છે. ભરત-નાટ્યશાસ્ત્ર(૧૭-૧૧૨)માં કહ્યું છે કે શિરઃસ્થાનમાં રહેવાવાળો તાર સ્વર 'ઉચ્ચ' છે અને તે તારતર હોવાને લીધે 'દીપ્ત' કહેવાય છે.
પાણિનિયશિક્ષાના સાતમા અને આઠમા શ્લોકોની વ્યાખ્યામાં આના પર વિસ્તારથી કહેવાયું છે. ॥૩૬-૩૭॥

अचोऽस्पृष्टा यणस्त्वीषन्नेमस्पृष्टा शलः स्मृताः ।शेषाः स्पृष्टा हलः प्रोक्ता निबोधानुप्रदानतः ॥ ३८॥

વર્ણોના ઉચ્ચારણ પહેલાં અને ઉચ્ચારણ સાથે પ્રયત્ન કરવામાં આવે છે. આ પ્રયત્નો દ્વારા જ મુખના તે સ્થાનો સુધી વાયુ પહોંચાડવામાં આવે છે જેથી વર્ણનુંઉચ્ચારણ થઇ શકે છે. આ પ્રયત્નો બે ભાગમાં વહેંચાયેલા છે- (૧) ઉચ્ચારણની પહેલાં કરવામાં આવેલ યત્ન, જે આભ્યન્તર યત્ન કે પ્રયત્ન કહેવાય છે, અને (૨) ઉચ્ચારણની સાથે જ કરવામાં આવેલ પ્રયત્ન બાહ્ય પ્રયત્ન છે, આ અનુપ્રદાન છે. આ બન્ને યત્નોમાંથી આભ્યન્તર યત્ન વિશેષ રુપથી વિવેચનીય છે. એની વ્યાખ્યા 'अचोऽस्पृष्टाः' ઇત્યાદિ દ્વારા કરી છે.
આભ્યન્તર યત્નના બે ભેદ છે- સ્પૃષ્ટ અને વિવૃત. આ વિષયમાં ચાર પ્રકારની વ્યવસ્થા છે-
(૧) अच् પ્રત્યાહાર અન્તર્ગત આવવાવાળા વર્ણ (સ્વર: અ-ઇ-ઉ-ઋ-લૃ-એ-ઐ-ઓ-ઔ) અસ્પૃષ્ટ હોય છે. એના ઉચ્ચારણમાં સ્પૃષ્ટ પ્રયત્ન નથી કરાતો. તે વિવૃત પ્રયત્નથી જ જન્મ લે છે. સ્વરોનું વિવૃતત્વ એતલે છે કે એના ઉચ્ચારણમાં જિહ્વા દ્વારા ન તો કોઇ અવરોધ કરાતો કે નથી કોઇ સ્થાન સાથે સ્પર્શ થતો.
(૨) यण् (य-र-ल-व)ઈષ્ત્સ્પૃષ્ટ છે. એના ઉચ્ચારણમાં જિહ્વા ઉચ્ચારણ સ્થાનને જરા-ક સ્પર્શે છે. તે સિવાય તે વિવૃત જ રહે છે.
(૩) शल् (श-ष-स-ह) અર્ધસ્પૃષ્ટ હોય છે, આથી તે અર્ધવિવૃત કહેવાયા છે.
(૪) શેષ हल् વર્ણો (વર્ગીય વ્યઞ્જનો)નું ઉચ્ચારણ સ્પૃષ્ટ પ્રયત્ન દ્વારા જ થાય છે. આથી તે લેશ માત્ર પણ વિવૃત નથી.આ વિષય પર ઋગ્વેદપ્રતિશાખ્ય(૧૩.૬-૧૨)માં એવું વિવેચન મળે છે કે – સ્પૃષ્ટ અસ્થિત છે, હકારના ચાર પૂર્વવર્તી દુઃસ્પૃષ્ટ છે. સ્વર,અનુસ્વાર અને ઉષ્મ વર્ણનું અસ્પૃષ્ટ સ્થિત છે. કેટલાક આચાર્ય વિસર્ગ અને હકારને અસ્પૃષ્ટ કરણ નથી કહેતા.
ઉવટના ભાષ્ય વડે એને ભલીભાંતિ સમજી શકાય છે. -
સ્પર્શ વર્ણોના કરણ(પ્રયત્ન) સ્પૃષ્ટ છે. જેને અસ્થિત જાણવો જોઇએ. જ્યાં જિહ્વા વર્ણસ્થાનનો આશ્રય લઇને વચમાં નથી રોકાતી, તે અસ્થિત છે. દુઃસ્પૃષ્ટનો આશય ઈષ્ત્સ્પૃષ્ટથી છે. હકારના પૂર્વવર્તી ચાર વર્ણો(ય-ર-લ-વ) નું કરણ દુઃસ્પૃષ્ટ છે. સ્વરો,અનુસ્વાર અને ઉષ્મ વર્ણોનું સ્થિત અસ્પૃષ્ટ છે.જ્યાં જિહ્વા વર્ણસ્થાનનો આશ્રય લઇને રોકાઇજાય છે તે સ્થિત કહ્યું છે. કેટલાક આચાર્યો અનુસાર એનું કરણ સ્પૃષ્ટ અથવા દુઃસ્પૃષ્ટ છે.
અહીં શ-ષ-સ-હ ના વિષયમાં મતભેદ છે. શિક્ષામાં આ નેમસ્પૃષ્ટ(અર્ધસ્પૃષ્ટ) કહેવાયા છે. પરંતુ પાણિનીય શિક્ષાસૂત્રો(૩.૪-૮)માં આના કરણ આ રીતે બતાવ્યા છે- સ્પર્શ વર્ણ સ્પૃષ્ટ કરણ વાળા છે. અન્તસ્થ(ય-વ-ર-લ) ઈષ્ત્સ્પૃષ્ટ, ઊષ્મ(શ-ષ-સ-હ) તથા ઊષ્મ વિસર્ગના વિષયમાં વૈમત્ય દેખાય છે, આના ઉચ્ચારણમાં જિહ્વા પૂરી રીતે સ્થિત નથી હોતી, પરંતુ અર્ધસ્પર્શ કરે છે, આથી શલ્ ને નેમસ્પૃષ્ટ કહેવા ઉચિત લાગે છે. ॥૩૮॥

अमोऽनुनासिका न ह्रौ नादिनो हझषः स्मृताः ।ईषन्नादा यणो जश्च श्वासिनस्तु खफादयः ॥ ३९॥

ईषच्छ्सांश्चरो विद्यात् .... ॥૪૦.૨૫॥

अम् (अ-इ-उ-ऋ-ऌ ए-ऐ-ऐ-औ-ह-य-व-र-ल-ञ-म-ङ-ण-न) વર્ણ, હકાર અને રેફ઼ છોડી દઇ અનુનાસિક હોય છે. ઞ-મ-ઙ-ણ-ન તો અનુનાસિક છે જ. બાકીના નિરનુનાસિક છે પરંતુ ક્યારેક આના સાનુનાસિક ઉચ્ચારણ પણ થાય છે. આથી ભરત-નાટ્યશાસ્ત્ર(૧૪-૧૮)માં ઙ-ઞ-ણ-ન-મ ને નિત્યાનુનાસિક તરીકે સ્વીકાર્યા છે.

આન પછી બાહ્યયત્ન શ્વાસ અને નાદ ભાગમાં વ્હેંચ્યા છે. हझष् (ह-झ-भ-ध-ढ-घ)- આ વર્ણો નાદી અર્થાત્ નાદ અનુપ્રદાન વાળા છે. **खफादि-ख-फ-छ-ठ-थ** શ્વાસી કહ્યા છે. આનું અનુપ્રદાન શ્વાસ છે.**यण्** (**य-व-र-ल**) **जश्** (**ज-ब-ग-ड-द**)- આ ઈષન્નાદ છે અર્થાત્ શેષ અંશમાં શ્વાસી પણ છે. **चर्** (**च-ट-त-क-प-श-ष-स**) ઈષત્-શ્વાસી છે અર્થાત્ શેષ ભાગમાં નાદી પણ છે.

ઋગ્વેદપ્રાતિશાખ્ય(૧૩.૧-૭) તથા એની ઉવટાનુસારિણી વ્યાખ્યા આ વિષય પર વધુ વિવેચન કરે છે-

કણ્ઠવિવરના પ્રસાર અને સંકોચ થવાથી વાયુ બાહ્યયત્ન પ્રાપ્ત કરે છે. વક્તા દ્વારા ઉચ્ચારણ કરવાની ચેષ્ટા થયે વાયુ શ્વાસતા કે નાદતા પ્રાપ્ત કરે છે. કણ્ઠવિવર વિવૃત થયે વાયુ શ્વાસ થઈ જાય છે અને સંવૃત થયે નાદ. આમ વિવાર અને શ્વાસ અથવા સંવાર અને નાદ પ્રયત્ન વર્ણોચ્ચારની સાથે જ ઉત્પન્ન થાય છે. તે સિવાય એક મધ્યમ સ્થિતિ પણ બને છે, જ્યારે કણ્ઠવિવર વિવાર અને સંવાર બંનેથી રહિત થઈ જાય છે. ત્યારે વિવાર અને સંવાર બન્ને એક સાથે જ જન્મ લે છે.

આમ વર્ણોની ત્રણ પ્રકૃતિઓ હોય છે- શ્વાસત, નાદતા અને શ્વાસનાદતા. અઘોષ વર્ણો **ख-फ-छ-ठ-थ-च-ट-त-क-प** અને **श-ष-स**ની શ્વાસતા છે, આથી એની પ્રકૃતિ વિવાર-શ્વાસ-અઘોષત્વ છે.**य-व-र-ल-ञ-म-ङ-ण-न**, યમ અને અનુસ્વારની નાદતા છે આથી એની પ્રકૃતિ સંવાર-નાદ-ઘોષત્વ છે. સોષ્મ ઘોષી વર્ણો **झ-भ-घ-ढ-ध** છે તથા ઊષ્મો (**ह-विसर्ग-जिह्वामूलीय-उपध्मानीय**)ની દ્વયી પ્રકૃતિ શ્વાસ-નાદ છે. આમ શ્વાસ વગેરે ત્રણ અનુપ્રદાન, વર્ણના ઉચ્ચારણ કાળ સુધી સ્થિત રહે છે. એની સ્થિતિ ન અધિક હોય છે ન કમ. આભ્યંતર પ્રયત્નોની સ્થિતિ વર્ણોના ઉચ્ચારણ પહેલાં રહે છે. પરંતુ બાહ્યપ્રયત્ન વર્ણોચ્ચારના સમકાલમાં હોય છે. ૭૫

શ્વાસ-નાદની ઉભયાત્મક પ્રકૃતિ માનવાના વિષયમાં પાણિનીયશિક્ષાને ઋગ્વેદપ્રાતિશાખ્યથી મતભેદ છે. વીસમી કારિકાની વ્યાખ્યામાં જે શિક્ષાસૂત્ર લીધા છે, એમાં પણ કેટલેક અંશે જુદાપણું છે. ઘોષ-અઘોષના વિષયમાં ક્યાંય કોઈ વિવાદ નથી. નાટ્યશાસ્ત્ર(૧૪.૧૩)માં પણ આ વિષય પર વિચાર કરતા જણાય છે કે, ગ-ઘ- ઙ, જ-ઝ-ઞ, ડ-ઢ-ણ, દ-ધ-ન, બ-ભ-મ, અને ય-ર-લ-વ ઘોષ છે. ક-ખ, ચ-છ, ટ-ઠ, ત-થ, પ-ફ, અઘોષ વર્ણ છે. અલ્પપ્રાણ-મહાપ્રાણ વિષયક વિવેચન વીસમી કારિકાની વ્યાખ્યામાં દ્રષ્ટવ્ય છે.

સિદ્ધાન્તકૌમુદીમાં કોઈ શિક્ષાગ્રન્થમાંથી કારિકાનો આધાર લઈ કહ્યું છે કે, खय्। પ્રત્યાહારના વર્ણોના યમ, खय्।પ્રત્યાહારના વ્યઞ્જન, જિહ્વામૂળીય, ઉપધ્માનીય, વિસર્ગ અને शर्। પ્રત્યાહારના વર્ણ શ્વાસાનુપ્રદાન તથા અઘોષ હોવાથી કણ્ઠને વિવૃત કરે છે. અર્થાત્ એના વિવાર-શ્વાસ-અઘોષ બાહ્ય યત્ન (અનુપ્રદાન) છે. આનાથી બચેલા વ્યઞ્જનો हश्। પ્રત્યાહારમાં છે આવે છે. એના યમ, हश्। પ્રત્યાહારના વર્ણ-ઘોષ, સંવૃત તથા નાદભાગી હોય છે. એના પ્રયત્ન સંવાર-નાદ-ઘોષ છે. વર્ગો તથા યમોમાં જે અયુગ્મ(પ્રથમ-દ્વિતિય-તૃતિય-પઞ્ચમ) હોય છે, તેના તથા યણ્| પ્રત્યાહારના વ્યઞ્જનોને અલ્પપ્રાણ કહ્યા છે.બાકીના વર્ગો અને યમોના યુગ્મ(વર્ગીય દ્વિતિય-ચતુર્થ) અને શલ્| પ્રત્યાહારના વ્યઞ્જન મહાપ્રાણ હોય છે.

આનું વિવરણ પણ ત્યાં આપ્યું છે- વર્ગોના પ્રથમ-દ્વિતિય-ખય્| એના જ યમ, જિહ્વામૂળીય, ઉપધ્માનીય, વિસર્ગ અને શ-ષ-સ એના બાહ્યયત્ન વિવાર-શ્વાસ-અઘોષ છે. એનાથી જે બાકી રહ્યા તે, સંવાર-નાદ-ઘોષ પ્રયત્ન છે. આમાં વર્ગોના તૃતિય-ચતુર્થ-પઞ્ચમ, હ-ય-વ-ર-લ અને તૃતિય-ચતુર્થ-પઞ્ચમ યમ આવે છે. વર્ગોના તૃતિય-ચતુર્થ-પઞ્ચમ અને પ્રથમ-તૃતિય યમ તથા ય-ર-લ-વ અલ્પપ્રાણ છે. વર્ગોના દ્વિતિય-ચતુર્થ વર્ણ, એના યમ તથા શ-ષ-સ-હ મહાપ્રાણ છે.

લઘુકૌમુદીકારે સરળતા માટે આમ કહ્યું છે-

खर्। પ્રત્યાહારના વર્ણોનો વિવાર-શ્વાસ-અઘોષ પ્રયત્ન છે. हश्। પ્રત્યાહારના વ્યઞ્જનોના સંવાર-નાદ-ઘોષ પ્રયત્ન હોય છે. વર્ગોના પ્રથમ-તૃતિય-પઞ્ચમ તથા यण्। પ્રત્યાહારના વર્ણ અલ્પપ્રાણ છે. વર્ગોના દ્વિતિય-ચતુર્થ તથા शल्। પ્રત્યાહારના વર્ણ મહાપ્રાણ છે.

અહીં વેદમાત્ર માટે ઉપયોગી યમોની ગણના નથી કરી. બાકી રહેલા અયોગવાહ खर् પ્રત્યાહારના વર્ણોની અંતર્ગત આવી જાય છે, આથી એનું અનુપ્રદાન વિવાર-શ્વાસ-અઘોષ છે. આ અયોગવાહો(અનુસ્વાર-વિસર્ગ-જિહ્વામૂળીય, ઉપધ્માનીય)નો પાઠ शर् પ્રત્યાહારમાં થયો છે,આથી એનું મહાપ્રાણત્વ પણ જાણવું જોઇએ. ॥૩૯.૨૫॥

ईषच्छ्सांश्चरो विद्यात् गोर्धामैतत्प्रचक्षते ।दाक्षीपुत्रः पाणिनिना येनेदं व्यापितं भुविः ॥ ४०॥

આ શિક્ષાશાસ્ત્રને આચાર્યોની વાણીનું પદસ્થાન અથવા પ્રકાશસ્વરુપ સ્વીકાર કર્યું છે. આ કારણે ખાસ કરી દાક્ષીપુત્ર પાણિનિએ આ શાસ્ત્રને પ્રસિદ્િધ પ્રદાન કરી.

દક્ષની પુત્રી દાક્ષી જેની માતા છે, પણિનું ગોત્રાપત્ય પાણિન જેના પિતા છે, એ પાણિનિએ આ શિક્ષાશાસ્ત્રને ભૂમણ્ડલમાં પ્રસિદ્ધ કર્યું – એમ કહી ગ્રંથકારે પોતાના માતાપિતાની મહિમાના કારણે સ્વપ્રણીત ગ્રન્થની મહિમાનો સંકેત કરે છે. ॥૪૦॥

छन्दः पादौ तु वेदस्य हस्तः कल्पोऽथ पठ्यते ।ज्योतिषामयनं चक्षुर्निरुक्तं श्रोत्रमुच्यते ॥ ४१॥

शिक्षा घ्राणं तु वेदस्य मुखं व्याकरणं स्मृतम् ।तस्मात्साङ्गमधीत्यैव ब्रह्मलोके महीयते ॥ ४२॥ ॥८॥

પ્રશ્ન એ થાય છે કે, શિક્ષાશાસ્ત્રના અધ્યયનથી ક્યો પુરુષાર્થ સિદ્ધ થાય છે? જો શિક્ષાનું ફળ પુરુષાર્થ-પ્રાપ્તિ ન હોય તો પછી વેદને છોડીને શિક્ષાશાસ્ત્રના અધ્યયનનો પ્રયત્ન શા માટે કરવો? આવી શંકા બતાવનાર ક્લિષ્ટ-વેદવાદીને ઉત્તર દેતા ગ્રન્થકાર આ બે કારિકાઓ રજુ કરે છે.

બ્રાહ્મણે કોઇ પણ જાતના પ્રયોજન વિના છએ અઙ્ગો સાથે વેદનું અધ્યયન કરવું જોઇએ.અને વેદ જાણવા જોઇએ- આ શ્રુતિ અનુસાર દસ વિદ્યાઓ અધ્યેય હોય છે- ચાર વેદ અને છ વેદાઙ્ગ. આમાંથી શિક્ષા વેદાઙ્ગોમાંથી એક છે. છન્દશાસ્ત્ર વેદના ચરણ છે, એના વિના મન્ત્રોની ગતિ સારી રીતે નથી થઇ શકતી. ધર્મ, ગૃહ્ય, શ્રૌત અને શુલ્બ સૂત્રોના ભેદ વાળા કલ્પને વેદના બે હાથ માન્યા છે. હાથના અભાવમાં કોઇ કર્મ સિદ્ધ થતું નથી. ગ્રહો-નક્ષત્રોની ગતિ બતાવવાવાળા જ્યોતિષને વેદના નેત્રો કહ્યા છે, કેમકે, એના જ્ઞાન વિના કોઇપણ વ્યક્તિ વેદોમાં આંધળાની જેમ ભટકે છે. નિરુક્ત વેદનો કાન છે, જે જાણ્યા વિના સાંભળવામાં આવેલા વેદ ન સાંભળ્યા બરાબર છે. કેમકે, નિરુક્ત જ વેદમંત્રોના અર્થજ્ઞાનનો આધાર છે. શિક્ષા વેદની નાસિકા છે. જો એમ ન હોય તો વર્ણનિષ્પત્તિરુપ ગન્ધનું ગ્રહણ શક્ય નથી. વ્યાકરણ વેદનું મુખ છે, જેના વિના કાંઇપણ કેવી રીતે કહી શકાય? આથી સાઙ્ગ વેદનું અધ્યયન કરીને જ બ્રહ્મલોકમાં પૂજનીય થાય છે.॥૪૧-૪૨॥

उदात्तमाख्याति वृषोऽङ्गुलीनां प्रदेशिनीमूलनिविष्टमूर्धा । उपान्तमध्ये स्वरितं धृतं च कनिष्ठिकायामनुदात्तमेव ।४३॥

उदात्तं प्रदेशिनीं विद्यात्प्रचयो मध्यतोऽङ्गुलीम् । निहतं तु कनिष्ठिक्यां स्वरितोपकनिष्ठिकाम् ॥ ४४॥

સામવેદમાં ઋચાઓના ઉચ્ચારણની સાથે જ અંગુઠો કાર્ય કરે છે. તે કેમ? પ્રદેશિનિ અર્થાત્ તર્જની આંગળીના મૂળમાં અગ્રભાગ સ્થાપવાથી આંગળીઓનો વૃષ અર્થાત્ અંગુઠો ઉદાત્તસ્વરને સુચિત કરે છે. અંગુઠાનો અગ્રભાગ અનામિકાના મૂળને સ્પર્શ કરી સ્વરિત સ્વર બતાવે છે. તે જ્યારે મધ્યમા આંગળીના મૂળ પર સ્થાપિત થાય ત્યારે પ્રચય અર્થાત્ એકશ્રુતિ-સ્વર સુચિત કરે છે. કનિષ્ઠિકાના મૂળ પર સ્થિત થાય ત્યારે અનુદાત્તનો બોધ કરાવે છે. આ રીતે અંગુઠાના અગ્રભાગ સાથે જોડાઇને તર્જની ઉદાત્ત સ્વરની, મધ્યમા પ્રચય યા એકશ્રુતિની, કનિષ્ઠિકા અનુદાત્તની અને અનામિકા સ્વરિતની સૂચક હોય છે.સૂચ્ય-સૂચકમાં ઉપચારવૃત્તિથી અભેદ માનીને મૂળ કારિકામાં એવો જ પ્રયોગ થયો છે.

ઉદાહરણ – 'अ॒ग्निमी॑ळे' અહીં 'अ॒' આ અનુદાત્ત સ્વરના ઉચ્ચારણકાળમાં અંગુઠાનો અગ્રભાગ અનિષ્ઠાના મૂળમાં રાખવો જોઇએ. 'इ' આ ઉદાત્ત સ્વરના ઉચ્ચારણમાં તર્જનીના મૂળમાં, 'ई'આ સ્વરિતના

ઉચ્ચારણકાળમાં અંગુઠાનો અગ્રભાગ અનામિકાના મૂળમાં. 'ए' આ પ્રચયના ઉચ્ચારણકાળમાં અંગુઠાનો અગ્રભાગ મધ્યમાના મૂળમાં રાખવો જોઈએ. આ જ સામગાનમાં હસ્તપ્રયોગની વિધિ છે.॥૪૩-૪૪॥

अन्तोदात्तमाद्युदात्तमुदात्तमनुदातं नीचस्वरितम् । मध्योदात्तं स्वरितं द्युदात्तं त्र्युदात्तमिति नव पदशय्या ॥ ४५॥

ઉદાત્ત, અનુદાત્ત તથા સ્વરિત- આ ત્રણ સ્વરોથી પદની સ્વરુપ-વિશિષ્ટ અવસ્થા થઇ જાય છે. આ અવસ્થા નવ પ્રકારની છે. (૧) અન્તોદાત્ત (૨) આદ્યુદાત્ત (૩) ઉદાત્ત (૪)અનુદાત્તનીચ સ્વરિત [અનુદાત્તસ્વરિત] (૬) મધ્યોદાત્ત (૭) સ્વરિત (૮) દ્વ્યુદાત્ત (૯) ત્ર્યુદાત્ત ॥૪૫॥
આના ઉદાહરણ છે.

अ॒ग्निः सोम॑: प्र वो वी॒र्यं॑ ह॒विषां॑ स्व॑र्बृ॒ह॒स्पति॒रिन्द्रा॒ बृह॒स्पती।

આ નવ ભેદોનો સ્વર-વિવેક આ પ્રકારે છે.

अग्निरित्यन्तोदात्तं सोम इत्याद्युदात्तं प्रेत्युदात्तं इत्यनुदात्तं वीर्यं नीचस्वरितम् ॥ ४६॥

हविषां मध्योदात्तं स्वरिति स्वरितं बृहस्पतिरिति । द्युदात्तमिन्द्राबृहस्पती इति त्र्युदात्तम् ॥ ४७॥

(૧) 'अगि गतौ' ધાતુથી 'अङ्गेर्नलोपश्च' આ ઉણાદિ સૂત્ર દ્વારા 'नि' પ્રત્યય લગાડવાથી 'अग्नि' ૧શબ્દ નિષ્પન્ન થાય છે. અહીં જો વ્યુત્પત્તિપક્ષનો આધાર લેવાય તો 'आद्युदात्तश्च' पा-सू-३-१-३, સૂત્ર દ્વારા પ્રત્યય સ્વર ઇકારના ઉદાત્તત્વ થયેથી, 'अनुदात्तं पदमेकवर्जम् पा-सू-६-१-१५८। સૂત્રથી ઇકારનું અનુદાત્તત્વ થયેથી 'अ॒ग्निः' પદ અન્તોદાત્ત થઈજાય છે. અવ્યુત્પત્તિપક્ષમાં 'फिषोऽन्त उदात्त: फिट्सूत्र-१-१।'ના આધારે અન્તોદાત્તતા થાય છે.

(૨)'षुञ् अभिषवे' ધાતુથી 'अर्तिस्तुसुहुसृधृक्षिक्षुयावापदियक्षिनीभ्यो मन्' આ ઉણાદિ સૂત્રથી मन् પ્રત્યય લગાડવાથી 'सोम' શબ્દની નિષ્પત્તિ થાય છે. અહીં વ્યુત્પત્તિપક્ષ લઇએ તો પ્રત્યય નિત્ છે. માટે 'ग्नित्यादिर्नित्यम्' (पा-सू-६-१-१९७) સૂત્રથી આદ્યુદાત્તતા થશે. અવ્યુત્પત્તિપક્ષમાં 'वृषादिनां च(पा-सू-६-१-२०३)સૂત્રથી આદ્યુદાત્ત થયે अनुदात्तं पदमेकवर्जम् થી મકાર નું અનુદાત્તત્વ થયે, 'उदात्तादनुदात्तस्य स्वरितः' થી સ્વરિતત્ત્વ થયે सोमः રુપ બને છે. આ પદ આદ્યુદાત્ત છે.

(૩) 'प्र' આ પદ निपाता आद्युदात्ताः' એ ફિટસૂત્રથી ઉદાત્ત છે.

(૪)'वः' પદની 'अनुदात्तं सर्वमपादादौ' पा-सू-८-१-१८ ના આધાર પર અનુદાત્તતા છે.

(૫) 'वीर विक्रान्तौ' ધાતુથી 'ण्यत्' પ્રત્યય લગાડવાથી 'वीर्य' શબ્દ સિદ્ધ થાય છે. અહીં વ્યુત્પત્તિપક્ષમાં तित् स्वरितम्-पा-सू-६-१-१८५। સૂત્રથી પ્રત્યયસ્વર સ્વરિત છે. अनुदात्तं पदमेकवर्जम् સૂત્રથી ઈકારની અનુદાત્તતા છે. અવ્યુત્પત્તિપક્ષમાં 'बिल्वभक्ष्यवीर्याणि च्छन्दसि' ફિટ્સૂત્રથી અન્તસ્વરિતત્વ છે. 'उदात्तस्वरितपरस्य सन्नतरःपा-सू-१-२-४०' ના આધાર પર ઈકારની અનુદાત્તતર અથવા નીચતર છે. અહીં અનુદાત્ત અને નીચ એક જ અર્થ રાખે છે. આ પ્રકારે वी॒र्यं॑म् એ નીચસ્વરિત પદ છે.

(૬) 'हु दानादनयो:' ધાતુથી 'अर्चिशुचिहुसृपिच्छदिर्भ्य इसि:'સૂત્રથી ઉણાદિ પ્રત્યય 'इसि' હોવાથી 'हविष्' રુપ બને છે. વ્યુત્પત્તિપક્ષમાં 'आद्युदात्तश्च' આ પાણિનિસૂત્રથી પ્રત્યયના ઇકારની ઉદાત્તતા છે. અવ્યુત્પત્તિપક્ષમાં 'फिषोऽन्त उदात्त:' ૧ આ ફિટ્સૂત્રથી અન્તોદાત્ત હોવાને લીધે ઇકાર ઉદાત્ત છે. ત્યારે ષષ્ઠી બહુવચનમાં 'आम्' વિભક્તિ હોવાથી 'हविषाम्' પદ બને છે॥ આ પદમાં अनुदात्तौ सुप्पितौ-पा-सू-३।१।४।થી વિભક્તિ-સ્વરનું અનુદાત્તત્વ છે. હકારના અકારના પૂર્વોક્ત સૂત્ર 'अनुदात्तं पदमेकवर्जम्'થી અનુદાત્તત્વ થયે, 'उदात्तस्वरितपरस्य सन्नतर:' સૂત્રથી અનુદાત્તતરત્વ થયે। વિભક્તિનો

આકાર उदात्तादनुदात्तस्य स्वरित: पा-सू-८-४-६६।થી સ્વરિતઃ થઇ જાય છે. આમ हृविषाम् આ મધ્યોદાત્ત પદ બની જાય છે॥

(७) स्वं: આ અવ્યય પદ છે જે, 'न्यङ्स्वरौ स्वरितौ' આ ફિટસૂત્રથી સ્વરિત છે॥

(८)बृहस्पति દ્વ્યુદાત્ત પદ છે. 'उभे वनस्पत्यादेषु युगपत् पा-६-२-१४०।' સૂત્રથી સમાસના ઘટક બંને પદ પ્રકૃતિ-સ્વરના કારણે દ્વ્યુદાત્ત છે. આ સૂત્રથી बृहत् શબ્દ આદ્યુદાત્ત છે॥ पत्यावैश्वर्ये-पा-सू-६-२-१८।ના આધારે પતિ શબ્દ આદ્યુદાત્ત છે. अनुदात्तं पदमेकवर्जम् થી બંને બાકીના પદોનું અનુદાત્તત્વ છે। એમાં તકાર તથા ઇકાર उदात्तानुदात्तस्य स्वरित: થી સ્વરિત છે. હકાર તથા અકાર उदात्तस्वरितपरस्य सन्नतर: ૧થી અનુદાત્તતર છે॥ આમ बृहृस्पतिं: ૧દ્વ્યુદાત્ત પદ છે॥

(९) इन्द्र શબ્દ ऋज्रेन्द्राग्रवजविप्र०૧ઇત્યાદિ ઉણાદિ સૂત્રથી रन् પ્રત્યયાન્ત છે. વ્યુત્પતિપક્ષમાં આ પદ ञ्नित्यादिर्नित्यम् પાણિનિય સૂત્રના આધારે આદ્યુદાત્ત છે॥ અવ્યુત્પત્તિપક્ષ લેવાથી वृषादिनां च સૂત્રથી આદ્યુદાત્ત છે. इन्द्रश्च बृहस्पतिश्च એવો દ્વન્દ સમાસ કર્યેથી देवताद्वन्द्वे च पा-सू-६-२-१४१।પ્રમાણે ઉભયપદ પ્રકૃતિ-સ્વરથી इन्द्राबृहृस्पती એ પ્રકારનું ત્ર્યુદાત્ત પદ બને છે. શેષ નિયમ 'બૃહસ્પતિ' સમાન જ છે. ॥૪૬-૪૭॥

अनुदात्तो हृदि ज्ञेयो मूर्ध्न्युदात्त उदाहृतः ।स्वरितः कर्णमूलीयः सर्वास्ये प्रचयः स्मृतः ॥ ४८॥ ॥९॥

કેટલાક લોકો એ પ્રકારે વ્યાખ્યા કરે છે કે, હૃદય-સ્થાનમાં હાથ કરી અનુદાત્તનું, મૂર્ધાપ્રદેશમાં હાથ કરી ઉદાત્તનું, કર્ણમૂળમાં હાથ કરી સ્વરિતનું, તથા આખા મુખ સમીપ હાથ કરી પ્રચય સ્વરનું ઉચ્ચારણ કરવું જોઇએ.

શુક્લ-યજુર્વેદની માધ્યન્દિની શાખા અનુસાર હસ્તચાલનની આ રીત સમ્ભવ છે. પરંતુ પાણિનીયશિક્ષાની સાતમી અને આઠમી કારિકાઓમાં કહ્યું છે એના આધારે સમન્વય કરતાં અન્ય લોકો વ્યાખ્યા કરે છે. આખા મુખમાં હસ્તચાલન કઇ રીતે થઇ શકે? નાટ્યશાસ્ત્ર-૧૭-૧૧૨. પર અભિનવભારતીમાં અભિનવગુપ્ત પોતાની વ્યાખ્યામાં કહે છે—

‘ત્રણેય સ્થાનો(મૂર્ધા-હૃદય-કર્ણમૂલ)માં પ્રત્યેક સ્થાનના ઊર્ધ્વ, અધઃ અને મધ્ય ભાગની કલ્પના કલ્પના કરી, ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત અને કમ્પિતની વ્યવસ્થા જાણવી જોઇએ.

તાત્પર્ય એ છે કે ઊર્ધ્વ ભાગથી નિષ્પન્ન સ્વર ઉદાત્ત હોવાને લીધે ઉદાત્તનું મૂર્ધન્યત્વ તથા અધોભાગથી નિષ્પન્ન સ્વર અનુદાત્ત હોવાને લીધે અનુદાત્તનું હૃદિસ્થત્વ સ્પષ્ટ છે. કર્ણમૂલ આ બંને(મૂર્ધા-હૃદય)ની વચ્ચે રહેલું કણ્ઠવિવર છે. સ્વરિતનો જન્મ ત્યાંથી જ થાય છે. પ્રચય-સ્વર આખા આસ્યવિવરને વ્યાપ્ત કરે છે. ઋગ્વેદપ્રાતિશાખ્ય-૩-૧૬માં પ્રચય સ્વરના શ્રવણના વિષયમાં વિશેષતઃ દર્શાવ્યું છે કે, સ્વરિત સ્વરો પછી આવવાવાળા અનુદાત્તોનો પ્રચય થઇજાય છે. જેની શ્રુતિ ઉદાત્ત થઇ જાય છે. તે એક કે બે અથવા ઘણા હોઇ શકે છે. આથી સ્પષ્ટ છે કે પ્રચયની શ્રુતિ ઉદાત્ત જ થાય છે. સ્વરિતના પરવર્તી અનુદાત્ત પ્રચય થઇ જાય છે. વસ્તુતઃ આ કારિકાની વ્યાખ્યા બંને રીતે થઇ શકે છે. પહેલી વ્યાખ્યાનું સમર્થન આગળ આવનાર કારિકા ‘ ‘હસ્તેન વેદં યોઽધીતે ‘(૫૫) થી થઇ જાય છે. ‘સર્વાસ્યે પ્રચયઃ’નો અભિપ્રાય એ હોઇ શકે છે કે, પ્રચય સ્વર ના ઉચ્ચારણ કાળમાંઆખા મુખાકારને લક્ષિત કરી હ્સ્તચાલન કરવું જોઇએ. ॥૪૮॥

चाषस्तु वदते मात्रां द्विमात्रं चैव वायसः ।शिखी रौति त्रिमात्रस्तु नकुलस्त्वर्धमात्रकः ॥ ४९॥

માત્રાની કાળગણના પ્રદર્શિત કરવા માટે આ કારિકા પ્રસ્તુત થઇ છે.ચાર માનવેતર પ્રાણીઓના શબ્દો મળીને માત્રાના ઉચ્ચારણ કાળ બતાવી શકે છે. નીલકણ્ઠ એક માત્રાનું ઉચ્ચારણ કરે છે. કાગ બે માત્રાઓનું અર્થાત્ કેવળ દીર્ઘ ઉચ્ચારણ કરે છે. મોરના પ્લુત સ્વરોમાં ત્રણ માત્રાઓ છે. નોળિયો અર્ધી માત્રા અર્થાત્ માત્ર વ્યઞ્જનના ઉચ્ચારણ કાળ જેટલો શબ્દ કરે છે. આમ માત્રાનું જ્ઞાન મેળવી ઉચ્ચારણ કરવું જોઇએ.॥૪૯॥

कुतीर्थादागतं दग्धमपवर्गं च भक्षितम् ।न तस्य पाठे मोक्षोऽस्ति पापाहेरिव किल्बिषात् ॥ ५०॥

સાધુ-પાઠ (શુદ્ધ, નિર્મળ, દોષરહિત ઉચ્ચારણ) કરવાથી જ પાપમુક્તિ-ચિત્તશુદ્ધિ સમ્ભવ છે. અસાધુ-પાઠથી નહીં. કુતીર્થથી આવેલા, દૃગ્ધ, અપવર્ણ અને ભક્ષિત વૈદિક શબ્દોનો પાઠ કરવાથી પાઠકનો મોક્ષ સમ્ભવ નથી. જેમ દુષ્ટ સર્પ જો ગળું પકડી લે તો એનાથી છુટકારો સમ્ભવ નથી, તેમ દોષયુક્ત વૈદિક-પાઠ કરનારની મુક્તિ, ભ્રષ્ટ ઉચ્ચારણથી ઉત્પન્ન થતા અપરાધરુપી પ્રત્યવાયથી (ન કરવાનું કરવું અને સારું-સાચું ન કરવું) નથી થઇ શકતી.વેદપાઠ ચાર પ્રકારે દોષિત થાય છે.

(૧) કુતીર્થ અર્થાત્ આચારહીન ઉપાધ્યાય પાસેથી વિદ્યાગ્રહણ કરવાથી.

(૨) દગ્ધ અર્થાત્ અન્યમનસ્ક સ્થિતિમાં લાપરવાહીથી ઉચ્ચારણ કરવાથી.

(૩) અપવર્ણ અર્થાત્ કોઇ વર્ણના વાસ્તવિક ઉચ્ચારણમાં સન્દેહ રાખવાથી.ઋગ્વેદપ્રાતિશાખ્ય-૩-૨૯ માં કહ્યું છે-અસન્દિગ્ધ રુપથી સ્વરોનું ઉચ્ચારણ કરવું.

(૪) ભક્ષિત એટલે વચ્ચે વચ્ચે ગળી જવાથી. ઋગ્વેદપ્રાતિશાખ્ય-૧૪-૬૦માં કહ્યું છે- "સ ઇન્દ્રઃ" ના સ્થાને "સૈન્દ્રઃ" ઉચ્ચારણ ન કરવામાં સન્ધિનું કથન ન કરવું ભક્ષિત છે.

આ કારિકાની વ્યાખ્યા આ પ્રમાણે પણ કરી શકાય. જે રીતે ઘરમાં રહેવાવાળા દુષ્ટ સર્પથી મુક્ત નથી થવાતું, જ્યારે દેખાય છે ત્યારે ભય ઉત્પન્ન કરે છે અને પાછો છુપાઇ જાય છે. એ રીતે સ્વયંમાં નિવાસ કરવાવાળા ઉચ્ચારણરુપી અપરાધોથી મુક્તિ સમ્ભવ નથી. ॥૫૦॥

सुतीर्थादागतं व्यक्तं स्वाम्नाय्यं सुव्यवस्थितम् ।सुस्वरेण सुवक्त्रेण प्रयुक्तं ब्रह्म राजते ॥ ५१॥

સુતીર્થથી આગત અર્થાત્ શ્રેષ્ઠ ગુરુએ શીખવાડેલો, સ્પષ્ટ, પરમ્પરાનુસારી શાસ્ત્ર અનુસાર, સુવ્યવસ્થિત અર્થાત્ પ્રત્યેક વર્ણના સુનિશ્ચિત પ્રયોગથી સમ્પન્ન, મંત્ર યા શબ્દ સુસ્વર અર્થાત્ વૈસ્વર્યથી રહિત લય આદિ પૂર્વક તથા સુવક્ત્ર અર્થાત્ અવિકૃત મુખ દ્વારા પ્રયુક્ત થયે(બોલવાથી) શોભિત થાય છે. તે પાઠ લોકમાં સભાઓમાં તથા પરલોકમાં દેવતાઓની વચ્ચે પ્રકાશિત થાય છે. આવો સાધુ-પાઠ ક્યાંય ઉપેક્ષા કે તિરસ્કારનો ભાગી નથી થતો. વેદમાં કહ્યું છે કે –

उत त्वः पश्यन्न ददर्श वाचमुत त्वः शृण्वन्न शृणोत्येनाम् ।

उतो त्वस्मै तन्वं१ वि सस्रे जायेव पत्य उशती सुवासाः ॥ १०-७१-४ ॥

કોઇ આ વાણીને દેખતો હોવા છતાં નથી દેખતો. અને કોઇ સાંભળતો હોવા છતાં પણ નથી સાંભળતો. જ્યારે કોઇના માટે આ વાણી પોતાને જે રીતે પ્રકાશિત કરે છે, તેમાં સુવાસિનિ પત્ની સ્વયંને પતિ સમ્મુખ ઉપસ્થિત કરી દે છે.

ભારવિએ પણ કહ્યું છે,

विविक्तवर्णाभरणा सुखश्रुतिः प्रसादयन्ती हृदयान्यपि द्विषाम्। प्रवर्तते नाकृतपुण्यकर्मणां प्रसन्नगम्भीरपदा सरस्वती॥

પૃથક્-પૃથક્ ચમકતા વર્ણરુપી અલંકારોથી સજ્ચિત, કર્ણપ્રિય, શત્રુઓના હૃદયોને નિર્મળ કરતી, પ્રસન્ન અને ગમ્ભીર પદોવાળી સરસ્વતી એના પર કૃપા નથી કરતી જેણે પુણ્યકર્મ ન કર્યા હોય.

પુણ્યકર્મા જનોની કૃતપુણ્યતા એ જ છે કે, તેઓ ભલીભાંતિ વર્ણોના સાધુ ઉચ્ચારણ કરવામાં સમર્થ હોય.

मन्त्रो हीनः स्वरतो वर्णतो वा मिथ्याप्रयुक्तो न तदर्थमाह ।स वाग्वज्रो यजमानं हिनस्ति यथेन्द्रशत्रुः स्वरतोऽपराधात् ॥ ५२॥

વર્ણ અથવા શબ્દના ઉચ્ચારણ દોષ આવવાથી શું હાનિ થાય છે? એનું એક ઉદાહરણ દઇ સમજાવ્યું છે. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત સ્વરોના પ્રયોગથી રહિત અથવા સાવધાનીથી ઉચ્ચારણ ન કર્યું હોય એવા મંત્રો મિથ્યાપ્રયુક્ત (વ્યર્થ) થઇ જાય છે. મિથ્યાપ્રયુક્ત એટલે જે ફળ માટે મંત્રનો પ્રયોગ થયો હોય તે ફળ મળતું નથી, પણ ઉલટાનું વિપરિત ફળ મળે છે. આથી તે મન્ત્રને બદલે વાગ્વજ(વાણીરુપી વજ્ર) બની જાય છે, અને યજમાનનો નાશ કરે છે, જેમકે, 'ઇન્દ્રશત્રુ' શબ્દમાં સ્વરમાત્રના અનુચિત પ્રયોગના અપરાધથી ઇન્દ્રને બદલે વૃત્રનો વધ થઇ ગયેલો. આ પ્રસંગની કથા આ પ્રમાણે છે.

ઇન્દ્રે ત્વષ્ટાના પુત્ર વિશ્વરુપને મારી નાખ્યો. એથી ખિજાઇને ત્વષ્ટાએ ઇન્દ્રને મારી નાખવા માટે આભિચારિક યજ્ઞનું અનુષ્ઠાન કર્યું. આ યજ્ઞમાં ઋત્વિજોએ **'इन्द्रशत्रुर्विवर्धस्व'**.મન્ત્રથી આહુતિઓ આપી. પુરોહિતોએ મન્ત્રના ઉચ્ચારણને આદ્યુદાત્ત કરી નાખ્યું. બહુવ્રીહિ સમાસમાં **'बहुव्रीहौ प्रकृत्या पूर्वपदम्'** અનુસાર પૂર્વપદ-પ્રકૃતિ સ્વરના લીધે **'इन्द्र'** શબ્દ આદ્યુદાત્ત થાય છે. ત્યારે 'ઇન્દ્ર જેનો શત્રુ(મારક) છે' એવો અર્થ થાય છે. જો 'ઇન્દ્રનો શત્રુ (મારક)' એમ ષષ્ઠી તત્પુરુષનો પ્રયોગ કર્યો હોત તો વૃત્ર ઇન્દ્રનો મારક થઇ જાત. તત્પુરુષ સમાસમાં **'समासस्य'** સૂત્રથી અન્તોદાત્તતા થાત. ઋત્વિજોએ એવો પ્રયોગ ન કર્યો; આથી સ્વરદોષ થવાથી વિપરિતફળ ઉત્પન્ન થયું જે સ્વઘાતી બન્યું. ॥૫૨॥

अनक्षरं हतायुष्यं विस्वरं व्याधिपीडितम् ।अक्षता शस्त्ररूपेण वज्रं पतति मस्तके ॥५३॥

જો પ્રયોક્તા દ્વારા કોઇ મન્ત્રનો પ્રયોગ કરતી વખતે કોઇ વર્ણ છોડી દેવાય તો તે પાઠકના આયુષ્યને ક્ષીણ કરી દે છે. વિરુદ્ધસ્વર વાંચવાથી ઉચ્ચારણકર્તા રોગથી પીડિત થાય છે. અથવા અનક્ષર (વર્ણત્યાગ) આયુહીન તથા વિસ્વર (વિરુદ્ધ સ્વર) વ્યાધિ-પીડિત થાય છે. આ પીડા વાંચવાવાળામાં જ સમ્ભવ છે, આથી એને લાક્ષણિક પ્રયત્ન જાણવો જોઇએ. આ લક્ષણનો આધાર પાઠ્ય-પાઠક સમ્બન્ધ છે. આ પ્રકારે અનક્ષર તથા વિસ્વર મંત્રસ્વરુપ વજ્રસમાન હોય છે જે પૂરી રીતે પોતાના વશીભૂત કરવાવાળા શસ્ત્ર સમાન થઇ, પાઠકના મસ્તક ઉપર પડીને એનો વિનાશ નોતરે છે.

'अक्षू व्याप्तौ' ધાતુથી શતૃ પ્રત્યય થયે તૃતિયા વિભક્તિના એકવચનમાં 'अक्षता' રુપ થશે. જે વ્યાપ્ત રહે છે તે 'अक्षत्' એના દ્વારા 'अक्षता'.

જેમ મસ્તક ઉપર પડતું ખડગ સર્વ અઙ્ગોને રંજાડતું એના ટુકડા કરી નાખે છે તેમ દોષયુક્ત પાઠ પણ પાઠકનો વિનાશ કરી નાખે છે. જેમ વૃક્ષ આદિ પર પડતા વજ્ર-વીજળી એને ચારે બાજુથી ઘેરી સળગાવી દે છે તેમ અનક્ષર અને વિસ્વર મંત્રપ્રયોગ ઉચ્ચારણકર્તાને નષ્ટ કરી નાખે છે. ॥૫૩॥

हस्तहीनं तु योऽधीते स्वरवर्णविवर्जितम् ।ऋग्यजुःसामभिर्दग्धो वियोनिमधिगच्छति ॥ ५४॥

જે વેદનું અધ્યયન કરનાર વાજસનેયિશાખાધ્યાયી હોય, તે યથાવત્ સ્વરાનુસારી હસ્તપ્રયોગથી રહિત વેદપાઠ કરે છે અથવા સામગાન કરે છે તથા ત્રૈસ્વર્યથી શુન્ય તેમ જ વર્ણોનું ઠીક ઉચ્ચારણ નથી કરતો તે અધ્યેતા ઋગ્-યજુઃ – સામ આ ત્રણેય વેદરુપી અગ્નિઓથી સળગાવી દેતાં તિર્યક્ યોનિ અથવા નારકીય યોનિ પ્રાપ્ત કરે છે. કહેવાનું એ છે કે, દેવત્વ કે મનુષ્યત્વની પ્રાપ્તિ નથી થતી.

વ્યાકરણનો મહિમા બતાવતાં ભર્તૃહરિના વચનો શિક્ષાશાસ્ત્ર માટે પણ યથાર્થ છે.

इदमाद्यं पदस्थानं सिद्धिसोपानपर्वणाम्। इयं सा मोक्षमाणानामजिह्मा राजपद्धति ॥

છે. આ વ્યાકરણશાસ્ત્રની સિદ્ધિરુપ નિસરણીનું પહેલું પગથીયું અને મોક્ષનું લક્ષ્ય રાખનાર માટે સીધો રાજમાર્ગ છે.

આમ અસાધુ ઉચ્ચારણ કરનારને પુનઃ મનુષ્ય જન્મ દુર્લભ છે અને મોક્ષ પણ. ॥૫૪॥

हस्तेन वेदं योऽधीते स्वरवर्णार्थसंयुतम् ।ऋग्यजुःसामभिः पूतो ब्रह्मलोके महीयते ॥ ५५॥ ॥१०॥

જે વેદોના અધ્યયનકર્તા ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, પ્રચય અને કમ્પિત સ્વરો, શિક્ષાગ્રન્થોના નિર્દેશાનુસાર ઉચ્ચારિત કરવામાં આવેલા વર્ણો અને શબ્દોના પ્રતિપાદ્ય અર્થો સાથે વેદનું હસ્ત- સઞ્ચારપૂર્વક અધ્યયન કરે છે, તે પુરુષ વેદત્રયી દ્વારા પવિત્ર થઇ જાય છે અને અન્તમાં બ્રહ્મલોકમાં પૂજિત થાય છે.

સ્વરો અને વર્ણોના વિષયમાં પાણિનીયશિક્ષામાં ઘણું કહેવાઇ ચુક્યું છે. સ્વરોના વિષયમાં હસ્તસઞ્ચાર અને અઙ્ગુષ્ઠસંઞ્ચારની વિધિનું પ્રતિપાદન પણ થયું છે. વેદનો પાઠ અર્થબોધ સાથે જ થવો જોઇએ, એનો નિર્દેશ ભગવાન યાસ્કે પણ કર્યો છે --

स्थाणुरयं भारहारः किलाभूदधीत्य वेदान् न विजानातिऽर्थम्।

अर्थज्ञ इत् सकलं भद्रमश्नुते नाकमेति ज्ञानविधुतपाप्मा॥ इति॥

છે વેદોનું અધ્યયન કરતી વખતે જે અર્થને નથી જાણતો, તે બોઝો વહન કરનાર ઠુંઠ જ છે. અર્થનો જ્ઞાતા જ પોતાના પાપોનો નાશ કરી સમસ્ત કલ્યાણ પ્રાપ્ત કરે છે અને અન્તમાં સ્વર્ગમાં જાય છે.

વેદાધ્યાયી વ્યક્તિ ક્યાંક વેદોનો ભારવાહક ન બની જાય એટલા માટે એણે શિક્ષા સિવાયના વેદઙ્ગો દ્વારા અર્થનું જ્ઞાન મેળવી અર્થાનુસંધાન સાથે વેદપાઠ કરવો જોઈએ. ॥૫૫॥

शङ्करः शाङ्करीं प्रादाद्दाक्षीपुत्राय धीमते ।वाङ्मयेभ्यः समाहृत्य देवीं वाचमिति स्थितिः ॥ ५६॥

મંગલકારી મહેશ્વર શિવે પોતાની આ શાઙ્કરી વાક્સ્વરુપા દેવીને, જે શિક્ષાવ્યાકરણ તથા વર્ણસમામ્નાયના સ્વરુપવાળી છે, વેદોના વાઙ્ગયથી સઞ્ચિત કરી જ્ઞાનસમ્પન્ન દાક્ષીપુત્ર પાણિનિને પ્રદાન કર્યું હતું. આ જ સ્થિતિ (આ શાસ્ત્રની સમ્પ્રદાય વ્યવસ્થા) છે. આ કોઈ માનવીની કલ્પના નથી, પરંતુ સ્વયં ભગવાન શઙ્કરે જ પાણિનિ મુનિના હૃદયમાં આવિર્ભૂત થઈ આ અનાદિ વિદ્યા પ્રદાન કરી. આથી વેદાઙ્ગકાર પાણિનિ શઙ્કરરુપ જ છે. આથી પાણિનિને કરેલા નમસ્કાર શઙ્કરને પ્રસન્ન કરે છે, આમ માનીને પાણિનિએ સ્વયંની સ્તુતિ કરી છે જે આગળ રજુ થશે.

કોઈ વ્યક્તિ સ્વયંની સ્તુતિ કેવી રીતે કરી શકે? એની શંકા ન કરવી જોઈએ, કેમકે, સમ્પ્રદાયમાં સમ્પ્રદાનની મહિમાને લીધે જ સમ્પ્રદાતાને મહત્તા મળે છે. શઙ્કરથી વિદ્યા મેળવી પાણિનિ સ્વયં પણ શઙ્કરસ્વરુપ ગુરુ જ થઈ ગયા. સ્તુતિ કરવાવાળા પાણિનિ ભલે અર્વાચીન હોય, પરંતુ સ્તુત્ય રુપમાં તેઓ પોતે અનાદિધન બ્રહ્મસ્વરુપ માનીને જ સ્તુતિ કરે છે. એમાં શું વાંધો હોઈ શકે.॥૫૬॥

येनाक्षरसमाम्नायमधिगम्य महेश्वरात् ।कृत्स्नं व्याकरणं प्रोक्तं तस्मै पाणिनये नमः ॥ ५७॥

સમ્પ્રદાયની મહિમાને લીધે, શિવના કૃપાપાત્ર પાણિનિને પ્રણામ કરતા ગ્રન્થકાર કહે છે કે, જે પાણિનિએ મહેશ્વર પાસેથી ચૌદ સૂત્રાત્મક વેદના મૂળ વર્ણપાઠ(अक्षरसमान्माय)ને, શિષ્યભાવથી કરેલી ઉપાસનાના ફળસ્વરુપ મેળવી, સમગ્ર વ્યાકરણશાસ્ત્રનો શિષ્યોને ઉપદેશ કર્યો, એ પાણિનિને નમસ્કાર છે.

સ્તુતિ કરનાર પાણિનિ, મહેશ્વર પાસેથી વરદાન મેળવી શિવ-તુલ્ય સ્તુત્ય થઈ ગયા. સ્વનિષ્ઠ અપકર્ષથી નિરુપિત સ્વયં પાણિનિ નમસ્ક્રિયાના ઉદ્દેશ બની ગયા છે. સ્વયંના અપકર્ષના સ્વીકાર સાથે બીજાના ઉત્કર્ષનો સ્વીકાર જ નમનક્રિયા છે. અહીં સ્તોતા – સ્તુત્ય અભેદ હોવાથી જ પાણિનિએ સ્વયંને નમન કર્યું છે. ॥૫૭॥

येन धौता गिरः पुंसां विमलैः शब्दवारिभिः ।तमश्चाज्ञानजं भिन्नं तस्मै पाणिनये नमः ॥ ५८॥

જે પાણિનિએ ક્લિષ્ટ અને અપશબ્દરુપી કીચડ રહિત, શુદ્ધ-પરિષ્કૃત શબ્દરુપી જળની ધારાઓથી મનુષ્યોની વાણી ધોઈને નિર્મળ બનાવી દીધી. તથા અજ્ઞાનરુપી અંધકાર દૂર કરી દીધો. જેમ સૂર્યોદય રાત્રિના અંધકારને હટાવે છે તેમ. આ શિક્ષા વ્યાકરણ વેદાઙ્ગના પ્રકાશક અને સમ્પ્રદાયના પ્રવર્તક પાણિનિને નમસ્કાર છે. એ નિશ્ચિત છે કે, પાણિનિએ પ્રથમ અપશબ્દો અને અપવર્ણોનું પરિમાર્જન કર્યું અને શબ્દોને પરિનિષ્ઠિત ઉચ્ચારણ પરંપરા પ્રતિષ્ઠિત કરી. આ સમ્પ્રદાય જે આજ સુધી અવિચ્છિન્ન પરંપરાના રુપમાં વિદ્યમાન છે. એના પ્રવર્તક પાણિનિને નમસ્કાર વસ્તુતઃ ભગવાન્ શઙ્કરની જ શુશ્રુષા છે.॥૫૮॥

अज्ञानान्धस्य लोकस्य ज्ञानाञ्जनशलाकया ।चक्षुरुन्मीलितं येन तस्मै पाणिनये नमः ॥ ५९॥

જે પાણિનિએ અજ્ઞાનથી અન્ધ લોકોના નેત્રોને જ્ઞાનરુપી કાજળની સળી વડે ખોલી નાખ્યા, એ પાણિનિને નમસ્કાર છે. આમ ભગવાન પાણિનિએ શિક્ષાશાસ્ત્રનો ઉપદેશ કરી લોકોનો હૃદયાન્ધકાર દૂર કરી, શબ્દોના સાક્ષાત્કારમાં સમર્થ બનાવ્યા.॥૫૯॥

त्रिनयनमभिमुखनिःसृतामिमां य इह पठेत्प्रयतश्च सदा द्विजः ।

स भवति धनधान्यपशुपुत्रकीर्तिमानमतुलं च सुखं समश्नुते (दिवि) दिवीति दिवीति ॥ ६०॥

સૂર્ય-ચન્દ્ર-અગ્નિ રુપ ત્રણ નેત્રોવાળા ભગવાન શઙ્કર દ્વારા જેને સ્વરુપ પ્રદાન કરવામાં આવ્યું છે, ગુરુ-શિષ્ય પરમ્પરા દ્વારા મુખોથી જે ઉચ્ચારણ મળ્યું છે, એવી આ પાણિનીય શિક્ષાનું જે દ્વિજ અંદર-બહારથી પવિત્ર થઈ સદા પાઠ કરે છે તે આ લોકમાં ધન, ધાન્ય, પશુ, પુત્ર તથા કીર્તિથી સમ્પન્ન થાય છે. શરીરત્યાગ બાદ તે સ્વર્ગના અનુપમ તથા અસીમ સુખો પ્રાપ્ત કરે છે. 'इति'થી ગ્રન્થસમાપ્તિનો સંકેત છે. 'दिवीति दिवीति' આ દ્વિરુક્તિ પુનઃ મંગલ-વચન દ્વારા સમાપ્તિની પુષ્ટિ કરે છે.॥૬૦॥

अथ शिक्षामात्मोदात्तश्च हकारं स्वराणां यथा । गीत्यचोऽस्पृष्टोदात्तं चाषस्तु शङ्कर एकादश ॥ ६१ ॥

આ ગ્રન્થ ૧૧-ભાગોમાં વહેંચાયેલો છે.(૧)'અથ શિક્ષામ્'થી શરુ કરી પાંચ કારિકાઓનો પહેલો ભાગ છે. (૨)'આત્મા બુદ્ધ્યા'થી લઈ પાંચ કારિકાઓનો બીજો ભાગ છે. (૩) 'ઉદાત્તશ્ચાનુદાત્તશ્ચ' થી પાંચ કારિકાઓનો ત્રીજો ભાગ છે. (૪) 'હકારં પઞ્ચમૈર્યુક્તમ્' થી પાંચ કારિકાઓનો ચોથો ભાગ છે. (૫) 'સ્વરાણામૂષ્મણાં ચૈવ' થી પાંચ કારિકાઓનો પાંચમો ભાગ છે.(૬) 'યથા સૌરાષ્ટ્રિકા નારી' થી છ કારિકાઓનો છઠ્ઠો ભાગ છે. (૭) 'ગીતી શીઘ્રી' થી છ કારિકાઓનો સાતમો ભાગ છે. (૮) 'અચોઽસ્પૃષ્ટાઃ'થી પાંચ કારિકાઓનો આઠમો ભાગ છે.(૯) 'ઉદાત્તમાખ્યાતિ' થી છ કારિકાઓનો નવમો ભાગ છે.(૧૦) 'ચાષસ્તુ વદતે' થી સાત કારિકાઓનો દસમો ભાગ છે.(૧૧) 'શઙ્કર શાઙ્કરી પ્રાદાત્' થી પાંચ કારિકાઓનો અગિયારમો ભાગ છે. આમ સાંઠ કારિકાઓ પૂર્ણ થાય છે.

इति पाणिनीयशिक्षा समाप्ता

(લઘુપાઠઃ૬૧-श्लोका:॥)

अन्य शिक्षा-ग्रन्थो ।

પાણિનીય શિક્ષાના સંકલનકાર શ્રીમનમોહન-ઘોષનું માનવું છે કે, શિક્ષા-વેદાંગ ઈ.સ. પૂર્વે ૧૦૦૦થી ૬૦૦ દરમ્યાન લખાયા. અને પ્રાતિશાખ્ય જે દ્વિતિય કક્ષાની શિક્ષા જ છે. તે ઈ.સ. પૂર્વે ૬૦૦ થી ૨૦૦ સુધીમાં લખાયા છે. શિક્ષાગ્રન્થો સામાન્ય ધ્વનિ વિજ્ઞાન છે,જ્યારે પ્રાતિશાખ્યો પ્રયોગાત્મક ધ્વનિ વિજ્ઞાન છે. શિક્ષા દરેક ધ્વનિનું વિશ્લેષણ કરે છે જ્યારે પ્રાતિશાખ્યો જે તે વેદની શાખા(૧૧૩૦ શાખા છે)માં ક્યા વિશેષ ધ્વનિઓના ઉચ્ચારણમાં અંતર પડે છે. તેની સ્પષ્ટતા કરે છે.

શિક્ષાગ્રન્થો ૬૫ જેટલા છે જ્યારે પ્રાતિશાખ્યના ૬-૭ ગ્રન્થો મળે છે. જેમાં કોઈ દેખીતો મોટો તફાવત નથી જણાતો પણ વેદની શાખાઓ માટે લખાયા હોય પણ પાણિનીય સંસ્કૃતના ઉપયોગ પછી શાખાઓએ વિવિધતા છોડી દીધી હોય તેવું બને. પ્રાપ્ય શિક્ષાગ્રન્થોના વર્તમાન સ્વરુપ ઘણા પરિવર્તિત અને પરિવદ્ધિત થયા હોય તેમ લાગે છે.

પાણિનીય શિક્ષાની ૬૦-શ્લોકરુપ લઘુવૃત્તિ પાણિનિના અનુજ પિઙ્ગળની રચના હોવાનું મનાય છે. પાણિનીય શિક્ષાનું સર્વોત્તમ સંસ્કરણ શ્રીમનમોહન ઘોષનું મનાય છે. તેમણે પાણિનીય શિક્ષાના છ સ્વરુપો બતાવ્યા છે. ૧.મૂળ સંસ્કૃત ૧૮ શ્લોકવાળું. ૨. અગ્નિપુરાણ અન્તર્ગત ૨૧ શ્લોકવાળું. ૩. પંજિકાભાષ્ય સહિત ૨૩ શ્લોકોવાળું. ૪. શિક્ષાપ્રકાશ વ્યાખ્યા સહિત ૩૨ શ્લોકવાળું. ૫. યજુઃશાખીય ૩૫ શ્લોકવાળું. ૬. ઋક્-શાખીય ૬૦ શ્લોકવાળું. (અહીં ભાષાન્તર સાથે નોંધ્યું છે.)

સ્વામી દયાનન્દ સરસ્વતીએ પોતાના "વર્ણોચ્ચાર શિક્ષા" નામના લઘુ ગ્રન્થમાં પાણિનીય શિક્ષાની સૂત્રબદ્ધ રચના સ્વીકારી છે. જેમાં ૪ શ્લોક અને ૮૬ સૂત્રો છે. આપિશાલીય શિક્ષાસૂત્રો થોડા ફેરફાર સાથે સમાન છે. શ્રીયુધિષ્ઠિર મિમાંસકે આ ફેરફારો નોંધ્યા છે. સૂત્રપાઠને વૃદ્ધપાઠ અને શ્લોકપાઠને લઘુપાઠ કહેવાય છે. પાણિનીય શિક્ષા જ પ્રાચીન-તમ અને પ્રમાણિત-તમ છે.

1.अमोघनन्दिनी शिक्षा 2.लघुमोघनन्दिनी शिक्षा 3.अपिशाली शिक्षा (सूत्र रूप में) 4.अरुण शिक्षा 5.अरण्य शिक्षा 6.आत्रेय शिक्षा 7.अवसान निर्णय शिक्षा 8.भारद्वाज शिक्षा 9.चारायणीय शिक्षा 10.चन्द्रशिक्षा (सूत्ररूप) 11.दन्त्योष्ठविधि अथर्ववेदीय 12.गलदृग्ऋक् शिक्षा13 गौतमी शिक्षा सामवेदीया14.कालनिर्णय शिक्षा 15.कात्यायन शिक्षा16.कात्यायनी शिक्षा 17.कौशिकी शिक्षा 18.कौहलीय शिक्षा 19.कौन्डिनीय शिक्षा Hyderabad 20.कौन्डिनीय शिक्षा Mysore 21.केशवी शिक्षा पद्यात्मिका 22.केशवी शिक्षा सूत्रात्मिका 23.क्रम सन्धान शिक्षा 24.क्रमकारिका शिक्षा 25.लौगाक्षि शिक्षा 26.लक्ष्मीकान्त शिक्षा 27.लोमशी शिक्षा सामवेदीया 28.माध्यन्दिनी शिक्षा 29.लघु माध्यन्दिनी शिक्षा 30.मल्लशर्मकृता शिक्षा 31.मनः स्वार शिक्षा 32.माण्डव्य शिक्षा 33.माण्डूकी शिक्षा अथर्वेदीया 34.नारदीय शिक्षा 35.पादचन्द्रिका शिक्षा 36.पादकारिकारत्नमाला शिक्षा 37.पाणिनीय शिक्षा 38.पाराशरी शिक्षा 39.पारी शिक्षा 40.प्रातिशाख्यप्रदीप शिक्षा 41.साम्ना शिक्षा 42.सर्वसम्मत शिक्षा43.शौनक शिक्षा 44.शैशिरीय शिक्षा 45.शम्भु शिक्षा 46.शिक्षासंग्रह 47.शिक्षा प्रकाशः 48.षोडशश्लोकी शिक्षा 49.सिद्धान्त शिक्षा 50.स्वर शिक्षा 51.स्वराष्टक शिक्षा 52.स्वरव्यञ्जन शिक्षा 53.स्वराङ्कुश शिक्षा 54.स्वरभक्तिलक्षण परिशिष्ट शिक्षा 55.वररुचि शिक्षा56.वर्ण शिक्षा 57.वर्णरत्नप्रदीप शिक्षा 58.वर्णरत्नदीपिका शिक्षा 59.वशिष्ठ शिक्षा 60.वाशिष्ठी शिक्षा 61.विसर्गाङ्कुलिप्रदर्शनप्रकारः 62.व्यास शिक्षा 63.व्यालि शिक्षा-अष्टाविकृति-विवृति 64.याज्ञवल्क्य शिक्षा 65.यजुर्विधान शिक्षा

1,7,13,15,21,27,28,30,32,34,37,38,48,54,58,60,64

https://www.onlinesanskritbooks.com/2018/12/shiksha-sangrah.html शिक्षा संग्रह । ઇ-બુક તેમજ Maharishi University of Management(MUM) ની વેબસાઇટ પર (http://vedicreserve.miu.edu/shiksha.htm) છે. ઉપરાંત 3,5,6,8,9,11,14,16,17,18,19,20,25,26,33,35,36,39,41,42,43,44,45,49,50,52,55,56,59,62,63. MUM આ શિક્ષા સૂત્રો સહજ પ્રાપ્ય છે. शिक्षा संग्रह ।2,12,22,23,24,29,31,40,47,51,53,61,65. માં સમાવિષ્ટ છે. 4,10,46,57 આ ચારના ઉલ્લેખો જોવા મળ્યા છે. આમ ૬૫ શિક્ષાસૂત્રોની પ્રાપ્તિ અંગેની માહિતિ પૂરી થઇ.

===

હજી આવા બે ઉચ્ચારણોનો નિર્દેશ કરવો અસ્થાને નથી. ૭૯ કે ગોં-ગું અને ળ આ બંને વર્ણ અયોગવાહ ગણ્યા છે. એટલે કે, આ વર્ણ સ્વર-વ્યઞ્જન-સ્પર્શ-અન્તસ્થ-ઉષ્માક્ષરમાં સ્થાન મેળવી શકતા નથી. એટલે અ=નહીં, યોગ=જોડાઇ શકનાર, વાહ=વર્ણનો બોજો વહન કરનાર. અયોગવાહની ધારણાઓ યાજ્ઞવાલ્ક્ય શિક્ષામાં પાણિનીય શિક્ષા કરતાં જુદી પડે છે.

પરિશિષ્ટ:

પ્રાતિશાખ્યો સિવાય 'શિક્ષા' ગ્રન્થો મળે છે એમાં શિક્ષાસૂત્ર પ્રાચીન મનાય છે. જે ઘણીવાર કારિકાબદ્ધ હોય છે. યાજ્ઞવાલ્ક્ય શિક્ષા શુક્લયજુર્વેદના વેદાઙ્ગના રુપમાં જ્ઞાતવ્ય છે. કેમકે, આ વેદના દ્રષ્ટા 'યાજ્ઞવાલ્ક્ય' છે. અહીં આપણે એ શિક્ષાની કેટલીક કારિકાઓ લઇ પાણિનીયશિક્ષાના સિદ્ધાંતોનું સમર્થન કરીશું.

(૧) ત્રૈસ્વર્ય- **गान्धर्ववेदे ये प्रोक्ताः सप्त षड्जादयः स्वराः। त एव वेदे विज्ञेयास्तत्र उच्चादयः स्वराः॥६॥**

અર્થાત્ સંગીતશાસ્ત્રમાં જે સાત સ્વર છે, તે જ વેદમાં ઉદાત્ત આદિ ત્રણ સ્વરોનું રુપ છે.

उच्चौ निषादगान्धारौ नीचावृषभधैवतौ। शेषास्तु स्वरिता ज्ञेयाः षड्ज-मध्यम-पञ्चमाः॥७॥

અર્થાત્ ગાન્ધર્વવેદના નિષાદ અને ગાન્ધાર વેદમાં ઉદાત્ત સ્વર છે. ઋષભ અને ધૈવત અનુદાત્ત છે. તથા શેષ ષડ્જ, મધ્યમ અને પઞ્ચમ સ્વરિત છે. પાણિનીયશિક્ષામાં પણ આમ જ છે.

(સ્વર-પરિચય:- षड्जो वेदे शिखण्डिः स्यादृषभः स्यादजामुखे ।गवा रम्भति गान्धारं कौञ्चाश्चैव तु मध्यमम् ॥
कौकिलः पञ्चमो ज्ञेयो निषादं तु वदेत्गजः । आश्वश्च धैवतो ज्ञेयः स्वराः सप्त विधीयते ॥
ષડ્જ મોરના નાદ જેવો જાણવો, રિષભ બકરીના મુખેથી, ગાયના ભાંભરવાથી ગાંધાર, ક્રૌંચ પક્ષીએનો અવાજ મધ્યમ, કોયલનો પઞ્ચમ, નિષાદ હાથીના અવાજ, અશ્વનો ધૈવત, આમ સાતે ય સ્વરનો પરિચય માનવામાં આવે છે.)

(૨) માત્રા વિચાર— **निमेषो मात्राकालः स्याद्विद्युतकालस्तथा परे ।**

अक्षरात्तुल्ययोगाच्च मतिःस्यात्सोमशर्मणः॥१०॥

એકમાત્રાકાળ એક પલક મારવા બરાબર થાય છે. કેટલાક આચાર્યો પ્રમાણે વિજળી ચમકવાનો કાળ માત્રાકાળ છે. કોઇપણ ઉચ્ચારણ કરવાવાળા(સોમશર્મા)ની બુદ્ધિ માત્રાકાળની થવી જોઇએ જે અક્ષર અનુસાર બને છે.(પલક મારવી કે વિજળી ચમકવી એનો સાદૃશ્ય સમ્બન્ધમાત્ર હોય છે). કહેવાનું એ છે કે, માત્રાનું કોઇ માપતોલ ન થઇ શકે, સાદૃશ્યમાત્રથી સંકેત કરવામાં આવ્યા છે, આથી માત્રાકાળ બુદ્ધિમાં જ બને છે. માત્ર તુલના ના આધાર પર સમજાવવાથી પૂરી વાત નથી થઇ શકતી.

જેટલા સમયમાં અંગુઠાના મૂળમાં રહેલી નાડીની ગતિ એક વાર થાય.(એક હૃદયના એક ધબકાર જેટલો સમય) એટલા સમયમાં હ્રસ્વ, તેનાથી બમણા સમયમાં દીર્ઘ અને ત્રણગણા સમયમાં પ્લુતનું ઉચ્ચારણ કરવું જોઈએ. --શ્રીદયાનન્દ સરસ્વતી.

सूर्यरश्मिप्रतीकाशात् कणिका यत्र दृश्यते। अणुत्वस्य तु सा मात्र मात्रा च चतुराणवा ॥११॥

સૂર્યના કિરણોના પ્રકાશથી નિષ્પન્ન જ્યાં નાનકડો કણ દેખાય છે તે અણુકાળની માત્રા છે, અણુકાળને 'આણવ' કહે છે.

પ્રકાશકણને જોવા માટે જેટલો સમય થાય છે તે જ અણુમાત્રા અથવા આણવ કહ્યો છે. ચાર આણવોની એક માત્રા થાય છે. માત્રાનો આ જ ઉચ્ચારણકાળ હોય છે.

मानसे चाणवं विद्यात्कण्ठे विद्याद् द्विराणवम्। त्रिराणवं तु जिह्वाग्रे निःसृतं मात्रिकं विदुः॥१२॥

ઉચ્ચારણ કરતી વખતે મનમાં એક આણવ, કણ્ઠમાં બે આણવ તથા જીહ્વાગ્રમાં ત્રણ આણવ હોય છે. શ્રવ્ય(સાંભળી શકાય તેવો) બનીને જ્યારે અક્ષર બહાર નીકળે છે ત્યારે ચાર આણવોની પૂરી માત્રા થાય છે. એ ધ્યાનમાં રહે કે, માત્રાકાળથી ઓછા સમયનું ઉચ્ચારણ નથી થઇ શકતું આથી અર્ધમાત્રાને અનુચ્ચાર્ય માનતાં 'દુર્ગાસપ્તશતી' માં આવે છે કે,'**अर्धमात्रा स्थिता नित्या यानुच्चार्या विशेषतः।**

अवग्रहे तु कालः स्यादर्धमात्रात्मको हि सः । पदयोरन्तरे काल एकमात्रा विधीयते॥१३॥

જ્યાં અવગ્રહ ऽ આવે ત્યાં અર્ધમાત્રાકાળનો વિરામ કરવામાં આવે છે. અને બે પદોપદોની મધ્યમાં વિરામકાળની પૂરી એક માત્રા વિહિત છે.

एकमात्रो भवेद् ह्रस्वो द्विमात्रो दीर्घ उच्यते । त्रिमात्रस्तु प्लुतो ज्ञेयो व्यञ्जनं चार्धमात्रिकम्॥ १६॥

એક માત્રાવાળા સ્વરને હ્રસ્વ, બે માત્રાવાળા સ્વરને દીર્ઘ તથા ત્રણ માત્રાવાળા સ્વરને પ્લુત જાણવા જોઈએ. વ્યઞ્જનની અર્ધી માત્રા હોય છે.

અહીં એ જાણવું જોઈએ કે, ઓંકારનો જાપ કરતી વખતે વચમાં જે અર્ધી માત્રાનો કાળ છૂટી જાય છે, તે જ પરબ્રહ્મ છે જ્યારે ઉચ્ચારિત ॐ શબ્દબ્રહ્મ કહ્યો છે.

पाठ-दोष।

शङ्कितं भीतमुद्धृष्टमव्यक्तं सानुनासिकम् । काकस्वरं शीर्षगतं(मूर्ध्निगतं) तथा स्थान विवर्जितम् ॥28॥

विस्वरं विरसं चैव विश्लिष्टं विषमाहतम् । व्याकुलं तालुहीनं च पाठदोषाश्चतुर्दश॥२९॥

પાઠદોષ ચૌદ પ્રકારે છે. ૧. એવું લાગવું કે, બોલનાર શંકાયુક્ત છે. એને એમ થતું હોય કે, પોતે બરાબર બોલી શકે છે કે નહીં. ૨. વક્તા ડરતો હોય એવું લાગે. ૩. વર્ણને વધારે ઘસીને બોલવો. ૪. ઉચ્ચારણ સ્પષ્ટ સંભળી ન શકાય. ૫. ઉચ્ચારણ કરતી વખતે નાસિકા એટલી બધી સક્રિય રહે કે, નિરનુનાસિક પણ સાનુનાસિક બની જાય. ૬. કાગડા જેવો સ્વર કાઢવો. ૭. એવું ઉચ્ચારણ કરવું કે, જે મૂર્ધા પર ચડી જાય. ૮. વર્ણને તેના સ્થાનથી વિપરિત સ્થાનેથી બોલવો. ૯. સ્વર કે, બલાઘાત નો પ્રયોગ બરાબર ન કરવો. ૧૦. શુષ્ક ઉચ્ચારણ કરવું. ૧૧. સંશ્લેષની વિરુદ્ધ વર્ણ કે પદને દૂર-દૂર કરી નાખવા.૧૨. અયોગ્ય સ્થાને બલાઘાત કરવો. ૧૩. વક્તા ખૂબ વ્યાકુળ હોય તેવા ઉચ્ચારણ કરે. ૧૪. લય અને તાલ વગર બોલે. આ ચૌદ પાઠદોષો દૂર રાખે તો ચૌદ ગુણ બની જાય છે.

વિસર્ગનું ઉચ્ચારણ:-

यथा बालस्य सर्पस्य निःश्वासो लघुचेतसः । एवमूष्मा प्रयोक्तव्या हकारपरिवर्जिता॥ ७४॥

લઘુચેતા-અલ્પશક્તિ સર્પશાવકનો જેવો નિઃશ્વાસ હોય છે, તેવો વિસર્ગનો પ્રયોગ કરવો જોઈએ. વિસર્ગના ઉચ્ચારણમાં 'હકાર' વર્જીત છે.

હલકા નિઃશ્વાસ જેવી લઘુતા વિસર્ગમાં અપેક્ષિત છે, હકારથી વિસર્ગ જુદો પડે છે.

लृकारस्य तु दीर्घत्वं नास्ति वाजसनेयिनः॥१२३॥

વાજસનેયીસંહિતાના શુક્લયજુર્વેદિઓ પ્રમાણે દીર્ઘ 'લૃ કાર' થતો નથી.

અનુસ્વાર માટે વિશેષ:

वर्णे तु मात्रिके पूर्वे ह्यनुस्वारो द्विमात्रिकः। द्विमात्रे मात्रिकः स स्यात् संयोगाद्यश्च यो भवेत् ॥१४२॥

અનુસ્વારની પહેલાં હ્રસ્વ સ્વર હોય તો અનુસ્વારની બે માત્રા થઈ જાય છે. અને જો પૂર્વવર્તી સ્વર દીર્ઘ હોય તો અથવા તરત જ સંયુક્તાક્ષર હોય તો અનુસ્વાર એકમાત્રિક રહેશે. જેમકે, 'રામં ભજતિ'માં અનુસ્વારની બે માત્રા ગણાશે. અને અહીં પાણિનીય શિક્ષાનો રઙ્ગના ઉચ્ચારણનો નિયમ લાગુ પડશે. જેમાં, હૃદયમાં એક માત્રા, કણ્ઠમાં અર્ધી, અને નાસિકામાં અર્ધી માત્રા હોય છે. આ રીતે અનુસ્વારની અર્ધી માત્રા શ્રાવ્ય બને છે. 'રમાં ભજતિ' માં અનુસ્વારનો પૂર્વવર્તી દીર્ઘ સ્વર છે, આથી અનુસ્વારની એક માત્રા રહે છે. 'રામં સ્મરતિ' માં સંયોગ પહેલાં અનુસ્વાર આવેલ હોવાથી અર્ધી માત્રા કણ્ઠમાં અને અર્ધી નાસિકામાં ગણી એક માત્રા થાય છે.

मकारान्ते पदे पूर्वे सवर्णे परतः स्थिते। मसवर्णं विजानीयादिमम्म इति दर्शनम् ॥१४३॥

૧ જો, પૂર્વપદ મકારાન્ત હોય, અને પરવર્તી પદનો આદિવર્ણ પણ મકાર હોય તો, ત્યાં અનુસ્વારનું ઉચ્ચારણ મકાર જ થાય. 'ઈમમ્મે' અનુસ્વારનો પરસવર્ણ થાય છે. (સ્પર્શ વ્યઞ્જનોના અનુનાસિક- ઙ-ઞ-ણ-ન-મ) પદાન્તવર્તી અનુસ્વારનો પરસવર્ણ વિકલ્પે થાય છે.

अनुस्वारो द्विमात्रः स्याद्दवर्णव्यञ्जनादिगः । ह्रस्वाद् वा यदि वा दीर्घात् देवानां हृदये यथा ॥१४४॥

૧ઋકારાન્ત (ઋકાર દીર્ઘ હોય કે હ્રસ્વ) વ્યઞ્જન પહેલાં આવતાં અનુસ્વારની બે માત્રા થાય છે. 'દેવાનાં હ્રદયે' આનું ઉદાહરણ છે. પૂર્વવત્ અર્ધી માત્રા જ શ્રવ્ય થશે પણ અહીં ઉચ્ચારણની પ્રક્રિયા સ્પષ્ટ કરી છે.

यकार તથા **वकार** ના વિષયમાં----

पादादौ च पदादौ च संयोगावग्रहेषु च। ज शब्द इति विज्ञेयो योऽ न्यः स य इति स्मृतः॥१५२॥

પાદ તથા પદની શરુઆતમાં અને સંયોગ તથા અવગ્રહ-ઽ માં યકારનું ઉચ્ચારણ જકારવત્ થાય છે. અન્યત્ર આવનાર 'યકાર' પોતાના ઈષત્સ્પૃષ્ટ રુપમાં ઉચ્ચારિત થાય છે.

શુક્લયજુર્વેદમાં આવું જ ઉચ્ચારણ કરવામાં આવે છે. જેમકે, **यम ने जम(यम) कार्य ने कार्ज्ज(कार्ष्य)** ઈત્યાદિ ઉચ્ચારણ કરે છે.લૌકિક ઉદાહરણ માત્ર પદાદિ અને સંયોગના જ સુલભ છે. પાદના આદિના પદાદિમાં જ અન્તર્ભાવ થઈ જાય છે.

ધ્વનિ-પરિવર્તનની ઘટનાઓમાં "ય" નો "જ" અને "ષ" નો "ખ" નજરે ચડી આવે છે. શિક્ષાસૂત્રોમાં પણ આ વાત ધ્યાનમાં લેવાઈ છે. યજુર્વેદમાં આ દૃષ્ટિકોણ પ્રચલિત છે; જે ઋગ્વેદમાં નથી.

જો કે, "વર્ણોચ્ચાર શિક્ષા"માં સ્વામી દયાનન્દ સરસ્વતી કેટલાક અશુદ્ધ ઉચ્ચારણોમાં થતા ધ્વનિ-પરિવર્તન વિષે લખે છે. જ્ઞ નું ઉચ્ચારણ ગ્ય-ગ્ન-દ્દ્ન,ય નો જ અને ષ ના ખ ઉચ્ચારણો દોષિત ગણ્યા છે.

જેમાં 'જ્ઞ'નું શુદ્ધ ઉચ્ચારણ જ્+ઞ= જ્ઞ છે. પરંતુ ગુજરાતીમાં ગ્ન, હિન્દીમાં ગ્ય, અને મરાઠીમાં દ્દ્ન ઉચ્ચાર થાય છે વળી કેટલીક જગ્યાએ ષ નું ઉચ્ચારણ શ-સ કે ખ થાય છે. ય ની જગ્યાએ જ નું ઉચ્ચારણ કરવામાં આવે છે. વેદો અને સંસ્કૃત સાહિત્યની વાચના વખતે કેટલાક ઉચ્ચારણોની જાણકારી કાળક્રમે લુપ્ત થઈ હોય તેવું જણાય છે. વિવિધ શિક્ષાસૂત્રો કે પ્રાતિશાખ્યોમાં આ વાત ધ્યાનબહાર રહી હોય તેમ નથી. પણ આવી ભૂલો કે ઉચ્ચારણના દોષો આપણા નજીકના વિશ્વમાં સર્વત્ર વત્તે ઓછે અંશે પ્રસરેલા છે. સંસ્કૃતભાષાની રચના સમયે આખા વિશ્વની (આર્યોના ભ્રમણકાળ દરમ્યાન સંપર્કમાં આવેલી) ભાષાઓનું શબ્દભંડોળ સામે હતું જેને મઠારી સંસ્કૃત બનાવવાનું હતું. જેમકે, સંસ્કૃતમાં જ્ઞા= જાણવું. જેવો જ શબ્દ તોખારી ભાષામાં હતો KNOW= જાણવું. આનો ઉચ્ચાર સ્પેલિંગ મુજબ ક્નો નથી થતો પણ નો થાય છે. અહીં પણ જ્ઞ ની જેમ જ્+ઞ ની જેમ ક્+ન હશે પણ શુદ્ધ ઉચ્ચારણ જરા અઘરું પડે એવું લાગતું હોઈ નો ઉચ્ચારણ સ્વીકારી લીધું હોવાનું માની શકાય, અને તેવી જ રીતે જ્ઞ નું શુદ્ધ ઉચ્ચારણ અઘરું લાગતા પરિવર્તનો થયા હોય. એની નોંધ જ્ઞા-જાનાતિ, યજ્ઞ-યજન કરવું. આવા ફેરફારો સહેલાયથી ઉચ્ચાર થઈ શકે એટલા માટે જ હોય. <u>મારું માનવું છે કે, ઞ પદાન્તે બોલવામાં ખાસ વ્યાયામ કરવો પડે છે. (ઙ-ઞ પદના આદિ-અંતમાં ઉચ્ચારી શકાતા નથી. ણ આદિમાં ઉચ્ચારી શકાતો નથી છતાં પ્રાકૃતમાં પ્રયોગ થાય છે. ન-મ અનુનાસિક હોવા છતાં સ્વતંત્ર વ્યઞ્જન પણ છે. અને પદના આદિ-મધ્ય-અન્તમાં બોલી શકાય છે, ન-મ થી શરુ થતા શબ્દો ઘણા છે.)</u>

'ય' ના 'જ' ની બાબતમાં અન્ય વિદેશી ભાષાઓમાં પણ જેકોબ-જુસબ-જેશુઆ શબ્દોનું મૂળ સ્વરુપ યાકુબ-યોસેફ-યહોવાહ હોઈ શકે છે. આપણે યાદવનું ઉચ્ચારણ જાદવ કરીએ છીએ. અને બીજા ઘણા એવા શબ્દોમાં ય નો જ બોલીએ છીએ: યક્ષ > જક્ષ, યમુના > જમુના, યતિન > જતિન, યાદવ > જાદવ, યાત્રા > જાત્રા. વગેરે......

'ષ' નું 'ખ' માં ધ્વનિપરિવર્તન પણ માનવ-સહજ છે. અફઘાનના પખ્તૂન શ્બ્દમાં પણ મૂળ પષ્ટૂન શબ્દ છે. આપણે યજુર્વેદીય પુરુષસૂક્તના ઉચ્ચારણોમાં सहस्त्रशीर्षा पुरुषाः।ને બદલે सहस्त्रशीर्खा पुरुखाः। ઉચ્ચારણ કરીએ છીએ, પરંતુ આ દોષિત ઉચ્ચારણ ગણાતું નથી. लघु अमोघानन्दिनी शिक्षा। અને केशवी शिक्षा। (सूत्रात्मिका) માં य ના ज, અને ष ના ख ઉચ્ચારણ બાબતે શાસ્ત્રિય ચર્ચા કરવામાં આવી છે.

આ 'ય' નો 'જ' અને 'ષ' નો 'ખ' નોંધપાત્ર ધ્વનિપરિવર્તનો સર્વત્ર વ્યાપક પણ છે. "ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ"નામના પુસ્તકમાં પંડિત બેચરદાસે ગુજરાતીમાં થતા કેટલાક વર્ણોના ધ્વનિ પરિવર્તનો નોંધ્યા છે. આવા પરિવર્તનો કુદરતી રીતે થાય છે, કે પ્રાદેશિક પરિસ્થિતિઓના કારણે થાય છે, કે માનવસહજ દોષોથી થાય

છે, તેની સ્પષ્ટતા ક્યાંય જોવા મળી નથી. 'જ' અને 'ય' તાલવ્ય સ્થાનના ઉચ્ચારણો છે. પરંતુ 'ષ' અને 'ખ' માં બંને મહાપ્રાણ ધ્વનિ સિવાય સામ્ય દેખાતું નથી.

वकारस्त्रिविधः प्रोक्तो गुरुर्लघुर्लघूत्तरः ।आदौ गुरुर्लघुर्मध्ये पदान्ते च लघूत्तरः॥ १५३॥

वकार ત્રણ પ્રકારનો કહ્યો છે- ગુરુ-લઘુ-લઘૂત્તર. પદાદિમાં ગુરુ, મધ્યમાં લઘુ અને પદાન્તમાં લઘૂત્તર થાય છે.આને જ ગુરૂચ્ચારણ, લઘૂચ્ચારણ અને લઘૂચ્ચારણતર કહ્યો છે. યકાર તથા વકારના ઉચ્ચારણને લઈને એ દૃષ્ટવ્ય છે કે, જ્યારે ગુરુ ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે વ્વકારની જેમ થાય છે. લઘુ ઉચ્ચારણ સામાન્ય સ્વરૂપ છે. લઘૂચ્ચારણતરમાં શ્રુતિમાત્ર બચે છે જેના વિષયમાં પાણિનિસૂત્ર છે—

व्योर्लघुप्रयत्नतरः शाकटायनस्य।(पा-सू-८-३-१८).પદના અંતમાં આવતા વકાર અને યકાર ના સ્થાને લઘુપ્રયત્નતર અથવા લઘૂચ્ચારણતર વકાર તથા યકાર થાય છે. ભટ્ટોજિદીક્ષિતે આ સૂત્ર પર લઘૂચ્ચારણનો અર્થ સ્પષ્ટ કર્યો છે. **यस्योच्चारणे जिह्वाग्रोपाग्रमध्यमूलानां शैथिल्यं स लघूच्चारणः ॥**.જે રીતે યકાર અથવા વકારના ઉચ્ચારણમાં જિહ્વાના અગ્ર, ઉપાગ્ર, મધ્ય અને મૂલ શિથિલ રહે છે એને લઘુ ઉચ્ચારણ કહ્યું છે.વેદોમાં જ્યાં ગુરુ ઉચ્ચારણ થાય છે ત્યાં બે વકાર લખાય છે જેમ કે, **मधुव्वाता ऋतायते।** આવી રીતે યકારને પ્રકારાન્તરથી

જ=**ष** લખાય છે. જેમ કે, **षच्च भाव्यम् ।**

લઘુપ્રયત્નતરનું ઉચ્ચારણ અલ્પશ્રવ્ય રહે છે. પૂર્ણશ્રવ્યતા ગુરૂચ્ચારણ તેમજ લઘૂચ્ચારણમાં જ મેળવી શકાય છે. પદાદિ અને સંયોગમાં ગુરૂચ્ચારણ જ મળે છે. આથી ત્યાં ઘણું કરી જ અને વ બોલાય છે. યાજ્ઞવલ્ક્યશિક્ષામાં યકારના જકાર ઉચ્ચારણને વૈદિક માન્યતા આપી છે. પરંતુ વકારને બકારની જેમ કરાતો નથી. ત્યાં ઘર્ષી-દન્ત્યોષ્ઠ ઉચ્ચારણ જ સ્વીકાર્ય છે.

કાત્યાયન-પરિશિષ્ટસૂત્રમાં યકારવિષયક ઉચ્ચારણ ઉપર કહ્યું છે કે,

अथान्तस्थानामाद्यस्य पदादिस्थस्यान्यहलसंयुक्तस्य संयुक्तस्यापि रेफोष्मान्त्याभ्यामृकारेण

चाविशेषाणादिमध्यावसानेषूच्चारणे जकारोच्चारणं द्विर्भावेप्येव्यम् ।(माध्यन्दिनवाजसनेयाह्निकम् –पृ.९९)

અર્થાત્ અન્તસ્થોમાં પ્રથમ યકાર છે. તે પદની શરુઆતમાં હોય, અસંયુક્ત હોય અથવા રેફ઼ કે હકાર થી સંયુક્ત હોય તો સમાનરુપથી આદિ, મધ્ય તથા અન્તમાં જકારોચ્ચારણ થાય છે. એવી રીતે દ્વિત્વ થાય ત્યારે પણ માનવું જોઇએ. અહીં વકારના ઉચ્ચારણની વ્યવસ્થા આપી છે.

अथान्त्यस्यान्तस्थानां पदादिमध्यान्तस्थस्य त्रिविधं गुरुमध्यमलघुवृत्तिभिरुच्चारणम् ।(तत्रैव)

અર્થાત્ અન્તસ્થોમાં અન્તિમ વકાર છે. જેનું ત્રિવિધ ઉચ્ચારણ થાય છે... પદના આદિમાં ગુરૂચ્ચારણ, મધ્યમાં મધ્યમોચ્ચારણ અને અન્તમાં લઘૂચ્ચારણ.

रङ्ग

रङ्गे चैव समुत्पन्ने नो ग्रसेत् पूर्वमक्षरम् । स्वरं दीर्घं प्रयुञ्जीत पश्चान्नासिक्यमुच्चरेत्॥ १६९॥

यथा सौराष्ट्रिका नारी आराँ२ऽ इतिभिभाषते ।एवं रंङ्गः प्रवक्तव्यो ङकारपरिवर्जितः ॥१७०॥

કેટ્લાક ફ઼ેરફ઼ાર સાથે આ કારિકાઓ પાણિનિય શિક્ષામાં આવી ગઈ છે. અહીં એક તથ્ય વિશેષ છે કે, રઙ્ગનું ઉચ્ચારણ ઙકાર જેવું ન હોવું જોઇએ.

ઉચ્ચારણના વિષયમાં વિશેષઃ

व्याघ्री यथा हरेत्पुत्रान्दन्ताभ्यां न तु पीडयेत्। भीता पतनभेदाभ्यां तद्वद्वर्णान्प्रयोजयेत् ॥१७९॥ पा.शि.२५॥

જે રીતે વાઘણ (અથવા બિલાડી) પોતાના બચ્ચાને તીક્ષ્ણ દાંતોથી પકડીને લઇ જવામાં એવી સાવધાની વર્તે છે કે, શિશુને કષ્ટ ન થાય, કે ન પડી જાય. એવી રીતે વર્ણોનો પ્રયોગ-ઉચ્ચારણ કરતી વખતે ઉચ્ચારણકર્તા માટે પણ આવશ્યક છે કે નતો તે વર્ણોને પીડિત કરે, ન તો પાડી દે, ન તોડી નાખે. વર્ણોની અસ્પષ્ટતા એનું પતન(પડવું) છે અને વિકૃત ઉચ્ચારણ જ ભેદ છે. ઉચ્ચારણકર્તા આ પતન અને ભેદથી ભયભીત રહેતો સાવધાન હોવો જોઇએ.

मधुरं च न चाव्यक्तं व्यक्तं चापि न पीडितम् । सनावस्येव देशस्य न वर्णाः सङ्करं गताः ॥१८०॥

ઉચ્ચારણ મધુર હોય પણ અસ્પષ્ટ નહીં અને સ્પષ્ટ હોય પણ પીડિત નહીં. અહીં પીડિત એ કહેવાશે જે અનાવશ્યક નિર્ઘાત સાથે બોલવામાં આવે. જે રીતે સારા રાજાના દેશમાં વર્ણસઙ્કર નથી હોતા તેમ સમુચિત ઉચ્ચારણમાં વર્ણસઙ્કર નથી મળતા.

यथा सुमत्तनागेन्द्रः पादात्पादं निधापयेत् । एवं पदं पदाद्यन्तं दर्शनीयं पृथक् पृथक् ॥१८१॥

જે રીતે મતવાલો હાથી એક પગ પછી બીજો પગ રાખે છે, એવી રીતે પદોનું ઉચ્ચારણ કરવું જોઇએ જેથી પદના આદિ અને અન્ત પૃથક્ પૃથક્ જાણી શકાય.

गीती शीघ्री शिरःकम्पी यथालिखित-पाठकः ।अनर्थज्ञोऽल्पकण्ठश्च षडेते पाठकाधमाः ॥१८२॥

પાણિનિયશિક્ષામાં 'તથાલિખિત' છે અને અહીં 'યથાલિખિત' છે જે અધિક સ્પષ્ટ છેઅભિપ્રાય આપે છે કે, જેવું લખવામાં આવે છે તેવું વાંચવામાં નથી આવતું પરંતુ સમ્પ્રદાય જાણીને ઉચ્ચારણ કરવું જોઇએ.

माधुर्यमक्षरव्यक्तिः पदच्छेदस्तु सुस्वरः । धैर्यं लयसमत्वं च षडेते पाठके गुणाः ॥ १८३॥

પાણિનિય શિક્ષામાં આ કારિકા છે. ત્યાં "પાઠકા ગુણાઃ" પાઠ યોગ્ય જણાય છે. બીજું પાણિનિમાં "લયસમર્થમ્" પાઠ છે જ્યારે અહીં "લયસમત્વમ્"પાઠ છે એનો અર્થ લયમાં વ્યાઘાત ન હોવો જોઇએ. આના આધારે આગળ કહ્યું છે....

आचार्याः सममिच्छन्ति पदच्छेदन्तु पण्डिताः । स्त्रियो मधुरमिच्छन्ति विक्रुष्टमितरे जनाः ॥ १८४॥

કે, આચાર્યો ઇચ્છે છે કે, કે લયમાં વાંચવામાં આવે, આદિથી અન્ત સુધી એનો નિર્વાહ થાય. એ જ લયસમત્વ છે. વિદ્વાનો પદચ્છેદ ઇચ્છે છે અર્થાત્ અલગ-અલગ પદોની પ્રતીતિ જરુરી માને છે. સ્ત્રીઓ મધુરતા ઇચ્છે છે, બીજા લોકો ચિલ્લાહટ પસન્દ કરે છે,

અન્તમાં એમ જ કહેવું છે કે, ઉચ્ચારણ અને વાંચનની શુદ્ધતા જ શિક્ષાશાસ્ત્રનો પ્રતિપાદ્ય વિષય છે. અશુદ્ધ પાઠથી કથ્યનો અર્થ સ્પષ્ટ નથી થતો. પાઠમાં અર્થનું અનુસંધાન ન થાય અને સ્પષ્ટ વંચાય તો પણ તેને ઉત્તમ માન્યો છે.

उत्तमं सार्थपाठं च मध्यमं च निरर्थकम् ।विनार्थं शुद्धपाठश्चेदुत्तमेन समं भवेत् ॥

અર્થાત્ સાર્થકપાઠ જ ઉત્તમ છે અને નિરર્થક કે અર્થાનુસંધાન વિના થયેલો પાઠ મધ્યમ માનવામાં આવે છે પરંતુ અર્થ વિના પણ જો શુદ્ધ પાઠ થાય તો ઉત્તમ જ ગણાય છે.

અહીં એ ધ્યાન રાખવું જોઇએ કે, આપણી વર્ણમાળા વૈદિક કે છાન્દસ છે, માટે આપણી આંતરિક સંરચનાને છાંદસ માની છે. વર્ણોના અશુદ્ધ ઉચ્ચારણથી છાન્દસ અન્તરાત્મા શુદ્ધ રુપ પ્રાપ્ત કરે છે. અને તેનાથી અશુદ્ધિઓનો ક્લુષ દૂર થાય છે. પાણિનીય શિક્ષામાં આથી ત્રન વાર કહ્યું છે કે, **ब्रह्मलोके महीयते ॥**

वर्णसमाम्नाय ॥

वर्णसमाम्नाय યા **अक्षरसमाम्नाय** ને **ब्रह्मराशि** કહેવાય છે. આજકાલ જે **वर्णमाळा** શબ્દ પ્રચલિત છે. તે જ પોતાના મૂળ રુપમાં **वर्णसमाम्नाय** છે વળી આ જ **शब्दब्रह्म** છે.

पाणिनि-वर्णोच्चारण-शिक्षा માં વર્ણોની સંખ્યા ૬૩-નિર્દિષ્ટ છે. ऋक्-प्रातिशाख्य માં ૫૭, तैत्तरिय प्रातिशाख्य માં ૬૦. वाजसनेयी प्रातिशाख्य માં ૬૫-વર્ણ મળે છે. સંહિતાઓના આંતરિક પ્રમાણો અનુસાર ऋग्वेद ની ભાષામાં ૫૨ વર્ણ. તથા अथर्ववेद ની ભાષામાં ૪૯.
વર્ણોની સંખ્યાની વધઘટ માટે ઘણીવાર નીચેની બાબતો માની શકાય.

કેટલીક વાર પ્લુત સ્વરો ગણત્રીમાં લેવાતા નથી.

ॡ દીર્ઘ કે પ્લુત નથી હોતો, છતાં ગણત્રીમાં લેવાય છે.

અયોગવાહ અને યમના સ્વરુપોમાં એકરુપતા નથી. યાજ્ઞવાલ્ક્ય શિક્ષામાં કું-ખું-ગું-ઘું ને ચાર યમ ગણ્યા છે. પાણિનિ આઠ અયોગવાહ સ્વરુપોનું નિરુપણ કરે છે, જેમાંથી ચાર યમ પણ કહેવાય છે. આ વાસ્તવિકતાની વધુ નજીક જણાય છે.

अयोगवाहरूप	: विसर्जनीय	)(जिह्वामूलीय	)(उपध्मानीय	ं अनुस्वार
अयोगवाहरूप-यम	ख् ह्रस्व-गुं	೮ दीर्घ-गूं	ँ अनुनासिक	ळ

लघुशब्देन्दुशेखर માં પ્રાચીન ઉદ્ધરણ આ પ્રકારે છે જે પરંપરા સૂચવે છે.

।१। इदमक्षरछन्दो वर्णशः समनुक्रान्तम् । यथाचार्या ऊचुः – ब्रह्मा बृहस्पतये प्रोवाच ।

बृहस्पतिरिन्द्राय । इन्द्रो भरद्वाजाय । भरद्वाज ऋषिभ्यः । ऋषयो ब्राह्मणेभ्यः । तं

खल्विममक्षरसमाम्नायमित्याचक्षते । न भुक्त्वा न नक्तं प्रब्रूयाद् ब्रह्मराशिः ।

આ અક્ષરોના વેદ વર્ણરાશિના રુપમાં પ્રસાર પામે છે, આથી આ બ્રહ્મરાશિ છે. આચાર્યોએ એની પરંપરા બતાવી છે. બ્રહ્માએ બૃહસ્પતિને, બૃહસ્પતિએ ઇન્દ્રને, ઇન્દ્રે ભરદ્વાજને, ભરદ્વાજે ઋષિઓને અને ઋષિઓએ બ્રાહ્મણોને આપી. આને અક્ષરસમામ્નાય કહે છે. ભોજન કરીને કે રાત્રે આનો પાઠ ન કરવો જોઇએ. મહાભાષ્યના દ્વિતિય આહ્નિકમાં આ બ્રહ્મરાશિના વિષયમાં કહ્યું છે.

।२। सोऽयमक्षरसमाम्नायो वाक्समाम्नायः पुष्पितः फलितश्चन्द्रतारकवत् प्रतिमण्डितो ब्रह्मराशिः ।

सर्ववेदपुण्यफलावाप्तिश्चास्य ज्ञाने भवति । मातापितरौ स्वर्गे लोके महीयते ।

આ અક્ષરસામામ્નાય વાગ્વેદ છે જે ફુલી ફળી ચન્દ્રતારકવત્ વિસ્તાર લૈને બ્રહ્મરાશિ બને છે. આ જાણ્યા પછી બધા વેદોના પાઠનું પુણ્યફળ મળે છે. અને એના જાણવાવાળાના માતાપિતા સ્વર્ગલોકમાં પૂજાય છે. વૈયાકરણ-લઘુ-મઞ્જૂષા માં નન્દિકેશ્વરનું ઉદ્ધરણ આવે છે--

।३। अकारः सर्ववर्णाग्र्यः प्रकाशः परमएश्वरः । आद्यमन्त्येन संयोगादहमित्येव जायते ।

બધાય વર્ણોમાં પ્રથમ અકાર પ્રકાશસ્વરુપ પરમેશ્વર કહેવાય છે. આ આદિમ અકાર નો અન્તિમ હકાર સાથે સંયોગ થતાં 'અહમ્' ની નિષ્પત્તિ થાય છે. તાત્પર્ય એ છે કે, 'અ' થી 'હ' સુધીની વર્ણમાળા વ્યક્તિત્વોની નિર્માત્રી છે. જેનાથી અહન્તાનું સ્વરુપ બને છે. આ આગમ વચન અન્યત્ર આમ છે.

।४। अतोऽकारहकाराभ्यामहमित्यपृथक्तया । प्रपञ्चः शिवशक्तिभ्यां क्रोडीकृत्य प्रकाशते ॥ शिवसूत्रवार्तिक २.४९

આ પ્રકારે અકાર અને હકાર થી અપૃથગ્ભાવ લઈને જે "અહમ્" ની નિષ્પત્તિ થઇ છે એમાં સમગ્ર પ્રપઞ્ચ સમાયેલો છે. અને અકારરુપ શિવ તથા હકારરુપ શક્તિ સાથે પ્રકાશમાં આવે છે.
૫. આ વર્ણમાળાને અક્ષમાળા પણ કહે છે. જેમાં શિવથી ક્ષિતિપર્યન્ત તત્ત્વસમૂહ આવે છે.

।५। अकारादिक्षकारान्त-पञ्चाशद् वर्णविग्रहः।शिवादिक्षितिपर्यन्त-तत्वग्राम उदाहृतः । शिवसूत्रवार्तिक १.२६-२७

અર્થાત્ અકારથી ક્ષકારપર્યન્ત પચાસ વર્ણોના સ્વરુપવાળા તત્વસમૂહ છે. જે શિવથી લઇને ક્ષિતિપર્યન્ત આવે છે. આ વર્ણમાળામાં સોળ સ્વર આવે છે. અ-આ-ઇ-ઈ-ઉ-ઊ-ઋ- ૠ-ऌ-ॡ-એ-ઐ-ઓ-ઔ-

અં-અઃ। આના સિવાય પચ્ચીસ વર્ગીય વ્યઞ્જન, ચાર અન્તસ્થ અને ચાર ઉષ્માક્ષર ઉપરાંત ક્ષ મેળવવાથી પચાસ થાય છે, આ અક્ષમાળા છે.

૬.સમસ્ત પ્રપઞ્ચ આ વર્ણમાળા વડે નામ પ્રાપ્ત કરે છે. આ પૃથક્-પૃથક્ વર્ણ નાદરુપ હોય છે જે વાયુઅના આઘાતથી બને છે. પરંતુ અનાહત સૌથી ઉપર છે-

।६। एको नादात्मको वर्णः सर्वनादविभागवान् ।सोऽनस्तमितरूपत्वादनाहत इति स्मृतः ॥ तन्त्रालोक॥

બધા આહત નાદોના વિભાજનથી રહિત એક નાદરુપ વર્ણ હોય છે જેને અનાહત કહે છે. એનું સ્વરુપ ક્યારેય અસ્ત નથી થતું. તાત્પર્ય એ છે કે, બધા આહત વર્ણ ઉત્પત્તિ-વિનાશ પામે છે પણ અનાહતનાદ એવો વર્ણ છે જે નથી ઉત્પન્ન થતો, નથી અસ્ત થતો. આ તથ્ય ઉપનિષદમાં આવે છે.

एको वर्णो बहुधा शक्तियोगाद् । वर्णाननेकान् निहितार्थो दधाति ॥ श्वेताश्वतर ४.१

અર્થાત્ એક અનાહત વર્ણ હોય છે જે વિભિન્ન વાચ્યવાચકશક્તિઓના યોગથી પોતામાં અર્થ ધારણ કરતો અનેક વર્ણોને પોતામાં નિહિત કરી રાખે છે.

અહીં જે વર્ણમાળાનો ઉલ્લેખ થયો છે તેમાં જિહ્વામૂલીય અને ઉપધ્માનીયને ઉમેરી દેવા જોઇએ, જેનો સમાવેશ વિસર્ગમાં થાય છે.

૭. તૈત્તિરીયપ્રાતિશાખ્ય(૧.૧.૭-૧૪)માં આમાંથી વ્યઞ્જનોનો વિભાગ કર્યો છે.

आद्याः पञ्चविंशतिः स्पर्शाः ।पराश्चस्त्रोऽन्तःस्थाः । परे षडुष्माणः (ᳵक श ष स ह ᳵप)।

स्पर्शानामानुपूर्व्येण पञ्च-पञ्च वर्गाः । प्रथमद्वितियतृतीयचतुर्थोत्तमाः । ऊष्मविसर्जनीयप्रथमद्वितिया अघोषाः ।

न हकारः ।व्यञ्जनशेषो घोषवान् ।

અર્થાત્ વ્યઞ્જનોમાં પ્રથમ પચ્ચીસ સ્પર્શ કહેવાય છે. પછી ચાર અન્તસ્થ (ય-ર-લ-વ), ત્યારબાદ છ ઉષ્મ છે (**ᳵक श ष स ह ᳵप**). પચ્ચીસ સ્પર્શમાં પાંચ-પાંચ વર્ણોના પાંચ વર્ગ છે. આ વર્ણ પ્રથમ, દ્વિતિય, તૃતિય, ચતુર્થ અને ઉત્તમ કે અન્તિમ કહે છે. ઊષ્મ, વિસર્ગ તથા વર્ગોના પ્રથમ-દ્વિતિય અઘોષ હોય છે, હ-કાર અઘોષ નથી હોતો. આ રીતે બાકીના વ્યઞ્જન સઘોષ હોય છે. (ઘોષ અઘોષનો તફાવત સમજવા માટે બંને કાનમાં આંગળી નાખી ક-ચ-ટ-ત-પ બોલવાથી અઘોષ હોવાથી ગુંજ નહીં સંભળાય. જ્યારે ગ-જ-ડ-દ-બ બોલવાથી ઘોષ- ગુંજ અનુભવાશે.)

अल्पप्राण: થી **महाप्राण:** પરિવર્તનો કેવી રીતે થાય છે તે નીચેનું કોષ્ટક સ્પષ્ટ કરે છે.

ᳵ આ નિશાની અર્ધવિસર્ગની છે.	महाप्राण प्रतिनिधि विसर्ग ᳵक ᳵ प	**अल्पप्राणः थी महाप्राणः**		महाप्राण प्रतिनिधि ह	
क च ट त प	ᳵक श ष स ᳵ प (अघोषः)	**ख छ ठ थ फ**	ग ज ड द ब	ह (घोषः)	**घ झ ढ ध भ**
विवारः	क+ᳵक=ख	विवारः	संवारः	ग+ह=घ	संवारः
श्वासः	च+श=छ	श्वासः	नादः	ज+ह=झ	नादः
अघोषः	ट+ष=ठ	**अघोषः**	घोषः	ड+ह=ढ	**घोषः**
अल्पप्राणः	त+स=थ	**महाप्राणः**	अल्पप्राणः	द+ह= ध	**महाप्राणः**
	प+ᳵप=फ			ब+ह=भ	

અહીં યાદ રહે કે, મૂળધ્વનિ એકવીસ છે, જેનો ફોનેશિયન આલ્ફાબેટમાં ઉપયોગ થયો છે. વેદમાં(ઋ-૭-૮૭-૪) પણ એકવીસ ધ્વનિનો ઉલ્લેખ છે. હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, સ્વરસંયોગ, વ્યઞ્જન-સંયોગ અનુસ્વાર, અનુનાસિક, વિસર્ગ, અલ્પપ્રાણ, મહાપ્રાણ... ધ્વનિ-પરિવર્તક સહાયકો માની શકાય. આવી વર્ણમાળાની રચના પાણિનિની અજોડ સિદ્ધિ ગણાય.

मूळ ध्वनि	अ इ उ ऋ ऌ	क च ट त प	ग ज ड द ब	न म	श ष स ह

૮. વર્ણ-રત્નદીપિકામાં એકવીસ સ્વર બતાવ્યા છે.

ऋपर्यन्तः स्वरास्त्रेधा ऌकारो ह्रस्व एव च । सन्ध्यक्षराण्यह्रस्वानि ते चैवं त्वेकविंशतिः । वर्णरत्नदीपिका ।

હ્રસ્વ, દીર્ઘ,પ્લુત ભેદથી અ-ઇ-ઉ-ઋ ના ત્રણ-ત્રણ સ્વરુપ હોય છે. ઌકાર હ્રસ્વ જ હોય છે. અને સન્ધ્યક્ષર (એ-ઐ-ઓ-ઔ) હ્રસ્વ ન હોવાથી માત્ર દીર્ઘ અને પ્લુત બે પ્રકારે જ હોય છે. આમ એકવીસ સ્વર છે. અહીં પ્લુત ઌકાર લીધો નથી. ઉપર જે પચાસ વર્ણની ગણના થઇ, તેમાં પ્લુતોનું ગ્રહણ નથી. પરંતુ ઌકારને દીર્ઘ માની લીધો છે. પાણિનિએ (**त्रिषष्टिः**) ત્રેસઠ વર્ણોની બ્રહ્મરાશિ બતાવી છે, એમાં દુઃસ્પૃષ્ટ(ળ)અને યમ આવે છે.

૯. દુઃસ્પૃષ્ટના સ્થાને દ્વિસ્પૃષ્ટ પણ કહેવાય છે.

द्विःस्पृष्टता च विज्ञेया डढयोः स्वरमध्ययोः । पदकाले वियुज्यन्ते द्विःस्पृष्टो न भवेत् तदा। वर्णरत्नदीपिका ।

અર્થાત્ સ્વરોના મધ્યમાં આવતાં ડકાર અને ઢકાર દ્વિસ્પૃષ્ટ થાય છે. અને જ્યારે પદપાઠમાં તે સ્વરોથી વિયુક્ત થાય છે ત્યારે દ્વિસ્પૃષ્ટ નથી હોતા. દ્વિસ્પૃષ્ટતાનું કારણ આશ્વલાયનપ્રાતિશાખ્ય થી સ્પષ્ટ થાય છે.

जिह्वामूलं तालु चाचार्य आह स्थानं डकारस्य तु वेदमित्रः ।

ळ्हकारतामेति स एव चास्य ढकारः सन्नूष्मणा सम्प्रयुक्तः ॥

द्वयोश्चास्य स्वरयोर्मध्यमेत्य सम्पद्यते स डकारो ळकारः। माध्यन्दिनवाजसनेयाह्निकम् ।

અર્થાત્ આચાર્ય વેદમિત્રના મત પ્રમાણે ડકાર અને ઢકાર જ્યારે બે સ્વરોની વચ્ચે આવે છે તો ક્રમશઃ ળકાર અને ળ્હકાર થઇ જાય છે. અને એનું ઉચ્ચારણ સ્થાન જીહ્વામૂલ અને તાલુ હોય છે. આ પ્રકારે બે સ્થાનો પર સ્પર્શ મેળવવાથી એને દ્વિસ્પૃષ્ટ કહ્યો છે. અહીં ળ અને ળ્હ એના સિવાય ચાર યમ હોય છે

अयोगवाहरूप	: विसर्जनीय	)(जिह्वामूलीय	)(उपध्मानीय	ंअनुस्वार
अयोगवाहरूप-यम	ꣳ ह्रस्व-गुं	ꣴ दीर्घ-गूं	ँ अनुनासिक	ळ

આવા ઉચ્ચારણોનો નાસિકા-પ્રતિનિધિત્વ ધરાવે છે. (અનુસ્વાર અર્થાત્ સ્વર કે અર્ધસ્વર સાથે નાસિકાનું પ્રતિનિધિત્વ અને અનુનાસિક એટલે જે તે સ્થાન કણ્ઠ્ય-તાલુ-મૂર્ધન્ય-દંત્ય-ઓષ્ઠ્ય સાથે નાસિકાનું પ્રતિનિધિત્વ) હ્રસ્વ-ગું ꣳ અને દીર્ઘ-ગૂં ꣴ કે, ગોં-ગું અને ળ આ બંને વર્ણ અયોગવાહ ગણ્યા છે. એટલે કે, આ વર્ણ સ્વર-વ્યઞ્જન-સ્પર્શ-અન્તસ્થ-ઉષ્માક્ષરમાં સ્થાન મેળવી શકતા નથી. એટલે અ=નહીં, યોગ=જોડાઇ શકનાર, વાહ=વર્ણનો બોજો વહન કરનાર. અયોગવાહની ધારણાઓ યાજ્ઞવાલ્ક્ય શિક્ષામાં પાણિનીય શિક્ષા કરતાં જુદી પડે છે.

૧૦. ઔદવ્રજિના ઉલ્લેખથી પાણિનીય શિક્ષાના પઞ્જિકાભાષ્યમાં આવ્યું છે.

अनन्त्या अन्त्यसंयोगे मध्ये यमः पूर्वगुणः । इत्यौदव्रजिः ।

ઔદવ્રજિ પ્રમાણે સ્પર્શોના અન્ત્ય વર્ણના સંયોગમાં જો વર્ગીય પ્રથમ, દ્વિતિય, તૃતિય, ચતુર્થ આવે તો, મધ્યમાં પૂર્વ વર્ણના ગુણવાળો યમ થાય છે. આ વિષયમાં અન્ય શિક્ષાગ્રન્થો જોઇએ.

अनन्त्यश्च भवेत् पूर्वोऽन्त्यश्च परतो यदि । तत्र मध्ये यमस्तिष्ठेत् सवर्णः पूर्ववर्णयोः ॥नारदीय शिक्षा २.१.८॥

વર્ગીય અન્ત્ય વર્ણ પહેલાં હોય અને પરવર્ણ વર્ગીય અન્ત્ય હોય તો મધ્યમાં યમ રહે છે.જે પૂર્વ વર્ણનો સવર્ણ હોય છે.

चतुर्णां पञ्चमैर्योगे उत्पद्यन्ते यमाश्च ये । कुँ-खुँ-गुँ-घुँ इति च ते चत्वारो नात्र पञ्चमः ॥ वर्णरत्नदीपिकाशिक्षा १७॥

અર્થાત્ વર્ગીય ચાર વર્ણોના પાંચમા વર્ણ સાથે યોગ થયે, જે યમ હોય છે તે, કું,ખું,ગું,ઘું આ ચાર રુપમાં જ હોય છે, પાંચમો નહીં.

वर्गान्ता यत्र दृश्यन्ते शषसैः सह संयुताः ।यमास्तत्र निवर्तन्ते श्मशानदिव बान्धवाः ॥ माण्डूकीशिक्षा ११८॥

અર્થાત્ વર્ગોના અન્તિમ વર્ણ જો, શ-ષ-સ થી જોડાયેલા હોય તો ત્યાં યમ એવી રીતે નિવૃત થઇ જાય છે, જેમ શ્મશાનેથી સંબંધીઓ પાછા ફરી જાય છે તેમ. તાત્પર્ય એ છે કે, યમોના ઉચ્ચારણની વ્યવસ્થા માત્ર વ્યઞ્જનોના સંયોગથી થાય છે.

૧૧. યમોના ઉચ્ચારણના વિષયમાં આવે છે કે,

यमानुस्वारनासिक्या नासामूलभवा मताः ॥ वर्णरत्नदीपिकाशिक्षा ३४ ॥

યમ, અનુસ્વાર અને નાસિક્ય (હું) નું ઉચ્ચારણ નાસામૂલથી થાય છે.

===

વેદ મંત્રોનું અનુસંધાન:

"જ્ઞાન"

1. RV-3-62-10 तत्स॑वि॒तुर्वरे॑ण्यं॒ भर्गो॑ दे॒वस्य॑ धीमहि । धियो॒ यो नः॑ प्रचो॒दया॑त् ॥३.६२.१०॥

2. YV-30-2 तत्स॑वि॒तुर्वरे॑ण्य॒म्भर्गो॑ दे॒वस्य॑ धीमहि । धियो॒ यो नः॑ प्रचो॒दया॑त्॥30-2॥

3.YVS-36-3 भूर्भुवः॒ स्वः॑ । तत्स॑वि॒तुर्वरे॑ण्य॒म्भर्गो॑ दे॒वस्य॑ धीमहि । धियो॒ यो नः॑ प्रचो॒दया॑त्॥

1.RV-3-62-10 2. YV-30-2 3. YVS-36-3

તે સૂર્યદેવનું ધ્યાન ધરીએ જે અમારી બુદ્ધિને (માનવતાસભર- પરોપકારી-સન્માર્ગમાં) પ્રેરણા આપે.
એક સરસ અંગ્રેજી ભાષાન્તર છે.

We meditate on glory of creator, who is worthy to worship, who is source of knowledge, who is bright light, may illuminate our intellect.

ગાયત્રી મંત્ર વિશ્વામિત્ર ઋષિની રચના છે. તે ૨૪ અક્ષારો વાળા ગાયત્રી છન્દમાં રચાયો છે. ઋગ્વેદ - યજુર્વેદ - બ્રાહ્મણ - આરણ્યક - ઉપનિષદ - સ્મૃતિ લગભગ ઘણા ગ્રંથોમાં માન સભર ઉલ્લેખ છે. ખાસ કરી યજ્ઞોપવિત (ઉપનયન - દ્વિજ) આપતી વખતે અવશ્ય બોલાય છે.

સૂર્ય શ્યામ-ગૌર કે બીજા કોઈ ભેદભાવ રાખ્યા વિના સૌને સરખા પ્રકાશિત કરે છે તેમ, શ્યામવર્ણ અનાર્યોના સામુહિક નાશને બદલે યજ્ઞોપવિત આપી આર્યસંસ્કારમાં નવો જન્મ આપી દ્વિજ બનાવીએ. આવી પ્રેરણા વિશ્વના મિત્ર એવા વિશ્વામિત્રે સૂર્ય પાસેથી મેળવી છે.

ગાયત્રી મન્ત્ર આગળ ૐ ઈશ્વર વાચક છે. ભૂ:।ભૂવ:।સ્વ:।ત્રણ વ્યાહૃતિઓ છે. વ્યાહૃતિ એટલે મહાન ઉચ્ચારણ ગણાય છે, જે ઉપરના સાત લોક છે તે વ્યાહૃતિ છે. નીચેના સાત લોક પાતાળ છે. ઉપરના ત્રણેય લોકમાં આ મંત્ર વ્યાપ્ત રહે તેવો સંકેત છે. સાતેય વ્યાહૃતિ આમ છેઃ-

ॐ भू:। ॐ भूव:। ॐ स्व:। ॐ मह:। ॐ जन:। ॐ तप:। ॐ सत्यम्।

આ તૈત્તરીય આરણ્યક-૧૦-૨૭-૧ માં આવેલો મંત્ર છે. સાત પાતાળ આમ છે. અતલ, વિતલ, સુતલ, રસાતાલ, તલાતલ, મહાતાલ, પાતાલ અને છેલ્લે નરક છે. આ સાતેય વ્યાહૃતિ (ઉચ્ચલોકનું ઉચ્ચારણ) પ્રાણાયમ વખતે બોલવાનો નિયમ આર્યસમાજમાં છે.

4.RV-7-59-12

त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् । उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् ॥७.५९.१२॥

5.YV-3-60

त्र्यम्बकँयजामहे सुगन्धिम्पुष्टिवर्धनम् । उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् ।

त्र्यम्बकं यजामहे सुगन्धिं पतिवेदनम् । उर्वारुकमिव बन्धनादितो मुक्षीय मामुतः ॥ 60॥

4. RV-7-59-12 અને **5. YV-3-60**

અમે સુગન્ધિયુકત, પોષણ વધારનાર, ત્ર્યમ્બકનું યજન કરીએ, જે અમને કાકડીના ડીંટાની જેમ, (કાકડી-વેલાની સાથે ડીંટાથી જોડાયેલી હોય છે તે આપોઆપ છૂટી પડી જાય છે.) મૃત્યુના બન્ધનમાંથી મુકિત આપો, પણ અમૃતથી નહીં.

આ મંત્ર યજુર્વેદમાં પણ છે. પરંતુ ભાવાર્થ સમાન છે. મૃત્યુ માંથી મુકત થઈ અમૃત તરફ જવાની પ્રાર્થના વેદો-ઉપનિષદોમાં ઘણી જગ્યાએ આવે છે. ॐ असतो मा सद्गमय । तमसो मा ज्योतिर्गमय।मृत्योर्मा अमृतं गमय। બૃહદારણ્યક ઉપનિષદ ૧-૩-૨૮ આવા જ ભાવ વાળો મંત્ર અથર્વવેદમાં પણ છે.

6. AV-14-01-17

अर्यमणं यजामहे सुबन्धुं पतिवेदनम् । उर्वारुकमिव बन्धनात्प्रेतो मुञ्चामि नामुतः ॥१४.१.१७॥ अथर्ववेद॥

હે સુબન્ધુ! પતિને જ્ઞાન આપનાર, શ્રેષ્ઠોનું માન કરનાર તારૂં યજન કરીએ છીએ, કાકડી જેમ વેલાના બન્ધનમાંથી છૂટી પડી જાય છે તેમ, વર-વધુને વિયોગ-પાશથી છોડાવ, પ્રેમપાશથી નહીં.

7. RV-1-164-20 द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परि षस्वजाते ।

तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभि चाकशीति ॥१.१६४.२०॥

એક વૃક્ષ પર લગભગ એક જેવા બે પક્ષાઓ જીવાત્મા અને પરમાત્મા બેઠાં છે. તેમાંનું એક પક્ષા આ વૃક્ષના ફળોનો ભોગ કરી રહ્યું છે. જ્યારે બીજુ તેનો ભોગ નહીં પણ નિરીક્ષણ કરી રહ્યું છે.

આ મન્ત્ર શ્વેતાશ્વતર ઉપનિષદમાં પણ છે અને સિંધુ સભ્યતાની એક મુદ્રા સાથે જોડવામાં આવે છે પરંતુ તે મુદ્રામાં પક્ષીને બદલે શીંગડા અને કાનવાળી **(Mirror Image)** આકૃતિ અને પીપળ વૃક્ષ છે. (જુઓ આકૃતિઃ૧૨)

8. RV-10-90-1 to 16 પુરુષ સૂકત

(ઋ.મ,૧૦-અનુ.૭-સૂક્ત-૯૦)

ऋषिः नारायणः छन्दः अनुष्टुप् 1-15 त्रिष्टुप् 16 देवता पुरुषः

सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् । स भूमिं विश्वतो वृत्वात्यतिष्ठद्दशाङ्गुलम् ॥१॥

पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भव्यम् । उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ॥२॥

एतावानस्य महिमातो ज्यायाँश्च पूरुषः । पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि ॥३॥

त्रिपादूर्ध्व उदैत्पुरुषः पादोऽस्येहाभवत्पुनः । ततो विष्वङ्व्यक्रामत्साशनानशने अभि ॥४॥

तस्माद्विराळजायत विराजो अधि पूरुषः । स जातो अत्यरिच्यत पश्चाद्भूमिमथो पुरः ॥५॥

यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत । वसन्तो अस्यासीदाज्यं ग्रीष्म इध्मः शरद्धविः ॥६॥

तं यज्ञं बर्हिषि प्रौक्षन्पुरुषं जातमग्रतः । तेन देवा अयजन्त साध्या ऋषयश्च ये ॥७॥

तस्माद्यज्ञात्सर्वहुतः सम्भृतं पृषदाज्यम् । पशून्ताँश्चक्रे वायव्यानारण्यान्ग्राम्याश्च ये ॥८॥

तस्माद्यज्ञात्सर्वहुत ऋचः सामानि जज्ञिरे । छन्दांसि जज्ञिरे तस्माद्यजुस्तस्मादजायत ॥९॥

तस्मादश्वा अजायन्त ये के चोभयादतः । गावो ह जज्ञिरे तस्मात्तस्माज्जाता अजावयः ॥१०॥

यत्पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयन् । मुखं किमस्य कौ बाहू का ऊरू पादा उच्येते ॥११॥

ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः । ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥१२॥

चन्द्रमा मनसो जातश्चक्षोः सूर्यो अजायत । मुखादिन्द्रश्चाग्निश्च प्राणाद्वायुरजायत ॥१३॥

नाभ्या आसीदन्तरिक्षं शीर्ष्णो द्यौः समवर्तत । पद्भ्यां भूमिर्दिशः श्रोत्रात्तथा लोकाँ अकल्पयन् ॥१४॥

सप्तास्यासन्परिधयस्त्रिः सप्त समिधः कृताः । देवा यद्यज्ञं तन्वाना अबध्नन्पुरुषं पशुम् ॥१५॥

यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन् । ते ह नाकं महिमानः सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः ॥१६॥

પુરુષ સૂક્ત

8. RV-10-90-1 to 16

ઋગ્વેદમાં આ બહુ મહત્વનું સૂક્ત છે. અહીં વિશ્વરૂપી વિરાટ પુરુષની કલ્પના કરવામાં આવી છે. વિરાટ પુરુષના મુખ માંથી બ્રાહ્મણ અને પગ માંથી શૂદ્ર ઉત્પન્ન થયા છે. ચાર વેદો છે. વગેરે ઘણી બાબતોનો ઉલ્લેખ છે. વળી યજ્ઞ-યાગની વિધિઓ, કથા-પારાયણની શરૂઆતમાં અવશ્ય બોલાય છે. ઋગ્વેદમાં ૧૦ માં મણ્ડલમાં ૯૦ મું સૂક્ત છે. ૧૬ મંત્રો છે. આ જ સોળ મન્ત્રો યજુર્વેદના ૩૧ મા અધ્યાયમાં છે અહીં છ મંત્રો વધારે છે.

વિરાટ પુરુષ હજાર મસ્તક વાળો, હજાર આંખ વાળો, હજાર પગ વાળો, ભૂમિ અને વિશ્વમાં પ્રસરેલો દશ આંગળીઓથી શોભે છે. ૧.

વિરાટ પુરુષ જ સર્વસ્વ છે. જે ઉત્પન્ન થયું છે અને ભવિષ્યમાં થશે તેનું કારણ છે, અમૃત તત્વનો સ્વામી છે. તેમજ અન્નથી વિકસતા જીવોનો પણ.૨.

આ સંસારના સામર્થ્યથી અને વિશ્વના ભૂતો - પદાર્થોથી ય વિશાળ પુરુષના ત્રણ ચરણ પ્રકાશે છે. ૩.

ત્રણ ચરણ વાળો પુરુષ ઉપર અને અહીં સર્વત્ર જાણી શકાય છે. તેનું એક ચરણ આ જગતરૂપ છે. જે ભોજન લેનારા અને ભોજન ન લેનારાઓમાં (જડ - ચેતનમાં) વ્યાપ્ત છે.૪.

તેનામાંથી આ વિરાટ વિશ્વ ઉત્પન્ન થયું છે, તે વિરાટનો અધિષ્ઠાતા છે. સર્વવ્યાપક અને મહાન પુરુષે ભૂમિ અને શરીરો પ્રગટ કર્યા.૫.

જે યજ્ઞમાં પુરુષ દ્વારા વિદ્વાનો અને દેવો પ્રગટયા. તેમાં વસંત ઘી સમાન રહી. ગ્રીષ્મ ઈંધન સમાન અને શરદ ઋતુ હવિ - પ્રસાદ સમાન રહી.૬.

તે યજ્ઞમાં સર્વ પ્રથમ પ્રગટેલા પુરુષોને હૃદયમાં યજ્ઞમાં દિક્ષિત થયેલાંની જેમ અભિષેક કરીએ. દેવો (વિદ્વાનો), સાધકો, ઋષિગણ બધા તેનું યજન કરે.૭.

સર્વે જગતની આહુતિ લેનાર યજ્ઞ-પુરુષે, પુષ્ટિદાયક-તૃપ્તિદાયક પદાર્થોના સર્જનારે, અરણ્યવાસી, વાયુમાં ઉડનારા, ગ્રામ્યવાસી પશુઓ સર્જ્યાં છે.૮.

સર્વ જગતની આહુતિ લેનાર પુરુષે ઋચાઓ, સામગાન, છન્દ, યજુર્વેદનું સર્જન કર્યુ. ૯.

(અહીં ઋગ્વેદ-સામવેદ-છન્દ એટલે અથર્વવેદ, અને યજુર્વેદનો સંકેત છે.) તેણે અશ્વો અને જડબાવાળા પશુઓ,ગાયો અને બકરીઓ સર્જી.૧૦.

જે પુરુષનું વિશેષ રૂપથી વર્ણન કર્યુ તેના મુખ-બાહુ-જાંઘ- બે પગો શું કહેવાયા ? ૧૧.

બ્રાહ્મણ વિરાટ પુરુષના મુખમાં રહ્યા, ક્ષત્રિયો-રાજાઓ બે હાથ બન્યા. વૈશ્યો જાંઘ માંથી અને શૂદ્રો ચરણમાંથી ઉત્પન્ન થયા.૧૨.

વિરાટ પુરુષના મનમાંથી ચન્દ્ર ઉત્પન્ન થયો.બે આંખમાંથી સૂર્ય, મુખમાંથી ઈન્દ્ર અને અગ્નિ, પ્રાણમાંથી વાયુ જન્મ્યા.૧૩.

વિરાટ પુરુષની નાભિ માંથી અંતરિક્ષ, શિરમાંથી વિશાળ આકાશ, પાદો માંથી ભૂમિ, કર્ણોમાંથી દિશાઓ ઉપજી. એમ બધા લોકની કલ્પના કરવામાં આવી.૧૪.

જે યજ્ઞોમાં રોકાયેલા દેવો-વિદ્વાનોએ સાત-પરિઘ અને ૨૧-સમિધા સર્જી વિરાટ પુરુષને પશુ તરીકે બાંધ્યો.૧૫.

યજ્ઞથી યજ્ઞ સર્જી તેઓ ધર્મોમાં પ્રથમ રહ્યા. તે મહિમાવાળાઓને સેવતા દેવો - વિદ્વાનો કહે છે.૧૬.

પુરુષસૂક્તમાં ઋગ્વેદ કરતાં યજુર્વેદમાં આ છ મંત્રો વધારે છે.

9.YV-A-31-17 TO 22

अ॒द्भ्यः सम्भृ॑तः पृथि॒व्यै रसा॑च्च वि॒श्वक॑र्मणः॒ सम॑वर्त॒ताग्रे॑ ।

तस्य॒ त्वष्टा॑ वि॒दध॑द्रू॒पमे॑ति॒ तन्मर्त्य॑स्य दे॒वत्वमा॒जान॒मग्रे॑॥ यजुर्वेद-३१-१७॥

वेदा॒हमे॒तम्पुरु॑षम्म॒हान्त॑मादि॒त्यव॑र्ण॒न्तम॑सः॒ प॒रस्ता॑त् ।

तमे॒व वि॑दि॒त्वाति॑ मृ॒त्युमे॑ति॒ नान्यः॑ पन्था॑ वि॒द्यते॑ऽयनाय॥ यजुर्वेद-३१-१८॥

प्र॒जाप॑तिश्चरति॒ गर्भे॑ऽअ॒न्तरजा॑यमानो बहु॒धा वि जा॑यते ।

तस्य॒ योनि॒म्परि॑ पश्यन्ति॒ धीरा॒स्तस्मि॑न्ह तस्थु॒र्भुव॑नानि॒ विश्वा॑॥ यजुर्वेद-३१-१९॥

यो दे॒वेभ्य॑ऽआ॒तप॑ति॒ यो दे॒वाना॑म्पु॒रोहि॑तः ।

पूर्वो॒ यो दे॒वेभ्यो॑ जा॒तो नमो॑ रु॒चाय॒ ब्राह्म॑ये॥ यजुर्वेद-३१-२०॥

रु॒चम्ब्रा॒ह्म्यञ्ज॒नय॑न्तो दे॒वाऽअ॒ग्रे तद॑ब्रुवन् ।

यस्त्वै॒वम्ब्रा॑ह्म॒णो वि॒द्यात्तस्य॑ दे॒वा अ॑स॒न्वशे॑॥ यजुर्वेद-३१-२१॥

श्रीश्च॑ ते ल॒क्ष्मीश्च॒ पत्न्या॑वहोरा॒त्रे पा॒र्श्वे नक्ष॑त्राणि रू॒पम॒श्विनौ॒ व्यात्ता॑म् ।

इ॒ष्णन्नि॑षाणा॒मुम्म॑ऽइषाण सर्व॑लो॒कम्म॑ इषाण॥ यजुर्वेद-३१-२२॥

9. YV-31-17 to 22

જે જળ,પૃથ્વી, અને વિશ્વકર્મા-સૂર્યથી પુષ્ટ થયેલા, રસથી પહેલા આ જગત ઉત્પન્ન થયું છે. તે તેના સ્વરૂપનું વિધાન કરતા આગળ મનુષ્યના કર્મ અને વિદ્વતા પ્રાપ્ત થાય છે. ૧૭.

હે! પુરુષ! હું આ મહાન આ સૂર્યના તેજોમય પ્રકાશ સ્વરૂપ, અથવા અન્ધકારથી તદ્દન જુદા એવા પુરુષને જાણું છું. તેને જાણીને મૃત્યુ ઓળંગવાનું છે. આ સિવાય અન્ય માર્ગની ઉપસ્થિતિ જ નથી. ૧૮.

હે! મનુષ્યો! અજન્મા પ્રજાપતિ, જન્મ-મૃત્યુમાં વિચરનાર, ઘણા પ્રકારે જન્મે છે. તેની યોનિમાં વિશ્વના સઘળા લોક સ્થિર થયાં છે. ૧૯.

જે દેવો બીજાના હિતો માટે તપ્ત થયેલા છે. જે દેવો સૌ પ્રથમ જન્મ્યા છે. તેની રૂચિ માટે બ્રહ્મ માટે નમસ્કાર કરીએ. ૨૦.

રૂચિકારક, બ્રહ્મના ઉપાસક, આપને સંપૂર્ણ કરતા, દેવો પહેલાં તે (બ્રહ્મ) કહે છે. જે બ્રાહ્મણ તેમ જ વિદ્યાર્થી વિદ્વાનોના વશમાં રહો. ૨૧.

હે! ઈશ્વર, આપની શોભા, ઐશ્વર્ય (શ્રી અને લક્ષ્મી) જેવી બે પત્ની સમાન દિવસ-રાતની પહેલાં સૂર્ય-ચંદ્ર ફેલાયેલા મુખ જેવા નક્ષત્રોના રૂપવાળા છો. આપ મારા પરોક્ષ સુખ માટે ચાહના કરો. મને સર્વલોકમાં સુખમાં રાખો. ૨૨.

<u>*યજુર્વેદમાં પહેલો મંત્ર થોડા પાઠભેદ સાથે છે. પાછળથી છ મંત્ર વધારે છે.*</u>

10. SV-617 to 621 सामवेद सहिंता-उतरार्चिक-पूर्वार्चिक। अध्याय। प्रथम दशति। प्रथम खण्ड।

1 6 4 3

३ १ २ ३ १ २ ३ २ ३ १ २
६१७ ओ३म् सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात्।
२र २र ३ १ २ ३ १ २ ३ २
स भूमिꣳ सर्वतो वृत्वात्यतिष्ठद्दशाङ्गुलम्॥६१७

३ २ ३ २उ ३ १ २ ३ २ ३ १ २ ३ १ २
६१८ ओ३म् त्रिपादूर्ध्व उदैत्पुरुषः पादोऽस्येहाभवत्पुनः।
२ ३ २ ३क २र ३ २ ३ २
तथा विष्वङ् व्यक्रामदशनानशने अभि॥६१८

१ २ ३ २उ ३ २ ३ २उ ३ १ २
६१९ ओ३म् पुरुष एवेदꣳ सर्वं यद्भूतं यच्च भाव्यम्।
१ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ १ २ ३ २
पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि॥६१९

१ २ ३ २उ ३ १ २ ३ १ २
६२० ओ३म् तावानस्य महिमा ततो ज्यायाꣳश्च पूरुषः।
३ १ २ ३ १ २र ३ १ २र ३ १ २
उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति॥६२०

१ २ ३ १ २ ३ २ ३ २ ३ १ २
६२१ ओ३म् ततो विराडजायत विराजो अधि पूरुषः।
२ ३ १ २र ३ २उ ३ १ २ ३ २
स जातो अत्यरिच्यत पश्चाद्भूमिमथो पुरः॥६२१

सामवेद सहिंता-उतरार्चिक-पूर्वार्चिक। अध्याय। प्रथम दशति। प्रथम खण्ड।

1 6 4 3

६१७ ओ३म् सहस्रशीर्षा पुरुषः सहस्राक्ष सहस्रपात्। स भूमि सर्वतो वृत्वात्यतिष्ठद्दशाङ्गुलम्॥६१७

६१८ ओ३म् त्रिपादूर्ध्व उदैत्पुरुष पादोऽस्येहाभवत्पुन। तथा विष्वङ् व्यक्रामदशनानशने अभि॥६१८

६१९ ओ३म् पुरुष एवेद सर्वं यद्भूतं यच्च भाव्यम्। पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि॥६१९

६२० ओ३म् तावानस्य महिमा ततो ज्यायाश्च पूरुषः। उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति॥६२०

६२१ ओ३म् ततो विराडजायत विराजो अधि पूरुषः। स जातो अत्यरिच्यत पश्चाद्भूमिमथो पुर॥ ६२१

11. AV-19-6

॥ अथर्ववेद ॥

जगद्बीजपुरुष सूक्त अथर्ववेद ॥ **१९॥६** જગદ્બીજ-પુરુષસૂક્ત-અથર્વવેદ-૧૯-૬.

सहस्रबाहुः पुरुषः सहस्राक्षः सहस्रपात्। स भूमिं विश्वतो वृत्वात्यतिष्ठद्दशाङ्गुलम्॥ १ ॥

त्रिभिः पद्भिर्द्यामरोहत्पादस्येहाभवत्पुनः । तथा व्यक्रामद्विष्वङशनानशने अनु॥ २ ॥

तावन्तो अस्य महिमानस्ततो ज्यायांश्च पूरुषः । पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि॥ ३ ॥

पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्यम् । उतामृतत्वस्येश्वरो यदन्येनाभवत्सह॥ ४ ॥

यत्पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयन् । मुखं किमस्य किं बाहू किमूरू पादा उच्यते॥ ५ ॥

ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्योऽभवत्। मध्यं तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत॥ ६ ॥

चन्द्रमा मनसो जातश्चक्षोः सूर्यो अजायत । मुखादिन्द्रश्चाग्निश्च प्राणाद्वायुरजायत॥ ७ ॥

नाभ्या आसीदन्तरिक्षं शीर्ष्णो द्यौः समवर्तत । पद्भ्यां भूमिर्दिशः श्रोत्रात्तथा लोकामकल्पयन्॥ ८।

विराडग्रे समभवद्विराजो अधि पूरुषः । स जातो अत्यरिच्यत पश्चाद्भूमिमथो पुरः॥ ९ ॥

यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत । वसन्तो अस्यासीदाज्यं ग्रीष्म इध्मः शरद्धविः॥ १० ॥

तं यज्ञं प्रावृषा प्रौक्षन् पुरुषं जातमग्रशः । तेन देवा अयजन्त साध्या वसवश्च ये॥ ११ ॥

तस्मादश्वा अजायन्त ये च के चोभयादतः । गावो ह जज्ञिरे तस्मात्तस्माज्जाता अजावयः॥ १२ ॥

तस्माद्यज्ञात्सर्वहुत ऋचः सामानि जज्ञिरे । छन्दो ह जज्ञिरे तस्माद्यजुस्तस्मादजायत॥ १३ ॥

तस्माद्यज्ञात्सर्वहुतः संभृतं पृषदाज्यम् । पशूंस्तांश्चक्रे वायव्यान् आरण्या ग्राम्याश्च ये॥ १४ ॥

सप्तास्यासन् परिधयस्त्रिः सप्त समिधः कृताः । देवा यद्यज्ञं तन्वाना अबध्नन् पुरुषं पशुम् ॥ १५ ॥

मूर्ध्नो देवस्य बृहतो अंशवः सप्त सप्ततीः । राज्ञः सोमस्याजायन्त जातस्य पुरुषादधि॥ १६ ॥

યજ્ઞપુરુષથી નિષ્પન્ન થયેલા રાજા સોમના મસ્તકથી સાત રંગવાળા મહાન દીપ્તિયુક્ત કિરણો સીત્તેર વાર (૭ *૭૦ = ૪૯૦)પ્રગટ થયા.૧૬.

<u>અથર્વવેદના પુરુષસૂક્તમાં ૧૬મો મંન્ત્ર થોડા પાઠભેદ સાથે છે.</u>

Rig-10-90-1 to 16	1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	Samved-5 Richas 617 to 621					
Atharv-Kand-19-6	1	4	3	2	9	10	11	14	13	12	5	6	7	8	15	N						
Yajurved-31	1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19	20	21	22
सामवेद सहिंता :-- पूर्वार्चिक। उतरार्चिक। प्रपाठक। अध्याय। प्रथम दशति। प्रथम खण्ड। **Total 1875 Richa numbered**																						
<u>આમ પુરુષસૂક્ત ચારે ય વેદમાં સ્થાન ધરાવે છે.</u>																						

નાસદીય સૂકત

12.RV-10-129-130

ऋषिः परमेष्ठी प्रजापतिः छन्दः त्रिष्टुप् देवता भाववृत्तम्

नास॑दासी॒न्नो सदा॑सीत्त॒दानीं॒ नासी॒द्रजो॒ नो व्यो॑मा प॒रो यत् ।

किमाव॑रीवः॒ कुह॒ कस्य॒ शर्म॒न्नम्भः॒ किमा॑सी॒द्गह॑नं गभी॒रम् ॥१०.१२९.१॥

न मृ॒त्युरा॑सीद॒मृतं॒ न तर्हि॒ न रात्र्या॒ अह्न॑ आसीत्प्रके॒तः ।

आनी॑दवा॒तं स्व॒धया॒ तदेकं॒ तस्मा॑द्धा॒न्यन्न प॒रः किं च॒नास॑ ॥१०.१२९.२॥

तम॑ आसी॒त्तम॑सा गू॒ळ्हमग्रे॑ऽप्रके॒तं स॑लि॒लं सर्व॑मा इ॒दम् ।

तु॒च्छ्येना॒भ्वपि॑हितं॒ यदासी॒त्तप॑स॒स्तन्म॑हि॒नाजा॑य॒तैक॑म् ॥१०.१२९.३॥

काम॒स्तदग्रे॒ सम॑वर्त॒ताधि॒ मन॑सो॒ रेतः॑ प्रथ॒मं यदासी॑त् ।

स॒तो बन्धु॒मस॑ति॒ निर॑विन्दन्हृ॒दि प्र॒तीष्या॑ क॒वयो॑ मनी॒षा ॥१०.१२९.४॥

ति॒र॒श्चीनो॒ वित॑तो र॒श्मिरे॑षाम॒धः स्वि॑दा॒सी३दु॒परि॑ स्विदासी३त् ।

रे॒तो॒धा आ॑सन्महि॒मान॑ आसन्स्व॒धा अ॒वस्ता॒त्प्रय॑तिः प॒रस्ता॑त् ॥१०.१२९.५॥

को अ॒द्धा वे॑द॒ क इ॒ह प्र वो॑च॒त्कुत॒ आजा॑ता॒ कुत॑ इ॒यं विसृ॑ष्टिः ।

अ॒र्वाग्दे॒वा अ॒स्य वि॒सर्ज॑ने॒नाथा॒ को वे॑द॒ यत॑ आ॒बभू॑व ॥१०.१२९.६॥

इ॒यं विसृ॑ष्टि॒र्यत॑ आब॒भूव॒ यदि॑ वा द॒धे यदि॑ वा॒ न ।

यो अ॒स्याध्य॑क्षः पर॒मे व्यो॑म॒न्त्सो अ॒ङ्ग वे॑द॒ यदि॑ वा॒ न वेद॑ ॥ १०.१२९.७॥

નાસદીય સૂકત

સૂકત-૧૨૯ના ઋષિ પરમેષ્ઠી પ્રજાપતિ છે. ત્રિષ્ટુપ્ છન્દમાં રચના છે. સૂકત-૧૩૦ના ઋષિ યજ્ઞ પ્રજાપતિ છે. ૧લી ઋચાઓનો છંદ જગતી છે. ૨ થી ૭ ઋચા ત્રિષ્ટુપ્ છન્દમાં છે.

નાસદીય સૂકતઃ સત્ય પણ નહોતું તો અસત્ય કયાંથી હોય? રજ રચિત સૃષ્ટિ નહોતી, આકાશ પણ નહોતું. ત્યારે કોણ કોને આધારે રહ્યુ હતું. અગાધ અને ગંભીર જળનું અસ્તિત્વ કયાં હતું ? ૧.

મૃત્યુ પણ નહોતું અમૃત પણ નહોતું. દિવસ અને રાત અજ્ઞાત હતા. શ્વાસ માટે વાયુ નહોતો તો પછી ત્યાં શું વિદ્યમાન હતું ? ૨.

બધું અજ્ઞાત અંધકારથી ધેરાયેલું હતું. બધું જ અવ્યકત અને સઘળું પ્રવાહી હતું જે કાંઈ હતું તે ચારે બાજુથી આચ્છાદિત હતું. તેમાં તપના પ્રભાવે એક અવિનાશી તત્વનું અસ્તિત્વ હતું, બીજા કશાનું અસ્તિત્વ નહોતું.૩.

સૈ પ્રથમ પરમ તત્વના મનમાં ઈચ્છા શકિત પ્રગટી ત્યાર બાદ ઉત્પત્તિનું કારણ બીજ પ્રગટયું. મેધાવી જ્ઞાનીઓએ પોતાની વિવેક બુદ્ધિ દ્વારા હૃદયમાં વિચારી અવ્યકત સૃષ્ટિની અભિવ્યકિત નિર્ધારિત કરી. ૪.

આ રીતે બીજને ધારણ કરનાર પ્રકાશ ઉપર અને નીચે ફેલાયો. પોતાના મહિમાથી એ પરમ પ્રકાશે જળને પ્રેરિત કર્યુ. સ્વધાભોગ્ય અને પ્રયતિના સ્થાને નિશ્ચિત થયા. (શ્વસન અને ચયાપચયની ક્રિયાઓ નિશ્ચિત થઈ.) ૫.

કોણ જાણે છે અને કોણ એ કહી શકે છે કે, આ સૃષ્ટિ કયાંથી અને કઈ રીતે ઉત્પન્ન થઈ કારણ કે જ્ઞાનીઓ પણ સૃષ્ટિના સર્જન પછી થયા. ૬.

આ સૃષ્ટિ કયાંથી આવી? સર્જક કોણ? એ માત્ર પરમેશ્વર જાણે અને કદાચ પરમ વ્યોમમાં વસનાર પરમેશ્વર પણ નહીં જાણતા હોય ૭.

નાસદીય સૂકત.૨

130

(म.10, अनु.11)

ऋषिः यज्ञः प्राजापत्यः — छन्दः जगती 1, त्रिष्टुप् 2-7 — देवता भाववृत्तम्

यो यज्ञो विश्वतस्तन्तुभिस्तत एकशतं देवकर्मेभिरायतः ।
इमे वयन्ति पितरो य आययुः प्र वयाप वयेत्यासते तते ॥१०.१३०.१॥
पुमाँ एनं तनुत उत्कृणत्ति पुमान्वि तत्ने अधि नाके अस्मिन् ।
इमे मयूखा उप सेदुरू सदः सामानि चक्रुस्तसराण्योतवे ॥१०.१३०.२॥
कासीत्प्रमा प्रतिमा किं निदानमाज्यं किमासीत्परिधिः क आसीत् ।
छन्दः किमासीत्प्रउगं किमुक्थं यद्देवा देवमयजन्त विश्वे ॥१०.१३०.३॥
अग्नेर्गायत्र्यभवत्सयुग्वोष्णिहया सविता सं बभूव ।
अनुष्टुभा सोम उक्थैर्महस्वान्बृहस्पतेर्बृहती वाचमावत् ॥१०.१३०.४॥
विराण्मित्रावरुणयोरभिश्रीरिन्द्रस्य त्रिष्टुबिह भागो अह्नः ।
विश्वान्देवाञ्जगत्या विवेश तेन चाक्लृप्र ऋषयो मनुष्याः ॥१०.१३०.५॥
चाक्लृप्रे तेन ऋषयो मनुष्या यज्ञे जाते पितरो नः पुराणे ।
पश्यन्मन्ये मनसा चक्षसा तान्य इमं यज्ञमयजन्त पूर्वे ॥१०.१३०.६॥
सहस्तोमाः सहछन्दस आवृतः सहप्रमा ऋषयः सप्त दैव्याः ।
पूर्वेषां पन्थामनुदृश्य धीरा अन्वालेभिरे रथ्यो३ न रश्मीन् ॥१०.१३०.७॥

૨. નાસદીય સૂકત – ૧૩૦

જે યજ્ઞ ચારે તરફથી લંબાવ્યો છે. એક સો એક દેવક માંથી વધાર્યો છે. અહીં આવેલા પિતૃઓ યજ્ઞને અહીં આમ વણો-તેમ વણો (વસ્ત્રની જેમ) કહે છે. ૧.

પુરૂષ જ આ યજ્ઞ વિસ્તારે છે અને સમાપ્ત કરે છે. તે સ્વર્ગ સુધી વિસ્તારે છે. આ કિરણો (મયુખ) ઉચ્ચ સ્થાનની નજીક પહોંચે છે. વસ્ત્ર વણવા સામગાન ત્રાંસા તન્તુ બનાવે છે. ૨.

આ યજ્ઞનું પ્રમાણ કયાં છે? તેની પ્રતિમા- આકૃતિ કયાં છે? નિદાન-કારણ કયાં છે? પરિઘ-સીમા કયાં છે? છન્દ અને મન્ત્રો કયાં છે ? જે યજ્ઞ દેવોએ વિશ્વમાં કરેલો. ૩.

ગાયત્રી છન્દ અગ્નિનો સાથી બન્યો. સૂર્ય ઉષ્ણ બન્યો. અનુષ્ટુપ મન્ત્ર બન્યો. બૃહસ્પતિએ વાણીથી મહાનતા મેળવી. ૪.

મિત્ર-વરૂણના આશ્રયે વિરાટ સ્થિર થયું ઈન્દ્ર પાસે ત્રિષ્ટુપ અને દિવસનો ભાગ,વિશ્વના બધા દેવો પાસે જગતી આશ્રિત થઈ આનાથી મનુષ્યોમાં ઋષિઓ પ્રભાવશાળી થયા. ૫.

પ્રાચીન યજ્ઞ જાણવાથી ઋષિઓ-મનુષ્યો-પિતૃઓ સામર્થ્યવાન થયા. પહેલાં જે યજ્ઞો કરતા તે મનની આંખોથી દર્શન કરતા. ૬.

સૂકતો-સ્તોત્રો સહિત, છન્દો સહિત, જ્ઞાન સહિત, સાત દિવ્ય ઋષિઓનું આવરણ બન્યું. ધીર ઋષિઓએ પૂર્વજોનો માર્ગ અવલોકી યજ્ઞો કર્યા. ૭.

મેકસમ્યુલર-મેકડોનેલ આ સૂકતનું મહત્વ મનુષ્યના તત્વજ્ઞાનની પ્રાથમિક ભૂમિકા જેવું ગણે છે. પરંતુ સિન્ધુ-સભ્યતાના લોકોએ તો આજ દિન સુધી સક્ષમ ગણાય તેવું તત્વજ્ઞાન-આધ્યાત્મ બધું ય સાંખ્ય અને યોગ સ્વરૂપે અમલમાં મૂકી દીધેલું.

ભાષા અને વાણી

13-RV-10-125-1 to 8

वागम्भृणी सूक्त ।१०-१२५-८।

ऋषिः वाक् आम्भ्रणी   छन्दः त्रिष्टुप् १-३-८ जगती २   देवता आत्मा

अ॒हं रु॒द्रेभि॒र्वसु॑भिश्चराम्य॒हमा॑दि॒त्यैरु॒त वि॒श्वदे॑वैः ।

अ॒हं मि॒त्रावरु॑णो॒भा बि॑भर्म्य॒हमि॑न्द्रा॒ग्नी अ॒हम॒श्विनो॒भा ॥ १०.१२५.१॥

अ॒हं सोम॑माह॒नसं॑ बिभर्म्य॒हं त्वष्टा॑रमु॒त पू॒षणं॒ भग॑म् ।

अ॒हं द॑धामि॒ द्रवि॑णं ह॒विष्म॑ते सुप्रा॒व्ये॒३□□ यज॑मानाय सुन्व॒ते ॥१०.१२५.२॥

अ॒हं राष्ट्री॑ सं॒गम॑नी॒ वसू॑नां चिकि॒तुषी॑ प्रथ॒मा य॒ज्ञिया॑नाम् ।

तां मा॑ दे॒वा व्य॑दधुः पुरु॒त्रा भूरि॑स्थात्रां॒ भूर्या॑वे॒शय॑न्तीम् ॥१०.१२५.३॥

मया॒ सो अन्न॑मत्ति॒ यो वि॒पश्य॑ति॒ यः प्राणि॑ति॒ य ईं॑ शृ॒णोत्यु॒क्तम् ।

अ॒म॒न्तवो॒ मां त उप॑ क्षियन्ति श्रु॒धि श्रु॑त श्रद्धि॒वं ते॑ वदामि ॥१०.१२५.४॥

अ॒हमे॒व स्व॒यमि॒दं व॑दामि॒ जुष्टं॑ दे॒वेभि॑रु॒त मानु॑षेभिः ।

यं का॒मये॒ तंत॑मु॒ग्रं कृ॑णोमि॒ तं ब्र॒ह्माणं॒ तमृषि॒ं तं सु॑मे॒धाम् ॥१०.१२५.५॥

अ॒हं रु॒द्राय॒ धनु॒रा त॑नोमि ब्र॒ह्मद्विषे॒ शर॑वे॒ हन्त॒वा उ॑ ।

अ॒हं जना॑य स॒मदं॑ कृणोम्य॒हं द्यावा॑पृथि॒वी आ वि॑वेश ॥ १०.१२५.६॥

अ॒हं सु॑वे पि॒तर॑मस्य मू॒र्धन्मम॒ योनि॑र॒प्स्व१□□न्तः स॑मु॒द्रे ।

ततो॒ वि ति॑ष्ठे॒ भुव॒नानु॒ विश्वो॒तामूं द्यां व॒र्ष्मणोप॑ स्पृशामि ॥ १०.१२५.७॥

अ॒हमे॒व वात॑ इव॒ प्र वा॑म्या॒रभ॑माणा॒ भुव॑नानि॒ विश्वा॑ ।

प॒रो दि॒वा प॒र ए॒ना पृ॑थि॒व्यैताव॑ती महि॒ना सं ब॑भूव ॥१०.१२५.८॥

વાગમ્ભૃણી સૂક્ત(૧૦-૧૨૫-૮)

ઋષિઃ વાક્ આમ્ભ્રણી   છન્દઃ ત્રિષ્ટુપ્ ૧-૩-૮ જગતી ૨   દેવતા આત્મા

વાણીદેવી કહે છે--- હું રુદ્રો, વસુઓ, આદિત્યો તેમજ સર્વ દેવો સાથે વિચરણ કરું છું. હું મિત્ર, વરુણ, ઇંદ્ર, અગ્નિ અને અશ્વિનીકુમારોને ધારણ કરું છું. ૧.

હું પત્થરથી પીસવામાં આવતાં સોમ, ત્વષ્ટા, પૂષા અને ભગ ને ધારણ કરું છું. હું હવ્ય ધારણ કરનાર દેવોને શોભન હવિ દેવાવાળા, તેમજ સોમરસ નીચોવવાવાળા યજમાનને ધન આપું છું. ૨.

હું રાજ્યની અધિશ્વરી, ધન આપવાવાળી તેમજ યજ્ઞોપયોગી વસ્તુઓમાં સર્વોત્તમ છું. દેવોએ મને અનેક સ્થાનોમાં ધારણ કરી છે. મારો આધાર વિશાળ છે. હું અનેક પ્રાણીઓમાં આવિષ્ટ છું. ૩.

મારી સહાયતાથી જ પ્રાણી અન્ન ખાય છે, જુએ છે, શ્વાસ લે છે. તેમજ કહેલી વાતો સાંભળે છે. મને ન માનવાવાળા ક્ષીણ થઇ જાય છે. હે સખા સાંભળો હું તમને શ્રદ્ધા કરવા યોગ્ય વાત બતાવું છું. ૪.

જે વ્યક્તિ દેવો અને માનવો દ્વારા સેવિત છે. એને હું જ ઉપદેશ આપું છું. હું જેને ઇચ્છું તેને શક્તિશાળી, સ્તોતા, ઋષિ તેમજ બુદ્ધિમાન બનાવી દઉં છું. ૫.

હું બ્રહ્મદ્વેષીને મારવા માટે, રુદ્રના ધનુષ્યનો વિસ્તાર કરું છું. હું જ લોકોના કલ્યાણ માટે યુદ્ધ કરું છું. તેમ જ દ્યાવા-પૃથ્વીમાં વ્યાપ્ત છું. ૬.

હું દ્યૌને ઉત્પન્ન કરું છું. આકાશ પરમાત્માનું મસ્તક છે. મારું સ્થાન સાગરના જળમાં છે. ત્યાંથી જ હું સર્વ સંસારમાં વિસ્તૃત થાઉં છું. તેમજ પોતાના વિશાળ શરીરથી આ દ્યુલોકને સ્પર્શ કરું છું. ૭.

હું જ સર્વ ભુવનોનું નિર્માણ કરતી વાયુ સમાન ચાલું છું. મારી મહિમાઓ એવી છે કે, ધરતી અને દ્યુલોકથી પણ મોટી છે. ૮.

14-RV-10-61-1 to 26

बृहस्पति सूक्त।१०-६१-२६

ऋषिः नाभानेदिष्ठः मानवः छन्दः त्रिष्टुप् देवता विश्वे देवाः

इदमित्था रौद्रं गूर्तवचा ब्रह्म क्रत्वा शच्यामन्तराजौ ।

क्राणा यदस्य पितरा मंहनेष्ठाः पर्षत्पक्थे अहन्ना सप्त होतॄन् ॥१०.६१.१॥

स इद्दानाय दभ्याय वन्वञ्च्यवानः सूदैरमिमीत वेदिम् ।

तूर्वयाणो गूर्तवचस्तमः क्षोदो न रेत इतऊति सिञ्चत् ॥१०.६१.२॥

मनो न येषु हवनेषु तिग्मं विपः शच्या वनुथो द्रवन्ता ।

आ यः शर्याभिस्तुविनृम्णो अस्याश्रीणीतादिशं गभस्तौ ॥१०.६१.३॥

कृष्णा यद्गोष्वरुणीषु सीदद्दिवो नपाताश्विना हुवे वाम् ।

वीतं मे यज्ञमा गतं मे अन्नं ववन्वांसा नेषमस्मृतध्रू ॥१०.६१.४॥

प्रथिष्ट यस्य वीरकर्ममिष्णदनुष्ठितं नु नर्यो अपौहत् ।

पुनस्तदा वृहति यत्कनाया दुहितुरा अनुभृतमनर्वा ॥१०.६१.५॥

मध्या यत्कर्त्वमभवदभीके कामं कृण्वाने पितरि युवत्याम् ।

मनानग्रेतो जहतुर्वियन्ता सानौ निषिक्तं सुकृतस्य योनौ ॥१०.६१.६॥

पिता यत्स्वां दुहितरमधिष्कन्क्ष्मया रेतः संजग्मानो नि षिञ्चत् ।

स्वाध्योऽजनयन्ब्रह्म देवा वास्तोष्पतिं व्रतपां निरतक्षन् ॥१०.६१.७॥

स ईं वृषा न फेनमस्यदाजौ स्मदा परैदप दभ्रचेताः ।

सरत्पदा न दक्षिणा परावृङ्न ता नु मे पृशन्यो जगृभ्रे ॥१०.६१.८॥

मक्षू न वह्निः प्रजाया उपब्दिरग्निं न नग्न उप सीददूधः ।

सनितेध्मं सनितोत वाजं स धर्ता जज्ञे सहसा यवीयुत् ॥१०.६१.९॥

मक्षू कनायाः सख्यं नवग्वा ऋतं वदन्त ऋतयुक्तिमग्मन् ।

द्विबर्हसो य उप गोपमागुरदक्षिणासो अच्युता दुदुक्षन् ॥१०.६१.१०॥

मक्षू कनायाः सख्यं नवीयो राधो न रेत ऋतमित्तुरण्यन् ।

शुचि यत्ते रेक्ण आयजन्त सबर्दुघायाः पय उस्रियायाः ॥१०.६१.११॥

पश्वा यत्पश्चा वियुता बुधन्तेति ब्रवीति वक्तरी रराणः ।

वसोर्वसुत्वा कारवोऽनेहा विश्वं विवेष्टि द्रविणमुप क्षु ॥१०.६१.१२॥

तदिन्न्वस्य परिषद्वानो अग्मन्पुरू सदन्तो नार्षदं बिभित्सन् ।

वि शुष्णस्य संग्रथितमनर्वा विदत्पुरुप्रजातस्य गुहा यत् ॥१०.६१.१३॥
भर्गो ह नामोत यस्य देवाः स्व१□□र्ण ये त्रिषधस्थे निषेदुः ।
अग्निर्ह नामोत जातवेदाः श्रुधी नो होतरृतस्य होताध्रुक् ॥१०.६१.१४॥
उत त्या मे रौद्रावर्चिमन्ता नासत्याविन्द्र गूर्तये यजध्यै ।
मनुष्वद्वृक्तबर्हिषे रराणा मन्दू हितप्रयसा विक्षु यज्यू ॥१०.६१.१५॥
अयं स्तुतो राजा वन्दि वेधा अपश्च विप्रस्तरति स्वसेतुः ।
स कक्षीवन्तं रेजयत्सो अग्निं नेमिं न चक्रमर्वतो रघुद्रु ॥१०.६१.१६॥
स द्विबन्धुर्वैतरणो यष्टा सबर्धुं धेनुमस्वं दुहध्यै ।
सं यन्मित्रावरुणा वृञ्ज उक्थैर्ज्येष्ठेभिरर्यमणं वरूथैः ॥१०.६१.१७॥
तद्बन्धुः सूरिर्दिवि ते धियंधा नाभानेदिष्ठो रपति प्र वेनन् ।
सा नो नाभिः परमास्य वा घाहं तत्पश्चा कतिथश्चिदास ॥१०.६१.१८॥
इयं मे नाभिरिह मे सधस्थमिमे मे देवा अयमस्मि सर्वः ।
द्विजा अह प्रथमजा ऋतस्येदं धेनुरदुहज्जायमाना ॥१०.६१.१९॥
अधासु मन्द्रो अरतिर्विभावाव स्यति द्विवर्तनिर्वनेषाट् ।
ऊर्ध्वा यच्छ्रेणिर्न शिशुर्दन्मक्षू स्थिरं शेवृधं सूत माता ॥१०.६१.२०॥
अधा गाव उपमातिं कनाया अनु श्वान्तस्य कस्य चित्परेयुः ।
श्रुधि त्वं सुद्रविणो नस्त्वं याळाश्वघ्नस्य वावृधे सूनृताभिः ॥१०.६१.२१॥
अध त्वमिन्द्र विद्ध्य१□□स्मान्महो राये नृपते वज्रबाहुः ।
रक्षा च नो मघोनः पाहि सूरीननेहसस्ते हरिवो अभिष्टौ ॥१०.६१.२२॥
अध यद्राजाना गविष्टौ सरत्सरण्युः कारवे जरण्युः ।
विप्रः प्रेष्ठः स ह्येषां बभूव परा च वक्षदुत पर्षदेनान् ॥१०.६१.२३॥
अधा न्वस्य जेन्यस्य पुष्टौ वृथा रेभन्त ईमहे तदू नु ।
सरण्युरस्य सूनुरश्वो विप्रश्चासि श्रवसश्च सातौ ॥१०.६१.२४॥
युवोर्यदि सख्यायास्मे शर्धाय स्तोमं जुजुषे नमस्वान् ।
विश्वत्र यस्मिन्ना गिरः समीचीः पूर्वीव गातुर्दाशत्सूनृतायै ॥१०.६१.२५॥
स गृणानो अद्भिर्देववानिति सुबन्धुर्नमसा सूक्तैः ।
वर्धदुक्थैर्वचोभिरा हि नूनं व्यध्वैति पयस उस्रियायाः ॥१०.६१.२६॥
त ऊ षु णो महो यजत्रा भूत देवास ऊतये सजोषाः ।
ये वाजाँ अनयता वियन्तो ये स्था निचेतारो अमूराः ॥१०.६१.२७॥

બૃહસ્પતિ સૂક્તઃ(૧૦-૬૧-૨૬)

ઋષિઃ નાભાનેદિષ્ઠઃ માનવઃ | છન્દઃ ત્રિષ્ટુપ્ | દેવતા વિશ્વે દેવાઃ

ભાગ બાંટવાવાળા માતા-પિતાએ નાભાનેદિષ્ટને ભાગ ન આપીને જે રુદ્રસ્તુતિ કરી તે જ રુદ્રસ્તુતિ કરીને ઉદ્યત-વચન નાભાનેદિષ્ટ અંગિરા ગોત્રવાળા ઋષિઓના યજ્ઞમાં ગયા, તેમજ ભુલાઇ ગયેલી વાત સાત હોતાઓને બતાવી યજ્ઞ સમાપ્ત કર્યો. ૧.

તેઓ રુદ્રદેવ સ્તોતાઓને ધન આપવા માટે તેમજ શત્રુઓનો નાશ કરવા માટે યજ્ઞવેદી પર પ્રગટ થયેલા તેમજ શત્રુનાશક અસ્ત્રો એને આપ્યા. વાદળાં જે રીતે જળ વરસાવે છે, એવી જ રીતે શીઘ્ર ગમન વાળા તેમજ ઉદ્યત વચન રુદ્રે ચારે તરફ પોતાની શક્તિ દેખાડી. ૨.

હે અશ્વિનિકુમારો! હું તમને બોલાવું છું. તમે આ સ્તોતાના યજ્ઞ સબંધી પ્રયત્ન જોઈને મનના સમાન તીવ્ર ગતિથી યજ્ઞ તરફ આવો છો જે હવ્ય લઈને સામેથી મારા યજ્ઞમાં પ્રવૃત્ત યજમાનની આંગળિયો પકડીને તેમજ ચરુ પકાવતા તમારૂં નામ લે છે. ૩.

હે સ્વર્ગપુત્ર અશ્વિનિકુમારો! જે સમયે કાળી રાત્રિ લાલ રંગવાળી ઉષાઓમાં બદલવા લાગે છે એ સમયે હું તમારું આવાહન કરૂં છું. મારા હવ્ય અન્નની અભિલાયા કરવા માટે તમે મારા યજ્ઞમાં આવો. અશ્વો સમાન એને ગ્રહણ કરો, અને મારા પ્રત્યેનો દ્રોહ ભુલાવી દ્યો. ૪.

પ્રજાપતિનું પુત્ર ઉત્પન્ન કરવામાં વીર્ય સર્વોત્તમ છે. પ્રજાપતિએ પોતાના આ માનવહિતકારી વીર્યનો ત્યાગ કર્યો. જે તેઓએ પોતાની સુંદર ઉષાના શરીરમાં સિંચિત કર્યું હતું. ૫.

જે સમયે પિતાએ પોતાની યુવાન કન્યા સાથે યથેચ્છ કર્મ કર્યું, એ સમયે એના સંભોગ સમયે સમીપમાં થોડું વિર્ય પડયું. પરસ્પર અભિગમન કરતા એ બંનેને તે વીર્ય યજ્ઞના ઊંચા સ્થાન યોનિમાં છોડયું હતું. ૬.

જે સમયે પિતાએ પોતાની પુત્રી સાથે સંભોગ કર્યો એ સમયે ધરતીને મળી વીર્યત્યાગ કર્યો. શોભન કર્મવાળા દેવોએ એ વીર્યથી વ્રત્તરક્ષક દેવ વાસ્તોષ્પતિનું ઉત્પાદન કર્યું. ૭.

ઈન્દ્રે નમૂચિનો વધ કરવા માટે સંગ્રામમાં જે રીતે ફેન ફેંક્યું, એ પ્રકારે વાસ્તોષ્પતિ અમારાથી દૂર જઈ રહ્યા છે. અંગિરા ગોત્રીય ઋષિઓએ દક્ષિણા રૂપે અમોને જે ગાયો આપી હતી એને અલ્પમનવાળા વાસ્તોષ્પતિએ સ્વીકાર ન કર્યો, જ્યારે તે એને મેળવવા સમર્થ હતો. ૮.

પ્રજાઓને કષ્ટ પહોંચાડવાવાળા અને અગ્નિસમાન પ્રજાઓને સળગાવવાળા રાક્ષસ યજ્ઞમાં શીઘ્ર આવતા નથી. નગ્ન રહેવાવાળા રાક્ષસ વગેરે રાત્રિમાં અગ્નિ પાસે આવતા નથી, રાક્ષસોથી યુદ્ધ કરવાવાળા તેમજ યજ્ઞધારક અગ્નિ કાષ્ઠો અને અન્નને સ્વીકારતા બળપૂર્વક ઉત્પન્ન થયા. ૯.

નવ મહિનાના અનુષ્ઠાન દ્વારા ગાયો મેળવનાર અંગીરાગોત્રિય ઋષિઓએ સત્યભાષણ કરતાં, તેમજ સુંદર સ્તુતિઓ બોલતાં યજ્ઞ પૂર્ણ કર્યો. તેઓ આ લોકમાં અને પરલોકમાં ઉન્નત થઇ, ઈન્દ્રની સમીપ પહોંચ્યા અને દક્ષિણારહિત યજ્ઞ કરીને અવિનાશી ફળ મેળવ્યું. ૧૦.

હે ઇન્દ્ર! અંગિરાગોત્રી ઋષિઓએ સુંદર ગાયોની મિત્રતા શીઘ્ર મેળવી લીધી અને અમૃતતુલ્ય દુધ આપતી ગાયના દૂધનો યજ્ઞમાં હોમ કર્યો. તે સમયે નવી સંપત્તિની જેમ સિંચિત કરવાવાળું જળ પ્રાપ્ત કર્યું. ૧૧.

સ્તોતા આમ કહે છે કે, ઇન્દ્ર પોતાના સ્તોતાને ખૂબ પ્રેમ કરે છે. સ્તોતા પણિઓ દ્વારા તેમની ગાયો ચોરાઈ ગઈ છે, તે જાણી લ્યે, તે પહેલાં જ તેઓ ગાયોને શોધી લઇ આવે છે. ૧૨.

ઇન્દ્રની ચારે તરફ વર્તમાન સેવિકા રશ્મિઓ પ્રકાશ આપવા જાય છે. આ સૌથી શક્તિશાળી ઇન્દ્રના અનુચરોએ નૃષદપુત્ર શુષ્ણનો નાશ કરવાની ઈચ્છા કરી. ઈન્દ્ર અનેક પ્રકારથી પ્રાદુર્ભૂત શુષ્ણનો મર્મ જાણે છે. એનો મર્મ ગુફામાં છુપાયેલો છે તેને પણ જાણે છે. ૧૩.

તે અગ્નિ સંબંધિત તેજની સમીપે, કુશો પર દેવગણ સ્વર્ગની જેમ બેસે છે. તે તેજનું નામ ભર્ગ છે. અગ્નિના તેજનું નામ જાતવેદા છે. હે હોમને સંપન્ન કરનાર અગ્નિ! યજ્ઞ સંબંધી દેવોને બોલાવવાવાળા તમે જ છો. તમે દ્રોહરહિત થઇ અમારો પોકાર સાંભળો. ૧૪.

હે ઇન્દ્ર! તેઓ પ્રસિદ્ધ રુદ્રપુત્ર અને તેજસ્વી અશ્વિનીકુમાર મારી સ્તુતિ અને યજ્ઞનો સ્વીકાર કરે. તેઓ મારા યજ્ઞમાં એટલા જ ખુશ રહે, જેટલા તેઓ મનુના યજ્ઞમાં હતા. તેઓએ લોકોને સંપત્તિ આપીને યજ્ઞના યોગ્ય બને. ૧૫.

આ બધાના વિધાતા સોમ રાજાની દરેક વ્યક્તિ વખાણ કરે છે. અમે પણ તેમની પ્રશંસા કરી છે. સોમના કિરણો જગબંધક છે. પ્રતિદિન અંતરિક્ષને પાર કરે છે. ઘોડાઓ જે રીતે રથના પૈડાંની નેમિ કંપિત કરે છે, તેવી જ રીતે સોમ કક્ષીવાન્ ઋષિ અને અગ્નિને કંપાવે છે. ૧૬.

તે અગ્નિ બંને લોકનું કલ્યાણ કરનાર છે. તે ખાસ કરીને તારક અને યજ્ઞકર્તા છે. અગ્નિએ દૂધારુ ગાયને એવા સમયે દોહવા યોગ્ય બનાવી જ્યારે તે વિયાવા માટે યોગ્ય ન હતી. શંયુ ઋષિએ મહાન તેમજ પ્રશંસનીય મંત્રો વડે મિત્ર, વરુણ અને અર્યમાની સ્તુતિ કરી. ૧૭.

હે સ્વર્ગમાં સ્થિત સૂર્ય! તમારા બંધુ હું નાભાનેદિષ્ટ તમારું કર્મધારણ કરું છું. તેમજ ગાયોની ઈચ્છા સાથે, હું તમારી સ્તુતિ કરું છું. સ્વર્ગ અમારું અને સૂર્યનું ઉત્પત્તિસ્થાન છે. હું સૂર્યથી થોડી જ પેઢીઓ પાછળ છું. ૧૮.

આ સ્વર્ગ મારું ઉત્પત્તિસ્થાન છે. આ મારું રહેઠાણ છે. બધા દેવો મારા છે અને હું તેમનો છું. દ્વિજગણ સત્યરૂપ બ્રહ્માથી પહેલાઉત્પન્ન થયા. યજ્ઞરુપિણી ગાયે પોતે આ બધું બનાવ્યું છે. ૧૯.

તેઓ અગ્નિ પ્રસન્ન, ગતિશીલ, બંને લોકોમાં જાવાવાળા અને કાષ્ઠોંને પરાજીત કરવાવાળા છે. ઉર્ધ્વમુખ, સેના સમાન પ્રશંસનીય શત્રુઓનું દમન કરવાવાળા, સ્થિર તેમજ સુખવર્ધક અગ્નિને અરણિએ ઉત્પન્ન કર્યો. ૨૦.

સ્તુતિઓ કરતાં કરતાં થાકેલો, હું નાભાનેદિષ્ટની ઉત્તમ સ્તુતિઓ ઈન્દ્ર સમીપ જાય છે. હે શોભનધનવાળા અગ્નિ! આપણી સ્તુતિ ઇન્દ્રની સમીપ જાય છે. હે શોભનધનવાળા અગ્નિ! અમારી સ્તુતિઓ સાંભળો અને અમારા ઇન્દ્રનું યજન કરો. ત્મે અશ્વમેધ યજ્ઞ કરનાર મનુના પુત્રની સ્તુતિઓથી વૃદ્ધિ કરો. ૨૧.

હે વજ્રબાહુ અને નરપાલક ઇન્દ્ર! અમે વિશાળ સંપત્તિની ઇચ્છા રાખી છે, તમારે તે જાણવું જોઈએ. તમે હવ્યધારક અને સ્તુતિપ્રેરકોની રક્ષા કરો. હે ઇન્દ્ર, હરિ નામના ઘોડાઓના સ્વામી! તમારી નજરમાં અમે પાપરહિત બનીએ. ૨૨.

હે દીપ્તિશાળી! મિત્ર અને વરુણ! અંગિરાગોત્રીય ઋષિ યજ્ઞ કરી રહ્યા હતા, તે સમયે યમ ગાય મેળવવાની ઈચ્છાથી ગયા. તેમની સ્તુતિ કરવા ઈચ્છતા બ્રાહ્મણ નાભાનેદિષ્ટ તેમના અતિશય પ્રિય થયા. તેમનો યજ્ઞ પૂર્ણ થાય અને તેમને પાર ઉતારવામાં આવે. ૨૩.

ગાયો મેળવવાની ઇચ્છા સાથે, અમે જયશીલ વરુણની શીઘ્ર સ્તુતિ કરીએ છીએ અને એમની પાસે અનાયાસ યાચના કરીએ છીએ. આ શીઘ્રગામી અશ્વ વરુણનો પુત્ર છે. હે વરુણ! તમે બ્રાહ્મણની જેમ પૂજ્ય અને અન્નદાતા છો. ૨૪.

હે મિત્ર અને વરુણ! અન્ન ધારણ કરનાર અધ્વર્યુ, તમારા બંને વચ્ચેની શક્તિશાળી મિત્રતા માટે તમારી સેવા કરે છે. તમારી મિત્રતા પ્રાપ્ત કરીને, અંગિરાગોત્રીય ઋષિને દરેક જગ્યાએથી અનુકૂળ શબ્દો સંભળાશે. જેમ પ્રાચીન માર્ગ ચાલવા માટે સુખદ છે, તેવી જ રીતે, કૃપા કરીને અમને તમારા પ્રિય અને સત્ય સ્તુતિ પ્રદાન કરો. ૨૫.

દેવતાઓના પરમ બંધુ વરુણને નમસ્કાર અને શોભન સ્તુતિઓથી પ્રશંસિત થાઓ. દૂધાળી ગાયના દૂધની ધારા એના યજ્ઞ માટે વહે. ૨૬.

હે યજ્ઞના અધિકારી દેવો! તમે અમારી મહતી રક્ષા માટે સાથી બનો. હે અંગિરાગોત્રીય ઋષિઓ! તમે યજ્ઞ માટે વિવિધ પ્રયત્નો કરીને મારા માટે અન્ન લાવો. આ સમયે તમે મોહરહિત થઇ ગાય પ્રાપ્ત કરો. ૨૭.

15-RV-10-71-1 to 11

ज्ञान सूक्त ।१०-७१-११।

ऋषिः बृहस्पतिः आङ्गिरसः   छन्दः त्रिष्टुप् १-८-१०-११, जगती ९   देवता ज्ञानम्

बृह॒स्पते॑ प्रथ॒मं वा॒चो अग्रं॒ यत्प्रैर॑त नाम॒धेयं॒ दधा॑नाः ।

यदे॑षां॒ श्रेष्ठं॒ यद॑रि॒प्रमासी॑त्प्रे॒णा तदे॑षां॒ निहि॑तं॒ गुहा॒विः ॥१०.७१.१॥

सक्तु॑मिव॒ तित॑उना पु॒नन्तो॒ यत्र॒ धीरा॒ मन॑सा॒ वाच॒मक्र॑त ।

अत्रा॒ सखा॑यः स॒ख्यानि॑ जानते भ॒द्रैषां॑ ल॒क्ष्मीर्निहि॒ताधि॑ वा॒चि ॥१०.७१.२

य॒ज्ञेन॑ वा॒चः प॑द॒वीय॑माय॒न्तामन्व॑विन्द॒न्नृषि॑षु॒ प्रवि॑ष्टाम् ।

तामा॒भृत्या॒ व्य॑दधुः पुरु॒त्रा तां स॒प्त रे॒भा अ॒भि सं न॑वन्ते ॥१०.७१.३

उ॒त त्वः॒ पश्य॒न्न द॑दर्श॒ वाच॑मु॒त त्वः॑ शृ॒ण्वन्न शृ॑णोत्येनाम् ।

उ॒तो त्व॑स्मै त॒न्वं१□□ वि स॑स्रे जा॒येव॒ पत्य॑ उश॒ती सु॒वासाः॑ ॥१०.७१.४

उ॒त त्वं॑ स॒ख्ये स्थि॒रपी॑तमाहु॒र्नैनं॑ हिन्व॒न्त्यपि॒ वाजि॑नेषु ।

अधे॑न्वा चरति मा॒ययै॒ष वाचं॑ शुश्रु॒वाँ अ॑फ॒लाम॑पु॒ष्पाम् ॥१०.७१.५

यस्ति॒त्याज॑ सचि॒विदं॒ सखा॑यं॒ न तस्य॑ वा॒च्यपि॑ भा॒गो अ॑स्ति ।

यदीं॑ शृ॒णोत्यल॑कं शृणोति न॒हि प्र॒वेद॑ सु॒कृ॒तस्य॒ पन्था॑म् ॥१०.७१.६

अ॒क्ष॒ण्वन्त॒: कर्णं॑वन्त॒: सखा॑यो मनोज॒वेष्वस॑मा बभूवुः ।

आ॒द॒घ्नास॑ उपक॒क्षास॑ उ त्वे ह्र॒दा इ॑व॒ स्नात्वा॑ उ त्वे ददृश्रे ॥१०.७१.७

हृ॒दा त॒ष्टेषु॒ मन॑सो ज॒वेषु॒ यद्ब्रा॑ह्म॒णाः सं॒यज॑न्ते॒ सखा॑यः ।

अत्राह॑ त्वं॒ वि ज॑हुर्वे॒द्याभि॒रोह॑ब्रह्माणो॒ वि च॑रन्त्यु त्वे ॥१०.७१.८

इ॒मे ये नार्वाङ्न प॒रश्चर॑न्ति॒ न ब्रा॑ह्म॒णासो॒ न सु॒तेक॑रासः ।

त ए॒ते वाच॑मभि॒पद्य॑ पा॒पया॑ सि॒रीस्तन्त्रं॑ तन्व॒ते अप्र॑जज्ञयः ॥१०.७१.९

सर्वे॑ नन्दन्ति य॒शसाग॑तेन सभासा॒हे॒न॒ सख्या॒ सखा॑यः ।

कि॒ल्बि॒ष॒स्पृत्पि॑तु॒षणि॒र्ह्ये॑षा॒मरं॑ हि॒तो भव॑ति॒ वाजि॑नाय ॥१०.७१.१०

ऋ॒चां त्व॒: पोष॑मास्ते पु॒पु॒ष्वान्गा॑य॒त्रं त्वो॑ गायति॒ शक्व॑रीषु ।

ब्र॒ह्मा त्वो॒ वद॑ति जातवि॒द्यां य॒ज्ञस्य॒ मात्रां॒ वि मि॑मीत उ त्वः ॥१०.७१.११

જ્ઞાન સૂક્ત(૧૦-૭૧-૧૧)

ઋષિઃ બૃહસ્પતિ આઙ્ગિરસઃ　　છંદઃ ત્રિષ્ટુપ્ ૧-૮-૧૦-૧૧ જગતી ૯　　દેવતા જ્ઞાનમ્

હે બૃહસ્પતિ! બાળકો પહેલા માત્ર પદાર્થોના નામ જાણે છે. આ તેમની ભાષાનું પ્રથમ પગથિયું છે. બાળકોનું પાપ રહિત વેદાર્થ જ્ઞાન ગુફામાં છુપાયેલું રહે છે. એ જ્ઞાન સરસ્વતીની કૃપાથી પ્રગટ થાય છે. ૧.

જેમ સત્તુ સાથે શેકેલા જવને સૂપથી શુદ્ધ કરવામાં આવે છે, તેવી જ રીતે વિદ્વાન લોકો મનમાં વિચારીને શુદ્ધ ભાષા બોલે છે. તે સમયે વિદ્વાન્ લોકો મિત્રતાઓ વિશે જાણતા હતા. તેમના શબ્દોમાં શુભ દેવી લક્ષ્મી છુપાયેલી રહે છે. ૨.

બુદ્ધિમાન મનુષ્ય યજ્ઞ દ્વારા ભાષાનો માર્ગ જાણે છે. ઋષિ-મુનિઓના મનમાં નોંધાયેલી વાતો તેમણે સમજી લીધી છે. તે ભાષા પ્રાપ્ત કર્યા પછી તેમણે તેને અનેક દેશોમાં ફેલાવી. આ ભાષામાં સાતેય છન્દો એકત્રિત કરવામાં આવ્યા છે. ૩.

કેટલાક લોકો મનથી વિચારીને પણ ભાષા સમજી શકતા નથી. કેટલાક લોકો ભાષા સાંભળ્યા પછી પણ સાંભળતા નથી. ભાષા પોતાના શરીરને એવી રીતે કોઈની સામે ઉજાગર કરે છે જે રીતે સુંદર વસ્ત્રો પહેરીને અને પતિની ઈચ્છા ધરાવતી સ્ત્રી પોતાના પતિની સામે પોતાના શરીરને ઉજાગર કરે છે. ૪.

કોઇ કોઇને વિદ્વાનોની મંડળીમાં ઉત્તમ ભાવગ્રહણ કરવાવાળાના રુપમાં પ્રતિષ્ઠા મેળે છે. કોઈપણ કામમાં તેમની ઉપેક્ષા કરવામાં આવતી નથી. કેટલાક લોકો ફળ અને ફૂલો વિના વાણીની સેવા કરે છે. તેમની વાણી વાસ્તવિક ધેનુ નથી, પરંતુ માયારુપિણી ધેનુ છે. ૫.

જે વેદ ભણનાર અને પોતાના મિત્રને જાણનાર મિત્રનો ત્યાગ કરે છે તેની વાણીમાં કોઈ સાર નથી. તે માણસ જે કંઈ સાંભળે છે, તે વ્યર્થ સાંભળે છે. તે સત્કર્મનો માર્ગ જાણતો નથી. ૬.

આંખો અને કાનવાળા મિત્રો મનની લાગણીઓને પ્રગટ કરવામાં અનોખા હોય છે. કેટલાક લોકો કમર ઊંડા તળાવ જેવા દેખાય છે, કેટલાક મુખ સુધી ઊંડા તળાવ જેવા દેખાય છે અને કેટલાક સ્નાન કરવા યોગ્ય તળાવ જેવા દેખાય છે. ૭.

એવા સમયે જ્યારે સમાન જ્ઞાન ધરાવતા ઘણા બ્રાહ્મણો હૃદયથી સમજાયેલા વેદાર્થના ગુણ-દોષની ચર્ચા કરવા ભેગા થાય છે, તે સમયે કેટલાકને વિશેષ જ્ઞાન હોય છે અને કેટલાક સ્તોત્રનો અર્થ જાણીને ભટકતા હોય છે. ૮.

આ અવિદ્વાન લોકો આ લોકમાં વેદ જાણનારા બ્રાહ્મણો દ્વારા અને પરલોકવાસી દેવતાઓ સાથે યજ્ઞ કરતા નથી. તેઓ સ્તોતા નથી કે સોમયજ્ઞ કરનાર પણ નથી. તેઓ આ પાપનો આશ્રયવાળી લૌકિક વાણીથી યુક્ત થઇ મૂર્ખની જેમ હળ ચલાવી કૃષિકર્મ કરે છે. ૯.

જેઓ મિત્રોની જેમ આચરણ કરવાવાળા અને સભામાં યશ પ્રદાન કરવાવાળા યશ મેળવીને ખુશ થાય છે. યશના કારણે પાપ દૂર થાય છે. અન્ન મળે છે અને શક્તિ મળે છે. આ રીતે, યશથી અનેક પ્રકારનું હિત થાય છે. ૧૦.

કેટલાક હોતા અનેક ઋચાઓનું ઉચ્ચારણ કરતાં યજ્ઞમાં સહાયક થાય છે. અને કેટલાક લોકો ગાયત્રી છન્દમાં સામમંત્રો ગાય છે. બ્રહ્મા નામના પુરોહિત પ્રાયશ્ચિતની વ્યાખ્યા સમજાવે છે અને અધ્વર્યુ યજ્ઞમાં વિવિધ કાર્ય કરે છે. ૧૧.

===

16-RV-6-61-1 to 14

सरस्वती सूक्त ६-६१।

ऋषिः भरद्वाजः बाहर्स्पत्यः छन्दः जगती १-३-१३, गायत्री ४-१२, त्रिष्टुप् १४ देवता सरस्वती।

इयमददाद्रभसमृणच्युतं दिवोदासं वध्र्यश्वाय दाशुषे ।

या शश्वन्तमाचखादावसं पणिं ता ते दात्राणि तविषा सरस्वति ॥६.६१.१

इयं शुष्मेभिर्बिसखा इवारुजत्सानु गिरीणां तविषेभिरूर्मिभिः ।

पारावतघ्नीमवसे सुवृक्तिभिः सरस्वतीमा विवासेम धीतिभिः ॥६.६१.२

सरस्वति देवनिदो नि बर्हय प्रजां विश्वस्य बृसयस्य मायिनः ।

उत क्षितिभ्योऽवनीरविन्दो विषमेभ्यो अस्रवो वाजिनीवति ॥६.६१.३

प्र णो देवी सरस्वती वाजेभिर्वाजिनीवती । धीनामवित्र्यवतु ॥६.६१.४

यस्त्वा देवि सरस्वत्युपब्रूते धने हिते । इन्द्रं न वृत्रतूर्ये ॥६.६१.५

त्वं देवि सरस्वत्यवा वाजेषु वाजिनि । रदा पूषेव नः सनिम् ॥६.६१.६

उत स्या नः सरस्वती घोरा हिरण्यवर्तनिः । वृत्रघ्नी वष्टि सुष्टुतिम् ॥६.६१.७

यस्या अनन्तो अह्रुतस्त्वेषश्चरिष्णुरर्णवः । अमश्चरति रोरुवत् ॥६.६१.८

सा नो विश्वा अति द्विषः स्वसॄरन्या ऋतावरी । अतन्नहेव सूर्यः ॥६.६१.९

उत नः प्रिया प्रियासु सप्तस्वसा सुजुष्टा । सरस्वती स्तोम्या भूत् ॥६.६१.१०

आपप्रुषी पार्थिवान्युरु रजो अन्तरिक्षम् । सरस्वती निदस्पातु ॥६.६१.११

त्रिषधस्था सप्तधातुः पञ्च जाता वर्धयन्ती । वाजेवाजे हव्या भूत् ॥६.६१.१२

प्र या महिम्ना महिनासु चेकिते द्युम्नेभिरन्या अपसामपस्तमा ।

रथ इव बृहती विभ्वने कृतोपस्तुत्या चिकितुषा सरस्वती ॥६.६१.१३

सरस्वत्यभि नो नेषि वस्यो माप स्फरीः पयसा मा न आ धक् ।

जुषस्व नः सख्या वेश्या च मा त्वत्क्षेत्राण्यरणानि गन्म ॥६.६१.१४

આ સરસ્વતીએ હવ્ય આપનાર વધ્રયશ્વને શીઘ્રગામી અને ઋણમુક્ત કરાવનાર દિવોદાસ નામનો પુત્ર આપ્યો હતો, તેઓએ હંમેશા પોતાને જ તૃપ્ત કરનાર તેમજ દાન ન કરનાર પણિઓનો નાશ કર્યો. તમારું આ દાન મહાન છે. ૧.

આ સરસ્વતી પોતાના દળો અને મહાન તરંગો વડે કિનારા પરના પર્વતોના શિખરોને એવી રીતે તોડી નાખે છે કે જે કમળના મૂળ ખોદવા વાળા કીચડ વિખેરી નાખે છે, હું દુરવર્તી વૃક્ષો વગેરેનો નાશ કરનાર સરસ્વતીની સ્તુતિઓ અને યજ્ઞકર્મો દ્વારા મારા રક્ષણ માટે સેવા કરું છું. ૨.

હે સરસ્વતી! દેવનિંદકો અને સર્વત્ર વ્યાપ્ત માયાવી વૃત્ર અસુરનો નાશ કરો. હે અન્નની સ્વામિની! તમે અસુરો દ્વારા છીનવેલી ધરતી મનુષ્યોને પાછી અપાવો. અને તેમના માટે જળ-પ્રવાહિત કરો. ૩.

અન્નની સ્વામિની અને સ્તોતાઓની રક્ષક સરસ્વતી, અન્નો દ્વારા આપણું રક્ષણ કરે. ૪.

હે સરસ્વતી દેવી! જે સ્તોતા ધન-નિમિત્તક યુદ્ધમાં ઇન્દ્રની સમાન તમારી સ્તુતિ કરનાર સ્તોતાનું તમે રક્ષણ કરો. ૫.

હે અન્નયુક્ત સરસ્વતી દેવી! તમે યુદ્ધમાં અમારું રક્ષણ કરો છો અને અમને સૂર્યની જેમ સંપત્તિ આપો. ૬.

પ્રસિદ્ધ સરસ્વતી જે દુશ્મનોને ડરાવે છે અને સુવર્ણ રથ ધરાવનાર અને શત્રુઓનો સંહાર કરનાર છે. તે અમારી શોભન સ્તુતિની અભિલાષા કરો. ૭.

સરસ્વતીની શક્તિ અનંત, અપરાજિત, દીપ્તિયુક્ત, ગતિશીલ અને જળસહિત છે. અને શબ્દો ઉચ્ચારતા વારંવાર ઘૂમે છે. ૮.

સરસ્વતી અમને બધા દુશ્મનોથી છુટકારો મેળવવામાં અને પાણીથી ભરેલી અન્ય નદીઓને પાર કરવામાં અમારી સહાયતા કરે. જેમ સૂર્ય હંમેશા ફરે છે, તેવી જ રીતે સરસ્વતી હંમેશા વહે. ૯.

સપ્તનદી-રુપિણી, સાત-બહેનો ધરાવતી અને પ્રાચીન ઋષિમુનિઓ દ્વારા સેવિત, અમારી સૌથી પ્રિય સરસ્વતી દેવી અમારી સ્તુતિઓ સાંભળે. ૧૦.

પૃથ્વી સંબંધી વિસ્તીર્ણ લોકોં, અંતરીક્ષ અને આકાશને પોતાના તેજથી ભરી દેનાર સરસ્વતી નિંદકોથી અમારી રક્ષા કરે. ૧૧.

સરસ્વતી, જે ત્રણેય લોકમાં વ્યાપ્ત છે, સાત-સંબંધીઓવાળી છે અને પાંચ વર્ગોને વધારનારી છે, તે દરેક યુદ્ધમાં બોલાવવા યોગ્ય છે. ૧૨.

સરસ્વતી તેના મહાત્મ્ય દ્વારા મહાન, યશ-યુક્ત અને અન્ય નદીઓમાં શ્રેષ્ઠ હોવાના કારણે સર્વશ્રેષ્ઠ જળવાળી માનવામાં આવે છે. પ્રજાપતિએ વિસ્તરણ માટે સરસ્વતીને અધિક ગુણોવાળી બનાવી છે. ૧૩.

હે સરસ્વતી ! અમને પ્રસિદ્ધ ધન પાસે લઈ જાઓ. અમારી અવનતિ કરશો નહીં. અમને પાણીથી નુકસાન ન કરો. અમારા મૈત્રીપૂર્ણ કૃત્યો અને પ્રવેશ સ્વીકારો. અમને તમારી પાસેથી જંગલો અથવા ખરાબ સ્થળોએ જવા દો નહીં. ૧૪.

==

17-RV-10-121-1 to 10

हिरण्यगर्भ सूक्त। १०-१२१-१०

ऋषिः हिरण्यगर्भः प्राजापत्यः छन्दः त्रिष्टुप् देवता कः(प्रजापतिः)

हि॒र॒ण्य॒ग॒र्भः सम॑वर्त॒ताग्रे॑ भू॒तस्य॑ जा॒तः पति॒रेक॑ आसीत् । स दा॑धार पृथि॒वीं द्यामु॒तेमां कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥१०.१२१.१॥

य आ॑त्म॒दा ब॑ल॒दा यस्य॒ विश्व॑ उ॒पास॑ते प्र॒शिषं॒ यस्य॑ दे॒वाः । यस्य॑ छा॒यामृतं॒ यस्य॑ मृ॒त्युः कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥१०.१२१.२॥

यः प्रा॑ण॒तो नि॑मिष॒तो म॑हि॒त्वैक॒ इद्राजा॒ जग॑तो ब॒भूव॑ । य ईशे॑ अ॒स्य द्वि॒पद॒श्चतु॑ष्पदः॒ कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥१०.१२१.३॥

यस्ये॒मे हि॒मव॑न्तो महि॒त्वा यस्य॑ समु॒द्रं र॒सया॑ स॒हाहुः । यस्ये॒माः प्र॒दिशो॒ यस्य॑ बा॒हू कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥१०.१२१.४॥

येन॒ द्यौरु॒ग्रा पृ॑थि॒वी च॑ दृ॒ळ्हा येन॒ स्वः॑ स्तभि॒तं येन॒ नाकः॑ । यो अ॒न्तरि॑क्षे॒ रज॑सो वि॒मानः॒ कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥१०.१२१.५॥

यं क्रन्द॑सी॒ अव॑सा तस्तभा॒ने अ॒भ्यैक्षे॑तां॒ मन॑सा॒ रेज॑माने । यत्राधि॒ सूर॒ उदि॑तो वि॒भाति॒ कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥१०.१२१.६॥

आपो॑ ह॒ यद्बृ॑ह॒तीर्विश्व॒माय॒न्गर्भं॒ दधा॑ना ज॒नय॑न्तीर॒ग्निम् । ततो॑ दे॒वानां॒ सम॑वर्त॒तासु॒रेकः॒ कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥१०.१२१.७॥

यश्चि॒दापो॑ महि॒ना प॒र्यप॑श्य॒द्दक्षं॒ दधा॑ना ज॒नय॑न्तीर्य॒ज्ञम् । यो दे॒वेष्वधि॑ दे॒व एक॒ आसी॒त्कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥१०.१२१.८॥

मा नो॑ हिंसीज्जनि॒ता यः पृ॑थि॒व्या यो वा॒ दिवं॑ स॒त्यध॑र्मा ज॒जान॑ । यश्चा॒पश्च॒न्द्रा बृ॑ह॒तीर्ज॒जान॒ कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥१०.१२१.९॥

प्रजा॑पते॒ न त्वदे॒तान्य॒न्यो विश्वा॑ जा॒तानि॒ परि॒ ता ब॑भूव । यत्का॑मास्ते जुहु॒मस्तन्नो॑ अस्तु व॒यं स्या॑म॒ पत॑यो रयी॒णाम् ॥१०.१२१.१०॥

સૌથી પહેલાં પરમાત્મા અથવા હિરણ્યગર્ભ હતા. ઉત્પન્ન થયા ત્યારે તે સર્વ પ્રાણીઓના અદ્વિતિય અધીશ્વર હતા. તેમણે આ પૃથ્વી અને આકાશને પોતપોતાની જગ્યાએ સ્થાપિત કર્યા. એ "ક" નામવાળા પ્રજાપતિ દેવતાની અમે હવિ દ્વારા પૂજા કરીશું. અથવા હવિ દ્વારા કયા દેવતાની પૂજા કરીશું? ૧.

જે પ્રજાપતિએ જીવાત્માને બળ આપ્યું છે, જેની આજ્ઞા સર્વ દેવો માને છે. જેની છાયા અમૃતરુપિણી છે અને જેના વશમાં મૃત્યુ છે, એ "ક" નામવાળા પ્રજાપતિ દેવતાની અમે હવિ દ્વારા પૂજા કરીશું. અથવા હવિ દ્વારા કયા દેવતાની પૂજા કરીશું? ૨.

જે પોતાની મહિમાથી, દર્શનેન્દ્રિય અને ગતિશક્તિવાળા જીવોના અદ્વિતિય રાજા થયા છે અને આ બે પગવાળા અને ચાર પગવાળા પ્રાણીઓના પ્રભુ છે. એ "ક" નામવાળા પ્રજાપતિ દેવતાની અમે હવિ દ્વારા પૂજા કરીશું. અથવા હવિ દ્વારા કયા દેવતાની પૂજા કરીશું? ૩.

જેના પ્રતાપે આ બધા હિમાચ્છાદિત પર્વતો ઉત્પન્ન થયા છે, જેની સૃષ્ટિ આ સસાગરા ધરિત્રી કહેવાય છે અને જેની ભુજાઓ આ બધી દિશાઓ છે. એ "ક" નામવાળા પ્રજાપતિ દેવતાની અમે હવિ દ્વારા પૂજા કરીશું. અથવા હવિ દ્વારા કયા દેવતાની પૂજા કરીશું? ૪.

જેમણે આ ઉન્નત આકાશ અને પૃથ્વીને પોતપોતાના સ્થાનમાં દૃઢ રુપથી સ્થાપિત કર્યા છે, જેમણે સ્વર્ગ અને આદિત્યને નિયંત્રણમાં રાખ્યા છે અને જેઓ અંતરિક્ષમાં જળના સર્જક છે. એ "ક" નામવાળા પ્રજાપતિ દેવતાની અમે હવિ દ્વારા પૂજા કરીશું. અથવા હવિ દ્વારા કયા દેવતાની પૂજા કરીશું? ૫.

જેમના દ્વારા દ્યૌ અને પૃથ્વી, શબ્દાયમાન થઇને, સ્તમ્ભિત અને આનંદિત થયા હતા, અને દીપ્તિશીલ દ્યૌ અને પૃથ્વીએ જેને મહિમાન્વિત માન્યું હતું તથા જેમના આશ્રય હેઠળ સૂર્ય ઉગે છે અને પ્રકાશે છે, એ "ક" નામવાળા પ્રજાપતિ દેવતાની અમે હવિ દ્વારા પૂજા કરીશું. અથવા હવિ દ્વારા કયા દેવતાની પૂજા કરીશું? ૬.

પ્રચુર જળ સમગ્ર પૃથ્વીને આવરી લે છે. જળ વડે ગર્ભ ધારણ કરીને, તેણે અગ્નિ, આકાશ વગેરે બધું જ ઉત્પન્ન કર્યું. તેમાંથી દેવોનો પ્રાણવાયુ ઉત્પન્ન થયો. એ "ક" નામવાળા પ્રજાપતિ દેવતાની અમે હવિ દ્વારા પૂજા કરીશું. અથવા હવિ દ્વારા કયા દેવતાની પૂજા કરીશું? ૭.

જે સમયે જળવડે બળ ધારણ કરીને અગ્નિ ઉત્પન્ન કર્યો. તે સમયે જેઓએ પોતાની મહિમાથી તે જળની ચારે તરફ નિરીક્ષણ કર્યું. અને જે દેવોમાં અનન્ય દેવો થયા, એ "ક" નામવાળા પ્રજાપતિ દેવતાની અમે હવિ દ્વારા પૂજા કરીશું. અથવા હવિ દ્વારા કયા દેવતાની પૂજા કરીશું? ૮.

જેઓ પૃથ્વીના જન્મદાતા છે, જેની ધારણ-ક્ષમતા સત્ય છે, જેણે આકાશને જન્મ આપ્યો છે અને જેણે આનન્દ-વર્ધક અને પ્રચુર પરિમાણમાં જળનું સર્જન કર્યું છે, તેઓ આપણને મારી ન નાખે. એ "ક" નામવાળા પ્રજાપતિ દેવતાની અમે હવિ દ્વારા પૂજા કરીશું. અથવા હવિ દ્વારા કયા દેવતાની પૂજા કરીશું? ૯.

પ્રજાપતિ, તમારા સિવાય કોઈ આ બધી સર્જેલી વસ્તુઓને નિયંત્રણમાં રાખી શકશે નહીં. જે ઈચ્છા સાથે અમે તમારો હવન કરીએ છીએ તેનાથી અમને આ મળે. અમે ધનાધિપતિ થઇએ. ૧૦

==

18-RV-1-164-45

च॒त्वारि॒ वाक्परि॑मिता प॒दानि॒ तानि॑ विदुर्ब्राह्म॒णा ये म॑नी॒षिण॑ः ।

गुहा॒ त्रीणि॒ निहि॑ता॒ नेङ्ग॑यन्ति तु॒रीयं॑ वा॒चो म॑नु॒ष्या॑ वदन्ति ॥१.१६४.४५॥

આ મંત્રમાં વાણીના ચાર રુપ બતાવ્યા છે. જે ક્રાન્તદર્શી બ્રાહ્મણો જાણે છે. આમાંથી ત્રણ રુપ તો ગુફામાં છુપાયેલા છે. ચોથું રુપ જે મનુષ્યો બોલે છે. આ ચાર રુપ સાયણ, ગૌડપાદ તથા ભર્તૃહરિ અનુસાર પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી છે. પતંજલિ, કૈયટ, નાગેશ વગેરે મહાવ્યાકરણીઓએ વાણીના ચાર સ્વરુપોને, નામ-આખ્યાત-ઉપસર્ગ અને નિપાત સ્વીકાર્યા છે.

19-AV-7-44-1

शि॒वास्त॒ एका॒ अशि॑वास्त॒ एका॒ः सर्वा॑ बिभर्षि सुमन॒स्यमा॑नः ।

तिस्रो वाचो निहिता अन्तरस्मिन्तासामेका वि पंपातानु घोषम् ॥ अथर्व 7-44-1 ॥

હે! અકારણ નિંદિત પુરુષ! તારા વિષયમાં કેટલીક વાણીઓ સ્તુતિરુપા તેમ જ કલ્યાણી છે. તથા કેટલીક વાણીઓ તારા વિષયમાં નિંદાપૂર્ણ છે.સૌમનસ્યનું આચરણ કરતી આ બે પ્રકારની વાણી સિવાય ત્રણ વાણીઓ અર્થાત્ પરા,પશ્યન્તી અને મધ્યમા શબ્દપ્રયોગમાં શરીરની ભીતર છુપાયેલી રહે છે. માત્ર વૈખરી વાણી ધ્વનિરુપે નીકળે છે.

17-RV-4-58-3

चत्वारि शृङ्गा त्रयो अस्य पादा द्वे शीर्षे सप्त हस्तासो अस्य ।

त्रिधा बद्धो वृषभो रोरवीति महो देवो मर्त्याँ आ विवेश ॥४.५८.३॥

આ યજ્ઞાત્મક અગ્નિના ચાર શૃંગ છે(અર્થાત્ શૃંગસ્થાનીય ચાર દેવ છે. એને સવનસ્વરુપ ત્રણ પાદ(પગ) છે. બ્રહ્મોદન અને પ્રવગ્ય-સ્વરુપ બે મસ્તક છે. છંદ સ્વરુપ સાત હાથ છે. એ અમીષ્ટવર્ષી છે. એ મન્ત્ર કલ્પ અને બ્રાહ્મણ દ્વારા ત્રણ પ્રકારે બદ્ધ છે. એ અત્યન્ત શબ્દ કરે છે. તેઓ મહાન્ દેવો અને માનવો વચ્ચે પ્રવેશ કરે છે.

(આ મન્ત્રમાં સાંકેતિક દેવસ્વરુપ મહાન્ વૃષભ છે. નાદ, એના ચાર શૃંગ છેઃ નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત; ત્રણ પગો, ત્રણ કાળઃ ભૂત, ભવિષ્ય અને વર્તમાન. બે શિર છે.શબ્દ અને અર્થ; સાત હાથ છે. પ્રથમા આદિ વિભક્તિઓ. આ મહાવૃષભ ત્રણ સ્થાનો પર બાંધ્યો છે. ઉરસ્ (ફેફસા), કણ્ઠ તથા શિરમાં.)

==

18-RV-6-61-12

त्रिषधस्था सप्तधातुः पञ्च जाता वर्धयन्ती । वाजेवाजे हव्या भूत् ॥६.६१.१२॥

સરસ્વતી, જે ત્રણેય લોકમાં વ્યાપ્ત છે, સાત-સંબંધીઓવાળી છે અને પાંચ વર્ગોને વધારનારી છે, તે દરેક યુદ્ધમાં બોલાવવા યોગ્ય છે. ૧૨.

આ સરસ્વતી સૂક્ત(૬-૬૧-૧૨)નો મન્ત્ર છે. જે વાણીના ત્રણ સદન મૂળ, નાભિ તથા હૃદયચક્ર છે? સપ્તધાતુ સાત વિભક્તિઓ છે? અનેઉત્પત્તિના પાંચ પ્રકાર કૃત્, તદ્ધિત, સમાસ, એક શેષ અને સનાદ્યન્ત ધાતુરુપ પાંચ વૃત્તિઓ છે?

==

18-RV-7-87-4

उवाच मे वरुणो मेधिराय त्रिः सप्त नामाघ्न्या बिभर्ति । विद्वान्पदस्य गुह्या न वोचद्युगाय विप्र उपराय शिक्षन् ॥७.८७.४॥

હું મેધાવી ઋત્વિક છું. વરુણે મને કહ્યું હતું કે, પૃથ્વી અથવા વાક્ના એકવીસ નામ છે.વિદ્વાન અને મેધાવી વરુણે યોગ્ય છાત્રોને ઉપદેશ આપીઉત્તમ સ્થાનમાં આ બધી ગોપનીય વાતો કહી છે.

આ મન્ત્રમાં અધ્યા અર્થાત્ વાણીના પદમાં મૂળ વર્ણોની સંખ્યા ૨૧(ત્રિઃ સપ્ત) બતાવી છે. આ મૂળવર્ણ આમ છે..... મૂલતમ માતૃકાવિસર્ગ(ः) હયરલવ-કચટતપ-ગજડદબ આ ૧૬ માતૃકા તથા અઇઉઋલૃ આ ૫ સ્વર. (ડો. રામ દેવ ત્રિપાઠી-ભારતીય ભાષાશાસ્ત્રીય ચિન્તન.) _વિશ્વની વર્ણમાળાઓ માટે આ મંત્ર ખૂબ જ અગત્યનો છે._

આમાં યરલવ ઇઋલૃઉ પરથી બન્યા હોઇ શષસહ (વિસર્ગપ્રતિનિધિ) નમ(અનુનાસિક-પ્રતિનિધિ) રખ્યા છે. જે વધારે તાર્કિક છે. અઇઉઋલૃ- કચટતપ-ગજડદબ-શષસહ-નમ ૨૧ મૂળધ્વનિ તરીકે સ્વીકાર્યા છે. નવેસરથી ૨૧ મૂળાક્ષરો આમ છે. अइउऋलृ,कचटतप,गजडदब, नम,शषसह॥ આના ઉપરથી સસ્કૃત માટે પાણિનિએ ૬૩-અક્ષરોની વર્ણમાળા સાધિત કરી છે. જ્યારે સેમેટિક વર્ણમાળાઓ જે આલ્ફાબેટ કહેવાય છે તે, ૨૨ કે ૨૬ વર્ણની બનાવેલી છે. જેનો આધાર આ ૨૧ મૂળધ્વનિ છે. જેની ચર્ચા અન્ય સ્થળે કરવામાં આવી છે.

==

દાશરાજ્ઞ યુદ્ધ.

19 RV-7-18- 01 TO 25

त्वे ह॒ यत्पि॒तर॑श्चिन्न इन्द्र॒ विश्वा॑ वा॒मा ज॑रि॒तारो॑ अस॑न्वन्।

त्वे गाव॑ः सु॒दुघा॒स्त्वे ह्यश्वा॒स्त्वं वसु॑ देवय॒ते वनि॑ष्ठः ॥७.१८.१॥

राजे॑व॒ हि जनि॑भिः क्षे॒ष्येवाव॒ द्युभि॑र॒भि वि॒दुष्क॒विः सन्।

पि॒शा गिरो॑ मघव॒न्गोभि॒रश्वै॑स्त्वाय॒तः शि॑शीहि रा॒ये अ॒स्मान् ॥७.१८.२॥

इ॒मा उ॑ त्वा पस्पृधा॒नासो॒ अत्र॑ म॒न्द्रा गिरो॑ दे॒वयन्ती॒रुप॑ स्थुः।

अ॒र्वाची॑ ते प॒थ्या॑ रा॒य ए॑तु॒ स्याम॑ ते सुम॒ताविन्द्र॒ शर्म॑न् ॥७.१८.३॥

धे॒नुं न त्वा॑ सू॒यव॑से॒ दुदु॑क्ष॒न्नुप॒ ब्रह्मा॑णि ससृजे॒ वसि॑ष्ठः।

त्वामिन्मे॒ गोप॑तिं॒ विश्व॑ आ॒हा न॒ इन्द्रः॑ सुम॒तिं ग॒न्त्वच्छ॑ ॥७.१८.४॥

अर्णां॑सि चित्पप्रथा॒ना सु॒दास॒ इन्द्रो॑ गा॒धान्य॑कृणोत्सुपा॒रा।

शर्ध॑न्तं शि॒म्युमु॒चथ॑स्य॒ नव्य॒ः शापं॒ सिन्धू॑नामकृणो॒दश॑स्तीः ॥७.१८.५॥

पु॒रो॒ळा इत्तु॒र्वशो॒ यक्षु॑रासीद्रा॒ये मत्स्या॑सो॒ निशि॑ता॒ अपी॑व।

श्रु॒ष्टिं च॑क्रु॒र्भृग॑वो द्रु॒ह्यव॑श्च॒ सखा॒ सखा॑यमतर॒द्विषू॑चोः ॥७.१८.६॥

आ प॒क्थासो॑ भला॒नसो॑ भन॒न्तालि॑नासो विषा॒णिन॑ः शि॒वास॑ः।

आ योऽन॑यत्सध॒मा आर्य॑स्य ग॒व्या तृत्सु॑भ्यो अजग॒न्युधा नृन् ॥७.१८.७॥

दु॒राध्यो॒३ अदि॑तिं स्रे॒वय॑न्तोऽचे॒तसो॒ वि ज॑गृभ्रे॒ परु॑ष्णीम्।

म॒ह्नावि॑व्यक्पृथि॒वीं पत्य॑मानः प॒शुष्क॒विर॑शय॒च्चाय॑मानः ॥७.१८.८॥

ई॒युरर्थं॒ न न्य॒र्थं परु॑ष्णीमा॒शुश्च॒नेद॑भिपि॒त्वं ज॑गाम।

सु॒दास॒ इन्द्र॑ः सु॒तुकाँ॑ अ॒मित्रा॒नर॑न्धय॒न्मानु॑षे॒ वध्रि॑वाचः ॥७.१८.९॥

ई॒युर्गावो॒ न यव॑सा॒दगो॑पा यथाकृ॒तम॒भि मि॒त्रं चि॒तास॑ः।

पृश्नि॑गाव॒ः पृश्नि॑निप्रेषितास॒ः श्रु॒ष्टिं च॑क्रु॒र्नि॒युतो॒ रन्त॑यश्च ॥७.१८.१०॥

एकं॑ च॒ यो विं॑श॒तिं च॑ श्रव॒स्या वै॑क॒र्णयो॒र्जना॒न्राजा॒ न्यस्त॑ः।

द॒स्मो न सद्म॒न्नि शि॑शाति ब॒र्हिः शूर॒ः सर्ग॑मकृणो॒दिन्द्र॑ एषाम् ॥७.१८.११॥

अध॑ श्रु॒तं क॒वषं॑ वृ॒द्धम॒प्स्वनु॑ द्रु॒ह्युं नि वृ॑ण॒ग्वज्र॑बाहुः।

वृ॒णा॒ना अत्र॑ स॒ख्याय॑ स॒ख्यं त्वा॒यन्तो॒ ये अम॑द॒न्ननु॑ त्वा ॥७.१८.१२॥

वि स॒द्यो विश्वा॑ दृंहि॒तान्ये॑षा॒मिन्द्र॒ः पुर॒ः सह॑सा स॒प्त द॑र्दः।

व्यान॑वस्य॒ तृत्स॑वे॒ गयं॑ भा॒ग्जेष्म॑ पू॒रुं वि॒दथे॑ मृ॒ध्रवा॑चम् ॥७.१८.१३॥

नि गव्यवोऽनवो द्रुह्यवश्च षष्टिः शता सुषुपुः षट् सहस्रा ।

षष्टिर्वीरासो अधि षड्दुवोयु विश्वेदिन्द्रस्य वीर्या कृतानि ॥७.१८.१४॥

દાશરાજ્ઞ યુદ્ધઃ

હે ઈન્દ્ર! તારી પ્રશંસા કરનાર અમાર પિતૃઓએ જીતેલી બધી સંપતિનો માલિક તું જ છે. તારી પવિત્ર પ્રેરણાથી ગાયો ઉત્તમ દૂધ આપે અને અશ્વો વિજેતા બનાવે. ૧.

પત્નીઓ વચ્ચે રહેતા રાજા જેવો શોભતો ઈન્દ્ર અમને સહાય રૂપ થા. અમને તારા દાસ બનાવ, સંપતિ આપ, અમારી પ્રાર્થનાઓ સાંભળ, ગાયો અને અશ્વોથી સુશોભિત કર. ૨.

હે ઈન્દ્ર! અમારી પવિત્ર - આનંદિત પ્રાર્થનાઓ વડે તારી પાસે પહોંચ્યા છીએ. અમને રહેંણાક અને સંપતિ આપ. ૩.

હે પશુઓના દેવ ઈન્દ્ર! વસિષ્ઠે ગાયોના દૂધ માટે પ્રાર્થનાઓ કરી છે. તે સ્વીકાર. ૪.

હે ઈન્દ્ર! પાણીના પૂરથી ઘેરાયેલા રસ્તા, તું સુદાસને પાર થવા માટે છીછરા બનાવી દે. તે અમારો પ્રશંસાપાત્ર છે. મારા કવિએ ક્રોધિત નદીને શાંત કરવા પ્રાર્થનાઓ બનાવી છે. ૫.

તૂર્વસુ અને પુરોડાહ ભૂખી માછલીઓ જેમ સંપતિ લૂંટવા તત્પર છે. દ્રહ્યુઓ અને ભૃગુઓ મિત્રને મિત્ર બચાવે તે પહેલાં તેનો નાશ કરી સુદાસને બચાવ. ૬.

હવ્યોના પાચક, કલ્યાણી, મંગલકારી લોકો ઈન્દ્રની સ્તૂતિ કરે છે. સોમપાનથી મત્ત થઈ ઈન્દ્ર આર્યની ગાયો મેળવે છે અને ગાયો હરી જનારાને મારી નાખે છે. ૭.

દુષ્ટ માનસ અને મન્દમતિ શત્રુઓએ પરુષ્ણી નદીને ખોદી કિનારા તોડી નાખ્યા હતા. ઈન્દ્ર કૃપાથી સુદાસ વિશ્વવ્યાપી થઈ ગયો હતો. ચયમાનના પુત્રને પાળેલા પશુની જેમ મારી નાખ્યો. ૮.

ઈન્દ્રે પરુષ્ણી નદીનાં પાણી બરાબર વાળ્યા-કિનારા સરખા કર્યા. સુદાસ પોતાના અશ્વો લઈ ગયો. સુદાસના શત્રુઓને ઈન્દ્રે વશ કર્યા ૯.

જેમ ચરવાહો વિના ગાયો છૂટી પડી જાય છે. તેમ માતા દ્વારા મોકલેલા મરૂતો, મિત્ર ઈન્દ્ર તરફ અશ્વો સાથે ગયા. ૧૦.

રાજા સુદાસે બંને પ્રદેશો માંથી એકવીસ મનુષ્યોનો વધ કરી કીર્તી મેળવી. જેમ યજ્ઞશાળામાં યુવકો કુશ કાપે છે તેમ ઈન્દ્રે સુદાસની સહાયતા માટે મરુતો મોકલ્યા. ૧૧.

આ સિવાય ઈન્દ્રે શ્રૂત-કવષ-વૃદ્ધ અને દ્રુહ્યુઓને પાણીમાં ડુબાડી દીધા. આ સમયે જે લોકોએ ઈન્દ્રની સ્તુતિ કરી તેને મિત્રો ગણવામાં આવ્યા. ૧૨.

પોતાની શકિતથી ઈન્દ્રે શ્રૂત - દ્રુહ્યુઓ વગેરેન નગરો અને સાત સુરક્ષા વિદીર્ણ કરી નાખી. અનુના પુત્રનું ઘર તૃત્સુઓને આપી દીધું. હે ઈન્દ્ર! અમે દૂર્વચનીઓને જીતીએ તેવી કૃપા કરો. ૧૩.

અનુ દ્રુહ્યુની ગાયોને ચાહવાવાળા ૬૬૦૬૬ સમ્બન્ધીઓને સુદાસ માટે મારી નાખ્યા જે ઈન્દ્રની શૂરવીરતા સૂચક છે. ૧૪.

इन्द्रेणैते तृत्सवो वेविषाणा आपो न सृष्टा अधवन्त नीचीः ।

दुर्मित्रासः प्रकलविन्मिमाना जहुर्विश्वानि भोजना सुदासे ॥७.१८.१५॥

अर्धं वीरस्य शृतपामनिन्द्रं परा शर्धन्तं नुनुदे अभि क्षाम् ।

इन्द्रो मन्युं मन्युम्यो मिमाय भेजे पथो वर्तनिं पत्यमानः ॥७.१८.१६॥

आध्रेण चित्तद्वेकं चकार सिंह्यं चित्पेत्वेना जघान ।

अव स्रक्तीर्वेश्यावृश्चदिन्द्रः प्रायच्छद्विश्वा भोजना सुदासे ॥७.१८.१७॥

शश्वन्तो हि शत्रवो रारधुष्टे भेदस्य चिच्छर्धतो विन्द रन्धिम् ।

मर्ताँ एनः स्तुवतो यः कृणोति तिग्मं तस्मिन्नि जहि वज्रमिन्द्र ॥७.१८.१८॥

आवदिन्द्रं यमुना तृत्सवश्च प्रात्र भेदं सर्वताता मुषायत् ।

अजासश्च शिग्रवो यक्षवश्च बलिं शीर्षाणि जभ्रुरश्व्यानि ॥७.१८.१९॥

न त इन्द्र सुमतयो न रायः संचक्षे पूर्वा उषसो न नूत्नाः ।

देवकं चिन्मान्यमानं जघन्थाव त्मना बृहतः शम्बरं भेत् ॥७.१८.२०॥

प्र ये गृहादममदुस्त्वाया पराशरः शतयातुर्वसिष्ठः ।

न ते भोजस्य सख्यं मृषन्ताधा सूरिभ्यः सुदिना व्युच्छान् ॥७.१८.२१॥

द्वे नप्तुर्देववतः शते गोर्द्वा रथा वधूमन्ता सुदासः ।

अर्हन्नग्ने पैजवनस्य दानं होतेव सद्म पर्येमि रेभन् ॥७.१८.२२॥

चत्वारो मा पैजवनस्य दानाः स्मद्दिष्टयः कृशनिनो निरेके ।

ऋज्रासो मा पृथिविष्ठाः सुदासस्तोकं तोकाय श्रवसे वहन्ति ॥७.१८.२३॥

यस्य श्रवो रोदसी अन्तरुर्वी शीर्ष्णेशीर्ष्णे विबभाजा विभक्ता ।

सप्तेदिन्द्रं न स्रवतो गृणन्ति नि युध्यामधिमशिशादभीके ॥७.१८.२४॥

इमं नरो मरुतः सश्चतानु दिवोदासं न पितरं सुदासः ।

अविष्टना पैजवनस्य केतं दूणाशं क्षत्रमजरं दुवोयु ॥७.१८.२५॥

દુષ્ટ મિત્રો વાળા અનાર્ય તૃત્સુઓ ઈન્દ્ર સાથે લડાઈમાં ઉતરતા,નીચે વહેતા પાણીની જેમ ભાગ્યા તોય મુશ્કેલ થતાં સઘળી ભોગ્ય વસ્તુ સુદાસને આપી દીધી હતી. ૧૫.

શૂરવીર સુદાસના હિંસકો, ઈન્દ્રને માનનારા અનિન્દ્રો, હવ્યદાતા અને ઉત્સાહી મનુષ્યોને ઈન્દ્રે ધરાશાયી કર્યા. ઈન્દ્રે ક્રોધીઓને ક્રોધ તોડી નાખ્યો અને સુદાસના શત્રુઓને ભગાડી મૂકયા. ૧૬.

ઈન્દ્રે તે સમયે દરિદ્ર સુદાસ પાસે સિંહને સાંગ દ્વારા મરાવ્યો હતો. સોયથી સ્તંભના ખૂણા કાપી સઘળું ધન સુદાસને આપ્યું. ૧૭.

હે ઈન્દ્ર! તારા અધિકાંશ શત્રુઓ વશમાં આવી ગયા છે. મનસ્વી ભેદ (અનાર્ય રાજા) ને વશમાં કર, જે તારી સ્તુતિ કરે છે, તેનું ભેદ અહિત કરે છે. એના વિરોધમાં શૂરવીર યોદ્ધાઓ મોકલ અને વજ્રથી મારી નાખ. ૧૮.

તે યુદ્ધમાં ઈન્દ્રે ભેદનો વધ કર્યો. યમુનાને ઈન્દ્રે સંતુષ્ટ કરી. તૃત્સુઓને સંતુષ્ટ કર્યા. અજ-શિગ્રુ-યક્ષુ નામના (અનાર્ય સમુહોએ) જનપદોએ ઈન્દ્રને અશ્વોના શિરનો ઉપહાર કર્યો. ૧૯.

હે ઈન્દ્ર! તારી કૃપાથી મળેલું ધન ઉષાની જેમ વર્ણન કરવા યોગ્ય નથી. હમણા પણ તારી અપાર કૃપા છે તે મન્યમાનના પુત્ર દેવકનો વધ કર્યો. મોટા પથ્થરથી શમ્બરનો (અનાર્ય રાજા-ભેદનો પિતા) વધ કર્યો. ૨૦.

હે ઈન્દ્ર! અનેક રાક્ષસો જેના વધની ઈચ્છા કરે છે, તે પરાશર-વસિષ્ઠ વગેરે ઋષિઓ તારૂં સ્મરણ કરતા પોતાના ઘર તરફ જતા, તારી સ્તુતિ કરી હતી. તેઓ તારૂં સખ્ય ભૂલ્યા નથી અને તું વચનપાલન ભૂલ્યો નથી. આથી એના દિવસો સુંદર જાય છે. ૨૧

દેવોમાં શ્રેષ્ઠ ઈન્દ્ર અને દેવવાન રાજાનો પૈત્ર, અને પિજવનનો પુત્ર રાજા સુદાસની ૨૦૦ ગાયો અને બે રથો મેં ઈન્દ્રની સ્તુતિ કરી મેળવ્યા છે. જેમ હોતા યજ્ઞશાળામાં જાય છે તેમ હું પણ. ૨૨.

પિજવન પુત્ર સુદાસ રાજા શ્રાદ્ધા - દાન - સુવર્ણ અલંકારોથી સંપન્ન, ખરાબ સમયે પણ સરળગામી ચાર અશ્વો વડે પુત્રની જેમ પાલનીય વસિષ્ઠના પુત્ર માટે અન્ન વહે છે. ૨૩.

જે સુદાસનો યશ આકાશ-પૃથ્વી વચ્ચે રહેલો છે અને જે શ્રેષ્ઠ વ્યકિતઓને ધનદાન કરે છે. તેની સ્તુતિ સાતેય લોક ઈન્દ્રની જેમ કરે છે. નદીઓએ યુદ્ધમાં યુધ્યામધિ નામના શત્રુનો નાશ કર્યો હતો. ૨૪.

નેતા મરૂતો, આ સુદાસ રાજાના પિતા દિવોદાસ અથવા પિજવનની જેમ સુદાસની પણ સેવા કરો, સુદાસના ઘરની રક્ષા કરો સુદાસનું બળ અવિનાશી રહે. ૨૫.

દસ્યુ-આર્ય સંઘર્ષ.

20. RV-1-101-1

प्र म॒न्दिने॑ पितु॒मद॑र्चता॒ वचो॒ यः कृ॒ष्णग॑र्भा नि॒रह॑न्नृ॒जिश्व॑ना ।

अ॒व॒स्यवो॒ वृष॑णं॒ वज्र॑दक्षिणं म॒रुत्व॑न्तं स॒ख्याय॑ हवामहे ॥

હવે જે શ્રેષ્ઠ આહાર પામેલા ઋજશ્વિનો કાળા ગર્ભવાળી સ્ત્રીઓને નિરંતર હણે. પુરુષો વજની ભેટ મેળવી સૈની રક્ષા ઈચ્છે તેને સભાપતિ-મિત્ર તરીકે સ્વીકારીએ.

21. RV-1-103-3

स जा॒तूभ॑र्मा श्र॒द्दधा॑न॒ ओजः॒ पुरो॑ विभि॒न्दन्न॑चर॒द्वि दासीः॑ ।

वि॒द्वान्व॑ज्रि॒न्दस्य॑वे हे॒तिम॒स्यार्यं॒ सहो॑ वर्धया द्यु॒म्नमि॑न्द्र ॥3॥

વજ્રથી સજ્જ થઈ પોતાની શકિતમાં શ્રદ્ધા રાખતો તે દાસોના કિલ્લા તોડી પાડવા ઘૂમ્યો. હે વજ્રિન! બરાબર જોઈને તારૂં શસ્ત્ર દસ્યુ તરફ નાખ. હે ઈન્દ્ર, આર્યોની શકિત અને કિર્તી માં તું વૃદ્ધિ કર.

22.RV-1-117-21

यवं॒ वृके॑णाश्विना॒ वप॒न्तेषं॑ दु॒हन्ता॒ मनु॑षाय दस्रा ।

अ॒भि दस्युं॒ बकु॑रेणा॒ धम॑न्तो॒रु ज्योति॑श्चक्रथु॒रार्या॑य ॥21॥

યવ સમાન છિન્ન - ભિન્ન કરનાર, શસ્ત્રો વડે સુખી સેનાધીશો, અન્ન પુરૂં પાડનાર મનુષ્યો માટે (આર્યો માટે) સૂર્યની અગ્નિથી પ્રગટતી જ્યોતિની જેમ દસ્યુઓને દૂર કરો. હે અશ્વિનો! તમારા ભેરીનાદથી તમે દસ્યુઓનો વિનાશ કર્યો છે. અને દૂર વિસ્તરતી જ્યોતિ આર્યો ને સોંપી છે.

23. RV-1-117-7

यु॒वं नरा॑ स्तुव॒ते कृ॑ष्णि॒याय॑ विष्णा॒प्वं॑ ददथु॒र्विश्व॑काय ।

घोषा॑यै चित्पितृ॒षदे॑ दुरो॒णे पतिं॒ जूर्य॑न्त्या अश्विनावदत्तम् ॥7॥

કક્ષાવાન ઋષિની દિકરી ઘોષા યુવાનીમાં રોગથી પીડાતી, અશ્વિનિકુમારોની ચિકિત્સાથી વૃદ્ધાવસ્થામાં નિરોગી થતાં, ઘોષાએ કામતૃપ્તિ માટે લગ્ન કરેલું.

24.RV-1-33-4

वधी॒र्हि दस्युं॑ ध॒निनं॑ घ॒नेनँ॒ एक॒श्चर॑न्नुपशा॒केभि॑रिन्द्र ।

ध॒नोरधि॑ विषु॒णक्ते व्या॑य॒न्नय॑ज्वानः सन॒काः प्रेति॑मीयुः ॥4॥

ઈન્દ્ર! તેં ધનવાન દસ્યુને મારી નાખ્યો આવા અધર્મી યજ્ઞ ન કરનારાઓને સામર્થ્યથી હણી નાખો.

25.RV-1-51-5

त्वं मा॒याभि॒रप॑ मा॒यिनो॑ऽधमः स्व॒धाभि॒र्ये अधि॒ शुप्ता॒वजु॑ह्वत ।

त्वं पिप्रो॑र्नृमणः॒ प्रारु॑जः॒ पुरः॒ प्र ऋ॒जिश्वा॑नं दस्यु॒हत्ये॑ष्वाविथ ॥5॥

હે આપ ન્યાયી-જ્ઞાની-ગુણવાન હોઈ, માયા વડે માયાવી-ચોર દસ્યુઓની હત્યા કરી છિન્ન-ભિન્ન કરો.

26.RV-1-51-9 अनु॑व्रताय र॒न्धय॒न्नप॑व्रताना॒भूभि॒रिन्द्रः॑ श्न॒थय॒न्नना॑भुवः ।

वृ॒द्धस्य॑ चि॒द्वर्ध॑तो॒ द्यामिन॑क्षतः॒ स्तवा॑नो व॒म्रो वि ज॑घान सं॒दिहः॑ ॥9॥

ઈન્દ્ર અવ્રતીઓને વ્રત આચરનારાઓને સોંપી દે છે. અને સશકત દ્વારા અશકતોનો વિનાશ કરે છે. ઉત્તમકર્મી ઈન્દ્ર, વ્રતધારીઓને અપવ્રતી-શિથિલ-પાપી-અધર્મી-ધર્મી સંદેહીનો વિનાશ કરવા સોંપી દે છે.

27.RV-7-6-3

न्यक्रतून्ग्रथिनो मृध्रवाचः पणीरँश्रद्धाँ अवृधाँ अयज्ञान् ।
प्रप्र तान्दस्यूँरग्निर्विवाय पूर्वश्चकारापराँ अयज्यून् ॥ 3 ॥

દસ્યુઓ અવિશ્વસનીય, મૂર્ખ, લોભી, અશુદ્ધવાણીવાળા, શ્રદ્ધા વિનાના, યજ્ઞ વિનાના, પૂજા વિનાના છે, અગ્નિ એમને દૂર ને દૂર નસાડી પોતે પૂર્વમાં છે અને દેવ વિહોણાને પશ્ચિમમાં કાઢે છે.

28. RV-2-14-6

अध्वर्यवो यः शतं शम्बरस्य पुरो बिभेदाश्मनेव पूर्वीः ।
यो वर्चिनः शतमिन्द्रः सहस्रमपावपद्भरता सोममस्मै ॥6॥

હે યુદ્ધ રૂપી યજ્ઞના અધ્વર્યુઓ જે ઈન્દ્ર શમ્બરના સો નગરોને પથ્થરના ઢગલામાં ફેરવી નાખે છે. જે ક્રોધથી પ્રદીપ્ત થઈ પૂર્વની સો અને હજાર પ્રજાઓનો ધ્વંસ કરે છે તેવા સેનાધ્યક્ષના ઐશ્વર્યનો સ્વીકાર કરો.

29.RV-10-69-6

समज्र्या पर्वत्याऽ वसूनि दासा वृत्राण्यार्या जिगेथ ।
शूरइव धृष्णुश्च्यवनो जनानां त्वमग्ने पृतनायूँरभि ष्याः ॥ 6 ॥

હે! દેવ તે બધી સંપતિ જીતી છે. જમીન પરની અને પર્વત પરની અને દાસ તેમજ આર્ય-શત્રુઓને જીતી લીધા છે.

30.RV-3-34-9

ससानात्याँ उत सूर्यं ससानेन्द्रः ससान पुरुभोजसं गाम् ।
हिरण्ययमुत भोगं ससान हत्वी दस्यून्प्रार्यं वर्णमावत् ॥9॥

ઉત્તમ ઘોડો અને સૂર્ય સમાન વીરોને અલગ પાડો, નગર ભોજન કરાવનારાઓને અલગ કરો. ભૂમિ-સુવર્ણ અને ભોગોના વિભાગ કરો. દસ્યુઓનો નાશ કરી આર્યવર્ણની રક્ષા કરો.

31.RV-4-30-13

उत शुष्णस्य धृष्णुया प्र मृक्षो अभि वेदनम् । पुरो यदस्य सम्पिणक् ॥13॥

હે દેવ! તેં દસ્યુરાજ શુષ્ણને શૈર્યથી પકડયો અને જ્યારે તે એના કિલ્લાઓ તોડી નાખ્યા ત્યારે તેણે એકઠી કરેલી સંપતિ તે લઈ લીધી.

32.RV-4-30-15

उत दासस्य वर्चिनः सहस्राणि शतावधीः । अधि पञ्च प्रधीँरिव ॥15॥

વર્ચિન દસ્યુ રાજા હતો. ઈન્દ્રે એના એક લાખ સૈનિકોનો નાશ કર્યો.

33.RV-4-5-5

अभ्रातरो न योषणो व्यन्तः पतिरिपो न जनयो दुरेवाः ।
पापासः सन्तो अनृता असत्या इदं पदमजनता गभीरम् ॥5॥

ભાઈઓ વગરના સ્ત્રી પુરુષો, દુષ્ટવ્યસની, જુઠા, મિથ્યાચારી, અધર્મીને પ્રાપ્ત થયેલી સ્ત્રીઓ પોતાની ભૂમિકાવાળું ગંભીર સ્થાન સ્વીકારે ત્યારે તે તાડન માટે યોગ્ય છે.

(અહીં **Polyandry** અનાર્ય સમાજ તરફ અણગમો છે. બહુપતિત્વ પ્રથામાં ભાઈઓ નથી કહેવાતા, પણ સહોદરો કહેવાય છે. જેમાં એક માના બે સંતાનોના બે પિતા હોય છે. (એક કે બહુપત્નીત્વ પ્રથાવાળા સમાજમાં એક પિતાના પુત્રો ભાઈઓ કહેવાય છે. મા અલગ હોઈ શકે છતાં. આ **Polyandry** સમાજમાં સ્ત્રીઓ પતિની ભૂમિકા સ્વીકારે તે નકારવું. એમ કહે છે.)

34.RV-5-30-7

वि षू मृधो जनुषा दानमिन्वन्नहन्गवा मघवन्त्संचकानः ।

अत्रा दासस्य नमुचेः शिरो यदवर्तयो मनवे गातुमिच्छन् ॥7॥

હે મહાન રાજવી આપ જન્મથી જ દાન મેળવો છો. સૂર્ય કિરણો વડે થતાં મેઘના નાશની જેમ સંગ્રામો જીતો અને બુદ્ધિશાળીની જેમ વ્યવહારમાં નમુચિ દાસનો શિરચ્છેદ કરી ઉત્તમ રીતે દસ્યુ રાજાનો નાશ કરો.

35.RV-5-30-9

स्त्रियो हि दास आयुधानि चक्रे किं मा करन्नबला अस्य सेनाः ।

अन्तर्ह्यख्यदुभे अस्य धेने अथोप प्रैद्युधये दस्युमिन्द्रः ॥9॥

દાસોની સ્ત્રીઓ પણ આયુધો વાપરે છે આ દાસોની અબળા સેના ઈન્દ્રને શું કરશે? નિશ્ચિત પણે ઈન્દ્ર યુદ્ધમાં નાશ કરશે.

36.RV-6-22-10

आ संयतमिन्द्र णः स्वस्तिं शत्रुतूर्याय बृहतीममृध्राम् ।

यया दासान्यार्याणि वृत्रा करो वज्रिन्त्सुतुका नाहुषाणि ॥10॥

હે! ઈન્દ્ર અમને સંપત્તિ આપ, મહાન નિશ્ચલ અને હિંસાથી અસ્પૃષ્ટ, જેથી અમે દુશ્મનોને વશ કરીએ, એના વડે તું કર્મહીણા દાસોને કર્મયુકત બનાવે છે. વેરીઓને સમરમાં નરમ કરી દે છે.

37.RV-6-25-2

आभिः स्पृधो मिथतीररिषण्यन्नमित्रस्य व्यथया मन्युमिन्द्र ।

आभिर्विश्वा अभियुजो विषूचीरार्याय विशोऽव तारीर्दासीः ॥2॥

હે દેવ, આ મન્ત્રોથી જે દુશ્મનોનો સમુહ અમારી સાથે લડે છે તેને હરાવ. અક્ષત રહીને વેરીઓના ક્રોધને રોધ, અમારી પ્રાર્થના વડે અમારા દુશ્મનોને દરેક દિશામાં નસાડી મૂક. દાસોની જાતિઓને આર્યોના તાબે કર.

38. RV-6-26-5

त्वं तदुक्थमिन्द्र बर्हणा कः प्र यच्छता सहस्रा शूर दर्षि ।

अव गिरेर्दासं शम्बरं हन्प्रावो दिवोदासं चित्राभिरूती ॥5॥

હે ઈન્દ્ર! હે શૂરવીર, સેંકડો હજારો દસ્યુઓનો નાશ કરનાર હવે શમ્બર દસ્યુરાજને પર્વતમાંથી ખેંચી કાઢી અને એનો સંહાર કર અને દિવોદાસને સહાય કર.

39.RV-6-33-3

त्वं ताँ इन्द्रोभयाँ अमित्रान्दासा वृत्राण्यार्या च शूर ।

वधीर्वनेव सुधितेभिरत्कैरा पृत्सु दर्षि नृणां नृतम ॥3॥

હે ઈન્દ્ર વિરોધી અમિત્રોની બંને જાતિ આર્ય અને દાસ તેને તે મારી કાઢી છે. જેમ બરાબર તાકેલી વીજળીથી તું જંગલો વિનાશે છે. તે પ્રમાણે હે વીર નાયક! યુદ્ધમાં તેઓને તે ચીરી નાખ્યા છે.

40.RV-6-60-6

हतो वृत्राण्यार्या हतो दासानि सत्पती । हतो विश्वा अप द्विषः ॥6॥

તે દેવો અમારા વેરીઓનો વિનાશ કરે છે વીરોના ઈશ જેવા તે અમારા દાસ વૈરીઓનો વિનાશ કરે છે અને અમારા આર્ય દુશ્મનોને નસાડી મૂકે છે.

41.RV-8-18-14

समित्तमघमश्नवद्दुःशंसं मर्त्यं रिपुम् । यो अस्मत्रा दुर्हणावाँ उप द्वयुः ॥14॥

ઈન્દ્ર સુદ્દઢ થાય, અમને શારીરિક બળ મળે, અનેક પુરીઓને તોડવાવાળા ઈન્દ્ર ઋષિઓના મિત્ર બને.

42.RV-10-125-5

अहमेव स्वयमिदं वदामि जुष्टं देवेभिरुत मानुषेभिः ।

यं कामये तंतमुग्रं कृणोमि तं ब्रह्माणं तमृषिं तं सुमेधाम् ॥5॥

હું પોતે એને કહું છું કે જે દેવો મનુષ્યોથી સેવિત છે તેને હું ચાહું છું .તેને ઉગ્ર બનાવું છું. ઋષિઓ તેને સદ્દબુદ્ધિ આપે.

43.RV-10-22-8

अकर्मा दस्युरभि नो अमन्तुरन्यव्रतो अमानुषः । त्वं तस्यामित्रहन्वधर्दासस्य दम्भय ॥8॥

અમારી આસપાસ દસ્યુ છે. જે કર્મ કાંડ વગરના, અકકલ વગરના, અમાનુષી, પરવ્રતોના પાળનારા છે.

44.RV-10-49-3

अहमत्कं कवये शिश्नथं हथैरहं कुत्समावमाभिरूतिभिः ।

अहं शुष्णस्य श्नथिता वधर्यमं न यो रर आर्यं नाम दस्यवे ॥3॥

કુત્સની રક્ષા કરી શુષ્ણને શિથિલ કરૂં છું અને આર્ય અને દસ્યુ સમાન યોદ્ધા હોવા છતાં ઈન્દ્રે દસ્યુઓને આર્ય નામ ન આપ્યું.

કૃષ્ણ-ઈન્દ્ર સંઘર્ષ.

45.RV-8-96-13 & 14

अव द्रप्सो अंशुमतीमतिष्ठदियानः कृष्णो दशभिः सहस्रैः ।

आवत्तमिन्द्रः शच्या धमन्तमप स्नेहितीर्नृमणा अधत्त ॥13॥

द्रप्समपश्यं विषुणे चरन्तमुपह्वरे नद्यो अंशुमत्याः ।

नभो न कृष्णमवतस्थिवांसमिष्यामि वो वृषणो युध्यताजौ ॥14॥

શીઘ્રગામી કૃષ્ણ દશહજારની સેના સાથે અંશુમતી નદીના કિનારે આવ્યો. સંધિ કરવા ઈન્દ્રે વાત ચલાવી બીજી બાજુ પોતાની સેનાને તેણે કહ્યુ કે, ''હું આકાશ સમા તેજસ્વી કૃષ્ણને જંગલમાં છૂપાઈ રહેલો જોઉં છું હવે તમે યુદ્ધ કરો.'' આમ છતાં ઈન્દ્ર ફાવ્યો નહીં અને બૃહસ્પતિની સહાયથી વિજયી થયો.

લિંગપુજા અને આર્યો.

46.RV-7-21-5

न यातव इन्द्र जूजुवुर्नो न वन्दना शविष्ठ वेद्याभिः ।

स शर्धदर्यो विषुणस्य जन्तोर्मा शिश्नदेवा अपि गुर्ऋतं नः ॥5॥

હે ઈન્દ્ર! અમને ભૂત-પ્રેતોએ એમની યુકિતથી નસાડયા નથી. હે અમારા ખરા મહાન દેવ! તું આ વેરીઓના સમૂહને વશ કર, આ લિંગપૂજકોને અમારા સ્થાનો પાસે ન આવવા દે.

47.RV-10-99-3

स वाजं यातापदुष्पदा यन्त्स्वर्षाता परि षदत्सनिष्यन् ।

अनर्वा यच्छतदुरस्य वेदो घ्नञ्छिश्नदेवाँ अभि वर्पसा भूत् ॥3॥

ઈન્દ્ર પુજ્ય પંથે સમરમાં (સમરાંગણમાં) જાય છે. વિજય પ્રાપ્ત કરવાની સંપૂર્ણ શ્રદ્ધાથી. સ્વર્ગનો પ્રકાશ મેળવવા મથે છે અને લુચ્ચાઈથી સો દરવાજા વાળા ગઢોની સમૃદ્ધિ લૂંટે છે. અણરોધાયેલો તે લિંગપૂજકોને સંહારે છે.

વેદ અને ચાર્વાક.

48.RV-10-106-6

सृण्येव जर्भरी तुर्फरीतू नैतोशेव तुर्फरी पर्फरीका ।

उदन्यजेव जेमना मदेरू ता मे जराय्वजरं मरायु ॥6॥

હે સુમાર્ગી, પોતાના જનોનું (જર્ભરી) ભરણ - પોષણ કરનાર, વિરોધીઓનો નાશ કરનાર (તુર્ફરી) દુષ્ટ-દમન, જનતાનું પોષણ કરનાર (પર્ફરીકા) સમુદ્રના મોતી સમાન, વિજયી મને અજર અમર બનાવી વૃદ્ધાવસ્થા અને મૃત્યુથી દૂર રાખો.

(આ ભાષાન્તર કલ્પનાતીત છે. ચાર્વા કે આ મન્ત્ર વેદોને અર્થહીન દેખાડવા લીધો છે.)

સામાજીક જીવન અને.......

49.RV-1-18-1

सोमानं स्वरणं कृणुहि ब्रह्मणस्पते । कक्षीवन्तं य औशिजः ॥1॥

ઔશીજ-કક્ષાવાન્ (કામી દાસીના પુત્ર) ને યજ્ઞભાગી બનાવવાની પ્રાર્થના છે.

50.RV-6-55-4

पूषणं न्व१जाश्वमुप स्तोषाम वाजिनम् । स्वसुर्यो जार उच्यते ॥

પુષા નામના દેવ પોતાની બહેન ઉષાના ઉપપતિ બનેલા. આ યમ- યમી ભાઈ-બહેનનો સંવાદ છે.

51.RV-10-10-11

किं भ्रातासद्यदनाथं भवाति किमु स्वसा यन्निर्ऋतिर्निगच्छात् ।

काममूता बह्वे३तद्रपामि तन्वा मे तन्वं१ सं पिपृग्धि ॥11॥

શું તું મારો ભાઈ છો? હું તારી બહેન છું. તું બીજા પુરુષ પાસે જવા શા માટે કહે છે. હું જે તારી પત્ની છું. મારા દેહ સાથે સંગત કર.

52.RV-10-10-7

यमस्य मा यम्यं१ काम आगन्त्समाने योनौ सहशेय्याय ।

जायेव पत्ये तन्वं रिरिच्यां वि चिद्वृहेव रथ्येव चक्रा ॥७॥

વિવાહમાં પરિણમેલી તારી કામના મને યમીને એક સ્થાનમાં સહશયન માટે થઈ છે. હું તારી સાથે પત્ની જેમ વર્તુ, આપણે બંને રથના પૈડા જેમ ગૃહસ્થી વહન કરીએ.

53.RV-10-61-6 બૃહસ્પતિ સૂક્તઃ(૧૦-૬૧-૨૭)

मध्या यत्कर्त्वमभवदभीके कामं कृण्वाने पितरि युवत्याम् ।

मनानग्रेतो जहतुर्वियन्ता सानौ निषिक्तं सुकृतस्य योनौ ॥६॥

પિતા સાથે પુત્રી રમણ કરી પુત્ર જન્મ આપે તેવો પ્રયત્ન કરવો. આના માટે જ ગૃહસ્થાશ્રમ છે. ઓછામાં ઓછો એક પુત્ર તો હોવો જ જોઈએ.

54.RV-10-61-7

पिता यत्स्वां दुहितरमधिष्कन्क्ष्मया रेतः संजग्मानो नि षिञ्चत् ।

स्वाध्योऽजनयन्ब्रह्म देवा वास्तोष्पतिं व्रतपां निरतक्षन् ॥७॥

ગૃહસ્થને પુત્રી થાય તો તે પુત્રી અને ગૃહસ્વામીથી ઉત્તરાધિકારી પુત્ર મેળવવો. પુત્રી ભાગીને જે રૂપ ધારણ કરે તેવું જ રૂપ લઈ પ્રજાપતિ પોતાની દુહિતા ઉષા સાથે સંગત કરે છે.

55. RV-10-62-10

उत दासा परिविषे स्मद्दिष्टी गोपरीणसा । यदुस्तुर्वश्च मामहे ॥१०॥

આર્યોની પાંચ જાતિઃ (અનુ-દ્રુહ્યુ-યદુ-તુર્વસુ-પુરૂ) પાંચમાંથી યદુ અને તુર્વસુ જાતિ એક વેળા એવા ભ્રષ્ટ થઈ ગયેલા કે તેમને દાસ કહ્યા છે.

સતી અને વિધવાના અવશેષો.

56. RV-10-18-7

इमा नारीरविधवाः सुपत्नीराञ्जनेन सर्पिषा सं विशन्तु । अनश्रवोऽनमीवाः सुरत्ना आ रोहन्तम् जनयो योनिमग्रे ॥१०.१८.७॥

અવિધવા અને શોભન પતિવાળી સ્ત્રીઓ અંજન કરી ઘરે જાય. અશ્રુ-શૂન્ય, માનસ-રોગ-રહિત, શોભન ધનવાળી સ્ત્રીઓ બધાથી આગળ રહે.

57. RV-10-18-8

उदीर्ष्व नार्यभि जीवलोकं गतासुमेतमुप शेष एहि । हस्तग्राभस्य दिधिषोस्तवेदं पत्युर्जनित्वमभि सं बभूथ ॥१०.१८.८॥

મૃત વ્યકિતની પત્ની, પુત્ર વગેરેના ઘરનો વિચાર કરી, અહીંથી ઉઠે, આ તારો પતિ મરેલો પડયો છે. તેની પાસે તું સૂઈ જા. કેમકે પાણિ ગ્રહણ અને ગર્ભધારણ કરાવનાર પતિ સાથે તે સ્ત્રી-કર્તવ્ય નિભાવ્યું છે તેં એના મૃત્યુ વિષે વિચારી લીધું છે. હવે ઘરે પાછી ફર.

"હું"

નામ: ભવસુખ દેવશંકર શિલુ. **જ્ઞાતિ:** રાજગોર બ્રાહ્મણ – કાઠીગોર. **જન્મતારીખ:** ૨૩-૮-૧૯૫૦ **જન્મસ્થળ:** પાળિયાદ. જિલ્લો: ભાવનગર. (હાલ જિલ્લો: બોટાદ) **અભ્યાસ:** ડિપ્લોમા ઈન ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ (૧૯૬૮)(સર ભાવસિંહજી પોલિટેકનીક ઇન્સ્ટીટ્યુટ ભાવનગર.) **વ્યવસાય:** ગુજરાત રાજ્યના મોટર વાહન ખાતામાં મોટર વાહન નિરીક્ષક (૧૯૭૨ થી ૧૯૯૮)

ઋગ્વેદની રચના ઇ.સ.પૂર્વે ૧૨૦૦માં થઇ હોવાનું માનીએ તો પછીના ચારસો વર્ષોમાં અન્ય ત્રણ વેદ અને બ્રાહ્મણ-ગ્રંથો, ગૃહયસૂત્રો, સ્મૃતિઓ, મહાભારત વગેરે ગ્રંથોની રચના થઈ છે. ઇ.સ.પૂર્વે ૧૨૦૦થી ઇ.સ.પૂર્વે ૮૦૦ સુધી આર્યવાક્ (વેદિક સંસ્કૃત) ભાષાનો ઉપયોગ થયો છે; અધોરેખા-ઊર્ધ્વરેખા જેવા લિપિ માટે વપરાતા શબ્દો મળી આવે છે, પણ લિપિ કઈ વપરાતી તેના સંકેતો મળતા નથી; આ સમયનું જે સાહિત્ય મળે છે.તે મુખપાઠથી યાદ રાખ્યું હોવાની માન્યતા સૌએ સ્વીકારી લીધી છે છતાં પ્રથમ કૃતિ ચોક્કસપણે લિપિબદ્ધ થઇ હોવાનું મારું માનવું છે. ઇ.સ.પૂર્વે આઠમી સદીમાં બ્રાહ્મી લિપિ આવી હોય તો પણ ૪૦૦વર્ષ સુધી લિપિ બાબતે શૂન્યાવકાશ જોવા મળે છે. ઇ.સ.પૂર્વે ૬૦૦-૫૦૦માં જૈન અને બૌદ્ધ સાહિત્યની રચના થઈ ચૂકી હોવાનું માની શકાય અને તે વખતની બ્રાહ્મી લિપિ ઘણા ઉત્ખનનોમાં વિવિધ સ્વરૂપે મળી આવે છે.

ભારતીય ઉપખંડમાં લિપિની ઉત્ક્રાન્તિનો ક્રમ ઇ.સ.પૂર્વે ૩૫૦૦વર્ષ પહેલા સિંધુ સભ્યતાની વણઉકેલ લિપિથી થયો હોવાનું માની શકાય જે ઇ.સ.પૂર્વે૧૭૦૦ સુધી અસ્તિત્વમાં હતી. વિશ્વના પડોશી દેશોમાં ય આશરે ઇ.સ.પૂર્વે ૩૫૦૦માં સુમેરિયા, ઈજીપ્ત અને ચીનમાં લિપિનો વિકાસ એકબીજાથી સ્વતંત્ર રીતે થયેલો.

આપણે "ઋગ્વેદ કઈ લિપિમાં લખાયેલો" તે બાબત મહત્વની હોય ચીન અને દક્ષિણ અમેરિકાની પ્રાચીન લિપિઓ વિષે મૌન રાખેલું છે. ઋગ્વેદ ફોનેશિયન લિપિમાં લખાયો હોવાનું મારું તારણ છે. મૂળ ૨૧ ધ્વનિ અને સેમેટિક આલ્ફાબેટના ૨૨ કે ૨૬ વર્ણનું ઋગ્વેદની ઋચા સાથે સામ્ય હોવાની વાતનું ઘણી વખત પુનરાવર્તન થયું છે; જે દોષની ક્ષમા પ્રાર્થું છું..........

इति श्रेयम् भूयात् ।

ભવસુખ-શિલુ.